

# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા

## શ્રી શાંતિનાથ ભગવાન ભવ - ૧૦

## ભાગ-૩૫



પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય

ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા

સંજ્ઞા

વાચના

પૃચ્છના

પરાવર્તના

અનુપ્રેક્ષા

ધર્મકથા

# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા

(દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

શ્રી શાંતિનાથ ભગવાન ભવ-૧૦

**ભાગ-૩૫**

◆ પ્રવચનકાર ◆

ન્યાય વિશારદ, સેંકડો ભવ્યાત્માઓના રાહબર

**પ.પૂ. આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

◆ પ્રકાશક ◆

કુમારપાળભાઇ વી. શાહ

દિવ્યદર્શન ટ્રસ્ટ, ૩૯, કલિકુંડ સોસાયટી,

કલિકુંડ-ધોળકા, (અમદાવાદ).

**ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા (ભાગ-૩૫)**

**દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ-શ્રી શાંતિનાથ ભગવાન ભવ-૧૦ +**

**પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય + ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા + સંજ્ઞા**

**-: શુભાશિષ :-**

તપગચ્છભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય

**ી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

**-: પ્રેરક-માર્ગદર્શક :-**

ઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ.આચાર્ય

**વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**

**-: સહાયક :-**

સરળ સ્વભાવી **પ.પૂ.પં. શ્રી પદ્મસેનવિજયજી મ.સા.**

---


**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : રૂા. ૧૫૦/-**

**વિમોચન : અષાઢ વદ-૧૪, શુક્રવાર ૨૯-૭-૨૦૧૧**

**સુવિશાલ ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબનો, ૭૬માં વર્ષે પ્રવેશ દિન**


**-: પ્રાપ્તિ સ્થાન :-**


**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા,

**ડૉ. હેમંતભાઇ-અમદાવાદ**
ફોન : ૦૨૭૯-૨૬૬૩૦૦૦૬

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૨૯/૩૦, વાસપૂજ્ય બંગલો,
સેટેલાઇટ, અમદાવાદ

**ડૉ. સંજયભાઇ-સુરત**
મો. ૯૮૨૫૧૨૧૪૫૫

**શ્રી ભુવનભાનૂસૂરિ જૈન જ્ઞાન શાળા**
૩૬, જ્ઞાનમંદિર સોસાયટી,
નવકાર જૈન દેરાસર સામે,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
**રાહુલભાઇ** મો. ૯૪૨૭૦૩૭૪૯૧

**શ્રેયંસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**
૧૦૬, એસ.વી. રોડ,
ઇર્લા-પાર્લા (વેસ્ટ),
ફોન : ૨૬૭૧૯૩૫૭


---


**મુદ્રક : શુભાય આર્ટસ્,**
૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇ), મુંબઇ-૭૭. મો. ૯૮૨૦૫૩૦૨૯૯

# પ્રકાશકીય

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ** જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા. તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણ અર્થે **શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **''ભુવનભાનુ એન્સાઇકલોપીડિયા''**માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પંન્યાસ શ્રી પદ્મસેનવિજયજી મ.સા., તથા પ.પૂ. ગણિવર્ય શ્રી કુલવર્ધનવિજયજી મ.સા., પ.પૂ. મુનિ શ્રી ભામંડલવિજયજી મ.સા.** એ પુનઃમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઇ સંપત્તિનો સદુપયોગ કરવા બદલ તે મહાનુભાવોના તથા ગ્રંથનું ટાઇપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **શુભાય આર્ટસ્, મુંબઇ**ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઇ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

**કુમારપાળભાઇ વી. શાહ**

# -: સુકૃત અનુમોદન :-

પ.પૂ. મુનિરાજ

**શ્રી અનંતયશવિજયજી મ.સા.**ના પર્યુષણ


પર્વની આરાધનાની અનુમોદનાર્થે

**શ્રી શાંતિ-સુધા પાર્ક જૈન સંઘે**

**(ઘાટકોપર-ઇસ્ટ), મુંબઇ**

જ્ઞાનનિધિમાંથી આ પુસ્તક

પ્રકાશનમાં સદ્વ્યય કર્યો છે.



# ધન્યવાદ !

~ સ્યાદ્વાદ-પુરુષ ~

વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા

સંઘહિતચિંતક, વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્-
વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજાનો ગુણાનુવાદ

જગતમાં હરરોજ નિયમિતપણે ભાનુનો ઉદય થાય છે અને અસ્ત થાય છે. ઉદય પામતાં ભાનુને લોકો પૂજતાં હોય છે પરંતુ અસ્ત પામ્યા બાદ તેને ભૂલી જતાં હોય છે. પરંતુ એવો કોઈ ભાનુ છે જેમનો ઉદય થતાં અને મધ્યાહ્ને ચઢતાં તો લોકોએ તેના તેજનો અનુભવ કર્યો, પરંતુ, અસ્ત થયા પછી પણ જેમના તેજ-કિરણો પ્રસરતાં રહ્યા હોય? જાણે વધુ દેદીપ્યમાન બન્યા હોય? હા, તેવો ભાનુ તો એક જ છે - પૂ. ભાનુવિજયજી મહારાજામાંથી બનેલ આચાર્યદેવશ્રી ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજા...

દુન્યવી ભાનુ પ્રભાતે ઉદય પામીને ફરી બીજે દિવસે ઉદય પામે છે... તેમાં ૨૪ કલાક વીતી જાય છે. એમાં જ દુનિયાની સઘળી ઘટનાઓ સમાય જાય છે... પછી તો માત્ર પુનરાવર્તન હોય છે... તેમ આ. શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજીની અમદાવાદ-રાજનગરની કાળુશીની પોળથી શરૂ થયેલી જીવન-યાત્રા આ જ અમદાવાદની ધરતી ઉપર સમાપ્ત થઈ ત્યારે એવું લાગ્યું - જાણે કે એક વૈવિધ્ય-સભર જીવન-ચક્ર પૂરું થયું જેમાં સઘળી ઘટમાળ સમાય જાય છે... બીજું બધું તો જાણે પુનરાવર્તન હોય તેમ લાગે...

કેવી હશે એ સુખ-દુઃખ, અનુકૂળતા-પ્રતિકૂળતા, ચઢતી-પડતી, આઘાતો-પ્રત્યાઘાતો, આક્રમણો-પ્રતિક્રમણો વચ્ચે ય અડીખમ ઉભી રહેલી જ નહીં, બલ્કે, અગ્નિમાં સુવર્ણની જેમ વધુને વધુ દીપ્તિમાન બનેલી એ પ્રતિભા? કેવી હશે તેઓની જીવન-શૈલી અને કેવા હશે તેઓના આદર્શો? કેવી હશે તેઓની વિચારધારા અને કેવો હશે ગુણ-વૈભવ? એ તો કલ્પનાતીત છે, માટે જ શબ્દાતીત છે...

માટે જ, 'Trader of all, master of none' એવી કહેવત સાચી ગણાતી દુન્યવી કહેવત પણ "Trader of all, master of all." એવા તેઓના વાસ્તવિક જીવન-વૈભવ દ્વારા ખોટી સાબિત થઈ છે. આ લોકોત્તર ભાનુ - ભુવનભાનુસૂરિજીના તેજનું જ્ઞાન-કિરણ લઈએ કે દર્શન-કિરણ, ચારિત્ર-કિરણનો વિચાર કરીએ કે તપઃકિરણનો, અથવા તો વીર્ય-ઉત્સાહ-પરાક્રમ-સત્ત્વ-કિરણનો... બધાં જ શ્રેય કહીનાં જોવા મળે છે, જે પૂર્વની (બદલેલી) કહેવતને યથાર્થ ઠરાવે છે...

જો કે, પંચાચારની ચારુતા (સુંદરતા)માં જ બીજા બધાં ય ગુણોનો અંતર્ભાવ થઈ જાય છે, તો પણ બાળ જીવોના સરળ, સહજ અને વિશદ બોધ માટે તેઓના અનેક ગુણો વર્ણવી શકાય, જેવા કે, સંઘ-વાત્સલ્ય, ગુરુ-પરતંત્રતા, જીવમૈત્રી-કરુણા, શાસન-પ્રભાવકતા, આશ્રિતોના યોગક્ષેમની તત્પરતા, સાહિત્ય-સર્જકતા, ઔચિત્યનું આદર્શ પાલન, વૈરાગ્ય-પોષક પ્રવચનશૈલી, યુવા-જાગરણ, શિબિર-પ્રણેતા, નિર્દોષ જીવન-ચર્યા વગેરે અગણિત ગુણોના તેઓ માલિક હતાં..

વિ. સં. ૨૦૪૯ના પંકજ સોસા. સંઘ મધ્યે તેઓનો કાળધર્મ બાદ આજે ૧૭ વર્ષ વીત્યા છે અને આજ સુધીમાં તેઓની પુણ્યતિથિ દિન ચૈત્ર વદ ૧૩ અને ગુરુમૂર્તિ-પ્રતિષ્ઠા દિન ફા.વ. ૧૩ એ બન્નેય દિવસે ઠેકઠેકાણે તેઓના શિષ્યો-પ્રશિષ્યો એવા આચાર્યાદિ પદસ્થો-મુનિવર મહાત્માઓ વડે તેઓનો ગુણાનુવાદ યોજાય છે, તેમાં દરેક વખતે કંઈક નવું જ જાણવા મળે, એવું અનેક શ્રોતાજનો વડે સહજ બોલાઈ જતું સાંભળેલું છે... એવો તેઓનો ગુણવૈભવ અને સાધનાવૈભવ હતો...

પૂજ્યપાદશ્રી ગુણોના દરિયા હતાં. માટે જ 'સ્યાદ્વાદ-પુરુષ' હતાં એમ કહેવાનું મન થાય... સ્યાદ્વાદ એટલે વિરોધી લાગતાં એવા પણ નિત્ય-અનિત્ય, ભેદ-અભેદ જેવા અનેક ધર્મોનો એક જ વસ્તુમાં જુદી૨ અપેક્ષાએ વિના વિરોધે સ્વીકાર... આ રીતે ફક્ત જૈન દર્શન વર્ણવી શકે છે. પૂજ્યપાદશ્રીમાં આવા અનેક વિરોધી જણાતાં (હકીકતમાં વિરોધી નહીં, પણ એક જ વ્યક્તિમાં મળવા મુશ્કેલ હોવાથી દુર્લભ જણાતાં) અનેક ગુણો કોઈપણ અથડામણ વિના સુખેથી રહી શકતાં હતાં એ બહુ મોટી વાત છે. દા.ત. (૧) તેઓ વર્ધમાન તપોનિધિ-તપસ્વી હતાં, સાથે વાત્સલ્ય-વાન પણ હતાં.. તપસ્વીઓ માટે બીજાને તપમાં જોડવું સહેલું છે, પણ વાત્સલ્ય વહાવવું કઠણ હોય... તેઓના વાત્સલ્ય અને વિશિષ્ટ ઔચિત્યનો અનુભવ તો મને તેઓના સુરતમાં થયેલાં ચાતુર્માસ બાદ ૧ મહિનો શેષ કાળમાં સાથે રહેવાનું થયેલ ત્યારે થયો હતો... અને પ્રાઘુર્ણક (મહેમાન-આગંતુક) સાધુ તરીકે મળવા આવેલાં ત્યારે પોતાની નાદુરસ્ત તબિયતમાં પણ તેઓએ યાદ કરીને ગોચરીના દ્રવ્યો વાપરવા મોકલ્યાં... (૨) તેઓશ્રી ઉત્તમ આચાર-સંપન્ન હતાં, સાથે ગુણાનુરાગી પણ હતાં.. જ્ઞાનાચારાદિ પાંચેય આચારમાં પ્રવીણ હતાં છતાં ય બીજાનો નાનો પણ ગુણ ધ્યાનમાં લઈને તેની હૃદયથી અનુમોદના અને યથાયોગ્ય વાણીથી પ્રશંસા કરતાં હતાં..(૩) શાસન-પ્રભાવક હતાં છતાં ય આચાર-ચુસ્તતામાં કોઈ બાંધ-છોડ-અપવાદનું સેવન કરતાં ન હતાં- સામાન્યતઃ શાસન-પ્રભાવકોને શારીરિક ખડતલપણું ન હોય તો શાસ્ત્ર-સાપેક્ષ યોગ્ય અપવાદનું સેવન કરીને ય સંઘ-શાસનનું હિત કરવું વિહિત છે. છતાં ય પૂજ્યપાદશ્રી શિબિર વગેરે દરમ્યાન પણ ચાલતી ઓળી, સાધુઓને પાઠ આપવા વગેરેમાં બાંધ-છોડ કર્યા વિના ચાલુ રાખતાં, જે તેઓના ખડતલ તન-મનની સાક્ષી આપે છે...

(૪) તેઓના રચેલાં સાહિત્યમાં નક્કર અને નર્યું તત્ત્વજ્ઞાન હોવા છતાંય તે કથાઓ, દૃષ્ટાંતો અને સમજાવવાની સરળ પદ્ધતિથી ખૂબ રસાળ લોકભોગ્ય હતું. (૫) તેઓ ભીમ હતાં અને કાંત પણ હતાં... (૬) વક્તૃત્વ-લેખન-સંગીત-ચિત્ર-શિલ્પ વગેરે અનેક બાહ્ય કળાઓના પ્રખર જાણકાર હતાં, તેમ છતાં ય વૈરાગ્ય, અધ્યાત્મ-પ્રિયતા વગેરે

આભ્યંતર કળાઓ પણ જવલંત હતી.. જેથી બાહ્ય-કળાઓ ગૌણ-ભાવમાં લઈ જવા લાચાર હતી !

કેટલું વર્ણવું તે મહાપુરુષ વિષે? હું તો અલ્પ-પરિચયમાં આવેલો છું. છતાં તેઓએ જે અનેક આચાર્યાદિ પ્રભાવક મહાત્માઓની જિનશાસનને ભેટ ધરી છે અને દિવ્યદર્શન સાપ્તાહિક વગેરે દ્વારા વિપુલ માર્મિક તત્ત્વજ્ઞાન-તત્ત્વચિંતનનો રસથાળ જૈન-સંઘને અર્પણ કર્યો છે એ જ તેઓના સંઘ-શાસન હિત-ચિંતકપણાની સાક્ષી પૂરે છે. જો કે આજે તેઓના સમુદાયનું વટવૃક્ષ જે વિસ્તરેલું દેખાય છે, તેમાં સિદ્ધાંત-મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપા અને તેઓના સમુદાયનું સફળ સુકાન સંભાળનાર વર્તમાન ગચ્છાધિપતિ સિદ્ધાંત-દિવાકર આચાર્યદેવ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાની મહતી કૃપા, ગુણ-ગરિમા પણ કારણભૂત છે. તો પણ આમાં મુખ્ય કર્તા રૂપ ભાગ ભજવ્યો છે સ્વર્ગત પૂજ્યપાદ આ. દેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ... તેઓને કેમ વીસરાય? ન જ વીસરાય..." યુગો સુધી ઝળહળશે ભુવનભાનુના અજવાળા... એ સાચું જ ગવાયું છે...

આપણે સૌ તેઓએ આપેલ અદ્ભુત ગુણ-વારસાને પામીને તેને આગળ વધારવા દ્વારા સાચા વારસદાર બનવાનું સદ્ભાગ્ય પામીએ એ જ અંતરથી પ્રભુને પ્રાર્થના...

ગુરુકૃપાએ આ લખાણ કરવામાં મારી અલ્પમતિથી કાંઈ પણ જિનાજ્ઞા નિરપેક્ષ લખાયું હોય તો અંતઃકરણથી મિચ્છા મિ દુક્કડમ...

— શાસનપ્રભાવક પૂજ્યપાદ પંન્યાસપ્રવર
શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબનો
વિનેય, સદૈવ ગુરુકૃપાકાંક્ષી

મુનિ રત્નવલ્લભવિજય

તપોવન, અમીયાપુર, પોષ વદ અમાસ, ૨૦૬૭

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | રમુજી પ્રશ્નકાર અને વાંઝણી | ૬ |
| ૨. | બાજપક્ષીને મેઘરથનો ભવ્ય ઉપદેશ. | ૯ |
| ૩. | કુટુંબને મેઘરથ રાજાની અમરવાણી | ૧૨ |
| ૪. | રાજાના બાજપક્ષીને ઉદાર બોલ | ૧૬ |
| ૫. | પુદ્‌ગલના ખેલ | ૨૦ |
| ૬. | બે પક્ષીના પૂર્વભવ | ૨૫ |
| ૭. | મેઘરથને પક્ષીઓની વિનંતિ :- | ૩૩ |
| ૮. | પક્ષીઓમાં અધિષ્ઠિત દેવનો પૂર્વભવ | ૪૧ |
| ૯. | ઘનરથ તીર્થંકર પ્રભુનું આગમન | ૫૬ |
| ૧૦. | દ્રઢરથની દિવ્ય વાણી. | ૫૭ |
| ૧૧. | ચારિત્રમાં મોહની કરામત :- | ૬૧ |
| ૧૨. | સંસાર કેમ અસાર ? | ૬૬ |
| ૧૩. | મેઘરથની સપરિવાર દીક્ષા | ૭૪ |
| | પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય | ૮૦ |
| ૧૪. | ધર્મ પામ્યાની કસોટી :- | ૯૭ |
| ૧૫. | મધુબિન્દુનું દષ્ટાન્ત :- | ૧૦૩ |
| ૧૬. | મારવાડી રાણકપુરમાં :- | ૧૦૫ |
| ૧૭. | નંદીષેણના પુરુષાર્થનો વિજય | ૧૧૧ |
| ૧૮. | પ્રારબ્ધ નાશવંત છે, પુરુષાર્થ અક્ષય છે. | ૧૨૦ |
| | ''ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા'' | ૧૪૨ |
| ૧૯. | જ્ઞાનની સાથે ક્રિયા જોઇએ. | ૧૫૫ |
| ૨૦. | વૈદ્ય-વાનરનો જ્ઞાન-અમલ | ૧૬૫ |
| ૨૧. | શેઠ અને યુવાન : | ૧૭૮ |
| ૨૨. | અંશે ચારિત્ર પાળે એ સંપૂર્ણ ચારિત્રમાં જવા માટે :- | ૧૯૫ |
| ૨૩. | પુણ્યાનુબંધી પુણ્યનાં ૩ કારણ- | ૨૧૧ |
| ૨૪. | (૧) પહેલું તત્ત્વ, ધર્મહીન દુર્દશાનો પારાવાર સંતાપ | ૨૧૨ |
| ૨૫. | (૨) ગદ્‌ગદ દિલે ધર્મસાધના :- | ૨૩૧ |
| ૨૬. | (૩) નિરાશંસભાવ | ૨૬૨ |
| ૨૭. | ૪થું સાધનઃ સંજ્ઞાનિરોધઃ એ માટે શું વિચારવું ? | ૨૮૧ |
| ૨૮. | સંજ્ઞાઓ | ૨૮૪ |
| ૨૯. | ભવના ભોગ | ૨૯૪ |
| ૩૦. | ભયસંજ્ઞા | ૩૦૨ |

# શ્રી શાંતિનાથ ભવ-૧૦

**પારેવામાં કેવી કેવી અસંગતતા ?**

પારેવું અને મનુષ્યભાષામાં બોલે ! ત્યારે સહેજે વહેમ પડે કે 'આ તે તિર્યંચ? કે કોઇ વિદ્યાસંપન્ન મનુષ્ય? અથવા કોઇ દેવતા? કેમ એ અહીં પારેવા રૂપે આવ્યો હશે?' આ કશો વિચાર કરવા મેઘરથ થોભ્યા નહિ, ને પારેવું કંપતું તરફડતું શરણું માગે છે તો શરણું આપી દેવાનું? કેમ એમ કર્યું? વળી બાજપક્ષીએ આનો પીછો પકડ્યો છે તો આણે કશો મોટો ગુન્હો કર્યો હશે ! કેમકે મનુષ્યભાષામાં બોલે છે એટલે આ પક્ષી ન હોય, તો સંભવ છે આણે ગુન્હો કર્યો હોય, ને તેનો ગુન્હો કર્યો એ બાજપક્ષીનું રૂપ કરી પીછો પકડ્યો હોય. આ હવે શરણું માગતું હોય તો ગુનેગારને કેમ એકદમ શરણું અપાય? ગુન્હો કોને ખબર કેવોય ભારે પણ કર્યો હોય તો?

મેઘરથ રાજાએ કેમ આ કાંઇ જ વિચાર નહિ કર્યો ? ને દયાથી એને શરણું આપી દીધું ?

**મેઘરથે અસંગત પારેવાને શરણું આપવામાં આંધળિયા કેમ કર્યા ?**

કહો, એમના દિલમાં દયાની લાગણી જોરદાર છે. એવી જોરદાર કે દુઃખીને જોતાં જ એમનું દિલ પીગળી જાય છે ! પીગળી ગયું એટલું જ નહિ પણ શક્ય રીતે સામાનું દુઃખ દૂર કરવાની તીવ્ર ઇચ્છા જાગે છે ! તીવ્ર કરુણાભાવ ઉભરાય છે ! હવે આ દયાની લાગણી અને કરુણાભાવ જોરદાર જાગ્યા હોય ત્યાં દયાપાત્ર જીવની ઉપેક્ષા થાય એવી દિલમાં કડકતા ન હોય. તેથી કડકતાના ઘરના ડહાપણના લાંબાચોડા વિચાર ન આવે. દુન્યવી ડહાપણના વિચાર દિલની કંઇક કડકતા માગે છે, જ્યારે અહીં દયા-કરુણાથી હૈયું એકદમ પીગળી ગયેલું છે એટલે કડકતા છે જ નહિ.

**દયાદિ-ધર્મની લાગણી ઊભી કરવાના અવસરે લાગણી-રોધક ડહાપણના વિચાર કડક દિલના હોય છે.**

આપણી જાતનો અનુભવ જોઇએ તો આ દેખાશે કે દુખિયારો આપણી પાસે માગવા આવ્યો ત્યાં 'આ ઢોંગી તો નહિ હોય? અથવા મહેનતનો કાયર ને કમાઇની મહેનત કરવાને બદલે સીધો માગવાનો ધંધો તો લઇ બેઠો નહિ હોય?' આવા આવા દયા-રોધક ડહાપણના વિચાર કેમ આવે છે? કહો દુખિયારાને જોઇ દિલ

ભરચક દયાથી પીગળી નથી ગયું માટે. દિલ કડક હોઇ એવા વિચાર આવે એ સહજ છે.

રાજા મેઘરથ આ ભવમાં તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જવાના છે, એ માટે કારણ-સામગ્રીમાં ઉત્કૃષ્ટ ભાવકરુણાની ભાવના જોઇએ છે, તેથી અહીં હૈયું પહેલાં મૃદુ-મુલાયમ હોય એમાં નવાઇ નથી. તેથી જ દુઃખિયારા પારેવાને જોતાં દિલ ભારોભાર પીગળી ગયું હોય એ સ્વાભાવિક છે. તેથી જ એમાં પારેવાની દયા રોકાય અને એની ઉપેક્ષા થાય એવા ડહાપણના વિચાર ઉઠ્યા જ નહિ.

આત્મવિકાસ જોવા જેવો છે.

**પોતાનો આત્મા જીવોના દુઃખ જોઇ એવો પીગળી જાય કે ત્યાં એની ઉપેક્ષા મનમાં આવે જ નહિ. એ મહાન આત્મવિકાસ છે.**

**દિલ શી રીતે પીગળે ?**

પ્ર.-પરંતુ દુઃખીને ઓળખ્યા-પારખ્યા વિના એની ખાતર દિલ આટલું બધું પીગળી નાખવાનું ?

ઉ.-હા, એનું સચોટ કારણ જુઓ-

અનંત અનંતકાળ આપણે જગત વચ્ચેના જીવનમાં શું કર્યું છે ? આપણા સ્વાર્થવશ કે સહજ વૈરવશ જીવોની દયા નહિ, ઉપેક્ષા ય નહિ, કિન્તુ કારમા દ્વેષ અને એમની હિંસાઓ જ કરી છે, એમને ક્રૂર, રીતે પીડ્યા પીસ્યા છે, છેદ્યા ભેદ્યા છે અને ખતમ કર્યા છે. આ કરવામાં આપણું હૃદય કેવું ક્રૂર, રીતે પીડ્યા-પીસ્યા છે. છેદ્યા-ભેદ્યા છે. અને ખતમ કર્યા છે. આ કરવામાં આપણું હૃદય કેવું જાલીમ ક્રૂર. કઠોર, ઘાતકી અને નિર્દય ? હવે એવા દિલને પલટવું હોય તો દિલમાં કુણાશ-કોમળતા-મુલાયમતા કેટકેટલી લાવવી પડે ? એ કેવી રીતે આવે ?

**'દુખિયારાનાં દુઃખ એ આપણાં દુઃખ છે, એમ વિચારીએ તો દિલમાં કોમળતા આવે. ત્યાં ડહાપણના સવાલ ન કરાય.**

આપણા ખરેખર દુઃખમાં આપણે કેવા નરમઘેંસ અને વેદનાર્ત વેદના-પીડિત બનીએ છીએ ? બસ, સામા જીવને પણ આપણી માફક જ દુઃખમાં વેદના પીડિતતા છે એ વિચાર પર આપણે આપણું દિલ કૂણું, કોમળ, પીગળેલું કરી શકીએ.

આવું પાછું એક જ જીવને લઇને નહિ, પરંતુ દુઃખી દેખાતા બધા જીવને માટે દયાથી દિલ પીગાળવાનું છે, તો જ પેલી અનાદિની કઠોરતા, ક્રૂરતા ઘસારે પડવા માંડે. હવે વિચારો કે

**શું જરૂરી ? દયા કે ડહાપણ ? :-**

**દુઃખી જીવો પ્રત્યેના અનંત અનંતકાળના ક્રૂરતા-કઠોરતા-દ્વેષના કુસંસ્કાર ભૂંસવા હોય ત્યારે**

આપણા દિલમાં દુઃખી માટે ભારોભાર દયા-કોમળતા લાવવાનો વિચાર કરવો જરૂરી ? કે 'સામો સાચે જ દુઃખી છે ? મહેનત કરવા છતાં દુઃખી છે ? કે એદીનો પાદશાહ બનીને દુઃખી છે ?' એવા એવા ડહાપણના વિચાર જરૂરી ?

ખરી વાત એવી છે કે

**આપણને જેટલી જગતના ડહાપણની પડી છે એટલી આપણા અનંત અનંતકાળથી કાળમિંઢ નિર્દયતા અને દ્વેષાદિવાળા આપણા હૈયાને સુધારવાની પડી નથી.**

નહિતર દુઃખીને જોઇ આપણું હૃદય કૂણું-મુલાયમ બનાવવાના સોનેરી અવસરે એ કરવાને બદલે ડહાપણના વિચાર કરી દુઃખીની પ્રત્યે ઉપેક્ષા કે અરુચિ-દ્વેષભર્યું હૃદય રાખવાનું સૂઝે ? ભલેને કદાચ સામો ઢોંગી દુઃખી હોય, તો પણ આપણે દયાની લાગણી કરીએ એમાં આપણને તો અહીં મળેલો દિલ કોમળ રાખવાનો સોનેરી અવસર આપણે લેખે લગાડ્યો ગણાય. પરંતુ અનંતકાળના કઠોરતાના કુસંસ્કારવાળા પોતાના હૃદયને સુધારવાની જેને પડી હોય એને આ સૂઝે.

રાજા મેઘરથને આ પડી હતી કે 'પોતાના હૃદયની અનાદિની કાળમિંઢ કઠોરતા-ક્રૂરતા નામશેષ કરી નાખવા હૃદયમાં ભારોભાર દયાર્દ્રતા લાવું.' આના પર પાકું મુખ્ય લક્ષ હોય ત્યાં ડહાપણના વિચાર શાના કરાય ? ને દુઃખીની ઉપેક્ષા કરવા પર શાનું લક્ષ દોડે કે 'આ પારેવું કોઇ માયાજાળ તો નથી ? અથવા એ કોઇનો જબરદસ્ત ગુનો કરીને તો અહીં શરણું માગવા નહિ આવ્યું હોય ?'

અરે ! ખૂબી જુઓ, મેઘરથ મહારાજા નિર્મળ અવધિજ્ઞાન ધરાવે છે, છતાં એનાથી 'મનુષ્યભાષામાં બોલતા પારેવામાં ખરેખર કોણ ભરાયો છે.' એ જોવા પણ નથી બેસતા ! કેમ વારુ ? એનો જવાબ આ જ કે અનંતકાળના ક્રૂરતા-કઠોરતાના કુસંસ્કાર ભૂંસવા અને હૃદયને સુધારવા, પારેવાનો કંપ-ટળવળાટ વગેરે દુઃખ જોઇ તરત એમણે પોતાનું હૃદય પીગાળી કોમળ-કૂણું-મુલાયમ બનાવી દીધું છે. કોમળ હૃદયમાં લેશ પણ કઠોરતાને સ્થાન નથી, પછી દયા-કોમળતાના અવસરે એ વિસારી

બીજા-ત્રીજા પ્રશ્ન વિચારવાની સહેજ કઠોરતા-કડકતા કેમ લાવે ?

દયાર્દ્રતા કોમળતાની જેમ બીજા પણ ગુણ વિકસાવવા આ જ રીતે વિચારવાની જરૂર છે, જેથી

**અનાદિના ભરચક દોષોભર્યા કાળમિંઢ હૃદયને દોષમુક્ત કરવા માટે મુખ્ય લક્ષ રખાય, ને એ રાખવા માટે જગતનાં ડહાપણ બાજુએ રાખવાનું કરીએ.**

**વ્યાખ્યાનમાં ભળતા પ્રશ્ન કરનારને જાતસુધારાની ગરજ નથી.**

દા.ત. જડ પ્રત્યેનો આપણને અનાદિકાળથી નિબિડ રાગ છે, ચિકણો રાગ છે. આપણું હૃદય કાળમિંઢ રાગથી રંગાયેલું છે. હવે કોઇ સમર્થ સાધુ રાગની ભયંકરતા બતાવી રહ્યા હોય, એમાં પણ ત્રિપૃષ્ઠ વાસુદેવ કે બ્રહ્મદત્ત ચક્રવર્તીનાં દ્રષ્ટાન્તથી ખૂબ અસરકારક રીતે રાગની ભયાનકતા વર્ણવી રહ્યા હોય, ત્યાં જો વચમાં આડાઅવળા સવાલ કરવા જાય કે મનમાં ખોટી ખોટી આતુરતા કરવા જાય કે દા.ત. 'ત્રિપૃષ્ઠ વાસુદેવ ક્યારે થયા ?' 'એમના જેવા બીજા કોઇ થયા હશે ?' 'ત્રિપૃષ્ઠને સમૃદ્ધિએ પાડ્યા ? કે રાગે પાડ્યા ?' 'ત્રિપૃષ્ઠ વાસુદેવને પુત્રો કેટલા હતા ?'... આવી જિજ્ઞાસા કે બીજી ભળતી જિજ્ઞાસા કરાય ત્યારે ત્યાં સમજાય કે આવી ભળતી જિજ્ઞાસા કરનારને કે પોતાના અનંત અનંતકાળના તીવ્ર રાગાસક્ત હૃદયને એ આસક્તિના બંધનમાંથી મુક્ત કરવાની પડી નથી, ગરજ નથી.

**રાગદશા પર ઘૃણા કેમ થાય ? :-**

એટલે જ ત્રિપૃષ્ઠ વાસુદેવ તીવ્ર રાગાસક્ત બન્યા રહ્યા તો એના કેવા અતિ ભયંકર સાતમી નરકના ઘોરાતિઘોર ત્રાસ, સિંહના અવતારમાં જીવતા મરગલાં ફાડી ખાવાના ઘોર પાપ ! પછી ચોથી નરકના ભયંકર ત્રાસ ! પછી અગણિત દુર્ગતિના ભવો ! એ બધાનો વિચાર કરીને 'હાય ! આ વિષયોમાં તીવ્ર રાગ-આસક્તિ કરવાના ફળ રૂપે આટલા જાલિમ દુ:ખો ? તે પણ અસંખ્ય અસંખ્ય કાળ સુધી ચાલે ?' એમ ભય પામવાનું અને તીવ્ર રાગદશા ઉપર ઘૃણા કરવાનું એ ખોટી જિજ્ઞાસાઓ કરનારના નસીબમાં નહિ, કેમકે એણે મુખ્ય ચીજ આત્માને જોયો જ નહિ, ને ભળતી વાતમાં ચિત્ત ચલાવ્યું, તેથી હૃદયને રાગમુક્ત કરવાનું જીવનમાં મુખ્ય લક્ષ જ રાખ્યું નહિ.

**મુખ્ય લક્ષ પોતાના હૃદયને અનાદિના દોષોથી મુક્ત કરવાનું રહે તો ભળતી**

**જિજ્ઞાસા આતુરતાઓ બંધ કરી દેવાય.**

ડાફોળિયું મારવાની આતુરતા થાય કે તરત જ આંખ મીંચી મનમાં લાવવાનું કે 'આમાં શું જોવું છે ? કોણ આવ્યું ક્રોણ ગયું એ જાણીને મને મારા આત્માની દ્રષ્ટિએ શો લાભ ? ઊલટું જોવા પાછળ રાગ કે દ્વેષ થવાનો, એટલે અનાદિના રાગ સંસ્કાર કે દ્વેષ સંસ્કારમાં ઉમેરો થવાનો !

**'આ ઉત્તમોત્તમ જનમમાં મારે તો રાગ, દ્વેષના સંસ્કાર વીતરાગ-દર્શન-ચિંતનથી અને અનિત્યતા-અશરણ વગેરે ભાવનાથી ઓછા કરવાના ? કે એમાં ઊલટું ઉમેરો કરવાનો ?**

નકામું જોઉં એટલે પાછા એના પર પાપવિચારો ચાલે. એક બાજુ આ અસત્ ચિંતન અને કુસંસ્કાર વધવાનું નુકસાન અને બીજી બાજુ એ નકામું ભળતું જોવામાં જે સમય જાય, એ સમયમાં જે સારું ચિંતન કરી શકું, અરે ! બીજું કાંઇ નહિ તો ૫-૫૦ નવકાર સ્મરણ કરી શકું, તે ય ગુમાવવાનું નુકસાન !'

ખોટી જિજ્ઞાસાઓ-આતુરતાઓ પૂરવામાં શો લાભ ? એમાં તો હૃદયને સારી ભાવનાઓ અને સારા ભાવ આપી નિર્મળ કરવાની માનવજનમની સોનેરી તક અને મુખ્ય કાર્ય, તે ચૂકી જવાયાં !

સારું વ્યાખ્યાન એટલે તો સારા ભાવો અને સારી ભાવનાઓ, જે ઘરે કે બજારમાં કેળવવા મોકો નથી મળતો, તેનો અહીં મોકો મળી ગયો. વક્તાના શબ્દે શબ્દે આપણા દિલમાં શુભભાવો ઊછળતા કરી શકીએ અને આ કેટલી સુંદર કમાણી ! ખોટી આતુરતામાં એ ગુમાવવાનું થાય.

**ભળતા પ્રશ્નમાં બાળ જીવો પ્રત્યે ક્રૂરતા :-**

અરે ! ભળતા પ્રશ્નમાં વિશેષ નુકસાન જુઓ કે વ્યાખ્યાન સાંભળતાં ફજુલ જિજ્ઞાસાઓ કરાય, અથવા વ્યાખ્યાનમાં ચર્ચાના વિષયથી કે કથા-પ્રસંગથી પોષાતા સારા ભાવમાં ખલેલ પડે એવા પ્રશ્ન પૂછાય, એમાં તો માત્ર જાતનું જ નહિ પણ બીજા સેંકડો શ્રોતાઓને કેટલું બધું નુકસાન ? સમર્થ વ્યાખ્યાનકારની જેમ પોતાને બાળ ભદ્રક જીવોના દિલમાં શુભભાવો અને શુભભાવનાઓ ઊછળતી કરવાનું તો આવડતું નથી, પરંતુ ફજુલ પ્રશ્નોથી એ વધતી શુભભાવની ધારા તોડી નાખવાનું આવડે, એ બાળ જીવો પર કેવી ક્રૂરતા ! કહે છે-

**શ્રોતાઓને જાણવા મળે એ માટે પ્રશ્નનો શો વાંધો ? :-**

પ્ર.-અમે કાંઇ બાળ જીવોને જાગતા શુભભાવ તોડી નાખવા માટે પ્રશ્ન નથી કરતા, કિન્તુ અમને અને બાળ જીવોને જાણવાનું મળે એટલા માટે પ્રશ્ન કરીએ એમાં શો વાંધો ?

ઉ.-પરંતુ આ એનાં જેવું છે કે રસ્તા પરથી કોઇ માણસ હાથમાં લાકડીથી અટાપટા ખેલતો ચાલે અને કહે, કે ''હું કાંઇ કોઇને વગાડી દેવા આ નથી કરતો પરંતુ મારા વ્યાયામ માટે અને બીજાને ય અટાપટા કેમ ખેલાય એ જોઇને શીખવા મળે એટલા માટે રસ્તા પર ચાલતી વખતે લાકડીથી અટાપટા ખેલતો ચાલું છું,'' શું આ વાજબી છે ? જ્યાં લોકોની ખૂબ અવર-જવર છે એવા રસ્તા પર આમ લાકડી ખેલતાં ચાલવામાં કોઇને વાગી બેસવાનો પૂરો સંભવ છે, માટે એ ન ખેલાય. **લાકડી ખેલતાં બીજાને લગાડી દેવાનો ઇરાદો ભલે ન હોય છતાં 'બીજાને લાગી જશે તો ?' એની જો ઉપેક્ષા કરાય, એની ચિંતા-પરવા ન રખાય, તો એ પણ ક્રૂરતા જ છે.**

ત્યાં વ્યાયામનો ઇરાદો પણ ભૂંડો છે.

એમ અહીં વ્યાખ્યાનકાર ભવી જીવોના હૃદયમાં કોઇ પ્રસંગ કહીને વૈરાગ્ય-જિનભક્તિ-દાનાદિ-સુકૃતના ભાવ ઉલ્લસિત કરી રહ્યા હોય, એ વખતે 'ભવી જીવોના ઉલસતા ભાવ તૂટી જશેતો ? ભાવ ઉલસતા અટકી જશે તો ?' એની ઉપેક્ષા કરીને, એની ચિંતા પરવા કર્યા વિના, મફતિયા પ્રશ્ન ઠોકે એ પણ ક્રૂરતા છે, ત્યાં જાણકારી મેળવવાનો ય ધંધો ભૂંડો છે.

આ અમે પણ ધ્યાન ન રાખીએ તો અમે પણ ક્રૂર બનવાનો મોકો આવે.

દા.ત. કેટલીકવાર એવું બને સારામાં સારો વૈરાગ્ય અમે પીરસી રહ્યા હોઇએ, એ વખતે લોકોને હસાડવા માટે કોઇ રમુજનો પ્રશ્ન ઠોકે અને અમે એનો એવો જવાબ કરીએ કે ત્યાં સભા ખડખડાટ હસે. તો આ શું કર્યું ? સભાના દિલમાં વૈરાગ્ય ઝરતા પ્રવચનથી જે વૈરાગ્યભાવ ઉછળવો શરૂ થયો હતો, એના પર 'રુક જાઓ' નો ઓર્ડિનન્સ લગાડ્યો ! વૈરાગ્યભાવને અધવચ્ચે તોડી નાખ્યો ! કેવી ક્રૂરતા ! આ કેના જેવું છે ?

**રમુજી પ્રશ્નકાર અને વાંઝણી :-**

માનો કે કોઇ માણસને બે પત્ની હોય, એમાં એક ગર્ભ-શક્તિવિનાની

વાંઝણી હોય અને બીજી ગર્ભ-શક્તિવાળી હોય, ને એને ગર્ભ રહ્યો. બંનેને પ્રેમ સારો હોય, એમાં વળી બીજી ગર્ભિણી બની એટલે પહેલીને એના પર પ્રેમ ઓર વધી ગયો. હવે જો ત્યાં પેલી વાંઝણી આ ગર્ભવતીને એવા ખાન-પાનાદિ અમન-ચમનમાં તાણી જાય કે આનો ગર્ભ જ ૪-૫ મહિને છૂટી જાય, ને કસુવાવડ થાય, તો ત્યાં વાંઝણીએ શું સારું કામ કર્યું ? અલબત દેખીતું એમ દેખાય કે એણે પેલી ગર્ભવતીને ખાનપાનાદિ, અમનચમનના આનંદ આપ્યા, પરંતુ મોટી વાત, ગર્ભ-સ્ખલન થઇ ગયું ! એનું શું ? ત્યાં એના પ્રેમ અને સારા ઇરાદાની કશી કિંમત ન ગણાય. પરંતુ મૂર્ખતા-મૂઢતા-ક્ષુદ્રતા કહેવાય.

એમ, ધણીથી ગર્ભ રહેવાની જેમ અહીં સારા વક્તાથી શ્રોતાને વૈરાગ્યભાવના જાગી અને વધવા માંડી છે, ત્યાં પેલા વાંઝણી જેવા પ્રશ્નકારે રમુજનો પ્રશ્ન ઠોકીને શ્રોતાને હસાડ્યા, એણે શું કર્યું ? વાંઝણીએ વધતા ગર્ભનું જેમ અજાણ્યે સ્ખલન કરાવ્યું એમ રમુજી પ્રશ્નકારે શ્રોતાના વધતા વૈરાગ્યભાવનું અજાણ્યે સ્ખલન કરાવ્યું.

**ખિલખિલાટ હાસ્ય એ વૈરાગ્યભાવને તોડનારો છે.**

વક્તા પણ પહેલાં સુંદર વૈરાગ્યભાવ પીરસવા પર પછીથી જો ખિલખિલાટ હાસ્યનું મોજું રેલાવે, તો એમાં પણ ગર્ભની કસુવાવડની જેમ વૈરાગ્યભાવની કસુવાવડ થાય છે ! એટલે અમારે આ ખૂબ ધ્યાનમાં રાખવું પડે કે ધર્મપ્રવચનમાં વચ્ચે કોઇ શ્રોતા એવો રમુજનો પ્રશ્ન મૂકી સભાને હસાડવા જાય તો ત્યાં એકદમ ગંભીર થઇ અમારે એવી રીતે જવાબ કરવો જોઇએ કે હાસ્ય તો ઠેકાણે પડી જાય એટલું જ નહિ, પણ વૈરાગ્યભાવ ઓર જ્વલંત ઝગમગે. જ્યાં સામાના પ્રશ્ન પર પણ સભામાં સંવેગ-વૈરાગ્યભાવને ખંડિત નથી થવા દેવાનો, ત્યાં સારો વક્તા પોતે તો વ્યાખ્યાનમાં વારેવારે, સભામાં ખિલખિલાટ હાસ્ય ફેલાય, એવું શાનું જ બોલે ? જો બોલે તો શું થાય ? અપક્વ ગર્ભના પાતની જેમ અપક્વ વૈરાગ્યભાવનો નાશ થાય. ત્યારે પૂછો-

પ્ર.-રમુજી પ્રશ્ન કરનાર કે વક્તા પોતે સભાને જાગતા વધતા સંવેગ-વૈરાગ્યભાવ તૂટે એવું હાસ્ય રેલાવવાનું કેમ કરતા હશે ?

**લોકસંજ્ઞા ભૂંડી તે અનુચિત પ્રશ્નો કરાવે :-**

ઉ.-આનો ઉત્તર સમજી લો કે પહેલાં કહ્યું તેમ 'પોતાના હૃદયમાં અનાદિકાળથી ચાલી આવેલી કાળમિંઢ રાગાદિની ખરાબીને તોડી હૃદયને નિર્મળ કરવાનું મુખ્ય કાર્ય લક્ષમાં જ નથી, તેથી આડાઅવળા ફાંફા મરાય છે, ને લોકરંજનમાં પડી અનુચિત પ્રશ્નો કરાય છે. 'જરા લોકને હસાડીએ તો લોકનાં મન તો ખુશી થઇ જાય. વખતે એમને એમ પણ થાય, કે ભાઇ સારા બુદ્ધિશાળી છે, પ્રશ્ન સારા પૂછે છે. એમ લોકની દ્રષ્ટિમાં સારા દેખાઇએ' આ જ લોકસંજ્ઞાથી મનમાં રમ્યા કરતું હોય, આ જ લક્ષ હોય ત્યાં 'હું અનંત અનંતકાળના મારા દોષોથી ભરેલા હૈયાને દોષોથી મુક્ત કરું અને ગુણોથી વાસિત કરું' એ લક્ષ જ શાનું રહે ? લોકસંજ્ઞા ભૂંડી.

વાત એ હતી કે વ્યાખ્યાનમાં કોઇ સંવેગ-વૈરાગ્ય, એટલે કે-**દેવ-ગુરુ-ધર્મ ઉપર શ્રદ્ધા-પ્રેમ-ભક્તિ સંવેગ,** તથા **સંસાર પર અભાવ-નફરત એ વૈરાગ્ય**-એમ સંવેગ-વૈરાગ્ય વધવાનો રંગ જામવા માંડ્યો હોય, ત્યાં પ્રશ્નો કરવાનું મન કેમ થાય છે ? પોતાના હૈયાને, 'આ સંવેગ-વૈરાગ્યથી મનને વાસિત કરતો રહું તો અનંતકાળની સંસારમાયાનો અનહદ પ્રેમ તથા સંસારમાં નિર્ભયતા-નિશ્ચિન્તતા, આ બે મૂળભૂત મલિન દોષથી મારા આત્માને થોડો ય છોડાવવાનું થાય' એવી લેશ્યા જ નથી.

મૂળ પાયામાં આ લક્ષ નહિ કે 'મારે અનંત અનંતકાળથી દોષના કચરા ભરેલા હૃદયને દોષ-રહિત ને પવિત્ર બનાવતા જવું છે.' પછી એ ધ્યાનમાં જ ન હોય એટલે સહેજે બાહ્ય સંસારના તુચ્છ પ્રસંગમાં યા તુચ્છ લાભ ખાતર હૈયું બગાડી નાખે એવા કેટલાય ખરાબ ભાવ અને ખરાબ કોડના વિચાર કર્યા કરાશે.

જીવનના આ ઉદ્દેશની બલિહારી છે-

'મારે અનાદિના કાળમિંઢ દોષોથી ખરાબખસ્ત બનેલા મારા હૃદયને એ દોષોથી મુક્ત કરવું છે, મુક્ત કરવા જ જીવવું છે. જીવન જીવતાં જે કાંઇ કરું-બોલું-વિચારું તે આ દોષોને રવાના કરવા માટે.'

આ લક્ષ્ય ક્ષણે ક્ષણે ધ્યાનમાં રહે તો આપણું બોલવાનું, ચાલવાનું ને વિચારવા સુધીનું બધું અંકુશમાં આવી જાય, કેમકે દા.ત. કાંઇ પણ બોલતાં આ ખ્યાલ હોય જ કે આમાં મારાં હૈયામાં ક્ષુદ્રતા આદિ કોઇ કાળમિંઢ દોષ તો નહિ પોષાય ? સામાને સારા લાગીએ અથવા બીજા પરના વૈરની-અમૈત્રીભાવની ખાજ

ઊતરે એટલા માટે જ્યાં કોઇનું હલકું-ઘસાતું બોલવા જઇએ, નિંદા કરવા જઇએ, ત્યાં જ આ લક્ષ્યનો ખ્યાલ આપણને રોકે.

અલ્યા ભલા આદમી ! આવું નિંદાનું બોલી કાઢીશ એમાં તારા હૈયામાં અનાદિનો અભિમાન દોષ પોષાશે, જીવો પ્રત્યેનો અમૈત્રીભાવનો દોષ પોષાશે, ક્ષુદ્ર સ્વભાવનો દોષ પોષાશે ! એનું શું ? જીવન પૂરું થતા સુધી એ કાળમિંઢ દોષવાળું હૈયું તો એવું ને એવું ખરાબ જ ઊભું રહેશે, તો શું સારું કમાયો આ જીવનમાં ? જેને સારું લગાડવા ને વહાલો થવા મથે છે, એ તો ક્ષણ પછી ભૂલી જવાના છે, ને ઊઠીને ચાલતા થઇ જવાના છે, પણ તારા હૈયામાં અનાદિના દોષ પુષ્ટ કર્યા એ તને જનમ-જનમ મારશે, પીડશે !' અનંતકાળના કાળમિંઢ દોષો રવાના કરવાનું લક્ષ્ય જાગતું હોય તો આ વિચાર આવે.

બીજા સાથેના વ્યવહારમાં કે ખાનપાનમાં યા પહેરવશમાં કે કામકાજમાં યા ધંધા-ધાપામાં બધે 'મારું હૈયું દોષમુક્ત કરવું છે', આ લક્ષ્ય બહુ સાવધાન બનાવી દે છે. ઉમદા, મુલાયમ, સૌમ્ય સ્વભાવવાળા બનાવી દે છે, ઉકળાટનું નામ નહિ, કેમકે એથી હૈયાનો કાળમિંઢ દોષ પોષાય છે.

મહારાજા મેઘરથ દુઃખથી તરફડતા પારેવાને જોઇ આ દયાથી ભીના ભીના થઇ ગયા, પાછળ આ કશો વિચાર ન કર્યો કે 'પારેવું પક્ષી છે ને મનુષ્યભાષામાં બોલે છે તો કાંક પ્રપંચ, ઢોંગ, દાવપેચ તો નહિ હોય ?' કેમ આવો કોઇ વિચાર ન કર્યો ? કારણ કે એમાં દયા દબાઇ જઇ હૈયું કાંક કઠણ કરવું પડે છે, ને એમને દયાના અવસરે હૈયાના એ કાળમિંઢ અનાદિના કઠોરતા દોષને પોષવો નથી.

એટલે રાજા કોમળ હૃદયથી દુખિયારા પારેવાને જ્યાં કહે છે 'નિર્ભય રહે હું તને શરણ-રક્ષણ આપું છું,' ત્યાં જ બાજપક્ષી આવી પહોંચ્યું અને રાજાને કહે છે,' 'મહારાજા ! આ પારેવાને છોડી દો. હું ભૂખ્યું છું ને એ મારો ખોરાક છે. હું એ નહી ખાઉં તો ભૂખ્યું ભૂખ્યું મરી જઇશ !'

**બાજપક્ષીને મેઘરથનો ભવ્ય ઉપદેશ.**

રાજા કહે 'ભલા પ્રાણી ! આ બીજાના પ્રાણ લૂંટીને આપણા પ્રાણ ટકાવવાનું અપકૃત્ય કાં કરે ? બીજાને મારી લે તો ય પછી પણ આપણા પ્રાણ કેટલા ટકવાના હતા ? એક દિ' મોત તો આવવાનું જ છે. તો બીજાના પ્રાણ હરી હરીને આપણા

પ્રાણ ટકાવ્યા શા કામના ? ચાલ, તને સુંદર ફળ-મેવા વગેરેનું ભોજન મંગાવી આપું. એનાથી ખુશીથી પેટ ભર.'

બાજપક્ષી કહે-'મહારાજા ! હું તો માંસ પર જ જીવું છું તેથી એને શું કરું ?'

રાજા કહે 'તો તને તૈયાર માંસ મંગાવી આપું ?'

પક્ષી કહે 'એ વાસી માંસ મને ફાવે જ નહી. મારે તો જીવતા જીવનું મારી જાતે બટકેલું તાજુ તાજુ માંસ ખાવા જોઇએ છે. માટે મને આ પારેવું સોંપી દો.'

ત્યાં રાજા એને કેવું ભવ્ય સમજાવે છે એ જુઓ, રાજા કહે છે-અરે પામર પ્રાણી ! આ તારું એક પીછું પણ કોઇ ખેંચે તો તને કેવું દુઃખ થાય છે ? તો બીજા જીવને તું આખું ને આખું બટકી ખાય એમાં એને કેટલું બધું જાલિમ દુઃખ થાય ?

**શું દુનિયામાં એકલા આપણે જ સુખના અધિકારી ? ને બીજા જીવો સુખના અધિકારી નહિ ?**

એમાંય આપણને તો સુખ કેટલું મળે ? આ તારે તો માત્ર એક જ દિવસની ભૂખ ભાંગી પેટ ભરવાનું સુખ, ને સામા જીવને ભયંકર ચવાઇ મરવાનું મહાદુઃખ ! આ શું ન્યાયયુક્ત છે ?

''અરે મહાનુભાવ ! તું એટલું તો જો કે હિંસા અને માંસ-ભક્ષણથી આ ટૂંકા જીવનમાં ખુશી થઇશ પણ પછીથી નરકગતિમાં અસંખ્ય વરસો સુધી ભડભડતી અગ્નિ ઉપરની ઘોર કુંભીમાં પકાવાનો, ભયંકર વેદના શી રીતે સહન કરી શકીશ ? અને ત્યાં કાંઇ એક જ કુંભી-પાકમાં પકાવાની જ પીડા છે ? ના, ત્યાં પત્થરિયા મોઘરથી કૂટાવાની, તીક્ષ્ણ ભાલાઓથી ભેદાવાની, છરાઓથી છેદાવાની, ઉપરથી પત્થરોના વરસાદે મોં-માથા કૂટવાની, અગ્નિ ઝરતી મેદા જેવી રેતીમાં શેકાઇ ભડથું થવાની...આવી આવી દારુણ વેદનાઓ શી રીતે વેઠી શકીશ ?

*''માટે હે ભવ્ય પ્રાણી ! હિંસાથી વિરામ પામ. ભારે ભૂખ તો બીજા સાદા* ભોજનથી પણ શમે છે. તો ભારે ભૂખ્યો પણ કોણ સુજ્ઞ પ્રાણી ઝેરભર્યું અન્ન ખાવા તૈયાર થાય ? એમ પરલોકના અનંત દુઃખને ઊભા કરી આપનાર હિંસા અને માંસભક્ષણ કરવા કોણ સુજ્ઞ તૈયાર થાય ? તેથી તું હિંસા-માંસભક્ષણ છોડી દે

અને ધર્મનું આચરણ કર, જેથી તું ભવોભવ સુખી થઇશ.

''આ તું જોને અમે મનુષ્ય તરીકે જનમ્યા ને પૂર્વ જનમમાં દયા-અહિંસાદિ ધર્મ કરીને જનમ્યા ને ? તું તિર્યંચ પક્ષી તરીકે જનમ્યો તે પૂર્વના હિંસાદિ પાપને લીધે જ ને ? હવે વિચાર કે અહીં શું કરે તો આગળ પર ઊંચો દેવ-મનુષ્યનો જનમ મળે ?

''વળી આપણને અહીં થોડી ઘણી

**શક્તિ મળી તે હિંસા-માંસ-લક્ષણાદિનાં પાપ કરવા માટે મળી છે ? કે દયા-અભયદાનાદિ ધર્મ કરવા માટે ?''**

**હિંસાદિ તો શક્તિનો ભયંકર દુરુપયોગ છે.**

એ દુરુપયોગ કરતાં કર્મસત્તા ભવિષ્યમાં આપણને શક્તિ માટે નાલાયક ઠેરવી આ શક્તિ જ ન આપે અને તેથી અશક્ત-દૂબળા બની શક્તિ અને બળવાળાથી કુટાવું પડે.

''માટે સમજી જા, હિંસા-માંસભક્ષણ છોડ અને આત્માનું કલ્યાણ સાધી લે.''

બાજપક્ષીએ બધું સાંભળ્યા કર્યું. એના ગળે શાની આ વાત ઊતરે ? કેમકે એને તો પરીક્ષા જ કરવી છે. તેથી એ કહે છે-

'મહારાજા આપની બધી વાત સાચી, પરંતુ મારે મારા ભોજન સિવાય મારાથી રહેવાય એમ નથી. હું ય ભૂખમાં ને ભૂખમાં મરું એની તમને દયા નથી આવતી ?' ને ભૂખે ભૂખે હું મરી જઇશ, માટે પારેવું મને સોંપી દો.'

**રાજાની સ્વમાંસ દેવાની તૈયારી :-**

રાજા કહે, 'પરંતુ મેં એને શરણાનું વચન આપ્યું છે, તો મારાથી વચનભંગ કેમ થાય ? અને શરણાગતને છેહ કેમ દેવાય ? એમ છતાં તારો જીવતાનું માંસ ખાવાનો આગ્રહ છે તો પારેવાને બદલે પારેવાના વજન પ્રમાણ મારું માંસ જ આપું તો ચાલશે ને ?'

બાજપક્ષીએ 'હા' ભણી.

ત્યાં રાજાએ છરી અને ત્રાજવું મંગાવ્યું અને ત્રાજવું ઊંચે લટકાવી એક પલ્લામાં પારેવું બેસાડ્યું અને બીજા પલ્લામાં પોતાનું માંસ મૂકવા છરીથી પોતાના

પગમાંથી માંસ લચકો કાપવા તૈયાર થઇ ગયા.

ત્યાં તો આસપાસ બેઠેલો પરિવાર ખળભળી ઉઠ્યો ને રાજાને કહે છે, 'મહારાજા ! મહારાજા ! આપ આ શું કરો ? આપ તો સમસ્ત પ્રજાના પાલણહાર છો, તે આ એક નાનું પારેવું પાળવા-બચાવવા માટે આ જાતનો ભોગ આપવા તૈયાર થઇ ગયા છો ? માફ કરો, માફ કરો, આ સાહસ રહેવા દો. એક પારેવાનાં પાલન ખાતર આવડી મોટી પ્રજાનું પાલન જતું કરશો ? અમે પગે પડીને આ ન કરવા વિનંતિ કરીએ છીએ.'

આ કહેતાં કહેતાં વિશાલ પરિવારના આંખમાંથી દડદડ પાણી પડે છે, છતાં રાજા અંદરથી પ્રતિજ્ઞા પાલનમાં એવા દ્રઢ છે કે પરિવારનું દુઃખ દેખીને જરાય લહેવાઇ જતાં નથી ! જરાય પોતાનું સત્ત્વ ઓછું થવા દેવા તૈયાર નથી !

**કુટુંબને મેઘરથ રાજાની અમરવાણી :-**

રાજા મેઘરથ કુટુંબને સમજાવે છે કે 'જુઓ, (૧) આ જમીન ઉપર રાજ્ય કોઇ દિવસ નધણિયાતા રહ્યા નથી, હું નહિ તો મારો ભાઇ, કોઇ ને કોઇ પ્રજાના પુણ્યે પાલણહાર ધણી મળી આવે છે. પરંતુ મારે આ ખરેખરી દયા અને પ્રતિજ્ઞાપાલનનો કોને ખબર અનંતકાળે સોનેરી અવસર મળ્યો છે તો એ કેમ જતો કરું ?

(૨) બીજું, આ કાયા તો પર છે, નાશવંત છે, પરાધીન છે જ્યારે મારો આત્મા તો સ્વકીય છે, અવિનાશી છે, સ્વાધીન છે. એવી કાયાથી સ્વાત્મા સચવાઇ જતો હોય, જો નાશવંત કાયા જતી કરીને અવિનાશી આત્માનું ભલું થતું હોય અને જો પરાધીન કર્માધીન કાયાથી કર્મનિરપેક્ષ સ્વતંત્ર આત્માનું ભલું થતું હોય તો કોણ ડાહ્યો પુરુષ એ ન કરી લે ?

(૩) વળી તમે અને આખી પ્રજા સૌ મારા માટે માત્ર આ જીવનના અંતસુધી સાથે છો, પણ પછી પરલોકમાં મારા આત્માની સાથે તમારામાંના કોઇ નહિ, કે આ મોટી રાજ્ય-સલ્તનત યા ખજાના વગેરે કશું સાથે નહિ ચાલવાનું ! ત્યાં તો માત્ર મારો ધર્મ જ મારી સાથે રહી મને શરણ-રક્ષણ આપવાનો. તો બોલો, માટે તમને સાચવવા ? કે ધર્મને સાચવવો ?

(૪) વળી તમે સૌ મારી કાયાની કાળજી, ચિંતા કરો છો અને કાયાની દયા

ખાઓ છો, પરંતુ મારા અનંત અનંત કાળના કર્મપીડિત આત્માની ચિંતા, કાળજી કેમ નથી કરતા ? કેમ મારા આત્માની દયા નથી ખાતા ? કે 'આ બિચારો જીવ આટલો ઊંચે માનવભવના થાળે આવ્યો છે તે કાયાની માવજતથી નહિ, પણ આત્માના હિતકર ધર્મથી ઊંચે આવ્યો છે, તો હવે એને કાયાની તુષ્ટિ, પુષ્ટિ અને માવજત ખાતર આત્મહિતકર દયા અને પ્રતિજ્ઞા-પાલનનો ધર્મ કેમ ચુકાવાય ?'

''તમો સૌ મારા પર બહુ લાગણીવાળા છો, તો મહેરબાની કરો, મારા આત્માના સગા થાઓ, મારા આત્માને આ મહાન કર્મક્ષયની કમાણીનો અવસર મળ્યો છે એના પર મારા આત્માની જ મૈત્રીભાવના રાખો.''

**મેઘરથ પોતાના અંગ કાપે છે :-**

આમ મેઘરથ મહારાજાએ સમજાવ્યાથી પણ પરિવાર આવી શરીરમાંથી માંસ કાપી આપવાની બાબતમાં થોડો જ સંમત થાય ? પરંતુ મહારાજાએ હવે પોતાની પ્રતિજ્ઞા પાળવાનું ભગીરથ કામ શરૂ કર્યું. છરો લઇને ખટ્ કરતાંક પગના સાથળમાંથી માંસનો લચકો કાપી ત્રાજવાના પલ્લામાં મૂક્યો ! બીજા પલ્લામાં હલકું દેખાતું પારેવું બેસાડ્યું છે, છતાં એનું પલ્લું નીચું જ રહ્યું અને માંસનું પલ્લું ઊંચું છે ! દેવમાયા છે ને ? એને મનુષ્ય ક્યાં પહોંચે ? છતાં મેઘરથ રાજા કૃત-નિશ્ચય છે, ને મનમાં એક હિસાબ રાખ્યો છે-'આ નાશવંત ભાડુતી શરીરથી અવિનાશી મારા આત્માની વિશુદ્ધિની મહાસમૃદ્ધિ કમાઇ લઉં,' તેથી ખટ્ બીજા સાથળમાંથી બીજો માંસનો લચકો કાપી લઇ પલ્લામાં મૂકે છે !

આપણને એક પતલી સોયથી ઇંજેકશન ખાતાં અરરર થાય છે, ત્યારે આ મહારાજા જીવતા જીવે આખો માંસનો લચકો પોતાના પગમાંથી કાપી લે છે ! લોહી વહ્યું જાય, લ્હાયો પારાવાર ઊઠે, કેમ સહન થાય ? કેવી દીનતા અને રોતડપણું આવી જાય ? પરંતુ એવા મોટા સુકોમળ કાયાવાળા મેઘરથ મહારાજાને એ કશું નહિ ! કેમ ? કહો,

**પારેવાને બચાવવાની લગન છે, પારેવાને શરણું આપ્યાની અને આત્મ-સમૃદ્ધિ કમાઇ રહ્યાની ભારે પ્રસન્નતા છે.**

ત્યારે પરિવારના આક્રંદનો પાર નથી 'અરે ! મોટી સલ્તનતની વિશાળ પ્રજાના પાલણહાર આ એક નાનકડા પક્ષી ખાતર પોતાના જ શરીર પર પોતાના

હાથે જ કાપાકાપીનું દારુણ ચિત્ર ખડું કરી રહ્યા છે !

**પોતાના અંગ પર કાપમાં બે ભાવના :-**

રાજા મેઘરથ આપણા જેવા જ સુંવાળા સ્પર્શવાળી કાયા ધરાવતા માણસ છે, પરંતુ એમને મન પર બેસી ગયું છે કે-

(૧) ''પૂર્વે અનંતીવાર નરકમાં પોતાની કાયા પર પરાધીન પણે ભાલા-બરછી-છરા-ખંજર વગેરેના ઘા ખાધા છે, શરીરના છૂંદા અને રાખ થયેલ છે. તો અહીં સ્વાધીનપણે આ એક ભવમાં દયા ખાતર શા માટે છરીના ઘા ન ખાઇ લેવા ? નરકની પીડા આગળ આ પીડા શી વિસાતમાં છે ?''

(૨) ''બીજું કાયાને બચાવી રાખવાથી એ કાંઇ જીવને બહુ પરખાવી દેવાની નથી. જ્યારે હમણાં તો એવો મજેનો પ્રસંગ છે કે કાયા જતી કરવાથી આત્મા ન્યાલ થઇ જાય એમ છે.''

એટલે પગમાંથી એકવાર, બીજીવાર, એમ...ત્રીજીવાર પણ માંસનો લચકો કાપી લઇ ત્રાજવામાં મૂકતાં એમને સંકોચ નથી, પ્રસન્નતા છે.

આ જો આપણા મન પર આવી જાય તો સહવામાં કાયાની સુંવાળાશ કાંઇ આડે નથી આવતી. માટે મન એવું બનાવો.

હજી પણ પારેવાનું પલ્લું નીચું જ રહે છે, ત્યારે રાજાએ જોયું કે 'આમાં તો પત્તો નહિ કે કેટલું માંસ મૂકું તો પારેવાના વજન બરોબર થાય ? એટલે હવે તો આખું શરીર જ સોંપી દઉં.'

ખૂબી જુઓ રાજાને પારેવા પર દ્વેષ નથી થતો કે 'આ તે તું ખરેખર પારેવું છે કે કોઇ ખેલાડી દેવ વિદ્યાધર છે ?' કેમ ગુસ્સો નહિ ? કારણ આ જ, કે સમજે છે કે-

**અત્યારે જ ખરેખરી ક્ષમા-સમતા કમાવવાની તક છે, એવા અવસરે પારેવા પર દ્વેષ-ગુસ્સો કરવા જતાં અણમોલ તક ગઇ !**

**ગુસ્સાના તો ઘણા ય પ્રસંગ આવે પરંતુ ક્ષમા-સમતા માટે આવા ભારે દુર્લભ પ્રસંગ ક્યાંથી ઝટ મળે ?**

આપણે અહીં જ ભૂલીએ છીએ, જ્યારે દયા, સત્ય, ખામોશ, સહિષ્ણુતા,

ઉદારતા વગેરે સદ્‌ગુણ કમાવાની મોંઘેરી તક આવે એ વખતે અવસર ઓળખતાં નથી આવડતું અને અનાદિની પશુચાલ ચાલવા જોઇએ છે.

અહીં મેઘરથ રાજાને પારેવા પર ગુસ્સો કેમ નથી આવતો ? એટલા જ માટે કે

**પારેવા પર દયા ઊભી કરી છે તો એ દયાને પકડી રાખવાની, નહિતર દ્વેષ કરવા જતાં દયા ભાંગી જાય.**

દરદી પર દયા ઊભી કરી પછી એ દરદની વ્યાકુળતામાં ક્યારે ગમે તેમ બોલી નાખે તેથી એના પર ડાહ્યો માવજત કરનાર ગુસ્સો નહિ કરે, કેમકે ગુસ્સો કરવા જતાં દયાનો પરિણામ નષ્ટ થઇ જાય. એ તો મન મનાવી લે છે કે 'દરદી બિચારો શું કરે ? દરદની પીડા જ એવી છે કે માણસને બેબાકળો કરી નાખે, એટલે ગમે તેમ બોલાઇ જાય.' આ વિચાર અંતરની નીતરતી દયા લાવી દે છે. પછી ત્યાં 'હું આટલી સેવા કરું અને તું મને આમ બોલે છે ? મારી અવગણના કરે છે ?' આવો અહંત્વનો વિચાર નથી આવતો, અહંત્વ નથી નડતું. અહંત્વ આવે તો દયા ઘવાય. એમ સ્વાર્થમાયા આવે તો દયા ઘવાય.

રાજા મેઘરથને આ વિચાર છે કે 'પારેવું બિચારું કર્મપીડિત છે, કર્મનું દરદી છે. દરદની પીડા જ એવી છે કે જીવને અસ્વસ્થ બનાવી દે, એટલે દરદી પારેવું ગમે તેવું વજન બતાવે, તો દરદી પર મારે ગુસ્સે શું થવું ? મારે તો ધર્મ ખાતર શરીર જાય છે એ ધન્ય અવસર છે.' એમ દયાધર્મ ખાતર સ્વાર્થમાયા પડતી મૂકી. સ્વાર્થમાયા આડે આવે તો દયાધર્મ અટકી જાય. 'આની દયા તો કરું પરંતુ એમાં મારા કામ બગડે,' આ ગણતરીવાળો દયા શી રીતે પાર પાડી શકવાનો ?

**દયા માટે ચાર વસ્તુ જરૂરી :-**

(૧) દ્વેષની અટકાયત જોઇએ,

(૨) દયાપાત્રની વ્યાકુળતાનો ખ્યાલ જોઇએ,

(૩) જાતના અહંત્વનો ત્યાગ જોઇએ.

(૪) જાતની સ્વાર્થમાયા બાજુએ મૂકવી જોઇએ.

રાજા મેઘરથમાં આ છે. શરણાગતને શરણ આપવાની આપેલી કબૂલાત અને એની દયાની સામે પોતાના શરીરને સાચવવાની પણ સ્વાર્થમાયા નથી એટલે

પકડેલી દયાને છોડવાની વાત શાની હોય ? પારેવા પર દ્વેષ કરવાની વાત કેમ હોય ?

એમનામાં જેમ સ્વાર્થમાયા નથી, એમ અહંત્વ પણ નથી કે 'હું મોટો સમ્રાટ, રાજા અને આ નાનકડું દેખાતું પારેવું વજન વધુ ને વધુ દેખાડી મને બનાવી જાય ?' અથવા 'શું આ તિર્યંચ બાજપક્ષી મને મૂર્ખ બનાવી જાય ?' ના, આવું કશુ અભિમાન નથી.

વળી મેઘરથ રાજા અવધિજ્ઞાની છે, છતાં અવધિજ્ઞાનથી હમણાં જોવા નથી બેસતા કે 'ખરેખર આ બે પક્ષી કોણ છે ?' કેમ જોવા નથી બેસતા ? કહો જ્ઞાનીપણાનું અભિમાન નથી. અલબત અવધિજ્ઞાનથી આગળ પર જોવાના છે, પરંતુ હમણાં નહિ કેમકે અહીં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકવામાં અભિમાન દેખાય છે. તેથી

**રાજાના બાજપક્ષીને ઉદાર બોલ :-**

હવે મેઘરથ રાજા પોતે જ પારેવાના પલ્લાની સામેના પલ્લામાં બેસી જઇ બાજપક્ષીને કહે 'ભાઇ ! લે આ શરીર તને સોંપી દીધું, હવે તું ખુશીથી આ શરીરમાંથી જેટલું માંસ ખાવું હોય એટલું ખાઇ લે અને તૃપ્ત થા, પણ હવે આ પારેવાને મારીશ નહિ. મારે હવે આ શરીરની જરૂર નથી, મને આ શરીરની મમતા નથી.'

આ સાંભળતાં જ આસપાસ બેઠેલો પરિવાર ખળભળી ઊઠ્યો, ભયભીત થઇ ગયો, કે 'હેં ? શું ત્યારે આપણી નજર સામે જ આ બાજપક્ષી આપણા પાલણહાર મહારાજાને બટકી ખાશે ?'

પરિવારને ક્યાં ખબર છે કે આ દેવ-પરીક્ષા છે ? એ તો જાણે એમ જ માની બેઠા હશે કે 'મહારાજાનો આ કોઇ પૂર્વ વૈરી આવ્યો લાગે છે તે મહારાજાને પહેલેથી વચનબદ્ધ કરી લીધા અને હવે મહારાજા પોતાની કબૂલાતથી ચસકે એમ નથી એટલે પ્રાણનાશક ઘોર પીડા આપીને વૈર વાળવું લાગે છે !' આવી ભ્રમણામાં પરિવાર અટવાયેલો છે.

ત્યારે બીજી બાજુ મેઘરથ રાજા પોતે પ્રસન્ન છે, કેમકે એમને પોતાનું શરીર આપીને પણ પારેવાને બચાવી લઇ એની દયા કર્યાનો સંતોષ છે. હવે પોતાનું શરીર બાજપક્ષીના મોંમા બટકી ખવાય એની તૈયારી છે. આવા જીવનની કેવી મજા છે !

**આત્મામાં ગુણની સિદ્ધિ કરવા માટે...જરૂર પડ્યે તન-ધન જતા કરવામાં ખુશી ખુશાલી હોય. તન-ધનના ભોગ આપવાનું એક જ વસ્તુ પર સરળ બને, અને તે એ, કે આવતા જન્મોનું અહીંના જનમ સાથે અનુસંધાન જોડાય.**

દા.ત. જુઓ કે કોઇ પ્રવાસી પ્રવાસે નીકળ્યો, તે ભાતાં સાથે રસ્તામાં ખરચના રૂપિયા લઇને નીકળે છે. હવે એને માનો કે પાંચ મુકામ વચમાં કરી છટ્ઠા મુકામે ઇષ્ટ સ્થાને પહોંચવાનું છે, તો એ પહેલા કે બીજા જ મુકામે પોતાની પાસેનું બધું જ ભાતું અને બધા જ પૈસા કેમ પૂરા નથી કરી નાખતો ? કહેવું પડે કે પહેલા બીજા મુકામે એના મનમાં પછીના મુકામોનું અનુસંધાન છે કે 'ભાઇ ! ભાતું ને પૈસા રહેવા દે. ભાતું ને ખરચના પૈસા પાસે નથી તો આગળના મુકામોમાં કામ કેમ ચાલશે ?'

એમ અહીં આ સંસારમાં પણ શું છે ? જનમ જનમ ફરીએ છીએ એ પ્રવાસના મુકામો છે. એમાં આગળ લેવાના જન્મોનું અનુસંધાન કરાય તો વિચાર આવે કે અહીં બધી જાતના સુખ ભોગવી લેવાનું રહેવા દેજે અને ત્યાગના-સંયમના અભ્યાસ કરજે, જેથી આગળ લેવાના જનમ માટે પુણ્યભાતું પાસે રહે. અહીં સુખ-સગવડ મળી છે એ કાંઇ પૂર્વ જન્મના પૂરજોશના રંગરાગ અને સુખભોગથી નથી મળી પરંતુ પૂર્વે ત્યાગ સાધેલા તેથી મળી છે. કહેવત છે ને કે 'ત્યાગે એને આગે' ત્યાગ કરે એની આગળ સુખ-સગવડ આવીને ઊભી રહે છે. તો પછી અહીં ત્યાગ-તપસ્યા નહિ કરે તો આગળ શું દેખવા પામીશ ? અને સુખ-સગવડ નહિ તો ધર્મસાધના શી રીતે કરી શકવાનો ? અહીં પણ અનુભવ છે કે

**અહીં આજીવિકા વગેરે સગવડ ન હોય તો ધર્મમાં ચિત્ત ચોંટતું નથી, તો પરલોકે પુણ્યથી સગવડ વિના ધર્મમાં ચિત્ત ક્યાંથી ચોંટવાનું ?**

અને પરભવના જીવનમાં ધર્મસાધના ન હોય તો તો એ ભવ બગડીને પરંપરાએ જનમ જનમ ભટકવાનું જ થાય, જનમ-મરણનો ફાંસલો મટે જ નહિ !

આ હિસાબ છે, માત્ર આ જનમની સુખ-સગવડ સામે ન જોતાં આગળના જન્મોનું અનુસંધાન રાખો તો અહીં અપકૃત્યો ઓછા કરવાનું ને સુકૃત-સત્કૃત્યો વધારવાનું લક્ષ રહેશે.

મેઘરથ રાજાને માત્ર આ જનમની કાયાની સુખશીલતાની ખાતર આગળના

જન્મોને અજવાળે એવી પ્રાણીદયા અને પ્રતિજ્ઞા-નિર્વાહ મારે છોડવા નથી. બસ ચડી બેઠા ત્રાજવામાં ! અને બાજપક્ષીને શરીર સોંપી દીધું ! કોને ખબર એ શરીરના કયા કયા ભાગમાં બટકશે. ચાંચથી આંખ ફોડશે કે ગાલ બટકશે, યા પેટ ચાવવા માંડશે, એની કશી ચિંતા કરી નહિ.

**જેને સુકૃત સાધવાના નિર્ધાર છે એ પછી તન-ધન સામે જુએ નહિ.**

એકજ હિસાબ હોય કે 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ.' દુનિયાની ચીજ તો તુચ્છ ગણાય, તો ય એ

**દુન્યવી તુચ્છ ચીજ ખાતર અવસરે જો ભારે કષ્ટ સહવા પડે છે, તો પછી મહાકિંમતી ઉત્તમ ધર્મ સાધવા માટે કશાં કષ્ટ સહવાનાં નહિ ?**

**અનંતકાળની જડપ્રિય દ્રષ્ટિ મૂકી આત્મપ્રિય દ્રષ્ટિ બનાવો -**

અનંત અનંત કાળની જડપ્રિય દ્રષ્ટિમાંથી જ્યારે બહાર નીકળાય અને આત્મપ્રિય દ્રષ્ટિ બનાવાય ત્યારે જ આત્માનાં હિત સાધવા ખાતર કાયા પર કે ધન પર આવતા કષ્ટનો વિચાર ન કરાય, કષ્ટની પરવા ન કરાય, ને ચાહીને કષ્ટ વધાવી લેવાય.

પરિવાર ને બધાય આતુરતાથી જોઇ રહ્યા છે કે 'બાજપક્ષી હવે શું કરે છે ?' ત્યાં તો દેવતાએ જોઇ લીધું કે 'આ મેઘરથ રાજાના ધર્મસત્ત્વના ઇન્દ્રે જેવા ગુણ ગાયા એવું જ આ રાજાનું ધર્મસત્ત્વ અચળ છે. હું શું, પણ મોટો ઇન્દ્ર આવે તો ય એને ચલાયમાન ન કરી શકે.' આમ વિચારીને દેવતાએ તરત પારેવું ને બાજપક્ષી એમજ ઊભા રાખી પોતે દેવરૂપે પ્રગટ થઇ ગયો, તેમજ રાજાનું શરીર સ્વસ્થ કરી દીધું અને હવે એમની આગળ હાથ જોડીને કહે છે-

**મેઘરથના ધર્મસત્ત્વની દેવ સ્તુતિ કરે છે :-**

''હે મહાસત્ત્વ ! હે મહાદયાળુ ! હે જગતના સાચા પાલણહાર ! ક્ષમા કરજો મને, મેં આપની કદર્થના કરી તેની માફી માગું છું. ઇશાન ઇન્દ્રે તમારા ધર્મસત્ત્વનાં સભામાં ગુણ ગાયા, ને હું મૂર્ખ સમજ્યો નહિ કે મોટા ઇન્દ્ર જેવા ક્યારે પ્રશંસા કરતા હશે ? વસ્તુસ્થિતિ જોઇને ? કે એ વિના ખાલી બડાઇ હાંકવા માટે ? ઉચ્ચ કોટિનું નિર્મલ અવધિજ્ઞાન ધરનાર ઇન્દ્ર એમ કાંઇ વાસ્તવિક ગુણ જોયા વિના પ્રશંસા કરે નહિ. મારી તુચ્છ મતિએ એ સમજ્યો નહિ, ઇન્દ્રની કરેલી

પ્રશંસા મારાથી સહન ન થઇ અને માર્ગમાં લડતા આ બે પંખીના શરીરમાં પ્રવેશી તમારી ભારે કદર્થના કરી ! મને મારી નફટાઇની શરમ આવે છે હું તમારી વારંવાર ક્ષમા માગું છું."

**ઇશાનેન્દ્રનું આગમન અને દેવતાને ઠપકો -**

દેવતા જ્યાં આ ક્ષમા માગી રહ્યો છે ત્યાં ઇશાનેન્દ્ર અહીં આવ્યા ! ઉપરથી રાજાની ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે ! ગગનમાં દુંદુભિનાદ કરાવે છે ! અને ઝનનન ઝનનન ગાતા-નાચતા દેવ-દેવી સાથે અહીં ઊતરી આવ્યા છે ! મહારાજા મેઘરથને નમસ્કાર કરીને દેવતા સામે જોઇ કટાક્ષમાં કહે છે. 'કેમ ? વિજય મેળવી લીધો ને ? મૂર્ખ ! તેં જોયું નહિ કે આ કોણ છે ? આ હવેના ત્રીજા ભવે ચક્રવર્તી અને તીર્થંકરપણાની વિશ્વ શ્રેષ્ઠ બે ય પદવી પામવાના છે ! આ ન જોતાં આવા પુરુષોત્તમની આશાતના કરી ? ક્યાં આ પુરુષોત્તમનું ઉચ્ચ કોટિનું સત્ત્વ ? અને ક્યાં તારી દેવપણાની તુચ્છ શક્તિ ?'

ઇન્દ્ર ત્યાં મહારાજા મેઘરથના ભારોભાર ગુણ ગાય છે, મેઘરથને વિનંતિ કરે છે,-'પ્રભુ ! મોક્ષમાં જતા પહેલાં અમારા જેવા રાંક જીવને તારી દેજો.'

રાજાનો પરિવાર અને દુંદુભિનાદથી બીજું ય ત્યાં ભેગું થઇ ગયેલું લોક આ જોઇ સ્તબ્ધ થઇ જાય છે ! એક-મુખે બધા મેઘરથ મહારાજાની પ્રશંસા કરે છે.

**કીર્તિના કોટડા કેમ બંધાય ? :-**

કીર્તિના ઊંચા કોટડા આમ બંધાય, પણ નહિ કે થોડું કરીને મોટા તકતી-ફોટા લગાડીને. અવસર આવ્યે ધર્મ ખાતર મહાકષ્ટ વેઠી લેવાની તૈયારી જોઇએ, તો મોટા દેવ અને ઇન્દ્ર જેવા ય ગુણ ગાવા લાગે, અને એજ કીર્તિનો ઊંચો કોટડો લોકોની છાતીમાં જીવનભર માટે જડાઇ જાય કે 'વાહ ! કેવા ઉચ્ચ સત્ત્વવાળા ! ઉચ્ચ ગુણ-સંપત્તિવાળા !'

ખૂબી જોજો, અહીં રાજા મેઘરથના મનને કશો ઉત્કર્ષ નથી કે 'વાહ ! ઇશાનઇન્દ્ર મારા ગુણ ગાયા ! એણે ઠેઠ સ્વર્ગથી અહીં સુધી આવીને મારી કીર્તિ ગાઇ !' ના, એમના અહીં સુધી આવીને મારી કીર્તિ ગાઇ !' ના, એમના મનને આમાં કશી વડાઇ લાગતી નથી. પૂછો,-

પ્ર. મેઘરથના મનને સહેજ પણ વડાઇ કેમ ન લાગી ?

ઉ.-પોતે અવધિજ્ઞાની છે ને ? એટલે જુએ છે કે વડાઇ અને હલકાઇ તથા કષ્ટ અને સુખ વગેરે જગતના ભાવો તો નાશવંત છે. આયારામ-ગયારામ જેવા !

**દુન્યવી નાશવંત ભાવો પર અવિનાશી શાશ્વત આત્માએ શી મદાર બાંધવી હતી ?**

ભૂતકાળ અનંતાનંત કાળમાં જીવો તો આવું બધું અનંતીવાર જોઇ નાખ્યું.

**જેમ બહુ દુઃખિયાને દુઃખ શું ? એમ બહુ જોયેલાને જોવાનું શું ?**

આપણે આપણા અનંત ભૂતકાળને નજર સામે લાવતા નથી ને માત્ર વર્તમાનકાળ પર જ દ્રષ્ટિ રાખીએ છીએ તેથી ખાન, પાન, માન, સન્માન વગેરે વખતે બધે ભૂલા પડીએ છીએ અમને આ ખાનપાનાદિ દ્વારા સાધવાની વસ્તુ બાજુએ ફગાવી રાગ-દ્વેષ-કષાયો વગેરેની ગુલામી વહોરીએ છીએ. તમને એમ થશે કે,

❧ ❧ ❧ ❧ ❧ ❧

પ્ર.-આંખેથી સારી વસ્તુ જોઇ અને સારી લાગી એમાં ચક્ષુ ઇન્દ્રિયની ગુલામી શી કરી ?

ઉ.-ગુલામી આ કરી કે આંખે તો વસ્તુનાં માત્ર ઉપરનાં રૂપ-રંગ દેખાડયા, તે પણ વર્તમાનના જ દેખાડયા, પરંતુ ભીતરનું કશું આંખ દેખાડી શકતી નથી, તેમજ ભૂતકાળનું ય કશું દેખાડતી નથી, તો એટલા માત્ર ઉપરના અને વર્તમાન રૂપ-રંગ પર દોરવાઇ જઇ 'આ સારું છે' એમ લેખવું એ વ્યાજબી છે ?

**(૧) ઉપરના રુપરંગ પર ન દોરવાઇ જવાય :-**

ધારો કે દૂધપાકમાં ઝેર ભેળવેલું છે, તો તે દૂધપાકને સારો મનાય ? સારો માની અને ખાવા બેસી જ જવાય ? ના, કેમ સારો માની ખાવા ન બેસી જવાય ? આંખ તો સારો જ દેખાડે છે, તો પછી માનો ને કે 'આ સરસ દૂધપાક છે ?' ના, આંખ ભીતરનું ઝેર નથી દેખાડતી, જે ભયંકર છે ! એટલે માત્ર આંખે દેખાડ્યો સાચો દૂધપાક સરસ ન મનાય, આ માત્ર ઉપરનાં દર્શન પર ન દોરવાઇ જવાય એની વાત થઇ.

**(૨) વર્તમાન દેખાવ પર ન દોરવાઇ જવાય :-પુદ્‌ગલના ખેલ**

હવે માત્ર વર્તમાનમાં દર્શન પર પણ ન દોરવાઇ જવાય એનો એક દાખલો જુઓ. નગરની બહાર ખાળ વહે છે. એમાં લોકોના મેલાં પાણી, મૂતર, નાના

બચ્ચાની વિષ્ઠાઓ વગેરેનાં મિશ્રણ હોય છે. હવે આ ખાળનાં મેલા પાણીને માનો કે કોલસીના દસ મટકાઓમાં ક્રમશઃ ગાળે. એક મટકામાંથી ગળતું બીજા મટકામાં, એમાંથી ગળેલું ત્રીજામાં, તેનું ગળેલું ચોથામાં...એમ છેલ્લે દસમામાંથી ગળેલું એકદમ ચોકખું થઇ ગયેલું હોય અને એને ચાંદીના ગલાસમાં પીવા માટે કોઇ આપે, તો તમે જો આ પ્રક્રિયાથી બનેલું જાણતા હો, તો એ પાણી પીઓ ખરા ? ના,

કેમ ના પીઓ ? આંખ વર્તમાનમાં તો પાણી સારું સ્વચ્છ જ દેખાડે છે, છતાં સમજો છો કે 'આ તો ભૂતકાળના નગરના મળમૂત્રનું જ મેલું પાણી છે, તો કાંઇ લોકોના મળમૂત્રનું પાણી પીવાય ?' આ સૂચવે છે કે ભલેને આંખ ગમે તેટલું વર્તમાનનું સારું દેખાડે, પરંતુ એથી કાંઇ એનું ભૂતકાળનું નરસું સ્વરૂપ ભૂલીને એના વર્તમાન દેખાવ પર મોહિત ન થવાય. એના પર ઘૃણા જ આવે.

જ્ઞાતા-અધ્યયન આગમમાં રાજા જિતશત્રુને એના સુબુદ્ધિ મંત્રીએ આજ ઘાટ ઘડીને રાજાની જડપુદ્ગલના રૂપરંગ પરની અંધતા દૂર કરેલી...જાણો છો ને ?

રાજાએ જમણ પાર્ટી ગોઠવેલી, ને પોતે જમણની એકેક વસ્તુની પ્રશંસા કરે છે. માખણિયા અમલદારો-શેઠિયાઓ એમાં સૂર પૂરે છે, એકમાત્ર સુબુદ્ધિ મંત્રી મૌન અને ગંભીર બેઠા છે, રાજા પૂછે 'કેમ મંત્રીશ્વર ! તમને આ પસંદ નથી ? કેમ કાંઇ બોલતા નથી ?'

મંત્રી કહે 'મહારાજ ! આ તો પુદ્ગલના ખેલ છે. આમાં શું પસંદ કે અપસંદ કરવું ?'

રાજા પૂછે 'એ વળી પુદ્ગલના ખેલ શા ?' મંત્રી કહે અવસરે કહીશ.

જમણ પત્યા પછી ફરવા નીકળ્યા, નગરની બહાર નીકળતાં નગરની ખાળની બદબોથી રાજાએ અને બીજાઓએ મોઢે, નાકે ડૂચા લગાવી ઘોડા ઝટપટ દોડાવી મૂક્યા ! પણ મંત્રી ડૂચો માર્યા વગર ચાલુ ચાલે ઘોડાને ચલાવતાં રાજાને આગળ ભેગો થાય છે.

રાજા પૂછે 'અરે ! મંત્રીજી ! તમારે તે કાંઇ નાક-બાક કામ કરે છે કે નહિ ? કેટલી બધી બદબો ! તમને દુર્ગંધ અકારી ન લાગી ?'

મંત્રી કહે 'મહારાજા ! બધા પુદ્ગલના ખેલ છે, એમાં ગમતું શું કરવું ? ને અકારું શું કરવું ?'

રાજા પૂછે-'વળી આ પુદ્ગલના ખેલ ? સમજાવો મને પુદ્ગલના ખેલ એટલે શું ?

મંત્રી કહે 'મહારાજ !' અવસરે સમજાવું તો ચાલશે ને ?

રાજા કહે 'ભલે, પણ ભૂલી જતા નહિ.'

'હા જી, નહિ ભૂલું.'

**મંત્રી રાજાને જમવા તેડે છે -**

મંત્રીએ હિંમત કરી એક દિવસ રાજાને પોતાને ત્યાં જમણનું નોતરું આપ્યું. રાજાને યોગ્ય, ઘરે શોભા-શણગાર અને ઊંચી કોલિટીની રસોઇ બનાવરાવી. રાજા-મંત્રી જમવા બેઠા. થોડું જમી રાજા પાસેના સોનાના ગ્લાસમાંથી પાણી પીએ છે, ને ચમકે છે. કહે છે-

'મંત્રીજી ! આ કયા કૂવાનું પાણી ? જિંદગીમાં મેં આવું સરસ પાણી પીધું નથી અને તમે ય આટલા બધા કંજુસ એ આજે ખબર પડી કે આવી પાણી જેવી ચીજ પણ તમે મને આજ સુધીમાં દેખાડી નહિ !'

મંત્રી કહે 'મહારાજા ! માફ કરો, પણ આ બધા પુદ્ગલના ખેલ છે.'

રાજા તડૂકે છે, 'હેં ? એ વળી અહીં પણ તમારા પુદ્ગલના ખેલ ? બસ, હવે એ હમણાં જ સમજાવો. ન સમજાવો ત્યાં સુધી મારે જમવું નથી. લ્યો આ બેઠો છું.'

મંત્રી કહે ''મહારાજા ! સમજાવું ખરો, પણ પહેલાં મને અભયદાન લખી આપો કે 'મંત્રી ગમે તે સમજાવે, દેખાડે છતાં મંત્રીને અભયદાન,' લ્યો આ કાગળ ને કલમ !''

રાજાને મન 'આ તો બહુ સુયોગ્ય મંત્રી છે, એ વળી મારી વિરુદ્ધનું એવું તે શું સમજાવવાનો હતો કે દેખાડવાનો હતો કે મને ગુસ્સો થાય ?' રાજાએ અભયદાન લખી આપ્યું.

**પુદ્ગલના ખેલનો કાર્યક્રમ :-**

હવે મંત્રી કહે 'જરાક હાથ-મોં ધોઇ લો, પધારો અંદર.' હાથ-મોં ધોઇ લીધા. રાજાને લઇ ગયો અંદર. અંદરમાં ત્રણ ઓરડી હતી. છેડા પરની એક ઓરડી

ખોલી. રાજાને મંત્રી કહે 'જુઓ સાહેબ ! આ ભાજનમાનું પાણી આપણે પીધું તે- રાજા જુએ છે તો...રુમમાં મોગરો, કેવડો, ગુલાબ વગેરેના ફુલ સારા પ્રમાણમાં પાથરેલા છે, વચમાં એક ત્રિકોણ ઘોડી છે, એને ત્રણ ખાના છે, ને દરેકમાં મટકું મૂકેલ છે. ઠેઠ ઉપરના મટકામાંથી નીચે પાણી ટપકે છે એ વચલા મટકામાં પડે છે, એમાંથી ગળતું પાણી ટપક ટપક નીચેના ત્રીજા મટકામાં પડે છે અને એમાંથી ટપકી નીચેના ભાજનમાં પડે છે. હવે આ ઉપરના મટકામાં પાણી ક્યાંથી આવ્યું એ માટે પધારો બાજુની ઓરડીમાં. મંત્રી રાજાને બાજુની ઓરડીમાં લઇ જઇ દેખાડે છે, 'જુઓ આ ઘોડી ઉપરના ઉપરાપર ત્રણ મટકામાંના છેક નીચેના મટકામાંથી નીતરેલું પાણી ત્યાં પહેલી ઓરડીમાં લઇ જવાયેલું. ત્રણેય મટકામાં કોલસી છે અને ઉપરના મટકામાંથી ક્રમસર પાણી નીચે નીટે ટપકે છે. હવે આમાં ઠેઠ ઉપરમાં પાણી ક્યાંથી આવ્યું એ જોવા પધારો ત્રીજી ઓરડીમાં. એમ કહી રાજાને લીધા પહેલી ઓરડીમાં પરંતુ ત્યાં તો રાજા નાકે ડૂચો મારી ગરજી ઉઠે છે કે 'અરે ! આ તો પેલી નગરની ખાળ જેવી દુર્ગંધ મારે છે ! અહીં ક્યાં લાવ્યા ?'

મંત્રી કહે 'સાહેબ ! માફ કરજો,-અહીં પણ ઘોડી ઉપરના ઠેઠ ઉપરના મટકામાં એજ નગરની ખાળનું મેલું પાણી ભરવામાં આવ્યું છે. એ ક્રમસર કોલસીમાં ગળાઇ ગળાઇ નીચે નીચેના મટકામાં પડે છે અને છેક નીચેના મકટામાંથી નીતરેલું પાણી અહીંથી બીજી ઓરડીમાં ઠેઠ ઉપરના મટકામાં લઇ જવામાં આવે છે.

રાજા મંત્રી સાથે તરત ત્યાંથી બહાર નીકળી મંત્રીને કહે છે 'તો પછી એમ જ કહોને કે તમે મને નગરની ખાળનું ગંદુ પાણી પીવરાવ્યું ? આ તો મને એટલો ગુસ્સો ચડે છે કે હમણાં જ તમારો નિકાલ કરી નાખું. પરંતુ તમને અભયદાન લખી આપ્યું એટલે લાચાર છું.'

**નજરે દેખ્યાનું ઝેર :-**

મંત્રી કહે 'મહારાજા સાહેબ ! હું જાણતો જ હતો કે પુદ્‌ગલના ખેલ બતાવવા જતાં આ જ પરિણામ આવે. છતાં આપનો આગ્રહ હતો તેથી મારે સક્રિય કરી બતાવવું પડ્યું અને જીવતદાન લખાવી લીધું. હવે આપને સમજાઇ ગયું હશે કે પુદ્‌ગલના ખેલ કેવા છે ! એના એ જ ગંદા લાગતા પુદ્‌ગલ દર્શનીય સુંદર પુદ્‌ગલના રૂપમાં ફેરવાઇ જાય છે, એ અહીં નજરે દેખાય છે. એમ સુંદર પુદ્‌ગલ પણ સાવ ગંદા

પુદ્‌ગલ બની જાય છે. આપણા શરીરમાં નખાતા સુંદર દેખાતા ખોરાક-પાણીના જે મેલા રૂપાંતર થાય છે એ પરથી સમજી શકાય છે. આ તો અહીં નજરે દેખ્યાનું ઝેર છે. બાકી એ જ નગરની ખાળના ગંદા પાણીને ખેતરમાં વહેવડાવી એના પર નીપજતાં શાકભાજી વગેરે આપણે હોંશે હોંશે ખાઇએ છીએ !

**મહારાજા સાહેબ ! જગતમાં નટની જેમ પુદ્‌ગલો રૂપ બદલે છે એ નટના ખેલની જેમ પુદ્‌ગલના ખેલ જ છે.**

નટ રાજા બન્યો તો આપણે એના પર રીઝી જતા નથી અને નટ ભંગી બન્યો તો એના પર ખીજી ઊઠતા નથી, માત્ર તટસ્થ ભાવે જોઇએ છીએ. બસ, એ જ પ્રમાણે મેવા-મિઠાઇ-સુવાસિત સાકરિયા પાણી શું, કે ગટરનાં મેલા પાણી શું, એને પુદ્‌ગલના ખેલ સમજી આપણે માત્ર તટસ્થ ભાવે જોવાના છે. એના બદલે રીઝવા-ખીજવામાં રાગદ્વેષથી આપણા મહામૂલ્યવાન અને જ્ઞાનાદિમય આત્માને કલુષિત કરીએ છીએ, ને એથી જ આપણે આ સંસારમાં અનંત અનંતકાળથી ભટકતા રહ્યા છીએ, કેમકે સંસાર-ભ્રમણનું મૂળ કારણ રાગદ્વેષ છે.'

રાજા આ સાંભળીને ચકિત થઇ જાય છે, પૂછે છે, 'આટલું બધું તત્ત્વજ્ઞાન તમે ક્યાંથી લાવ્યા ?'

મંત્રી કહે 'મહારાજાધિરાજ ! આ તો જિનશાસનના તત્ત્વજ્ઞાનના દરિયામાનું એક સૂક્ષ્મ બિંદુ છે.'

વાત આ હતી કે માત્ર વર્તમાન જોવામાં રાચવા રીઝવાનું થાય છે. પરંતુ ભૂત-ભાવીના અનુસંધાન સાથે જોવા વિચારવામાં આવે તો કશા રાગદ્વેષ થાય નહિ. જેમ જુઓ રાજાને પહેલાં એ પાણી પીતાં તો ભારે રાગ થયેલો તે તો માત્ર વર્તમાન જોઇને, પરંતુ પાછળથી જ્યાં ભૂતકાળની પાણીની અવસ્થા જોઇ ત્યારે રાગ ઊડી ગયો અને મંત્રીની તત્ત્વવાણી સાંભળી પુદ્‌ગલના ખેલ સમજાયા. એટલે તટસ્થભાવ આવી ગયો.

એમ મહારાજા મેઘરથની મોટા ઇન્દ્રે પ્રશંસા-સ્તુતિ કરી એમાં મહારાજાએ પોતાની કશી વડાઇ માની નહિ, કશા રાજીના રેડ ન થયા, કેમકે નિંદા-પ્રશંસા વગેરે જડના માત્ર આયારામ-ગયારામ વર્તમાન ભાવ પર એ અટકી પડે એવા નહોતા. પ્રશંસાની પાછળ શું, એ બધું જોનારા-વિચારનારા છે, તેથી વર્તમાન પર

જરાય મદાર બાંધનારા નહિ.

**બે પક્ષીના પૂર્વભવ :-**

હવે મેઘરથ રાજાને પારેવું અને બાજપક્ષી કેમ યુદ્ધ કરતા હતા એ પૂછવામાં આવતાં રાજા કહે છે-'પૂર્વભવે આ બે ઐરવત ક્ષેત્રમાં સાગરદત્ત અને વિજયસેન નામના બે શેઠિઆના ધનકુમાર અને નંદકુમાર નામે બે પુત્ર હતા. જનમથી શ્રીમંતાઇ અને લાડમાં ઊછરેલાં એટલે અભિમાન ઉદ્ધતાઇનું શું પૂછવું ?

શ્રીમંતાઇ શા ગુણ લાવે છે ? કશા નહિ. અભિમાનથી બીજા અનેક દોષો લઇ આવે છે. અભિમાનમાં ઘણું ઘણું ગુમાવવાનું થાય છે.

આજે દુનિયા તરફ નજર નાખો તો દેખાશે શ્રીમંતાઇના અભિમાનમાં સંત-સાધુનો યે સમાગમ કરવાની પડી નથી ! મગજમાં એવી રાઇ ભરેલી હોય છે કે 'સત્સંગ એટલે જાણે કશી કિંમતી વસ્તુ જ નથી ! પૈસા જ કિંમતી વસ્તુ છે !'

**શ્રીમંતાઇના શ્રાપ મોટા :-**

શ્રીમંતાઇ એવા ઊંધા હિસાબ મંડાવે છે કે 'સંત-સાધુ પાસે એવું તે શું છે કે આપણે એમની પાસે જવું જોઇએ ? આપણી પાસે શ્રીમંતાઇ છે એટલે દુનિયા કરતાં વધારે અક્કલ આપણી પાસે છે. સાધુ પાસેથી શું મળવાનું હતું ? ઊલટું લોકો આપણને વધારે માને છે.' આમ ઊંધા ગણિત માંડી મૂક્યા હોય એ ક્યાંથી સત્સંગ પામે ? એને ખબર નથી કે 'સાધુ-સંત જે આપે છે એની કિંમત અંકાય તેમ નથી.' એ ઉપદેશે છે કે આ લક્ષ્મી મળી તો ખરી, પરંતુ એ મળવાનું પુણ્ય શી રીતે ઊભું થયેલું ? પૂર્વે મોજમજાહ અને પાપો કરીને નહિ, કિન્તુ ધર્મ કરીને ઊભું થયેલ. હવે આ જ લક્ષ્મીથી તને ધર્મ નથી ખપતો અને મોજમજાહ અને પાપો ખપે છે ? તો વિચાર કે જિંદગી તો પાણીના રેલાની જેમ વહી ચાલી છે, એ જોતજોતામાં પૂરી થઇ જતાં બધું પુણ્ય ખલાસ થઇ જવાનું પછી સામે પુણ્ય નથી તો ક્યાં જઇશ ? બોલ,

**લક્ષ્મી આ જનમના છેડા સુધી ? કે પછી આગળ પણ ખરી ?**

**અહીંની જીવનભરની લક્ષ્મી અને મોજમજાહ પરલોક માટે શું ભલું કરી શકશે ?**

અરે ! પરલોક પણ પછી, કિન્તુ અહીં જ આ લક્ષ્મી ને શ્રીમંતાઇનો મદ

અંતકાળે શી શાન્તિ આપશે ? શું આશ્વાસન, શી હુંફ, ને કઇ હિંમત આપશે ? કશું જ નહિ એ જ ખાવા ધાશે ! પુણ્ય હતું એટલે શ્રીમંતાઇ અખંડ ચાલી, પુણ્ય ખૂટ્યે એ ઊડી જવાની. માટે હજી જ્યાં સુધી પુણ્ય પહોંચે છે અને શ્રીમંતાઇ હાથમાં છે ત્યાં સુધી સારાં સારાં સત્કૃત્યો આચરી લે, તો તે તારી ચીજ થશે. શ્રીમંતાઇના અભિમાનમાં સંતસમાગમ અને એમનો હિતબોધ ગુમાવવાનું થાય છે, એ ભારે પડશે, કેમકે હિત સાધ્યા વિના આગળ પર જવાબ મળે એમ નથી. સંત-સાધુ આવું બધું સમજાવે, ને જે સમજી જઇ, તે પ્રમાણે જીવન સુકૃત-સદ્ગુણ-સત્ક્રિયાનું બનાવે એ આ સંસારમાં ન્યાલ થઇ જાય ! બાકી તો શ્રીમંતાઇ જ ભારે અપકૃત્યો કરાવી જીવને ભવમાં ભટકતો કરી દે છે.

સારાંશ, શ્રીમંતાઇ બહુ ઓછાને પચે, મોટા ભાગે અજીરણ જ કરાવે. માટે શ્રીમંતાઇના ખોટા ઓરતા કરતા નહિ.

પેલા બે શ્રીમંત પુત્રોને કોડ જાગ્યા કે આપણે પરદેશ કમાવા જઇએ. ઘરે ઘણું હતું પરંતુ લોભ કોને કહે છે ? લોભથી પોતાની પાસે હોય એ ઓછું જ લાગે છે. એટલે ઓછાસ પૂરવા દોડે છે. ત્યાં પુણ્ય હોય તો મળી પણ જાય, પરંતુ પછી કેમ ? લોભ તો ઊભો જ છે, એટલે વળી પાછું એ અધિક ઓછું જ લાગે. એટલે અધિકની તૃષ્ણા જાગે. માટે કહ્યું-

**અપૂર્ણને પૂર્ણતા કેમ લાગે ? :-**

**'अपूर्णः पूर्णतामेतिः, पूर्यमाणस्तु हीयते'**

જે અપૂર્ણ હોય છતાં જો સંતોષ વાળી દે અને લોભને રવાના કરી દે, તો એ પૂર્ણતાને પામે છે, કેમકે એ પોતાની જાતને માટે માને છે કે મારે જોઇતું પૂરું છે, મારે હવે કાંઇ કમી નથી, કશું જોઇતું નથી. એનો અર્થ એજ થયો કે હવે એ પૂર્ણ થઇ ગયો છે.

ત્યારે જેને અધિક અધિક પૂરવા જ જોઇએ છે, સંગ્રહ જ કરવા જોઇએ છે, એ 'હીયતે' અર્થાત્ અધુરો અધુરો જ બન્યો રહે છે, કેમકે એને ગમે તેટલું મળો પણ એના મનને એમ થવાનું કે હજી મારી પાસે ઓછું છે. હજી આટલી રકમ થાય તો મજા આવી જાય. આમ અધુરું લાગવાથી પૂરવા મહેનત કરે છે, પુણ્યે કદાચ એટલું મળી જાય તો ય કાંઇ તૃપ્ત ન થાય. ત્યાં પાછું એમજ લાગશે, ''આ કાંઇ

પૂરતું નથી, હજી આટલું મળે તો સારું.'' આમ જેમ જેમ અધિક અધિકની ઇચ્છા અને પ્રયત્ન કરી પૂરવા જાય છે તેમ તેમ અધુરું વધારે અધુરું જ લાગ્યા કરે છે ! ને દુનિયામાં દેખાય છે,

**પૂરવા જનારને કેમ ખાડો વધે ? :-**

દા.ત. પાંચ હજારની મૂડીવાળાને બીજા ૧-૨ હજાર બનાવી લેવાની ઇચ્છા રહે છે, તો લાખની મૂડીવાળાને કાંઇ બીજા માત્ર બે-પાંચ હજાર બનાવવાની ઇચ્છા નહિ, કિન્તુ ૨૫-૫૦ હજાર બનાવવાની ઇચ્છા રહે છે. ત્યારે વળી દસ લાખની મૂડીવાળાને હવે કેટલા બનાવવાની ઇચ્છા છે ? તો કે ૫-૧૦ હજાર નહિ, ૨૫-૩૦ હજાર નહિ, પણ ૨-૪ લાખ બનાવી લેવાની ઇચ્છા છે. આ શું સૂચવે છે ? એજ કે ''પૂર્યમાણસ્તુ હીયતે'' જેમ જેમ લોભનો ખાડો પૂરતા જાઓ, તેમ તેમ એ ખાડો વધુ ને વધુ ઊંડો થતો જાય, પૂરવાનું વધતું જાય, પહેલાં ૧ હાથ જ પૂરવાનું હતું, ને બીજી ખેપે ૩ હાથ પૂરવાનું થાય, ને ત્રીજી ખેપે ૭ હાથ પૂરવાનું થાય ! પહેલાં ૫ હજાર લાવવા હતા પછી ૨૫ હજારની ભૂખ રહી, ને પછી ૨-૪ લાખ લાવવા લોભ વધશે. ભૂખનો ખાડો વધતો ચાલ્યો,

**લોભ શું કરે છે ? આ જે કે ભૂખ વધાર્યે રાખે છે.**

**બે શ્રેષ્ઠિપુત્ર પરદેશ :-**

પેલા બે ધનકુમાર અને નંદનકુમાર શેઠિયાના દીકરા ધનનો લોભ લાગ્યો, 'પરદેશ જઇ કમાઇ આવીએ.'

બંનેએ પોતાના પિતાની સંમતિ માગી. એમણે એમાં એમના જીવનમાં પરાક્રમ થવાનું જોઇ સહર્ષ સંમતિ આપી અને પરદેશ વેચવા માટે માલ પણ આપ્યો. કેમ એકદમ આ સાહસ ? છોકરા હજી એવા વેપારમાં અનુભવી ખડતલ તો થયા નથી, તો મોટો માલ જથ્થો આપવાનું સાહસ ? હા, એક તો પુત્રપ્રેમ છે, ને બીજું પૂર્વ પુરુષો માનતા હતા કે યુવાન દીકરાને વેપારમાં સાહસ કરાવવું હોય તો થોડી ખોટ આવે તો ખોટ, કે ઘટ પડે તો ઘટ, એ ખમી ખાવાની તૈયારી રાખવી જોઇએ. પછી શિખાઉ દીકરાને માલ આપી પરદેશ મોકલે એ સ્વાભાવિક છે. અસ્તુ-

**રત્નોની વહેંચણમાં બંને લડે છે :-**

ધન અને નંદન બંને ચાલ્યા પરદેશ. વચમાં આવતા ગામોમાં માલ વેચતા

વેચતા નાગપુર શહેરમાં પહોંચ્યા. ત્યાં મુકામ રાખી માલનું વેચાણ કરે છે, ને એમાં સારો નફો કમાયા. એ રકમમાંથી રત્નો લીધા. રત્નો સારાં કિંમતી અને ચમકદાર હતા એની વહેંચણી માટે પહોંચ્યા નગરની બહાર નદીના કિનારે. વહેંચણી કરતાં કરતાં વિવાદ પડ્યો, તો બંને જણ મારામારી પર આવી ગયા.

જુઓ આ મોટા શ્રીમંતોના વારસદાર છે, ઘરે પૈસાની ખોટ નથી, પરંતુ માણસનું અભિમાન પોતાને જ કેવું મારે છે કે હવે બાપુની મૂડીનો વિચાર નથી રહેતો, પણ મનને લગાડે છે કે 'હું આ રીતે સરખો હિસ્સો સમજું છું ને આ ખોટી રીતે કેમ વધારે માગી રહ્યો છે ?' આમાં સંભવ છે સામાની ગણતરી બરાબર સમાન હિસ્સાની હોય, પરંતુ અભિમાન એનું માનવા દે નહિ, પોતાનું જ સાચું મનાવવા પ્રેરે છે ! તો આનું ફળ શું ?

**અભિમાન અને લોભથી થતી લડાઇ સર્વનાશ સુધી પહોંચાડવા સમર્થ છે !**

**અભિમાનમાં રાવણનો સર્વનાશ :-**

રાવણે સીતા પાછી સોંપી દેવાનો નિર્ણય કરેલો જ, પરંતુ અભિમાન નડ્યું કે 'એમ ને એમ સીતાને જતી કરું તો એમ દેખાય કે 'રાવણ રામ-લક્ષ્મણથી ડરી ગયો કે લડીશ તો હારી જઇશ, તેથી સીતાને પાછી સોંપી દીધી.' આમ બદનામી થાય, માટે એમ ને એમ નહિ પણ રામ-લક્ષ્મણને રણમેદાનમાં હરાવી અહીં પકડી લાવી સભામાં એમને સીતાનું દયાદાન કરું કે 'જાઓ જાઓ જંગલમાં ભટકનારાઓ, લઇ જાઓ તમારી સીતા.' બસ, આ અભિમાનમાં લડાઇ લડ્યો તો પરિણામ શું દેખવા પામ્યો ? સર્વનાશ ! લડાઇમાં પોતે ચક્રથી કપાઇ મર્યો, એટલે એણે એનું રાજ્યપાટ, પરિવાર, ખજાના, લહાવલશ્કર યાવત્ પોતાનું શરીર વગેરે બધું જ ગુમાવ્યું ! એક અભિમાન ન નડ્યું હોત અને કહેવરાવ્યું હોત કે ''લઇ જાઓ તમારી સીતા, મારે અનિચ્છતી પરસ્ત્રીનો ત્યાગ છે અને સીતા મહાસતી છે, તો પાછી સોંપી દઉં છું.'' તો વડાઇ મળત. રામ-લક્ષ્મણને માનભેર આમંત્રણ આપી બોલાવ્યા હોત અને પોતે સીતાને ઉઠાવી લાવ્યાની ક્ષમા માગી હોત, તો રામચંદ્રજી એવા મોટા મનના હતા કે રાવણની નિખાલસતાની પ્રશંસા કરત. પરંતુ એ અભિમાની રાવણને આ શાનું સૂઝવા દે ? અને કહે છે ને કે

**''વિનાશકાળે વિપરીત બુદ્ધિ''**

વિનાશ થવાનો હોય ત્યારે ઊંધી જ બુદ્ધિ સ્ફુરે છે. તે રાવણને સર્વનાશ નજીકમાં હોઇ સીધી બુદ્ધિ સૂઝી જ નહિ, અવળી જ બુદ્ધિ જાગી કે 'સીતાને પાછી તો સોંપવી જ છે પણ રામ-લક્ષ્મણને હરાવીને એમને અહીં કેદ પકડી લાવીને પછી સોંપવી છે.'

ખૂબી જુઓ, જ્યારે રાવણે પોતાના ભાઇ વિભીષણ તથા મંત્રીઓને આ વાત કરી કે 'સીતા માનતી નથી, તેવી મારે હવે એને પાછી સોંપી દેવી છે,' ત્યારે વિભીષણ અને મંત્રીઓએ વાત વધાવી લેતાં રાવણની ખૂબ પ્રશંસા કરી કે 'ધન્યવાદ તમને કે આ સુંદર વિચાર તમે કર્યો !'

**પારકો માલ પાછો સોંપવામાં ધન્યવાદ શા માટે ? :-**

ખરું જોતાં સીતા ઉપાડી લાવેલો તે પારકો માલ હતો, એને ધણીને પાછો સોંપવો એમાં શો ધન્યવાદ ? પરંતુ રાવણ બળવાન છે, પ્રતાપી છે, ને એ પોતાનો ખોટો વિચાર ફેરવે છે એ એના જેવા માટે ઘણું છે, તેથી ધન્યવાદ.

હવે જો રાવણે મંત્રી-મંડળને આ કામ સોંપી કહ્યું હોત કે 'જુઓ સીતાને પાછી સોંપી દો, પણ એટલું ધ્યાનમાં રાખજો કે આપણી હલકાઇ ન દેખાય,' તો એ લોકો એવા બાહોશ હતા કે બધું રુડું રૂપાળું કરી આવત. કહેત કે ''અમારા સ્વામી રાવણે ઠેઠ સુધી એવી ટેક જાળવી છે કે સીતાજી ન ઇચ્છે ત્યાં સુધી એને સહેજ આંગળી પણ અડાડી નથી, એ હવે સીતાજી પોતે મક્કમ રહ્યાથી એમની પ્રશંસા કરીને એમને આપને સોંપી દેવા માટે અમને મોકલ્યા છે,'' જો આમ કહે તો એમાં રાવણનું ગૌરવ જરાય ઘટાડ્યું નહિ ગણાય. આમાં તો સામાને એમ લાગે કે 'જુઓ ભાઇ ! પોતાના કબજામાં રહેલી પરસ્ત્રીને એ ન જ ઇચ્છતી હોય તો એને એક આંગળી પણ અડાડવા તૈયાર નહિ ! એ રાવણની કેવી વડાઇ !'

આમ બધું રુડું બની જાય એવું હતું, પરંતુ રાવણનું અભિમાન જાણે કહે છે-'હું બેઠું છું ત્યાંસુધી સારી વસ્તુ શાની બનવા દઉં ?' અભિમાને રાવણને સર્વવિનાશ લાવી આપ્યો ! એમ,

**લોભ પણ ઠેઠ સર્વનાશ સુધી પહોંચાડવા સમર્થ છે.**

**સુભૂમ ચક્રવર્તી** ઘાતકીખંડના જંબૂદ્વીપના છ ખંડ જીતવાના લોભમાં પડ્યો તો એ લોભે એને સર્વનાશ સુધી પહોંચાડ્યો ! વિકુર્વેલા વિમાનશા હવાઇ વાહનમાં

લાખો કે ક્રોડોના લશ્કર સાથે એને સમુદ્રમાં ડુબી જવું પડ્યું !

**વણિક-પુત્રો લોભમાં મરે છે :-**

પેલા બે દેશાવર નીકળેલા ધન અને નંદન વણિકપુત્રો રત્નો કમાયા પછી નગર બહાર જઇ વહેંચણી કરવા બેઠા એમાં વિવાદ પડ્યો એટલે સામસામી ગાળાગાળી અને પછી મુક્કા-મુક્કી પર ચડી ગયા, એવા ઝગડવા લાગ્યા કે ઝગડતાં ઝગડતાં ભાન ન રહ્યું કે અમે કોઇ ખાડા પાસે જઇ રહ્યા છીએ, તે બાથંબાથી કરતાં ખસતાં ખસતાં પડ્યા પાછળના મોટા ખાડામાં ! ખાડો ઊંડો હતો ને પડ્યા એવા ઊંધા માથે કે ખોપરી પર ભારે આઘાત મર્મસ્થાને લાગ્યો ને મરી ગયા !

દેખો રત્નો કમાઇને શો સાર કાઢ્યો ? એમ કહી શકાય કે કદાચ એટલી મોટી કિંમતના રત્નો ન કમાયા હોત, તો આવો રગડો થવાને કારણ ન રહેત. ત્યારે જોવા જેવું છે કે લક્ષ્મી શું કામ કરે છે ?

**આખા જનમનાં જનમ ખત્મ કરવાની તાકાત લક્ષ્મીમાં છે !**

કેવું ખતરનાક ! માનવજન્મ તો કેટલી ઊંચી સાધનાઓ માટેનો એકમાત્ર અણમોલ જનમ છે. એને લક્ષ્મીની જ સાધનામાં રોકી દેવાથી અણમોલ ધર્મસાધનાઓ ગુમાવવાનું થાય છે અને પરલોકમાં જવાબ દેનાર એ ધર્મસાધનાઓ જ છે. તેથી એ ધર્મસાધનાઓ કરવાનું ગુમાવતાં પરલોકમાં સુખ, ઓથ, આધાર બધું ગુમાવવાનું થાય છે.

માણસ વિચાર કરતો બેસે કે 'હું દેવદર્શન પૂજા કરું છું, માંસ-મદિરાદિ અભક્ષ્ય-ત્યાગના નિયમ રાખ્યા છે, તેથી મને પરલોકે બચાવ મળશે' પરંતુ સાથે લક્ષ્મીની ગાઢ મૂર્ચ્છા રાખી એની પાછળ દિવસનો મોટો ભાગ પસાર અને જરૂર પડ્યે રાતના પણ એના વિચારો ચાલુ, એ બધાનો પાપગંજ કોણ ભોગવશે ? બીજા કોઇ ભોગવવા નહિ આવે, એ તો પોતાને જ ભોગવવો પડવાનો છે. ત્યારે અતિ ઉલટ, અતિ હોંશ અને અતિ જહેમત જો લક્ષ્મી કમાવવા, સાચવવા અને એને વધારવા માટે રાખી છે, તો

**લક્ષ્મીની ગાઢ મૂર્ચ્છાથી (૧) બંધાતા પાપ પણ ચીકણાં, અને (૨) ચિત્તના અતિ સંક્લિષ્ટ પરિણામથી ઊભા થતા અશુભ અનુબંધ યાને પાપસંસ્કારો પણ ચીકણાં.**

એ બંને મૂડી રૂપે આત્માની સાથે પરલોક ચાલવાના. એના પર પરલોકનાં જીવન કેવા અત્યંત દુઃખી અને ભારે પાપિષ્ઠ બનવાનાં ! એ ખાસ વિચારજો. એટલે પછી સમજાશે કે બીજી બાજુ જે દેવદર્શનાદિ ધર્મ થાય છે એ કાંઇ એવી હોંશ, ઉલટ અને એકાગ્રતા તથા ભારે ધનવ્યય ને કષ્ટ સાથે આરાધાતો નથી, એટલે એના એવા શુભાનુબંધો આત્મામાં પડતા નથી. તો એ પરલોકે એવી ધર્મિષ્ઠતા ક્યાંથી લાવી આપશે ?

આમ અશુભ અનુબંધો ઢગલો અને શુભાનુબંધ મામૂલી, એમાં પરભવે બચાવ શો મળે ?

**પાપ આટા જેટલાં અને ધર્મ લુણ જેટલું, એમાં શે નિસ્તાર થાય ?**

**સાગરચંદ્રનો દાખલો :-**

તમને ખબર નથી લાગતી કે શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાને જે ઘોડાને પ્રતિબોધ કર્યો હતો, એ પૂર્વભવે સાગરચંદ્ર શેઠ શિવપંથી હતો, પરંતુ શ્રાવક મિત્રના સંસર્ગથી જૈન સાધુના પ્રવચનમાં સાંભળી આવ્યો કે

**'વિધિસર અને ઊંચા ભાવથી જિનપ્રતિમા ભરાવે એને પરલોકમાં અવશ્ય ધર્મ મળે.'**

સાગરચંદ્રના મનને થયું કે 'આ ભાવમાં ખોટું નથી અહીં પ્રતિમા ભરાવવામાં કાંઇ સર્વસ્વનો ખર્ચ નથી કરવો પડતો અને પરલોકે ધર્મ મળવાનું નિશ્ચિત થાય છે, એ મોટી વસ્તુ છે.' તેથી એણે શ્રાવક મિત્ર દ્વારા જિનપ્રતિમા વિધિસર અને ભાવપૂર્વક ભરાવી પ્રતિષ્ઠા કરાવી.

કહો, કેવો સરસ નક્કર ધર્મ કર્યો ! પોતે જ ભગવાન ભરાવ્યા એટલે રોજ કે અવારનવાર દર્શન પૂજા પણ કરતો હશે ને ? તો પછી એ ત્યાં આયુષ્ય પૂરું કરી મરીને ઘોડા તરીકે કેમ જનમ્યો ?

એટલા જ માટે કે એ સાગરચંદ્ર શેઠને વેપારમાં ભારે રસ હતો, તેથી માલ કયા ગામથી સસ્તો લાવી શકાય, અહીંના સસ્તા માલના ઊંચા નાણાં કયા દેશમાં ઉપજાવી શકાય, વખારમાં માલ કેટલો જુનો પડ્યો છે, કેમ એનો નિકાલ કરી પૈસા બીજા માલમાં રોકી શકાય, ઊઘરાણી કેટલી બાકી છે...વગેરે વગેરે બાબતોમાં રાત-દિવસ મન ગુંથાયેલું રહેતું હતું, તેથી પેલા જિનપ્રતિમા ભરાવ્યાના મહાન

સુકૃતની અને તે પછી દેવદર્શનાદિ કદાચ કર્યા હશે એની, એટલી અસર નહિ પડી કે જે વેપારના આંતરિક રસને મોળાં પાડી દે. બસ, એવા

**થોડી ધર્મક્રિયા છતાં તરબોળ વેપારરસમાં તિર્યંચગતિનું આયુષ્ય બંધાઇ જાય એમાં શી નવાઇ ?**

જિનપ્રતિમા ભરાવનાર પણ સાગરચંદ્ર શેઠને આમ વેપારના લોભમાં તિર્યંચગતિનું આયુષ્ય બાંધી ઘોડા તરીકે જનમવું પડ્યું !

**લોભ, મમતા, અભિમાન વગેરે આવા ખતરનાક છે કે એ માનવભવમાંથી તિર્યંચના અવતારમાં ઉતારી નાખે છે.**

**બે વણિકપુત્રો પારેવું ને બાજ બને છે -**

એટલે જ પેલા બે ભાઇ રત્નો કમાઇ એની વહેંચણીમાં લોભવશ ઝગડ્યા, ઝગડતાં પડી ગયા અને મર્યા ! મરીને અહીં પારેવું અને બાજ એમ પક્ષીનો અવતાર પામ્યા ! પૂર્વના ઝગડવાના સંસ્કારથી અહીં પણ ઝગડતા હતા.

**પક્ષીઓને જાતિસ્મરણ :-**

મહારાજા મેઘરથે બંને પક્ષીઓના પૂર્વભવને આ રીતે બતાવ્યો. એ સાંભળીને એ બે પક્ષીઓને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના પૂર્વભવની દુર્દશા જોઇ એમને પારાવાર પસ્તાવો થયો. જેવું મેઘરથ મહારાજાએ પૂર્વભવનું વર્ણન કર્યું હતું, બરાબર એવી જ પોતાની દશા પૂર્વભવની જાણે હુબહુ નજરમાં આવી ! અને એનું ફળ તો પોતે વર્તમાનની પોતાની હલકા અવતારની દુર્દશાનું સાક્ષાત્ અનુભવી રહ્યા છે, એટલે વિશ્વાસ પડવાનું તો પૂછવાનું જ શું ?

પક્ષીઓને હવે અહીં ચોકખું દેખાય છે કે જે રત્નો ખાતર કિંમતી માનવભવનો નાશ કર્યો, એ બહુ કિંમતી ગણાતા રત્નો તો ત્યાંના ત્યાં જ રહ્યા ! કોને ખબર હવે ત્યાં જંગલમાં કોણ ભાગ્યવાન આવશે ને એ રત્નો લઇ જશે ! પરંતુ એ ય આગંતુકો રત્નોના લોભમાં, રત્નોની મમતામાં કેમ જાણે કેવા ય કાળાં કર્મ કરશે ! અને રત્નો કરતાં અતિ અતિ કિંમતી માનવભવની મહા બરબાદી કરવા સુધી પહોંચી જશે !

બોલો, રત્નોનો ઇતિહાસ કેવો ?

**રત્નો પોતાના એક આવરદામાં માણસની પેઢીઓની પેઢીઓને ખત્મ કરે !**

એવો એકેક પેઢીના માણસોનો એ રત્નોનો લોભ-મમતા-અભિમાન-માયા-પ્રપંચ વગેરેથી ભર્યા જીવનોનો દારુણ ઇતિહાસ ખડો કરનાર રત્ન-હીરા-માણેક બહુ સારાં ? કે બહુ ખરાબ-ખતરનાક ?

પેલા બે પક્ષીઓએ જોયું કે 'રત્નો તો ત્યાંના ત્યાં રહ્યા અને એની ખાતર ઝગડીને અમે અહીં તિર્યંચના અવતારે ઊતરી પડ્યા ? તો તિર્યંચના અવતારમાં આવીને સારું કરવાનું તો મલ્યું જ ક્યાં ? આહાર-વિષય-પરિગ્રહ અને કષાયોની અધમ જિંદગી જીવી રહ્યા છીએ એટલે પરલોક કેટલો બધો ભયાનક સરજાવાનો !'

**મેઘરથને પક્ષીઓની વિનંતિ :-**

પક્ષીઓ પાપમય જીવનના ભયંકર પરિણામનો વિચાર કરી ધ્રુજી ઊઠ્યા, મેઘરથ રાજાને પોતાની ભાષામાં કહે છે-'પ્રભુ ! પ્રભુ ! તમે તો અમારો પૂર્વભવ કહીને મહાન ઉપકાર કર્યો ! સારા કુળમાં જનમેલાં છતાં રત્નો પાછળની અમે કરેલી દુષ્ટતા દેખાડી આપી, ઉત્તમ માનવભવમાંથી ભ્રષ્ટ થવાની કરેલ મહામૂર્ખતા અને તિર્યંચગતિમાં ફેંકાઇ જવાની થયેલી દુર્દશા આપે બતાવી આપી. ત્યારે હવે અમને ભાન થાય છે કે જે માનવ હોયે ઉચ્ચ કોટિની ધર્મસાધના અને એ કરીને આત્માની ઉન્નતિ તથા સદ્ગતિ શક્ય હતી, એ માનવભવ તો ગુમાવ્યો, હવે પ્રભુ ! અમારું શું થશે ? અમારે ક્યાં ક્યાં ભટકવાનું ? અને કેવા કેવા માર ખાધા કરવાના ?'

મેઘરથ મહારાજા કહે છે, ભલા પ્રાણીઓ ! તમે મુંઝાશો નહિ.

**જીવને પાપની ઘૃણા પેદા થાય ત્યારથી એની ઉન્નતિ શરૂ થઇ જાય છે.**

**પક્ષીઓને અનશનનો ઉપદેશ -**

તમને રત્નોની દારુણ કહાણી જોઇ લોભ અને કલહાદિ બીજા પાપો પર ઘૃણા થઇ છે, નફરત થઇ છે, એ હવે ઉત્તમ ચિહ્ન છે. હવે તમે આ જીવનમાં પાપો ન સેવવા પડે એ માટે અનશનનો આદર કરો. એથી તમારાં પુરાણાં કેટલાંય કર્મ તૂટી જશે અને તમને સદ્ગતિ મળશે !

**અનશન એટલે ઘણી પાપપ્રવૃત્તિઓથી છૂટકારો કેમ ?**

ઉઘાડી વાત છે કે ખાનપાન બંધ કર્યું એટલે એ લાવવા, બનાવવા માટેની પ્રવૃત્તિ બંધ થવાની. એમાં અગ્નિ સળગાવવાની, ને પાણીના આંધણ ચડાવવાની પ્રવૃત્તિ પણ બંધ ! આ આરંભ-સમારંભ ઓછા થવાથી કેટલીય જીવહિંસાથી બચી

જવાયું ! અસંખ્ય અનંત જીવોને અભયદાન દેવાનું થાય. તેના લાભની સાથે એની અનુમોદનાનો પણ લાભ કેવો સરસ મળે !

તમે એક ઉપવાસ કે એકાસણાનું યા અમુક ટંકનું અનશન કરો એમાં સાથે આ વિચારો કે 'હાશ ! આ ખાવાના ટંક બંધ કર્યા એમાં કેટલો સરસ અભયદાનનો લાભ મળ્યો ! હાશ ! કેટલાય અસંખ્ય સ્થાવર જીવો અને કેટલાય ત્રસ જીવની હિંસાથી બચાયું !' અહિંસા-અભયદાન સાથે એની અનુમોદનાનો પણ લાભ વિચારવામાં, હૈયે જીવો પ્રત્યે કરુણાભાવ પોષાય છે. એના શુભ અનુબંધો, શુભ સંસ્કારો આગળ પર દયાભાવ અને અહિંસાને ઊભા કરી લાવે છે.

**ઉપવાસાદિ અનશનમાં ખાવાના ત્યાગના આનંદથી ત્યાગના શુભ અનુબંધ ઊભા થાય છે, વધુમાં સાથે સાથે આ અહિંસા અને દયાભાવનો તથા એની અનુમોદનાનો અને એના શુભ અનુબંધોનો પણ લાભ મળે છે.**

અનશન પર ઊતરવાથી બીજી-ત્રીજી જડની પ્રવૃત્તિ પણ બંધ થઇ જાય છે. દા.ત. વેપાર-ધંધો, ઘરકામ, સંસાર-વ્યવહાર તથા આરંભ-વિષય-પરિગ્રહની તથા સ્નેહી-સંબંધીને મળવા કરવાની અને એમની સાથે પાપકથા-કુથલીમાં પડવા વગેરેની પ્રવૃત્તિ પણ બંધ થઇ જાય ! એટલે તો, વિચારો કે, કેટકેટલા ડગલે પગલે લાગતા કર્મબંધોથી બચી જવાય ?

**અંતિમ અનશન એટલે જાણે સંસારથી ફારગતિ લઇ લીધી !**

તેથી આત્મા કેટલાય કર્મબંધોથી અને અશુભ અનુબંધો અશુભ સંસ્કારોના ઉપાર્જનથી બચી ગયો ! માટે જ જીવનમાં મનોરથ રાખો કે 'ક્યારે અનશન કરું અને આ બધા અશુભબંધ-અનુબંધોથી બચી જાઉં !'

**પક્ષીઓનું સ્વર્ગગમન :-**

પેલા બે પક્ષીઓએ જ્યારે મેઘરથ રાજાને પૂછ્યું કે 'પ્રભુ ! આપે સુંદર બોધ આપ્યો ! અમે તો અમારા દુષ્કૃતથી દુર્ગતિમાં પડી ગયા હતા. માત્ર માટીના રત્ન ગુમાવ્યા એટલું જ નહિ, પણ ઉત્તમ મનુષ્યભવરૂપી રત્ન પણ અમે ગુમાવ્યું !

**માટીના રત્નથી માનવભવ રત્ન ખત્મ !**

અહીં પણ પૂર્વનું વેર લઇ આવી લડતાં-ઝગડતાં અમે નરકગતિ તરફ જ ઉપડવાના હતા ! પરંતુ કૂવામાં પડતા કોઇ આંધળાને દયાળુ હાથ પકડી બચાવી

લે તેમ આપે અમને નરકમાં પડતા બચાવી લીધા ! તો હવે હે નાથ ! અમને ઉન્માર્ગથી બચાવી સન્માર્ગ બતાવો' ત્યારે રાજાએ અનશન આદરવા કહ્યું અને પક્ષીઓએ તહત્તિ કરીને એ સ્વીકાર્યું. ત્યારબાદ પક્ષીઓએ અનશન આદરી લીધું, ને એમાં સમાધિથી કાળધર્મ પામી ભવનપતિ સ્વર્ગે સંચર્યા.

**કેવું અદ્‌ભુત કે સજ્ઞાન મનુષ્યજન્મથી આદરેલા પાપનો અજ્ઞાન તિર્યંચના અવતારે અંત આવ્યો !**

કેવું સુંદર આત્મભાન ! પૂર્વ જન્મ અને આ જન્મનો મેળ ખ્યાલમાં આવ્યો ત્યાં ચોંકી ઊઠ્યા કે 'અરે ! આ શું ? ઉચ્ચ કોટિના મનુષ્ય-જનમમાંથી સીધો પક્ષી-તિર્યંચનો જ જનમ ! કયા વાંકે ? માટીના રત્નની માયા કરી એ વાંકે. રત્નની માયાએ લડાવ્યા, કલહ કરાવ્યો !' ૧૮ પાપસ્થાનકમાં ૧૦ મે રાગ ને ૧૧ મે દ્વેષ પછી ૧૨ મે કલહ ઠીક જ કહ્યો છે. કશા ઉપર રાગ કરો કે દ્વેષ કરો એટલે કલહને આમંત્રણ મળ્યું સમજો. ભરતચક્રીને ૯૯ ભાઇઓના રાજ્ય પર રાગ થયો એટલે એમને લડાઇ માટે તૈયાર રહેવા કહેવરાવી દીધું. મકાનના બે ભાગ વહેંચતાં જો એક ભાઇને અમુક ભાગ પર રાગ થયો, તો બીજા ભાઇ સાથે ઝગડો ઉપાડે છે. નવી પત્નીને મરેલી શોક્યના દીકરા ઉપર દ્વેષ જાગે છે તો રગડો છણછણાટ કરતી હોય છે.

અહીં બે પક્ષીઓને ખ્યાલ આવી ગયો કે રત્નોના રાગના નિમિત્તે ગયા ભવમાં અમે બે ઝગડ્યા ઝગડ્યા તે એવું ઝગડ્યા, કે બંને મોતને શરણે થયા ! રત્નો તો ગયા, પણ એનું એવું દુઃખ નથી જેવું મનુષ્યભવ રૂપી રત્ન ગુમાવ્યું એનું છે.

પક્ષીઓને ખ્યાલ આવવાથી હવે સમજ કેટલી બધી ઊંચી આવી ગઇ કે માટીના રત્નની એવી કશી કિંમત નથી જે મનુષ્યભવરૂપી રત્નની છે.

**શું તમને લાગે છે ખરું કે આ મનુષ્યભવ એક ખરેખરું મહાન રત્ન છે ?**

માટીના રત્ન કેમ કિંમતી ગણાય છે ? એકેક રત્નથી ઢગલો સોનૈયા કે હજારો-લાખો રૂપિયા લાવી શકાય, ને એનાથી મહેલ-મોટર-મેવા-મિઠાઇની લહેર કરી શકાય. પરંતુ એ બધું ય આંખ મિંચાઇ એટલે ડૂલ ! ત્યારે મનુષ્યભવરૂપી રત્નથી સુંદર દાન-શીલ-તપ-ભાવના અને જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરવા દ્વારા ઊંચી સદ્‌ગતિ, સદ્‌ગતિનાં સુખ, ઉચ્ચ ધર્મસાધના વગેરે ખરીદી શકાય, જે આગળ પણ ભવની પરંપરા સુધારી ઠેઠ અનંત સુખના ધામભૂત મોક્ષ સુધી પહોંચાડે છે !

**બોલો શું કિંમતી ? માટીનું રત્ન કે મનુષ્યભવરૂપી રત્ન ?**

માટીના રત્નથી સદ્ગતિ ન ખરીદાય. માનવભવ રૂપી રત્નથી સદ્ગતિ ખરીદી શકાય. માટીના રત્ન પર રાગ અને મોહ અથવા અજ્ઞાન દશા રહ્યા કરે 'આ રત્નો એ મારું સર્વસ્વ. એને જેમ તેમ ઉડાવી ન નાખું. એને એમ કાંઇ પ્રભુના લલાટે કે કંઠે અર્પિત ન કરી દઉં તો તો પછી હું ભિખારી જ થઇ જાઉં ને ? દુનિયામાં મારી કિંમત જ ન રહે.' આ બધી ગણતરી અજ્ઞાન દશાની છે, કેમકે રત્નો એ સર્વસ્વ નથી. જે જીવની ઇચ્છા મુજબ પાસે ન રહે, મરણ પછી જે સાથે ન આવે, એ સર્વસ્વ યાને 'સર્વ' બધું 'સ્વ' પોતાનું કેવી રીતે ?

**પક્ષીઓનું શાણપણ :-**

બે પક્ષીઓ જાતિસ્મરણ જ્ઞાન થવાથી જુએ છે કે મહામૂલ્ય પળ મનુષ્યભવ-રત્ન માટીના રત્ન ખાતર ગુમાવ્યો, નહિતર એમાં કેટલીય સ્વહિતકારી સાધના કરી શકતે. ઊલટું એ ન કરી, ને રત્ન પાછળ મોહ, કલહ અને ક્રોધ કરી તિર્યંચભવનો સર્જક બનાવ્યો. તો ખેર, માનવભવ હાથમાંથી ગયો, પરંતુ સાધનાનો પુરુષાર્થ અહીં હાથમાં છે એને લેખે લગાડી દઇએ. એમ કરીને મેઘરથ રાજાએ બતાવ્યા પ્રમાણે જીવનભરનું અનશન સ્વીકારી લીધું અને અંતે સ્વર્ગમાં ગયા ! આ શાણપણ કર્યું.

**શાણપણ આ-ગુમાવ્યાના શોક કરતાં હાથમાં રહેલને લેખે લગાડવું.**

અલબત હાથમાં રહેલ અનશન-પુરુષાર્થની શક્તિ લેખે લગાડવામાં પક્ષીઓને માટે હાથે કરીને ભૂખમરો અને જાતે વહેલું મોત નોતરવાનું થાય, પરંતુ એમ તો પૂર્વ જન્મમાં કષાયવશ મોતને ક્યાં નોતર્યું નહોતું ? તો,

**શું વિષયો કે કષાયના માર્યા મોતને નોંતરી શકાય ? પણ ભગવાનની આજ્ઞાની રુએ મોત ન સ્વીકારી શકાય ?**

તમારું જીવન જુઓ, મોહ અને વિષય-કષાયની આજ્ઞાથી કેટકેટલાં કષ્ટ વધાવી લો છો ? તો ભગવાનની આજ્ઞાથી એથી થોડા પણ કષ્ટ વધાવી લેવામાં કેટલું ગળિયાપણું ને મુડદાલગીરી છે ?

મહાપુરુષો અવસરે મોટા સુકૃતો શી રીતે કરી ગયા ?

આ હિસાબ પર કે મોહની આજ્ઞાથી ઘણા ત્યાગ કર્યા છે, તો અત્યારે ભગવાનની આજ્ઞાથી ત્યાગ કરવાનો સોનેરી અવસર આવી લાગ્યો છે તો શા માટે

પાછી પાની કરવી ? શા માટે સત્પુરુષાર્થમાં કંગાળ, પામર અને મુડદાલ બનવું ?

જગડુશા શ્રાવકે પોતાના અનાજથી ગુજરાત માથેની ત્રણ વરસની દુકાળી ફેડી ! કેટલા લાખો રૂપિયા લગાવ્યા હશે ? કેમ વારું ? 'સર્વ શક્તિ ખરચીને દુઃખીનાં દુઃખ ફેડવાની ભગવાનની આજ્ઞા ખાતર મહાત્યાગ કરવાનો સોનેરી અવસર આવી લાગ્યો છે, તો એ શા સારુ જતો કરવો ?'

પૂર્વ જન્મોમાં સુંદર મનુષ્યભવમાં આથી પણ અધિક સારા સુકૃત કરવાનો અવસર હશે, પરંતુ તે સાધી લીધા વિના કિંમતી ભવરત્ન ગુમાવ્યા. હવે એની અફસોસી કરવા કરતાં અહીં હાથમાં રહેલ પુરુષાર્થ શક્તિને શક્ય ઉત્તમ સુકૃતમાં લેખે લગાડી દેવી. આ હિસાબ માંડ્યો, એટલે તરત અનશનના ઉત્તમ સુકૃતને વધાવી.

**કર્મસત્તા ધારે તો બધું પડાવી જાય એનાં કરતાં ધર્મસત્તાને આપણી નાશવંત સંપત્તિઓ કેમ ન લુંટવા દેવી ?**

**કર્મસત્તા શું શું લુંટે ?**

કર્મસત્તા શું નથી લૂંટતી ? એકાએક ધન સંપત્તિ લૂંટે ! જીવન સંપત્તિ લૂંટે ! પરિવાર સંપત્તિ લૂંટે ! યૌવન સંપત્તિ લૂંટે ! અમૂલ્ય સમય સંપત્તિ લૂંટે ! રોગાદિ આવીને ખાનપાનાદિ આનંદની સંપત્તિ લૂંટે ! કર્મસત્તા શું શું નથી લૂંટતી ? ધંધા વગેરેમાં કે છેવટે મૃત્યુ થતાં ધન ગુમાવાય છે ને ? કર્મસત્તાને આ લૂંટવાનો હક છે, પણ ધર્મસત્તાને હક નહિ ? સટોરિયા બજારમાં પાંચ હજાર ગુમાવ્યા પછી હજાર બે હજારનું સુકૃત કરી લેતા સમજી મૂકતા કે બજારમાં પાંચને બદલે સાત ગુમાવ્યા હોત તો શું કરત ? આંખો ચોળીને બેસી રહેત ને ? તો કર્મને યથેચ્છ લૂંટવાનો હક ? ને ધર્મને થોડો ય હક નહિ ? જવા દે, લાલા ! 'તમારા લાખ તો મારા સવા લાખ' કરવા દે.

**સંસાર કિંમતી માનવસમય લુંટે તો ધર્મસત્તાને હક નહિ ?**

ધર્મસત્તા પાસે લૂંટાવું હોય તો આ લાલા લાખનો હિસાબ માંડવાનો- 'લાવ ધર્મમાં વધુ સમય લઉં, સમજીશ કે સાંસારિક સ્નેહીએ લૂંટયો' તો.'

માનવભવની સમય-સંપત્તિમાં ય કયો હિસાબ છે ? આ જ કે ધંધો-ધાપો, ઘરકામ, કુટુંબ-સગાસ્નેહી વગેરે કેટલોય તમારો અમૂલ્ય માનવસમય લૂંટી રહ્યા છે. રસ્તે જતાં સ્નેહી મળ્યો, તો વાતમાં ઊભા રાખી, અગર ઘરે નવરો સ્નેહી

આવીને ચોંટી પડી વાતમાં કેટલો સમય ખાઇ જાય છે ? ઘરવાળા એમના કોઇ કામમાં લગાડી કેટલોય સમય ખાઇ જાય ને ? તો પછી મંદિરમાં પૂજા કે ચૈત્યવંદનમાં યા ઘરે કે ઉપાશ્રયે સામાયિક સ્વાધ્યાયમાં વધુ સમય ન આપી શકાય ? લાલા ! લાખ...કરો અર્થાત્ વિચારવાનું કે 'ન ધાર્યો નવરો સ્નેહી આવી પડે તો મારો સમય ખાઇ જાય ને ? અગર ઘરકામ, ધંધો-ધાપો સમય ખાય છે ને ? તો લાખ ભેગા સવા લાખ, આટલો ધર્મનો સમય વધુ કાઢું. મંદિરમાં, ઉપાશ્રયમાં સામાયિક નવકારવાળી સ્વાધ્યાયમાં શા માટે ઉતાવળ કરું ? વધુ સમય કાઢવા દે. આ તો ખાસો લેખે લાગવાનો છે.'

ઉપધાનમાંથી નીકળતાં આ ગાથા સંભળાવવામાં આવે છે.-

**'सामाइय-पोसह-संठियस्स, जीवस्स जाइ जो कालो ।**

**सो सफलो बोधव्वो, सेसो संसार फलहेउ ।।'**

અર્થાત્ **જીવને સામાયિક કે પોષધમાં રહ્યા જે સમય પસાર થાય છે એ જ સફળ જાણવો. બાકી સામાયિક પોષધ વિનાનો સમય સંસાર એટલે કે ભવભ્રમણરૂપી ફળનું કારણ છે.**

**ઉપધાનમાંથી નીકળનારને ઉપદેશ :-**

આ કેમ સંભળાવવામાં આવે છે ? ઉપધાનવાહીને સાવધાન કરવા માટે જ્ઞાની એને કહે છે 'જો ભાઇ આટલા ઉપધાનના દિવસ પોષધમાં તેં પસાર કર્યા, એ બધો સમય તારો લેખે લાગ્યો ! કેમકે એ બધો જ સમય તારે 'કરેમિ ભંતે' ની પ્રતિજ્ઞા હતી. તેથી જગતભરના પાપવ્યાપાર કરવા-કરાવવાથી તું બચી ગયો !

અર્થાત્ પ્રતિજ્ઞાના પ્રભાવે તું અઢળક કર્મબંધનોથી બચી ગયો છે! તો હવે આ વિરતિમાં પસાર કરેલા સમયની અનુમોદના કરજે, દિલથી અનુમોદના કરજે, જેથી અવિરતિ-પાપમાં પસાર થતા સમયે ભલે લાખો રૂપિયાની કમાઇ કે મનમાન્યા સંસાર સુખોભર્યો જાય. તોય એની અનુમોદના ન થાય. ઊલટું મનને ડંખ્યા કરે કે 'હાય ! આ મારો કિંમતી માનવસમય બરબાદ જઇ રહ્યો છે ! કર્મના ઢેર વધારીને નુકસાનમાં ઊતરી રહ્યો છે ! પરલોક બગાડી રહ્યો છે !'

એક તો આ પોષધ સમયની અનુમોદના અને અવિરતિ-પાપના સમયની

ઘૃણા સતત રાખવાની, તેમજ બીજું એ કે જ્યારે જ્યારે શક્ય બને ત્યારે ત્યારે સામાયિક-પોષધમાં બેસી જવું, કેમકે એ જ સમય લેખે લાગવાનો છે, કર્મના ભાર ઉતારનારો અને નવા કર્મના ભાર અટકાવનારો છે.

કેટલી બધી અમૂલ્ય હિતશિક્ષા છે ! જીવને જો આ હૈયે કોતરાઇ જાય તો મફતિયા સમય બરબાદ કરવાનું અટકી જાય. ત્યારે પૂછો-

પ્ર.-પણ સામાયિક જેટલો સમય ફાજલ ન હોય અને ૦। કલાક જેવો જ સમય મળે, તો સામાયિક ક્યાંથી થાય ?

ઉ.-વાત સાચી, ૦। કલાક માટે સામાયિક ન થાય, પરંતુ જેમ પહેલાં કહ્યું તેમ કર્મની વેઠ જો સમય ચોરી જતી હોય, તો એના પર 'લાલા ! લાખ તો સવા લાખ'નો હિસાબ માંડી, ૦।ને બદલે ૦।। કલાક કાઢી શકાય, અથવા ૦। કલાક માટે અભિગ્રહ-નિયમ કરી શકાય કે 'આટલો સમય મારે સંસારપ્રવૃત્તિ બંધ, મારે મૌન, મારે એકલી માળા કે એકલો સ્વાધ્યાય, યા એકલી સાધુ-ઉપાસના સત્સંગ. **પંચાશક શાસ્ત્રમાં** આવે છે-શ્રાવક સાધુના મુકામમાં પેસતાં 'કરેમિભંતે' નું પચ્ચક્ખાણ કરે, પરંતુ 'જાવ નિયમં' ને બદલે 'જાવ સાહૂ' બોલે અર્થાત્

**'કરેમિભંતે ! સામાઇયં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ. જાવ સાહૂ પજ્જુવાસામિ'**

આ પચ્ચક્ખાણમાં શું કર્યું ? 'જ્યાં સુધી સાધુ મહારાજની ઉપાસના કરું એમની પાસે બેસું-સાંભળું ત્યાં સુધી મારે 'સાવદ્ય' અર્થાત્ પાપવાળા વ્યાપાર-પ્રવૃત્તિનો ત્યાગ.'

આમાં ૦। કલાક કે ૦।। કલાકનો કશો નિયમ ન આવ્યો, પરંતુ ૧૦ મિનિટ જ બેઠો તો ૧૦ મિનિટ સુધી સાવદ્ય ત્યાગની વિરતિનો મહાન લાભ મળ્યો !

પ્ર.-તો અત્યારે કેમ કોઇ આ કરતું નથી ?

ઉ.-અત્યારે તેમ પ્રાચીન શ્રાવકપણાના આચાર, રિવાજ અને મર્યાદાઓ કેટલી ટકાવી છે એનો વિચાર કરો. કેટકેટલા આચાર ગુમાવ્યા છે ? કેટકેટલા રિવાજ ગુમાવ્યા છે ? કેટકેટલી મર્યાદાઓ લોપી નાખી છે ? આજે બાઇઓના ઉદ્ભટ વેશ બજારી ખરીદી કરવા નીકળી પડવાનું ? પુરુષો સાથે છૂટથી વાતોચીતો, મળવાનું ! ઘરમાંથી રાત-દિવસ ગમે ત્યારે નીકળી પડવાનું ! શું આ બધી પ્રાચીન મર્યાદાઓ લોપી નાખી છે ? ભલેને એમાં કાયાથી પવિત્ર રહેતી હોય, તોય પર પુરુષો પર

શું એની દ્રષ્ટિ નથી જતી ? પર પુરુષોનાં દર્શને શું એને અસર નથી થતી ? મનથી શું એ પવિત્ર રહી શકે ? ઉપરાંત એ બીજાઓની આંખો અને મન કેટલા અપવિત્ર બનાવતી હોય છે ? કૂતરી ગધેડીનો નહિ પણ સુંદર માનવનો અવતાર મળ્યો તે આ માટે જ ને ? પોતાના શરીર-રૂપ-અંગોપાંગ વગેરેનાં દર્શન આપી આપીને સેંકડો-હજારોને પાપના પડીકાની પ્રભાવના કરવા માટે ? અરે ! પૂર્વે ક્યારે ગધેડી થઇને તો નાગી ફરીને કેટલાય ગધેડાઓને પાપનાં પડીકાં પહોંચાડેલા ! પરંતુ હવે અહીં ઉત્તમ મનુષ્ય અવતારે આવ્યા પછી પણ ગધેડીનો જ વારસો ! શો ફરક છે?

**એક ગધેડી અનેક ગધેડાને દર્શનથી બહેકાવે છે, એમ એક ઉદ્ભટ વેશવાળી સ્ત્રી અનેક પુરુષોને દર્શનથી બહેકાવે છે !**

વાત આ છે પૂર્વના કેટલાય સારા આચાર, સારા રિવાજ, સારી મર્યાદાઓ વિસરાઇ ગઇ છે, એમાં આ એક આચાર મૂકાઇ ગયો. બાકી આમાં છે શું ? મુનિના મકાનમાં ગયા તો ત્યાં રહીએ એટલા સમય માટે પાપવ્યાપાર બંધની પ્રતિજ્ઞા કરવાની છે. ભલે આજે એ પચ્ચક્ખાણ ન લેવાય, છતાં આવી પ્રતિજ્ઞા, આવો અભિગ્રહ કરી શકાય કે 'મારે સાધુની સેવામાં રહું ત્યાં સુધી અથવા અમુક સમય સુધી પાપપ્રવૃત્તિ બંધ.'

**વિરતિ-પ્રતિજ્ઞાનો અદ્ભુત મહિમા છે,**

જીવન-સમયને તે સારો સફળ કરે છે. માનવસમય પાપપ્રવૃત્તિ પ્રતિજ્ઞાબદ્ધ બંધ કરવા માટે છે,

**માનવસમયનું આ ફળ છે પ્રતિજ્ઞાપૂર્વક પાપત્યાગ.**

એ ફળ નીપજાવીએ તો સમય સફળ કર્યો ગણાય. જ્ઞાનીઓએ આ જ કહ્યું છે 'પ્રતિજ્ઞાપૂર્વક પાપ-વ્યાપાર ત્યાગવાલા સામાયિક પોષધમાં જેટલો સમય જાય, એટલો સફળ જાણવો, ઘરમાં બેઠા સમય સમય પર આ પાપત્યાગના અભિગ્રહ થઇ શકે, ભલે ને પાંચ મિનિટ માટેના પણ થઇ શકે.

વિચારવાનું એટલું જ કે

**'અજ્ઞાનતાના ભવોમાં સમજપૂર્વકના આવા અભિગ્રહને જગા જ ન હોતી. અહીં રુડો અવસર મળ્યો છે. તો આ શા માટે ચૂકું ?'**

વારંવારની આ વિરતિના ઘેરા સંસ્કાર સર્વ-વિરતિ અને વીતરાગભાવ સુધી

લઇ જશે. માનવભવમાં મળેલી અમૂલ્ય સમય-સંપત્તિની કિંમત આંકવી જોઇએ. એ આંકવા મનને કહો-

**કર્મસત્તા એ સમય-સંપત્તિ લૂંટે એના કરતાં ધર્મસત્તા એ લૂંટે એવું કર.**

એમ પરિવાર સંપત્તિ છે, એ પણ કર્મના માર્યા સંસારને હવાલે બહુ કરાય છે, તો ધર્મસત્તાની આજ્ઞાથી એ પરિવારને શાસનની આરાધનામાં ન જોડાય ? એમ,

**પુરુષાર્થ-સંપત્તિ કર્મની આજ્ઞા મુજબ અપરંપાર વેડફાય છે, એ હવે ધર્મની આજ્ઞા મુજબ સુંદર વ્રત-નિયમ ને ધર્મના આચાર-અનુષ્ઠાનોમાં લેખે લગાડાય.**

એમ, જીવન-સંપત્તિ અંતે કર્મવશ મોતને સોંપાય છે, ને તે પૂર્વે કદાચ રોગ-અકસ્માતને સોંપાય છે, ને એમ કર્મસત્તા જીવન-સંપત્તિ લૂંટી જાય, એના કરતાં અંત સમય નજીક જાણી અનશનને જીવન-સંપત્તિ સોંપી દેવી શું ખોટી ?

બે પક્ષીઓએ એ કર્યું. શા માટે ? 'પૂર્વે માનવભવ રત્ન ગુમાવ્યું હતું, તો અહીં હવે જે હાથમાં છે એમાં પુરુષાર્થ મોટામાં મોટો અજમાવી લેવો, શક્ય સારું કમાઇ લેવું' એ હિસાબ રાખ્યો. અનશનમાં કાળ કરી સ્વર્ગમાં ચાલ્યા ગયા !

મહારાજા મેઘરથે જેમ બે પક્ષીનો પૂર્વભવ બતાવ્યો, એમ જે દેવતા એ બે પક્ષીમાં અધિષ્ઠિત થઇને મેઘરથ રાજાની પરીક્ષા કરવા આવેલો એને કેમ રાજા પર આટલો બધો જુલ્મ કરવાનું મન થયું ? એની પાછળ એને પૂર્વનું ક્યું વૈર કામ કરતું હતું ? એ બતાવવા એનો પૂર્વભવ કહે છે-

**પક્ષીઓમાં અધિષ્ઠિત દેવનો પૂર્વભવ :-**

મહારાજ કહે છે-'પૂર્વે એક ભવમાં પોતે અપરાજિત નામે બલદેવ હતા ત્યારે આ નાનો ભાઇ દઢરથ એ વખતે અનંતવીર્ય વાસુદેવ હતો. એણે પ્રતિવાસુદેવ દમિતારિની કન્યા કનકશ્રી મોટી થયેલી છતાં બાપ કોઇ વિદ્યાધર રાજા યોગ્ય ન લાગવાથી એને પરણાવતો નહોતો તેથી કંટાળેલી. એમાં કનકશ્રીને એના મહાન ભાગ્યોદયે અનંતવીર્ય મળી ગયો, પરખ્યો અને સુયોગ્ય લાગવાથી કહે, 'તમે મને હમણાં જ ગાંધર્વ વિવાહથી પરણી લો, નહિતર હું આપઘાત કરીશ.'

અનંતવીર્ય કહે 'તું આપણી રાજધાનીમાં ચાલ ત્યાં ધામધૂમથી લગ્ન કરીશું.' એટલે કનકશ્રી એની સાથે આવી એમાં પ્રતિવાસુદેવને ખબર પડતાં પાછળ લડવા આવ્યો અને અનંતવીર્યના હાથે મરાયો, તેથી એના દિલમાં અનંતવીર્ય અને મારી

પ્રત્યે વૈર રહી ગયું. તે પછીના સંસારમાં ભટકતાં ભટકતાં એ મનુષ્યભવ પામ્યો, તાપસ થયો અને તપ તપીને સ્વર્ગે ગયો. ત્યાં ઇંદ્રના મૂખે મારી પ્રશંસા સાંભળીને પેલા વૈરના સંસ્કારના હિસાબે ઇર્ષ્યા આવી, એટલે અહીં આ બે પક્ષીના દેહમાં અધિષ્ઠિત થઇ અહીં મારા સત્ત્વની પરીક્ષા કરવા આવ્યો.

કર્મનું કેવું વિચિત્ર નાટક છે ! એથી કેવું વિશેષ વિચિત્ર નાટક અશુભ અનુબંધોનું છે !

જન્મો પૂર્વેના કર્મ અને અશુભ અનુબંધ એનું ફળ આપ્યા વિના રહેતા નથી. કાળના કાળ વીત્યા, દમિતારિને વૈરના અનુબંધ અકબંધ ઊભા રહ્યા, તે હવે અહીં પોતે દેવ છે ત્યારે યાદ પણ નથી કે મેઘરથ પોતાનો પૂર્વનો વૈરી છે, છતાં ઇંદ્રે મેઘરથ રાજાના સત્ત્વની પ્રશંસા કરી, ગુણ ગાયા, ત્યારે બીજા દેવતાઓની જેમ પોતે એ પ્રશંસા ઝીલતો નથી, ને પૂર્વના વૈરના સંસ્કારવશ અનુમોદના કરવાને બદલે ઇર્ષ્યામાં ચડે છે.' એટલે જ સમજાશે કે રાજા મેઘરથે અહીં દેવતાનું કશું બગાડ્યું નથી, છતાં કેમ એમના પર દેવતાને દ્વેષ ? કારણ આ જ, કે પૂર્વના છૂપા અશુભ વૈરાનુબંધ કામ કરી રહ્યા છે.

**અંત સમયે ક્ષમાપના શા માટે ? :-**

એટલા જ માટે અંતિમ ૧૦ પ્રકારની આરાધનાનું મહત્ત્વ છે, જેમાં સમસ્ત જીવોને ખમવા-ખમાવવાની એક આરાધના છે. એ દિલથી કરીએ એટલે કોઇના ય પ્રત્યે વૈર-વિરોધ-દ્વેષ-અમૈત્રીભાવ રહે નહિ. એ વૈરવિરોધાદિ કર્યા એ દુષ્કૃતની ભારોભાર ગર્હા-નિંદા-સંતાપ કરીએ એટલે એના આત્મામાં પડેલા અશુભ અનુબંધ તૂટી જાય. તો ભવાંતરે સામા જીવનો કદાચ ભેટો થઇ જાય તો ય એના પર દ્વેષ-ઈર્ષ્યા-વિરોધ કરવાને કારણ ન રહે.

મેઘરથ રાજા અવધિજ્ઞાનથી જોઇને દેવતાનો ભવ બતાવે છે. એટલે દેવતા પણ પોતાનું પૂર્વનું વૈર ખમાવે છે અને પછી પોતાના સ્થાને ચાલ્યો જાય છે.

અહીં મેઘરથ રાજાએ બાજપક્ષીની સામે પારેવાને બચાવવા જે ભોગ આપ્યો હતો, એની પાછળ કદી એમને મનમાં સંતાપ નથી થયો કે 'ભલે કષ્ટમાં પાર તો ઉતર્યા અને દેવતાની પ્રશંસા મળી, પરંતુ કષ્ટ ભયંકર અનુભવવું પડ્યું !' આવો એને સંતાપ નથી, નહિતર એવું બને છે કે માણસને ધર્મ કરવા જતાં વિઘ્ન આવે

અને એમાંથી પાર પણ ઊતરી જાય, કિન્તુ જીવને વસવસો થઇ આવે છે કે 'ભલે બધું પાર ઊતરી ગયું, પરંતુ જરાક સહવું બહુ પડ્યું' આ શું છે ? કષ્ટનો સંતાપ અને

**અતીત કષ્ટનો સંતાપ એટલે આર્તધ્યાન-અસમાધિ છે.**

ધર્મ અંતરમાં સાચો ગમ્યાની આ નિશાની છે કે ધર્મ સાધતાં કષ્ટ પડે, પોતે બહુ ગણકારે નહિ, ને ધર્મ સાધ્યા પછી એ કષ્ટ યાદ કરી સંતાપ ન કરે નહિતર કેવી વિટંબણા ! સુકૃત-સત્કૃત્ય સુંદર કર્યું એનો પારલૌકિક લાભ અચિંત્ય છે, એનો એકલો આનંદ જ માનવાનું મૂકી આનંદ સાથે વચમાં કષ્ટના સંતાપની, આર્તધ્યાનની અને અસમાધિની દખલ નાખે ? સુકૃત પર જ રીઝવાને બદલે કષ્ટ પડ્યાની માંડે છે ? આ વિટંબણા છે. એથી જણાય છે કે સુકૃતની એને મન એટલી બધી કિંમત નથી કે એની આગળ નાશવંત કાયાને અને કાયાની સુખશીલતાને વિસાતમાં ન ગણે, કાયકષ્ટને હિસાબમાં ન ગણે.

**જેમ કમાઇની કિંમતવાળો કષ્ટને નથી ગણતો, એમ સુકૃતની કિંમત સમજનારો કષ્ટનો ખેદ ન કરે.**

વ્યવહારમાં જુઓ શું બને છે ! ન ધારેલા લાખો રૂપિયા કમાવાના મળે, ત્યાં કદાચ કષ્ટ બહુ પડ્યું હોય, છતાં એ કષ્ટ કશું યાદ રહેતું નથી. એકલા લાખો રૂપિયા જ યાદ આવે છે, ને એનો આનંદ જ મનમાં ઉછળ્યા કરે છે ! પત્ની બીમાર પડી, ભારે વ્યાધિ છે, એની સારવાર કરવામાં ઘણું ય કષ્ટ પડ્યું હોય, પરંતુ એ જો સારી હેમખેમ થઇ ગઇ અને મનમાની સેવા આપે છે, તો એ સારી થયાનો આનંદ જ મનમાં રહ્યા કરે છે, પણ કષ્ટને રોવા નથી બેસતો. મનને એમ નથી થતું કે 'એ સારી થઇ ગઇ એ તો ઠીક થયું, બાકી આપણને કષ્ટ ભારે રહ્યા'ના કષ્ટ કશા યાદ નથી આવતા, કેમ વારુ ? પત્ની સારી થઇ ગઇ એની એને મન બહુ કિંમત છે, તેથી એનો એને એકલો આનંદ આનંદ છે.

જીવને કષ્ટ વેઠવાની કશી નવાઇ નથી, તો પછી ધર્મખાતામાં કેમ સારું સુકૃત થયા છતાં કષ્ટના રોદણાં, સંતાપ, આર્તધ્યાન અને અસમાધિ કરાય છે ? કહો, સુકૃતનું બહુ ઊંચું મૂલ્ય હૈયે વસ્યું નથી એટલેસ્તો.

**જે સારા સુકૃતોના સુસંસ્કારો સારી સદ્ગતિઓમાં ભવોનો ભવો ચાલે અને જન્મોજન્મ સુધારી આપી ઉત્તોરોત્તર ઉંચા ઉંચા સત્કૃત્યોમાં જોડી દે કે જેથી પરાકાષ્ઠાના**

**સંયમના સુકૃત્યમાં ચડી વિતરાગ બની જવાય અને તે ભવે મોક્ષ સધાય, એ સુકૃતોનું મૂલ્ય કેટલું ?**

આવા અમૂલ્ય સુકૃત કરવાના મળ્યા એમાં વિઘ્ન નડ્યા, કષ્ટ આવ્યા, એને શું વિસાતમાં ગણવાના ? તે એ કષ્ટનાં પાછળથી રોદણાં રોવાના ? રસ્તાના ભીખારીને કોઇ શ્રીમંત માણસ જ્યોતિષીના કહેવાથી ઉપાડે પોતાની મોટરમાં લઇ જાય અને ઠેઠ પોતાની ક્રોડોની મીલમાં ભાગીદાર બનાવે. હવે એ બનવામાં ભિખારીને ભારે કષ્ટ ઉઠાવવા પડ્યા હોય, છતાં અત્યારે કરોડપતિ થઇ બેઠો હોય તો એના મનને શું એમ થાય ખરું કે 'કરોડપતિ બન્યા ખરા, પરંતુ કષ્ટ બહુ વેઠવા પડ્યા ?' ના, કેમકે સમજે છે કે 'ક્યાં મારું ભિખારીપણું જ્યાં પાસે એક નવો પૈસો નહોતો ? અને ક્યાં આ ક્રોડની મૂડીનો લાભ ? એની આગળ કષ્ટ શી વિસાતમાં ?'

એમ અહીં સુકૃતના ઊંચા મૂલ્ય સમજાય, 'ક્યાં જીવની પહેલાં સુકૃત વિનાની નિર્ધન સ્થિતિ ! અને ક્યાં આજે સુકૃતથી ઊભી થયેલી મહાન પુણ્ય-સંપતિ અને સુસંસ્કારોથી મારી ભાવી સદ્ધર સ્થિતિ ?' આ જ જો નજર સામે ને નજર સામે રમ્યા કરતું હોય તો સાધનાનાં કષ્ટ ને વિઘ્નનાં કષ્ટ યાદે ય શાના આવે ?

મહારાજા મેઘરથને પારેવાને બચાવવામાં પડેલા મહાકષ્ટ કશા યાદ જ આવતા નથી કે દયાનું ઉચ્ચ કોટિનું સુકૃત કર્યા પછી કષ્ટ પડ્યાનો સંતાપ થાય.

નમસ્કાર કરું છું. હાથ જોડીને ઇંદ્રના મુખમાંથી આ શબ્દો નીકળતા સાંભળી ઇન્દ્રાણીઓ પૂછે છે, 'આ તમે કોને નમસ્કાર કર્યા ?'

ઇન્દ્ર કહે છે, 'પૃથ્વીલોક પર મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરિકિણી નગરી છે, ત્યાં તીર્થંકર દેવશ્રી ઘનરથ ભગવાન વિચરી રહ્યા છે એમના સંસારીપણાના પુત્ર હાલ મહારાજા મેઘરથ છે એમણે મહાવૈરાગ્યથી અઠ્ઠમ કરીને અત્યારે પૌષધ-પ્રતિમા ધ્યાનમાં એ રહેલા છે. એ એવા સત્ત્વશાળી છે કે ગમે તેવા ભયંકર દેવતાઇ ઉપસર્ગમાં પણ એ ધ્યાનમાંથી ચલિત ન થાય. એમને મેં નમસ્કાર કર્યા.'

આ સાંભળી બીજી ઇન્દ્રાણીઓએ તો સાત્ત્વિકતા સાથેના એ અઠ્ઠમ સહિત પોષધ-પ્રતિમા ધ્યાનની અનુમોદના કરી, પરંતુ સુરૂપા અને અતિરૂપા નામની બે ઇંદ્રાણીઓને મેઘરથ મહારાજાના સત્ત્વની જરા પરીક્ષા કરવાનું મન થયું.

તમને થશે કે 'મોટી ઇન્દ્રાણી જેવી તો ઇન્દ્રની સાથે તીર્થંકર ભગવાનના કલ્યાણક ઉજવનારી હોય, એટલે સમકિતી હોઇ મહાન આત્માઓના સત્ત્વની જાણકાર હોય, એને વળી એવા ઉચ્ચ કોટિના આરાધક માટે શું શંકા થાય કે આ આત્મામાં એટલું બધું ધૈર્ય સત્ત્વ હશે કે કેમ તે પારખું કરવાનું મન થાય?'

પરંતુ કર્મની વિટંબણા કોને કહે છે? મોટાને પણ નડી જાય. જ્ઞાનાવરણકર્મ અને દર્શન-મોહનીય કર્મ એવા છે કે ભલભલાને એકવાર અજ્ઞાન અને મૂઢ બનાવી દે ! જાણો છો ને કે,

**"કાઉસ્સગ્ગમાં ક્ષણ હસિયા, મુનિ અવધિજ્ઞાનથી પડિયા."**

એક મુનિ ઇરિયાવહિય કરતા હતા, એમાં કાયોત્સર્ગમાં શુભધ્યાનમાં એવા ચડ્યા કે ત્યાં મુનિના અવધિજ્ઞાનાવરણ કર્મ તૂટ્યાં ! એટલે એમને અવધિજ્ઞાન પ્રગટ થયું ! એ અવધિજ્ઞાનમાં એમણે પહેલો સુધર્મ દેવલોક દેખ્યો.

હવે જુઓ, મોહનીયકર્મી વિટંબણા કેવી કે એમને ત્યાંના શાશ્વત જિનમંદિર કેવા છે, એમાં ભગવાનના રત્નમય બિંબ કેવા છે, એ જોવાનું મન ન થયું, પરંતુ ઇન્દ્ર શું કરે છે એ જોવાનું મન થયું ! ખેર, પરંતુ ઇન્દ્રને ખાનગીમાં ઇંદ્રાણી સાથે બેઠેલો અને ઇન્દ્રાણીને મનાવતો જોયો, ને એ જોવામાં એમને મોહનીયકર્મની વિટંબણા નડી.

આ જોવા પર ગંભીરતા ન રહી કે 'હોય,

**આ સંસાર જ એવો છે ! એમાં ઘણું બધું વિચિત્ર બન્યા કરે.**

સંસારમાં મોટો ઇન્દ્ર પણ બિચારો કર્મપીડિત છે, તેથી એને ય કર્મની આ પીડા વેઠવી પડે.' ગંભીરપણે આ વિચારતાં ન આવડ્યું, તેમ મુનિને વૈરાગ્યવૃદ્ધિ ન થઇ કે 'અરરર ! આ સંસારમાં આવા મોટા સામર્થ્યવાળા ઇન્દ્રને પણ આ વિટંબણા કે એને ય ઇંદ્રાણીને મનાવતાં એની ચાપલુસી કરવી પડે? ધિક્કાર પડો આવા સંસારને !'

ના, મોટા મુનિને પણ ન ગંભીરતા, ન વૈરાગ્યવૃદ્ધિ થઇ, કિન્તુ એમને હસવું આવ્યું 'હેં હેં હેં લ્યો મોટો ઇન્દ્ર નારીની ગુલામી કરે છે !' મુનિએ આમાં શું કર્યું? પહેલું તો 'હું આવો નહિ ! હું તો આવી ગુલામી વિનાનો સારો' આ અભિમાન આવ્યું. બીજું ઇંદ્ર જેવા સમકિતી આત્માની સૂગ કે 'હેં ! આ ઇન્દ્ર ગુલામી કરે છે !'

એમાં પોતાના ગંભીરતાદિ ગુણોનું વિસ્મરણ આવ્યું ! જોજો,

**હસવા-મજાક કરવામાં કેટકેટલા દોષો ઊભા થાય ? મોટું અવધિજ્ઞાન નષ્ટ થાય !**

મુનિ એમ હસવા ગયા એમાં આટલા દોષો જ ઊભા થયા એમ નહિ, પણ અવધિજ્ઞાનાવરણ કર્મ ચડી બેઠું, તે અવધિજ્ઞાન લુપ્ત થઇ ગયું ! મુનિ પણ સાવધાન ન રહે તો કેટલું ગુમાવે ?

બે ઇન્દ્રાણી પણ કર્મવિડંબિત, તે મહાત્મા મેઘરથના પૌષધ-પ્રતિમા ધ્યાનમાં સત્ત્વ કેટલું છે એનું પારખું કરવા નીચે આવી !

મેઘરથ મહારાજા પૌષધમાં કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા છે, એમની આગળ ઇન્દ્રાણીઓ બીજી અપ્સરાઓના રૂપ વિકૂર્વે છે, એમના ઉદ્‌ભટ વેશ કરે છે, અને કામાંધ લબાડ સ્ત્રીના જેવા હાવભાવ શરૂ કરે છે ! ચોટલા ખુલ્લા મૂક્યા છે અને આંખોના કટાક્ષ મારે છે. વળી બે હાથ ઊંચા કરી બગલ દેખાડે છે, અને ઉપસેલા સ્તન દેખાડે છે, છાતી પરના વસ્ત્રને અડધું સરકાવી દે છે, એમ નાભિ નીચેના વસ્ત્રને સરકાવી નાભિ નીચેના પેટ-પેઢુને દેખાડે છે ! બે ઇંદ્રાણીઓ જોઇ રહી છે કે આનાથી મહાત્માને કોઇ અસર, કોઇ વિકાર થાય છે ? પરંતુ નાસીપાસ. મહાત્મા મેઘરથને કોઇ અસર નથી, કાંઇ વિકાર નથી, ને પોતે પોતાના ધ્યાનમાં મસ્ત છે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

છતાં 'હાર્યો જુગારી બમણું રમે' એ ન્યાયે ઇંદ્રાણીઓ અને અપ્સરાઓ હવે માઝા મૂકીને નૃત્ય કરે છે, અંગોના હાવભાવ અને મરોડ દેખાડે છે, નાચતી નાચતી ગોળ ગોળ ઘુમતી નીચેના કપડાને ય ઘુમાવે છે ! કેટલી બધી નિર્લજ્જતા ?

પરંતુ મહાત્મા મેઘરથ એટલા બધા ધ્યાનમાં લીન છે કે એમનાં મનનું આના તરફ ધ્યાન જ જતું નથી ! ત્યારે આપણને તપાસવાનું મન થાય કે એમના મનની ધ્યાનમાં એવી તે કેવી લીનતા હશે ? ને તે શી રીતે થઇ હશે ?

**મહાત્માની ધ્યાન-લીનતાનું રહસ્ય**

એવી ધ્યાન-લીનતાનું શું રહસ્ય છે ? કહો, મિઠાશ એ રહસ્ય છે. ધ્યાનમાં જો આંતરિક મિઠાશનો અનુભવ રહે, તે એવી મિઠાશનો અનુભવ કે બાહ્યના બીજા

ગમે તેવા સુંવાળા વિષયોની પણ મિઠાશ આની આગળ સાવ ફિક્કી પડી જાય. પૂછો-

પ્ર.-શું બાહ્ય પદાર્થમાં મિઠાશ ઓછીવત્તી કરવી આપણા હાથમાં છે? એમાં તો કુદરતી મિઠાશ હોય તે હોય, હોય તેવી જ રહે એમ નહિ?

ઉ.-ના,

**બાહ્યમાં મિઠાશ આપણું મન ઊભું કરે છે.**

જુઓ, પેંડામાં મિઠાશ લાગે છે, પરંતુ કોઇએ પોકાર્યું કે 'આ પેંડાના દૂધમાં ઝેર પડ્યું હતું' તો એ સાંભળતાં જ મિઠાશ ઊડી ! અથવા પેંડા ખાતાં ખાતાં તાર આવ્યો, વાંચ્યો, એમાં લખ્યું છે કે દીકરાને ડબલ ન્યુમોનિયા થઇ ગયો છે.' બોલો, વાંચ્યા પછી પેંડા ખાવા મીઠા લાગે? અથવા પેંડા ખાતાં ખાતાં સાંભળ્યું કે 'ઘરવાળીને સાપ કરડ્યો', યા સાંભળ્યું કે 'સરકારી રેડના માણસો આવ્યા છે,' હવે પેંડા મીઠા લાગે? ના, કેમ નહિ? કહો, મનમાંથી મિઠાશ ઊપડી ગઇ. મનને ભારે દુઃખ થયું, મનમાં ભારે કડવાશ ઊભી થઇ.

**એના એ જ પેંડા, મન એમાં તેવા પ્રસંગથી મિઠાશ વધારે છે, ને ઘટાડે છે.**

પેંડા ખાતાં ખાતાં દિલ્હીથી તાર મળ્યો કે 'પરમીટ પાસ થઇ ગઇ, વેપાર-પ્રધાનની સહી થઇને મળી ગઇ,' તો હવે પેંડામાં જોરદાર મીઠાશ લાગે છે. મોટા લાભથી ખુશ ખુશ થયેલા મને પેંડામાં મિઠાશ વધારી દીધી.

રોટલામાં પેંડા જેવી મિઠાશ નથી, પરંતુ ધારો કે પેંડા ખાનારની જોડે બેસી આપણે રોટલો ખાતા હતા અને એમાં પોક સાંભળી 'હાય ! પેંડામાં ઝેર પડેલું છે,' તો ત્યાં આપણને ઝટ પેંડા કરતાં રોટલામાં મિઠાશ મોટી અનુભવાય છે ! આમ

મિઠાશ મનની વસ્તુ છે. એ (૧) આંબેલના લુખ્ખા રોટલામાં ય નાખી શકાય, (૨) કદ્રુપા પુત્રમાં ય નાખી શકાય, (૩) મેલાં વસ્ત્રમાં ય નાખી શકાય અને (૪) અપમાનના શબ્દમાં તો શું, પણ દુશ્મનના ત્રાસમાં ય નાખી શકાય અને તત્ત્વનાં ચિંતનમાં પણ નાખી શકાય.

જુઓ કેવી રીતે ? **રસ-પુરીને બદલે રોટલામાં મિઠાશ :-**

ધર્માત્મા કેરીની મોસમમાં આયંબિલની ઓળી કરે છે, ત્યારે રોટલો ખાતાં એના મનને એમ થાય છે કે 'હાશ ! આ ઓળીના રુડા પ્રતાપ કે રસ પૂરીના ભયંકર રાગથી બચી ગયો ! નહિતર એના અતિ સંક્લિષ્ટ રાગમાં ઘોર અશુભ અનુબંધો ઊભા થાત, અનાદિની રસ-સંજ્ઞા પુષ્ટ થાત, ને ચિકણાં પાપકર્મ અશાતા વેદનીય વગેરે બાંધત ! જેના પરભવે દુઃખદ વિપાકમાં શરીર પર ભયંકર કોટિના ત્રાસ ને વેદનાઓ ઊભી થાત ! અહો ! ભલું થયું આ બધાથી બચ્યો ! ને એ આ આંબેલ અને આંબેલના લુખ્ખા રોટલાના પ્રતાપે !'

ધર્માત્માને આ વિચાર આવે, પછી એ રોટલામાં રસપુરીમાં નહિ એવી, મિઠાશ આવે કે નહિ ?

**પૈસાની તંગીમાં મિઠાશ :-**

ઘરખર્ચમાં તંગી પડતી હોય તોય એમાં મિઠાશ અનુભવાય? હા. શી રીતે? આ વિચાર કરીને કે 'આજે જો પૈસાની સરખાઇ હોત તો આ જીવ વિષયોનો લાલચુ, તે પૈસાની સગવડથી મનગમતા વિષયો લાવી લાવી ભોગવવામાં લયલીન બની જાત, ને ત્યાં રાગના સંકલેશનો પાર નહિ. વિષયોપભોગમાં પરમાત્મા સાવ વિસરાઇ જાય. પરલોકની કોઇ ચિંતા ન રહે. સારું થયું પૈસાની તંગી છે તો એ રાગના સંકલેશ અને એના ભાવી ભયંકર દુઃખદ વિપાકથી બચ્યો ! વળી ભાવીમાં ભારે રાગનું પુનરાવર્તન ન ચાલે, એ ઉત્તમ કમાઇ છે...' વગેરે વગેરે વિચારે તો પૈસાની તંગીમાં મિઠાશ અનુભવે.

એવું બધે જ, અપમાનમાં, ત્રાસમાં, વેદનામાં, ઉપસર્ગમાં, બધે જ મન મિઠાશ અનુભવી શકે છે. માટે તો,

**પૂર્વ પુરુષોને કષ્ટમાં મિઠાશ :-**

પૂર્વના મહાન આત્માઓના દ્રષ્ટાન્ત જુઓ કેટકેટલા કષ્ટમાં એ કેવી શાંતિ ને મીઠાશ અનુભવતા હતા ! રામ સીતા અને લક્ષ્મણ બાર વરસ વનમાં ફર્યા. કેવું ખાવા-પીવા ને પહેરવા મળ્યું હશે? રથ-પાલખી, હાથી-ઘોડા કેવા મળ્યા હશે? દાસ-દાસી, નોકર-ચાકર કેવા મળેલા? કશું જ નહિ છતાં આવા કપરા વનવાસ વેઠવામાં એમને મિઠાશ હતી. 'હાય ! બધું લૂંટાયું ! બધું લુખ્ખું !' એમ નહોતું થતું. કેમ વારુ? જુઓ, રામચંદ્રજીને પિતાનું વચન અને ઇક્ષ્વાકુવંશની એકવચનીપણાની

કીર્તિ અખંડિત રાખ્યાના આનંદથી કપરા દુઃખભર્યા વનવાસમાં મિઠાશ હતી.

લક્ષ્મણને વહાલા અને પૂજ્ય મોટાભાઇની આવા વનવાસમાં સેવા મળ્યાના આનંદથી વનવાસમાં મિઠાશ હતી.

સીતાજીને પતિવ્રતાધર્મ આવા કપરા વનવાસમાં બજાવવા મળ્યાનો અત્યધિક આનંદ હતો, તેથી વનવાસના કષ્ટોમાં પણ મિઠાશ હતી, ત્રણેના મનને એમ હતું કે

**'આ કષ્ટ વધાવી લેવાના હિસાબે જ આપણું મહાન જીવનકર્તવ્ય બજાવાય છે ને ? તો ભલું ભલું આ કષ્ટ !'**

**કષ્ટમાં મિઠાશ છે ? ના, પણ**

**કષ્ટ-સંલગ્ન વસ્તુથી ખૂબ આનંદિત મન એમાં મિઠાશ ઊભી કરી શકે છે.**

**કિંમતી હાર ગુમાવ્યામાં મિઠાશ :-**

ઝવેરીને જંગલમાં ગઠિયો મળ્યો. લાખ રૂપિયાનો હાર રૂ. ૨૫ હજારમાં આપી ચાલતો થઇ ગયો. ઝવેરી સમજ્યો 'આ બુડથલ મળ્યો, આપણે ફાવી ગયા.' ૭૫ હજારના નફાના આનંદથી સોદામાં મિઠાશ લાગી, પરંતુ આગળ ચાલતાં નગરના કિલ્લા પરથી એલાન સાંભળ્યું કે 'રાણી સાહેબનો હાર ચોરાયો છે જેની પાસેથી મળશે એને રાજા ગરદને મારશે !'

બસ, આ સાંભળીને ઝવેરી બચ્ચાના ટાંટિયા ઢીલા ! મનને થયું 'નક્કી લાગે છે કે આ મારી પાસે રાણીનો જ હાર હોવો જોઇએ. ગઠિયાએ ચોરી કરી મને લોભાવી આટલો બધો સસ્તામાં પધરાવ્યો ! નહિતર લાખનો માલ માત્ર ૦। લાખમાં શાનો દે ? હવે જો આ હાર સાથે પકડાયો તો મર્યા ! સમજો, હાર મારા પ્રાણ જ લે ! કેવો ભયંકર હાર !' ક્યાં ગઇ આવા કિંમતી હારની મિઠાશ ? તેના પર એટલી ઘૃણા થાય છે કે 'આને ક્યાંક કૂવામાં પધરાવી દઉં.' કેમ આમ ? કહો,

**હાર સાથે સંલગ્ન જીવન પર હારના લીધે મોતની આફત દેખાવાથી હારની મિઠાશ ઊડે,**

અને ભારે કડવાશ આવે, ઘૃણા થાય, એમાં નવાઇ નથી.

ઝવેરીએ બાજુના ખેતરમાં પેસી કૂવામાં હાર પધરાવી દીધો અને 'હાશ ! હાર ગયો ને પ્રાણ તો બચી ગયા ?' હારના ત્યાગમાં મિઠાશ અનુભવે છે. કેવી ?

અનહદ ! જુઓ,

ઝવેરી આગળ ચાલ્યો, દરવાજે સિપાઇઓ એને ઊભો રાખી પૂછે છે 'બોલો, તમારી પાસે શું છે ?'

ઝવેરી બે હાથ, બે બાજુ લંબાવી મક્કમતાથી કહે છે-'લ્યો જોઇ લો,' આ કોણ બોલાવે છે ? હૈયાની હાશ છે કે 'હાશ ! હાર કૂવામાં ફેંકી દીધો છે મારે કાંઇ ચિંતા નથી.' બોલો, પચીસ હજારની કિંમત ખરચી મેળવેલો અને પોણો લાખના નફાવાળો કિંમતી હાર મળ્યામાં મિઠાશ? કે ગુમાવ્યામાં મિઠાશ ?

**મિઠાશ હારમાં નહિ, મનમાં હતી, તે હાર પર ઊતરી,** ને મનમાંથી મિઠાશ નીકળી જતાં હાર પરથી મિઠાશ નીકળી ગઇ, એટલે હવે કિંમતી પણ હાર ફેંકી દેવામાં મિઠાશ લાગી !

મહાન આત્માઓએ, એવો અવસર આવી લાગતાં, વૈરાગ્યના લીધે મનમાંથી વૈભવ અંગેની મિઠાશ કાઢી નાખી, તો એ સુખ-સગવડની ચીજોમાંથી મિઠાશ ઊડી. ત્યાં વાસ્તવમાં મિઠાશ હતી જ નહિ, પરંતુ મનથી સ્થાપેલી હતી, તે મન કડવું થતાં મને જ મિઠાશ ઉપાડી નાખી, પછી એના ત્યાગમાં દુઃખ શું ?

**મહાવૈભવના ય ત્યાગ કેમ સુલભ ?**

મોટા ચક્રવર્તીઓ અને મહાવૈભવી રાજા-મહારાજાઓ શી રીતે સંસાર-ત્યાગ કરી ચારિત્ર લઇ શક્યા ? આથી જ, કે એવા છ ખંડની ઠકરાઇ સુધીના મહાવૈભવ અંગેની મનમાંથી મિઠાશ કાઢી નાખી, મનમાં કડવાશ ઊભી કરી. મન ભવભ્રમણનાં દુઃખો દેખી એના તરફ કડવું થઇ ગયું, તો મહાવૈભવો પણ કડવા લાગ્યા. મનમાં ઊભી થયેલી એ કડવાશ એ વૈભવો પર છવાઇ ગઇ. પછી સંયમ અને તપસ્યાના કષ્ટોથી જબરદસ્ત કર્મકચરા સાફ થાય છે, એના આનંદથી એ આકરા તપસંયમના કષ્ટ માટે મનમાં મિઠાશ ઊભી થઇ ગઇ, તો એ મિઠાશ કષ્ટ પર છવાઇ ગઇ, એટલે કષ્ટમાં લીનતા અર્થાત્ કષ્ટમય તપ-સંયમમાં લીનતા આવે, એમાં શી નવાઇ?

**સનત્કુમારઃ મિઠાશ રૂપમાં નહિ, પણ મનમાં**

જાણો છો ને ચક્રવર્તી સનત્કુમારમુનિનિ કેવી કષ્ટમય તપ સંયમની સાધના ! શરીરમાં એકાએક ભયંકર સોળ રોગ ઊભા થઇ ગયા છે. સંયમ લેવા

પૂર્વે તો પોતાનું સુંદર રૂપ મીઠું મીઠું લાગતું હતું, એની સાથે ચક્રવર્તીપણાની સમૃદ્ધિ મીઠી લાગતી હતી, એટલે દેવતાને કહેલું 'હમણાં તો સ્નાન પૂર્વેની મજ્જનવિધિ ચાલે છે, એથી તો કાયા ખેરભરી છે. એમાં સૌંદર્ય શું જુઓ? સૌંદર્ય જોવું હોય તો હું બની-ઠનીને રાજસભામાં બેસું ત્યારે જોવા આવજો !' આ બોલમાં દેખાય છે ને કે વૈભવ અને સૌંદર્યમાં કેટલી મિઠાશ અનુભવી રહ્યા છે ! વાસ્તવમાં મિઠાશ રૂપમાં નહિ, પણ પોતાનાં મનમાં હતી, એટલે જ જુઓ હવે મનમાં કડવાશ આવતાં એ જ રૂપ કડવું લાગે છે. રાજસભામાં બની-ઠનીને સિંહાસને ચડી બેઠા પછી દેવતા આવીને જુએ છે તો રંગભરી કાયા પલટાણી ! દેવોનું મોઢું બગડી ગયું, 'હાય થુથૂ ! આ કાયા સુંદર ?'

ચક્રવર્તીને આશા હતી કે ખેરભરી કાયા જોતાં આ માથું ડોલાવતા હતા, તો ભારે ઠાઠથી શણગારેલી કાયાને જોતાં તો નાચી ઊઠશે કે 'અહાહા ! શું સુંદર કાયા છે !' પરંતુ આશાના મિનારાના ભાંગીને ભુક્કા થયા, દેવતાને પૂછે 'કેમ મોઢું બગાડ્યું?' દેવતા કહે છે-

**'સોળ રોગ તેરી દેહમાં ઊપન્યા, ગર્વ મ કર, કૂડી કાયા.'**

બસ, અહીં સનત્કુમારની ઉત્તમતા આગળ આવે છે. 'ઉપદેશમાળા' શાસ્ત્ર કહે છે–**'थोवेण वि सप्पुरिसा, सणंकुमारुव्व केइ बुज्झंति ।'**

અર્થાત્ સત્પુરુષો, ઉત્તમ પુરુષો નિમિત્તને પામીને થોડામાં ય સનત્કુમારની જેમ બૂઝી જાય છે ! અસાર સંસાર પર વિરક્ત બની જઇ એના ત્યાગનો નિર્ણય કરી લે છે !

અહીં સનત્કુમાર ચક્રવર્તી છે, બિમારી આવી તો દરિયાપારથી ઔષધી મંગાવી શકે છે, ને દુનિયાના ખૂણામાંથી કિમિયાગર વૈદ્ય શોધાવી, બોલાવી એની પાસે વૈદું કરાવી શકે છે પરંતુ એવું કશું કર્યું નહિ. કેમ વારુ? કારણ, એમને કાયા અને સૌંદર્ય મનને મીઠા લાગતા હતા, તે હવે કડવા લાગ્યા. તે મનની કડવાશ કાયા અને સૌંદર્ય પર છવાઇ ગઇ. હવે રોગ મીઠા લાગે છે ! કેમ વારુ ?

**સનત્કુમારની ઉત્તમ વિચારણા :-**

**કાયા અને સૌંદર્ય તો પુણ્ય ખાઇ જાય છે, રોગો પાપ ખાઇ જાય છે.**

પાપ સ્ટોકમાં પડેલા છે તો જ તે ઉદયમાં આવે છે અને રોગો દેખાડે છે,

પરંતુ રોગો ભોગવવા દ્વારા એ પાપો ખત્મ થતા જાય છે. ત્યારે, રોગો આવીને પાપની બલા ખાંઇ જાય એમાં ખોટું શું થયું? સારું જ થઇ રહ્યું છે.

ચક્રવર્તી વિચારે છે.

'સારું થયું, આ બાહ્ય રોગોએ આવીને આંતરિક કર્મરોગ દેખાડી આપ્યો !

નહિતર હું તો ભરોસે બેઠો હતો કેમ જાણે આત્માની અંદરમાં કશો પાપકર્મનો રોગ છૂપો બેઠો જ નથી ! પરંતુ મૂળભૂત આંતરિક કર્મરોગોની જાણ થઇ ગઇ, તો હવે મારે એ કર્મરોગ કાઢ્યે જ છૂટકો ! હવે આ છ ખંડના વૈભવના ભરોસે ન બેસી રહેવાય, કેમકે જેમ બહુ ભરોસો રાખેલા આ કાયા અને સૌંદર્ય દગો દેનારા બન્યા, છ ખંડના વૈભવનો પણ શો ભરોસો કે એ દગો નહિ દે? માટે આ અવિશ્વસનીય ઠગારા આખા સંસાર-વૈભવને તિલાંજલિ આપી દઇ કર્મરોગ કાઢનાર અહિંસા સંયમ અને તપના માર્ગે લાગું !'

આ ભાવના શેમાંથી જાગી ? કહો, સુંદર કાયા અને વૈભવો પર મન કડવું થઇ ગયું, તો એની કડવાશ એ બધા પર ઊતરી અને તરત એ છ ખંડના મોટા સરંજામને પણ છોડીને ચારિત્ર લઇ નીકળી પડ્યા !

મેઘરથ મહારાજા અઠ્ઠમ સાથે પોષધ-પ્રતિમા લઇ ધ્યાનમાં રહ્યા છે ત્યાં બે ઇન્દ્રાણીઓએ આવી એમને ચલિત કરવા અનુકૂળ ઉપસર્ગના તોફાન માંડ્યા છે ! ક્યાં સુધીના તોફાન? અંગ-પ્રદર્શન, બિભત્સ ચેષ્ટાઓ અને કામક્રીડાની વાતો કરવા સુધી પહોંચી છે છતાં મહાત્મા ધ્યાનમાં લીન છે. અહીં સવાલ થયો હતો કે એવા એવા મીઠાં મીઠાં દર્શન-શ્રવણની મન ચલિત ન થાય? જવાબ, ના, કેમકે હવે એ વિલાસો કડવા લાગેલા છે. એના પર પ્રશ્ન થાય-

પ્ર.-મીઠા મીઠા સ્ત્રીના રૂપરંગ તો મીઠા જ લાગે ને? કડવા શી રીતે ?

ઉ.-વિષયોમાં મિઠાશ મનની મિઠાશમાંથી જન્મે છે. પહેલી મિઠાશ કે કડવાશ મનમાં ઊઠે છે, ને પછી એ વિષય પર છવાઇ જાય છે એટલે વિષય મીઠા કે કડવા લાગે છે. જુઓ-

કરોડપતિને એક ને એક દીકરો પરણીને ૧-૨ વર્ષમાં ગુજરી ગયો, તો હવે એની માતા અને પત્નીને એના સિવાય બધું ઊભું છે. બંગલો, મોટર, અઢળક ધન, નોકર-ચાકરો, મેવા-મિઠાઇ...આ વિષયો બધા ઊભા છે. એ મીઠા મીઠા ને !

છતાં એમને કેવા લાગે ? કડવા ઝેર ! કેમ વારુ ? કહો, મનમાં કડવાશ ઉભી થઇ ગઇ. માતાને એમ થાય છે કે 'બળ્યું આ બધું, વહાલો છોકરો જ ઉપડી ગયો ! આ બધાને શું કરવાનું ? બાળવાનું ?' એમ પુત્રવધુને થાય છે કે 'બળ્યું આ બધું. હાય ! મારા તો પ્રાણતુલ્ય પતિદેવ જ ગયા. હવે આ બધું ખાવા ધાય છે !' શું થયું ? મનમાં, સમૃદ્ધિ-સરંજામ ઊભા છતાં વહાલાના વિયોગથી કડવાશ ઊભી થઇ ગઇ, તો એ સમૃદ્ધિ-સરંજામ આમ તો પહેલાંની જેમ જ ઊભા છે, છતાં એના પર મનમાં ઊઠેલી કડવાશ વ્યાપી ગઇ, એટલે એ બધા કડવા ઝેર લાગે છે !

પાછું સમય જતાં શોક ઘસારે પડી જાય છે, એટલે મનમાંની કડવાશ ઓછી થતાં મિઠાશ ઊભી થવા માંડે છે અને એ મિઠાશ એજ સમૃદ્ધિ-સરંજામ પર વ્યાપી જતાં એના એ પહેલાં કડવા લાગેલા સમૃદ્ધિ સરંજામ હવે મીઠા મીઠા લાગે છે. એટલે શું આવ્યું ?

**વાસ્તવમાં બાહ્ય સુખ-સાધનમાં કડવાશ-મિઠાશ છે નહિ પરંતુ આપણા મનની કડવાશ-મિઠાશ એના પર છવાઇ જતાં એ કડવા-મીઠા લાગે છે.**

એટલે જ અહીં મેઘરથ મહારાજાને ધ્યાનમાં એટલી બધી મિઠાશ લાગે છે કે ધ્યાનમાં ભારે લીન બની ગયા છે. તેથી ઇન્દ્રાણીઓના હાવભાવ, ચાળાની કોઇ અસર એમને નથી થતી. એમના મનમાં એ વખતે એ હાવભાવાદિ માટે જરાય મિઠાશ જ નથી, પછી એ શાના એમને મીઠા લાગી એના પર આકર્ષાય ? આ મહાન સૂત્ર છે-

**મનમાં યોગ્ય મિઠાશ-કડવાશ રાખો, તો બહારમાં એનો જ પડઘો પડશે.**

દા.ત. ડાયાબિટીસનો રોગ છે, ડાકટરે કહ્યું છે 'જો સાકર ખાશો તો તમારા રોગના ટકા વધી જશે,' એટલે દરદીને શું થાય છે ? સાકર પ્રત્યે મનમાં કડવાશ ઊભી થાય છે. જે મન પહેલાં કહેતું હતું 'સાકર મીઠી સારી', એજ મન કહે છે 'સાકર ? મારા માટે ભયંકર ! જવા દે હવે એનું નામ પણ ન લેવું' આમ મનમાં કડવાશ ઊભી થઇ, પછી સાકર દેખાતાં એને કેવી દેખાય છે ? મીઠી નહિ, કડવી ભયંકર ! મનના ભાવનો પડઘો પડ્યો.

એમ અહીં મેઘરથ મહારાજાને મનમાં વિષયરંગ પ્રત્યે ભારે કડવાશ છે, તેથી અહીં પ્રતિમા-ધ્યાન વખતે એ ઇન્દ્રાણીઓના હાવભાવ વગેરેને ભયંકર કડવા લેખે છે. એમના મનમાં લેશ પણ એના પ્રત્યે મિઠાશ નથી, તેથી હાવભાવ-રંગરાગમાં

મિઠાશ શી જુએ? એના પ્રત્યે શાના આકર્ષાય? બસ, પોતે પોતાના ધ્યાનમાં લીન છે, એમાં જ ભારે મિઠાશ અનુભવી રહ્યા છે.

**ઇન્દ્રાણીઓ થાકી :-**

આમ ઉપસર્ગ કરતાં કરતાં ઇન્દ્રાણીઓ થાકી, જુએ છે કે 'આપણા ચાળા બધા જ નકામા છે. અહીં કાંઇ વળે એવું નથી. આ મહાત્મા તો પોતાના ધ્યાનમાં જ લીન છે, લેશ પણ એમાંથી ચલિત થતા નથી. તો હવે સમેટી લો બાજી !' એમ વિચારી બધી બાજી સમેટી લઇ મેઘરથ મહારાજાની આગળ હાથ જોડી ક્ષમા માગે છે અને કહે છે, 'ધન્ય અવતાર તમારો ! જેવા ઇન્દ્રે વખાણ્યા તેવા છો !'

મેઘરથ રાજાને પૌષધ-પ્રતિમા સાંગોપાંગ પાર પડી, એનો અનહદ આનંદ છે. આ આનંદ પણ માત્ર એટલો જ નહિ કે 'ચાલો પ્રતિજ્ઞાપાલનની આડે વિઘ્ન આવ્યું હતું, તેમાંથી ખેમકુશળ પાર ઊતરી ગયા, ને પ્રતિજ્ઞાનું અખંડ પાલન થઇ ગયું !' માત્ર આટલો આનંદ નહિ, કિન્તુ મહારાજાને મન એમ થાય છે કે

**મેઘરથ રાજાની તત્ત્વ વિચારણા :-**

'અહો ધર્મનો કેવો અદ્ભુત પ્રભાવ છે કે પ્રતિજ્ઞાધર્મના બળ ઉપર દિવ્ય અનુકૂળ વિષયરંગો તરફ લેશ પણ ધ્યાન ગયું નહિ ! ખરેખર, જો આ ધર્મ હાથમાં ન હોત અને આ ધાડ આવી હોત તો ચિત્ત વિષયના વિકલ્પમાં ગયું હોત. ખરેખર ! આ સંસારમાં વિષયોના ઘેરાવાની વચ્ચે રહેલા જીવને એજ જોવા મળે, ચાખવા મળે, સુંઘવા મળે, સાંભળવા મળે, સ્પર્શવા મળે, એટલે એના જ વિકલ્પો ને વિચારો મનમાં ચાલ્યા કરે, એમાં જ સાર દેખ્યા કરે, સુખ દેખ્યા કરે, એટલે એમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પનાઓ રાખ્યા કરે, ઇષ્ટ પકડવાની અને અનિષ્ટ હટાવવાની જ પ્રવૃત્તિ કર્યા કરે, એમાં નવાઇ નથી.

તો ભલે ને આ ચાલ્યા કરે? ના, **વિષયગુલામીમાં કેવા નુકશાન ?**

આ ઇષ્ટ-અનિષ્ટ વિષયોની ગુલામી ચલાવ્યે રાખવામાં ઉચ્ચ માનવભવ બરબાદ ! કેમકે આમાં આખો ને આખો પોતાનો આત્મા જ ભૂલાઇ જાય છે ! આત્માનું સ્વરૂપ જ ભૂલાઇ જાય છે ! આ વિષયોમાં ખોવાઇ જવામાં પોતાના આત્માને સંસારના દુઃખદ જન્મ-મરણ કરવા પડે છે, નવનવા ખોળિયાં કરવા પડે છે, એમાં પાર વિનાની વિટંબણાઓ ભોગવવી પડે છે, છતાં જીવની મૂઢતા એવી

કે પોતાની જાત જ ભૂલી જાય છે ! ને કાયાને પોતાની જાત માની લઇ પર વિષયોમાં રખડ્યા કરે છે ! જિંદગી આખી ય પોતાની જાતને ભૂલી પરમાં જ પલોટાયા રહેવાની !

આ સ્થિતિમાં ઉગારનાર કોણ ? એક માત્ર દેવાધિદેવ. એ આપણા આત્માનું ભાન કરાવે છે, એના ઉદ્ધારનો સાચો માર્ગ બતાવે છે. એ પ્રભુના ઉપદેશને ઝીલી ગુરુઓ જગતમાં એ ઉપદેશને પ્રચારે છે.

**ઉપદેશનું મુખ્ય તત્ત્વ આત્મા, પાપત્યાગ અને ધર્મસેવન.**

એ બતાવે છે. ગુરુઓની પરંપરા આ બતાવતી આવી, એટલે જ આપણને આજે આ ઉપદેશ મળ્યો છે.

આ ઉપદેશના પ્રતાપે આપણે આપણા આત્માનાં ભાનવાલા બન્યા, જગતના વિષયોની ભયંકરતા સમજ્યા અને તારણહાર ધર્મે આપેલા સમ્યક્ ક્રિયાઓનાં ને સદ્ આચારોનાં આલંબને એમાં તન-મન પરોવતા થયા, તો જ વિષયોના વિકલ્પોથી અને વિષયોની ઘેલી પ્રવૃત્તિથી બચવા પામીએ છીએ. ત્યારે દેવાધિદેવ ગુરુ અને ધર્મનો આપણા પર કેટલો બધો અપરંપાર ઉપકાર !'

મહારાજા મેઘરથ આ અનુપમ અસાધારણ ઉપકાર કરનાર દેવ-ગુરુ-ધર્મના પ્રતાપે જ પ્રતિમા-ધ્યાનની આરાધના પામવાનું અને એને સાંગોપાંગ વિશુદ્ધ રીતે પાર ઉતારવાનું સમજી રહ્યા છે અને એથી દેવાધિદેવ સદ્ગુરુ અને સદ્ધર્મ પર એમનું હૈયું ખૂબ ખૂબ ઓવારી જાય છે ! એમને અત્યંત અહોભાવ થાય છે અને જગતમાં આ જ સારભૂત દેખાય છે, હૈયું એમના પર ઓવારી જાય છે. આ બધો સંવેગનો ભાવ છે. રાજાને સંવેગ ખૂબ વધી જાય છે.

**સંવેગ એટલે દેવ-ગુરુ-ધર્મ પર હૈયું ઓવારી જાય તે.**

મહારાજા પટ્ટરાણી પ્રિયમતિના માત્ર પતિ નહિ, પણ કલ્યાણ મિત્ર પણ છે, તેથી પોતે આરાધેલ અઠ્ઠમ પૌષધ-સાધના આરાધનાની અલૌકિક મજા બતાવે છે. કહે છે, 'જુઓ,

**આ ઊંચા જનમનો સાર હોય તો આ જ છે કે દેવ-ગુરુ-ધર્મની આરાધનાનું જીવન જીવવું.**

રાજા પોતાના અનુભવોનું રાણી આગળ વર્ણન કરે છે એટલે રાણીનો પણ સંવેગ વધી જાય છે. રાણીને દેવ-ગુરુ-ધર્મ ઉપર ભારે અહોભાવ વધી જાય છે,

જીવનમાં એની આરાધનાને જ સારભૂત દેખે છે, દુન્યવી વિષયોની નિસ્સારતા જુએ છે. રાજા-રાણી બંને સંવેગમાં ઝીલી રહ્યા છે. એમાં પોતાના પિતા તીર્થંકર ઘનરથ ભગવાન પધાર્યાની વધામણી મળે છે.

**ઘનરથ તીર્થંકર પ્રભુનું આગમન :-**

હવે મેઘરથ રાજા વધામણી દાન દઇ પરિવાર સાથે પ્રભુનાં દર્શને જાય છે. ત્યાં તીર્થંકર ભગવાનનું સમવસરણ મંડાયું છે, ચાંદી, સુવર્ણ અને રત્નમય ત્રણ ગઢના એ સમવસરણ પર જે ઝાકઝમાળતા છે, એ જોતાં દિલ ઠરી જાય ! નજરે જોવાનું આપણું નસીબ ક્યાં ?

❀ ❀ ❀ ❀ ❀ ❀

પરંતુ એ કલ્પનામાં ય લાવીએ તો પણ દિલને અનેરો આલ્હાદ થાય, ને એમાં વળી આંખ મીંચી કલ્પનાથી પ્રભુની વરસતી સંગીતમય વાણી સાંભળીએ, એટલે જાણે અત્યારે જ આપણે સમવસરણમાં પ્રભુની સામે બેસી ગયા છીએ અને પ્રભુની વાણી આપણા કાનમાં પેસી રહી છે, એમ લાગે. આ કલ્પનાથી ધારવામાં પણ અપૂર્વ આનંદ આવે.

મહારાજા મેઘરથ પ્રભુને પ્રદક્ષિણા દઇ વંદન, નમસ્કાર કરી પર્ષદામાં બેસી જાય છે અને બહુજ ભક્તિ હરખભર્યા હૃદયે પ્રભુની તારણહાર દિવ્ય દેશના સાંભળે છે. વાણી સાંભળીને ભગવાનને રાજા ઊઠીને હાથ જોડી વિનંતિ કરે છે-

**મેઘરથ રાજાની ઉદ્ધાર માટે પ્રાર્થના :-**

'હે ભગવંત ! આપ સમગ્ર વિશ્વના જીવોનો ઉદ્ધાર કરવા માટે ઉદ્યુક્ત થયા છો, તો મારો પણ ઉદ્ધાર કરો. પ્રભુ ! હું વિષય કષાયોથી લૂંટાઇ રહ્યો છું, આપના શરણે આવ્યો છું. મારી રક્ષા કરો.

હે જગત્પતિ ! રાજ્યની જવાબદારી બીજાને સોંપી આપની પાસે આવું છું, એટલો સમય આપશ્રીને પ્રાર્થના કરું છું કે આપ અત્રે જ બિરાજવા કૃપા કરો.'

જીવનમાં મહાન ધર્મસાધનાઓ કરી છે, ને એમાં સંવેગ વધારતા રહ્યા છે, એમાં વિચરતા તીર્થંકર ભગવાનની વાણી સાક્ષાત્ કાનોકાન સાંભળવા મળી ! પછી શું બાકી રહે ? આત્મા પીગળી ગયો, સંસાર ચલાવવા પરથી મન તદ્દન ઊઠી ગયું.

**આવા તારણહાર દેવાધિદેવ આરાધવા મળ્યા પછી એમને જતા કરી નાશવંત**

**અને વિનાશકારી દુન્યવી વૈભવ-વિલાસને કોણ સુજ્ઞ પકડી રાખી બેસી રહે ?**

આ આલંબન દુનિયામાં ક્યાં મળે ? અને બીજા દુન્યવી આલંબનો પકડી રાખ્યે જીવનું શું લીલું વાળે ? એ તો જીવનના અંતે છૂ થઇ જવાના !

મેઘરથ મહારાજા મહેલ પર આવીને નાનાભાઇ દ્રઢરથને કહે છે 'ભાઇ ! હવે હું સંસારપ્રવાસથી થાક્યો છું, તેથી ચારિત્ર લેવા ઇચ્છું છું. તો તું આ રાજ્યનો ભાર માથે લઇ લે.'

**દ્રઢરથની દિવ્ય વાણી.**

દ્રઢરથ કહે ''મોટાભાઇ ! તમે સંસારની ચારે ગતિઓમાં કરવા પડતા પ્રવાસથી જેમ થાક્યા છો, એમ હું પણ થાક્યો છું. તો જેમ સંસારયાત્રાનો અંત લાવનાર ચારિત્ર લેવા તમે તૈયાર થયા છો, એમ હું પણ તૈયાર છું. તો મારા માથે કાં રાજ્યભાર મૂકો ? આ સંસાર તો દુ:ખરૂપ છે અને વિવેકી આત્માએ એ અવશ્ય છોડવા જેવો છે, કેમકે વિવેકી જીવ સારને મૂકી અસારને ન પકડે.

**સાર-અસારનો વિભાગ સમજી અસારનો ત્યાગ કરી સારને પકડે એજ વિવેક છે.**

આપના સહવાસ અને મહેરબાનીથી આ વિવેક મારામાં પ્રગટ્યો છે. તેથી મારે હવે અસાર સંસારનો ખપ નથી. માટે અસાર અને મહાસાગર જેવા દુસ્તર સંસારમાં મને મૂકવાનો આગ્રહ કેમ કરો છો ? અત્યાર સુધી મને આપનાથી જુદાઇથી જોનારા નહિ કિન્તુ અભિન્નભાવે જોનારા તમે હવે મને કેમ જુદો પાડો છો ?

**અનંત અનંત કાળથી સંસાર અને કર્મથી કચડાયેલા મારા પર દયા કરો, કૃપા કરો.**

રાજ્ય બીજા ગમે તેને ભળાવી દો અને આપના આત્માનો ઉદ્ધાર કરશો એવો જ મારો ઉદ્ધાર કરો.''

હવે મહારાજા મેઘરથ નાનાભાઇને રાજ્ય સ્વીકારવાનો આગ્રહ શી રીતે કરી શકે ? દ્રઢરથના એકેક બોલ ગંભીર છે, ચિંતનીય છે, અનુકરણીય છે. કેવી મજેની વાત કરી ! એ કહે છે-

'હું પણ સંસાર પ્રવાસથી થાક્યો છું.'

**સંસાર પ્રવાસનો થાક :-**

આત્માને જ્યારે દેહને મૂકી અંદરવાલા પોતાના જીવ પર દ્રષ્ટિ જાય ત્યારે

એમ લાગે કે 'હું કાંઇ આ જનમમાં જ ઊભો થયેલો નથી, નહિતર અમુક જાતના જ સંસ્કારો મારામાં શી રીતે હોય? એ કાંઇ એકદમ ટપકી પડ્યા નથી, કે માતાના સંસ્કારનો વારસો નથી. કેમકે માતાના પોતાના સંસ્કાર કરતાં મારામાં જુદી જાતના સંસ્કાર છે. માતા ક્ષમાશીલ છે, હું ક્રોધી છું. આ સંસ્કાર એ મારા પોતાના જ આત્માના પૂર્વ જન્મોમાં કમાયેલા છે. આવા મારા જન્મો તો પૂર્વે પાર વિનાના થઇ ગયા. જનમજનમનો મુસાફર હું, શું હજી પણ આ સંસારની ચારે ગતિઓમાં મારે મુસાફરી જ કર્યા કરવાની?' એમ મનને ખેદ થાય એ સંસારપ્રવાસનો થાક લાગ્યો ગણાય.

**આ જનમ-જનમ પ્રવાસનો થાક ખરેખરો લાગે તો સંસારની કાર્યવાહીઓમાંથી રસ ઊડી જાય,**

બીજી વાત દ્રઢરથે એ કહી- **'સંસાર દુઃખમય છે.'**

સંસારને કોઇપણ ખૂણામાંથી જુઓ કે સંસારના કોઇપણ ખૂણામાં જુઓ તો સરવાળે દુઃખ જ દેખાશે. કાળો એળિયો ગમે ત્યાંથી ચાખો, કડવો વખ ! એના ભીતરમાં ગમે તે અણુ જુઓ, અણુ એ અણું કડવા વખ ! એમ સંસારને ધનની દ્રષ્ટિથી જુઓ, પરિવારની દ્રષ્ટિથી જુઓ, ખાનપાનાદિની દ્રષ્ટિથી જુઓ કે માન-સન્માન-પ્રતિષ્ઠાની દ્રષ્ટિથી જુઓ, બધે સરવાળે દુઃખ દુઃખ ને દુઃખ.

**પૈસામાં દુઃખ :- પૈસા સારા મળ્યા, પણ ધર્મમાં ખરચવા મન નથી થતું, આ મોહ એ દુઃખ. ખબર છે કે પૈસાને મૂકીને જ મરવાનું છે, છતાં છૂટતા નથી ! એ ઓછું દુઃખ છે ? બાકી પૈસા લાવવામાં, સાચવવામાં કેટકેટલી હાડમારી ! કેટલી રકમના વારંવાર આર્તધ્યાન ! અને કેવા બેહદ કષાયો, અસમાધિ તથા હિંસાદિ પાપો કરાય છે ? રાત દિ'ચિંતા સંતાપ કેટકેટલા? શું આ બધું સુખ છે? કશું નહિ. અહીં ય શાંતિ નથી, ને પરલોકે દીર્ઘ દુર્ગતિઓની હારમાળા છે ! મમ્મણશેઠ સુભૂમ-ચક્રવર્તી, લોભદત્ત-વણિક વગેરે કેઇ ધનના લોભમાં હતા ન હતા થઇ ગયા.**

**તો પરિવારની દ્રષ્ટિએ** સંસારમાં સુખ કે દુઃખ ? કહો, સુખ લૂણ જેટલું અને દુઃખ આટા જેટલું ! આ તો તમને દારૂના નશાની જેમ કુટુંબમોહનો નશો છે,

એટલે કુટુંબ અંગેની ચિંતામાં કલેશો-કષ્ટો દુઃખરૂપ લાગતા નથી.

સંસાર દુઃખમય છે એ સૂત્ર નજર સામે રહે તો એમાં સુખ ન મળ્યું એનો ખેદ ન થાય. સુખ ન મળ્યું ત્યાં એમજ થાય કે **'સંસાર એવો જ છે કે જ્યાં સુખના ઓળા, ને દુઃખની આગો.'**

દ્રઢરથે એ પણ કહ્યું કે- **સંસાર અસાર છે.**

અસાર એટલે જેમાં કશો સાર નહિ. ડાંગરના ફોતરાં કેવા ? અસાર નિસ્સાર. ડાંગરના ફોતરા લાખ મણ ખાંડો, પાશેર ચોખા ન નીકળે. મગફળીના ઉપરના ફોફાં કેવાં ? અસાર, લાખ મણ ફોફાં ઘાણીમાં પીલો, પાશેર તેલ ન નીકળે એમ આ સંસારની ગમે તેટલી મજૂરી કરો, અંતકાળે કશું આપણું નહિ. સાત માળની સાત મહેલાત ઊભી તો કરી, મૃત્યુ પછી સાતમાંથી એક મહેલાતના સાત માળમાંથી એક માળના સાત ખૂણામાંથી એક ખૂણો પણ આપણો નહિ ! કેમ આમ ? કારણ કે સંસાર અસાર.

સુભૂમ ચક્રવર્તી છ ખંડના બાર ખંડ કરવા ધાતકી ખંડ તરફ ઊપડ્યો, તો વચમાં જ વહાણ સાથે સમુદ્રના તળિયે પહોંચ્યો ! છ ખંડ હતા એ પણ ગયા ! યાવત્ પ્રાણ પણ ગયા ! કારણ ? સંસાર અસાર, એમાંથી કશો સાર ન નીકળે. ઊલટું કુમતિ કરી એના પર સંસારમાં જનમ જનમ ભટકવું પડે !

**કુમતિ કોણ કરાવે છે ? સંસાર જ.**

સંસારના મોહક પદાર્થો કુમતિ કરાવે છે અને પછી ભલે મોહક પદાર્થ મળ્યા, ભોગવ્યા, સાચવ્યા, પણ અંતે શું ? અને મરણ પછી શું ? અહીં વહાલા કરેલા મોહક પદાર્થોની એક પણ આઇટમ પછી એની નહિ. એજ સંસારની અસારતા.

**સંસાર માંડ્યો એટલે કુમતિ કર્યા જ કરો, જડને પોતાના માનવાના એ કુમતિ છે.**

આવી કુમતિ કરાવનાર સંસાર કેવો ? અસાર.

દ્રઢરથ ભાઇને કહે છે 'આવા અસાર સંસારમાં મારે હવે રહેવું નથી. વળી પણ સંસાર છોડવાનું એક કારણ દ્રઢરથ કહે છે- **સંસાર દુસ્તર છે.**

આ સંસારને તરી જવો અત્યન્ત મુશ્કેલ છે. સંસાર એક વિરાટ સમુદ્ર છે. જેમ સમુદ્ર તરીને પાર ઊતરવો ઘણો ઘણો કઠીન, એમ સંસાર પાર કરી જવો અને એમાંથી બહાર નીકળી જવું ઘણું ઘણું કઠીન ! કેમ એમ ? **જેમ સમુદ્રમાં અગાધ જળ,**

**એમ સંસારમાં અગાધ અજ્ઞાન અને અપાર રાગ-દ્વેષ.**

**સંસારમાં અગાધ અજ્ઞાન :-**

જુઓ સંસારમાં જીવને અજ્ઞાન કેટકેટલું છે ? સંસારમાં ઢગલાબંધ, આશ્રવસ્થાનો છે. 'આશ્રવસ્થાન' એટલે આત્મામાં કર્મવહેણ આવવાના સ્થાન. તો પાંચે ઇન્દ્રિયો એ આશ્રવસ્થાન છે. કેમકે ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાં જઇ જઇ જીવમાં કર્મના વહેણ વહેરાવે છે. જીવ પાપકર્મો બાંધે છે આના વિપાક ભયંકર દુ:ખભર્યા આવે છે ! હવે જુઓ.

**ઇન્દ્રિયો આશ્રવસ્થાન :-**

જીવનું અજ્ઞાન જ એવું છે કે આ આશ્રવને ભયંકર તરીકે સમજતો જ નથી. શાસ્ત્રો સમજાવે, ગુરુઓ સમજાવે, છતાં એને એમ લાગે છે કે 'એવું કશું નહિ. વિષયમાં ઇન્દ્રિયો જોડી એમાં શું બહુ બગડી ગયું ? આમાં કશો વાંધો નહિ'. એમ મન મનાવી લે છે. આ અજ્ઞાનદશા છે, મૂઢદશા છે.

**કષાયો-હિંસાદિપાપો આશ્રવસ્થાન :-**

તેવું કષાયો તથા હિંસાદિપાપો એ આશ્રવસ્થાન, તેના માટે પણ અજ્ઞાનદશા પ્રવર્તે છે, જે કષાયો અને પાપો સંસાર લાંબોલચ કરી દે છે, એવા ભયંકર છે, એના તરફ પણ જીવને નિશ્ચિન્ત દશા છે ! એમાં એને કશો વાંધો દેખાતો નથી ! એટલે તો એ સેવવામાં ચકચૂર છે. આ અજ્ઞાનતા નહિ, તો બીજું શું ?

બ્રહ્મદત્ત ચક્રવર્તીને ભાઇ મુનિએ ઘણો ય સમજાવ્યો કે 'જો પૂર્વ જન્મમાં વિષયો, કષાયો અને પાપો છોડેલા અને ચારિત્ર પાળેલું, એના પ્રતાપે તો આપણે અહીં આવ્યા. તો હવે અહીં એ છોડવાને બદલે આ ગોઝારા વિષયો, કષાયો અને પાપોને કાં સારા માની રહ્યો છે ? ને કાં એમાં મગ્ન રહ્યો બેઠો છે ?' પરંતુ બ્રહ્મદત્તને હૈયે બેસતું જ નથી. એ·તો વિષયોને ધરાર મહાસુખનાં સાધન તરીકે જોઇ રહ્યો છે. આ અજ્ઞાન દશા છે.

સંસારમાં આવાં આશ્રવસ્થાનો પાર વિનાના ! જગતમાં વિષયો કેટલાં? અપરંપાર ! જેની પ્રત્યે ક્રોધ, દ્વેષ, અણગમો, અરુચી થાય એવા જડ, ચેતન પદાર્થ કેટલા ? એ બધાં ય આશ્રવસ્થાન છે. એમાં માનના, માયાના, લોભના વિષયો

કેટલા ?

એથી ય ઝીણવટમાં ઊતરો, રતિ-અરતિ, રાજીપો ને નારાજી, હરખ અને ઉદ્વેગ એ આશ્રવસ્થાનો છે. એક દિવસમાં ય એ કેટલા ચાલે ? દા.ત. ધોએલું કપડું પહેરવા લીધું, સફાઇ જોઇ રાજી થયા એ રતિ. એ આશ્રવસ્થાન. પરંતુ એની ક્રીઝ સહેજ વાકી પડેલી, એ જોઇ નારાજ થયા, એ અરતિ = આશ્રવસ્થાન. ત્યારે જુઓ કે દુનિયાના પદાર્થોના ઘેરાવા વચ્ચે રહેવાનું અને ઇન્દ્રિયો અને મનથી એના સંબંધ કરવાના, એમાં એક દિવસમાં પણ આવી રતિ-અરતિ, રાજીપા-નારાજી કેટલી ?

હવે શું જીવને આમાં વાંધો દેખાય છે ? ના, ઊલટું મન એમ કહે છે, 'અનુકૂળ બની આવ્યું એમાં સહેજ રાજીપો થયો, એમાં શું બગડી ગયું ?'

'ક્યાંક સહેજ નારાજ થયા, સહેજ હસ્યા, બાબાની જરાક મજાક કરી...આ બધામાં શું બગડી ગયું ?' એમ લાગે છે.

**જ્ઞાનીઓ જ્યાં ભારો ભાર કર્મબંધ થવાનું કહે છે, ત્યાં જીવને વાંધો ન લાગે. આટલામાં શું બગડી ગયું એમ લાગે, એ મહા અજ્ઞાનદશા છે, મિથ્યાત્વ છે.**

સંસારમાં આવા અજ્ઞાનનો પાર નથી. બાર પ્રકારના તપ તારણહાર છે, એના અવાંતર એકેક પ્રકાર તારણહાર છે. એમાં જીવને 'અવશ્ય કરવા જેવા કરવા જ જોઇએ' એમ ન લાગે, ન કરીએ તો મોટા ગુનેગાર કરીએ છીએ' એવું ન લાગે, એ અજ્ઞાન દશા જ છે.

❧ ❧ ❧ ❧ ❧ ❧

**ચારિત્રમાં મોહની કરામત :-** સાધુ થયા પછી પણ જો સાવધાની ન રાખે તો આવાં કેઇ અજ્ઞાન એને નડવાના. મોહની આ જ કરામત છે કે જીવને મોટા મોટા મહાવ્રત પાળવા દે, પણ રતિ-અરતિ, ભય-હાસ્ય-મજાક, શોક, દુગંછા વગેરે હોંશે હોંશે સેવરાવે ! અને ઉપરથી એમાં એને વાંધો ન લાગવા દે ! મોહની આ કરામત જીવને સમજાતી નથી. એ અજ્ઞાનદશા છે, મોહમૂઢતા છે. જો મોહ ન નડતો હોય તો તો જિનાજ્ઞા માથે ધરનારો સાધુ, આ રતિ-અરતિ વગેરે ભવના ભાવોથી થાકેલો હોય, એ એને સેવે ખરો ? અને કદાચ સેવાઇ જાય તો શું હૈયે આંચકો ન આવે ? કે 'અરે ! આ શામાં મેં રાજીપો કર્યો ? કેમ હસ્યો ? શોક શાનો થાય ? અરરર ! સાધુની કે શ્રાવકની મેં દુગંછા કરી ?...' વગેરે વગેરે

વાતનો ખેદ થાય, આંચકો આવે. પણ ના, મૂઢતા છે ત્યાં આંચકો-બાંચકો શાનો ? 'એમાં હાય ! બહુ ખોટું થઇ ગયું !' જો એમાં સાધુને 'અકલ્પ્ય આચરાઇ ગયું,' એવું લાગતું જ નથી, તો આ મહા અજ્ઞાનદશા છે અને

**આવા રતિ-અરતિના તુચ્છ ભાવો અનાદિથી અલમસ્ત હોવાથી બહુ સુલભ છે.**

એ શે મૂકાય ? ને એ મૂકાયા વિના સંસાર ક્યાં તરી શકાય એવો છે ? માટે જ બહુ સાવધાની રાખવી જોઇએ જેથી અનાદિ-અભ્યસ્ત આ તુચ્છ ભાવો પર પાકો અંકુશ મૂકી દેવાય.

એટલે જ દ્રઢરથ કહે છે, 'આ સંસાર દુસ્તર છે. સંસાર તરવો ઘણો ઘણો દુષ્કર ! કેમકે સ્થાને સ્થાને ને પગલે પગલે અજ્ઞાનદશા નડે છે. આ અજ્ઞાનદશાથી દુસ્તરતાની વાત થઇ, પરંતુ

**સંસાર સમુદ્રમાં રાગ-દ્વેષનું પાણી અપરંપાર છે. એ તરવું વળી ઘણું ઘણું દુષ્કર.**

સંસારમાં ક્યાં ક્યાં રાગ કે દ્વેષ નથી થતો ? જ્યાં પોતાને કશી લેવા દેવા નથી ત્યાં પણ રાગ ને દ્વેષ જાગતા થઇ જાય છે. સમજો ને કે સાંભળ્યું કે 'અમેરિકામાં આવી મોટર બને છે, આવું સુખનું સાધન બને છે', હવે શું એ હમણાં આપણને મળવાનું છે ? અથવા એનાથી આપણને કશો લાભ થવાનો છે ? ના, આપણે કશી લેવા દેવા નથી. છતાં એવું સાંભળતાં જ એના પર રાગ ઉછળે છે. એમ સાંભળ્યું કે 'ગામમાં બે ભાઇ લડ્યા, મોટાએ અન્યાય કરી નાનાનું પડાવ્યું,' ત્યાં આપણે કશી લેવા દેવા નહિ છતાં એ મોટા પર ઝટ દ્વેષ ઉઠે છે કે 'હેં ? આણે આવું કર્યું ? નાનાનું બિચારાનું આંચકી લીધું ? કેવો હરામખોર ?' કશી લેવા દેવા વિના રાગદ્વેષ.

**રાગદ્વેષ કેવા જાલિમ ?**

આજે જગતમાં જુઓ, રાગ અને દ્વેષનાં કેટકેટલાં નાટક ચાલી રહ્યા છે ? કેટલા તોફાન ચાલી રહ્યા છે ? ઇતિહાસ તપાસો તો ય દેખાશે કે રાગ ને દ્વેષ પાછળ કેવા હાહાકારભર્યા તોફાન બની ગયા છે ?

**રાગના કારમા તોફાનના દ્રષ્ટાન્ત :-**

**કોણિકને** રાજ્યનો લોભ અને અહંત્વનો રાગ ઉછળ્યો, તો દગો કરી સગા બાપ શ્રેણિકને કેદમાં પૂરી રોજ ફટકા મરાવતો !

**કનકકેતુ** રાજાને જિંદગી સુધી રાજા બની રહેવાની લાલસા જાગી, એમાં

પુત્રો રાજા બનવા લાયક ન રહે એ માટે છોકરા જન્મે કે તરત કોઇની કાનપટ્ટી પર કાપ, કોઇની હાથની આંગળી પર કાપ, તો કોઇના પગની આંગળી પર કાપ મુકાવતો ! કેમ ? ક્ષત અંગવાળો રાજા ન થઇ શકે. અક્ષત અંગવાળો જ રાજા થઇ શકે. રાગનું તોફાન કેવું ? સગો બાપ દીકરાનું જનમતાં અંગ કપાવે !

**ચૂલણીએ** કામરાગવશ સગા પુત્ર બ્રહ્મદત્તને જીવતો બળી જાય એવો પેંતરો કર્યો ! શ્રી મહાવીર પ્રભુના જીવ **વિશ્વભૂતિ** મુનિએ અખૂટ બળી થવાના રાગમાં હજાર વર્ષનો તપ અને સંયમ વેચી નાખ્યા, નિયાણું કર્યું. તો ત્રિપૃષ્ઠ વાસુદેવ થઇ રાગવશ અઢળક પાપ કરી સાતમી નરકે ગયા.

મહાપ્રભાવક **મંગુ આચાર્ય** વૈમાનિક દેવલોકમાં જવા યોગ્ય, પણ ખાનપાનના રાગમાં હલકી યક્ષની યોનિમાં ઊતરી ગયા.

પ્રભાવક **કમલપ્રભાચાર્ય** જાતનું માન સાચવવાના રાગમાં ઉત્સૂત્રભાષી બની તીર્થંકર નામકર્મ ગુમાવનારા અને સાવદ્યાચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા.

સંસાર કેમ દુસ્તર છે ? એમાં અજ્ઞાનતા અને રાગદ્વેષનું અગાધ જળ છે. એમાંથી તરી જવું, બહાર નીકળી જવું ઘણું ઘણું દુષ્કર છે. માટે જુઓને રાગની શિરજોરી ! રાગવશ માણસ, ક્યાં ક્યાં ખેંચાઇ જાય છે ? દા.ત. દિવાળીના દિવસમાં બજારમાં દિવાળી જોવા નિકળી પડે છે. એ બે કલાક ફરી આવશે એમાં કેટલી જગાએ રાગ કરતો હશે ? કહો ને કે એક દુકાનની પણ તરેહ તરેહની ચીજ જોઇ જોઇ એને એ દરેકે દરેક પર રાગ કરવા જોઇએ છે-'આ સારું, આ સરસ, પેલી ચીજ વળી બહુ સુંદર !' આમ એકે એક ચીજ સારી લાગે છે. એ એકે એકના પર રાગના લીધે, મોટા શહેરના વિવિધ બજારોમાં કેટલી દુકાનોની કેટલી વસ્તુ પર રાગ થવાના ?

**દિવાળી જોઇને શો સાર કાઢવાનો ? ઢગલો રાગ, ઢગલો કર્મબંધ.**

સમકિતી જીવ હોય એનું હૃદય ભલે બોલતું હોય કે 'આ કશું સારું નથી, બલ્કે રાગ અને કર્મબંધ કરાવનારું હોવાથી ભૂંડું છે,' તેમ હૈયાને ભૂંડું છે એમ લાગતું હોય, હૈયાને ભલે સારું છે એમ ન લાગતું હોય, છતાં પ્રત્યાખ્યાનીય રાગવશ જોવા બેઠો ત્યાં એને એ ગમે છે અને તરતમતાએ સારું, વધુ સારું, સુંદર, બહુ સુંદર એમ લાગે જ છે. ત્યાં જો એમ કહેવામાં આવે કે સમકિતીને રાગવશ એ ગમે ખરું, પણ સારું ન લાગે.' તો આ કહેવાનું અનુભવ-વિરુદ્ધ છે. ગુજરાતી ભાષાથી

વિરુદ્ધ છે. ગમે છે ને સારું નથી લાગતું એ પરસ્પર વિરુદ્ધ છે. સમકિતીને બજારમાં વસ્તુ જોતાં એક સારી, બીજી વધુ સારી લાગી જ રહી છે. પછી એનો ઇન્કાર કરવો કે 'સમકિતીને ગમે ખરી પણ સારી ન લાગે', એ અનુભવ-વિરુદ્ધ નથી ? પૂછશો.

પ્ર.-દિવાળીની ચીજ જો સમકિતીને સારી લાગતી હોય, તો તો મિથ્યાદ્રષ્ટિ જીવને પણ એ સારી લાગે છે, તો પછી બેમાં ફરક ક્યાં રહ્યો ?

ઉ.-એટલે ફરક પાડવા માટે આમ શું અનુભવ-વિરુદ્ધ અસત્ય પ્રતિપાદન થાય કે સમકિતીને દિવાળીની વસ્તુઓ જોતાં જ્યાં એને ધરાર સારી, વધુ સારી લાગી જ રહી છે, ત્યાં કહેવું કે રાગવશ એ એને ગમે છે ખરી પણ સારી નથી લાગતી ? શું એ સત્યભાષણ ? કે મૃષાભાષણ ?

હા, સમકિતી અને મિથ્યાદ્રષ્ટિમાં ફરક જરૂર છે, ફરક આ, કે 'સમકિતીને વસ્તુઓ જોતાં સારી વધુ સારી લાગે છે ખરી, પરંતુ એનું હૈયું સારું માનતું નથી. એના હૃદયમાં આ સારી છે એમ લાગતું નથી, બલ્કે 'આ ભૂંડી છે' એમ લાગે છે. મિથ્યાદ્રષ્ટિને આ હૃદય નથી. એના હૃદયમાં તો સુખ સુખની વસ્તુ બધું સારું લાગે છે.

ત્યારે સમકિતી જીવને હૈયામાં 'સુખ સુખની વસ્તુ બધુ ખરાબ છે, ભૂંડું છે' એમ લાગે છે છતાં એને અવિરતિવશ સુખ સુખની વસ્તુ પર રાગ થાય છે, ગમે છે, સારી લાગે છે. ત્યાં જેમ પહેલાં દિવાળીના દાખલાથી કહ્યું તેમ 'રાગથી સુખની વસ્તુ ગમે છે પણ સારી નથી લાગતી' એવું શી રીતે કહેવાય ? જો રાગ છે તો એ ગમે પણ છે ને સારી પણ લાગે છે. સારી લાગવામાં પણ એક સારી ને બીજી વધારે સારી લાગે છે. અલબત એના અંતરને 'આ સારી છે' એમ નથી લાગતું, પરંતુ ઇષ્ટ વસ્તુ જોતાં-ચાખતાં રાગથી એ સારી વધુ સારી લાગવાની જ છે. ત્યાં એમ કેમ કહેવાય કે 'સમકિતીને રાગવશ ઇષ્ટ વસ્તુ ગમે ખરી પણ ભૂંડી લાગે, સારી ન લાગે ?' ત્યાં વિવેક આ કરવો જોઇએ.

**રાગવશ ઇષ્ટ સુખ સારું લાગે, સમકિતવશ સુખ સારું છે એમ ન લાગે, સુખ ભૂંડું છે એમ લાગે.** અર્થાત્

સમકિત છતાં રાગવશ સુખ સારું લાગે, પણ રાગ છતાં સમકિતવશ 'સુખ સારું છે' એમ ન લાગે. એટલે

**રાગવશ સુખ સારું લાગે એ સમકિત બાધક ગુનો નથી, પરંતુ 'સુખ સારું છે'**

**એવું લાગે એ સમકિતબાધક ગુનો છે.**

આપણી વાત આ હતી કે એક દિવાળી જોવા જાય એમાં હજારો વસ્તુ પર રાગ કરી આવે છે. એમાં પોતાને ખરેખર કશી લેવા દેવા નથી તો એ નથી તો મફત મળવાની, કે નથી તો એ ખરીદી શકવાનો, વસ્તુ તો ત્યાં ને ત્યાં બજારમાં જ રહેવાની, કે કોઇ ઘરાક લઇ જવાનો, પરંતુ આ જોનારો વસ્તુના સંભારણાં મગજમાં ઘાલી આવશે કે 'પેલી વસ્તુ બહુ સરસ હોં' ત્યારે વિચારવું પડે કે જો લેવા દેવા વિનાની વસ્તુ પર પણ રાગ થતા હોય, તો એ રાગથી કેમ છૂટાય ? રાગથી છૂટવું ઘણું ઘણું મુશ્કેલ, માટે કહ્યું સંસાર દુસ્તર છે.

એટલા જ માટે શ્રી ઉપદેશ રહસ્ય શાસ્ત્રમાં સઘળા ઉપદેશોનો રહસ્ય બતાવી એને સારરૂપે આ કહ્યું

**तह तह पयट्टियव्वं, जह जह रागदोसा विलिज्जंति । एसा जिजाणमाणा...।**

**શ્રી જિનેશ્વર ભગવાનની આ આજ્ઞા છે કે તેવી તેવી રીતે પ્રવર્તવું જેથી જેથી રાગ અને દ્વેષ વિલય પામતા જાય, ક્ષય પામતા જાય.**

કેમ રાગદ્વેષના ક્ષય પર ભાર મૂક્યો ?

આટલા જ માટે કે બધું કરવું સહેલું છે, કઠોર પણ ધર્મસાધનાઓ આચરવી સહેલી છે, પરંતુ રાગ-દ્વેષનો ક્ષય કરવો કઠીન છે, અને એથી જ સંસાર દુસ્તર છે, પાર કરી જવો દુષ્કર છે. માટે

**ધર્મ સાધનાઓનો બધો પ્રયત્ન રાગદ્વેષને ઓછા કરતા આવવાનું મુખ્ય લક્ષ રાખીને કરો.**

અનંત અનંત કાળથી જીવના માથે ચાલી આવતી અજ્ઞાનતા-મૂઢતા અને રાગ-દ્વેષની જોહુકમી અને એથી સંસારની દુસ્તરતાની આ વાત થઇ.

**સંસારની દુસ્તરતાનું ત્રીજું કારણ -**

બાકી સંસાર દુસ્તર આટલા માટે પણ છે કે સંસાર આહારાદિ સંજ્ઞામય છે ક્રોધાદિ કષાયમય છે, અઢાર પાપસ્થાનકમય છે અને એ બધાને પણ નામશેષ કરવા સહેલા નથી.

દ્રઢરથ મોટાભાઇ મેઘરથને આ કહી રહ્યા છે કે 'ભાઇ ! આ સંસાર દુસ્તર

છે તો તમે મને આ સંસારમાં રાજ્યગાદી લઇને ફસાયા રહેવાનું શા માટે કહો છો ? એથી તો અહીં સુલભ એવો સંસાર તરવાનો પ્રયત્ન કરવાનું બાજુએ રહી જાય, ને ઊલટું સંસારમાં વધારે ડૂબવાનું થાય, સંસાર સમુદ્રમાં વધારે ઊંડા ઊતરી જવાની જ પ્રવૃત્તિઓ થાય. એટલે જ કહેવાય કે સંસાર તરવો અતિ દુષ્કર છે.

**સંસાર કેમ અસાર ? :-** દ્રઢરથ મોટાભાઇ મેઘરથ મહારાજાને કહે છે સંસાર અસાર છે તેમ અપાર છે એમાં મને શું કામ રાખી મૂકો છો ?

સંસાર અસાર એટલે તો સાર વિનાનો માલ વિનાનો, કેમકે દરેક જનમના અંતે મીંડું, જીવનભર કર્યું કરાવ્યું બધું ધૂળ. મર્યા એટલે અહીંનું તમારું કશું નહિ ! અહીંનું શરીર પણ તમારું નહિ ! નવા જનમમાં જાઓ એટલે નવું શરીર બનાવવાની લોથ ઊભી. ત્યાં ખાવાનું, પીવાનું, ભોગવવાનું બધું જ નવું ઊભું કરવાનું. અહીં ભલે તમારે અનાજના કોઠાર ભરેલા છે, તે અહીં રહો ત્યાં સુધી ખાઓ, પણ નવા જનમમાં અહીંનો એક દાણો ય ન મળે ! ત્યાં નવા જ અનાજની ખોજ કરવાની. એમાં વળી નવા જન્મે નથીને ભૂંડ થયા, તો અનાજે ય નહિ ગમે, ઊલટું અનાજ ખાધેલા માણસોના મેલાં જ ગમશે ! તે બહાર ખેતરોમાં એની શોધ કરતા ફરવાનું જીવન ! કેમ આવું બધું વિચિત્ર વિલક્ષણ ? કારણ, સંસાર અસાર.

રે ! એકલો અસાર જ નહિ, પણ અપારે ય ખરો.

**સંસાર અપાર છે.**

સંસાર અપાર એટલે એનો પાર જ ન આવે, એમાં જે કાંઇ કરો એનું કેટલીવાર કરવાનું ? તો કે અનંતકાળચક્રોના એક પુદ્ગલ-પરાવર્ત કાળમાં અનંતીવાર કર્યું, છતાં એ ને એ કરવાનો અંત ન આવ્યો. એવું ને એવું ફરી ફરી કરવાનું ઊભું ! શું કરવાનું ચાલે છે ? ખાવાનું, પીવાનું, ભોગવવાનું, ભેગું કરવાનું. એ બધું કરવાનું પૂરું થતું જ નતી.

**ફરી ફરી એ જ વેઠ કર્યા કરો, એનો પાર નહિ એવું સંસારનું સૂત્ર છે એટલે જ સંસાર અપાર છે.**

**(૧) સંજ્ઞાઓની અનંત વેઠથી સંસાર અપાર :-**

અરે ! અહીં જ જુઓને, રોજ ને રોજ શું કરવાનું ચાલે છે ? નવું કાંઇ છે ? ના, આહારાદિ સંજ્ઞાઓની અનંત વેઠ. સવારે ઉઠ્યા ખાઓ, બજારે જઇ ભેગું

કરો, પછી એને ભોગવો, ને આરામી કરો. આનું આ જ ને ? જેમ ઘાંચીના બેલને રોજ સવાર પડી ત્યારથી ઘાણી આસપાસ ઘુમવાનું એનું એ જ. આની એક દિવસ પણ હડતાલ છે ? ના, રોજ એની એ જ આહારની-પરિગ્રહની-વિષયોની-નિદ્રાની વેઠ કર્યા કરવાની. એની સમાપ્તિ જ નથી. એનો પાર જ નથી આવતો. કારણ ? સંસાર અપાર છે. સંસારની અપારતા કેટકેટલી બાબતમાં છે, એ જોઇએ તો મન ધ્રુજી ઊઠે કે 'અરરર ! સંસાર આવો અપાર !'

**(૨) કષાય-કર્મની અનંત પરંપરાથી સંસાર અપાર :-**

દા.ત. જુઓ કે પૂર્વના કષાય-મોહનીય કર્મના ઉદય વર્તે છે અને જીવ કષાય કરે છે. કષાય કરે એટલે નવા કષાય-કર્મ બંધાય. એ કર્મ પાછા ઉદયમાં આવશે એટલે જીવ કષાય કરવાનો અને કષાય કરશે એટલે નવાં કષાય-મોહનીય કર્મ બાંધશે. આમ કર્મ અને કષાય, કષાય અને કર્મ, એવી પરંપરા ક્યાં સુધી ? તો કે અનંતાનંત કાળ વીતી ગયો, જીવને આ પરંપરા ચાલી આવે છે ! કેટલો કાળ ? અનંત અનંત પુદ્‌ગલ પરાવર્ત કાળ ! તો પછી બોલો, કર્મ અને કષાયનો સંસાર કેવોક અપાર ? રાજા મેઘરથને નાનો ભાઇ દ્રઢરથ આ કહી રહ્યો છે કે મોટાભાઇ ! તમે પોતે તો ચારિત્ર લેવા તૈયાર થયા છો પણ મને અપાર સંસારમાં મૂકી જવો છે ? વાત સાચી છે,

**અનંત અનંત કાળથી આવા કર્મ અને કષાયની ચાલી આવતી સતત પરંપરામય અપાર સંસારમાં આ જિનશાસનવાળા અને બુદ્ધિશક્તિભર્યા માનવભવમાં આવ્યા પછી ફસી રહેવાનું મન કેમ રહે ?**

**(૩) પાપસંસ્કાર-પાપપ્રવૃત્તિની અનંત પરંપરાથી સંસાર અપાર :-**

સંસાર બીજી રીતે ય અપાર છે, કેમકે સંસાર આહારાદિ સંજ્ઞામય છે અને આ સંજ્ઞાએ જીવને આહાર-વિષય-પરિગ્રહ-નિંદ્રાની અને હિંસાદિપાપોની પ્રવૃત્તિ કરાવે છે. જીવ એ પ્રવૃત્તિ કરે છે એટલે હિંસાદિપાપો અને આહારાદિ સંજ્ઞાઓના પાપસંસ્કાર દ્રઢ થાય છે. પછી એ પાપો અને સંજ્ઞાઓના પાપસંસ્કાર આગળ પર આહારાદિ સંજ્ઞાઓને જાગતી કરે છે. સંજ્ઞા જાગ્રત થઇ એટલે જીવ આહારાદિ અને હિંસાદિપાપ પ્રવૃત્તિમાં પડે છે. ને એ પાપ પ્રવૃત્તિથી વળી આહારાદિની સંજ્ઞાઓના ને હિંસાદિપાપોના સંસ્કાર દ્રઢ થાય છે. ચાલ્યું પાપના સંસ્કારથી પાપની પ્રવૃત્તિ

અને એ પાપપ્રવૃત્તિથી પાપ સંસ્કાર-પોષણ...આમ જ અનંત અનંત કાળથી સંજ્ઞાવશ આહારાદિ તથા હિંસાદિપાપ પ્રવૃત્તિની સતત પરંપરા ચાલી આવે છે. આ ચાલ્યાનો નાનો કાળ છે ? ના, અપરંપાર કાળ ! માટે જ એ સંજ્ઞામય અને હિંસાદિમય સંસાર અપાર છે.

**(૪) ચાર ગતિમાં ય અનંત ભ્રમણથી સંસાર અપાર :-**

વળી જોઇએ તો સંસાર ચાર ગતિમય અને ૮૪ લાખ યોનિમય છે. આમાં જીવ ભટકતો આવ્યો છે એ કેટલા કાળથી ? તો કે અનંતાનંત કાળથી ! એવાં એકેક ગતિમાં ને એકેક યોનિમાં કેટલીવાર ભ્રમણ થયાં ? તો કે અનંતીવાર ! માટે જ આવા અપરંપાર ભ્રમણવાળો સંસાર કેવો ? તો કે અપાર. એનો કાંઇ આંકડો ન માંડી શકાય અને હજી પણ જીવ આ પાપસંજ્ઞાઓથી, હિંસાદિપાપોથી અને કષાયોથી પાછો ન ફરે, જીવન જીવવામાં વારે વારે એની સહાય લેવાનું પડતું ન મૂકે, તો આગળ પણ કોણ જાણે કેટલીય યોનિઓમાં ભટકવાનું થાય ?

દઢરથ મોટાભાઇને કહે છે 'આવા અપાર સંસારમાં મને છોડીને શા માટે જાઓ ? આજ સુધી તમે મને બધી વાતમાં સાથો સાથ રાખ્યો છે, તો હવે ચારિત્ર જેવા મહાન કાર્યમાં શા સારુ સાથે નથી રાખતા ? હું પણ તમારી જેમ જ આ અસાર અને અપાર સંસારથી ત્રાસેલો છું, જનમ-મરણની વિટંબણાથી થાકેલો છું, માટે મારી પણ ચારિત્ર લેવાની તીવ્ર ઉત્કંઠા છે. તો કૃપા કરીને રાજ્યનો ભાર બીજાના માથે મૂકી મને તમારી સાથે જ લો. હું પણ તમારી સાથે જ ચારિત્ર લેવા ઇચ્છું છું.'

**દઢરથને દીક્ષાની સંમતિ :-**

મહારાજા મેઘરથ આ સાંભળીને ખુશ થઇ ગયા, દઢરથની ભાવનાની ઉપબૃંહણા કરે છે, 'તને આટલો બધો ઉત્કટ વૈરાગ્ય છે, એ તારા આત્માની મહાન ઉન્નત સ્થિતિ સૂચવે છે. ધન્ય તારો આત્મા ! તું ખુશીથી મારી સાથે જ દીક્ષા લેજે.'

દઢરથના મનમાં ખુશી કેમ ન થઇ કે 'ચાલો હવે આપણને મોટા રાજ્યનું મહારાજાપણું મળ્યું છે ?' કારણ કે વૈરાગ્ય ઉત્કટ હતો, પહેલા કહ્યું તેમ સંસારની આસારતા અને અપારતા જોઇ એનાથી ઊભગી ગયા હતા. એ શાના રાજ્યમાં

લોભાય ? 'અધ્યાત્મસાર' શાસ્ત્ર વૈરાગ્યનું આ લક્ષણ બતાવે છે,-

**વૈરાગ્યનું લક્ષણ :- "સંસારના સ્વરૂપને જાણીને એના પર નિર્ગુણતાની દષ્ટિ જાગે, એટલે જીવને એના પર નફરત-અરુચિ થાય, અર્થાત્ જીવ એનાથી ઊભગી જાય. પછી સંસાર ચાલે તે સારો એવું લેશમાત્ર મન ન રહે, સંસારવાસની ઇચ્છા મરી પરવારે અને એનું નામ વૈરાગ્ય છે."**

આ વૈરાગ્યમાં ચાર જરૂરી વાત બતાવી,-

**(૧) સંસાર-સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન,**

**(૨) સંસાર પ્રત્યે નિર્ગુણતાની દૃષ્ટિ,**

**(૩) સંસારસુખો પ્રત્યે અભાવ, નફરત, ભય.**

**(૪) સંસારવાસની ઇચ્છાનો ઉચ્છેદ.**

આમાં સંસારનું સ્વરૂપનું સાચું ભાન એવું છે કે એનાથી સંસારસુખો અને સંસારના વિષયો નિર્ગુણ લાગે, નગુણા લાગે અને એના પ્રત્યે અરૂચિ-અભાવ થાય, એ બતાવે છે કે તમારામાં સંસારના સુખો અને વિષયો પ્રત્યે 'આ નગુણા છે' એવી દૃષ્ટિ પાકી બંધાઇ જાય, તો એના પ્રત્યે નફરત સહેજે થાય.

**સંસારની નગુણતામાં નગુણા ભાગીદારનું દૃષ્ટાન્ત :-**

માનો કે બે મિત્રોને અરસપરસ બહુ સ્નેહ હોય, રોજ કલાકો સાથે રહેતા હોય, એમાં કોઇ ધંધો કરવાની તક આવી, એટલે એક જણ પૈસાપાત્ર તે એણે મૂડી રોકી, બીજાને વર્કિંગ પાર્ટનર તરીકે ભાગીદારીમાં લીધો. ધંધો શરૂ કર્યો. આ બીજો એવો ઉસ્તાદ કે એટલી મીઠી મીઠી વાતો કરે છે કે આ મૂડીવાળાએ એના પર ભરોસો રાખી ચોપડા જોવા કરવાનું રાખ્યું જ નહિ. ત્યારે પેલાએ એવી એમાં તાલંબાજી અને ઘાલમેલ કરી કે મુનિમને ફોડી નાખી ચોપડામાં રકમો એવી લખાવી કે જેમાં ખોટ પર ખોટ જ દેખાતી જાય. દા.ત. સાંજ પડ્યે ૨૫ હજારનો વકરો થતો હોય તો વકરો ૨૨-૨૩ હજારનો જ છે એવું ચોપડે નોંધાય, વધારાના ૨-૩ હજાર પોતાના ખીસા ભેગા કરી લે. એમાં બે વરસના અંતે મૂડીવાળાએ સહેજે કહ્યું 'લાવો આજે સરવૈયું કાઢીએ અને જોઇએ આપણે ક્યાં ઊભા છીએ.' સરવૈયામાં સાત લાખની ખોટ દેખાઇ, ત્યારે આ મૂડીવાળો ચમકી ઊઠયો ! પેલાને પૂછે 'ભાઇ ! કેમ આમ ? મને દુકાન પર બેઠા ખબર છે કે આપણે દરેક સોદા નફાથી કર્યા છે તો આ ખોટ

કેમ ?'

પેલો કહે 'ભાઇ ! આ તો ચોપડો બોલો તે ખરું. ચોપડો કાંઇ મેં લખ્યો નથી, ચોપડો મુનિમે લખ્યો છે. એને પૂછીએ.' મુનિમને પૂછતાં મુનિમ કહે છે 'મેં તો જેવા સોદા હતા તે પ્રમાણે જ ચોપડામાં નોંધ્યા છે. આ રહ્યા વાઉચરો અને રોજમેળના ચોપડા.' વાઉચર તરીકે ડુપ્લીકેટ વાઉચર બૂક રાખેલી.

'અરે ! પણ આટલી મોટી ખોટ ?'

'હું શું કરું ? ચોપડો ને વાઉચરો મેળવી લો. મારું કામ તો ચોપડો લખવાનું, વેપાર કેવી રીતે કરાયો, એમાં હું કાંઇ જાણું નહિ.'

વેપાર બધો રોકડેથી હતો, એટલે સામી પાર્ટીના ચોપડે રકમ મેળવાય એવું હતું નહિ.

હવે આ મૂડીવાળો શું કરે ? પેલાની સાથે ભાગીદારી આગળ ચલાવે ? અથવા ભાગીદારી બંધ કરવી હોય પણ ધીરે ધીરે બંધ કરવાનું રાખે ? કે એકદમ જ ભાગીદારી બંધ કરે ? કહો, એકદમ જ બંધ કરે. એ તો હિસાબ માંડે કે 'સાત લાખનું નહાઇ નાખો, પણ હવે આગળ એક દિવસ પણ ભાગીદારી ચાલે તેમ નથી.'

કેમ ભાગીદારી એકદમ જ બંધ ?

તમે તો સંસાર એકદમ ન છોડાય એમ માનનારાએ અહીં કહેવું જોઇએ કે ''ગમે તેવો ભાગીદાર, પણ ભાગીદારી એકદમ બંધ ન કરાય. કેમકે બિચારો પગે પડીને વિનવી રહ્યો છે કે 'ભાઇસાબ ! એકદમ મને તરછોડો તો મારું શું થશે ? ધંધા વિના હું અને મારું આખું કુટુંબ રખડી પડશે. થોડો ટાઇમ ભાગીદારી ચાલવા દો, એટલામાં મારું adjust કરી લઇશ ગોઠવી દઇશ.' તો પછી ભાગીદારી થોડો સમય ચાલુ રહેવા દેવી જોઇએ.'' આમ કહો ખરા ? ના, એમ જ કહો કે 'ભાગીદારી એકદમ જ બંધ કરવી જોઇએ.' કેમ ? કહો, હવે ભાગીદારને નગુણો અર્થાત્ ઉપકાર પર અપકાર કરનારો જાણ્યા પછી ભાગીદારી ચાલુ રાખવામાં ફરીથી નવા ધોખાનો ભય છે, તેથી એકદમ જ ભાગીદારી બંધ કરે એમાં આશ્ચર્ય નથી.

બસ, એજ રીતે સંસારના પદાર્થો, ભલેને મોટા સામ્રાજ્ય વગેરે પણ નગુણા જાણ્યા એટલે, પછી હવે એને ધીમે ધીમે છોડવાનું મન નહિ, પણ તરત જ છોડી દેવાની તત્પરતા રહે, એમાં આશ્ચર્ય નથી. પેલા ભાગીદારના સવાસલા અને

આજીજીની જેમ હવે એ કુટુંબ વગેરે રખડી પડવાની આજીજી મન પર ન લે.

પ્ર૦-સંસારના પદાર્થો નગુણા ? માણસ નગુણો થાય ? કે જડ પદાર્થ પણ નગુણા થાય ?

ઉ૦-જડ પણ નગુણા થાય. દા.ત. સમૃદ્ધિ સામ્રાજ્યને જીવે સાચવવા કેટલાય કષ્ટ ઉપાડયા, પરંતુ **એ દુન્યવી પદાર્થ રાગ-આસક્તિ અને હિંસા-અસત્ય વગેરે પાપો કરાવી કરાવી આત્મા પર મહા અપકાર કરે છે. માટે એ પણ નગુણા છે.**

તેથી જ મહારાજા મેઘરથ નાનાભાઇ દઢરથને મોટું રાજ્ય સ્વીકારી લેવાની વાત કરે છે એટલે દઢરથને એ સામ્રાજ્ય વગેરે નગુણા લાગવાથી એને એના પર અરૂચિ-નફરત થઇ ગઇ છે.

**સંસાર પર વૈરાગ્યના મૂળમાં કારણભૂત સંસારની આ નગુણાપણાની એક મહાન દૃષ્ટિ છે.**

બંગલા બગીચા કેવા ? તો કે મહા-નગુણા કેમકે આપણું પુણ્ય ધન ખાઇ જાય અને બદલામાં રાગાદિ પાપો કરાવીને પાપકર્મોના આત્મા પર ઢેર ખડા કરી દે ! આપણે માનીએ કે એ લાંબો કાળ ટકયા રહેશે, પરંતુ કદાચ અચાનક જ ઉઠી જાય.

કુમારપાળ મહારાજા આગળ મહાજન આવીને કહે છે 'મહારાજા ! ધનાઢય કૂબેર શેઠ પરદેશમાં મરી ગયો છે, કોઇ વારસદાર પુત્ર નથી, તેથી અપુત્રિયાનું ધન રાજાના ભંડારમાં જાય એ રાજાઓના ચાલી આવતા રિવાજ મુજબ આપ પહેલાં એનો કબજો કરાવી લો. પછી અમે એનું મૃતકાર્ય કરીએ.'

**કુમારપાળની મૃતનું ધન ન લેવા અંગે ઉત્તમ વિચારણાઃ-**

રાજા વિચારે છે કે "હાય ! આ કેવો રિવાજ ? પુત્ર નથી માટે રાજાએ વારસદાર થવાનું એટલે ? રાજાએ પુત્ર જેવા વારસદાર થવાનું, અર્થાત્ રાજાએ આ શ્રીમંત માલિકને બાપ કરવાનો ? તો રાજાએ એવા કેટલા બાપ કરવાના ? કહેવત છે 'દીકરા થઇને ધન ખવાય, બાપ થઇને નહિ.' તો શું મારે અનેકના દીકરા થવાનું ? એટલે કે અનેક બાપ કરવાના ? એક જિંદગીમાં બે બાપ કરે તો ય નાલેશી છે, તો આતો જેટલા બિનવારસ મરે એટલા બાપ કરવાના, એમાં કેટલી મોટી નાલેશી ?

"વળી મરનારની પાછળ એની મા-પત્ની-બેન વગેરે હોય એ બધાની

આંતરડી મારે કેટલી કકળાવવાની ? મારે એના ઢગલાબંધ અશાતા-વેદનીય કર્મ બંધાય એ ભોગવવામાં દુર્ગતિના કેટલા દુઃખ વેઠવાના આવે ?

''જહન્નમમાં ગયું આવું ધન ખાવાનું ! મારે આ મરેલાનું ધન ન જોઇએ. આ તો મડદા પરની ઉજાણી કહેવાય. મડદા પર ઉજાણી ગીધડા કરે.''

રાજાએ મનોમન સંકલ્પ કર્યો કે 'અપુત્રિયાનું ધન મારે નહિ લેવું.'.

**કુમારપાળની કૂબેર સંપત્તિ પર વૈરાગ્યવાણી :-**

હવે મહાજન કહે છે, 'કુબેરના ધનનો કબ્જો લેવરાવવા પધારો.' એટલે કુમારપાળ મહારાજા ચાલ્યા તો ખરા, પરંતુ ધનનો કબ્જો લેવા નહિ, કિન્તુ એના ને કકળતા કૂબેરના પાછળવાળાને આશ્વાસન આપવા, જ્યાં દૂરથી કૂબેરની હવેલીઓની ધજાઓ ફરકતી દેખાંઇ, ત્યાં સાથેના હજુરિયા કહે છે 'મહારાજાધિરાજ ! આ પેલી ઊંચે ધજાઓ ફરકતી દેખાય છે, એ કૂબેરશેઠની હવેલીઓની છે.'

ત્યાં રાજા કહે 'અરરર ! આ ધજાઓ તો ફરરર ફરરર થઇને માલિકને કહી રહી કે આ બધી હવેલીઓ તમારી નહિ, એ તો એક દિવસ ફરરર ફૂ થઇ જવાની ! તો શું જોઇને માણસ એના પર મમતા ને મદ કરતો હશે ?'

આગળ આંગણામાં પેસતાં હજુરીયા કહે 'સાહેબ ! આ એક બાજુ હાથીઓની કતાર દેખાય છે, તે કૂબેરશેઠની માલિકીના હાથીઓ.' ત્યાં રાજા વળી કહે 'અરરર ! આ હાથીઓ નિરંતર સૂંઢ હલાવીને કહી રહ્યા છે 'ના, ના, અમે તમારા નહિ. હાથીઓના ચંચળ કાન પણ એજ કહી રહ્યા છે, તો શું જોઇને માણસ હાથીઓ વગેરે સંપત્તિ પર મમતા અને અભિમાન કરતો હશે ?'

શું છે આ ? **કુમારપાળની વૈરાગ્યવાણી પાછળ સંસારની આવી મોટી સમૃદ્ધિ ઉપર નગુણાપણાની દૃષ્ટિ.**

રાજા જુએ છે કે **'આ સંપત્તિ સ્થિર માનીને પોતાની કરીને રાખી, પણ એનાથી મોટાં સુકૃત ન કર્યા. પરંતુ આ નગુણી એવી કે એકી કલમે ઊઠે ત્યારે ન તો સુકૃતનો લાભ થવા દે, કે ન તો પોતાની થઇને રહે.'**

સંસારના પદાર્થો પ્રત્યે આવી નગુણાપણાની દૃષ્ટિ ઊભી થાય એટલે જેમ નગુણા ભાઇ કે ભાગીદારની પ્રત્યે નફરત છૂટે, એમ આ નગુણા લાગતા સંસારના

પદાર્થો પ્રત્યે નફરત છુટે. પૂ. ઉપાધ્યાયજી મહારાજે એજ કહ્યું 'દ્વેષાત્ નૈર્ગુણ્યદૃષ્ટિજાત્' અર્થાત્ નિર્ગુણતાની દૃષ્ટિમાંથી દ્વેષ-નફરત-અભાવ જન્મે છે.

**વિશ્વભૂતિ ને અજિતસેનને ભવનિર્ગુણતાની દૃષ્ટિ :-**

પૂર્વના મહાપુરુષોને આ થયેલું. વિશ્વભૂતિ રાજકુમારે જોયું કે 'મોટા કાકા રાજા, હું ખાસ તાબેદાર થઇને રહું છું છતાં, એ મારી સાથે પ્રપંચ રચે છે ? ત્યારે ખરેખર ! આ આખોય સંસાર જ એવો નગુણો છે એને જીવને કશી કદર નથી. તો એના કરતાં જીવની કદર કરે એવો ધર્મ આદરવો શું ખોટો ?' એમ ભવની નિર્ગુણતા જોઇ વૈરાગ્ય પામી તરત ચારિત્રમાર્ગે ચાલી નીકળ્યા.

શ્રીપાળકુમારથી કાકા અજીતસેન હાર્યા ત્યારે કાકાના મનને થયું કે 'અરે ! હું સેના વગેરે સામગ્રીના ભરોસે રહ્યો એટલે તો શ્રીપાળ સાથે લડાઇ ન કરતાં એના કહેવા મુજબ એને રાજ્ય પાછું સોંપી એના વડેરા તરીકે માનભેર રહેવાનું પુણ્યના ભરોસે જતું કર્યું. તો આ જ સેના વગેરેના પુણ્યે મારી કદર ન કરી, મને ધોખો દીધો ! ખરેખર !

**આવા કદરહીન નગુણા પુણ્યના ભરોસે જીવવા કરતાં કૃતજ્ઞ ધર્મના ભરોસે જીવવું શું ખોટું ?** એમ કરી ત્યાં ને ત્યાં જ ચારિત્ર લઇ લીધું.

**લવણ-અંકુશને નિર્ગુણતાની દૃષ્ટિ :-**

લક્ષ્મણ એકાએક મરી ગયા અને રામ પાગલ જેવા થઇ ગયા ! મંત્રીમંડળ લવણ-અંકુશને કહે 'રાજ્ય ગ્રહણ કરી લો.' ત્યારે એ કહે છે, ''જો લોખંડી કાયાના કાકા આમ એકાએક મરી જાય અને મહાબુદ્ધિ નિધાન પિતાજી એકાએક પાગલ જેવા થઇ જાય, તો એ સૂચવે છે કે **આ સંસારના પદાર્થો-લોખંડી કાયા, આયુષ્ય અને બુદ્ધિ-વૈભવ બધા જ એવા નગુણા છે કે એમના ભરોસે બેઠેલા જીવને ધોખો દે !** તો આવા નગુણાના ભરોસે ચાલવામાં ચારિત્રથી વંચિત રહી જવાય. મનુષ્યજન્મનો સાર ચારિત્ર છે. વંચિત રહી જવાય. મનુષ્યજન્મનો સાર ચારિત્ર છે. અમે નગુણાના ભરોસે બેસીએ અને ધોખો પામી ચારિત્ર વિના જિંદગી એળે જાય તો ? માટે અમે તો આ ચાલ્યા ચારિત્ર લેવાને.''

એમ કરી વિપુલ સામ્રાજ્યનો પણ લોભ જતો કરી લવણ-અંકુશ ત્યાંથી ચાલી નીકળ્યા અને ચારિત્ર લઇ લીધું !

દઢરથે સંસારને આવો નગુણો ઓળખ્યો છે, તેથી સામ્રાજ્યનો લોભ ન કર્યો ને મોટાભાઇ મેઘરથ સાથે ચારિત્ર લેવા તૈયાર થઇ ગયા.

**મેઘરથની સપરિવાર દીક્ષા :-**

પછી મહારાજા મેઘરથ નાના પુત્ર ઘનરથને રાજ્ય સોંપી મોટા ઉત્સવ તથા દાન કરીને દઢરથ અને ૭૦૦ પુત્રો તથા ૪૦૦૦ ક્ષત્રિયો સાથે ચારિત્રમાર્ગે સંચરે છે. જુઓ ત્યારે સાથે સાથે ચારિત્ર માટે તૈયાર થનાર એ પુત્રો કેવા ? અને એ ક્ષત્રિયો કેવા ?

**સતૂયુગનો એક હિસાબ હતો** કે 'કોઇ મોટા માણસ ચારિત્ર લે છે ? તો એ પુણ્યે ભોગવવા લાયક સારું મળ્યું છે છતાં એનો ત્યાગ કરે છે ? તો એ સમજીને જ કરતા હશે, પછી આપણે વળી બીજો શો વિચાર કરવાનો હોય ? મહાજનો યેન ગતઃ સપંથાઃ, મહાન આત્મા જે માર્ગે ગયા તે જ આદરવા જેવો માર્ગ કહેવાય.' પછી ત્યાં જ્યોતિષની પોતાની જન્મકુંડલી જોવા ન બેસે કે મારા ભાગ્યમાં દીક્ષા છે ? અરે પોતાનું સ્વતંત્ર મહુરત જોવાય ન બેસે.

**કલિયુગનો હિસાબ જુદો છે.** કોઇ મોટો માણસ ચારિત્રમાર્ગે નીકળે તો એ જોઇને કલિયુગના માનવી કહેશે 'ભાઇ એમને પુણ્યનો ઉદય તે ચારિત્ર લઇ શકે. આપણે એવું પુણ્ય નહિ.' હવે આને કોણ કહે કે 'ભલા આદમી ! ચારિત્ર માટે ૮ કર્મમાં કોઇ એવું પુણ્ય કર્મ છે ખરું કે જે ચારિત્ર અપાવે ? ચારિત્ર રોકનારાં પાપકર્મ છે, તેથી જો ચારિત્ર લેવું હોય તો એ પાપકર્મ તોડવા જોઇએ. એ તોડો એટલે સહેલાઇથી ચારિત્ર મળે. આમ **ચારિત્ર પુણ્યના ઉદયે નહિ પણ પાપના ક્ષયે મળે છે** અને **પાપનો ક્ષય પુણ્યથી ન થાય, પુરુષાર્થથી થાય** પરંતુ કલિયુગનો હિસાબ ઊંધો. અવધિજ્ઞાની મેઘરથ મુનિ બન્યા, પછી આરાધનામાં શું કામ બાકી રાખે ?

ચારિત્ર જીવનની પહેલી અને મુખ્ય આરાધના પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિની. **પાંચ સમિતિમાં :-**

(૧) જીવજંતુ ન મરે એ માટે જોઇને ચાલવું કરવું (૨) સાવદ્ય-પાપવાળું કે અસત્ય-અપ્રિય અપરિમિત ન બોલાઇ જાય એ સાવધાની રાખવી, (૩) ગોચરીમાં ૪૨ દોષમાંથી એક પણ દોષ ન લાગવા દેવો, (૪) લેવું-મૂકવું પૂંજી પ્રમાર્જીને, (૫) મળમૂત્રાદિ નિર્જીવ અને નિર્દોષ સ્થાને પરઠવાનું. આ પાંચ સમિતિમાં સદા

જાગ્રત, તેમજ મન-વચન-કાયાની ગુપ્તિના અર્થાત્ અસદ્ વિચાર-વાણી-વર્તાવની નિવૃત્તિ અને સદ્વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિના બરાબર પાલક બની ગયા છે.

વળી ત્યાગ, તપસ્યા અને સ્વાધ્યાયની સાધના પણ અદ્ભૂત કરે છે. સ્વાધ્યાય એટલે તો દિવસ-રાત મોટો ભાગ એમાં જ લીનતા. એક ક્ષણ પણ બીજે બગાડવાની નહિ. બહાર શું ચાલે છે ? કોણ આવ્યું, કોણ ગયું ? પેલા ભાઇ કેમ આવ્યા નહિ ? ઓચ્છવમાં ગવૈયો કોણ આવશે ? એવી એવી જિજ્ઞાસાઓ જ મરી પરવારી. સારૂં સાધુપણું પાળવું હોય તો આ એની ચાવી કે બાહ્યની જિજ્ઞાસા-આતુરતાઓ ખત્મ કરવી.

**બાહ્ય માટે જીવને એવો તૃપ્ત ધરાયેલો બનાવી દેવો કે જેમ પેટ ભરી ખાઇને ધરાઇ ગયેલા માણસને હવે જરા પણ ખાવાની આતુરતા નથી, એમ સંસારનું અનંતુ જોયા પછી ધરાઇ ગયા છીએ માટે હવે બાહ્યનું જરા પણ જોવા-જાણવા-ભોગવવાની આતુરતા જ ન હોય.**

**એમ બાહ્યથી તદ્દન નિવૃત્ત થવાય તો એકલી અંતર્મુખતામાં લીન બનાય.**

એટલે પછી માત્ર આત્મહિતની જ ચિંતા અને પ્રવૃત્તિ રહે. પછી તો કેમ ? તો કે સ્વાધ્યાય-ધ્યાનમાં બેઠા, તો એમાં એટલા બધા એકરસ એકતાન બનાય કે એક બીજો વિકલ્પ ન આવે. અસલમાં સ્વાધ્યાયની અર્થાત્ સૂત્રના અક્ષરો રટવા વગેરેની ભૂખ એવી તીવ્ર હોય કે ત્યાં પછી બીજા કશાની ભૂખ જ ન મળે.

**મેઘરથ મહર્ષિની સાધના :-**

મેઘરથ મહર્ષિ આવા નિર્વિકલ્પ સ્વાધ્યાય-ધ્યાનમાં લાગી ગયા છે. આમાં પછી પરીષહો આવો, કે ઉપસર્ગ આવો, પરંતુ એમાં કષ્ટનો વિચાર જ નથી. મન સ્વાધ્યાય-ધ્યાનમાં અખંડ ચાલ્યા કરે છે, એટલે પરિસહ-ઉપસર્ગથી ભાગવાની કે કંટાળવાની કશી વાત જ નથી. કશા રાગ-દ્વેષ કર્યા વિના સમતાભાવે એ સહન જ કરી લેવાનું રાખ્યું છે.

મેઘરથ મહાત્મા ત્યાગના, સાધનાના અને સહન કરવાના વિશિષ્ટ અભિગ્રહો પણ કરે છે. એ અભિગ્રહોનું પાલન બરાબર સચોટ પણે કરે છે. એક જ લેશ્યા છે કે 'મારા કર્મ કચરાનો નાશ કરતો ચાલું' દા.ત. ગોચરી જાય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અભિગ્રહ ધારીને જાય. રાતના ધ્યાનમાં ઊભા રહે તો અમુક

સમય સુધી માત્ર આ ધ્યાન જ કરવું એવો અભિગ્રહ ધારી લે છે.

મેઘરથ મહાત્મા એક વિશેષ આરાધનામાં તીર્થંકર નામકર્મના કારણભૂત અરિહંતાદિ વીસસ્થાનકની આરાધના કરે છે. 'વીસસ્થાનક' એટલે અરિહંત સિદ્ધ પ્રવચન વગેરે ૨૦ પદ. એની આરાધના એટલે માત્ર તપ કરી આપવાના એમ નહિ, પરંતુ તે તે પદના ઉપાસક બની જવાનું અને ઉપાસક બનીએ એટલે એમાં કેટલાય પ્રકારની ઉપાસના કરવાની.

**વીસસ્થાનકની આરાધના માટે રાજાની ઉપાસનાનું દૃષ્ટાન્ત :-**

દા.ત. રાજાનો કોઇ ખાસ અંગત માણસ રાજાનો ઉપાસક બની જાય છે એટલે એ શું શું કરે છે ? પહેલું તો રાજાને પોતાના દિલમાં સર્વેસર્વા તરીકે વસાવી દે છે, એટલે પછી પોતાની જરૂરિયાતો બહુ ઓછી, પરંતુ રાજાની અનેકાનેક જરૂરિયાતો પર પૂરેપૂરું ધ્યાન રાખ્યા કરશે અને એના પ્રમાણે જરૂરિયાતોને બનાવી લેવા ખડે પગે રહેશે. ઘણીય વાતમાં રાજાને પોતાની ઇચ્છા બતાવવાની ય જરૂર નહિ એવી રીતે અવસર-યોગ્ય એ વર્તી જઇને સેવા કરતો જ રહે છે. આમાં વળી ક્યાંક રાજાનો આદેશ થાય એટલે તો તરત પ્રફુલ્લિત થઇને હોંશભેર આદેશનો અમલ કર્યો જ સમજો.

❀ ❀ ❀ ❀ ❀ ❀

એમ ઉપાસનામાં રાજાનું આરોગ્ય સુખાકારીતા આરામી પર પૂરતું લક્ષ રાખે છે. ઉપરાંત, જ્યાં ને ત્યાં રાજાના ગુણગાન પ્રશંસા કરે છે, કોઇ સારું કામ પોતે કરશે પણ જશ રાજાને આપશે કે 'આ તો મહારાજા સાહેબે કર્યું'. ત્યારે રાજાનો ઉપાસક છે એટલે રાજાની સાથે વાતચીત ખૂબજ નમ્રતાથી અને હાથ જોડીને તથા વિનંતી રૂપે કરવાનો. રાજા પૂછે 'તારે કાંઇ જરૂર ?' તો એકજ કહેવાનો કે 'આપ મળ્યા એટલે મને બધું મળી ગયું છે. મળવાનું કશું બાકી જ નથી, પછી શાની જરૂર ? બાકી આપનો પ્રભાવ જ એવો છે કે મારે વગર માગ્યે વગર ઇચ્છે ન ધાર્યું બની આવે છે. એટલે હવે મારે કાંઇ પણ જોઇતું હોય તો જીવનભર એકમાત્ર આપની સેવા જોઇએ છે.'

પાછો વળી પોતે જ ઉપાસના કરશે એમ નહિ, કિન્તુ બીજાઓને પણ રાજાના ઉપાસક બનાવવા ધરખમ પ્રયત્ન કરશે.

**અરિહંતની ઉપાસનામાં શું શું કરવાનું ? :-**

બસ, રાજાના ઉપાસકની જેમ અરિહંત વગેરે વીસસ્થાનકની ઉપાસના કરવાની છે. દા.ત. અરિહંતના ઉપાસક બની એમની બધી ઉપાસનાઓ કરવી છે તો (૧) પહેલું તો અરિહંતને પોતાના દિલમાં સર્વેસર્વા તરીકે વસાવી દેવાના અર્થાત્ મનને એમ થાય કે-**મારે તો મારું જે કાંઇ ગણું એ બધું અરિહંત જ છે.**

આ જગતમાં મારા સાચા સગા વહાલા ગણું તો અરિહંત. મોટા ભાગે એમની સાથે જ દિલની ગોષ્ઠિ કરું, એમની સાથે જ પ્રેમ કરું, એમની પાસેથી જ હુંફ, આશ્વાસન અને સહાનુભૂતિ મેળવું, કેમકે આ અરિહંતદેવ ભયભીતને અભય આપનારા છે, અનાથને શરણ આપનારા છે, દીનહીનને દિલાસો આપનારા છે, એકલવાયાને સુંદર કંપની (સહયોગ) આપનારા છે.

પ્રભુથી હુંફ કેવી રીતે ? પ્રભુના જીવનમાં એટલું બધું સારું ભરેલું છે કે એમાંથી નિર્ભયતા મળે, હુંફ મળે, આશ્વાસન મળે, હિંમત મળે, શક્તિપાવર મળે.

શરીરની બિમારીમાં પણ બહારની દવા રાહત આપનાર નહિ, પણ અરિહંત જ રાહત આપનાર છે. આરોગ્ય શક્તિ અને સ્ફૂર્તિ અરિહંત જે આપશે એ દવાઓ ને ડોકટર નહિ આપી શકે, કેમકે જગતમાં ઘણું દેખાય છે કે જેની પાસે અરિહંતનું બળ નથી એને ડોકટરો ને દવાઓ બચાવી શકતી નથી. અરિહંત પ્રભુને આધાર તરીકે અને સર્વ શક્તિના સ્ત્રોત તરીકે દિલમાં પૂરી શ્રદ્ધાથી વસાવ્યા, તો એની એવી તાકાત છે કે મોટી કર્મની ભેખડો તોડી નાખે ! જ્ઞાની કહે છે-'**ध्यातस्त्वं यैः क्षणं वापि सिद्धिस्तेषां महोदया**'' અર્થાત્ પ્રભુ ! જેમણે તમારું એક ક્ષણવાર પણ એકાકાર ધ્યાન કર્યું તેમને મહાન ઉદયવાળી સિદ્ધિ થાય છે. અંતરાયાદિ કર્મ તૂટ્યા વિના આ અચિંત્ય સિદ્ધિ કેમ બની આવે ? એ કર્મો તોડવાની તાકાત અરિહંત પ્રભુમાં છે.

ખરું કામ તો મારે મારા રાગાદિ વિકારો તોડવાનું છે, ને એ તોડવાની સર્વોચ્ચ તાકાત બીજા કોઇનામાં નહિ એ અરિહંત દેવમાં જ છે. એ માટે

(૨) મારે પ્રભુની ચક્ષુમાંથી નિર્વિકારતા, અનંતકરુણા અને ધર્મતેજના ફુવારા નીકળતા દેખવાના, એટલું જ નહિ પણ 'હું એ મારા પર પડતો ધર્મતેજ ઝીલું છું' એમ ધારવાનું. અરિહંત-ભગવાનમાંથી ધર્મતેજ કેવું અદ્‌ભુત નીકળે છે કે સમવસરણમાં એ ધર્મતેજથી પ્રભાવિત થયેલ જંગલી સિંહ-વાઘ-વરુ જેવા, કે શહેરી હત્યારા બિલાડા, ગિલોલી જેવા પ્રાણી પણ હિંસાનો ભાવ ભૂલી જાય છે !

ને સૌમ્ય અને શાંત થઇ બેસી જાય છે ! આટલી જબરદસ્ત તાકાતવાળું પ્રભુનું ધર્મતેજ શું મારામાં આ અહિંસક ભાવ સૌમ્યતા અને શાંતતા નહિ પૂરે ? શું મારા રાગાદિને શાંત નહિ કરે ? શું મારા કામ-ક્રોધ-લોભ-મદ-મોહ શાંત નહિ કરે ? ફક્ત મારે એ પ્રભુની ચક્ષુમાંથી વહેતું જોવું જોઇએ અને ઝીલવું જોઇએ.

(૩) અરિહંત મળ્યાથી બાદશાહી માનવી. મારે મારી મિલકત ક્રોડો-અબજોની ગણું તો તે અરિહંત છે, કેમ

**અચિંત્ય પ્રભાવી વીતરાગ અરિહંત દિલમાં હોવાથી મોટી બાદશાહી અનુભવાય છે, મનને કશું ઓછું નથી આવતું.**

મનને લાગે છે કે 'માટીના કરોડો-અબજોના કૂકાવાળાને જે મહાનિધાન રૂપ અરિહંત નથી મળ્યા તે મને મળ્યા છે અને એ અરિહંત મળ્યા વિના એ બિચારા ધનાઢ્યો કર્મ અને મોહના ગુલામ છે, રાંકડા છે, આધિ-ઉપાધિની રામાયણવાળા છે. ત્યારે હું અરિહંત મળ્યાથી મોહનો ગુલામ નહિ, કર્મનો ચાટું નહિ, પણ બેફિકર બાદશાહીવાળો છું.'

અરિહંતની ઉપાસના કરવી છે ? તો પહેલું આ કરો. અરિહંતને જીવનના સર્વસ્વ અને સર્વેસર્વા બનાવો. (૪) અરિહંતને જ ઊંચામાં ઊંચું એવું મહત્ત્વ આપો કે જે બીજી કોઇ વ્યક્તિને નહિ, કે બીજી કોઇ વસ્તુને નહિ, પછી અરિહંતની અનેકાનેક પ્રકારની આરાધનાઓ જીવનમાં ભરી ભરી કરી દો. સુશીલ પ્રેમાળ પત્ની પતિની સેવામાં શું શું નથી કરતી ? પોતાની આખી જાત સમર્પિત કરી દે છે, બધાંજ કષ્ટ ઉઠાવે છે, રાત-દિવસ ધ્યાન જ પતિનું ! રાજાની સેવાઓ, ઉપાસનાઓ રાજાનો ખાસ અંગત વફાદાર માણસ કેવી કેવી કરે ? એમ અરિહંતની ઉપાસનાઓ કરવાની.

(૫-૧૪) અરિહંતના દર્શન-વંદન-પૂજન-સત્કાર-સન્માન, અરિહંતને પ્રાર્થના-સ્તુતિ-ગુણગાન, બહારમાં અરિહંતની ભારોભાર પ્રશંસા વગેરે કરવામાં કશું બાકી નહિ રાખવાનું અને એમને જ બધી બાબતમાં સર્વ યશ આપવાનો.

(૧૫) બીજાઓને એમની ભક્તિમાં જોડવાના, (૧૬) શક્તિ છતે મૂર્તિ-મંદિર નિર્માણ, (૧૭-૧૯) તીર્થયાત્રા, રથયાત્રા, ભક્તિ મહોત્સવ, (૨૦-૨૨) અરિહંતનો જાપ-ધ્યાન અને ડગલે ને પગલે સ્મરણ. આ બધી વાતમાં અરિહંતને જ

અને (૨૩) એમની આજ્ઞાને જ આગળ કરવાના.

આ બધું કરવા માટે તો નોકરમાંથી રાજા બનનાર દેવપાલે રાજા બન્યા પછી તરત પોતાના શ્રાવકશેઠને મહા અમાત્યપદ આપી બધો રાજ્ય-કારભાર સંભાળવાનું સોંપી દીધેલું અને પોતે અરિહંતની વિવિધ ભક્તિમાં લાગી ગયેલા ! ત્યારે એમણે તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જ્યું, સ્વર્ગમાં ગયા અને હવે મહાવિદેહમાં તીર્થંકર થશે. પૂજામાં આવે છે-

**"અરિહંત પદ ધ્યાતાં થકા, દ્રવ્ય-ગુણ-પર્યાય રે,**
**દેવપાલાદિ સુખિયા થયા, વિજય લક્ષ્મી ગુણ ગાયા રે..શ્રી અરિહંત પદ ધ્યાઇએ"**

વીસસ્થાનકના એકેક પદની આવી આવા ઉપાસના કરવાની છે, તો જે તીર્થંકરપણાનું પુણ્ય મળે છે, એ એક પદની પણ ઉપાસના કરવાથી મળે છે. મેઘરથ મહર્ષિએ ચારિત્ર સાથે ૨૦ સ્થાનકની આરાધના કરીને તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જ્યું. આ ચારિત્ર કેટલા કાળનું ? મહાવિદેહ ક્ષેત્ર છે એ હિસાબે એકલાખ પૂર્વ વર્ષ સુધી ચારિત્ર પાળ્યું !

પ્ર.-એટલા લાંબા કાળ કષ્ટ વેઠવામાં ચિંતા-કંટાળો નહિ ?

ઉ.-ના,

**જ્યાં ધરખમ કમાઇ દેખાય ત્યાં કષ્ટ-કંટાળો ન લાગે.**

દ્રઢરથ મુનિએ પણ સંયમ-તપની સાધના જોરદાર કરી. બંનેએ અંતે અનશન કર્યું અને કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા ! ત્યાંથી પછી મેઘરથ શાંતિનાથ ચક્રવર્તી બને છે અને તે પછી એ સોળમાં તીર્થંકર બને છે ! ત્યારે દ્રઢરથ એમના પુત્ર ચક્રાયુધ બની શાંતિનાથ ભગવાનની દીક્ષા પછી રાજા થઇ પ્રભુને કેવળજ્ઞાન થતાં જ પ્રભુના હાથે દીક્ષિત થઇને એમના પ્રથમ ગણધર બને છે. શ્રી શાંતિનાથ ભગવાનના **પૂર્વ ભવોનો અધિકાર** અહીં સમાપ્ત થાય છે.

એમાંથી ખૂબ ખૂબ શીખવાનું છે અને પછી જીવનમાં આચરણમાં ઉતારવાનું છે.

જિનેશ્વર ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ કાંઇ કહેવાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં દઉં છું.

# પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય

''थोवेण वि सप्पुरिसा सणंकुमारुव्व केई बुज्झंति ।
देहे खणपरिहाणी जं किर देवेहिं से कहिया ।।''

**ઉત્તમને નાનું નિમિત્ત પણ જગાડે :-**

અનંત ઉપકારી ત્રિલોકનાથ શ્રવણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના હસ્તદિક્ષિત શિષ્ય અવધિજ્ઞાની મહર્ષિ શ્રી ધર્મદાસ ગણી મહારાજ 'શ્રી ઉપદેશમાળા' શાસ્ત્રની આ ગાથામાં સત્પુરુષની વિશેષતા બતાવે છે કે સત્પુરુષો અલ્પ-નાનું પણ નિમિત્ત પામીને બૂઝી જાય છે, પ્રતિબોધ પામી જાય છે. અનાદિ અનંતકાળથી જીવ મોહની નિદ્રામાં કુંભકર્ણની જેમ ઘોરે છે. એમાં પ્રતિબોધ પામવા માટે ઉત્તમ ભવ મનુષ્યભવ, પરંતુ એ પામીને ય જીવો મોહની નિદ્રામાંથી જાગતા નથી ! હાં, કાંઇ નિમિત્ત મળી જાય તો જાગે, પરંતુ અધમ અર્થાત્ નીચેની કક્ષાના મનુષ્યોને મોટું નિમિત્ત મળે તો ય એ મોહની નિદ્રા છોડવા તૈયાર નથી હોતા.

જ્યારે સનત્કુમાર ચક્રવર્તી જેવાને નાનું નિમિત્ત મળ્યું, દેવતાએ એના શરીરમાં ક્ષણમાં ઊભી થઇ ગયેલી હાનિ બતાવી, તો એટલા માત્ર પર એમણે મોહની નિદ્રા ફગાવી દીધી ! અને પ્રતિબોધ પામી ગયા ! ચક્રવર્તીપણાનો મોટો વૈભવી સંસાર પણ છોડી દીધો ! અને સર્વ પાપત્યાગ રૂપ ચારિત્ર લઇ સાધુ થઇને નીકળી પડ્યા !

**બ્રહ્મદત્તને મોટું નિમિત્ત પણ નિષ્ફળ :-**

ત્યારે અધમ કક્ષામાં રહેલ બ્રહ્મદત્ત ચક્રવર્તીને નિમિત્ત મોટાં મળ્યા, પહેલાં તો પૂર્વ જન્મના અતિપ્રિય ભાઇ અહીં અવધિજ્ઞાની મુનિ મહાત્મા થયેલા તે મળી ગયા, એમનો ભરચક ઉપદેશ મળ્યો, પોતાને ય જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વના ચાર ભવ દેખાયા, આટલું બધું છતાં બોધ લાગ્યો નહિ.

વળી બ્રહ્મદત્તની છેવટે એક બ્રાહ્મણે બે આંખો ફોડાવી નાખી ! આ પણ સમજવું હોય, બોધ પામવો હોય તો શું નાનું નિમિત્ત છે ? ના, મોટું નિમિત્ત છે, કેમકે ચક્રવર્તી એટલે ૯૬ ક્રોડ પાયદળ લશ્કરનો માલિક ! એની પાસે અંગરક્ષકો કેટલા હોય ? ચક્રવર્તી બહાર નીકળે ત્યારે આગળ કેટલા અને કેવા અંગરક્ષકો

ઉઘાડી બંદુક તલવારે ચાલે ? પાછળ કેટલા ચાલે ? આજુ બાજુ કેટલા અને કેવા અંગરક્ષકો ચાલે ? કોની મજાલ છે કે ચક્રવર્તીની પાસે જઇ શકે ? કે દૂરથી ય એક કાંકરો ય એના પર ફેંકી શકે ? છતાં હાથીના હોદ્દે બેઠેલા ચક્રવર્તી બ્રહ્મદત્તની બરાબર બે આંખમાં બંદુકની ગોળીની જેમ બે કાંકરી આવી અને બ્રહ્મદત્તની આંખોના ડોળા ફૂટી ગયા !

**વૈરાગ્યની વિચારણા :-**

હવે જો વિચાર કરે તો લાગે કે 'આમ તો એક દરિદ્ર અને રક્ષણ વિનાના મનુષ્યને પણ આંખો ફોડનાર નથી મળતો અને મને આટલી જબરદસ્ત મોટી પુણ્યાઇ અને જબરદસ્ત રક્ષણની વચ્ચે પણ મારી આંખો ફૂટે એ કેવી મહાન કમનસીબી ? આમાં ક્યાં ચાલી મારી હોંશિયારી ? કે ક્યાં ચાલી મારી સમ્રાટ શહેનશાહત ? શું ઊપજ્યું મારા ચક્રવર્તીપણાનું ? શું સંસાર આવો જ છે કે નિષ્પુણિયાને દેખતો રાખે અને મહાપુણ્યશાળીને આંધળો કરે ? તો આવા વિલક્ષણ સંસાર પર શા ભરોસા રાખવા ? ઊઠ જીવ ! ઊઠ, સંસારની મોહમાયા ફગાવી દે અને આ ખરા તારણહાર ભગવાનની માયા લગાડી ભગવાનનું શરણું પકડી લે.'

જો સત્પુરુષ હોય તો નાના નિમિત્તમાં ય બોધ પામી જાય, તો મોટા નિમિત્તમાં તો પૂછવું જ શું ? પરંતુ બ્રહ્મદત્તને બોધ લાગ્યો નહિ. કેમકે એ અસત્ પુરુષ બની ગયો હતો, અધમ પુરુષ બની ગયો હતો. પૂછજો

પ્ર૦- ભાઇ મુનિને રાજ્ય અને ખજાનો વગેરે આપવા તૈયાર થયેલો ને એટલો ઉદાર બનેલો એ અધમ પુરુષ ?

ઉ૦-જેને એટલા મોટા ચક્રવર્તીપણાના ક્રોડોના લહાવ લશ્કર છતાં એક મામૂલી બ્રાહ્મણ આંખ ફોડાવી શકે એના પર પોતાના રુઠેલા કર્મ સામે નથી જોવું એનાં કર્મ પર દ્વેષ-ઇતરાજી નથી કરવી અને આખી બ્રાહ્મણ જાત પર ગુસ્સો કરી એ બધા બ્રાહ્મણોની આંખો ફોડાવવી છે, એ અધમ નહિ તો બીજું શું ?

**બ્રહ્મદત્ત કેવા સંજોગમાં અંધ થયો ? :-**

જાણો છો ને એક મામૂલી બ્રાહ્મણે શી રીતે મોટા ચક્રવર્તીની આંખો ફોડાવી ? એ બ્રાહ્મણને ચક્રવર્તીએ મોં માગ્યું નહિ આપતાં અપમાન કર્યું હશે, તે એણે દાઢમાં ઘાલ્યું, અને ગાંઠ-શલ્ય બૂરી ચીજ છે. એકવાર એ જંગલમાં ગયેલો

ત્યાં એણે એક ઝાડના પાંદડા પર વ્યવસ્થિત કાણાં પડેલા જોયા. એના મનને થયું કે 'આ પાંદડે પાંદડે આવા કાણાં પાડનારો કોણ કારીગર હશે ?' એમાં એણે એક ભીલ કે ગોવાળ જેવા માણસને જોઇ એને પૂછ્યું-

'ભાઇ ! આ કાણાં કોણે પાડ્યા ?'

પેલો કહે 'કેમ વળી ? એ તો મેં જ પાડ્યા છે.'

'તે તેં શા માટે પાડ્યા ?'

પેલો કહે 'શા માટે શું વળી ? આ તો હું ઝાડ નીચે સૂતો સૂતો શું કરું ? તે કાંકરીઓ લઇને રમતમાં પાંદડા પર તાકીને મારતો, એમાં પાંદડા પર કાણાં પડતા ગયા.'

બ્રાહ્મણ પૂછે 'તે તું એવો નિશાનબાજ છે કે ધાર્યા પાંદડે ધાર્યું કાણું પાડી શકે ?'

પેલો કહે 'એ કાંઇ નિશાન બિશાન હું શીખ્યો નથી પરંતુ રમતમાં અમુક પાંદુડું ધારી કાંકરી ઠોકતો ને બરાબર ત્યાં જ લાગી જતી' બ્રાહ્મણ કહે 'તે તારા હાથ આંગળીઓનું જોર ઘણું કે સુક્કા નહિ પણ લીલા પાંદડામાં કાંકરી મારીને કાણું પાડી શકે ! તો ભઇલા મારું એક કામ ન કરી આપે ?'

પેલો કહે 'બોલ, બોલ, શું કામ છે ? મારાથી થાય એવું હોય તો જરૂર કરી આપું ?'

બ્રાહ્મણ કહે 'એક માણસ મારો મોટો દુશ્મન છે. એણે મને ઘણો રંજાડ્યો છે. મારા પર એવી ગુસ્સાની આંખો દેખાડી છે કે મને એમ થાય કે હરામખોરની આંખો જ ફોડી નાખવી જોઇએ. એવી તે કેટલાયની ઉપર એ ગુસ્સાની આંખો દેખાડતો હશે ! તો હું તને છૂપી જગાએ રાખું કે જેથી તને કોઇ જોઇ ન શકે અને તું જાળિયામાંથી બે કાંકરી ઠોકીને એની આંખો ન ફોડી શકે ?'

આ કહે 'ભલા માણસ ! એમાં તે શું મોટું કામ હતું ? હું જરૂર એ કરી આપું.'

ચક્રવર્તીએ કરેલ અપમાનનું વૈર વાળવા બ્રાહ્મણ ક્યાં સુધીની અધમ લેશ્યાએ પહોંચે છે ? પછી પકડાયો તો કઇ દશા ? પરંતુ જાણો છો ને કે

**લોભ અને આવેશ એવા ભૂંડા છે કે ભયંકર અનિષ્ટ પરિણામનો વિચાર કર્યા**

**વિના અવિવેકનું પગલું ભરાવે.**

**અગ્નિશર્માનો લોભ અને આવેશ :-**

માટે એવો લોભ ભૂંડો, એવો આવેશ ભૂંડો. બ્રાહ્મણને વૈર વાળવાનો લોભ લાગ્યો. જગતમાં લોભ ઘણા પ્રકારના. માણસને પૈસાનો લોભ લાગે છે એમ બીજા પાસે અધિક પૈસા જોઇ ઇર્ષ્યાથી એ ન જોઇ શકતા એના પર કેમ આપત્તિ આવે ને એના પૈસા કેમ ઓછા થાય, લૂંટાય, એ જોવાનો ય લોભ જાગે છે !

અગ્નિશર્માને ગુણસેન રાજા પર વૈર વાળવાનો લોભ જાગ્યો. કોને ? જેણે લાખો પૂર્વ સુધી માસખમણના પારણે માસખમણો કર્યા છે ! આવા અતિ ઊંચાં તપસ્વીને ય લોભ અને ક્રોધાવેશ ભુલાવે છે ! તો લોભ અને ક્રોધાવેશની ભયાનકતા સમજો. અગ્નિશર્માને ક્રોધાવેશમાં વૈરી લાગેલ રાજા ગુણસેન જનમ જનમ જીવંત રહે એ ઇર્ષ્યાથી સહન ન થયું, તે જન્મે-જન્મે એને મારવાનું નિયાણું કર્યું ! તપ ધર્મનું મોટું બળ હતું. એટલે નિયાણું ફળે છે, જ્યાં સુધી ગુણસેન રાજાને પણ પોતાના કર્મ પૂર્વ ભવનાં દુબળાં કર્મ હતાં ત્યાં સુધી પેલાનું નિયાણું આના પર કામ કરી જાય છે. છતાં અગ્નિશર્માએ સાર શો કાઢ્યો ?

રાજા ગુણસેન તો ભવે ભવે ક્ષમા-સમતામાં ઝીલતાં ઝીલતાં નવ ભવના અંતે મોક્ષ પામી ભાવી શાશ્વત અનંતકાળના અનંત સુખના ભોક્તા બન્યા ! અને અગ્નિશર્મા અનંત સંસારી બન્યો ! કેટલું ભયંકર પરિણામ ? પરંતુ અગ્નિશર્માને વૈર વાળવાના લોભ અને ઉત્કટ ક્રોધાવેશમાં ભયંકર પરિણામનો વિચાર નહોતો.

આ બ્રાહ્મણને પણ બ્રહ્મદત્ત ચક્રવર્તી ઉપર વૈર વાળવાના લોભમાં અને ક્રોધના આવેશમાં ભયંકર પરિણામનો વિચાર નથી કે 'કદાચ આ ભીલ કે ભરવાડ પકડાયો ને મારું નામ એણે દઇ દીધું તો મને ગાંડા હાથીના પગની નીચે કચડાવાની, કે હાથીની લાત ખાઇ ખાઇને ને સૂંઢેથી ઉછળીને નીચે પટકાવાની, અને ઉપરથી એના પગ નીચે થોડા થોડ દબાવાની કેવી પીડા આવશે ? યા શરીર પર તપાવેલા લાલચોળ સળિયાના અનેકાનેક ડામ ખાવાની કે એવી કોઇ જાલિમ રીતે રિબાઇ રિબાઇ મરવાની કેવી કેવી વેદનાઓ આવશે ?'

**બ્રાહ્મણની કરામતઃ મોટો ચક્રવર્તી અંધ -**

લોભ અને ક્રોધનો આવેશ છે એટલે બ્રાહ્મણને આ પરિણામનો વિચાર

નથી. બસ, પેલા ભીલ-ભરવાડ જેવા માણસને ચક્રવર્તીની સવારી વખતે સાથે લીધો અને રસ્તા પરના એક ઘરમાં ભીંત પાછળ છૂપાવ્યો, જ્યાં ભીંત ઉપર એક જાળિયું છે. બરાબર ચક્રવર્તી હાથી ઉપર નજીક આવી રહ્યો છે ત્યારે આ માણસને ધીરેથી કહે છે 'જો પેલો હાથી પર મુગટ પહેરીને બેઠો છે ને ? એની બે આંખ પર કાંકરી લગાવ.' બસ, ફટાફટ બે કાંકરી એક પછી બીજી એવી છૂટી કે ચક્રવર્તીની આંખોના ડોળા ફૂટી ગયા. મોટો ચક્રવર્તી અંધ !

પછી તો સિપાઇઓએ કપાસ કરતાં આ પકડાયો, અને ધાક ધમકીથી એની પાસેથી બ્રાહ્મણનું નામ કઢાવ્યું, ને બ્રાહ્મણની ભયંકર બૂરી દશા થઇ.

❀ ❀ ❀ ❀ ❀ ❀

પ્ર.-પણ પ્રારબ્ધ નડે ત્યાં પુરુષાર્થ શી રીતે થાય ?

ઉ.-પ્રારબ્ધ નડતા છતાં પુરુષાર્થ એટલા માટે થાય કે પ્રારબ્ધ એ જેમ સ્વતંત્ર કર્મ છે, એમ પુરુષાર્થ એ આત્માનો સ્વતંત્ર વીર્યોલ્લાસ છે. પાંચ કારણમાં કર્મ એ એક સ્વતંત્ર કારણ, એમ પુરુષાર્થ એ પણ સ્વતંત્ર કારણ છે. વળી જેમ કાળ અને સ્વભાવ એ સ્વતંત્ર કારણો છે તો કાળથી કાંઇ સ્વભાવ જનમતો નથી, તો એવી રીતે કર્મ અને પુરુષાર્થ એ સ્વતંત્ર કારણો હોઇ કર્મથી પુરુષાર્થ જનમતો નથી. પુરુષાર્થ તો આત્માએ કરવો હોય એવો થાય, સત્ કે અસત્.

પેલો બ્રહ્મદત્ત બિચારો પોતાની આંખો ફોડનારા એક બ્રાહ્મણના વાંકે જગતભરના નિસ્પરાધી બ્રાહ્મણોની આંખો ફોડાવી નાખવાની ક્રુર કાળી લેશ્યામાં ચડયો છે, એનું પરિણામ જુઓ અંધ બ્રહ્મદત્તની આગળ ગુંદાના ચીકણાં ચીકણાં ઠળિયા ભરેલા થાળ રજુ કરવામાં આવે છે. અને એને કહેવામાં આવે છે 'લ્યો આ બ્રાહ્મણોના ડોળાના ભરેલા થાળ.' એટલે એ બે હાથમાં એને મસળતો બોલે છે 'હરામી બામણાઓ ! મારી આંખો ફોડી નાખી ? લ્યો હવે તમારી જ આંખો આમ મસળું છું !'

કેટલા બધા ક્રુર અધ્યવસાય ! કેવી કારમી મોહનિદ્રા ! પોતે છ ખંડને સમ્રાટ ચક્રવર્તી છે છતાં એક તુચ્છ બ્રાહ્મણે એની આંખો ફોડાવી નાખી એ શું મોહની નિદ્રામાંથી જાગવાનું નાનું નિમિત્ત છે ? જેની માલિકીમાં ૯૬ ક્રોડનું પાયદળ લશ્કર છે કે જેને જમાડવા રોજનું ૪ ક્રોડ મણ અનાજ રંધાય ! ને એમાં

નાખવા મીઠું-નિમક ૧૦ લાખ પણ રોજનું જોઇએ ! 'ચાર ક્રોડ મણ અન્ન નિત સીઝે, લૂણ લખ દસ મણ લાગે' આવા મોટા ૯૬ ક્રોડના પાયગળવાળા ચક્રવર્તીને આસપાસ ઘેરાયેલા અંગરક્ષકો કેટલા ? છતાં એક મામુલી બ્રાહ્મણ એની આંખો ફોડાવી શકે ?

વળી જુઓ ચક્રવર્તીની સેવામાં સોળ હજાર યક્ષદેવતાઓ રહે છે ! એવા પણ ચક્રવર્તીની એક તુચ્છ બ્રાહ્મણ આંખો ફોડાવી નાખે ? કહો,

**કર્મસત્તા બળવાન છે. વિફરેલી કર્મસત્તા આગળ ચક્રવર્તીના મોટા લહાવ-લશ્કરનું ય કાંઇ ચાલતું નથી, ને દિવ્ય શક્તિવાળા દેવતાનું ય ચાલતું નથી.**

સગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્ર એકી કલમે દેવતાના પ્રકોપમાં જીવતા બળીને ખાખ થઇ ગયા ને ? કહેતા નહિ-

પ્ર.-એ તો દેવતા ગુસ્સે થયો એટલે બન્યું ને ? કર્મસત્તાએ શું કર્યું ?

ઉ.-દેવતાને જેમ પહેલી વારે રહેમ નજર આવેલી ને નહેર ખોદતાં પડેલા કાણામાંથી દેવતાઇ ભવન પર પડેલી રજનો ગુનો માફ કરેલો, એમ અહીં પણ કાણામાંથી પાણી ટપકવાનો ગુનો કેમ માફ ન કર્યો ? કેમ એ ન જોયું કે 'આ કાંઇ છોકરાઓએ રમત નથી કરી, પરંતુ તીર્થ-રક્ષાર્થે કર્યું છે,' અને કાણાં પૂરી દેવાનું તો દેવતાઇ શક્તિમાં સહેજ વાત છે, એ કેમ ન કર્યું ?

કેમ દેવતાને આ કાંઇ ન સૂઝ્યું ? કહો, ૬૦ હજાર પુત્રોની કર્મસત્તા બળવાન હતી, તેથી એ દેવતા જેવાને પણ સૂઝવા જ ન દે.

જુઓ, જગદ્‌ગુરુ શ્રી મહાવીર પરમાત્માની સેવામાં ઓછામાં ઓછા એક ક્રોડ દેવતા નિરંતર હાજર રહે છે, એટલે એ હજાર છતાં ગોશાળે ભગવાન પર તેજોલેશ્યા મૂકી ને ? કારણ ? ભગવાનનાં પૂર્વોપાર્જિત અશાતા-વેદનીય કર્મ બળવાન તે આટલા બધા દેવતામાંથી એક દેવતાને પણ સૂઝવા ન દે કે 'લાવ, ગોશાળાને અટકાવું' ત્યારે અહીં બ્રહ્મદત્તના ૯૬ ક્રોડ પાયદળ કે ૧૬ હજાર યક્ષોની શી મજાલ કે આ મામુલી બ્રાહ્મણને અટકાવી શકે ?

**અતિ બળવાન કર્મસત્તા સામે ભલભલાનું ચાલતું નથી.**

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ આ જોયું હોત તો જોઇ શકત કે આટલા મોટા ૯૬ ક્રોડ પાયદળ અને ૧૬ હજાર યક્ષો સેવામાં છતાં એક મામૂલી બ્રાહ્મણ મારી આંખો

ફોડાવી શકે છે તો એ કર્મસત્તાની મોટી શિરજોરી સૂચવે છે. તો એવી દુષ્ટ, નાલાયક કર્મ સત્તાને પોષણ આપતો ઘરવાસ સંસારવાસ ચલાવવો ખોટો.

મોટ મોટા સનત્કુમાર-મેઘકુમાર-જંબુકુમાર-શાલિભદ્ર-સ્થૂલભદ્ર વગેરેએ એકદમ જ સંસાર કેમ છોડ્યો ? શું સમજીને છોડ્યો ? આ જ સમજીને કે-

**જે કર્મસત્તા મોટા તીર્થંકર ભગવાન જેવા પર પણ દુષ્ટતા અને નાલાયકી બતાવે એવી દુષ્ટ કર્મસત્તાને પોષનારા સંસારવાસથી સર્યું.**

બ્રહ્મદત્ત ચક્રીને કર્મસત્તા પર ધ્યાન કેમ ન ગયું ?

કહો, પૂર્વ જનમમાં એણે ધર્મ તો સંયમ-પાલન અને તપ-આચરણનો ઘણો ઊંચો કરેલો, પરંતુ એણે પાછળથી 'ધર્મ વેચી નાખેલો ! શું ધર્મ રક્ષણ ન આપે ? આપે, 'ધર્મો રક્ષતિ' પણ ક્યારે ? 'રક્ષિતઃ' તમે ધર્મની રક્ષા કરી હોય તો જ ધર્મ તમારી રક્ષા કરે. તમે જો ધર્મ તો કર્યો છતાં ધર્મનું મોહને વેચાણ કરી દીધું તો ધર્મનું સ્વરૂપ જ હણાઇ ગયું પછી રક્ષણ કરનાર ધર્મ ક્યાં ઊભો રહ્યો ?

આનું કારણ જાણો છો ?

**શુદ્ધ ભાવથી સેવેલા ધર્મ દ્વારા જનમ જનમ ચાલે એવા શુભ અનુબંધો ઊભા થાય છે,**

પરંતુ ધર્મ પાસેથી લૌકિક ફળ માગી લેતાં અશુભ ભાવ જાગવાથી શુભ અનુબંધો અશુભ અનુબંધમાં પલટો પામી જાય છે.

ભગવાન મહાવીર દેવના જીવ વિશ્વભૂતિ મુનિને આવું જ બનેલું. એક હજાર વર્ષ અથાગ વૈરાગ્ય-પૂર્ણ અને કર્મક્ષયની પવિત્ર આશંસાથી ઘોર તપસ્યા કરી કાયાને હાડપિંજરશી કરી નાખેલી ! એમાં જથાબંધ શુભ અનુબંધો ઊભા કરેલા. પરંતુ છેવટે પિતરાઇ ભાઇ તરફથી પોતાની મશ્કરી જોઇ 'આ તપના પ્રભાવે પરભવે અખૂટ બળી થાઉં' એવું પાપનિયાણું કર્યું. આ શું કર્યું ? મહામૂલ્યવંતા ધર્મનું તુચ્છ ફળ માટે વેચાણ કર્યું. શિરામણ માટે તૈયાર પાકેલું ખેતર વેચ્યું ! પરિણામ ? શુભાનુબંધો એવા અશુભ અનુબંધોમાં ફેરવાઇ ગયા કે પછી

**ત્રિપૃષ્ઠ વાસુદેવના અવતારે પૂર્વના ધર્મના પુણ્યના પ્રતાપે અખૂટ બળ તો મળ્યું, પણ ધર્મ વેચી ઊભી કરેલી ભૌતિક આશંસાના તીવ્ર અશુભાનુબંધોના પ્રભાવે હૈયે તીવ્ર વિષયાસક્તિ અને ઘોર કષાયાવેશ જીવનભર રમતા રહ્યા.**

**સરવાળે મરીને ૭મી નરક ! પછી સિંહનો અવતાર ! પછી ૪ થી નરક ! અને**

**પછી અગણિત દુ:ખદ તુચ્છ ભવો મળ્યા !**

શુભાનુબંધોને અશુભાનુબંધોએ ફેરવી નખાયા એટલે શુભસંસ્કારો-ધર્મસંસ્કારોને જ નષ્ટ કર્યા, અને પાપસંસ્કારો ઊભા કર્યા પછી ધર્મ ક્યાંથી મળે ? ધર્મના સંસ્કારો તો પૂર્વે જ નષ્ટ કરી નાખ્યા છે.

**ભવિષ્યમાં ધર્મ મેળવવાની ચાવી આ અહીંના ધર્મને વિષયસુખ માટે વેચ્યા વિના એના શુભસંસ્કાર ઊભા રાખો.**

**ધર્મના વેચાણથી ધર્મનું સ્વરૂપ નષ્ટ -**

જો ધર્મના બદલામાં વિષયસુખો માગી લો, અર્થાત્ જો ધર્મને દુન્યવી સુખ ખાતર વેચો, તો ધર્મનું સ્વરૂપ નષ્ટ થાય છે. પૂછો-

પ્ર.-ધર્મના વેચાણથી ધર્મનું સ્વરૂપ નષ્ટ કેવી રીતે ?

ઉ.-ધર્મનું આંતરિક સ્વરૂપ હૈયામાં ધર્મની પરિણતિ છે. શ્રી ષોડશક શાસ્ત્ર કહે છે 'ધર્મશ્ચિત્ત પ્રભવો'. આંતરિક ધર્મ ચિત્તમાં ઉત્પન્ન થનાર પરિણામ છે. બાહ્ય ધર્મ ક્રિયારૂપ છે. દા.ત.

**બાહ્યથી અહિંસાધર્મ એટલે બાહ્યથી જીવને ન મારો તે. પણ આભ્યંતર અહિંસાધર્મ જીવને ન મારવાની વૃત્તિ.**

કોઇવાર અંતરમાં જીવહિંસાની વૃત્તિ ન હોય અને જીવરક્ષાની પૂરી કાળજી હોય, પરંતુ બહારમાં કોઇક સૂક્ષ્મ જીવની હિંસા થઇ જાય એમ બને. ત્યાં અહિંસા ધર્મના આંતરિક પરિણામ રૂપ ધર્મ ઊભો છે. ત્યારે ક્યારેક એમ બને કે બાહ્યથી હિંસાની ક્રિયા ન હોય પણ અંતરમાં હિંસાના ભાવ હોય જેમકે તંદુલિયા મચ્છ ને શું છે ? બાહ્યથી હિંસાની ક્રિયા નથી, પરંતુ અંતરમાં આ ગડમથલ છે કે, 'આ મોટા મગરમચ્છની જગાએ હું હોઉં તો સહેજે સહેજે મોંમાં આવી જતી આટલી બધી માછલીઓ હોંઇઆ કરી જાઉં, એક બાકી ન છોડું,' આ શું છે ? બાહ્યમાં હિંસા નહિ અહિંસા, પરંતુ અંતરમાં હિંસાના ભાવ છે, હિંસાની વૃત્તિ છે, બહારમાં અહિંસા છતાં અંતરમાં અહિંસાના પરિણામ નથી, અહિંસા ધર્મનું સ્વરૂપ નથી.

**ધર્મનું સ્વરૂપ આંતરિક શુભ ચિત્ત પરિણતિ છે.**

બહારમાં દાન ધર્મ તો કર્યો, પરંતુ એ નકરી કીર્તિ-વાહવાહ માટે કર્યો, તો અંતરમાં શું આવ્યું ? શુદ્ધ દાનના પરિણામ નહિ, પરંતુ કીર્તિના લોભ કષાયના

પરિણામ ! બાહ્ય દાનને તો કીર્તિનું સાધન બનાવ્યું, પરંતુ ચિત્ત તો કીર્તિના લોભથી પરિણત બન્યું, વાસિત બન્યું ! ખરી રીતે દાન ધર્મ કરતાં અંતરમાં ચિત્તને દાન એટલે કે પોતાની ધન વગેરે વસ્તુની મૂર્ચ્છાના ત્યાગથી પરિણત કરવાનું હોય, વાસિત કરવાનું હોય. એના બદલે દાન કરીને ય મનમાં ધનનો લોભ સધાય તો સ્વાભાવિક છે કે મનના પરિણામ લોભ-કષાયથી વાસિત કરવાનું થાય, લોભમય થાય, ત્યાં કષાયનું સ્વરૂપ આવ્યું, ધર્મનું સ્વરૂપ નહિ ! આ કેટલી બધી કમનસીબી કે ધર્મ કરીને ય દિલમાં ધર્મના પરિણામ ન લવાય ! તો પછી બહારમાં ધર્મને બદલે પાપકર્મો કરીને તો અંતરમાં ધર્મનું સ્વરૂપ ધર્મના ચિત્ત-પરિણામ શી રીતે લાવવાનો હતો ? ભૂલશો નહિ,

**ચિત્તમાં ધર્મના પરિણામ લાવ્યા વિના ઉદ્ધાર નથી.**

પ્ર.-તો પછી એમજ કહોને કે અંતરમાં ધર્મના પરિણામ લાવો, બહારમાં ધર્મક્રિયા કરીને ધર્મનો દેખાવ કરવાનું શું કામ છે ?

ઉ.-ધર્મક્રિયાનું શું કામ છે કહો છો ? ધર્મક્રિયા બહાર દેખાવ કરવા માટે નથી કરવાની કિન્તુ અંતરમાં ધર્મના પરિણામ જગાવવા માટે કરવાની છે.

**અંતરમાં ધર્મના પરિણામ પેદા કરવાનું પોષવાનું અને વધારવાનું પ્રબળ સાધન ધર્મક્રિયા છે.**

જુઓ, પાસે પૈસા છે પણ દાન દેવું નથી, અને મનને મનાવે કે 'આપણે તો ધન પર મૂર્ચ્છા નથી રાખતા', તો એ કેટલું સાચું છે ? એ તો થોડું પણ દાન કરે તો એટલા પ્રમાણમાં ધનની મૂર્ચ્છા ઉતારી એમ, તપ કશો ન કરે, ટંકે ટંકે ખાવા-પીવાનું રાખે, અને દાવો રાખે કે 'આપણને કાંઇ ખાવા પર મોહ નથી' તો એ કેટલો સાચો ? એ તો થોડા થોડા ટંક છોડે, પર્વતિથિએ ઉપવાસ, એકાસણું કરે, તો એટલા અંશમાં એણે આહારસંજ્ઞા મારી, ખાવું ખોટું કર્યું, તપનો પ્રેમ રાખ્યો.

તપ એ બાહ્ય ધર્મ છે, એનાથી અંતરમાં 'ખાવું ખોટું છે.' એ વૃત્તિ ઊભી કરાય, અને અવસરે નાનો મોટો તપ કરી ખુશી અનુભવે કે 'હાશ ! આજે આહારની ગુલામી છૂટી ! આજે ઘરમાં આવ્યો,' અનાહારીપણું એ ઘર છે. એમાં અંતરમાં આવવું એ ઘરમાં આવ્યા. **આહારસંજ્ઞામાં જવું એ બહારમાં ભટકવાનું છે,**

આંતરિક ધર્મપરિણતિ આ કે અનાહારીપણામાં સ્વસ્થતા લાગે તૃપ્તિ

અનુભવાય.

મહાત્માઓ આ કરતા,-બાહ્ય કડક ધર્મસાધનાઓ કરી કરી અંતરમાં તે તે ધર્મપરિણામ મજબૂત કરતા, ને એમાં ઠરતા. શાલિભદ્રમુનિ, ધનાજીમુનિ, ધન્નો અણગાર વગેરે તપસ્યા ખુશમિશાલ કરતા શી રીતે અંતરમાં ધર્મનું સ્વરૂપ ઊભું કરી ધર્મ પરિણતિ ઊભી કરી એમાં ઠરતા.

**બ્રહ્મદત્તે પૂર્વભવે ધર્મ વેચ્યો :-**

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પૂર્વભવે સંયમ સાથે તપ તો ઘણો કરેલો, તે પણ આંતરિક ધર્મપરિણતિ ઊભી કરવા સાથે કરેલો, પરંતુ છેલ્લે એણે બગાડ્યું ધર્મનું વેચાણ કર્યું, ચક્રવર્તીનાં સુખ માગી લીધાં, આંતરિક ધર્મનું સ્વરૂપ નષ્ટ કરી નાખ્યું ! કેવું નિમિત્ત પામીને ? સનતકુમાર ચક્રવર્તી વંદન કરવા આવ્યા સાથે પટ્ટરાણી છે, એ વંદન કરતાં એના માથાની કેશવાળી આગળ ઊછળી પડી એના સુંવાળા છેડા મુનિના પગને અડી ગયા. બસ, આટલું નિમિત્ત મન વિહ્વળ થયું, ચકડોળે ચડ્યું, વિચારે છે 'અરે ! જેના વાળ આટલા બધા સુંવાળા એનું શરીર કેવું સુંવાળું રુપાળું હશે ! આવી રાણી પામનાર રાજા પાસે વૈભવ કેવો ! એનાં કેવા સુખવિલાસ ! બસ, જો આટલો બધો તપ કર્યો, કાયા ગાળી નાખી, એના પર આ સુખ ન મળે તો શું કામનો એ તપ ? આ તપ-સંયમના પ્રભાવે હું આવો વૈભવ-વિલાસી થાઉં.' પાકું નિયાણું કર્યું.

(૧) સાથેના મુનિએ આ જાણી ઘણા સમજાવ્યા કે "તમે તો એવો ઊંચો સંયમધર્મ આરાધ્યો છે, એટલો બધો કઠોર તપ કર્યો છે, કે એનાથી આખી દુઃખમય જનમ-મરણની પરંપરા જ અટકી જઇ અંતમાં મોક્ષના અનંત સુખ મળે ! તો આવું નિયાણું કરવું રહેવા દો નિયાણાથી સુખ નાશવંત અને તુચ્છ મળવાના. એ નષ્ટ થયા પછી શું ? ત્યારે મોક્ષ પામ્યા પછી કદી એ અનંતા સુખ જાય નહિ." પરંતુ આ કોણ સમજે ? કોણ માને ? ન માન્યા. 'મારે તો આ જ જોઇએ' આવો વિષયસુખોનો જ આગ્રહ રાખ્યો, એટલે હૈયામાં કોરી કડકડતી વિષય લાલસાની પરિણતિ ઊભી થઇ, અને એથી ધર્મ પરિણતિ નષ્ટ થઇ ગઇ ! હજી હાથમાં ચારિત્ર છે, ચારિત્રની ક્રિયા છે, કેમકે એટલું તો સમજે છે કે પરલોકે ધાર્યા સુખ આના વિના નહિ મળે, પરંતુ હૈયામાં ચારિત્રના ભાવ ન રહ્યા, કેમકે ચારિત્રના ભાવમાં તો 'હું હિંસા કરું

નહિ, જૂઠ બોલું નહિ' એમ 'વિષય-પરિગ્રહ સેવું નહિ' એ પણ ભાવ આવે. જ્યારે આણે તો 'હવે મારે પરભવે ચક્રવર્તીના વિષયસુખ અને વૈભવ જ જોઇએ' એ નક્કી કર્યું. નકરા અસંયમના ભાવ કર્યા. ત્યારે

**ધર્મક્રિયા એની એજ ઊભી છતાં ભાવમાં ઘાલમેલ કરો તો ધર્મનું સ્વરૂપ નષ્ટ થઇ જાય. એનું પરિણામ, શુભાનુબંધો શુભ સંસ્કારો નષ્ટ થવા લાગે.**

પાપના તિરસ્કારથી અશુભ અનુબંધ નષ્ટ થતા જાય. ધર્મની અવગણનાથી શુભ અનુબંધ ખલાસ થતા જાય.

**નિયાણામાં ધર્મની અવગણના છે-**

નિયાણું કરવા જાય એટલે ધર્મની અવગણના થાય છે. પૂછો

પ્ર૦-નિયાણામાં ધર્મની અવગણના કેવી રીતે ?

ઉ૦-નિયાણામાં વિષયસુખની ઉત્કટ અભિલાષા હોય છે, એવી કે 'આ જ ખરેખરી ચીજ છે, આ જ મેળવવા જેવી ભોગવવા જેવી ચીજ છે.' પછી ત્યાં જે મેં ચારિત્ર પાળ્યું વિષય સુખોનો ત્યાગ રાખ્યો એ સારું કર્યું એવો ભાવ ક્યાંથી રહે ? એને તો વિષયો કિંમતી લાગ્યા, ઉપાદેય લાગ્યા, એટલે એને 'વિષયો હેય છે' એ ભાવ ન ઊભો રહે.

**ચારિત્રના ભાવમાં તો વિષયો એટલા બધા હેય લાગે કે એના પર ભારે નફરત રહ્યા કરે.**

માત્ર વર્તમાનમાં વિષયો ખોટા લાગે એમ નહિ પરંતુ 'ભૂતકાળમાં સેવ્યા તે ય ખોટું કર્યું', એમ લાગે.

માટે તો જુઓ 'કરેમિ ભંતે સામાઇયં' સૂત્રમાં પ્રતિજ્ઞા તો કરી કે 'સાવદ્ય યોગો ત્યાગ કરું છું,' પરંતુ સાથે સાથે 'તસ્સ ભંતે પડિક્કમામિ' અર્થાત્ 'તે સાવદ્ય યોગ પૂર્વે સેવ્યા એનું પ્રતિક્રમણ કરું છું. 'નિંદામિ-ગરિહામિ' એની નિંદા-ગર્હા-સંતાપ કરૂં છું. 'સાવદ્ય યોગ સેવવા જેવા નથી સેવ્યા એ ખોટું કર્યું. હાય ! ક્યાં મેં એ સેવ્યા !' એ નિંદા સંતાપ છે.

ભૂતકાળમાં પાપ સેવ્યા એની નિંદા અને સંતાપ શા માટે ?

એટલા માટે કે વર્તમાનમાં જે ત્યાગ કરવો છે એ પાપવ્યાપારોને ખરેખરા ઝેર માનીને એનો ત્યાગ થાય. ઝેર માન્યા એટલે ભૂતકાળમાં ઝેર ખાધાં એ ખોટું જ લાગે, ખોટું લાગવું જ જોઇએ.

**જૈનશાસનની બલિહારી છે.**

જૈનશાસન જ વિરતિ માર્ગનું મહત્ત્વ બતાવે છે. પાપ ત્યાગ કરો એટલું જ નહિ, પણ (૧) ત્યાગની પ્રતિજ્ઞા કરો તો જ કર્મબંધનથી બચાય. પછી ત્યાગની પ્રતિજ્ઞા વિરતિ પણ એવી કે (૨) સાથે સાથે ભૂતકાળમાં પાપ આચર્યા એનું પ્રતિક્રમણ કરો. એ માટે પાપોની નિંદા ગર્હા ને સંતાપ કરો તો પ્રતિક્રમણ સાચું. ત્યારે પૂછો-**પ્રતિક્રમણથી શો લાભ ?**

પ્ર.-હવે પાપ ન કરવાની પ્રતિજ્ઞા વિરતિ કરીએ એટલે અવિરતિથી બંધાતા કર્મ બંધાવાના અટકી જાય, અને વિરતિથી નવા પાપ ન સેવાય એ લાભ ખરો, પરંતુ ભૂતકાળમાં તો પાપો સેવાઇ ગયા તે સેવાઇ ગયા, હવે એના પ્રતિક્રમણથી શો લાભ ?

ઉ.-પાપ તીવ્ર ભાવે સેવાઇ ગયા અને એનાથી કદાચ નિકાચિત કર્મ બંધાઇ ગયા, તો એ કર્મ ભલે હવે પ્રતિક્રમણથી ન તૂટે, નિકાચિત કર્મ તો આગળ ભોગવવા જ પડવાના, પરંતુ

❀ ❀ ❀ ❀ ❀ ❀

**એ અશુભ કર્મની સાથે તીવ્ર સંકલેશથી જે અશુભ અનુબંધ બાંધેલા અર્થાત્ પાપસંસ્કાર ગાઢ કરેલા, તે હવે સાચા દિલના પ્રતિક્રમણથી પાપની નિંદા-ગર્હા-સંતાપથી એ અશુભ અનુબંધ તૂટતા આવે, અને કર્મ નિકાચિત ન કર્યા હોય એ ય તૂટવા માંડે.**

પ્રતિક્રમણનો આ મોટો લાભ છે. તેમજ ભૂતકાળના પાપનાં પ્રતિક્રમણથી પાપ ઉપર સાચી હેય બુદ્ધિ થાય તો વર્તમાનમાં એ ખરેખરા હેય લાગીને એનો વાસ્તવિક ત્યાગ થાય, વિરતિભાવ આવે. નહિતર તો જો ભૂતકાળમાં કરેલા એ તો ઠીક જ કર્યા લાગતું હોય, તો વર્તમાનમાં પ્રતિજ્ઞા કરતી વખતે 'એ પાપો તદ્દન કરવા જેવા નહિ' એવું હૈયામાં સચોટ ક્યાંથી લાગે ? એ સચોટ લગાડવા માટે ભૂતકાળમાં પાપો કરેલા પણ અત્યારે ખોટા લાગવા જ જોઇએ. તેથી વર્તમાનમાં પાપત્યાગની પ્રતિજ્ઞા વખતે ભૂતકાળના પાપોનું પ્રતિક્રમણ કરવું જ જોઇએ. માટે જ 'તસ્સ ભંતે પડિક્કમામિ' અર્થાત્ ભૂતકાળમાં સેવેલા પાપોનું પ્રતિક્રમણ કરું છું એ વસ્તુ 'કરેમિ ભંતે સામાઇયં' એ વર્તમાનની પ્રતિજ્ઞાના સૂત્રમાં ભેગી મૂકી.

**'પાપ એ ઝેર' એટલે માત્ર વર્તમાન માટે ઝેર એટલું જ નહિ, પણ ભવિષ્યકાળ**

**અને ભૂતકાળ માટે પણ ઝેર.**

**નિયાણામાં ચારિત્રભાવ કેમ નષ્ટ ? :-**

વાત આ હતી કે નિયાણું કરે એમાં ચારિત્રભાવ નષ્ટ થાય છે. વિષયસુખો હેય-ત્યાજ્યને બદલે ઉપાદેય લાગે છે એટલે પછી અત્યાર સુધી ચારિત્ર પાળવામાં વિષયસુખો છોડ્યા એમાં હેયનો ત્યાગ કર્યો એ સારું કર્યું, એ ભાવ નિયાણા વખતે નષ્ટ થઇ જાય છે. હવે તો વિષયસુખો સારા ઉપાદેય લાગે છે, તેથી ભૂતકાળમાં ચારિત્ર પાળવામાં વિષયસુખો હેય માનીને એની ત્યાગવૃત્તિ ઝગમગતી રાખેલી, એથી શુભ અનુબંધો ઊભા કરેલા, શુભસંસ્કારો ખડા કરેલા, તે હવે વિષયસુખો ખૂબ જ સારા અને ઉપાદેય લાગવાથી નષ્ટ થવા લાગે છે.

નિયાણામાં આ થાય છે. નવા અશુભ અનુબંધ અશુભ સંસ્કાર ઊભા થાય તો થાય, પરંતુ સાથે પુરાણા શુભ અનુબંધ તૂટતા આવે છે, કેમકે ભૂતકાળના વિષયસુખોની પણ હેય બુદ્ધિ અહીં નષ્ટ થઇ ગઇ.

આમ જ્યારે નિયાણાથી અશુભ અનુબંધ અશુભ સંસ્કાર ઊભા થવા સાથે પૂર્વના શુભાનુબંધ-શુભસંસ્કાર નષ્ટ થઇ જાય એટલે પછી નિયાણાનાં ફળ ભોગવવા વખતે ધર્મબુદ્ધિ ક્યાંથી થાય ?

**અશુભાનુબંધી અશુભ સંસ્કારથી પાપબુદ્ધિ જ રહ્યા કરે.**

બ્રહ્મદત્ત ચક્રવર્તીને પૂર્વ ભવે નિયાણું કરવાથી આ થયું કે શુભાનુબંધ-શુભસંસ્કાર નષ્ટ થયા. તેથી હવે એક મામુલી બ્રાહ્મણે એની આંખો ફોડાવી નાખી ત્યાં સદ્બુદ્ધિ ન આવી કે 'હું આટલો મોટો ચક્રવર્તી ૯૬ ક્રોડનું લશ્કર સેવામાં અને મામૂલી બ્રાહ્મણ મારી આંખો ફોડાવી શકે, એમાં કર્મની જ શિરજોરી છે. કર્મસત્તા ધાર્યું કરવામાં મોટા ચમરબંધીને પણ ગણકારે નહિ, તો પછી કર્મસત્તાથી કચરાતા મારે ગરીબ બિચારા બ્રાહ્મણ પર કે બ્રાહ્મણ જાત પર ગુસ્સો કરવાની શી જરૂર ?

**હવે તો કુટિલ કર્મસત્તાને તોડનારા અરિહંત પરમાત્મા અને જિનશાસનની વિવિધ આરાધનાઓમાં લાગી જાઉં.**

આવી સદ્બુદ્ધિ ન સૂઝી. કેમ ? શુભાનુબંધ ઊભા રાખ્યા હોય તો સૂઝે ને ? પૂર્વ જન્મમાં હૈયામાં ધર્મનું સ્વરૂપ નષ્ટ કરી દીધેલું, તીવ્ર વિષયસુખની લાલસામાં અશુભ અનુબંધો ઊભા કરેલા, તેથી અહીં ચક્રવર્તીપણાના ભોગસુખોમાં

તીવ્ર આસક્તિ અને હવે અંધાપાથી આંખે જોવાના વિષયોના સુખ ગયા તેથી તીવ્ર ગુસ્સો ઊભો થઇ ગયો' ધર્મ ઉચ્ચ કોટિનો કરવા છતાં કેવી કરૂણ દશા ?

ત્યારે અગ્નિશર્માને શું થયેલું ? એણે પણ લાખો પૂર્વ સુધી એટલે અબજોના અબજો વરસ સુધી માસખમણના પારણે માસખમણ કરેલા છતાં અંતે ભયંકર ગુસ્સામાં ચડી શુભાનુબંધો નષ્ટ કરીને અશુભ અનુબંધો ઊભા કરેલા ને ?

અગ્નિશર્માએ સમતા ઓછી નહી રાખેલી. રાજકુમાર ગુણસેન એની મશ્કરી કરતો જેથી ત્રાસી ગયેલો અને વતન મૂકી પરદેશ આવ્યો, તપોવન મળ્યું, તાપસ કુલપતિએ એની હકીકત સાંભળી એને સાંત્વન આપેલું કે 'જો મહાનુભાવ ! આમાં રાજકુમાર ગુણસેનનો દોષ નથી, દોષ તેં પૂર્વ જન્મમાં તપ નથી કર્યો એનો છે. આ જગતમાં

**જે ઉત્તમ મનુષ્યભવ પામીને પણ તપ નથી કરતા, તે પરભવે બીજાના તરફથી અપમાન-પરાભવ-તિરસ્કાર પામે છે.**

માટે તું હવે તપના માર્ગે લાગી જા, જેથી ભવાંતરે પાછું અપમાન વગેરે પામવાનો અવસર ન આવે.'

અહીં અગ્નિશર્મા-ગુણસેનનો વાંક ભૂલી સમતા ભાવમાં આવી ગયો, થોડા દિવસ તાપસપણાની તાલિમ લઇ તાપસ બન્યો, અને પ્રતિજ્ઞા કરી કે 'જીવનભર મહિને મહિને એકવાર ભોજન લેવું.' તે પણ એકજવાર અને એક જ ઘરે. ત્યાં પણ ગયા પછી મળે કે ન મળે ત્યાંથી નીકળી ગયા પછી ફરીથી ત્યાં કે બીજા ઘરે ભોજન માટે ન જવું અને બીજા મહિનાના ઉપવાસ શરૂ કરી દેવા.' એના મનને લાગી ગયું કે

**કિંમતી માનવ-બુદ્ધિશક્તિનો શો ઉપયોગ ?**

''દુનિયાના માણસો પર ગુસ્સો કરવો કે દ્વેષ રાખવો એ ખોટું છે એમ કરવામાં માનવભવે મળેલી અતિ અતિ કિંમતી ચિત્તશક્તિ બુદ્ધિશક્તિનું લિલામ થાય છે. એના કરતાં સમતાભાવે તપસ્યામાં લાગી જવું, જેથી મહાકિંમતી બુદ્ધિશક્તિ અને શરીરશક્તિ બંનેનો ઊંચો સદુપયોગ થઇ જાય. વળી તપસ્યા કરવામાં, જ્યાંસુધી શરીર પડી નથી જતું ત્યાંસુધી તો, બાકી શું કામ રાખવી ? શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરી ઉત્કૃષ્ટ તપસ્યા કરવી. શરીર હાથમાંથી ગયા પછી આ નથી બનવાનું.

**માનવશરીર મળ્યું છે આત્માની સેવા અર્થે,**

તેથી એ સેવા મારે એને હિતકારી તપ કર્યે જવો.''

બસ અગ્નિશર્મા માસખમણના પારણે માસખમણ કરવામાં લાગી ગયો લાગી ગયો તે કેવો ? ૫-૧૦ કે ૨૫-૫૦ જ માસખમણ નહિ, કિન્તુ લાખો પૂર્વ વર્ષો સુધી માસખમણ પર માસખમણ ચલાવ્યે રાખ્યા. મહાવિદેહ ક્ષેત્ર છે એટલે ત્યાં વધારેમાં વધારે એક ક્રોડ 'પૂર્વ' વર્ષના આયુષ્ય હોય.

**૧ 'પૂર્વ' વર્ષ એટલે કેટલા વરસ ?**

૮૪ લાખ વર્ષનો એક 'પૂર્વાંગ' થાય. ૮૪ લાખ પૂર્વાંગનું એક 'પૂર્વ' થાય. એટલે એક પૂર્વમાં ૮૪ લાખ X ૮૪ લાખ = ૭૦૫૬૦ અબજ વરસ થાય આ તો હજી એક પૂર્વ વર્ષો, એવા ૧૦૦-૨૦૦ પૂર્વ નહિ, હજાર બે હજાર કે લાખ બે લાખ પૂર્વ નહિ, કિન્તુ લાખો પૂર્વ વર્ષ સુધી માસખમણ કર્યે રાખ્યા ! એમાં શું ગુમાવ્યું ? એમાં કાંઇ મરી ન ગયો હો, હજી જીવતો જ ઊભો છે.

એટલા જંગી કાળના માસખમણ પણ સૂતા સૂતા ને વિકલ્પો કરતા કરતા નહિ, કિન્તુ આખો દિવસ, પદ્માસને બેસી રહી પોતાના ઇષ્ટ મંત્રનો જાપ કરતો પસાર કરે છે ! તમને થશે,

પ્ર.-એના એજ જાપ એકલામાં સમય કેમ જાય ?

ઉ.-પણ તમારો સંસાર જુઓ. એમાં ય શું છે ? અનંત અનંત કાળ જે ઘૂંટ્યું એ જ વિષયોમાં એકલામાં, કલાકો દિવસો મહિના ને વરસો જાય છે ને ? કેમ વારુ ? તો કે જીવને એની લગન છે. તો પછી જેને આ તપ અને જપની લગન લાગી એને એમાં વર્ષોના વર્ષો આખો દિવસ એમાં સુખપૂર્વક પસાર કેમ ન થાય ? અહીં પ્રારબ્ધ કરતાં પુરુષાર્થની વિશેષતા છે, એ સમજજો પાછો અગ્નિશર્મા આ બધો કાળ સમતાભાવમાં પસાર કરે છે ! એનો પડઘો કેવો સુંદર પડે છે તે જુઓ-

**અગ્નિશર્માના ઉત્તમ બોલ :-**

રાજા ગુણસેન એની મહાતાપસ તરીકેની ખ્યાતિ સાંભળીને દર્શન-વંદને આવે છે, અને ઉચિત કરી એને પૂછે છે કે 'આટલો બધો મોટો તપ તમે શી રીતે કરી શક્યા ?'

અગ્નિશર્મા કહે 'કલ્યાણમિત્ર રાજકુમાર ગુણસેનની પ્રેરણાથી',

રાજા પોતાનું નામ સાંભળીને ચોંકે છે, પરંતુ કલ્યાણમિત્ર પોતે શી રીતે

એ ખ્યાલમાં ન આવ્યું. અલબત પોતાનું બાળપણ યાદ આવ્યું, એમાં તો પોતે અગ્નિશર્માની મશ્કરી કરતો હતો. એ જ દેખાયું. એમાં કલ્યાણ-મિત્રતા શી ? તેથી પૂછે છે-

'ભગવન્ ! તે કલ્યાણમિત્ર રાજકુમાર ગુણસેને શી પ્રેરણા કરેલી ?'

મહાતાપસમાં કેવી સમતા છે ! તે રાજાને કહે છે-'જુઓ મહાનુભાવ આ જગતમાં ઉત્તમ પુરુષો બીજાની પ્રેરણા મેળવ્યા વિના ધર્મ કરે છે, ત્યારે મધ્યમ માણસો બીજાની પ્રેરણા પામીને ધર્મ કરે છે, પણ અધમ માણસોને પ્રેરણા મળવા છતાં ય ધર્મની હોંશ થતી નથી. હું એક મધ્યમ માણસ છું તે મને રાજકુમાર ગુણસેનની પ્રેરણા મળી ને આ તપમાં લાગી ગયો.'

'પરંતુ પ્રભુ ! તે એણે પ્રેરણા શી કરેલી ?'

મહાતાપસ કહે છે 'ભાઇ ! એ તો જો ને જગતમાં પ્રેરણા અનેક પ્રકારની હોય છે એમાં ગમે તે એક પ્રેરણા એણે કરી અને મને આ તપનો લાભ થઇ ગયો.'

ગુણસેન રાજાને ખ્યાલ આવી ગયો કે 'મારી મશ્કરીથી આ ત્રાસીને ભાગેલો, તે અહીં આવીને મહાતાપસ બની ગયો છે.' ત્યારે રાજાના મનને એમ થાય છે કે 'અહો ! આની કેટલી બધી ઉત્તમતા છે કે મારું હલકું જોવાને બદલે મને તપની પ્રેરણા કરનાર ઉપકારી તરીકે માને છે ! ધન્ય આની સજ્જનતાને !' કે હજી મને એ ઓળખી શક્યો લાગતો નથી એટલે એક ત્રાહિત માણસ તરીકે જાણે છે. છતાં ખૂબી કેવી છે કે

**ત્રાહિતની આગળ પણ બીજાની નિંદા નહિ કરવી, એનું હલકું કે એનું ઘસાતું નહિ બોલવું એ આની કેવી મહા સજ્જનતા છે !**

ત્યારે હું કેવો દુર્જન કે મેં આવા ઉચ્ચ આત્માની દિવસોના દિવસો મશ્કરી કરેલી ! તો લાવ, હવે મારી ઓળખ કરાવીને એ મશ્કરીની માફી માગી લઉં,'

રાજા મહાતાપસને કહે છે પ્રભુ ! એ ગુણસેન નહિ, પણ પાપી અગુણસેન હું પોતે જ છું, મને માફ કરો.'

મહાતાપસની અહીં પણ સમતા જુઓ, ગુણદ્રષ્ટિ જુઓ, કે એ શું કહે છે ! એ કહે છે, 'અરે મહાનુભાવ ! આ તમે શું બોલ્યા ? તમે તો અગુણસેન નહિ, માત્ર ગુણસેન નહિ, કિન્તુ મહાગુણસેન છો, કે જેમણે મને આ મહાતપનો વૈભવ

પમાડ્યો ! તમારા હિસાબે જ હું આ તપ-સમૃદ્ધિ પામ્યો છું. તેથી તમે તો મહાગુણસેન છો.' અગ્નિશર્માનું કેટલું બધું ધૈર્ય છે કે ગુણસેન કસીને પૂછે છે એટલા માટે કે કાંઇ કરતાં બાળપણની મશ્કરીનો ત્રાસ યાદ કરે છે ? પરંતુ આને જ્યાં તપ એજ સાચો મોટો વૈભવ લાગે પછી એમાં નિમિત્ત બનનાર મશ્કરીનો ત્રાસ શાનો ત્રાસરૂપ લાગે ?

તમે જ જુઓ ને કે આવા કે આથી વધુ ત્રાસમાં બહાર નીકળી ગયા, અને તેથી જ તમને એક ક્રોડનું ધન કમાવા મળ્યું હોય, તો શું લાગે ? 'સારું થયું કે આ ત્રાસથી બહારગામ નીકળી ગયો અને પછી બરાબર એજ અવસરે પેલો દાતાર મળ્યો તો આ ધન કમાણી થઇ !' આવું જ કાંક લાગે ને ?

વાત આ છે-

**'પૈસા એ ધન નહિ પણ તપ વગેરે ધર્મ એ ધન,'**

એમ હાડોહાડ લાગી જવું જોઇએ. હૈયામાં આ ઠસાવવું મુશ્કેલ લાગે છે ને ? સાંજ પડ્યે ચાર સામાયિક કર્યા તો હું સાચુ ધન કમાયો એવું મનને લાગતું નથી ! એટલે એનો એવો આનંદ નથી અનુભવાતો, જેવો ૪૦૦ રૂપિયા કમાયાનો અનુભવાય છે. એમ રૂપિયા કમાવાના આનંદ જેવો દાન કમાયાનો આનંદ નથી અનુભવાતો, એટલે જ દાનમાં કસર કરાય છે. રૂપિયા કમાવામાં કસર નહિ, ને દાન કમાવામાં કસર ? રૂપિયા નસીબ ન હોય ને મળે એ જુદી વાત, પરંતુ અંતરની વૃત્તિ તો રૂપિયા અધિક મળે તો સારું એવી જ રહે છે. ત્યારે દાન તો પોતાના પુરુષાર્થને આધીન છે, છતાં એ સ્વાધીન પણ અધિક કમાઇ લેવાની હોંશ નથી ! કેમકે દાન એ ખરું ધન એમ લાગતું નથી.

**ધર્મને ધન માનવું હોય તો :-**

(૧) આ વૃત્તિ ફેરવવા જેવી છે. અધિક પૈસાની લાલસા થાય યા મળે ત્યાં ભડકવું જોઇએ કે 'આ હું શાના પર રાજી થઇ રહ્યો છું ? અધિક પૈસાથી તો અધિક રાગ, અભિમાન, પ્રપંચો, આરંભ-સમારંભ અને વિષય-વિલાસના ઝેર વધવાના છે. પ્રભુનું શાસન પામ્યા પછી ઝેરની આ લાલસા કરું ?

**પૈસા પરના આ રાગ-અભિમાન-વિલાસના ઝેર વધીને ભવના ફેરા વધશે એનો મને ડર નથી ?** ને અધિક પૈસાનો રાગ છે ? ધિક્કાર પડો મારા મનને કે ભવના ફેરા

વધવાનો ડર નહિ !' આમ ભાવના કરતાં કરતાં પૈસાને ધન માનવાનું ઓછું થાય.

(૨) બીજો વિચાર એ છે કે ધર્મ કમાવાની તક એળે ગયાનો પારાવાર અફસોસ થવો જોઇએ. એવો ધન કમાવાની તક ગઇ યા ધન નષ્ટ થયું, ગુમાવ્યું, એની અફસોસી નહિ. ત્યાં તો એમ લાગે કે-

**ચક્રવર્તીના મોટા રાજ્ય ગયા મારે શું ગયું છે કે અફસોસી કરું ?**

અફસોસી કરું તો, આ રુડા જૈન મનુષ્ય જનમમાં કેટલોય દાન-શીલ-તપ-ભાવના, જિનભક્તિ-સત્સંગ, ક્ષમા-નમ્રતા...વગેરે ધર્મ કરી શકાય, એવો ધર્મધન કમાવાનો રુડો અવસર એળે જાય છે એની અફસોસી કરું.

જુઓ ધવલશેઠ મર્યા ત્યારે શ્રીપાળકુમારને મિત્ર ગયાની અફસોસી થયેલી, પરંતુ ધવલના પ્રપંચથી શ્રીપાલને દરિયામાં પડવું પડેલું અને વહાણ ગયાં, બે નવી પરણેલી રાજકુમારીઓ ગઇ, એની અફસોસીય કરતા નહિ બેઠેલા ! એટલે તો મગરમચ્છે શ્રીપાલને પીઠ પર ઝીલી થાણા બંદરે ઉતાર્યા ત્યાં આગળ વધી નિરાંતે ઝાડ નીચે જઇ ઊંઘી ગયા છે. કાંઇ આટલું બધું ગુમાયાનો મન પર ભાર ? ના, એ તો સમજતા હતા કે **'આ દુન્યવી સારી-નરસી પ્રાપ્તિ એ તો બધા કર્મના ખેલ છે.'**

**સમુદ્રમાં ભરતી-ઓટ આવે એથી સમુદ્રનું કાંઇ વધતું-ઘટતું નથી એમ આત્માને કર્મની ભરતી-ઓટ આવ્યા કરે એમાં આત્માનું કશું વધતું-ઘટતું નથી. પછી એમાં ખુશી-નાખુશી શી કરવી ?**

**ધર્મ પામ્યાની કસોટી :-**

અહીં ધર્મ પામ્યાની અને ધર્મ પર પ્રેમ હોવાની કસોટી થાય છે કે તમને દુન્યવી ધન-માલ ગયાની બહુ અફસોસી થાય છે ? એ થતી હોય તો હજી હૈયામાં ધર્મની એવી સ્પર્શના નથી થઇ સમજવાનું. ધર્મ પર એવો જોરદાર પ્રેમ નથી જાગ્યો સમજવાનું. નહિતર તો દુન્યવી મોટી નુકસાનીમાં પણ મન વિચારી લે કે

'મારી પાસે દિલમાં અનંત સુખદાતા અરિહંત છે, એમનું શાસન છે, એમનો દયા, દાન, શીલવ્રત, ત્યાગ, તપ વગેરે ધર્મ મારી પાસે છે, ને એજ મારું ભવોભવ ઓથ આપનાર સાચું ધન છે, પછી માત્ર આ જનમનું બાહ્ય માટીનું ધન ગયા પરથી અફસોસીય શી કરવી હતી. ખરી વાત આ છે, કે

**આપણને અરિહંત મળ્યા એમનું શાસન મળ્યું, ત્યાગી ગુરુઓ મળ્યા. દયા-**

**દાનાદિ ધર્મ મળ્યો એનો અપરંપાર આનંદ નથી. નહિતર એ આનંદની આગળ દુન્યવી કોઇ આનંદ ઊભો ન રહે, દુન્યવી માલ ગુમાવ્યાની કોઇ અફસોસી ન રહે.**

અંતરથી મસ્ત છો ? શાના ઉપર ? સારા પૈસા, સારું મકાન, સારી બૈરી મળ્યાથી આનંદમસ્ત છો ? કે વીતરાગ પ્રભુ, સદ્ગુરુ અને વ્રતનિયમો તથા સામાયિક-પ્રતિક્રમણ પૂજા વગેરે ધર્મ મળ્યાથી આનંદમસ્ત ?

**જો ધર્મથી મસ્તતા હશે તો દુન્યવી તકલીફોથી મન પીડાતું નહિ રહે. મનને પીડા રહિત રાખવાની આ ચાવી છે કે ધર્મને સાચો વૈભવ માની એના પર આનંદમસ્ત રહો.**

અગ્નિશર્મા તપને સાચો વૈભવ સમજી એના પર આનંદમસ્ત રહેતો, તેથી રાજકુમાર પહેલાં મશ્કરી કરતો એને તકલીફ રૂપ માનવાનું હવે એણે મૂકી દીધું છે. એટલે જ એ મશ્કરીને એ ત્રાસને હવે મોટી તપસ્યા કમાવાનું સારું નિમિત્ત બન્યાનું જુએ છે, તેથી જ રાજા ગુણસેનને સમતાભાવથી કહે છે-

'અરે મહાનુભાવ ! જે તેં મને આટલો બધો તપનો વૈભવ કમાવી આપ્યો એ તું અગુણસેન શાનો ?'

જોજો, આ બધું પ્રારબ્ધથી એટલે કે પુણ્યોદયથી નથી બની રહ્યું પરંતુ સત્પુરુષાર્થથી બની રહ્યું છે. પ્રારબ્ધ એટલે કે મશ્કરી પામવાનો પાપોદય તો અધમ વિચારણામાં લઇ જાય, પરંતુ અહીં એણે માનસિક સત્પુરુષાર્થને જયવંત રાખ્યો છે. તેથી જ જુઓ કે-

અગ્નિશર્માનો કેટલો બધો સમતાભાવ છે ! આ સમતાભાવ માત્ર મનમાં માની લેવાનો કે માત્ર મોંઢે બોલી બતાવવાનો નહિ, પરંતુ આચરી બતાવે છે. રાજાએ પારણાનું નોતરું આપ્યું તો એ ઝીલી લીધું ! નહિતર એવા દુશ્મનને ત્યાં પગ મૂકવાનું મન થાય ? પરંતુ પ્રારબ્ધ પર માનસિક વાચિક ઉપરાંત કાયિક પુરુષાર્થનો વિજય છે એ અહીં દેખાઇ આવે છે.

વળી સમતા કેટલી હદ સુધીની કે પહેલું પારણું ગુમાવ્યું, બીજું પારણું ગુમાવ્યું, એટલે બે મહિનાના ઉપવાસ થઇ ગયા, અને ત્રીજા મહિનાના ચાલુ થાય છે, છતાં અગ્નિશર્માએ સમતા સાચવી રાખી છે ! ત્યારે દિલમાં સમતા કેવી અને કેટલી ઘૂંટી હશે ?

**સમતાનો પુરુષાર્થ ભૂખની પીડાના પ્રારબ્ધ પર કેટલો બધો વિજયવંત બની શકે છે !**

આટલી બધી સમતા ઘૂંટનારને પણ નિમિત્ત કેવા ભુલાવે છે, અને કેવો ક્રોધનો અસત્ પુરુષાર્થ એ કરી બેસે છે, એ અગ્નિશર્માના જીવનમાં જોવા મળે છે. માટે જ,

**પછડાવું ન હોય તો એવા નિમિત્તમાં તરત જ ખૂબજ સાવધાન થઇ જવા જેવું છે,**

અને દીર્ઘ કાળના સત્પુરુષાર્થ ઉપર કૂચડો ફેરવી દે એવા અસત્ પુરુષાર્થને મજબૂત મનથી તરત જ રોકવા જેવો છે. નિમિત્ત ખોટું આવી જાય એમ બને, પરંતુ ત્યાં આપણે વધુ સાવધાન બની હૈયાના ભાવ બગડતા અટકાવવાના.

અગ્નિશર્મા અહીં ભૂલ્યો, રાજા ત્રીજી વારનું પારણું ન કરાવી શક્યો, એ ખોટું નિમિત્ત મળ્યું, કેમકે હવે ચોથા મહિનાના ઉપવાસ શરૂ થાય અને એટલી ભૂખ વેઠવાની તૈયારી નથી. તેથી વિહ્વળતા થાય એવું નિમિત્ત આવીને ઊભું રહ્યું.

**અસત્ નિમિત્તમાં સાવધાની શી જોઇએ ? :-**

અહીં અગ્નિશર્માએ સાવધાની આ રાખવી જોઇતી હતી કે મન ઝટ વિચાર કરે કે 'એનો એજ રાજા એકવાર, બીજીવાર, ત્રીજીવાર પારણું ચૂકાવે છે તો એમાં એનો વાંક નથી. ભવિતવ્યતા જ કોઇ એવી કે મારે એના આમંત્રણ સ્વીકારતા જવાય, અને એનાથી પારણું ચૂકાવતા જવાય ! આ જગતમાં ભવિતવ્યતા બળવાન છે. ખેર, મારે હવે ફરીથી એનું આમંત્રણ નહીં સ્વીકારવાનું, અને હવે અહીં તાકાત હોય તો જાવજ્જીવનું અનશન લઇ લેવું. એ તાકાત ન હોય તો આ મહિનો કષ્ટથી પણ પસાર કરવાનો અથવા છેવટે મનની નબળાઇથી પારણું કરી લેવું પડે તો ભલે તેમ, પરંતુ રાજા પર ગુસ્સો નહિ કરવાનો ને ભવોભવનું વૈર નહિ ઊભું કરવાનું.

**ખોટા નિમિત્તમાં પણ સાવધાની હોય તો મનના ભાવ ન બગડવા દેવા માર્ગ કઢાય. કિન્તુ ક્રોધ-વૈર વગેરે ઊભું કરવાનો અસત્ પુરુષાર્થ ન કરાય.**

જોજો અહીં, અગ્નિશર્મા જે ગુસ્સામાં ચડે છે, ને જે ભવોભવનું વૈર બાંધે છે, તે કર્મના હિસાબે નહિ, પરંતુ પોતાના અસત્ પુરુષાર્થના લીધે બાંધે છે. અહીં જો એને સમતાનો સત્પુરુષાર્થ ચાલુ રાખવો હોત તો કર્મ એને ફોર્સ ન પાડતે કે 'રહેવા દે સમતા, લે આ કષાયમાં ચડી જા'. ના, કર્મની બળજબરી નથી જો આત્મા સાવધાન બની જાય, ને સત્પુરુષાર્થનો પોતાનો સ્વતંત્રતાનો હક બરાબર અજમાવે.

**સત્ કે અસત્ પુરુષાર્થમાં આત્મા સ્વતંત્ર છે.**

શ્રી મહાવીર ભગવાનને ગોવાળિયો કાનમાં ખીલ્લા ઠોકવા આવ્યો, એ વખતે પ્રભુ શક્તિમાન હતા. ગોવાળિયાને દબાવવા-કચરવાનો અસત્ પુરુષાર્થ કરવો હતો તો કરી શકતે પરંતુ ન કર્યો, પુરુષાર્થમાં આત્માની સ્વતંત્રતા છે, તેથી પ્રભુએ સત્પુરુષાર્થ ક્ષમા-નમ્રતા-સહિષ્ણુતાનો જ કર્યો.

**સત્પુરુષાર્થ કરવા આ ઉપાય છે-**

(૧) આપણને પુરુષાર્થની આપણી સ્વતંત્રતાનું ભાન અને કદર જોઇએ, તેમજ

(૨) અસત્ પુરુષાર્થનાં બહુ ભૂંડાં ફળ અને સત્પુરુષાર્થના બહુ રૂડાં ફળ નજર સામે તરવરતા રહેવા જોઇએ.

અગ્નિશર્મા આ સમજતો હતો ત્યાં સુધી સમતાનો સત્પુરુષાર્થ કરતો રહ્યો, પરંતુ જ્યાં ત્રીજું પારણું ચૂકાઇ ગયાનું નિમિત્ત બનવા પર એ સમજવું ભૂલ્યો, ત્યાં ગુસ્સા અને વૈરના નિયાણાના અસત્ પુરુષાર્થ પર ચડી ગયો. અહીં જો એણે ક્ષમા-સમતાનો સત્પુરૂષાર્થ રાખ્યો હોત, અને અસત્ પુરૂષાર્થ ઊઠતો દબાવ્યો હોત તો તે કરી શકવા સ્વતંત્ર હતો. પરંતુ એ અસત્પુરુષાર્થ કરવા ગયો તો કેવો અનંતકાળ માટે બરબાદ થઇ ગયો ! એ ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે.

એટલે જ ગજસુકુમાલમુનિ, ખંધકમુનિ, મેતારજમુનિ વગેરેને ખૂબ નજર સામે રાખી જોવા જેવું છે કે એમને વિના વાંકે સામાએ પીડવાનું ખોટું નિમિત્ત આપ્યું છતાં એમણે અસત્ પુરુષાર્થ ન કર્યો, તો એમનું શું બગડી ગયું ? **શરીર ભલે નષ્ટ થયું, પરંતુ આત્મા શાશ્વત મોક્ષ પદ પામ્યો ! અનંત અનંત કાળથી ચાલી આવેલી જનમ-મરણની વિટંબનાનો કાયમી અંત આવ્યો. આનાથી બીજું રૂડું શું ?**

આવા મહાપુરુષોને સદા નજર સામે ને નજર સામે રાખવા, જેથી પ્રારબ્ધના ખોટા ભરોસે ન રહેતાં પુરુષાર્થ અંગેની આપણી સ્વતંત્રતાનો ઉપયોગ થાય, અને કષાયોના અસત્ પુરુષાર્થ પડતા મૂકી ક્ષમા-સમતાદિના સત્પુરુષાર્થ થાય. એમ હિંસા, આરંભ-સમારંભ, અસત્ય-અનીતિ, વિષય-વિલાસ, પ્રમાદ વગેરેના અસત્ પુરુષાર્થ પડતા મૂકી દઇ દયા, અહિંસા, સત્ય, નીતિ, વ્રત-નિયમ, જિનભક્તિ, ગુરુભક્તિ, શાસ્ત્ર-સ્વાધ્યાય, જાપ-ધ્યાન વગેરેના સત્પુરુષાર્થ કરતા રહેવાય.

અગ્નિશર્મા આ ભૂલ્યો તો એણે કેટલી હદ સુધીનો અસત્ પુરુષાર્થ અપનાવ્યો કે એકવાર જે એણે રાજાને તપનો વૈભવ પમાડનાર કલ્યાણમિત્ર માનેલો, તે હવે એવી અસત્ વિચારણામાં ચડ્યો કે 'આ રાજા મારો બાલ્યકાળથી દુશ્મન, મારી મશ્કરી કરનારો ને હજી એણે મશ્કરી છોડી નહિ ? તે મને પારણાનું નિમંત્રણ આપી આપી પારણું ચૂકાવવાની મશ્કરી કરે છે ? જાણે સાધુ-સંન્યાસી એ ગરીબડા બિચારા, એ શું કરવાના છે ? પણ હું એને બતાવી દઇશ. આ મારા તપના પ્રભાવે એને હું જનમ-જનમ મારનારો થાઉં.'

**કેવો ગુસ્સો ? માનો કે 'સામાને બતાવી દઇશ' એમ નક્કી કર્યું. પણ તેથી પોતાને શો લાભ ? પોતાના આત્માને શું મળવાનું ? દુનિયા કાંઇ શાબાશી ન આપે અને પોતાને ભવચક્રમાં બેહાલ પણે ભટકવાનું મળવાનું !**

**ગુસ્સો અંધ બનાવી યા ભવચક્રમાં બેહાલપણે ભટકવાનું વગેરે કશું જોવા દેતો નથી.**

ગુસ્સાથી ધમધમતો અગ્નિશર્મા આશ્રમે પહોંચ્યો. કુલગુરુ સમજી જઇ શિખામણ આપે છે કે 'જો, આપણે તાપસ છીએ, આપણાથી ગુસ્સો ન કરાય. પરંતુ ગુસ્સાના આવેશમાં કશું સાંભળવા-માનવા તૈયાર નથી, અને ત્યાં અનંતકાળના ભવભ્રમણનાં આંધણ મૂકે છે ! બોલો, અહીં એને આટલો બધો કોણે ભુલાવ્યો ? પ્રારબ્ધે ? કે પુરુષાર્થે ?

**બ્રહ્મદત્ત ધર્મનું વેચાણ કરી અસત્ બન્યો છે.**

બ્રહ્મદત્ત ચક્રવર્તી પણ આમ ભૂલ્યો. બ્રાહ્મણે એની આંખો ફોડાવી તો એવા ભયંકર ગુસ્સામાં ચડ્યો કે મંત્રીને હુકમ કર્યો 'જગતભરના બ્રાહ્મણોની આંખો ફોડી ફોડી અહીં એના ડોળા લાવો.'

મંત્રીઓ ડાહ્યા હતા એટલે ગુંદાના ઠળીયાના થાળ મંગાવી બ્રહ્મદત્તની આગળ મૂક્યા અને બ્રહ્મદત્ત અત્યંત ગુસ્સામાં બે હાથે એને ચોળતો બોલે છે, 'હરામી બામણાઓ ! મારી આંખો ફોડાવી ? લ્યો હવે ઠીક હાથમાં આવ્યા છો. તમારા બધાની આંખો ચોળું છું.' કેટલી બધી કાળી લેશ્યા છે ? કેટલું ભયંકર રૌદ્ર ધ્યાન છે ? કારણ ? એ પૂર્વ જન્મે ધર્મનું વેચાણ કરી દુન્યવી સુખ માગીને આવ્યો છે. એટલે અસત્ પુરુષ બની ગયો છે.

**સત્ પુરુષ પ્રસંગ પામીને થોડામાં બૂઝી જાય, પ્રતિબોધ પામી જાય,**

ત્યારે અસત્ પુરુષ પ્રસંગ પામીને બૂઝે તો નહિ, પણ ઊલટું અધિક કષાયમાં, કાળી લેશ્યામાં, અને રૌદ્ર ધ્યાનમાં ચડી જાય છે.

**જંબુ-પ્રભવનો સંવાદ :-**

પ્રભવચોર જંબૂકુમારને ત્યાં ચોરી કરવા આવેલો, પરંતુ પ્રસંગ જોયો કે જંબૂકુમારને નવી પરણેલી આઠ રૂપ સુંદરીઓ દીક્ષા ન લેવા વિનવી રહી છે. સંસારમાં રહી જવા અનુકૂળ અનુકૂળ દૃષ્ટાન્તો આપી રહી છે. ત્યારે સત્પુરુષ જંબૂ એથી લહેવાઇ ન જતાં સામે એવા જ દૃષ્ટાન્ત આપી આપીને સંસારની ભારે અસારતા-નિર્ગુણતા સમજાવી રહ્યો છે.

આ જોતાં પ્રભવ ચોંકી ઊઠે છે ! પહેલાં તો કહે છે-

'જંબૂ ! મારી અવસ્વાપિની નિદ્રાની વિદ્યા તમારા ઉપર કામ નથી કરતી, પણ તમારી સ્તંભિની વિદ્યા અમારા પર કામ કરી રહી છે, તે અમે થંભી ગયા છીએ. તો એમ કરોને કે તમારી થંભિની મોક્ખિણી વિદ્યા મને આપો, અને હું તમને મારી અવસ્થાપિની અને તાલોદ્‌ઘાટિની, એ બે વિદ્યા તમને આપું.'

ત્યારે જંબૂકુમાર કહે 'ભાઇ ! કાલ સવારે હું ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિ એક તણખલાની જેમ છોડીને ચાલ્યો જવાનો છું. તો તારી વિદ્યાને મારે શું કરવી છે ?'

આ સાંભળીને પ્રભવને એમ ન થયું કે 'આ મૂરખો છે. એ ૯૬ ક્રોડની સંપત્તિ હાથમાં છતાં છોડી દે છે ! તો તદ્દન અક્કલ વિનાનો કોઇ સાધુ મહારાજે ભોળવ્યો લાગે છે.'

આવું પ્રભવના મનને ન થયું. એ તો જંબૂ ઉપર ઓવારી જાય છે એના મનને જંબૂ ઉપર ભારે બહુમાન થાય છે.

પણ પ્રભવ હજી સંસારી છે ને ? તેથી જંબૂને કહે છે, 'ભાઇ ! તું ભારે વૈરાગી, પરંતુ આ આઠ સ્ત્રીઓને બિચારીને કેમ કરગરાવી રહ્યો છે એ તને કરગરી રહી છે તો ય તને દયા નથી આવતી ?'

ત્યારે જંબૂ કહે છે 'પ્રભવ ! તું શાની દલાલી કરવા નીકળી પડ્યો છે ? તને ખબર છે કે આમને કેવા વિષય સુખો જોઇએ છે ? **જેની પાછળ અનંત દુઃખ છે, અનંત અનર્થ છે, એવા વિષય સુખ જોઇએ છે.'** જંબૂ કહે, **'સુખ વિષયનું અલ્પ, અપાય અનંત.'** તને ખબર નથી લાગતી કે,-

***વિષય સુખો મધુબિન્દુનાં સુખ જેવા છે કે જેની પાછળ ઘોર અજગરના મુખમાં ઝડપાઇ જવાના ભયંકર દુઃખ છે !***

## મધુબિન્દુનું દૃષ્ટાન્ત :-

એમ કહીને જંબૂકુમારે મધુબિન્દુનું દૃષ્ટાન્ત સંભળાવ્યું કે જેમાં દોડતા તોફાની હાથીના ભયથી ગભરાયેલ એક પ્રવાસી દોડતો એક કૂવામાં લટકતી વડની વડવાઇને વળગી પડેલો, નીચે જુએ છે તો મોટા ચાર અજગર મોં ફાડીને બેઠા છે ! ઉપર મધપૂડાની ભમરીઓ વડવાઇ હાલી ઊઠવાથી ગુસ્સે ભરાઇ ઉડીને પ્રવાસીના શરીરે ચટકા મારી રહી છે ! ને હાથી ગુસ્સે ભરાયો આખા વડને સૂંઢમાં લઇ હચમચાવી રહ્યો છે ! ત્યાં મધપૂડામાંથી મધ ટપક્યું તે પ્રવાસીના માથા પર પડી લલાટે નાકે ઊતરી હોઠ પર આવી ગયું ને પ્રવાસીને મીઠું લાગવાથી ચાટી રહ્યો છે. ટપક ટપક મધનું બિન્દુ આવી રહ્યું છે, અને પ્રવાસી ચાટતો રહ્યો છે. એમાં એક વિદ્યાધર વિમાન લઇને જતો ત્યાં આવીને દયાથી એને કહે છે, 'ભાઇ ! તું આવી જા વિમાનમાં, તને તારા સ્થાને મૂકી દઉં.'

ત્યારે પ્રવાસી કહે છે 'ના, હમણાં નહિ, હમણાં તો મધબિન્દુ ચાટવાની મજા આવે છે. એ કેમ છોડાય ?'

વિદ્યાધર કહે 'અલ્યા પણ આ નીચે તો જો, કેટલા ભય છે ? આ હાથી જ્યાં વડ ઉખેડી નાખશે ત્યારે તારું શું થશે ?' તો પ્રવાસી કહે, 'એ તો પછીની વાત છે ને ? હમણાં તો આ મધ ચાટવાની કેવી સરસ મજા છે ?'

જંબૂ પ્રભવને કહે છે 'બોલ પ્રભવ ! આ માણસ ડાહ્યો ? કે મહા મૂરખ ? બસ, સમજી લે આ દુનિયાના વિષયોનું સુખ આવું છે, ખતરનાક છતાં એની તું દલાલી કરવા નીકળ્યો છે ?'

**પ્રભવ, ૫૦૦ ચોર, ૮ પત્નીઓ બધા સત્ પુરુષો :-**

પ્રભવ સત્પુરૂષ હતો, આટલું સાંભળતાં થોડામાં બૂઝી ગયો. જંબૂને કહે 'જંબૂ ! કમાલ કરી ! તેં મારી આંતરચક્ષુ ખોલી નાખી. તારો કેટલો ઉપકાર માનું ? હું પણ સંસાર-ત્યાગમાં તારી સાથે છું.'

તો પ્રભવની સાથેના ૫૦૦ ચોર સાગ્રીતો પણ સત્પુરુષ બની ગયેલા. તે

ય પોતાના માંધાતા નેતાને બૂઝી ગયેલા જોઇ અને મધુબિન્દુનું દૃષ્ટાન્ત સાંભળીને બૂઝી ગયા ! અને પ્રભવની સાથેસાથ સંસાર-ત્યાગ કરવા તૈયાર થઇ ગયા !

ત્યારે જંબૂને પરણીને આવેલી આઠ રૂપસુંદરીઓ પણ કેવી સત્પુરુષ કે એ ય જંબૂની વૈરાગ્યવાણી સાંભળીને બૂઝી ગઇ !

**સત્પુરુષતા વિના બોધ લાગે નહિ :-**

નિમિત્તો મોટા મળે તો ય અસત્ પુરુષને બોધ ન લાગે. બોલો, આ જગતમાં વૈરાગ્યના કેટલા નિમિત્તો મળે છે ? ટ્રેનોના ને બે બસોના મોટા અકસ્માત્, મોટરોના અકસ્માત્, મકાનો પડવાના પ્રસંગ, સુરતમાં સિલ્ક મિલનું તોતિંગ મજબૂત દેખાતું મકાન પાડવામાં ૪૦૦ માણસ દટાઇ મર્યા, ચોમાસામાં નદીઓના પૂર, વરસાદની હેલી, ગુંડાઓના ખૂની આક્રમણ...વગેરે વગેરે નિમિત્તો આજે શું ઓછા જોવા-સાંભળવા મળે છે ? છતાં જીવને બોધ લાગે છે ? ના, અસત્પુરુષતા હોય ત્યાં બોધ ન લાગે. આખી ઇસ્પિતાલો જોવા જાઓ તો દેખાય કે કેવા કેવા રોગો-વેદનાઓમાં માણસો રીબાઇ રહ્યા છે ? પરંતુ એ જોઇને ય વૈરાગ્ય થાય ? બોધ લાગે ? સત્પુરુષતા હોય તો લાગે ને ? અરે ! ખુદ રીબાતા માણસોને પણ બોધ નથી લાગતો તેથી તો એ સાજા થઇને ઘરે જઇ ખુશમિશાલ વિષયરંગમાં મહાલે છે ! એને પૂછો,-

'અલ્યા ! એ રોગમાં કે અકસ્માતમાં મરી ગયો હોત તો ક્યાં આ વિષયલહેર ભોગવવા રહેત ?'

તો એ કહેશે 'એ વાત જુદી, પણ અત્યારે જીવતા રહ્યા છીએ તો તો લહેર ભોગવી લઇએ ને ?' બોલો-

**જીવતા છીએ એ પાપો કરી દુર્ગતિ લાંબી કરવા માટે ? કે પાપોને બંધ કરી ધર્મ સુકૃતો સાધીને સદ્ગતિ સાધવા માટે ?**

જીવલેણ બિમારીમાંથી ઊઠ્યા પછી પણ ધર્મનો બોધ નથી લાગતો એ કમનસીબી કેવી? એ અસત્પુરુષતા કેવી?

**સનત્કુમાર કોણ ? અને કેવા સત્પુરુષ ?**

ત્યારે જુઓ, સનત્કુમાર ચક્રવર્તીના શરીરમાં એકાએક સોળ રોગ ઊભા થઇ ગયા, તો એની હવે દવા કરાવી રોગોનો નિકાલ કરવાનું ન સૂઝ્યું, પરંતુ એ

રોગોની પાછળનો મૂળભૂત કર્મ રોગનો જ હવે નિકાલ કરવાનું સૂઝ્યું, કેમ વારુ? કહો, એ સત્પુરુષ હતા, એટલે રોગોનું નિમિત્ત પામીને થોડામાં બૂઝી ગયા.

આ સહેલું છે ? મોટો છ ખંડનો સમ્રાટ ચક્રવર્તી, એને વૈદોની ને દવાની સગવડ કેટલી હોય ? બિમારીમાં સેવા કરનાર કેટલા હોય ? એક લાખ બાણું હજાર તો પોતાની રાણીઓ જ છે ! બાકી અંગરક્ષકો, નોકરો, અવ્વલ અવ્વલ દાસીઓ, દીકરાઓ વગેરે સેવા કરનાર કેટલા ? આમાં નિરાંતે રોગોની દવા કરાવવાનું મન ન થાય ? કેમકે ચક્રવર્તી છે એટલે આરામની સગવડો કેવી ? મોટા કરોડપતિ કે મોટા મહારાજાધિરાજને મળે એના કરતાં કેઇ ગુણી ઊંચી !

છતાં મોટા ચક્રવર્તીને ય એનો લાભ લેવા અને શરીર સારું કરવાનું ન સૂઝ્યું, ને રોગોના નિમિત્ત પર જ બૂઝી ગયા ! તરત જ રોગીષ્ઠ શરીરે ચારિત્ર લઇ લે છે ! બોલો, પ્રારબ્ધ બળવાન કે પુરુષાર્થ બળવાન ? પણ એ સત્પુરુષ હતા, એટલે એમણે પુરુષાર્થને બળવાન બનાવ્યો. એજ વિચાર્યું કે-

**'બાહ્ય રોગોને કાઢવા શા સારું મથું ? એ કાઢું તો ય કોને ખબર બીજા કર્મ રોગ વળી નવી આપદા લાવે. તેથી અંદરના કર્મ રોગને જ ખત્મ કરું. 'એ ખત્મ કરવાનો જ પુરુષાર્થ આદરું.'**

અહીં જો પ્રારબ્ધનો વિજય કહો, તો તો સનત્કુમાર પથારીમાં લાંબા સૂઇ રહ્યા હોત. પણ ના, પુરુષાર્થ વિકસાવનાર સત્પુરુષ બન્યા. એજ પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય.

**મારવાડી રાણકપુરમાં :-**

જુઓ રાણકપુરમાં છેલ્લી પ્રતિષ્ઠા થઇ ત્યારે એક મારવાડી પ્રતિષ્ઠાના દિવસે જ આવ્યો. જોયું બધી બોલીઓના ચાન્સ ગયા. હવે માત્ર એ દિવસે કાલે કરવાની દ્વારોદઘાટનની બોલી બોલાય છે. મારવાડી જુએ છે કે 'આ લાભ તો આ સહી, લેવા દે લાભ.' બોલી ચાલી-હજાર, બે હજાર, ત્રણ-ચાર-પાંચ પહોંચી દસ હજારે. બોલી મારવાડી જુએ છે કે 'આમ હજાર હજાર વધતાં હાથમાં નહિ આવે હાઇ જમ્પ લગાવવા દે.' બોલ્યો સોળ હજાર. સભામાં સોપો પડી ગયો. કોઇ આગળ બોલનાર નથી. પરંતુ કારભારી મુંઝાય છે કે 'આ મેલા-ઘેલા કપડાવાળો શું સોળ હજાર દેશે ?' ત્યાં મારવાડી સમજી ગયો, ઝટ સભામાં ઊભો થઇ ગયો અને કહે છે,-

''જુઓ શેઠ ! ગામમાં કન્યા નહોતી એટલે મારી કુલ પૂંજી રૂપિયા તેર હજારની, તે લઇને નીકળ્યો છું. કોઇ ગામમાંથી આ બધી ય રકમ આપીને કન્યા મળે તો લેવી, એ હિસાબે ચાલ્યો છું. પરંતુ અહીં આ ભવ્ય પ્રસંગ જોતાં મનને થયું કે 'કન્યા મળે તો ય એ ક્યા મારા જનમ-મરણને બંધ કરવાની છે ? ત્યારે **પ્રભુનાં મંદિરના દ્વાર ખોલવાનો લાભ મળે એ સેંકડો હજારો વર્ષ માટે ભવ્ય જીવોને માટે મંદિર ખુલ્લું રાખશે ! લાખો ભવ્યાત્માઓ તેથી દર્શન-પૂજા કરશે ! આ લાભ જનમ-મરણના ફેરા કાપનારો બને. માટે આ લાભ લેવો છે.** રૂા. તેર હજાર પાસે છે તે હમણાં જ લઇ લો, ને રૂા. ત્રણ હજાર કમાઇને ભરી દઇશ. વિશ્વાસ પડે તો બોલી આપો.''

**પ્રારબ્ધને પુરુષાર્થ જીતી ગયું :-**

જુઓ, મારવાડી કુંવારા યુવકની આત્મહિત સાધવાની કેવી જ્વલંત તમન્ના ! સંસારી જીવને ઘર મંડાવાની ભારે લગન હોય, અને તે યુવકને હતી પણ ખરી, એટલે તો કુલ મૂડી એક કન્યા લાવવા માટે લઇને નીકળી પડેલો પણ હતો, છતાં આવું પ્રભુમંદિરના દ્વારોદ્‌ઘાટનનું નિમિત્ત મળ્યું એના પર એણે કેવો અદ્‌ભુત સત્‌ પુરુષાર્થ પ્રગટ કર્યો ! કુલ મૂડી આપી દેવી પડે છે એટલે 'પછી મૂડી ક્યારે થાય ? ને ક્યારે કન્યા ખરીદી શકાય ?' એનો કોઇ વિચાર નથી, કોઇ ચિંતા-પરવા નથી. પ્રારબ્ધે તો કન્યા ખરીદી શકાય એવા પૈસા આપેલા, પરંતુ પુરુષાર્થ પ્રારબ્ધ પર વિજય જમાવી કન્યા પડતી મૂકાવી મહાન પુણ્યાનુબંધી પુણ્ય ખરીદી લેવાનું કરાવ્યું ! શું સમજી શકો છો પુરુષાર્થની બલિહારી ? તો **જીવનમાં ધર્મ પુરુષાર્થ અને ગુણ પુરુષાર્થની તક ઘણી બધી આવે છે, એને અમલી બનાવો.**

એ મારવાડીની બોલી અને પોતાની હકીકત સાંભળતાં સૌને અને મંદિરના કારભારીને વિશ્વાસ પડ્યો અને એને બોલી આપી. એ સત્પુરુષ હતો એટલે 'કન્યા મળે તો ઘર મંડાય જીવનભર સંસારસુખો મળે'...એ બધું પડતું મૂક્યું ને તીર્થંકર ભગવાનના મંદિરનો દ્વારોદ્‌ઘાટનનો લાભ લીધો ! કેમકે સત્પુરુષ હતો, અને સત્પુરુષ નિમિત્ત પામીને થોડામાં બોધ પામી જાય છે.

અહીં પણ જુઓ કે શું પ્રારબ્ધે કામ કર્યું ? કે પુરુષાર્થ કામ કર્યું ? પ્રારબ્ધ તો એવું હતું કે પાસે રૂપિયા હતા, એ લઇને ગામગામ ફરતા પ્રારબ્ધ હોત તો કન્યા મલી જાત. વધારામાં અહીં પ્રારબ્ધે આ દ્વારોદ્‌ઘાટનની બોલીનો અવસર આપ્યો.

હવે કન્યા મળવાના ને આ બોલી મળવાના બંને પ્રારબ્ધમાંથી કયા પ્રારબ્ધને ઝીલી લેવું, સક્રિય બનાવવું, એનો આધાર કોના પર ?

**હવે કોઇ એવું પ્રારબ્ધ નથી કે જે કન્યા લેવા તરફ ન ખેંચી જાય ને બોલી બોલવા તરફ ખેંચી જાય. એ તાકાત પુરુષાર્થની છે.**

હજી મોહનીય કર્મ એવું છે કે જે કન્યા લેવા તરફ ખેંચી જાય. પરંતુ કન્યા લેવાની ઉપેક્ષા કરાવનાર કોઇ પ્રારબ્ધ નથી. તેમ બોલી ન બોલવા દે એવું કર્મ છે, પરંતુ બોલી બોલવા તરફ ખેંચી જાય એવું કોઇ પુણ્યકર્મ નથી. તો પછી પ્રશ્ન છે કે કન્યા લેવાની ઉપેક્ષા કરાવનાર કોણ ? ને બોલી બોલવા તરફ ખેંચી જઇ બોલી બોલાવનાર કોણ ? કહેવું જ પડશે કે પુરુષાર્થે જ એ કામ કર્યા માનસિક સત્પુરુષાર્થે જ કન્યાની ઉપેક્ષા કરાવી, ને માનસિક પુરુષાર્થે જ બોલી બોલવા તરફ ખેંચ્યો, ને વધુમાં એ બોલી ચઢતા રંગે બોલાવી. આ સૂચવે છે કે **પ્રારબ્ધ કરતાં પુરુષાર્થ બળવાન છે.**

**પરંતુ સત્પુરુષાર્થ કોણ કરી શકે ?** અહીં 'થોવેણ વિ સપ્પુરિસા સણંકુમારુવ્વ કેઇ બુજ્ઝંતિ' આ શ્લોકમાં કહ્યું કે 'થોડા નિમિત્તથી પણ સત્પુરૂષ બોધ પામવાનો સત્પુરુષાર્થ કરે છે.'

વાલિ અને રાવણને યુદ્ધ થયું. કેમ ? વાલિ કહે છે 'મિત્રાચારીનો સંબંધ જોઇએ તો આપવા તૈયાર છું, બાકી સ્વામી-સેવક ભાવનો સંબંધ નહિ મળે !' ત્યારે રાવણ એ સંબંધ મેળવવા આગ્રહી છે, તેથી વાલિની સાથે લડવા માટે આવ્યો. હવે ત્યાં સત્પુરુષાર્થ કેવું કામ કરે છે, એ જુઓ. વાલિ રાવણને કહે 'જો આપણે શ્રાવક છીએ, ઝગડો-રગડો હોય તો આપણા બે વચ્ચે છે, બાકી આ સૈનિકોને કશો રગડો નથી, તો એમને શું કામ અરસપરસ લડાવવા ? માટે આપણે બે જણ જ લડી લઇએ.'

રાવણ વાત વ્યાજબી જોઇ સ્વીકારી લે છે, કેમકે પોતે ય શ્રાવક છે. એ બંને લડયા, શસ્ત્રો સામે શસ્ત્ર. વાલિએ રાવણનાં શસ્ત્ર નિષ્ફળ કર્યા. ત્યારે હવે છેલ્લે રાવણ જુએ છે કે 'મારૂં છેલ્લું શસ્ત્ર ચંદ્રહાસ ખડગ, એની સામે વાલિ પાસે કોઇ શસ્ત્ર નથી. માટે એ લઇને દોડું વાલિ સામે, ને એના એક જ ઘાથી વાલિને ખત્મ કરૂં.'

કેવી કાળી લેશ્યા ! કેવો ઉગ્ર કષાય ! કેટલો બધો દ્વેષનો સંક્લેશ !

સંસારભાવ શું આપે છે ? આ જ, બધી વાતે પરાજય થતાં પણ આ નિમિત્તે ય બોધ નહિ ! પરંતુ 'હજી મળે તે ઉપાયથી સામા નિર્દોષને પણ ખત્મ કરવો,' સંસાર આ આપે ! વાલિ રાજાનો કોઇ અપરાધ નહોતો, રાવણની આજ્ઞા ન સ્વીકારે એ કાંઇ ગુનો નથી, અપરાધ નથી, છતાં એને રાવણ ખત્મ કરવા ચાહે છે. નિરપરાધી પણ વાલિને મારી નાખવા રાવણ ચંદ્રહાસ ખડગ લઇ ઉપડ્યો ખરો, પરંતુ વાલિ પાસે એ શસ્ત્રને પરાસ્ત કરવા સામે શસ્ત્ર નથી તો શું વાલિ મરાશે ? ના, પુણ્ય-પાપનાં લેખાં વિચિત્ર છે. અમુક સામગ્રીએ પુણ્યવાન, પણ જો પાપોદય જાગે તો સામેથી બીજી રીતે એવો પ્રત્યાઘાત આવે કે એ પછાડ ખાઇ જાય ! રાવણને આવું બને છે.

વાલિના પુણ્યોદય આગળ રાવણનો પુણ્યોદય દૂબળો છે. પુણ્યોદયની તરતમતામાં પૂર્વ ભવની સાધનાની તરતમતા કામ કરી રહી હોય છે. એમાં અહીંના પ્રપંચ કામ લાગતા નથી. એટલે

**જો અહીં પાછા પડવાથી ખેદ થતો હોય તો પાપ-પ્રપંચો ન આચરતાં, જિનભક્તિ અને પુણ્યાઇની ખામી સમજી જિનભક્તિ આદિ પુણ્ય-કમાઇ વધારવા જેવી છે. પુણ્યાઇ જિનભક્તિ તપસ્યા આદિ ધર્મથી વધે.**

## તો શું ધર્મ પુણ્ય માટે થાય ?

ઉ૦- ધર્મ બીજા-ત્રીજા પાપ ઉપાય ટાળવાં માટે થાય. જો ધર્મનું શરણું નહિ લેવાય, તો દુન્યવી તંગી પૂરવા કે આપત્તિ-પ્રતિકૂળતા ટાળવા કેઇ પ્રકારના મિથ્યાત્વસેવન, અનીતિ-પ્રપંચ, આરંભ-સમારંભ...વગેરે પાપો કરવાનું મન થશે. એ ન કરવા પડે એટલા માટે 'મારે તો ધર્મ જ તારણહાર, ધર્મ જ સર્વેસર્વા' એમ કરી ધર્મનું શરણું લે, એણે શું પાપ કર્યું ? શું વિષક્રિયા કરી ? જ્યાં ને ત્યાં અને જેમ ને તેમ વિષક્રિયાના સિક્કા ઠોકતા નહિ કે 'આ તો મોક્ષ માટે ધર્મ નહિ, પણ સંસાર માટે ધર્મ કર્યો. તેથી આ ધર્મક્રિયા વિષક્રિયા છે.' આ સિક્કો ખોટો છે, કેમકે

**વિષક્રિયામાં તો દુન્યવી ચીજ માટે ધર્મનું વેચાણ છે, ત્યારે અહીં ધર્મક્રિયામાં તો પાપોથી બચવા માટે ધર્મનું શરણ છે, તેથી આ ધર્મક્રિયા વિષક્રિયા નહિ.**

**એમ, અસમાધિ દુર્ધ્યાનથી બચવા ધર્મક્રિયા કરે એ પણ વિષક્રિયા નહિ પાપ અધર્મ નહિ, કિન્તુ ધર્મ છે.**

માનો ને કે જીવનનિર્વાહનાં સાધનમાં સારી તંગી પડતી હોય, અથવા મસ્ત પેટ વગેરેમાં અસહ્ય શૂળ થતું હોય, આ કોઇ કોર્ટ-કચેરીનું ભારે લફરૂં આવી પડ્યું હોય....વગેરે કારણે મનને ખૂબ અસમાધિ આર્તધ્યાન થતા હોય ને એ ટાળવા માટે પ્રભુભક્તિ વધારે, તપસ્યા કરે, વ્રત-નિયમ આદરે તો શું એણે વિષક્રિયા કરી ? પાપ કર્યું ? ના, ધર્મ જ કર્યો છે.

નહિતર, પતિને પુત્ર ન હોવાના કારણે અસમાધિ થતી હતી, એ ટાળવા સુલસા શ્રાવિકાએ ધર્મ વધાર્યો, જોરદાર ધર્મસાધનાઓ કરવા લાગી, તો શું એણે આ પાપ કર્યું ? વિષક્રિયા કરી ? ના, એવું હોત તો એ વખતે ઇંદ્રે દેવસભામાં એનાં ધર્મસત્ત્વના ગુણ ગાયા તે ન ગાયા હોત. પરંતુ ઇન્દ્ર સુલસાની પ્રખર ધર્મશ્રદ્ધા અને ધર્મસ્થિરતા જોઇ એની પ્રશંસા કરે છે. ભૂલશો નહિ ઇંદ્ર સમ્યગ્દ્રષ્ટિ છે અને અવધિજ્ઞાનથી સુલસાની શુદ્ધ ધર્મસાધના અને ધર્મસત્ત્વ જોઇ રહેલ છે, અને ભવભીરૂ આચાર્યોએ શાસ્ત્રમાં એનો ઉલ્લેખ કર્યો છે, ત્યાં શું તમારી અલ્પ મતિથી વિષક્રિયાનો-પાપનો-અધર્મનો સિક્કો મારશો ? તો શું અહીં સુલસા એક માત્ર મોક્ષની જ હેતુથી જ ધર્મ કરી રહી હતી ? ના, પોતાને પુત્ર થાય તો પતિની અસમાધી ટળે એ હેતુથી ધર્મ કરી રહી હતી. આમાં વિષક્રિયા ન ગણાય. એનાથી અંતરાય તૂટે પુણ્ય વધે, ઇષ્ટ ફળ-સિદ્ધિ થાય. વાલિ પાસે રાવણના ચંદ્રહાસ ખડગની પુણ્યાઇ કરતાં અધિક બળની પુણ્યાઇ હતી તેથી જુઓ એ શું કામ કરે છે.

જેવો રાવણ વાલિના માથા પર પ્રહાર કરવા જાય છે કે વાલિએ એનો હાથ નીચે પોતાના માથા પર ઉતરતા પહેલાં જ એના હાથને પોતાના ડાબે હાથે મજબૂત પકડી લીધો ! અને જમણા હાથે રાવણને કમરમાંથી ઉંચકી આડો કરી રાવણને બગલમાં છત્રીની જેમ દબાવી લીધો ! રાવણની મજાલ નથી કે જરાય ચસકી શકે !

વાલિ વિદ્યાધર છે, તો રાવણને છત્રીની જેમ બગલમાં રાખી વિદ્યાબળે વાલિએ જંબૂદ્વીપની ૩ લાખ જોજનની પરિધિ પર અતિશય વેગમાં આંટો લગાવ્યો અને બહુ ઝડપથી પાછો એને યુદ્ધ ભૂમિપર લાવી મેદાનમાં પોતાની સામે ખડો કરી દીધો ! રાવણનું મોં નીચું પડી જાય છે.

વાલિરાજાનું આટલું બધું બળ કે મોટા માંધાતા રાવણની વજનદાર કાયાને

એક હાથેથી ઉપાડી શકે ? આડો કરી બગલમાં પકડી શકે ? અને એમ જ ઉંચકીને મોટા જંબૂદ્વીપને રોન પ્રદક્ષિણા મારી શકે ? હા, એની પાછળ કારણ છે,- વાલિને અખાડાની કસરતથી આ બળ શક્તિ નથી આવી પરંતુ પૂર્વભવે વિશુદ્ધ ધર્મસાધના કરી છે જેથી આ શક્તિ મળી છે. રાવણને એવી સાધના નહિ, તેથી આ શરીર શક્તિ નથી મળી. સાધનામાં હૈયાના ભાવનું વિશેષ મહત્ત્વ છે.

**અહીં ધર્મમાં શુદ્ધ ભાવની સાધના જેટલી જોરદાર એટલી ભવાંતરે જોરદાર બળ શક્તિ વગેરે સગવડ સામગ્રી મળે.**

પરંતુ વાલિને આ મળવા પર હવે જુઓ કેવો વિવેક પ્રગટે છે ! એ ક્ષમા માગતાં રાવણને કહે છે,-

''જુઓ રાવણ ! તમે આ પુણ્યના ખોટા ભરોસે રહ્યા કે 'પુણ્યે મારી પાસે ચંદ્રહાસ ખડગ છે તેથી એનો ઉપયોગ કરી વાલિને ખત્મ કરું' પરંતુ આ ભરોસો કેવો દગાખોર નીકળ્યો ? **ખરેખર, માણસે પુણ્યના ભરોસે ચાલવા જેવું નથી, કેમકે એ અધરસ્તે દગો દઇ દે એવું છે.** પરંતુ આ શિખામણ હું તમને શું આપું ? શિખામણ તો મારે લેવા જેવી છે કે **હું કેમ પુણ્યના ભરોસે પુણ્યે મળેલ દીર્ઘ આયુષ્ય, શરીરબળ, રાજ્ય-પરિવાર વગેરેના ભરોસે બેઠો છું ? એ ક્યારે દગો દેશે એનો પત્તો નથી. તો શા સારુ એના ભરોસે બેસી રહી આ એક માત્ર માનવભવને યોગ્ય ચારિત્ર સાધવાનું ચૂકું ?** પરલોક ઉજ્જવળ કોઇ આ મોહમાયાથી નથી થતો, એ તો ચારિત્રથી જ થાય છે. માટે હવે હું ચારિત્ર લઉં છું, નાનાભાઇ સુગ્રીવને રાજા બનાવું છું, એનામાં મારા જેવી શક્તિ નહિ તેથી એને કોઇ બળવાન ફેંદી નાખે નહિ એટલા માટે તમારી આજ્ઞા નીચે મૂકું છું, અને આ મારી બેનને તમારા જેવો બળવાન પરાક્રમી અને પુણ્યવાન પતિ ક્યાં મળે ? માટે બેન તમને વરાવું છું.''

બોલો, આમાં વાલિનો કેટલો જ્વલંત વૈરાગ્ય ! સુગ્રીવને રાવણની આજ્ઞા નીચે મૂકવાનો કેટલો વિવેક ! રાવણને જ બેન આપવાની કેવી ક્ષમા અને ઉદારતા ! કેવી વસ્તુસ્વરૂપની ઓળખ !

અહીં ખાસ જોવા જેવું છે કે,- **વૈરાગ્ય કોને થાય ? હારેલાને ? કે જીતેલાને ?**

કહો, તત્ત્વ પકડે એને થાય. કષાયદ્રષ્ટિ મૂકી તત્ત્વદ્રષ્ટિ લગાવે એવો સત્પુરૂષ હોય એને વૈરાગ્ય થાય.

બાકી તો રાવણને નાલેશી મળી એટલે એના મનને થવું જોઇએ કે 'આ સંસાર જ એવો છે કે ભલભલાની નાલેશી કરે, માટે છોડ સંસાર,' અને વાલિનો ઉપકાર માનવો જોઇએ કે મને હાર ખવરાવી જાગતો કર્યો કે 'આ સંસાર જ એવો છે કે જીવના મનોરથો તોડી નાખે. માટે આવા સંસારની લગન છોડી ઊભો થઇ જા,' પરંતુ રાવણને આ કશો બોધ લાગ્યો નહિ, ત્યારે આશ્ચર્ય છે કે વાલિ જીત્યો છતાં એને વૈરાગ્ય વધી ગયો ! અને રાવણના દ્રષ્ટાન્તથી પોતે પુણ્યના ભરોસે રહેવાનું પડતું મૂક્યું ! કારણ એક જ કે 'વાલિ વિરલ સત્પુરૂષ બની ગયા.'

'થોવેણ વિ સપ્પુરિસા સણંકુમારૂવ્વ કેઇ બુજ્ઝંતિ.'

સત્પુરૂષો સનત્કુમારની જેમ અલ્પ નિમિત્તથી પણ બોધ પામી જાય છે.

બોલો, વાલિની દીક્ષામાં પ્રારબ્ધે કામ કર્યું ? કે પુરૂષાર્થે ? પુણ્યોદયે કામ કર્યું ? કે વિવેકોદયે અર્થાત્ મનના સુમતિના અને વીર્યોલ્લાસના ઉદ્યમે કામ કર્યું ? ત્યારે બળવાન કોણ ? પ્રારબ્ધ કે પુરૂષાર્થ ? તમે ગમે તેટલું માનતા હો કે અમારે મોહનીય કર્મ બળવાન છે તેથી ચારિત્રનો પુરૂષાર્થ નથી જાગતો, પરંતુ મોટા જંબુકુમાર, શાલિભદ્ર, સ્થૂલભદ્ર, કાર્તિકશેઠ જેવા હજારોના દ્રષ્ટાન્ત જુઓ તો દેખાય કે એમને મોહનીય કર્મ નહોતા એવું નહિ, પરંતુ અંતરમાંથી પુરૂષાર્થ જગાડ્યો તો મોહનીય કર્મોનું કાંઇ ન ચાલ્યું તમે કદાચ કહેશો,-

## નંદીષેણના પુરૂષાર્થનો વિજય

પ્ર૦- નંદીષેણ પુરૂષાર્થ કરવા તો ગયા, પણ કર્મે એમને પછાડ્યા ને ?

ઉ૦- પણ તમને ખબર નથી, નંદીષેણે જે સંયમ અને તપનો પુરૂષાર્થ કર્યો એ નિષ્ફળ નથી ગયો. કર્મે એમને ચારિત્રથી ભ્રષ્ટ કર્યા, કર્મે એમને પછાડ્યા, તે પૂર્વના કરેલા ચારિત્ર પુરૂષાર્થે **કર્મને પછાડે, કર્મને નિષ્ફળ કરે એવું સુંદર ફળ નિપજાવ્યું છે.** વસ્તુને એકંદર રીતે જુઓ.

નંદીષેણ દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે દેવીએ નિષેધ કર્યો કે 'હમણાં ચારિત્ર લેવું રહેવા દે, તારે નિકાચિત ભોગાવલિ કર્મ બાકી છે. તેથી પડીશ.'

ત્યાં નંદીષેણ વિચારે છે કે 'ભોગાવલિ કર્મ મને શા નડવાના હતા ? ભગવાનના સંયમ ને ત્યાગ-તપસ્યાથી કર્મોને ને મોહને હું તોડી નાખીશ. શું દેવી કહે છે માટે ગંદા-ગલીચ-નિંદ્ય અને પરિણામ ભયંકર એવા ભોગોમાં જાવું ?

હરગીજ નહિ.' બસ, મહાવીર પ્રભુ પાસે ચારિત્ર લઇ લીધું પૂછો

પ્ર૦- તો ભગવાન તો સર્વજ્ઞ હતા, એટલે એ તો જાણતા જ હતા કે આ ચારિત્રથી પડશે છતાં એમણે કેમ ચારિત્ર આપ્યું ?

ઉ૦- ભગવાને ચારિત્ર એટલા માટે આપ્યું કે (૧) ભગવાન જ્ઞાની છે, તેથી જ્ઞાનમાં જુએ તેવું કરે. (૨) બીજું એ, કે ભગવાન જાણતા હતા કે 'આના ત્યાગ તપ અને સંયમના પુરૂષાર્થથી સારાં ફળ આવવાના છે, તેથી એને એ પુરૂષાર્થ કરી લેવા દો, પછી ભલે ભોગાવલિ કર્મ ઉદયમાં આવશે ત્યારે પડશે, પણ પેલા જબરદસ્ત ત્યાગ-તપ અને સંયમના ભગીરથ પુરૂષાર્થનાં સારાં ફળ એને ત્યાં પણ જબરદસ્ત લાભ કરી જશે.' તેથી ભગવાને નંદીષેણને દીક્ષા આપી.

**નંદીષેણની મોહ સાથે લડાઇ :-**

હવે નંદીષેણ મુનિને ચારિત્રજીવનમાં મોહ જાગવા માંડ્યો ત્યાં એ મોહના ફુરચા ઉડાવવા ભગીરથ તપસ્યાઓ અને મહાત્યાગ પર ઊતરી ગયા. છતાં મોહના વિકારો જાગે છે, તો એમણે 'મરીશ, પણ વ્રત નહિ ભાંગું' એમ કરી ગળે ફાંસો નાખી આપઘાતનો પ્રયત્ન કર્યો. ત્યાં દેવીએ ફાંસો છોડી નાખ્યો અને કહે છે 'નંદીષેણ ! નહિ મરાય. મેં તમને કહ્યું છે કે નિકાચિત ભોગાવલિ ઊભા છે તે તમારે ભોગવવા જ પડશે !'

નંદીષેણ જુએ છે કે 'દેવીની તાકાતની સામે આપઘાતનો પ્રયત્ન સફળ નહિ થાય. તો ફિકર નહિ. હજી ત્યાગ-તપ વધારું ને મોહના ભુક્કા બોલાવું,' એટલે વળી એ અધિક તપ અને ત્યાગમાં ચડ્યા. છતાં આગળ જતાં હજી મોહવિકારો પીડે છે, અને એમને એમ લાગે છે કે 'આમ તો કદાચ મોહ પછાડી નાખી વ્રત-ભંગ કરાવી દે ! તો એના કરતાં મરવું સારું.' એટલે વળી પાછા પર્વત પર ચડી ઝંપાપાત કરવા જાય છે. ત્યાં દેવી અટકાવી દે છે, અને પાછા એજ શબ્દો કહે છે,-'નંદીષેણ ! નહિ મરાય. ભોગાવલિ બાકી છે ભોગવવા જ પડશે.'

આમ છતાં નંદીષેણ નિરાશ ન થયા. એમણે સંયમ-તપ અને ત્યાગમાં ઔર રંગ વધારી દીધો. સાથે મોહની અત્યંત ઘૃણા કરે છે.

આ બધી સંયમ અને ત્યાગ-તપની ભગીરથ સાધનામાં એક જ આશયે હતો કે 'આનાથી મોહના વિકારો તોડી નાખું,' તેથી આ સાધનાઓ કોઇ જ

પૌદ્ગલિક આશંસાથી નહિ કિન્તુ ઉચ્ચ નિરાશંસ ભાવથી સાધનાઓ હતી. એનું ફળ એ આવ્યું કે અનિકાચિત કેટલાય કર્મોનો ક્ષય તો કર્યો, પણ એમાં સાથે સાથે અંતરાય કર્મો તૂટવાથી કેટલીય લબ્ધિઓ ઊભી થઇ ગઇ. જેનો પડયો આગળ પર વેશ્યાના સંપર્ક વખતે શું બને છે, એ હવે જોઇએ. આ ઉપરાંત નિરાશંસ ત્યાગ-તપ-સંયમની સાધના સાથે કરેલી મોહની ભારે ઘૃણા-ગર્હાથી અશુભ અનુબંધોના ફુરચા ઉડાવ્યા.

એણે વળી બહુ મોટું કામ કર્યું, એ શું એ પણ હવે જોઇએ.

આ બે વસ્તુ ધ્યાન રાખી લો,

**(૧) નિરાશંસભાવના ત્યાગ-તપ-સંયમથી અદ્ભૂત કર્મક્ષય ને લબ્ધિઓ,**

**(૨) મોહની અતિશય ઘૃણા-ગર્હાથી અશુભ અનુબંધોનો નાશ.**

હવે જુઓ એ નંદીષેણ મુનિના જીવનમાં કેવુંક જોવા મળે છે ! મુનિ એકવાર ગોચરીએ નીકળેલા, તે અજાણતાં વેશ્યાના ઘર પર ચડી જઇ ધર્મલાભ પોકારે છે. ત્યાં વેશ્યા મશ્કરી કરે છે,-

**'મહારાજ ! અમે તો વેશ્યા, અમે તો અર્થ લાભના કામી, અમે ધર્મલાભને શું કરીએ ?'**

મુનિ સમજ્યા કે 'આ ટોણો મારે છે કે તમે દુનિયાને જોઇએ છે તે અર્થલાભ કરાવી શકતા નથી એટલે જ બેકાર ધર્મલાભ કહો છો.' આ સમજીને મુનિને જરાક અભિમાન આવ્યું કે "આને બતાવી આપું કે મુનિ ધારે તો કેવોક અર્થલાભ કરાવી શકે છે ! એમાં સાથે શાસન પ્રભાવના પણ થશે. વેશ્યા જિનશાસન પર અહોભાવ પામશે, કે 'અહો ! જૈનશાસનના મુનિઓ આવી અદ્ભુત શક્તિવાળા !" મુનિ વેશ્યાને કહે 'જો, દુનિયાને પસંદ પણ અર્થલાભ તો અમે એટલા માટે નથી કરાવતા કે દુનિયાના જીવો અજ્ઞાનતાથી ભારે અર્થ કામની હોળીમાં આમેય એવા સળગી રહ્યા છે કે-

**લાકડાની આગ તો એક જ જનમમાં બાળે, પરંતુ અર્થકામની લાલસાની આ આગ જનમ જનમ જીવોને બાળે છે.**

એવી આગમાં તેલ હોમવાનું અમે કેમ કરીએ ? બાકી જૈનશાસનના મુનિઓને તું શું સમજે છે ? મુનિ અર્થલાભ કેવો કરાવી શકે છે એ તારે જોવું હોય

તો લે જો !'

એમ કહી જમીન પરથી એક તણખલું લઇ એને આંખના મેલને અડાડી ઊંચેથી નાખ્યું ત્યાં વેશ્યાના ચોકમાં સાડાબાર ક્રોડનું ધન વરસ્યું ! આ શેના પર ? મુનિને ત્યાગ-તપ-સંયમની નિરાશંસ આરાધનાથી લબ્ધિ ઊભી થઇ છે એના પ્રભાવે. આ બની આવે છે કે પોતાના શરીરના સહેજ મેલ પર કરોડોની ધનવૃષ્ટિ કરી શકે !

તમને સમજાય છે ત્યાગ-તપ-સંયમનનો મહિમા ?

**તો હવે પુરુષાર્થની પ્રેરણા લીધી ?** શું મનને એમ થાય ખરૂં કે

''આ હું શું ખા-ખા ને પી-પી માં પડ્યો છું ? શું હું વિષયોના યથેચ્છ રંગરાગમાં પડ્યો છું ?

**ખાનપાન ને વિષયવિલાસ કરવાના ભવ આ જગતમાં ઘણા, પણ અનંત કલ્યાણકર ત્યાગ, તપ-સંયમની સાધનાઓ કરી લેવાનો ઉત્તમ ભવ માત્ર એક મનુષ્યભવ.**

એ અહીં મળી ગયો છે, એનાથી આ સાધના કરી લીધા વિના ભવ એળે ગુમાવું છું. મુનિ નંદીષેણ જેવાએ એ સાધ્યાં તો એમનું મને પુરૂષાર્થ માટે આલંબન મળે છે. તો હું એમના આલંબને જીવનમાં કષ્ટ વેઠીને પણ સારા સારા ત્યાગ-વ્રત-નિયમને સાધતો રહું ! **આ શરીર આત્માની સેવા માટે જ મળ્યું છે.** તો શરીરને આત્માની ત્યાગ-તપ-સંયમની સાધનામાં સેવા કરતું રાખું.''

નંદીષેણ મુનિએ શરીરને આત્માની એ સેવામાં જોડ્યું ખૂબ જોડેલું, તો આંખના પીયાથી ક્રોડનું ધન વરસાવવાની લબ્ધિ...વગેરે લબ્ધિઓ ઊભી થઇ છે.

બોલો હવે, ભોગાવલિ કર્મના પ્રારબ્ધની સામે થઇ, સંયમ અને ત્યાગ-તપના પુરુષાર્થ આદર્યા એ નિષ્ફળ ગયા ? કે મહા સફળ થયા ?

**પ્રારબ્ધ કરતાં પુરુષાર્થની એક ઓર વિશેષતા જુઓ કે,**

પાંચમા અપરિગ્રહ મહાવ્રતથી પોતાનો સદંતર અપરિગ્રહિતાનો પુરુષાર્થ આવી લબ્ધિ પાસે હોવા છતાં પોતાને સ્વપ્નમાં ય મોટા અબજોપતિ શ્રીમંત થવાનું મન નથી થતું ! એવી અંતરાય કર્મો તૂટવાથી બીજી ય કોણ જાણે કેટલીય લબ્ધિઓ ઊભી થઇ ગઇ હશે ! છતાં દુનિયાને એની ખબર ન પડે ! કેમકે લબ્ધિ પોતે નિસ્પૃહીપણા પર કરી તે એનો કોઇ એવા વિશિષ્ટ શાસન-રક્ષા-પ્રભાવનાનો પ્રસંગ આવ્યા સિવાય પોતે ઉપયોગ જ ન કરે !

**આ ત્યાગ-તપ-સંયમના નિઃસ્વાર્થ ધર્મપુરુષાર્થની બલિહારી છે !**

માનો કે તમે કોઇ સજ્જન શેઠની નોકરીમાં બેઠા માત્ર આજીવિકા પૂરતા પગાર સિવાય બીજી કશી અપેક્ષા રાખ્યા વિના નોકરીમાં શેઠને સમર્પિત થઇ જાઓ છો. કષ્ટની પરવા નહિ કરવાની, પછી એ નોકરી કેવી થાય ? જાણે પોતાનું જ કામ ! પોતાના ઘરનાં કામ પોતાના નહિ, એવાં શેઠના કામ એ પોતાનાં કામ. શેઠને કહેવું ન પડે, જોવું ન પડે, અને શેઠની ધારણા બહારનું ચોક્ખું અવ્વલ કામ થયે જાય ને ? પછી પોતાને કશી આશંસા-અપેક્ષા નથી છતાં શેઠ કદર કેવી કરે ? તો કે મારવાડી શેઠ આને ભાગીદારમાં લઇ પોતાની હરોળનો શેઠ બનાવી દે !

બસ, ધર્મની આ પ્રમાણે કોઇ જ અપેક્ષા, આશંસા, સ્વાર્થ વિના નોકરી બજાવવાની છે, ધર્મને સમર્પણ થઇ જવાનું, કષ્ટની પરવા નહિ,

**સંસાર એટલે પારકી વેઠ અને ધર્મ એટલે પોતાની ચીજ બનાવવાની,**

પછી સ્વાર્થનાં કામ એવા દિલથી ન થાય જેવા ધર્મનાં કામ દિલથી થાય.

ભોજનમાં એવા ઉલટ-રંગ-હોંશ નહિ એવા તપસ્યામાં ઉલટ રંગ હોંશ હોય. પૈસા કમાવવામાં નહિ એવી ઉલટ દાનમાં હોય. પુણ્યે સંસારના ભરચક વિષયો મળ્યા હોય પણ એને રાખવા-ભોગવવામાં એવો રસ નહિ એવો રસ વાતવાતમાં ત્યાગ-વ્રત-નિયમ ઉચ્ચ ભાવનાઓ, તથા ત્રિકાળ જિનભક્તિ, સામાયિક-પ્રતિક્રમણ-પોષધ આદિ ધર્મક્રિયાઓમાં હોય. તે ય એ બધું શા માટે ? શું લેવા ? તો કે કશું નહિ, માત્ર એક જ આશય, 'ધર્મ સારો છે, સારભૂત છે, પવિત્ર છે, માટે એની આરાધનામાં બને તેટલા ઓતપ્રોત રહેવાનું. એની સામે દુનિયાદારી અસાર છે, તુચ્છ છે, તેથી એ બજાવવી પડે ત્યાં દિલ ઊભગેલું રહે.

**સાવકી મા ઓરમાયા દીકરાનું બધું સાચવે-કરે પરંતુ એમાં એનું દિલ લાગેલું ન હોય એમ ધર્માત્મા સંસારનું દિલ વિના પતાવે.**

સંસારને પારકી વેઠ સમજી વેઠ ઉતારવી પડે માટે ઉતારે.

ત્યારે જો એજ મા પોતાના દીકરાનું કરે તે પોતાનું જ કામ સમજી દિલથી હોંશથી ઊલટથી કરે, એમાં પાછો પોતાને કોઇ સ્વાર્થ નહિ, અપેક્ષા નહિ, માત્ર દીકરો પોતાનો છે માટે કરે. બસ, ધર્મને સમર્પિત થઇ ગયા પછી આ સ્થિતિ ઊભી થાય, ધર્મનું કરવાનું તે પોતાના દીકરાની જેમ પોતાનું સમજીને દિલથી હોંશથી

ઊલટથી કરવાનું, અને સંસારનું કરવાનું તે ઓરમાન મા દીકરાની જેમ પારકી વેઠ ઉતારવા રૂપે કરી પતાવવાનું.

**આમ જ્યાં ધર્મનું કામ એ પોતાનું માન્યું, એટલે એ નિઃસ્વાર્થ ભાવે અને ઊછળતા સંવેગ રંગથી કરાય.**

નંદીષેણ મહાત્માએ ત્યાગ-તપ-સંયમને પોતાનો આત્મા સમર્પી દીધેલો ! એટલે એમાં નિઃસ્વાર્થભાવે કોઇ આશંસા અપેક્ષા રાખ્યા વિના એ મંડી પડેલા. પછી એ સજ્જન ધર્મશેઠ કદર કેમ ન કરે ? એમાંથી આવી લબ્ધિઓ જન્મી કે આંખના મલિન પિયાથી ક્રોડનું ધન વરસાવી શક્યા ! આટલી જ લબ્ધિ નહિ, હજી આગળ જુઓ.

વેશ્યા આ અદ્‌ભુત જોઇ થીજી ગઇ છે ! એના મનને થયું કે 'જો આમને જ અહીં બેસાડી દઉં, તો પછી મારે જીવનભર પૈસાની ચિંતા જ નહિ. પણ આ તો મહાયોગી, એ કાંઇ એમજ હાથમાં ન આવે. એમને કહું કે તો હવે ક્યાં ભટકશો ? અહીં જ બેસી જાઓ, તો એમ કાંઇ એ બેસી ન જાય પણ એક દાવ નાખું.'

વેશ્યા છે ને ? વેશ્યા કેવી હોય ? ભોઠ કે તાલંબાજ ? વેશ્યા જ તાલંબાજ હોય ? કે વાણિયો પણ તાલંબાજ હોય ? જોજો વેશ્યાની હવે અજમાવાતી તાલંબાજીમાં મોટા નંદીષેણ મહાત્મા ફસાવાના છે ! આ જગતમાં સામાની તાલંબાજીમાં ન ફસાવાનું મુશ્કેલ છે, અને જગતની વચમાં રહ્યા છો એટલે તાલંબાજો મળવાના છે. તો પછી શું તાલંબાજોના દાવમાં ફસાયા જ રહેવાનું, અને એમજ જિંદગી પૂરી કરવાની ?

**સંસાર આટલા માટે અસાર છે કે તાલંબાજોના દાવમાં ફસાયા રહેવું પડે છે, ને જીવનભર ખુવાર થવું પડે છે !**

પત્ની પતિને કહે છે 'મારે તો જીવનભર તમે જ એક છો,' એ શું તાલંબાજી નથી ? છોકરો થયા પછી એને મન શું પતિ જ એક રહે છે ? કે છોકરો પણ પોતાનો થાય છે ? વ્યવહાર બતાવે છે કે છોકરો થાય એટલે પત્નીના પ્રેમના બંનેને Fifty Fifty અર્ધા-અર્ધા વહેંચાઇ જાય. કહેશો.

પ્ર૦- પણ એ તો જનસાધારણ વ્યવહાર છે ને ?

ઉ૦- ભલે, પણ એવા લૌકિક વ્યવહારથી એ તો સાબિત થયું ને કે 'મારે

તો તમે જ જીવનભર એક' એ કથન છોકરો થયો પછી જૂઠું થયું ને ? તો પહેલાં કહેલું એ તાલંબાજી નહિ ? ખેર ! પણ એવા લૌકિક વ્યવહાર અપનાવ્યાથી શું વળ્યું ?

**સાંસારિક વ્યવહારથી ભગવાનને માથેથી ઉતારી નાખવાનું થયું !**

એ કેવી રીતે ? આ રીતે, કે આ વિશ્વની સમગ્ર જીવરાશિમાં એક માત્ર માનવજીવન જ એવું છે કે જેમાં જીવ જડ-ચેતન બધાની ગુલામી અને આધાર મૂકી, એક માત્ર ભગવાનની ગુલામી સ્વીકારી લઇ ભગવાનને જ એક માત્ર જીવન આધાર માની શકે. ત્યાં પત્નીએ પતિને ને પતિએ પત્નીને જ એક જીવન આધાર માન્યા ! ત્યારે પ્રભુને એક આધાર માને એનો લાભ સમજો છો ? પછી કદાચ પત્ની માંદી પડે કે છોકરો મરે, એનું રોવા ન બેસે કે 'હાય ! આ મારા જીવન-આધારને શું થઇ ગયું ? એ તો સમજે જ છે કે

'ખરેખર મારો જીવન-આધાર તો એક માત્ર પરમાત્મા છે, એમનું દર્શન છે, એ જો મારે સલામત છે તો મારે બધું સલામત જ છે. પછી પત્નીની બિમારી કે પુત્રના મરણમાં મારે શાનું રોવાનું કે મારા જીવન-આધારને આ શું થઇ ગયું ?' પણ આ ભૂલી જવાય છે, કેમકે પત્ની પુત્ર વગેરે જગતના પદાર્થોની તાલંબાજી છે કે એ જીવને ખોટું મનાવે છે કે 'અમે તમારા છીએ. તમે અમારા નાથ છો.' વાસ્તવમાં પોતાનો સ્વાર્થ સધાય ત્યાં સુધી જ એ તમારા છે. સ્વાર્થ-ભંગ થયો લાગે ત્યારે તમારા મટી ગયા સમજો.

**સંસારીઓની તાલંબાજી પરથી દિલમાં સંસારની માયા પરખાઇ જાય, અને એના પરથી દિલનો ભાવ તદ્દન ઊઠી જાય, ત્યારે દેવ-ગુરુ-ધર્મની જ સાચી ઓળખ ને સાચી મમતા કરવાનું થાય.**

દેવ-ગુરુ-ધર્મની ઓળખ પછી એમના પ્રત્યે દિલમાં સાચી માયા-મમતા જાગવા માંડે, અને દેવ, ગુરુ, ધર્મ મળવામાં હૈયું ગદ્‌ગદ થાય કે 'અહો અહો ! મને આવા કેવા તારણહાર નિઃસ્વાર્થ દેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ થઇ ? અહોભાગ્ય મારાં !...' એમ દિલ પિગળી જાય, એ પછી એમની ઉપાસના એમનામાં સમર્પિત થઇને થાય.

નંદીષેણની આવી- **(૧) ધર્મની સાચી ઓળખની, (૨) ધર્મની સાચી મમતાની, ને (૩) ધર્મની નિઃસ્વાર્થ સમર્પણ પૂર્વકની સાધનાની** સાધના હતી તેથી એમાંથી ઉચ્ચ લબ્ધિઓ ઉત્પન્ન થઇ ગઇ છે ! હવે બોલો, નંદીષેણનો ધર્મ-પુરુષાર્થ નકામો ગયો ? પેલી

વેશ્યા તાલંબાજી કરે છે. મુનિને કહે 'એમ ને એમ પાછા કાં વળ્યા ? આ તમારા નાણાં લેતા જાઓ. અમે તો આર્યદેશની વેશ્યા તે નીતિમાન, એટલે અમારો માલ આપ્યા વિના તમારા નાણાં ન લઇએ.'

વેશ્યાના બોલ પરથી અંદાજ નીકળે ને કે વેશ્યા ક્યાં જઇ રહી છે ? હવે મુનિ પોતાની મનની સ્થિતિ જાણે છે, છતાં ભાવી ભુલાવે છે. વેશ્યા ગમે તે બોલે એમણે તો તરત પાછા જ નીકળી જવું જોઇતું હતું. પરંતુ ભાવીએ કેવા ભુલાવ્યા કે ત્યાં એની સાથે વાદ કરવા ઊભા રહ્યા !

સ્ત્રી સાથે વાતો કરવાની બ્રહ્મચારીને કેમ મનાઇ ?

**અનાદિના કામસંજ્ઞાના વાસિત જીવને વિજાતીય સાથે વાતો સૂતેલા વાઘ સમા એ સંસ્કારોને જાગ્રત કરે છે માટે એની સાથે વાતો ન કરાય.**

આમ વાત તો કદાચ તત્ત્વની ચાલે, પણ એ ખ્યાલ જાગતો છે કે 'હું વિજાતીય સાથે વાત કરી રહ્યો છું.' આ ખ્યાલ જ પરવશ બનાવે છે, વિહ્વળ બનાવે છે.

બસ, પછી તો મુનિ કહે, ''તું પ્રામાણિક વેશ્યા એમ અમે સર્વત્યાગી મુનિ, તે અમે તો નાણાંને અડીએ પણ નહિ.''

તો વેશ્યા ય કહે 'તો અમે ય માલ આપ્યા વિના તમારા નાણાંને અડીએ નહિ,'

તે વેશ્યાએ એ ખુલાસાથી માંડીને આંખના મોંના હાવભાવ સાથે 'આ શક્તિવાળા તમે આ જોગ લઇને નીકળી પડ્યા છો ?...વગેરે વગેરે બોલતી જાય, સવાલ પૂછતી જાય, આંખ નચાવતી જાય, છાતી પરનું વસ્ત્ર ઓઢતી સરકાવતી જાય, મુનિ એના સવાલના જવાબ દેતા ચાલે, એમ અરસપરસ સવાલ-જવાબમાં મુનિ ઊભા રહ્યા, પછી તો હસી પડીને સવાલ-જવાબ થયા, અને વેશ્યાએ હસવું-ખીલવું કટાક્ષ-હાવભાવ વગેરે દાવ અજમાવવા માંડ્યા. આ જુએ ત્યાં મુનિના શા

ભાર કે વાસના વિકારથી બચી શકે ? વેશ્યાના નખરાએ મુનિને ઢીલા પાડી નાખ્યા.

પ્ર.-પ્રાણ જાય પણ વ્રત ન ભાંગું એ નિર્ધાર હતો ને ?

ઉ.-હતો પણ,

**વ્રતમક્કમતા ત્યાં સુધી ટકે કે બ્રહ્મચર્યની લૂંટારણ સામેથી ખસી શીલની વાડો પળાય.**

અહીં તો વેશ્યાના હાવભાવ-અંગપ્રદર્શન સામોસામ ઊભા હતા, એટલે સમક્ષ થઇ જ્યાં હાવભાવનાં દર્શન આવ્યાં, વાતચીતનો પરિચય આવ્યો, પછી પેલો નિર્ધાર ઠેકાણે જ પડી જાય ને ?

મુનિ ભૂલા પડી ગયા, તે હવે હસતાં હસતાં વેશ્યાને કહે 'હેં હેં હેં જો વેશ્યા તું ખોટી ખેંચ ન કર. અમે મુનિ. અમારાથી આ ધનને ન અડાય, કે ન પાસે રખાય, ને વેશ્યા ખડખડાટ હસતી કહે 'તે એમાં શું ? હમણાં મુનિપણું મૂકી દો, અને આ પૈસા ઉપાડો. અથવા અમારો માલ લઇ લો તો પૈસા હું ઉપાડી લઉં. હેં હેં હેં...' એમ કહીને સીધી મુનિના પગે બાઝી પડી. હવે મુનિની શી મજાલ કે ટકી શકે ?

વેશ્યાને મુનિ કહે, 'જો વેશ્યા ! અમારાથી તને અડાય નહિ તું જાણે છે ?'

'મને ખબર છે હમણાં વેશ મૂકી દો એટલે પછી બધું અડાય. રહો અહીં, મારા માલિક નાથ થઇને રહો. હું તમારી દાસી થઇને રહીશ. વિચાર શું કરો છો ? લાવો રજોહરણ ખીંટીએ મૂકી દઉં. રહી જાઓ અહીં.'

**નંદીષેણ મુનિએ શરત કેમ મૂકી ? :-**

મુનિ કહે છે 'રહું તો ખરો પણ એક શરતે, રોજ દશ જણને પ્રતિબોધ કર્યા વિના ભોજન નહિ જમું.'

મુનિ કેમ શરત કરે છે ? પોતે જાણે છે કે 'ચારિત્ર ભાંગવાના મહાપાપમાં પડવાનું થાય છે, પણ ચારિત્રની સુવાસ દિલમાં રમ્યા કરે એ માટે આ એક ઉપાય છે, કેમકે પ્રતિબોધ કરવા ચારિત્રના ભારોભાર ગુણગાન કરવા પડે, ને તે બીજાને ચારિત્રનો ઉપદેશ દેવાથી ગુણગાન થાય. તેથી મનમાં ચારિત્રની સુવાસ બની રહે.'

અહીં ખૂબી જુઓ પ્રારબ્ધ યાને નિકાચિત કર્મ એમને ચારિત્રથી પાડે છે,

પરંતુ એમાં એમના આત્માનો પુરુષાર્થ આ શરત મૂકવાનો પ્રસંગ ઊભો કરે છે. બોલો, આ પુરુષાર્થને પ્રારબ્ધ રોકી શકે ? ના, જીવ પુરુષાર્થમાં પોતાનું સ્વાતંત્ર્ય સમજે તો પ્રારબ્ધનું કાંઇ ન ચાલે.

**પ્રારબ્ધની સામે જો આવા ધર્મપુરુષાર્થ અથડાવી દેવાની કુનેહ છે તો ત્યાં પ્રારબ્ધના ટાંટિયા ઢીલા થવાના.**

**પુરુષાર્થનો પ્રારબ્ધ પર આ વિજય છે.**

જોરદાર પ્રારબ્ધ કર્મ હોય એ શું કરે ? એક વખત પોતાનું જોર દેખાડી જાય એટલું જ, પણ જો એક યા બીજી રીતે ત્યાં ધર્મ-પુરુષાર્થ જોરદાર બનાવ્યો હોય તો અંતે પ્રારબ્ધને થાકવું પડે. ત્યાં એ પ્રારબ્ધ ગમે તેવા ઉદય બતાવે તો ય એ જેમ જેમ ભોગવવાનું થાય તેમ તેમ ક્ષય પામતું જ જાય છે. ત્યારે ક્ષય પામતું પામતું અંતે પૂરું નષ્ટ જ થઇ જવાનું ને ? ત્યાં અશુભ વિચારનો ય પુરુષાર્થ નથી તેથી નવાં અશુભ પ્રારબ્ધ ઊભા થવાનાં નથી.

**આમ પ્રારબ્ધ ભોગવાતું અંતે ખલાસ થઇ જાય. ત્યારે પુરુષાર્થને કશું ખલાસ થવાનું નથી !**

**પુરુષાર્થ એ તો આત્માની અંદરની અખૂટ પાતાલસેર છે.**

પાતાલસેરિયા કૂવામાંથી પાણી ગમે તેટલું કાઢતા જાઓ પણ કૂવાની અંદરમાં પાતાલસેર ફૂટેલી મળી છે એટલે પાણી કે તેલ આવ્યા જ કરે. એમ પુરુષાર્થ ગમે તેટલો અમલી કરો યાને મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં ઉતાર્યા કરો, એટલે કે ખર્ચ્યા કરો, પણ આત્માની અંદરમાંથી પુરુષાર્થ ઊઠયા જ કરે. તે તમે વીતરાગ સર્વજ્ઞ થાઓ ત્યાં સુધી ઊઠ્યા કરે ! ત્યાં અનંત વીર્યાંતરાય નષ્ટ થઇ જાય એટલે અનંત વીર્ય-પુરુષાર્થશક્તિ પ્રગટ થઇ જાય ! ને ત્યાં વીતરાગતા છે એટલે કશા રાગ-મોહ-આસક્તિ નથી તેથી પછી દુન્યવી કશું કરવાનું રહેતું નથી. હવે તો માત્ર શેષ આયુષ્ય વગેરે અઘાતી કર્મ-પ્રારબ્ધ ભોગવાઇ જાય એટલી વાર, પછી સીધા સિદ્ધશિલા પર શાશ્વત કાળ માટે સ્થિર થઇ જવાનું ! બધા જનમ-મરણ-શરીર વગેરેનો વળગાડ બંધ થઇ ગયા ! વિટંબણા ખલાસ થઇ ગઇ ! પોતાના સહજ સ્વભાવ અનંત જ્ઞાનમાં ઝીલ્યા કરવાનું. **પ્રારબ્ધ નાશવંત છે, પુરુષાર્થ અક્ષય છે.**

**પુરુષાર્થ અખૂટ કેવી રીતે ? :-**

આ છે પ્રારબ્ધ કરતાં પુરુષાર્થની વિશેષતા ! પુરુષાર્થ એ પાતાલસેર છે અંદરમાંથી બહાર લાવ્યા જ કરો, લાવ્યા જ કરો, અને સારા સારા વિચાર-વાણી વર્તાવમાં એ પુરુષાર્થને અમલી કર્યા જ કરો, કર્યા જ કરો, તમને કોઇ અટકાવનાર નથી, યા એ કાંઇ ખૂટે એમ નથી. બહુ તો કદાચ કાયિક વર્તાવમાં પ્રારબ્ધ આડે આવી જાય, તો ય વાચિક-માનસિક પ્રવૃત્તિમાં પુરુષાર્થ અમલી કરી શકો. દા.ત.

દાનનો પુરુષાર્થ કરતાં કરતાં પૈસા ખૂટી ગયા. એટલે હવે હાથેથી દાન કરવા માટે પાસે પૈસા નથી. તો કાયિક દાન-પુરુષાર્થ બંધ થઇ ગયો, છતાં વાચિક માનસિક દાન-પુરુષાર્થ કરી શકો છો. વાચિકમાં જ્યાં ને ત્યાં દાનના ગુણ ગાઇ શકો, દાનનો ઉપદેશ કરી શકો, દાનની પ્રેરણા કરી શકો. એમ માનસિક પુરુષાર્થમાં કરેલા દાન-સુકૃતની અનુમોદના ખૂબ ખૂબ કરી શકો, ને એમ કરીને ધનસંગ્રહની ગર્હા નિંદા કરી શકો. એમ દાનના મનોરથ, દાનના લાભ, બીજા દાનીના દાનની અનુમોદના...વગેરે વગેરે માનસિક દાન-પુરુષાર્થ કરી શકો.

આવું તપ-પુરુષાર્થમાં કરી શકો. કાયાથી બને તેટલી તપની પ્રવૃત્તિ અને ધનથી તપસ્વીની ભક્તિ. ને એ ન બની શકી ત્યાં પણ વાણીથી તપનાં ગુણગાન, ને તપની પ્રેરણા-ઉપદેશ કરી શકાય. સ્વયં તપની ભાવના, ખાનપાનમાં અરુચિ, તપની રુચિ, તપના-તપસ્વીઓના શુભ ચિંતનો વગેરે કેટલોય માનસિક તપ-પુરુષાર્થ થઇ શકે.

**પુરુષાર્થ-શક્તિ મર્યાદિત નથી, અનંત છે, અખૂટ છે.**

બસ, સત્પુરુષાર્થ શક્તિને અંદરમાં પડી પડી સડી ન જવા દો, નિષ્ક્રિય ન પડી રહેવા દો. એ અનંત શક્તિના ભંડારમાંથી બહાર કાઢી તન-મન-ધન-વચનમાં, વાણી-વિચાર-વર્તાવમાં વહેતી રાખો. એજ તમે મોક્ષ તરફ આગેકૂચ કરી રહ્યા છો.

**મોક્ષ તરફ આગેકૂચ એટલે સદ્‌વિચાર વાણી-વર્તાવમાં પુરુષાર્થ-શક્તિને વહેતી રાખવી એ.**

અશુભ પ્રારબ્ધથી હારી જવાનું નથી, પણ એની સામે પુરુષાર્થ-શક્તિને શુભ વાણીમાં ને શુભ વિચારણા-ભાવનામાં તેમજ વર્તાવમાં એક યા બીજા શુભ વ્યવસાયમાં કામે લગાડવાની છે.

નંદીષેણ આ કરી રહ્યા છે. એ જુએ છે કે 'હવે અંદરના ભોગાવલિ કર્મ ખૂબ

જોર મારી રહ્યા છે, આટઆટલા જંગી તપ અને ત્યાગથી પણ એ તૂટી ગયા નથી એ મારા અંતરમાં ઊછળતા મોહના વિકારો બતાવી રહ્યા છે, તેથી એ કર્મ-પ્રારબ્ધ મને પાડશે. છતાં ફિકર નહિ, એની સામે અહીં પણ શક્ય ચારિત્ર પુરુષાર્થ અજમાવતો રહું.' તેથી વેશ્યાને કહે છે-

'રહી તો જાઉં, પણ રોજ દસને પ્રતિબોધ પમાડયા પછી જ ભોજન કરીશ.' આ શરત-પુરુષાર્થ શું માગે છે ? ચારિત્રનો કાયિક પુરુષાર્થ શક્ય નથી, તો વાચિક પુરુષાર્થ સહી, રોજ દસ જણને ચારિત્રનો ઉપદેશ-પ્રેરણા-પ્રોત્સાહન આપતો રહેવાનું માગે છે.

વેશ્યા કબૂલ થઇ, 'ભલે એમ કરજો.' વેશ્યા સમજે છે કે 'જેનામાં આંખના પિયાથી ક્રોડોનું ધન વરસાવવાની તાકાત છે, એનામાં વાણીથી વેશ્યાગામીને પણ વૈરાગ્યના રંગે રંગી દેવાની અને સંસારમાંથી ઊભો કરી દઇ સાધુ બનાવી દેવાની ય તાકાત હોય એમાં નવાઇ નથી. તો એમ કરતાં ય અહીં રાત-દિવસ રહેશે તો ખરા જ. રહેવા દો, એમ રહેવા દો.' બસ, ઓઘો મૂક્યો ખીંટીયે.

પ્ર.-ઓઘો કેમ ખીંટીયે ?

ઉ.-કારણ છે, રોજ વારંવાર એનાં દર્શન થાય, આત્મા જાગતો રહે કે,

**'અંતે એક દિવસ ચારિત્રનું જ શરણ છે.'**

નંદીષેણ વેશ્યાને ત્યાં રહી રોજ ૧૦ જણને સણસણતી વૈરાગ્યવાણી સંભળાવી એના રાગ અને મોહનાં ઝેર ઓકાવી નાખે છે. વેશ્યાને ત્યાં આવ્યા હોય કે રસ્તે જતા હોય, પાસે બેસાડીને વાતમાં લઇ એવી ગદ્ગદ દિલે વૈરાગ્યવાણી પીરસે છે કે સામાને કામરાગ, સ્નેહરાગ અને દ્રષ્ટિરાગ પર તથા આહાર વિષય-પરિગ્રહની-સંજ્ઞાના મોહ પર તિરસ્કાર છૂટે ! કંપારી આવી જાય કે 'હાય ત્યારે ! આવું જ જીવન જીવતાં મારું શું થશે ? આવું ઢોરનું જીવન જીવવામાં મારી વડાઇ શી ? અહીં છતી વિશિષ્ટ બુદ્ધિશક્તિએ આ રાગ-મોહ-સંજ્ઞાઓની ભયંકરતા નહિ સમજું, તો પછી બીજે ક્યાં ક્યાં અવતારમાં સમજીશ ?'

**નંદીષેણ શો ઉપદેશ કરતા હશે ?**

આવો જ કાંઇક,-''જુઓ મહાનુભાવ ! શું કરી રહ્યા છો એ વિચારો. કીડા-કીડી, ઝાડ-પાન, પશુ-પંખી વગેરેના અવતાર કરતાં આપણો આ અવતાર

ઊંચો તો ખરો જ ને ? આપણી પાસે જે બુદ્ધિશક્તિ, મગજશક્તિ, જે અક્કલ, જે વિવેકશક્તિ અને વિચારણાશક્તિ છે, એ પેલા ક્ષુદ્ર પ્રાણીઓ પાસે છે ? જે કાયિક અંગોપાંગની વ્યવસ્થા આપણને મળી છે ? જે આગળ-પાછળનું વિચારી શકવાની, ને એ માટે જ્ઞાનીઓના ઉપદેશ સાંભળવા-સમજવાની શક્તિ આપણી પાસે છે, શું એવી છે એ પેલા પામર જીવો પાસે ?

"ત્યારે ભાગ્યશાળી ! એ વિચારો કે આવી મહાન બુદ્ધિશક્તિ અને શરીરશક્તિથી શા કામ કરી રહ્યા છો ? જે આહાર-વિષય-પરિગ્રહ અને નિદ્રામાં ગોઝારાં કામ તુચ્છ પામર પ્રાણીઓ કરી રહ્યા છે એ જ ? કે બીજા કોઇ ઉચ્ચ કોટિના કામ ? એનું પરિણામ શું ? અહીંથી ફરીથી પાછા એ નીચા હલકા પ્રાણીઓના અવતારમાં ઊતરી જવાનું જ ને ? આવા ઊંચા માનવ અવતારે આવ્યા પછી જનાવર કરે એવી કરણી કરી જનાવરના જ અવતારે ઊતરી જવાનું થાય ? કે બીજું કાંઇ ?

**ઊંચા માનવજનમથી હલકા અવતારની લાયકાત સાધવાની ?**

**પશુ-સુલભ કરણાથી પશુજનમ પામવાની લાયકાત ઊભી થાય.**

**પશુ કરતાં ઉચ્ચ કરણીથી ઉચ્ચ ગતિની લાયકાત ઊભી થાય. કઇ ગતિની લાયકાત ઊભી કરી રહ્યા છીએ ?**

એ વિચારો. આહારાદિ-સંજ્ઞાઓ ક્રોધાદિ-કષાયો અને હિંસાદિ-પાપોની કરણીથી હલકા જન્મોની લાયકાત ઊભી થાય છે. તો ઉચ્ચ માનવભવથી આ સાધવાનું હોય ? "માટે પુણ્યવાન ! દિશા ફેરવો.

**સંજ્ઞાઓ, કષાયો અને પાપોના ત્યાગ કરવા દાનાદિધર્મ, ક્ષમાદિગુણ અને અહિંસાદિવ્રતો એ ઊંચી કરણી છે.**

એ ઉચ્ચ ગતિની લાયકાત ઊભી કરી આપે છે. આવા સુંદર ભવને પામીને આ સાધવાનું હોય. તેથી ભૂલા ન પડો, ઉચ્ચ કરણીના જીવનને સ્વીકારી લો. ઉઠો, ઊભા થાઓ."

ઉપદેશમાં શું કહેતા હશે ? આવું આવું જ કાંઇક ને ?

**"આ મોંઘેરો આર્ય માનવજનમ ભગવાન સાથે પ્રીત જોડવા માટે છે, પણ મોહમાયા સાથે પ્રીત જોડવા નહીં.**

કેમકે એ તો પશુજનમ અને અનાર્ય માનવ જનમમાં ય મોહમાયા સાથે પ્રીત જોડવાનું મળી શકે છે. તો શું એના કરતાં આટલો ઊંચો જનમ મોહમાયાની પ્રીતમાં વેડફી નાખવાનો ?

ત્યારે ભગવાન સાથે એકાંગી પ્રીત જોડવી હોય તો મોહમાયા સાથે વળગ્યા રહીને ન બની શકે. મોહમાયા સાથે જોડાયા રહો એટલે એનું સંભાળવું પડે. ત્યાં પછી ભગવાનનો માર્ગ સંભાળવાનું ક્યાંથી બની શકે ? અને બનાવો તો ય કેટલું બનાવી શકો ? મહોમાયાનું સંભાળવા દિવસનો મોટો ભાગ એની જ કાર્યવાહીમાં દેવો પડે, ત્યાં ભગવાનને પસંદ ઉચ્ચ સત્કૃત્યો, સાધનાઓ, કર્તવ્યો શે બજાવી શકાય ? એ તો પ્રભુને શરણે થયો ને એમને સર્વે સર્વા સમર્પિત થાઓ તો જ પ્રભુએ કહેલ કર્તવ્યો પૂરા બજાવી શકાય.'' વળી આવો કોક ઉપદેશ કરતા હશે, અથવા કહેતા હશે-

**સાંસારિક જીવન તો વાસી (પૂર્વભવનું) પુણ્ય ખાયે જવાનો ધંધો છે.**

**એકલું વાસી ખાયે જાય, એ દુઃખી થાય.**

પૂર્વ ભવનાં પુણ્યે અહીં આ બધી સુખસામગ્રી મળી છે, ને તે આનંદથી ભોગવી રહ્યા છો, એમાં તો પૂર્વની પુણ્ય-મૂડી ભોગવાઇ ભોગવાઇને ખત્મ થઇ રહી છે. પુણ્ય પહોંચતું હશે તો બહુ બહુ તો આ જનમના છેડા સુધી ચાલશે, પણ પછી આવતા જનમમાં પુણ્ય વિના કઇ દશા ? તેમજ અહીં જે આ મહાપાપના ધંધા કરાઇ રહ્યા છે, એનાથી ભયંકર પાપ-સંગ્રહ થશે. એથી વળી પરલોકમાં નરક-તિર્યંચની દુર્ગતિના ભવોમાં કેવા કારમાં દુઃખ વેઠવાનાં આવશે ?

**આવો રુડો મનુષ્ય-અવતાર પામી આ જ કરવાનું ? પુણ્ય વેચી વેચી ધૂમ પાપોની જ ખરીદી કરવાની ?**

તો શું કરવાનું ? આ કરવાનું કે આ પાપોનો સદંતર ત્યાગ કરી મહાન્ અહિંસા-સંયમ-તપધર્મની સાધનાઓ કરી લેવાની.

**અહિંસાદિ ધર્મથી માત્ર આ જનમના જ નહિ કિન્તુ જનમ-જનમનાં પાપ ધોવાઇને સાફ થઇ જાય.**

''તેથી હે બુદ્ધિમાન ! ઊઠ ઊભો થા, પહોંચી જા શ્રી મહાવીર ભગવાન પાસે, એમનું શરણું લઇને સુખી થઇ જા.'' નંદીષેણનો આવો ઉપદેશ હોય, ''જો

ભાગ્યવાન ! આ શું કરવા અહીં આવ્યો છું ? વિષય સુખ ભોગવવા ? તો રોજ રોજ કેમ અહીં આવવું પડે છે ? ગઇકાલે સુખ ભોગવીને પછી કાંઇ બાકી સુખની ભૂખ રહેલી ? ના, એ વખતે તો સુખની મજા માણ્યાનો સંતોષ થયેલો, તૃપ્તિ અનુભવેલી. ત્યારે તો જીવ પૂરો ધરાઇ ગયેલો. તો પાછું આજે કેમ આવવું પડ્યું ? કહીશ કે 'આજે ફરીથી ભૂખ ઉપડી, ખણજ જાગી, તેથી આવવું પડ્યું.' તો એ તો નક્કી થયું ને કે

**આ વિષય-સુખ જ એવા છે કે એમાં કાયમી તૃપ્તિ થાય જ નહિ. કામચલાઉ ધરપત થાય, એટલે ફરી ને ફરી પાછી ખણજ-તૃષ્ણા જાગે ને વેઠ કરાવે.**

તો પછી મહાનુભાવો ! જે સુખની તૃષ્ણા ફરી ફરીને વેઠ કરાવ્યા કરે, એ સુખની તૃષ્ણા જ ગોઝારી નથી ? એ સુખ ગોઝારા અને બનાવટી નથી ? સુખ તો સાચા મોક્ષના, કે જે મળ્યા પછી એનો કદી એનો અંત જ થાય નહિ, ને કદી સુખની તૃષ્ણા જ ન કરવી પડે, ખણજ જ ન ઊઠે ! જો આ મનુષ્ય જનમ વિવેકનો છે. એમાં આ વિવેક કર. રોજ રોજ એની એ વેઠ કરવી પડે એવા ઝાંઝવાના નીર જેવા સુખનો મોહ છોડી અનંત સુખના ધામભૂત મોક્ષ માટે પ્રયત્ન કર. એ માટે સર્વ પાપ-ત્યાગ તથા તપ અને સંયમના માર્ગે ચડી જા એ માટે ઊઠ, પહોંચી જા કરુણાના ભંડાર ભગવાન શ્રી મહાવીર દેવ પાસે." અથવા એવા ઉપદેશ કરતા હોય,

"હે પુણ્યવાન ! આ સંસારના જીવન જો, કે એમાં રોજિંદા જીવનમાં કેટકેટલા પાણી-અગ્નિ-વાયુ વગેરે સૂક્ષ્મ જીવો અને કીડા-કીડી, માંકણ-મચ્છર વગેરે સ્થૂલ જીવોનો સંહાર કરવો પડે છે ?

**જો આ રીતે જીવનભર એ સંસારમાં એ જીવોને મોત સુધીની અશાતા આપ્યે જવાય, તો પછીના ભવે કુદરત આપણને શું આપશે ? શાતા કે અશાતા ?**

**બીજાને શાતા આપો તો તમને શાતા મળે, બીજાને અશાતા આપો તો તમને અશાતા જ મળવાની. ધરતીને બાવળિયાના બી આપ્યા પછી ધરતી આંબા ન આપે.**

"તો હે પુણ્યશાળી ! અહીં આવા સુંદર મનુષ્ય અવતારે આવ્યો તો શું ભવાંતરે દુર્ગતિઓના અવતારોમાં ભરચક ભયંકર અશાતા મળે એની તૈયારી કરવા માટે આવ્યો છું ? ઊઠ, ઊભો થા અહિંસા-સંયમ-તપના માર્ગે લાગી જા, તો જીવોને સંહાર કરવાનું બંધ થઇ જશે, જીવોને અશાતા નહિ અપાય. તો ભવાંતરે

તારે અશાતા પામવાની નહિ રહે, અને ભરચક શાતા અથવા અનંત સુખ મળવાના રહેશે. એ માટે પહોંચી જા જગદગુરુ શ્રી મહાવીર ભગવાન પાસે."

અથવા આવો ઉપદેશ દેતા હોય,

"જો મહાનુભાવ ! આપણા આત્મામાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મદ-માયા-ઇર્ષ્યા વગેરે કેટકેટલી ય ખરાબીઓ ભરેલી છે. શું આનાથી આપણે સુંદર રૂપાળા છીએ ? કે કદ્રુપા ? ગુણિયલ છીએ કે અવગુણોના ભંડાર ? જનાવર-સુલભ આ દોષો છે, આ ખરાબીઓ છે. એનો અંત ક્યારે ?

"એમ ન માનતો કે 'આ રાગદ્વેષ વગેરે તો અનાદિ કાળથી ચાલી આવે છે એટલે એનો અંત થાય જ નહિ" ના, જો પુણ્યવાન ! અહીં એ રાગાદિ થોડા થોડા પણ દબાવ્યા દબે છે. જો વાઘ-વરુના અવતારે જીવતા હરણિયા અને બિલાડીના અવતારે જીવતા ઉંદર ખાવાનો રાગ હતો, અહીં તને છે આ રાગ ? લૂંટારાને બીજાનું હડપ કરવાનો રાગ હોય છે, તને છે આ રાગ ? ના, એ બતાવે છે,

**રાગ ઓછો-વધતો થાય છે, તો પછી સદંતર નષ્ટ કેમ ન થાય ?**

**"સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો માર્ગ લે, તો રાગદ્વેષ-કામ-ક્રોધાદિ બધી ખરાબીઓનો અંત લાવી શકાય છે.**

માટે ઊઠ ઊભો થા પહોંચી જા પ્રભુ મહાવીર પરમાત્મા પાસે, અને એ માર્ગ અપનાવી લે. આ કામ માત્ર માનવ અવતારે જ થઇ શકે છે. ભેંસના ભવે નહિ. તો માનવભવનું આ અનન્ય કાર્ય કરી લે. ભેંસના ભવનું કાર્ય રાગદ્વેષાદિ, તે અહીં કરીને ચારિત્રનું કામ જે અહીં જ થઇ શકે તે ભેંસના ભવના વાયદે ન મૂકાય. માટે ઊઠ, પહોંચી જા પ્રભુ પાસે."

❀ ❀ ❀ ❀ ❀ ❀

અથવા નંદીષેણનો કોઇક આવો ઉપદેશ હોય,

"ભાગ્યશાળી ! અહીં આ તું શું કરવા આવ્યો છું ? આ અજ્ઞાન મોહ અને કષાયોનું જીવન છે જે જનાવરો પણ જીવે છે, અને એ અજ્ઞાન મોહ તથા કષાયોમાં ડૂબ્યા રહે છે. આ સુંદર જનમ તો સુંદર સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રનું જીવનજીવવા માટે છે, જેમાં ભરપૂર શાસ્ત્રજ્ઞાન મળે, મોહદ્રષ્ટિને બદલે સમ્યગ્દર્શન આરાધવાનું મળે, અને કષાયોના બદલે સુંદર ક્ષમાદિ ભાવો કેળવી કેળવી ઉપશમભર્યું જીવન

જીવી શકાય. માટે ભલા આદમી !

**આ રુડા ભવમાં અજ્ઞાનતા-મોહ વગેરેનાં કૂડાં કામ કરવામાં કાં પડી રહ્યો છું ?**

ઊઠ, ઉત્તમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના રુડાં કામ કરી લે. પહોંચી જા શ્રી મહાવીર ભગવાન પાસે."

અથવા આવો ઉપદેશ હોય. "હે પુણ્યવાન ! આ જગતના જીવનમાં કુટુંબ-કબીલો સગાસ્નેહી કોઇ જ આપત્તિમાં રક્ષણ આપી શકતું નથી. એના બદલે દેવાધિદેવ અને ગુરુ તથા મુનિઓને બાહ્યથી સગાસ્નેહી કરી લીધા હોય, તેમજ અભ્યન્તરમાં ક્ષમા-નમ્રતા વગેરે તેમજ અહિંસા-સંયમ-તપ વગેરેને આંતરિક સગાસ્નેહી કરી લીધા હોય, તો એ ખરેખરું રક્ષણ-હુંફ-આશ્વાસન આપે છે. પેલા દુન્યવી સગા ને વહાલા તો સ્વાર્થના સગા, માટે તકલાદી. ત્યારે દેવ-ગુરુ-ધર્મ એ આપણા એવા સજ્જન સગા થાય છે કે એમને પોતાના કોઇ જ સ્વાર્થની વૃત્તિ જ નહિ, અને એકાંતે પરોપકાર-પરહિતમાં જ પ્રવૃત્તિ કરનારા ! આવા જ્યારે આ માનવભવમાં આપણને સાચા સજ્જન સગા મળી રહે છે, તો એમના જ સંબંધમાં રહેવાનું ને જીવવાનું મૂકી સ્વારથિયા અને આપણું અહિત કરનારા સગાઓના ઘેરાવામાં શું રહેવું ?

"મહાનુભાવ ! ધ્યાનમાં રાખ 'દુલ્લહા સજ્જન સંગાજી' સજ્જનનો સંગ દુર્લભ, આ જગતમાં મળવો ઘણો મુશ્કેલ છે.

"જુઓને અહીં દેવાધિદેવ અને સદ્‌ગુરુઓ હયાત છે, પરંતુ અસંખ્ય કીડા-કીડી વગેરે, માખી મચ્છર વગેરે ક્ષુદ્ર જંતુઓ અને પશુ-પંખીઓને એમની ઓળખ જ ક્યાં છે ? એમનો શો ઉપયોગ કરી શકે છે ? અરે ! અનાર્ય મનુષ્યોને કે જૈન ધર્મની શ્રદ્ધા વિનાના ને પણ એમની કશી ઓળખ કે એમનો ઉપયોગ કરવાનું ક્યાં છે ? માટે જ કહેવાય કે

**અરિહંતદેવ અને ત્યાગી મુનિઓ જેવા સજ્જનના સંગ મળવા અતિ દુર્લભ.**

એ જો તમને અહીં મળી શકે છે તો મોહમાયાના સગાના સંબંધ છોડી એમના જ સંસર્ગમાં જીવવાનું કરી દો."

નંદીષેણ આવો પણ ઉપદેશ દેતા હોય,-

"હે ભાગ્યવાન ! તું જો કે ઇન્દ્રિયોનાં વિષયસુખ હળદરિયા રંગ જેવા છે

હમણાં સુખનો અનુભવ ને હમણાં જ એ સુખાનુભવ ઊડી જાય છે ! ત્યારે

**વિષયસુખથી પાપાનુબંધી કર્મો જે બંધાય છે, એના વિપાક મહાભૂંડા !** કેટલીય દુર્ગતિઓના ભવોમાં કારમા દુઃખ ભોગવ્યા જાય નહિ એવા ઊભા થાય છે ! ''ઉપરાંત હે પુણ્યવાન ! તે પણ જો કે

**પરલોકના કારમા દુઃખ તો પછી, પરંતુ અહીં પણ સાંસારિક જીવન જીવતાં મનને ખેદ-વિષાદ રોજના કેટકેટલા ?**

જીવન જ સાંસારિક સગવડો ભોગવવાના રસવાળું, ને પુણ્ય કાચું છે એટલે પુણ્યની કચાશે એમાં ડગલે ને પગલે વાંધા લાગ્યા જ કરવાના, ને ડગલે ને પગલે મનને ખેદ-વિષાદ થયા જ કરવાના. આ ખેદ-વિષાદ એ કાંઇ આત્માનો ગુણ નથી આ ખેદ-વિષાદ તો આત્માની મોટી ખરાબી છે, કેમકે એ મોટી ક્રોડોની *સંપત્તિના સુખાનુભવને તો બગાડે જ. પરંતુ મહામૂલી ધર્મસાધનાને પણ બગાડી* નાખે છે ! **ખેદ-વિષાદમાં ધર્મસાધનાનો રંગ ઝાંખો પડી જાય છે.**

દા.ત. ગિરિરાજ પર મોટા આદેસર દાદાના દર્શન મળ્યાં. મનને હરખ એવો ચઢ્યો કે 'અહો ! અહો ! આ દાદા મને ભેટવા મળ્યા ? કેવા એ વિષય-કષાયથી પર થઇ વીતરાગ થઇ બેઠા ! મનને એમ થાય છે કે જાણે હું પણ દાદાના ચરણે બેસી જઇ વિષય-કષાયથી પર થઇ વીતરાગ બની જાઉં.' આ રંગ તો ચડ્યો પરંતુ એટલામાં કોઇ દર્શન-પૂજા કરનાર આપણાં દર્શનની આડે આવ્યો. ત્યાં ઝટ મનને વિષાદ-વિખવાદ થાય છે કે 'અરે ! આ અક્કલ વિનાનો માણસ કેવો આડો આવી ઊભો ? આ ખેદવિખવાદમાં પેલો કષાયથી પર થવાનો ધર્મરંગ શે અખંડ ઊભો રહે ?

નંદીષેણ પેલાને પ્રતિબોધવા કહી રહ્યા છે- ''ખેદ-વિષાદ એક બાજુ તો ધર્મનો રંગ બગાડી નાખે છે, અને બીજી બાજુ-આર્તધ્યાન-દુર્ધ્યાન લગાડી દે છે. તે ખેદ-વિષાદ પાછા બધા એવા નહિ કે હમણાં ઊઠ્યા ને હમણાં જતા રહ્યા. ના, એ ક્યાં સુધી ય ચાલ્યા કરે છે એટલે આર્તધ્યાનની ધારા ચાલે છે. ત્યારે આર્તધ્યાન શું આપે ?

**'અટ્ટેણ તિરિયગઇ'**

આર્તધ્યાનથી તિર્યંચગતિનાં કર્મ બંધાય છે, એટલે જો આર્તધ્યાનની

સિરિયલ-ધારા ચાલી તો તિર્યંચગતિનાં કર્મબંધની ધારા પરંપરા ચાલતી રહે છે. તે ય એકલા કર્મબંધ જ નહિ, પણ એના કુસંસ્કાર પણ થોકબંધ ઊભા થતા જાય છે !

"બોલો બુદ્ધિમાન ! સાંસારિક જીવનમાં હાલતાં ને ચાલતાં ખેદ-વિષાદ ઉદ્વેગ-અરતિ સહેજે સહેજે થયા કરે એ કેટલું ભયંકર કામ કરે છે ? ને ખેદ-વિષાદ વખતે દેવતાઇ પણ સુખના અનુભવ ક્યાં ઊભા રહે ? જ્ઞાનીઓ દેવતાને પણ દુઃખી કહે છે તે આ ખેદ-વિષયના હિસાબે પણ છે. દૂધમાં થોડું લૂણ પડે, ને દૂધ ફોદા થાય ! એમ સ્વર્ગના સુખમાં પણ ખેદ-વિષાદ ઊભો થાય એટલે આનંદના ફોદા થઇ જાય છે.

**આવા હજારો લાખો ખેદ-વિષયવાળા સાંસારિક જીવનમાં શી મઝા ?**

એવા જીવન જીવને શું ખાટી જશો ? એના કરતાં સંયમજીવનમાં લાગી જાઓ તો **સંયમજીવન જ જ્ઞાનમય જીવન છે, જ્ઞાનદ્રષ્ટિનું જીવન છે, તેથી નાના મોટા પ્રતિકૂળ પ્રસંગમાં ખેદ-વિષય નહિ થાય.**

જ્ઞાનમય દ્રષ્ટિ એનો હવાલો સુંદર નાખી દે છે. વળી ઘરવાસ છોડ્યો એટલે ઘરવાસ નિમિત્તના હજારો ખેદ-પ્રસંગો જ બંધ થઇ જવાના. 'તાંબાની તોલડી તેર વાનાં માગે,' પણ તોલડી જ રાખી નહિ એટલે તેર વાનાની ચિંતા જ મટી. સંયમ જીવનમાં એના સંબંધ જ નથી રાખ્યા એટલે એના અંગેના ખેદ-વિષાદ ઊભા જ નહિ થવાના. માટે ઉઠો લાગી જાઓ સંયમ જીવનમાં.' કેવું સુંદર કહ્યું ?

**સંયમજીવનમાં તાંબાની તોલડી જ નહિ તેથી તેર વાના માગે જ નહિ. તેથી તે અંગેના ખેદ-વિષાદ નહિ.**

નંદીષેણ વેશ્યાના ઘરે બેઠા પણ રોજ આવા આવા વૈરાગ્યના ઉપદેશ ત્યાં સંપર્કમાં આવતા લોકને સંભળાવતા, અને એમાંથી દસ દસ જણને સંસારમાંથી ઊભા કરી દેતા ! અને ચારિત્ર લેવા માટે રવાના કરી દેતા !

**દશને બુઝવવાની પાછળ મહત્ત્વનું કારણ શું હતું ?**

માત્ર ઉપદેશની ખૂબી નહિ, કિન્તુ એમનામાં જે વચનલબ્ધિ અને પ્રખર આદેય નામકર્મનું પુણ્ય ઊભું થઇ ગયેલ, એ મહત્ત્વનું કારણ હતું. તો બોલો

**પડવાનું નક્કી જાણ્યા છતાં ચારિત્ર લીધું અને ત્યાગ-તપ-સંયમનો પુરુષાર્થ કર્યો એ નકામો ગયો ? ના, એણે લબ્ધિઓ અને પુણ્ય ઊભા કર્યા.**

જો ઘરે બેઠા રહ્યા હોત અને ભોગાવલિ કર્મના ફળ રૂપે ભોગ ભોગવતા બેઠા હોત, તો આ લબ્ધિઓ અને પુણ્યાઇ ઊભી થાત ખરી ?

**ક્યારે ય પણ ત્યાગ-તપ-સંયમનો નિરાશંસ-નિઃસ્વાર્થભાવનો પુરુષાર્થ નકામો જતો નથી. અશુભાનુબંધો તૂટે, ને પ્રારબ્ધને મારે એવા શુભાનુબંધ ઊભા થાય છે. એજ પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય.**

પ્ર.-પરંતુ વેશ્યાને ત્યાં જઇને તો બેઠા ને ?

ઉ.-બેઠા ખરા, પણ જાગતા બેઠા હતા. એટલે વેશ્યાના ભોગસુખોની વચ્ચે પણ સવાર પડી ત્યારથી આ દસ દસ જણને રોજ ધર્મનો વૈરાગ્યનો ઉપદેશ દેવાનો ધંધો રાખ્યો હતો, અને વિષયસુખ પ્રત્યે અંતરમાં ઉદ્વેગ હતો માટે તો જુનાં ભોગાવલી કર્મ દિલમાં દુઃખ સાથે એકલું ભોગવી લેવાનું રાખ્યું હતું પરંતુ નવા જોરદાર મોહનીય કર્મ બાંધવાનું રાખ્યું નહિ. તેથી બાર વરસ થતાં ત્યાંથી ઊભા થઇ ચારિત્રમાર્ગે ચાલ્યા જતાં વાર લગાડી નહિ !

**ચારિત્ર લીધા વિના સીધા ભોગાવલિ ભોગવી લેવામાં પડ્યા હોત તો કદાચ એ ભોગવવામાં એટલું દિલદર્દ ન રહેતે જેટલું ચારિત્ર પાળ્યા પછી ભોગાવલી ભોગવવામાં રહ્યું.**

આનું કારણ એ, કે એમણે ભલે નિકાચિત ભોગાવલિ કર્મ ઊભા રાખેલા, પરંતુ એમણે અહિંસા-સંયમ-તપની વિશુદ્ધ સાધનાથી અશુભ અનુબંધો તોડી નાખેલા. જો આ સાધનાની પહેલાં જ ભોગ ભોગવવા બેસી રહ્યા હોત તો એ અશુભાનુબંધોનો મહાકચ્ચરઘાણ શી રીતે કરી શકત. તત્ત્વ-રહસ્ય બરાબર વિચારજો. અહીં એ સવાલ થાય,-

પ્ર.-નિકાચિત ભોગાવલિ કર્મ ઉપાર્જ્યાં તે પૂર્વભવે સુપાત્રદાન દીધેલું એનાથી ઉપાર્જ્યા, પરંતુ એ દાન તો નિરાશંસ ભાવે કરેલું કોઇ દુન્યવી સુખ સન્માનની લાલસાથી નહિ, એટલે એનું પુણ્ય પાપાનુબંધી નહિ, પરંતુ પુણ્યાનુબંધી ઊભું થયુ હોય. આમ એમાં પાપાનુબંધ અશુભાનુબંધ તો હતા જ નહિ, પછી એને તોડવાની વાત જ ક્યાં રહે છે ?

ઉ.-આત્મામાં અશુભ અનુબંધો બીજી રીતે ઊભા થયેલ ન જ હોય એવું નથી, કેમકે એક તો પૂર્વ ભવોના કેઇ અશુભ અનુબંધ ઊભા હોય. બીજું એ, કે આ

ભવમાં પણ સાંસારિક જીવન જીવતાં ક્યાંક ક્યારેક રાગના તીવ્ર સંકલેશ આવી જવા સંભવ છે. એ તીવ્ર સંકલેશથી અશુભ અનુબંધ ઊભા થઇ જાય છે. અનુબંધ શું છે ? સંસ્કાર છે. તીવ્ર રાગ સંકલેશ અનુભવતાં એના સંસ્કાર આત્મામાં પડી જાય એમાં નવાઇ નથી.

અલબત રાગના તીવ્ર સંકલેશ વખતે પણ જો દિલમાં ભય હોય, ખેદ હોય, કે 'અરે ! આટલો બધો રાગ કરીને મારું શું થશે ? ક્યારે આ રાગનાં ઝેર મીટે ?' તો ત્યાં અશુભાનુબંધ ન બંધાય. પરંતુ સાંસારિક જીવનમાં દરેક પળે આ જાગૃતિ ક્યાંથી લાવવી ?

**જાગૃતિ ન હોય એટલે રાગ-દ્વેષ, હરખ-ઉદ્વેગ, હાસ્ય-શોક વગેરે નિર્ભીકપણે સેવાય છે, અને એમાં અશુભ અનુબંધો ઊભા થઇ જાય છે.**

આપણા આત્મામાં અશુભ અનુબંધો ઘણા છે, એનું પ્રમાણ-સાબિતી આ, કે આપણને સહેજ સહેજમાં દુર્બુદ્ધિઓ થયા કરે છે. પછી આ નિયમ છે કે-

**શુભાનુબંધથી સદ્‌બુદ્ધિ થાય, અશુભાનુબંધથી દુર્બુદ્ધિ થાય.**

જીવનમાં તપાસવા જેવું છે કે સદ્‌બુદ્ધિઓ કેટલી અને ક્યારે ક્યારે ? અને દુર્બુદ્ધિઓ કેટલી અને ક્યારે ક્યારે ?

**દુર્બુદ્ધિઓના પ્રકાર :-**

દા.ત. પૈસા મળ્યા એના પર મનને એમ થાય કે 'આનાથી જિનભક્તિ કરું સોના-ચાંદી કે મોતી-માણેકની કંઠી લાવી પ્રભુના ગળામાં પહેરાવું. સાત ક્ષેત્રમાં વાપરું, દુઃખીઓના ઉદ્ધાર કરું, પરોપકાર કરું,' તો એ સદ્‌બુદ્ધિઓ છે. પરંતુ જો મનને એમ થાય કે 'આનાથી હવે આવી આવી ભોગ સામગ્રી લાવું. નેકલેસ લાવી પત્નીના ગળામાં પહેરાવું, મેડી ઊંચી કરાવું, ફરનીચર વસાવું, રંગરાગ ઉડાવું,' તો આ બધી દુર્બુદ્ધિઓ છે.

એમ ક્ષમા કરવાના અવસરે ક્રોધ કરવાનું મન થાય, ત્યાગના અવસરે રાગ-આસક્તિ-મમતા વધારાય, મૈત્રીના બદલે વૈર, કરુણાને બદલે કઠોરતા, પ્રમોદના બદલે દ્વેષ-ઇર્ષ્યા, અને ઉપેક્ષાને બદલે પરચિંતા પરદોષ પિંજણ કરવાનું મન થાય, એ બધી દુર્બુદ્ધિઓ છે. એથી વિરુદ્ધ

**ક્ષમા-નમ્રતા-લઘુતા, ત્યાગ-નિસ્પૃહતા, મૈત્રી-કરુણા-પ્રમોદ-ઉપેક્ષા (માધ્યસ્થ),**

**અહિંસા વ્રત-નિયમ-તપસ્યાદિ કરવાનું મન થાય એ સદ્‌બુદ્ધિ છે.**

હવે જીવનમાં જોશો તો દેખાશે કે સદ્‌બુદ્ધિઓ થોડી, ને દુર્બુદ્ધિઓ અપરંપાર થાય છે. એ શાથી થાય છે ? કહો,

**પૂર્વભવોના એકત્રિત કરેલા અશુભ અનુબંધોના લીધે દુર્બુદ્ધિઓ થાય છે.** એટલે અપરંપાર દુર્બુદ્ધિઓના હિસાબે અશુભ અનુબંધો પણ આત્મામાં અપરંપાર પડ્યા છે. આ અશુભાનુબંધોને તોડવાનો રામબાણ ઇલાજ દિલના સળગતા પશ્ચાત્તાપ સાથે આપણે સેવેલા દુષ્કૃત્યોની ગર્હા-નિંદા-ઘૃણાનો સચોટ પુરુષાર્થ છે.

શું શું આવે દુષ્કૃત્યોમાં ?

(૧) હિંસા-જુઠ-ચોરી-વિષયો અને પરિગ્રહનાં પાપાચરણો,

(૨) ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ, વેર-ઝેર ઇર્ષ્યા-અસૂયા, હરખ-ઉદ્વેગ-શોક વગેરે કષાયોની લાગણીઓ,

(૩) આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રા-ભય-લોક-ઓઘસંજ્ઞાઓ,

(૪) દેવ-ગુરુ-ધર્મ, સંઘ-શાસ્ત્ર-તીર્થની નિંદા-આશાતના-અપલાપ પરિભવ-નાશ,

(૫) જ્ઞાનાવરણાદિ અશુભ કર્મોના જ્ઞાન-આશાતના વગેરે આશ્રવો.

(૬) મિથ્યાત્વ-અવિરતિ અને મન-વચન-કાયાના અશુભ વિચાર-વાણી-વર્તાવના યોગો...

**અશુભાનુબંધો કેમ તુટે ? :-**

આ બધાં દુષ્ટ કૃત્યોમાં જે જે અહીં કે ગતભવોમાં સેવ્યાં છે, એની બળતા હૃદયે ભારોભાર નિંદા-સંતાપ પશ્ચાત્તાપ અને જ્વલંત અકર્તવ્યબુદ્ધિ અકરણભાવના વારંવાર કરતા રહેવાથી અશુભ અનુબંધો તૂટે છે.

વળી એ દુષ્કૃત્યગર્હા ખાલી કોરી ભાવનારૂપ ન રહે એ માટે ખૂબ ખૂબ જિનભક્તિ-સાધુસેવા અને સંઘ સાધર્મિક-ભક્તિનાં કાર્યો, એમ સામાયિક-પ્રતિક્રમણ-પોષધ વગેરે ધર્માનુષ્ઠાનો, એમ ત્યાગ-સંયમ, વ્રત-નિયમો, જિનવાણી-શ્રવણ, શાસ્ત્ર-સ્વાધ્યાય, શક્ય દયા-દાન-શીલ-તપસ્યા તથા અનિત્યતાદિ બાર અને મૈત્રી આદિ ચાર ભાવનાની સાધના વગેરે વગેરે આચરતા રહેવું જોઇએ. તો

એથી નક્કર પાપાનુબંધ ક્ષય થાય. એ થયો એટલે નિકાચિત કર્મ પણ આત્માનું કાંઇ બગાડી શકે નહિ. આનું નામ પુરુષાર્થનો પ્રારબ્ધ પર વિજય.

**મરીચિનો પુરુષાર્થ :-**

શ્રી મહાવીર પ્રભુના જીવે ત્રીજા મરીચિના ભવમાં ચારિત્ર ભાંગ્યા પછી પણ એના અંતરમાં સમ્યક્ત્વનો દીવડો ચાલુ હતો, તેથી જ એ બીજાઓને વૈરાગ્યનો ઉપદેશ આપી આપીને સંસારમાંથી એમને ઊભા કરી દઇ ચારિત્રમાર્ગે ધકેલતા. સાથે પોતાની પામર પતિત દુર્દશા પણ નિંદતા, તેથી ચારિત્રપતિત છતાં એવા અશુભ અનુબંધો નહોતા ઉપાર્જતા. પરંતુ કપિલને ચેલો બનાવવાના લોભમાં ઉત્સૂત્ર-ભાષણનો અસત્ પુરુષાર્થ કર્યો, સમકિતનો નાશ કરી દુ:ખદ મિથ્યાત્વ ઊભું કર્યું, એટલે ભારે અશુભ અનુબંધો ઊભા થઇ ગયા ! આ પણ અસત્ પુરુષાર્થની શિરજોરી. એ અશુભાનુબંધો એમને પછીના ભવોમાં બહુ નડ્યા. જૈન ધર્મનું મોં જોવા ન મળ્યું. ભવે ભવે પહેલાં વિષયાસક્ત બ્રાહ્મણ ગૃહસ્થ, અને પછી મિથ્યાદ્રષ્ટિ ત્રિદંડિક સંન્યાસી થતા ગયા, મિથ્યામાર્ગ-કુમતના આચરનારા અને ઉપદેશનારા બનતા ગયા. પૂર્વના અશુભ અનુબંધો આ દુર્બુદ્ધિ કરાવે છે.

અશુભ અનુબંધોની કેવી શિરજોરી ! સદ્ગુરુ મળવાના સંયોગ હોય છતાં એ સદ્બુદ્ધિ સન્મતિ સૂઝવા ન દે ! એકલી દુર્બુદ્ધિ સૂઝ્યા કરે.

**અશુભાનુબંધોનું પરિણામ કેવું ખતરનાક ! કે શ્રી મહાવીર પ્રભુનો જીવ ત્રીજા મરીચિના ભવેથી આગળ વધતાં વચમાં પાંચમા અને છઠ્ઠા ભવની વચમાં તથા ૧૩મા ૧૪મા ભવની વચમાં અગણિત ક્ષુદ્ર ભવોમાં ભટક્યો !**

આ બધે કર્મનો અઢળક માર ખાતાં ખાતાં હળુકર્મી થયા, ને સોળમા ભવે વિશ્વભૂતિ રાજકુમાર થઇ જૈન ધર્મ જોવા પામ્યા. અશુભ અનુબંધો મોળા પડી ગયા છે, એટલે નહિ જેવા નિમિત્તને પામી જ્વલંત વૈરાગ્યની સદ્બુદ્ધિ જાગી ! ત્યારે આ એક સારું તત્ત્વ વિચારવા જેવું છે, કે આપણને જો અહીં થોડી ય વૈરાગ્યબુદ્ધિ તથા દયા-દાન-જિનભક્તિ, સાધુ-બહુમાન વગેરેની સદ્બુદ્ધિ સૂઝતી હોય તો આપણે કેટકેટલા અશુભ અનુબંધ તોડી શુભ અનુબંધ બાંધી લાવ્યા હોઇશું કે એટલી આપણા આત્માની યોગ્યતા વિકસી ગણાય !

પરંતુ સાથોસાથ હિંસા-આરંભ-સમારંભ, જૂઠ, અનીતિ-વિષયસેવન

વગેરેની બુદ્ધિ થયા કરે છે, તો તે અશુભ અનુબંધોનું ફળ છે. છતાં ત્યાં જો દિલમાં એ પાપ દુષ્કૃત્યોનો બળાપો છે, તો દુષ્કૃત બુદ્ધિના અશુભ અનુબંધો એવા જોરદાર નથી એ સમજવાનું છે, અને

**પાપોના આ હાર્દિક બળાપાથી અશુભ અનુબંધો તૂટતા આવે છે,**

એ પણ ધ્યાન રાખવાનું છે. જેથી પાપ સંતાપ વધુ ને વધુ જોરદાર બનાવતા જવાય, તો એક દિવસ એવો આવીને ઊભો રહે કે પાપબુદ્ધિ તદ્દન નષ્ટ થઇને એવી પ્રચંડ ધર્મબુદ્ધિ જાગે, એવી પ્રખર ધર્મવૃત્તિ જાગે કે સંસાર-ત્યાગ કરી સીધા ચારિત્રમાર્ગે ચડી જવાય.

વિશ્વભૂતિને અશુભ અનુબંધો ઘસારે પડી જવાથી આ થયું. નાનાશા નિમિત્તને પામી રાજવી વૈભવ-વિલાસ છોડી ચારિત્રમાર્ગે ચડી ગયા, અને એક હજાર વર્ષ સુધી કડક સંયમ અને ઉગ્ર તપસ્યા કરતાં કરતાં કાયાને હાડપિંજર શી કરી નાખી ! છતાં હજી માસખમણ સુધીની તપસ્યા કરી રહ્યા છે. આમાં કેટલા બધા શુભ અનુબંધો પણ ઊભા કર્યા હશે ?

❀ ❀ ❀ ❀ ❀ ❀

પરંતુ હવે જુઓ એ શુભાનુબંધોને તોડી નાખે એવા અશુભ અનુબંધ ઊભા કરવાની વિશ્વભૂતિ મુનિ કેવી ભયંકર ભૂલ કરે છે ! આમે ય વિશ્વભૂતિ રાજકુમારને નાના નિમિત્તમાં વૈરાગ્યની સદ્‌બુદ્ધિ કરાવનાર શુભ અનુબંધ તો હતા જ, પછી સંયમજીવનમાં સાધના કરતાં કરતાં શુભ અનુબંધો સારા જમા થઇ ગયેલા, છતાં અંતે કરેલ નિયાણાએ એ તોડી નાખેલ ! તેથી ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવે વૈરાગ્યની વાત નહિ, ને સાતમી નરકના પાપોની દુર્બુદ્ધિઓ કર્યે રાખી ! શુભ અનુબંધો તૂટ્યા વિના આ ન બને.

અહીં અનુબંધનું સાયન્સ-વિજ્ઞાન જોવા જેવું છે.

**શુભ અનુબંધો કેવા જોર મારી ગયેલા કે સંસારમાં રહ્યા એક સામાન્ય નિમિત્તમાં એ શુભાનુબંધોએ સર્વ પાપો દુષ્કૃત્યો અને એની દુર્બુદ્ધિ બંધકરાવી દઇ રાજપુત્ર વિશ્વભૂતિને અહિંસા-સંયમ-તપની જોરદાર સદ્‌બુદ્ધિ અને એની આરાધનામાં ચડાવી દીધેલા.**

શુભાનુબંધોનો ગજબનો પ્રભાવ કેવો સમજો છો ? વિશ્વભૂતિને મોટા રાજાશાહી સુખ-વૈભવ અને વિષય-વિલાસ મળ્યા છે, એના પર વૈરાગ્ય થવો સહેલો

છે ? કદાચ વૈરાગ્ય પણ થાય, કિન્તુ આવા લચપચતા ભોગસુખો એકદમ મૂકીને અતિ કપરા ચારિત્રમાર્ગે ચાલી નીકળવું સહેલું છે ? તે પણ મોટા કાકા રાજાએ વિશ્વભૂતિને એની રાજકુમારી-પત્નિ સાથે બગીચામાં આનંદ-વિલાસ કરતાને, બહાર ખેંચી લેવા માટે એક સામાન્ય પ્રપંચ રચ્યો એટલા માત્ર નિમિત્ત પર ! રાજાએ ખોટેખોટું દુશ્મન રાજાને વશ કરવા જવાના બહાને લડાઇનું ઢોલ પીટાવ્યું ! વિશ્વભૂતિ બગીચાની બહાર આવ્યો, આગ્રહ કરીને જાતે શત્રુને વશ કરવા ચાલ્યો, એટલે અહીં રાજાના પુત્રને બગીચામાં પેસી જવાનું મળ્યું. ત્યારે ત્યાં વિશ્વભૂતિને દુશ્મન મનાવેલ રાજા તો સામે ભેટણું લઇને આવી નમન કરે છે, પિતાજીનું કુશળ પૂછે છે, વિશ્વભૂતિ ચોંક્યો ! 'આ શું ?' તપાસ કરાવી તો પત્તો મળ્યો કે મોટા કાકા રાજાને પોતાના પુત્રને સપરિવાર બગીચામાં દાખલ કરવો હતો તેથી પોતાને બહાર કાઢવા આ એક પેંતરો જ રચેલો !

બસ, આટલું જ નિમિત્ત ! શું આ નિમિત્ત મોટા રાજાશાહી સુખો પર વૈરાગ્ય પામવા માટે મોટું નિમિત્ત છે ? શું રાજાનો આ કોઇ મોટો વિશ્વાસઘાત છે ? તમારા જીવનમાં તમે કોઇનાથી આના કરતાં વધુ મોટા દ્રોહ-વિશ્વાસઘાત નથી પામ્યા ? છતાં વૈરાગ્ય થયો ? આંધળા રાગ મળ્યા ? ના, કેમ ?

**અશુભ અનુબંધોની મોકાણ છે કે આંધળા રાગની દુર્બુદ્ધિઓ રાખવી ગમે, વૈરાગ્યની સદ્‌બુદ્ધિ લાવવાના ફાંફા, પછી ભલેને નિમિત્ત ભયંકર મળે.**

પ્રાણપ્યારી પત્ની મરે, યા પેઢી ચલાવતો જુવાનજોધ દીકરો મરે ને એની યુવાન પત્ની રાંડે, યા વેપારમાં અણધારી મોટી ખોટ આવી જાય, કે ભાઇ યા ભાગીદાર વિશ્વાસઘાત કરે ને એમાં લાખોનું ઉઠમણું થાય...આવા ભયંકર નિમિત્તોમાં પણ તમને વૈરાગ્યની સદ્‌બુદ્ધિ જાગવી મોંઘી ને ? અતિ મુશ્કેલ ને ? કેમ વારુ મોંઘી ? અશુભ અનુબંધો એવા જોરાવર હોય છે કે એ સદ્‌બુદ્ધિ જાગવા જ ન દે, ને આંધળા રાગની ને આંધળી વિષયગુલામી અને ધનમૂર્ચ્છાની દુર્બુદ્ધિ જાગતી રાખે. ત્યારે વિશ્વભૂતિને નાનકડા નિમિત્તમાં મોટા રાજવી સુખવૈભવ પર વૈરાગ્ય ! અને તરત જ એવા અઢળક સુખવૈભવને લાતે ફગાવી અર્થાત્ એના મહાત્યાગ કરી એ ચારિત્રપંથે નીકળી પડવાનું કરે છે ! એનું કારણ ? મરીચિના ભવના જોરદાર અશુભ અનુબંધો મરી ખૂટેલા અને ઊભા થયેલ શુભ અનુબંધો જોર મારી ગયા.

એમાં પાછો વધારો કેવો થયો કે વિશ્વભૂતિ મુનિ કઠોર સંયમ અને પ્રખર તપથી શુભ અનુબંધોનો ઢેર જામ્યો !

**ધર્મની આરાધના જેમ જેમ નિષ્કામ-નિરાશંસ-નિઃસ્વાર્થ ભાવે અને ગદ્ગદ દિલથી કરાતી રહે, તેમ તેમ શુભાનુબંધો વધતા જાય છે,**

ને એ શુભાનુબંધી આગળ આગળ નવ નવી સદ્ભાવના જગાવતા રહે છે, તેથી આગળ આગળ ધર્મસાધના અધિકાધિક વેગ જોમ અને ભાવોલ્લાસ સાથે થતી રહે છે. વિશ્વભૂતિ મુનિને આ ચાલી રહ્યું છે. પરંતુ હવે જુઓ કે જો મનમાં વૈરાગ્ય મોળો પડી ગયો, ને દુન્યવી કોઇ લાલસા જોરદાર જામી ગઇ, તો એની તાકાત શું સમજો છો ? પૂર્વના ચિરાકાળના શુભ અનુબંધોને પણ તોડી નાખી શકે છે !

વિશ્વભૂતિ મુનિને અંતે માસખમણના પારણે ગોચરીએ જતાં ગાયની હડફેટ લાગવાથી મુનિ પડી ગયા, ને ત્યાં પિતરાઇ ભાઇ હસીને મશ્કરી કરે છે, 'કેમ ? ક્યાં ગયું કોઠાની જેમ માથા તોડવાનું બળ ?'

મુનિને નિરાશંસ ભાવથી કરેલ ઘોર તપસ્યાથી આમ તો એવી આત્મલબ્ધિ ઊભી થઇ ગઇ હતી કે પિતરાઇયાને દેખાડી આપવા ગાયને શિંગડાથી ઝાલી આખી ને આખી ઊંચી ઊંચકી ચારે બાજુ આકાશમાં ઘુમાવી ઊંચે ગગનમાં ઉછાળે છે, અને એ પાછી પડતાં હાથ પર ઝીલી લીધી ને ક્ષેમકુશળ નીચે મૂકી દીધી. પરંતુ શારીરિક અશક્તિ પર પિતરાઇયાએ મશ્કરી કરી તેથી શારીરિક અશક્તિ મનને ખૂંચી એટલે ત્યાં એમણે નિયાણું કર્યું કે 'મારા તપ-સંયમના પ્રભાવે આવતા જન્મે અખૂટ બળનો સ્વામી થાઉં.'

આમાં એમણે શું કર્યું ? તુચ્છ પૌદ્ગલિક બળના લાભ ખાતર મહાકિંમતી મહાતપ-સંયમનો ધર્મ વેચી નાખ્યો !

**પૌદ્ગલિક વસ્તુની તીવ્ર લાલસાએ ધર્મભાવ નષ્ટ કર્યો.** અહીં પૂછી શકો-

પ્ર.-ભલે બળ માગ્યું પરંતુ એમાં ધર્મભાવ નષ્ટ શી રીતે ?

ઉ.-અહીં સમજવાનું છે કે અત્યાર સુધી મોક્ષ સિવાય બીજી કોઇ ચીજની આશંસા નહોતી, હવે બળની આશંસા એટલી બધી જોરદાર થઇ ગઇ કે મોક્ષની આશંસા ત્યાં ઊડી ગઇ, કેમકે 'આ તપ સંયમનો પ્રભાવ હોય તો બસ મને બળ મળો', એમ નિયાણું કર્યું એમાં બળને જ મહત્ત્વ અપાયું, ને મોક્ષ તદ્દન વીસરાયો.

આમાં પ્રારબ્ધે જોર કર્યું ? કે પુરુષાર્થે ? કહો, અસત્ પુરુષાર્થે જ જોર કર્યું. પહેલાં સાચું સમજનારા છતાં હવે વિચારસરણીનો પુરુષાર્થ ફેરવ્યો, ને અસદ્ વિચારણાનો પુરુષાર્થ જગાવ્યો.

અહીં જો મુનિને પૂછ્યું હોત કે 'અરે ! પણ તમારે તપ-સંયમના પ્રભાવે મોક્ષ નથી જોઇતો ?' તો એ કદાચ કહેત 'રહેવા દો મોક્ષ-બોક્ષ. મારે તો અખૂટ બળ જ જોઇએ છે.' આ માગવામાં સંયમ-તપની કિંમત અને મમતા ઊડી ગઇ. ત્યારે પૂછો-

**બળની ઇચ્છામાં તપ-સંયમની મમતા કેમ ઊડે ?**

પ્ર.-જો તપ-સંયમના પ્રભાવે મોક્ષ જોઇએ છે તો તપ-સંયમની કિંમત ઊડી નથી જતી, તો પછી તપ-સંયમના પ્રભાવે બળ જોઇએ એમાં તપ-સંયમની કિંમત કેમ ઊડી જાય ?

ઉ.-એ ઉડી જવાનું કારણ એ છે કે તપ-સંયમ શારીરિક બળમાં સમાવિષ્ટ નથી, પણ બળથી તદ્દન ન્યારા છે. બળ એ શરીરનો ગુણ છે, તપ-સંયમ એ આત્માના ગુણ છે. એમાં આત્મગુણથી તદ્દન ન્યારું બળ જ માગ્યું, પરંતુ 'તપ-સંયમના પ્રભાવે ફરીથી તપ-સંયમ મળજો' એ પણ ન માગ્યું, એટલે સ્વાભાવિક છે કે બળ પર મુસ્તાક રહેતાં તપ-સંયમની વાસના સાફ થઇ જાય.

ત્યારે મોક્ષની બાબતમાં તો તપ-સંયમ એ મોક્ષમાં સમાવિષ્ટ છે. કેમકે

**તપ-સંયમની પરાકાષ્ઠા એ જ મોક્ષ છે.**

તપની પરાકાષ્ઠા અનાહારીપણું ને સંયમની પરાકાષ્ઠા આત્મપ્રદેશનું સંયમન, અકંપન, પૂર્ણ સ્થિરતા આ બંને મોક્ષ-અવસ્થા છે. તેથી મોક્ષ-ઇચ્છામાં તપ-સંયમ ઊભા રહે છે. મોક્ષ માગ્યો એટલે ઉત્કૃષ્ટ કોટિના તપ-સંયમ જ માગ્યા, માટે એ નષ્ટ ન થાય.

વાત આ છે વિશ્વભૂતિ મુનિએ–**નિયાણું કરી મોક્ષ અને ધર્મની વાસના જ કાઢી નાખી અને શારીરિક બળનો તીવ્ર રાગ-સંકલેશ ઊભો કર્યો એમાં જોરદાર અશુભ અનુબંધ કેવાક ઊભા કર્યા કે એથી પેલા શુભ અનુબંધો કાં તો નષ્ટ થઇ ગયા, અથવા તો દબાઇ ગયા ! તેથી પરભવે ધર્મની સદ્બુદ્ધિ જ નહિ.**

હવે કેમ ? તપ-સંયમના પુણ્ય પ્રભાવે ત્યાંથી દેવલોકમાં જઇ, પછી ત્રિપૃષ્ઠ વાસુદેવના અવતારમાં બળ તો મળ્યું, જબરદસ્ત મળ્યું, સામેથી આક્રમણ કરતા

અને પોતાના ઉપર કૂદી આવતા સિંહના બે જડબા પકડી લઇ ચીરી નાંખે એવું બળ મળ્યું ! પરંતુ એ શા કામનું ? સાથે ધર્મની લેશ્યા જ નથી, સદ્બુદ્ધિ જ નથી, છે માત્ર વિષય-કષાયોની દુર્બુદ્ધિઓ, કેમકે નિયાણું કરીને એ તીવ્ર અશુભ અનુબંધ લઇને આવ્યા છે. બસ, અશુભ અનુબંધોથી કષાયો વિષય-વિલાસો, અને હિંસાદિના ઘોર પાપો કરીને મરીને સાતમી નરકમાં પૂરાઇ ગયા !

બોલો, પ્રારબ્ધ બિચારું શું કરે જ્યાં જીવને અસત્ પુરુષાર્થ જ કરવો હોય ? પછી એનાથી વાંકું પ્રારબ્ધ ઊભું થાય એમાં શી નવાઇ ?

વિશ્વભૂતિ મુનિને સત્પુરુષાર્થ જોરદાર ચાલતો હતો, પરંતુ પિતરાઇભાઇના એક મશ્કરીનો બોલ સહન ન કર્યો અને જાતે જ પુરુષાર્થને અવળી દિશામાં વાળ્યો નિયાણું કરવાનો અસત પુરૂષાર્થ આદર્યો, ત્યાં પછી પ્રારબ્ધ કૂદે એમાં શી નવાઇ ? અને તીવ્ર અશુભ અનુબંધો ઊભા થાય એને કોણ રોકે ?

ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં એ જોરદાર પાપાનુબંધોના લીધે જોરદાર વિષય-કષાયના કામો કર્યા એમાં વળી નવા અશુભ અનુબંધ ઠમઠોક ઊભા થઇ ગયા ! એ પછી પાછા અગણિત ભવો ચાલુ રહ્યા, અને એ એમાં એકલી દુર્બુદ્ધિ કરાવતા રહ્યા. કદાચ આગળ પણ ચાલુ રહેત, કિન્તુ મન મારીને મનુષ્યભવે ધર્મપુરુષાર્થ અને પ્રિયમિત્ર-ચક્રવર્તીના ભવમાં એક ક્રોડ વરસ ચારિત્ર અને તપના જોરદાર પુરુષાર્થ કર્યા. એણે અશુભ અનુબંધો કેટલાય તોડી નાખ્યા ! બાકી હશે તે વળી નંદન રાજર્ષિના ભવે ચારિત્ર સાથે એક લાખ વરસ સુધી માસખમણના પારણે માસખમણ અને વીસસ્થાનકની જ્વલંત આરાધના કરી કરીને તોડી નાખ્યા !

**પ્ર.-પૂર્વના અશુભ અનુબંધ હોય તો અહીં ધર્મ સૂઝે ?**

ઉ.-સહજભાવે ન સૂઝે, પરંતુ મન મારીને ધર્મ સાથે પરાણે પ્રીત કરી મનને પરાણે ધર્મ સુઝાડાય, પછી ધર્મની એમ પરાણે પણ આરાધના કરતાં કરતાં અશુભાનુબંધ તુટે અને પછી ધર્મ સહજ ભાવે સૂઝે.

બસ, હવે લેશ પણ અશુભાનુબંધ નહિ, તેથી શ્રી મહાવીર ભગવાનના અવતારે ભયંકર ઉપસર્ગમાં પણ લેશ પણ દુર્બુદ્ધિ નહિ, રાગ-દ્વેષ-કષાય કશું જ કરવાની વાત નહિ ! તેમ ઇન્દ્રોનાં સન્માન મળ્યા છતાં લેશ માત્ર અભિમાન કે સન્માનના આનંદની દુર્બુદ્ધિ જ નહિ. ભૂલશો નહિ,

**પૌદ્ગલિક વસ્તુના આનંદ થાય એ દુર્બુદ્ધિ છે.**

શુભ કે અશુભ અનુબંધમાં જીવના પુરુષાર્થનું સ્વાતંત્ર્ય સમજાય છે ? શુભ અનુબંધ ઊભા કરવાનો પુરુષાર્થ કરવો, કે અશુભ અનુબંધ ઊભા કરવાનો પુરુષાર્થ કરવો, એમાં જીવ સ્વતંત્ર છે. પુરુષાર્થ આત્માની પોતાની વીર્યવસ્તુ છે.

**શુભ અનુબંધ કેમ ઊભા થાય ? :-**

૧. વૈરાગ્ય જ્વલંત હોય, ૨. મિથ્યાત્વ મંદ હોય,

૩. પાપનો ભય હોય, પાપની ઘૃણા હોય, ને ૪. રાગ-દ્વેષ-કષાયોની તીવ્રતા ન હોય,

તો અશુભ અનુબંધ ન પડે, પણ ઓછા ને ઓછા થતા જાય, ને નવા શુભ અનુબંધ સારા પડે.

નંદીષેણ મહાત્માએ ચારિત્રથી પતન પામતા પહેલાં આ કરેલું-વૈરાગ્ય, પાપની ઘૃણા, સમ્યક્ત્વ, રાગ-દ્વેષનો નિગ્રહ...વગેરે સાથે નિરાશંસ ભાવે પ્રખર તપ-સંયમની સાધનાથી કેઇ અશુભ અનુબંધો તોડી નાખેલા અને થોકબંધ શુભ અનુબંધો ઊભા કરેલા, તેથી વેશ્યાને ત્યાં ય રહેતાં રોજ દશને ચારિત્ર માટે ઊભા કરી દીધા પછી જ ભોજન લેવાનું રાખ્યું છે. વેશ્યાને ત્યાં રહેવા છતાં પણ આ કેવી મહાન સદ્બુદ્ધિ ? આ સદ્બુદ્ધિ એ શુભાનુબંધનું ફળ છે. વળી પોતે ચારિત્ર-ઝંખનાથી જાગતા બેઠા છે, 'ક્યારે નિકાચિત ભોગાવલિ ખપી જાય ને ક્યારે ફરીથી ચારિત્ર લઇ લઉં.' આ ભાવનામાં રમતા છે, એટલે બાર વર્ષના અંતે સહેજમાં ઊભા થઇ જઇ ચારિત્રમાર્ગે નીકળી પડતાં વાર ન લાગી.

**બોલો, પહેલાં ચારિત્ર અને તપનો પુરુષાર્થ કર્યો તો જ અશુભાનુબંધ નાશ અને શુભાનુબંધ ઊભા કરવાનું બન્યું ને ?**

**કે 'મારે તો ભોગાવલિ કર્મ ભોગવવાના છે,' એમ માનીને ઘરે સંસારમાં જ બેસી રહ્યા હોત તો આ અશુભાનુબંધ નાશ અને શુભાનુબંધ કમાઇ થાત ?**

ચારિત્રના પુરુષાર્થનું ફળ અશુભાનુબંધ નાશ અને શુભાનુબંધનો ઢેર ! એ ઘરે પ્રાપ્ત થાત ? એ તો અટકાવનારી દેવીને બાજુએ ઊભી રાખી ચારિત્ર લઇ લીધું, અને આ તપ-ત્યાગ-સંયમના ભગીરથ પુરુષાર્થ કર્યા, તો જ આ સુંદર પરિણામ આવ્યું. હવે કહો,

ચારિત્રથી નિશ્ચિત પડવાના હતા તો શું ચારિત્રનો પુરુષાર્થ કર્યો એ નિષ્ફળ ગયો ?

**પ્રારબ્ધ પર પુરુષાર્થનો આ રીતે વિજય છે કે**

**સત્ પુરુષાર્થ**

(૧) કેટલાય અનિકાચિત કર્મો તોડી નાખે છે.

(૨) અશુભ અનુબંધો તોડી નાખે છે,

(૩) નિકાચિત કર્મ સાથેના અશુભ અનુબંધ તોડી નાખવાથી નિકાચિત કર્મના ઉદય નિષ્ફળ જાય છે, આગળ કર્મ પરંપરા-પાપ પરંપરા ચાલી શકતી નથી,

(૪) પુણ્ય પ્રકૃતિઓ બંધાવે છે,

(૫) શુભાનુબંધો ઊભા કરી દે છે.

(૬) શુભાનુબંધના ફળમાં સદ્બુદ્ધિ-સન્નિષ્ઠા ધર્મલેશ્યા અને નવા સત્પુરુષાર્થ પ્રગટે છે, તેથી ધર્મ-પરંપરા ચાલે છે.

માત્ર મોટી શરત આ, કે સત્પુરુષાર્થ કોઇપણ જાતની દુન્યવી વસ્તુની આશંસા પૌદ્ગલિક સ્વાર્થ અને માયાચાર રાખ્યા વિના કરવાનો.

સારાંશ, સત્પુરુષાર્થનો પ્રારબ્ધ પર વિજય મુખ્યતયા અશુભાનુબંધ તોડી નાખવાથી અને શુભાનુબંધો ઊભા કરવાથી છે. કેમકે એનાથી દુર્બુદ્ધિ અટકે અને સદ્બુદ્ધિ જાગે પછી શું જોઇએ ? આત્મામાં ધર્મનો ઉદય જ ઉદય થયા કરે.

નંદીષેણ મુનિએ ચારિત્રપાલન અને તપના પુરુષાર્થના આ ફળ ઉપર વેશ્યાને ત્યાં રોજ દસ જણને દીક્ષા માટે ઊભા કરી દેવાનું રાખ્યું છે, અને સ્વયં ભોગસુખોમાં બળતા-ઝળતા રહ્યા છે. બળતા-ઝળતા છે એટલે જ રોજ દિ ઊગ્યા પછી 'સારું સારું ખાઇ લઉં, પી લઉં'ની ઝંખના નથી, પરંતુ 'કેમ દસ જણને વૈરાગ્ય પમાડી દઉં', એ ઝંખના છે. એટલે જ બાર વરસ સુધી આમ ચલાવ્યું છે.

બોલો, તમે તો વેશ્યાને ત્યાં નથી, તમારે સવારથી આ લેશ્યા છે ને કે 'કેમ કુટુંબને ધર્મમાં આગળ વધારું ?' કે સારું સારું ખાઇ પી લેવાની લેશ્યા ?

નંદીષેણે ૧૨ વર્ષ એમ ચલાવ્યા પછી એક દિવસ બાર ઉપર એક વાગવા આવ્યો છે, છતાં નવ જણ તો બૂઝી ગયા છે પણ દસમો હજી પ્રતિબોધ પામતો નથી.

ત્યારે વેશ્યા કહે 'હવે ઊઠો, ભોજનનો સમય થઇ ગયો છે.' તો નંદીષેણ

કહે 'પણ હજી આ દસમો બૂઝતો નથી. પૂરા ૧૦ જણને બૂઝ્યા વિના કેમ જમાય ?'

વેશ્યા મશ્કરીમાં કહે 'તો દસમા તમે.'

વેશ્યા કેમ આટલે સુધી આગળ વધી ? એ માત્ર બહારનું જુએ છે કે 'આ નંદીષેણ મારા સુંવાળા ભોગમાં મસ્ત, એ વળી શું બૂઝી જતા હતા ?' પરંતુ એને બિચારીને નંદીષેણના અંતરની ક્યાં ખબર છે ? નંદીષેણ તો આ સાંભળતાં તરત જ હવે બીજો કોઇ સવાલ જવાબ કર્યા વિના કહે છે-

**'લે ત્યારે, આ દશમો હું બૂઝી જાઉં છું.'**

એમ કહી ઉઠ્યા, ખીંટીએથી રજોહરણ લઇ લીધું અને કહે

'લે, ધર્મલાભ. તું મારી ઉપકારિણી કે મને તેં જગાડયો ! મને બૂઝવ્યો ! હવે તું વોસિરે...વોસિરે. આ હું ચાલ્યો સાધુ થઇને.' એમ કહી ચાલવા માંડે છે !

વેશ્યા ચોંકી ઊઠી, રોતી રોતી કહે 'પણ હું તો મશ્કરીમાં બોલેલી. માફ કરો, મૂકી દો રજોહરણ, અને રહી જાઓ અહીં.'

પરંતુ નંદીષેણ શાના માને ? વેશ્યા રુપે રંગે રુડી અને ભારે અનુકૂળ વર્તનારી, ને મીઠા મીઠા બોલ બોલનારી, છતાં એની સાથે બળતા-ઝળતા હૃદયે રહેનારા નંદીષેણ હવે મોકો મળ્યો શાના પીગળે ? રોજ એ તો ઝંખતા કે 'ક્યારે પાછું ચારિત્ર લઇ લઉં !' તે હવે અહીં મોકો મળી ગયો, ઊઠીને કેમ ન ચાલી નીકળે ?

પૂર્વે ચારિત્રના પુરુષાર્થથી અશુભ અનુબંધો તોડી નાખેલા એનું આ ફળ હતું.

આ બધું જોતાં વિચારતાં ખ્યાલમાં આવશે કે પુરુષાર્થનો પ્રારબ્ધ પર કેવો વિજય છે. આપણે ધારીએ તો વિચારથી-વાણીથી-વર્તાવથી સત્પુરુષાર્થ શુભ પુરુષાર્થ ધર્મ પુરુષાર્થ કરી શકીએ છીએ, કેમકે આપણે પુરુષાર્થ કરવામાં સ્વતંત્ર છીએ. ત્યાં પ્રારબ્ધ આપણને અટકાવી શકતા નથી. વીર્યાંતરાય આદિના તીવ્ર ઉદયે કદાચ કાયિક પુરુષાર્થ ન આદરી શકીએ તો પણ વાચિક યા તીવ્ર માનસિક સત્પુરુષાર્થ આદરી શકીએ છીએ.

***સમાપ્ત***

# ''ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા''

શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામી શું કહે છે ?

**संसार-सागराओ उब्बुडो, मा पुणो निबुड्डिज्जा ॥**
**चरण-करण-विप्पहीणो, बुड्डइ सुबहुंपि जाणंतो ॥**

શ્રુતકેવળી ભગવાન શ્રી આવશ્યક નિર્યુક્તિ શાસ્ત્રમાં મોંઘેરા માનવ જન્મ પામેલાને ચિમકી આપે છે-

'હે માનવ ! આ સંસારરૂપી સમુદ્રમાં તું માનવ અવતાર પામ્યો એટલે સમુદ્રમાં ઊંચે સપાટી પર આવેલો છે, તો હવે ફરીથી નીચે ડૂબવાનો ધંધો ન કરીશ. ધ્યાન રાખજે કે અતિ બહુ જાણકાર વિદ્વાન-પંડિત-પ્રોફેસર પણ ચરણ-કરણ વિનાનો માણસ નીચે ડૂબી જાય છે.

૧૪ 'પૂર્વ' નામના શાસ્ત્રોના એટલે કે શ્રુતસાગરના પારગામી શ્રી ભદ્રબાહુ-સ્વામી શું ફરમાવે છે ?

**'સમુદ્ર-સપાટી પર આવેલો તું પાછો નીચે અંદરમાં ડૂબીશ ના.'**

કેમકે સમુદ્રની સપાટી પર હોય એને તો દેખાય છે કે 'હું પાણીમાં ઠેઠ ઊંચે છું, નીચે ઊંડા પાણી છે, ઉપર આસમાન છે, દૂર સામે કિનારે કિનારે લઇ જનાર પેલું જહાજ છે, જહાજ ચોક્કસ દિશામાં ગતિ-શીલ છે, એટલે સમજાય છે કે એને ચલાવનાર કેપ્ટન છે, ખલાસી છે. આવા જહાજમાં બેસી જવાથી કિનારે પહોંચી જવાય...' આ બધું સપાટી પર આવેલાને તો દેખાય-સમજાય, પરંતુ સમુદ્રની અંદરમાં ડુબાડૂબ હોય એને ઊંચે ક્યાં, અને નીચે ક્યાં, એ શી રીતે સમજાય ? કેમકે એની ચારેકોર જળ બંબાકાર છે. તેમ એને આસમાને ય ન દેખાય, ને કિનારો ય ન દેખાય, તેમ જહાજ તો દેખાય જ શાનું ? આવાને સમુદ્રમાંથી બહાર નીકળી જવાનો અવકાશ જ ક્યાં ? તક જ ક્યાં ?

**એક સમુદ્રની અંદરમાં ડુબાડૂબ રહેલો, અને બીજો સપાટી પર રહેલો, બંને વચ્ચે કેટલું મોટું અંતર ? એવું અજ્ઞાન તિર્યંચ અને સુજ્ઞ મનુષ્ય વચ્ચે અંતર છે.**

બસ, શ્રુતકેવલી જ્ઞાની ભગવંત આ સમજાવે છે કે ''કીડી-કીડા મંકોડા,

ઝાડ-પાન વગેરેના ક્ષુદ્ર જનમ સંસાર સમુદ્રની અંદરના ડુબાડૂબ અવતાર છે, એટલે એને બિચારાને ભાન નહિ કે 'હું નીચી ગતિમાં છું, ને મનુષ્યો ઊંચી ગતિમાં છે.' ઊંચે-નીચેનું એને ભાન જ ન મળે તેમ એને આત્મજ્ઞાન-તત્ત્વજ્ઞાનનું આસમાન પણ ન દેખાય, ત્યારે એને મોક્ષના કિનારાની ય કશી ગમ નહિ, તેમજ ધર્મ-જહાજ પણ શાનું જોવા ય મળે ? ધર્મ શું ? એનો એક આંકડો ય ગતાગમ નહિ. તો ધર્મરૂપી જહાજનું આલંબન કરવાની વાત જ ક્યાં ?

આવું પશુ-પંખીઓ, જુઓ, પંચેન્દ્રિયો છે, પણ લગભગ એ બધાની ય આ સ્થિતિ છે. એમને ય પોતે હલકી ગતિમાં છે એ કશું ભાન નથી. એ આપણે પશુ-પંખીની દશા નજરે જોઇએ છીએ.

ત્યારે જ્યાં સદ્‌ગતિ-દુર્ગતિનું ભાન ન હોય, એને પોતાના આત્માનું ભાન શાનું હોય ? એ નહિ, તો પરમાત્માનું ય ભાન શાનું ? તેમ આત્માનાં કર્મ, પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ વગેરે આત્મા સાથે સંબંધિત તત્ત્વોની ય ગમ શી હોય ?

એટલે જ જ્ઞાની આવા અવતારને સંસાર-સમુદ્રની અંદરના ડુબાડૂબ અવતાર કહે છે, ત્યારે આત્મા-પરમાત્મા, દુર્ગતિ-સદ્‌ગતિ, પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ... વગેરે સમજી શકનાર માનવના અવતારને સંસાર સમુદ્રની સપાટી પરનો અવતાર કહે છે. એ હિસાબે જ્ઞાની ચિમકી આપે છે કે-

**માનવ ! સપાટી ઉપર ઊંચો આવ્યો છે તું, હવે ફરીથી સમુદ્રની અંદરમાં ડૂબવાનું ન કરીશ.**

અર્થાત્ એ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીની ગતિના અવતારમાં ન ઊતરી પડતો.

રોજ વહેલી પ્રભાતે ઊઠીને આ વિચારવા જેવું છે કે હું કેવી સુંદર સદ્‌ગતિમાં આવી ચડ્યો છું ! તો હવે પાછો નીચે કોઇ નીચી ગતિમાં ન ચાલ્યો જાઉં, એ સાવધાની રાખું ! આ સાવધાનીમાં શું આવે એ વાત અહીં જ્ઞાની બતાવે છે.

જ્ઞાની કહે છે એકલા જ્ઞાનના ભરોસે રહેતા નહિ, જીવનમાં ચરણ-કરણ અર્થાત્ ધર્મના આચરણને અમલમાં ઉતારજો. નદીમાં પડી ગયેલાને તરવાના જ્ઞાનમાત્રથી ડુબતાં ન બચાય. એ તો તરવાનું જ્ઞાન અમલમાં મૂકવું પડે. તરવાના જ્ઞાન પ્રમાણે હાથ પગ હલાવવાની ક્રિયા કરવી પડે છે. એમ અહીં,

**આત્મહિતના જ્ઞાનમાત્રથી ભવસાગર નથી તરાતો, આત્મહિતની પ્રવૃત્તિ કરીને તરાય.**

રસોઇ કેમ બને એના જ્ઞાનમાત્રથી ભોજન તૈયાર ન થાય, પરંતુ રસોઇશાસ્ત્રના જ્ઞાન પ્રમાણે રસોઇની ક્રિયા કરાય તો જ ભોજન તૈયાર થાય છે.

**આ માનવ જનમ આ માટે જ કિંમતી છે કે ભવસમુદ્રમાં ડૂબી જવાનું ન થાય એટલા માટે સજ્ઞાન પ્રવૃત્તિથી આત્મહિત સાધી લેવાય.**

જ્ઞાનીઓ આટલા માટે જ માનવને ન ડુબવાની ચિમકી આપે છે કે,

ડુબવાનું સહેલું છે, તરવાનું કઠિન છે. પડવાનું સહેલું છે, ચડવાનું કઠિન છે.

તોડવાનું સહેલું, રચવાનું કઠિન. બોલવાનું સહેલું, સુધારવાનું કઠિન.

ખોવાનું સહેલું, કમાવાનું કઠિન. બિમારી સહેલી, તંદુરસ્તી કઠિન.

કષાયો સહેલા, ક્ષમાદિ કઠિન. વિષય-વિલાસ સહેલા, વિષય-ત્યાગ કઠિન.

બોલો, આ જનમ સહેલું સહેલું કરવા કરવા માટે છે ? કે કઠિન કઠિન કરવા માટે ?

મનુષ્ય જનમની કિંમત સમજાય તો સહેલું સહેલું બંધ કરી કઠિન કઠિન આદરવાનું થાય. કેમકે જીવનભર કઠિન કઠિન આદરવાનો અભ્યાસ આ મનુષ્ય જનમમાં જે થઇ શકે, તે બીજા ભવમાં નહિ. તેમ

**કઠિન કઠિન આદરવામાં કર્મસત્તા તરફથી ઇનામ મોટા.**

**સહેલું સહેલું આદરવામાં કર્મસત્તા તરફથી સજા મોટી.**

**મરીચિએ સહેલું છોડ્યું કઠિન આદર્યું :-**

જુઓ ભરતચક્રવર્તી પૂર્વના ત્રીજા ભવે ચક્રવર્તીના ઘરમાં પુત્ર તરીકે જન્મેલા, એટલે ચક્રવર્તીના ઘરના વૈભવ-વિલાસમાં મહાલવાનું હાથમાં હતું સહેલું હતું, પરંતુ એ એમાં મહાલતા ન બેઠા, કિન્તુ તીર્થંકર દાદાએ અપનાવેલ વિષય-ત્યાગના કઠિન માર્ગે ચાલ્યા, સાધુપણું લીધું. હજી પણ આગળ જુઓ સાધુપણાની ક્રિયાઓ ઊભા-ઊભડક...વગેરે શાસ્ત્રોક્ત મુદ્રાએ બરાબર કરે છે.

સાધુ થઇને હાડકા સુંવાળા રાખવાનું સહેલું, 'બેઠા બેઠા ક્રિયાઓ થઇ શકતી હોય તો તેમ કરવી,' એ સહેલું, ઊભા ઊભા ક્રિયા કરવી કઠીન પડે છે.

અનાદિના મનને સહેલા બેઠા-ખાઉપણાને આદરવાનું એ સહેલું પડે છે, ઊભા ઊભા અ-પ્રમાદથી ક્રિયાઓ કરવાનું કઠણ પડે છે.

**ભરત-બાહુબલિ કઠણ આદરી ઊંચે આવેલા :-**

એમ જાતનું જ સંભાળી લેવાનું સહેલું પડે છે, બીજાઓની સેવા-ભક્તિ કરવાનું કઠણ લાગે છે.

પરંતુ એમાં કઠણ આદરવાથી ઊંચે અવાય. જુઓ ભરત-બાહુબલિએ પૂર્વ ભવે ચક્રવર્તીના ઘરના વૈભવ-વિલાસ છોડી સાધુ થવાનો કઠણ માર્ગ આદર્યો. આદર્યો તો આદર્યો, પરંતુ સાધુ થયા પછી પણ જાતનું સંભાળી બેસી રહેવાનો સહેલો માર્ગ પડતો મૂક્યો, અને સાધુની સેવા-ભક્તિ-વૈયાવચ્ચ કરવાનો કઠણ માર્ગ આદર્યો. તો કર્મસત્તાએ ઇનામ કેવુંક આપ્યું ? તો કે 'જાઓ પુણ્યાનુબંધી પુણ્ય લઇ અનુત્તર વિમાનમાં. ત્યાં દેવ થઇ પછી એવા ભરત ચક્રવર્તી થાઓ કે તમને છ ખંડના બત્રીસ હજાર દેશની મોટી ઠકરાઇ મળે છતાં એ તમારા દિલને એવી અડે નહિ, દિલને એવું પાગલ ન કરે, કે 'અહો ! ૩૨ હજાર દેશનું મારે સમ્રાટપણું ? ૧૪ રતન ? નવનિધાન ? ૧ લાખ ૯૨ હજાર રાણીઓ ? અહો અહો ! બસ, આ જ મારે સર્વે સર્વા !' એમાંથી માથું ઊંચું કરી પરલોક-બરલોક કશું જોવાનું નહિ, આવી દિલને પાગલતા નહિ, પરંતુ દિલ સદા વૈરાગી, આ વિચાર પર કે 'અરે ! ક્ષણે ક્ષણ રાગ કરાવનાર આ છ ખંડ વગેરેના જંગી સરંજામમાં ક્ષણે ક્ષણ રાગ કરી કરી મારા આત્માની હિંસા થઇ રહી છે ! તો પરભવે મારું શું થશે ?'

**વૈભવ-વિલાસમાં રાગના આંધળિયા સહેલાં, પણ વૈરાગ્યની અને પરલોક-ભયની જાગૃતિ કઠણ.**

છતાં એવા મોટા ચક્રવર્તીને નિત્ય વૈરાગ્ય ! નિત્ય જાગૃતિ ! આ મળી ? કહો, કહો, પૂર્વભવે ચક્રવર્તીના ઘરના બાદશાહી સુખ-વૈભવ છોડી મુનિપણાનો કઠણ ત્યાગમાર્ગ અપનાવ્યો હતો, અને મુનિ બન્યા પછી પણ જાત સંભાળી બેસી રહેવાનો સહેલો માર્ગ છોડી ૫૦૦ મુનિઓની ભક્તિ-વૈયાવચ્ચનો કઠણ માર્ગ અપનાવ્યો હતો. ભક્તિ-માર્ગ વહાલો કરી એને અમલમાં ઉતારવા કાયાને કસતા હતા. માનવ જનમની આ લહાણ કે કઠણ ધર્મ આદરવા કાયાને કસો.

ભદ્રબાહુ સ્વામી આ જ કહે છે ''સમુદ્રમાં ઊંચે આવ્યા પછી નીચે ડૂબવાનું ન કરીશ,-**ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા.**

ડૂબવાનું સહેલું છે, તરવાનું કઠણ છે. પરંતુ સહેલા માર્ગને છોડી કઠણ માર્ગ વહાલો કર, કઠણ માર્ગ અપનાવ, કઠણ માર્ગને અમલમાં લાવ, તો ભવસાગર તરીશ.

**વ્યવહારમાં કઠણ માર્ગ લેવાય, તો ધર્મમાં નહિ ?**

વ્યવહારમાં દેખાય છે કે ધંધાને વહાલો કરી એની પાછળ ભારે મહેનતનો કઠણ માર્ગ અપનાવો છો તો પૈસા પામો છો. આજે ફેકટરી વાલાઓને જુઓ, શેઠિયા મેનેજર કે સેક્રેટરીના ભરોસે ફેકટરી નથી ચલાવતા. જાતે મેનેજર કરતાં વધારે કલાક સર્વિસ ભરે છે. એ ધંધાની જહેમત પણ ધંધો વહાલો કરીને ઊઠાવે છે તો એમાં ભારે શ્રમ છતાં જે આનંદ માને છે, એ ઘરે ઘી-કેળાં ઉડાવતાં કે મોટરમાં ફરતા યા આરામ કરતાં આનંદ નથી અનુભવતા. કારણ ? ધંધાની જહેમતમાં મોટા ધનનો લાભ દેખાય છે.

બસ ધર્મનો કઠણ માર્ગ પણ જો એવો દેખાય કે આની પાછળ કર્મક્ષય અને પુણ્યાનુબંધી પુણ્યનો અઢળક લાભ છે, તો ધર્મના કઠણ માર્ગની ભારે જહેમત ઉઠાવાય, અને તે પણ ધર્મને વહાલા વહાલો કરી ઉઠાવાય. વ્યવહારમાં સહેલો છોડી કઠણ માર્ગ અપનાવાય, તો શું ધર્મમાં કઠણ માર્ગ ન અપનાવાય ? કઠણ ધર્મથી ભાગવામાં કઇ અક્કલ ? અહીં એક પ્રશ્ન ઊઠે છે-

પ્ર.-સંસારના ધંધા-ધાપામાં મહેનત ભારે છતાં એ વહાલા લાગે છે પણ ધર્મમાં એટલી બધી કઠણાઇ નહિ, છતાં કેમ એ ધંધા જેવા વહાલા લાગતા નથી ?

ઉ.-આનું કારણ એ કે ધંધામાં પ્રત્યક્ષ ફળ દેખાય છે. ધર્મમાં પરભવના વાયદે ફળની વાત છે, એમ સમજ છે, પ્રત્યક્ષ ફળ દેખાતું નથી. હમણાં જો સામાયિક કરીને ઊઠ્યા કે ઉપર આકાશમાંથી સોનૈયા શું, એક રૂપિયો ય પડતો હોત, તો તો સામાયિક પર વહાલ ઉભરાઇ ઊઠત,

એટલે હવે આનો અર્થ એજ ને કે જિંદગીભર અનેક પ્રકારે ધર્મ તો કરતા રહેવાના, પણ એના પ્રત્યક્ષ ફળ દેખાવાના નહિ, એટલે ધર્મ કરવા છતાં ધર્મ પર વેપાર-ધંધા-નોકરી જેવું વહાલ થવાનું નહિ ને ?

**કેવી કરુણ દશા કે ધર્મ વરસોના વરસો કરવા છતાં એના પર ધંધા જેવું વહાલ ન થાય !**

ક્યાં અડચણ છે ? ક્યાં વાંધો છે ? કહેતા નહિ કે 'ધંધાના ફળની જેમ ધર્મમાં પ્રત્યક્ષ ફળ નથી દેખાતું એ અડચણ છે, એ વાંધો છે કે જે ધર્મ પર એવું વહાલ નથી જગાવી શકતું,' આવું કહેતા નહિ. કેમકે ધંધાનું ફળ જોયું એ લૌકિક ફળ છે, વૈષયિક પૌદ્‌ગલિક ફળ છે. એ મળ્યાથી આત્માનો કશો નિસ્તાર નથી. જો ધર્મ માત્ર એવું વિષય-સુખનું લૌકિક ફળ આપી દેતો હોય તો ય ધર્મે એથી આત્માને કશું હિત પમાડ્યું નહિ, અર્થાત્ એવા ધર્મથી આત્મામાં કશું સારું આવ્યું નહિ. માટે સમજી રાખો-

**જે ધર્મ આત્મામાં કાંઇ પણ સારું ઊભું ન કરી શકે, એ ધર્મ ધર્મ જ નથી.**

ધર્મ આત્મામાં જે જે સારું ઊભું કરી શકે, એમાં પહેલા નંબરે છે મનની પવિત્રતા. અનાદિ કાળથી આત્મામાં રાગાદિની નરદમ મલિનતા-અશુદ્ધતા-અપવિત્રતા ભરી પડી છે.

**રાગાદિ એ આત્માનો કચરો છે, મળ છે. સહજ મળ એટલે ?:-**

જ્ઞાની ભગવંત એને અનાદિ સહજ મળ કહે છે. આમાં મુખ્ય જે મળ છે નિબિડ વિષયરાગ, એવો આંધળો વિષયરાગ કે આત્માને મોક્ષ તરફ કશી દ્રષ્ટિ જ નહિ. સરિયામ કલેશોથી ભરેલા સંસારમાંથી માથું ઊંચું કરીને મોક્ષ જેવી કોઇક વસ્તુ છે એ જોવાની ય કોઇ વાત નહિ, પછી એના માટે પ્રયત્નની તો વાતે ય શી ? એ તો અતિ ગાઢ વિષયરાગવશ લૌકિક ફળ પૌદ્‌ગલિક ફળને જ જોયા કરવાની લત રખાવ્યા કરે, તેથી ધંધાની એટલે ધર્મ પર ધંધાના જેવું વહાલ ક્યાંથી થાય ? જ્યારે,

**ખરેખરો ધર્મ હૈયામાં આ વિષયોની અસારતા અને ભયાનકતાનું સહેજ પણ ભાન ઊભું કરે છે, ને ધર્મનું એ પ્રત્યક્ષ ફળ છે.**

તમે સંત સાધુ-પુરુષોનો ઉપદેશ સાંભળો એમાં સંસારના વિષયો અને સંસારની માયાજાળની અસારતા-ભયાનકતા સાંભળવા મળે, એના તરફ દ્રષ્ટિ જાય, પછી એમણે ઉપદેશેલા ધર્મની અર્થાત્ દયા-દાન-શીલ-તપ વગેરેની સાધના કરતા ચાલો, એમાં આ વિષયરાગ કાંઇક મોળો પડતો જણાય, સ્વાર્થવશ જીવની અમર્યાદ હિંસા કર્યે જતા હતા, એમાં હવે દયાના માર્ગે ચાલો, એટલે સહેજે એટલા સ્વાર્થના વિષયને હિંસાથી પોષવાનું બંધ કર્યું. વિષય-પુષ્ટિને બદલે દયાને વહાલી કરી. એ જ અતિ ગાઢ વિષયરાગ પર ઘા પડ્યો. આ ધર્મનું પ્રત્યક્ષ ફળ છે.

આની જો કિંમત સમજાય તો લાગે કે ધંધો-ધાપો ભલે લાખો રૂપિયા પણ કમાવી આપતો હોય, છતાં એમાં શું ખુશી થવાનું ?

**ધંધાથી ખુશી થવાનું નહિ કેમકે એમાં અનાદિનો વિષયરાગ ફાલે-ફૂલે છે, ને એ ધંધો-ધાપો દયા વગેરે ધર્મને ભુલાવી દે છે.** માટે તો અજ્ઞાન માણસો કહે છે ને કે 'ધંધામાં દયા-બયા ન જોવાય.' આવાને ધર્મ ક્યાં સ્પર્શે ?

વાત આ છે-ધર્મનું લૌકિક ફળ-પૌદ્‌ગલિક પૈસા ટકા વગેરે ફળ ભલે પ્રત્યક્ષ નથી, કિન્તુ ઝેરી વિષયરાગ કાંઇક પણ ઓછું થવાનું ફળ પ્રત્યક્ષ છે.

**વિષયરાગનો હ્રાસ એ ધર્મનું પ્રત્યક્ષ ફળ છે.**

કિન્તુ આ રાગનો હ્રાસ થવાનું ફળ કોને ગમે ? જેને મોક્ષ તરફ દ્રષ્ટિ હોય, જે એમ સમજે કે આ સંસારથી તોબા પોકારી ગયા, જ્યાં ને ત્યાં વિષયોના રાગ કરી કરી આ સંસારમાં અનંતા જનમ-મરણ કર્યે ગયા, દુર્ગતિઓના મહાત્રાસ વેઠ્યે ગયા, એથી તો

**મોક્ષ ભલો કે જ્યાં આ ભયંકર રાગના ઝેર પીરસનારા વિષયોની લોથ નહિ, કશો વિષયરાગ કરવાનો નહિ, કશા પાપ કરવાના નહિ.**

તેથી એકવાર મોક્ષ પામ્યા પછી કદીય જનમ-મરણની જંજાળ વિટંબણા ઊભી થવાની નહિ.

ધર્મ કરવાનો છે તે આ માટે કરવાનો છે કે

**રાગના ઝેર પીરસનારા મનગમતા વિષયો તરફ થોડી પણ ઘૃણા ઊભી થાય એ માટે જ ધર્મ કરવાનો છે.**

જીવોની દયા-જયણા કરતાં કરતાં, કે બે પૈસાનું દાન કરતાં, એ કરવા માટે જે ગમતા પણ વિષય છોડ્યા, એનો રાગ મોળો પડે.

**'ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા'** 'ઊંચે આવેલો હવે ફરીથી નીચે ડુબવાનાં કામ ન કરીશ' એમાં આ જ કરવાનું છે કે

**એવી એવી ધર્મપ્રવૃત્તિ કરવી કે જેથી વિષયોના રાગ મોળા પડતા આવે.**

એ રીતે અનેકાનેક ધર્મપ્રવૃત્તિ કરી કરી વિષયરાગ તદ્દન નિર્મૂળ કરવા સુધી પહોંચી જવાય, તો વીતરાગ દશા, કેવળજ્ઞાન, અને મોક્ષ સુધી પહોંચી જવાય.

તમો ધર્મથી કોઇ દુન્યવી વિષય મેળવવાનો બદઇરાદો ન રાખો તો ધર્મપ્રવૃત્તિની આ તાકાત છે તમને વિષયરાગ ઓછો કરતા ચાલવામાં અને ઠેઠ વીતરાગ બનવા સુધીમાં સહાય કરે, કેમકે દુન્યવી સુખચેન છોડીને ધર્મની પ્રવૃત્તિ કરવામાં લાગ્યા એટલે સ્પષ્ટ છે કે ધર્મની પ્રવૃત્તિના સમયમાં વિષયોની પ્રવૃત્તિ બંધ રહેવાની, એવું અનેકવાર થયા કરે એટલે સહેજે મનને આનંદ થાય કે 'હાશ ! સારું થયું, પ્રભુએ આ પવિત્ર ધર્મક્રિયાઓ બતાવી તો એ કરતાં કરતાં ગોઝારા વિષયોની પ્રવૃત્તિથી બચાય છે !' આમ વિષયો પર એક પ્રકારની સૂગ રહ્યા કરે.

**પ્રદેશી રાજામાં પ્રવૃત્તિથી પરિણતિ :-**

પ્રદેશી રાજા નાસ્તિક હતો પરંતુ કેશી ગણધર મહારાજ પાસેથી ધર્મ પામ્યા પછી ધર્મપ્રવૃત્તિ સારી કરવા લાગ્યો, તો પરિણામ એ આવ્યું કે જીવનમાંથી વિષયરાગ મોળા પડતા આવ્યા. અત્યંત રૂપાળી અને પ્રિય પણ રાણી સૂર્યકાન્તા સાથે મોહઘેલા વર્તાવ બંધ થઇ ગયા. એમાં રાણીએ પોષધ-પારણે ઝેર આપ્યું તો ઝેર ચડતાં મરણાન્ત ભયંકર વેદનાઓ ઊઠી ! છતા રાણી પર ગુસ્સો ન ચડ્યો કેમકે ધર્મપ્રવૃત્તિથી કાયાને કસતાં કસતાં કાયાનો પણ રાગ એ ઓછો કરતા રહેલા ! તો કેવું ભવ્ય પરિણામ ? હવે મરણાંત પીડા છે તો શું કરવાનું ? કશું જ નહિ, અંતિમ સમાધિ અને પરમેષ્ઠી-ધ્યાન. અંતે સૂર્યાભ વિમાનના માલિક દેવ થઇ ગયા. ધર્મપ્રવૃત્તિથી વિષય પ્રવૃત્તિઓ ઘટી, વિષયરાગ ઘટ્યો, તો ભયંકર વેદનામાં સુંદર સમાધિમૃત્યુ પામ્યા. પ્રવૃત્તિએ પરિણતિ ઘડી.

વાત આ છે-વિષયરાગ, વિષયોની પ્રવૃત્તિ ઓછી કરવાથી ઓછો થતો આવે છે. એમજ આગળ વધાય છે, અને એક દિવસ રાગમાત્રનો નાશ થઇને વીતરાગતા સુધી પહોંચી જઇ સીધા મોક્ષે પહોંચી જવાય.

**અહીંથી સીધો મોક્ષ નહિ છતાં ધર્મસાધના કેમ જરૂરી ? :-**

પ્ર.-પણ અહીંથી સીધા મોક્ષે ક્યાં જઇ શકાય છે ? તો પછી મોક્ષ માટેની મહેનત કરીને શું કરવાનું ?

ઉ.-અહીંથી સીધા મોક્ષે નથી જઇ શકાતું વાત સાચી, પણ જુઓ, મુંબઇથી રેલગાડીમાં સીધા પાલીતાણા નથી જઇ શકાતું, પરંતુ વાયા વિરમગામ તો જઇ શકાય છે ને ? એમ અહીં સારી કરણી કરી સદ્‌ગતિમાં તો જઇ શકાય ને ? ને

ત્યાંથી કે એની પછીની મહાવિદેહ જેવાની મનુષ્ય-સદ્ગતિના જનમમાંથી મોક્ષે જઇ શકાય ને ? પરંતુ જો એમજ સમજી લેવામાં આવે કે 'અહીંથી સીધા મોક્ષે જઇ શકાતું નથી માટે ધર્મસાધના-ધર્મકરણીનો કશો ઉપયોગ નથી,' ને એ સમજીને ધર્મસાધનાથી આઘા ને આઘા રહેવું છે, તો પછી જીવનમાં શું રહેવાનું ? એકલી પાપ સાધનાઓ જ કે બીજું કાંઇ ? ને એનાથી પછી હલકા અવતારમાં જો ચાલ્યા ગયા તો મોક્ષની નજીક થવાના ? કે દૂર પડવાના ?

વાત આ છે-**સંસારમાં મત્સ્ય-ગળાગળ ન્યાય ચાલે છે, માટે સંસાર ખોટો, ત્યાજ્યઃ સિંહરાજા** -

તો એવા સંસારવાસથી ઊભગી જાઓ, સમુદ્રની સપાટી પરના મનુષ્ય જનમમાંથી નીચે સમુદ્રની અંદરમાંના ડુબાડૂબ હલકા અવતારમાં પડવાનું ન કરો. સિંહરાજા એટલે જ સંસારવાસથી ઊભગી ગયેલા છે. જંગલમાં એક વરુએ તરછાને મોંમાં પકડ્યો છે, તરછાએ સાપને મોંમાં પકડ્યો છે. સાપે દેડકાને અને દેડકાએ એક કીડાને મોંમાં પકડ્યો છે. આ મત્સ્ય ગળાગળ ન્યાય જોઇ રાજા વૈરાગ્ય પામીને સંસાર છોડી દેવાના નિર્ધારવાળા બની ગયેલા છે, ને આનંદકુમારને ગાદી સોંપી દેવા માટે એને બોલાવવા માણસ મોકલે છે. પેલો જઇને કુમારને સંદેશો કહે છે ત્યારે આ કુમાર તો અભિમાનમાં છે કે 'શું દયા-દાનથી રાજ્યગાદી લઉં ? ના, ના, મારા બાહુબળથી રાજ્યગાદી લઇશ.' તે આવેલા માણસને ઉદ્ધતાઇથી ઘસીને ના પાડે છે કે 'જા જા મારે બાપુજી પાસે કાંઇ નથી આવવું.'

બોલો, અહીં કુમારની આ ઉદ્ધતાઇ પર બાપ સિંહરાજા શું કરે ? શું એમ વિચારે કે 'હું એને રાજ્યગાદી આપવા બોલાવું છું, ને એ આવી ઉદ્ધતાઇ કરે છે ? તો જાઓ એને મારે રાજ્યગાદી સોંપવી જ નથી. જોઉં થોડો સમય એ કાંક ઠેકાણે આવે તો. નહિતર પછી બીજાને ગાદી સોંપીશ,' શું આવું વિચારે ? ના, રાજા પોતે જ્યારે સંસાર સમુદ્ર ઉપરની સપાટી પરનાં મનુષ્યભવની મોટી કિંમત સમજે છે અને સંસારથી ઊભગી જઇ આવા મનુષ્યભવથી ફરીથી નીચે ડૂબવાનું નહિ પણ સમુદ્ર પાર કરી જવાનું નિશ્ચિત ધારે છે, પછી છોડો સમય રાહ જોવાનું પસંદ કરતા જ નથી. પૂછો-

પ્ર.-પરંતુ કુમારની ઉદ્ધતાઇથી ગુસ્સો તો આવે ને ?

ઉ.-ના, ન આવે. કેમકે રાજા સમજે છે કે

**કુમારની ઉદ્ધતાઇ એ ય સંસારની જ એક ઘટના છે, અને એથી જ સંસારની અસારતા એમના મનમાં વધુ દ્રઢ થાય છે.**

મનમાં સંસારની અસારતા વધુ દ્રઢ થાય ત્યાં શું માણસ સંસારત્યાગને વાયદે ચઢાવે ? કે પહેલાં જે સત્વરે સંસારત્યાગ કરવો હતો એમાં વધારે ઊતાવળ કરે ? અરે ! મનને થાય કે

'હાય બાપ ! પહેલાં જે સંસાર અસાર હોવાનું જાણી એનો ત્યાગ કરવા ધારેલું, તે હવે તો વધુ અસાર હોવાની ઘટના જોવા મળે છે ! તો તો ઊઠ જીવ ઊઠ, સંસાર વહેલો છોડ ! નહિતર અસાર સંસારમાં વળી કાંક નવી ઘટના બને, ને એમાં કદાચ ફસાઇ જવું પડે તો પાપમાં ફસાયા રહી મનુષ્ય જનમથી જે તરવાનું સાધવું છે એ ખોરંબે પડે !' આમ ચમકારો થાય.

સિંહરાજા એ ચમકારો પામીને પોતે જાતે ઊઠીને કુમાર પાસે જઇ એને સમજાવી લેવાનું ધારે છે, ને આવે છે કુમાર પાસે. ત્યાં જ કુમાર તૈયાર બેઠેલો તે ઊઠીને બાપની ઉપર સીધો તલવારનો ઘા ઝીકે છે ! અહીં સિપાઇઓ 'પકડો પકડો હરામીને, મહારાજ પર તલવાર ઝીકે છે ?' એમ કરી કુમારને પકડી લેવા દોડી આવે છે.

ઘવાયેલો રાજા અહીં શું કરે ? ખુશી થઇને આવું નીચ કૃત્ય કરનાર કુમારને પકડાવી જ દે ને ? પરંતુ ના, કુમારની આ અધમતા જોઇ મનમાં સંસારની અસારતા ઓર વધુ દ્રઢ કરે છે, અને એવી સંસારની અસાધ્ય અસારતાને સુધારવાનું આ વિરાગી લેશ પણ વિચારતો નથી. એટલે જ સિપાઇઓને કહે છે, 'ખસી જાઓ ખસી જાઓ કુમારને અડશો નહિ, નહિતર તમને મારા જીવના સમ છે.' એટલે ? કહેવાનો ભાવ આ જ, કે 'એને કાંઇ કરશો તો હું જીવતો નહિ રહું. મારું મૃત્યુ દેખશો.' પૂછો ને-

પ્ર.-પણ એમને ચારિત્ર લેવું હતું ને ? કુમારની આડોડાઇમાં ચારિત્ર ક્યાંથી લેવાના ?

ઉ.-પણ રાજા અહીં આવા પ્રસંગમાં ક્ષમા રાખવી અને દુશ્મનને ય મૈત્રી આપવી, એને ચારિત્રનો સાર સમજે છે. એટલે એ સાર હાથમાં આવે એ ચારિત્ર જ

હાથમાં આવ્યા બરાબર સમજે છે. વળી જો ચારિત્ર જ લેવું છે તો એની પૂર્વ ભૂમિકામાં આવો ગુસ્સો કરાય જ કેમ ? ગુસ્સાથી ચારિત્રની ભૂમિકા જ નષ્ટ થઇ જાય.

**ધર્મના રહસ્ય સમજવા અને જીવનમાં ઉતારવા કઠિન છે.**

એટલે જ તમે ઉપર ઉપરથી ધર્મને જોવા જાઓ છો, અને એમાં આઘી-પાછી થવાનું દેખો ત્યાં આકુળ-વ્યાકુળ થાઓ છો, ને ધર્મ તો બાજુએ રહ્યો, પણ કષાય અને દુર્ધ્યાનમાં ચડો છો. ધર્મના કાર્યને પકડતા હો તો આ ન બને.

બોલો, જિનદર્શન કે જિન-સ્તવન કરતાં તમારી અને પ્રભુની વચમાં કોઇ આડો આવીને ઊભો તો શું કરો ? ઝટ એના પર ગુસ્સો જ ને ? એ શું કર્યું ? દર્શન-સ્તવનથી વીતરાગ તરફ વળવાનું બાજુએ રાખ્યું, ને કષાય તથા દુર્ધ્યાનમાં ચડ્યા !

અહીં જો ધર્મનો મર્મ પકડતા હો તો તરત મનમાં લાવો કે 'આવો વચમાં ઊભો રહેનાર ભાગ્યશાળી પણ પોતે પ્રભુદર્શન-પૂજનની પવિત્ર ક્રિયા કરી રહ્યો છે માટે એનાં દર્શન-પૂજનની અનુમોદના કરું, અને એને સાધર્મિક વાત્સલ્યથી નવરાવી દઉં. આ જ મારો દર્શન સ્તવનનો ધર્મ છે, ધર્મનો મર્મ છે, અને એ સાચવું તો જ વીતરાગની સન્મુખ વળવાનું થાય. નહિતર તો કષાય કે દુર્ધ્યાન કરતા તો વીતરાગથી પરાઙ્મુખ થઇ એમનાથી આઘા ખસવાનું થાય.'

છે આ તમારા જીવનમાં ધર્મનો મર્મ પકડવાનું ?

જાણો છો ને પેલી સુલસા શ્રાવિકાને દેવની પરીક્ષા વખતે શું થયું તે ? ઇન્દ્રે સુલસાના ધર્મસત્ત્વની પ્રશંસા કરી છે અને એનો સેનાપતિ દેવ મુનિનું રૂપ કરી સુલસાની પરીક્ષા કરવા આવે છે, કહે છે, 'લક્ષપાક તેલનો ખપ છે,' ને સુલસા રાજીની રેડ થઇ જાય છે. દાસી પાસે સુલસા લક્ષપાક તેલનો સીસો મંગાવે છે. પરંતુ લક્ષપાક તેલના ત્રણ સીસા દાસીના હાથે અદ્રશ્યપણે દેવ દાસીના હાથ પર ઝટકો મારી પડાવી ફોડાવી નાખે છે ! બોલો અહીં સુલસાને શું થાય ? દાસી પર ભારે ગુસ્સો ન ચડે ? પરંતુ ના,

**સુલસા જેમ ધર્મને પકડે છે એમ ધર્મના મર્મને પકડે છે કેમ ?**

**''ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે મર્મ,**

**ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા થકી, કોઇ ન બાંધે કર્મ...જિણેસર ધર્મ જિણેસર**

ગાઉં રંગશું.''

કવિ આનંદઘનજી મહારાજ શ્રી ધર્મનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુના ગુણ ગાતાં કહે છે-આખું જગત 'ધર્મ' 'ધર્મ' કરતું ચાલે છે, પરંતુ ધર્મનો કશો મર્મ જાણતું નથી, કેમકે જો ધર્મનો મર્મ જાણતું હોત તો કર્મ ન બાંધત, પરંતુ કર્મ તો ભરપૂર બાંધે છે. તેથી કહેવાય કે ધર્મનો મર્મ નથી જાણતું. વાસ્તવમાં ધર્મનો મર્મ જાણવા માટે વીતરાગ સર્વજ્ઞ શ્રી ધર્મનાથ ભગવાનના ચરણ પકડવા જોઇએ, કેમકે ધર્મ જિણેસર ભગવાનના ચરણ પકડ્યા પછી કોઇ કર્મ બાંધતું નથી. અહીં બે પ્રશ્ન થાય,

પ્ર.-જિનેશ્વર ભગવાનના ચરણ પકડ્યા એટલે ધર્મનો મર્મ શો જણાયો ? ને એટલા માત્રથી કર્મ બંધાતા શી રીતે અટકી જાય ?

ઉ.-અહીં સમજવાનું છે કે જિનેશ્વર તીર્થંકર ભગવાનના ચરણ પકડવા એટલે એમને જ પ્રાણ અને શરણ માની એમનાં સાધેલા માર્ગે ને એમણે કહેલા માર્ગે ચાલ્યા કરવું.

**તીર્થંકર ભગવાનનો સાધેલો માર્ગ જબરદસ્ત ક્ષમા-નમ્રતાદિની તથા સૂક્ષ્માતિસૂક્ષ્મ અહિંસા-સત્ય વગેરેની સાધના છે.**

એનું આલંબન નજર સામે રાખી સાધના કર્યે જઇએ, ભલે એ પ્રભુની સાધનાના સોમાં હજારમાં લાખમાં ભાગે હોય છતાં આપણે પ્રભુના માર્ગે ચાલ્યા કહેવાય, ભલે ધીમા પગલે.

એમ, પ્રભુએ કહેલો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની સાધના છે. એકાંતે એની જ સાધના કર્યે જઇએ, વચમાં કશી મિથ્યાત્વાદિની કે બાહ્યભાવની દખલ ન થવા દઇએ, એ પ્રભુએ કહેલા માર્ગે ચાલ્યા કહેવાય.

આ સાધનામાર્ગ દ્રવ્યથી અને ભાવથી બંને રીતે આરાધવાનો.

**દ્રવ્યથી આરાધના થાય એ ધર્મ છે, અને ભાવથી આરાધના થાય એ ધર્મનો મર્મ છે.**

અનંતા કાળમાં આરાધના તો અનંતીવાર કરી, પરંતુ એકલી દ્રવ્યથી આરાધના કરી, ભાવથી નહિ, એટલે કે ધર્મનો મર્મ જાણ્યા વિના ધર્મ કર્યે રાખ્યો. ચારિત્ર લઇ અહિંસા પાળી, પરંતુ સંસારના સુખ લેવા માટે ! એટલે કે હૈયામાં

સંસારસુખની લાલસાના ભાવ હતા, પછી ભલે એ સુખ-ભોગમાં જીવોની હિંસા પરિગ્રહ વગેરે પાપ થતા હોય...તેથી વાસ્તવમાં અંતરમાં ભાવથી અહિંસાદિની સાધના ન રહી.

બીજી રીતે જોઇએ તો 'પ્રમત્ત યોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા' પ્રમાદના યોગથી કોઇના પ્રાણનો નાશ કરવો એ હિંસા છે.

**આમ પ્રમાદનો યોગ એ ભાવથી હિંસા છે, ને જીવના પ્રાણનો નાશ કરવો એ દ્રવ્યથી હિંસા છે.** અનંતકાળની દ્રવ્ય ક્રિયાઓમાં ઉદ્દેશ તરીકે અંતરમાં વિષય-રાગાદિ હતા.

**ધર્મ કરીને તો એ વિષય રાગાદિના ઝેર ઓછા કરવાના હોય,**

**રાગના ઝેર શોષવાના હોય, એના બદલે ધર્મ કરીને જ એ વિષય-રાગાદિને પોષ્યા-વધાર્યા ! કેવી દુઃખદ દુર્દશા !**

જિનેશ્વર ભગવાને સ્વયં આરાધેલ અને જગતને ઉપદેશેલ માર્ગમાં ભાવધર્મ સાથે દ્રવ્યધર્મ છે. ભાવધર્મ અહિંસાદિની તથા ક્ષમાદિની આત્મપરિણતિ છે, ને એ બાહ્ય દ્રવ્યધર્મનો આંતરિક મર્મ છે. વીતરાગ જિનેશ્વર ભગવાનનાં ચરણ પકડીએ એટલે ? એમની સાધનાનાં અને એમનાં વચનનાં આલંબને આ ભાવધર્મ હાથમાં લેવાનો, ને હાથમાં આવે એ સહજ છે. વીતરાગ પ્રભુનું આલંબન પકડીએ અને આપણા અંતરમાં શું રાગાદિને ધક્કો ન લાગે ? રાગાદિ તોડવા જોસ ન આવે ? ચાલવા શીખતું બાળક માતાનો હાથ પકડી ચાલે એટલે એનામાં ચાલવાનો જોસ આવે છે.

મરુદેવા માતા શ્રી ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થતાં પ્રભુની સામે ગયા અને પ્રભુએ એમને બોલાવ્યા નહિ, કે પ્રભુ ઊઠીને માતાની સામે ન ગયા, માતાને લેવા એક દેવતાને પણ મોકલ્યો નહિ, તેથી માતાને ખોટું લાગ્યું કે 'જે દીકરાની ખાતર હું હજાર વરસ રોઇ, એ મને બોલાવતો ય નથી ?' પરંતુ માતા સરળ ભદ્રક પરિણામી જીવ હતા, તેથી તરત વિચાર્યું કે-

'અરે ! જો ઋષભે મને બોલાવવી હોત તો એ ઘરમાં બેસી રહેત ને ? પણ એના બદલે મને ઘરમાં મૂકીને પોતે હજાર વરસ જંગલમાં રખડવાનું શું કામ કરત ? કિન્તુ એ વીતરાગ, મારા અને સૌના પર રાગ પડતા મૂકી સંયમ પાળવામાં લાગી ગયા. કેમકે, શું હું, કે શું બીજું કોઇ, કોઇ જ બોલાવવા લાયક નથી,

**જ્ઞાનની સાથે ક્રિયા જોઇએ.**

(૧) તરવૈયો કેમ તરી જવું એનો સારો જાણકાર હોય છતાં જો પાણીમાં પડ્યા પછી હાથ-પગ હલાવવાની ક્રિયા ન કરે તો અંદરમાં ડૂબી જાય છે.

(૨) વૈદને પોતાને રોગ થયો, એને રોગનું જ્ઞાન છે, અને દવા ઉપચારનું પણ જ્ઞાન છે, કિન્તુ જો એ દવા-ઉપચાર કરવાની ક્રિયા ન કરે તો એ સાજો થાય ?

(૩) હોશિયાર વેપારીને નફો થાય એવા સોદા કેમ કરવા એનું જ્ઞાન છે, પણ જો એ સોદાની ક્રિયા ન કરે તો એને નફો મળે ?

(૪) ઘાંચીને ઘાણીમાં તલ કેમ નાખવા, કેમ ઘાણી ચલાવવી...વગેરે જ્ઞાન છે, પરંતુ જો એ તલ નાખી ઘાણી ચલાવવાની ક્રિયા ન કરે તો તલ કે ઘાણી એમજ પડ્યા પડ્યા એને તેલ આપે ?

(૫) શિલ્પી પ્રતિમા સુંદર ઘડવાના જ્ઞાનવાળો છે, પરંતુ પથ્થર પર ટાંકણો ચલાવવાની ક્રિયા ન કરે, તો એ પ્રતિમા તૈયાર કરી શકે ?

(૬) બાઇ રસોઇ કરવામાં ઘણી હોશિયાર હોય, પરંતુ રસોઇ કરવાની ક્રિયા ન કરે તો રસોઇ બનાવી શકે ?

(૭) જાઓ જગતમાં જુઓ, એકલા જ્ઞાન માત્રથી ક્યાં કાર્ય નીપજે છે ? શિક્ષક-ગુરુમાં ઘણું ય જ્ઞાન છે, પરંતુ ભણાવવાની ક્રિયા કરે તો જ વિદ્યાર્થીમાં જ્ઞાન પેદા કરવાનું કાર્ય કરી શકે છે, પણ એ ક્રિયા કર્યા વિના નહિ.

માટે જ અહીં જ્ઞાની મહાપુરુષે કહ્યું કે 'સુબહુંપિ જાણંતો-બહુ જાણકાર હોય પરંતુ ચરણ-કરણની ક્રિયા કરે તો જ સંસાર સાગરમાં નીચે ડૂબે નહિ. એ ક્રિયા વિનાનો ડૂબી જાય છે. અહીં એક પ્રશ્ન ઉઠે છે.

**શરીરની ક્રિયા અને આત્મપરિણતિ**

પ્ર.-ક્રિયા તો શરીરની છે. શરીરની ક્રિયાથી શરીરને લાભ થાય, દા.ત. કસરત એ શરીરની ક્રિયા છે. માણસ કસરત કરે તો શરીરને લાભ થાય છે. આત્માને લાભ શી રીતે ? આત્માને લાભ તો શુભ ભાવથી શુભ પરિણતિથી થાય, ને એ શુભ ભાવ જ્ઞાનથી જાગે છે. ત્યાં શરીરની ક્રિયા શી રીતે લાભ કરે ?

ઉ.-ત્યારે અહીં આનું રહસ્ય સમજવા જેવું છે કે

**શરીરની ક્રિયાથી આત્માને લાભ શી રીતે ?**

મૂળ વાત એ સમજી લેવાની છે કે આત્માની ઉન્નતિ-અવનતિ આત્માની શુભ-અશુભ પરિણતિ યાને શુભાશુભ ભાવ ઉપર મપાય છે.

**જેટલી શુભ પરિણતિ જોરદાર, એટલી આત્માની ઉન્નતિ ઊંચી, અને જેટલી અશુભ પરિણતિ જોરદાર, એટલી આત્માની અવનતિ વધુ.**

આ શુભ-અશુભ પરિણતિ શરીરની દરેક શુભ અશુભ ક્રિયા સાથે સંકળાયેલી રહે છે. માટે જ્ઞાનીઓએ મોહમાયાની ક્રિયાઓ ઓછી કરી ધર્મક્રિયાઓ બહુ કરવાનું કહ્યું.

આના પર ચાલુ જીવનનો દાખલો જુઓ. છોકરો મા-બાપની કોઇ સેવાના પ્રસંગે હરામ હાડકાં કરી આંખ-મિંચામણા કરે અને સેવા નથી બજાવતો, એમ શિષ્ય ગુરુની સેવા નથી બજાવતો, હવે આમાં જુઓ એણે શું કર્યું ? સેવાનું કામ ન બજાવ્યું એટલે શરીરની ક્રિયા ન કરી. આની સાથે હૈયામાં કેવા મલિન ભાવ રહ્યા તે જુઓ.

(૧) પુત્રે કે શિષ્યે ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતાનો શુભ ભાવ ન રાખતાં હરામ હાડકાપણાનો મલિન ભાવ રાખ્યો, કૃતજ્ઞતા કે હરામ હાડકાપણું એ પરિણતિ છે. પરિણતિ હરામખાઉપણાની આવી એટલે ગુરુજન પૂજાની શુભ વૃત્તિ ખલાસ થઇ ગઇ. એમ,

(૨) પાછું હાડકા હરામ માત્ર ઉપકારી માતા-પિતા કે ગુરુ પ્રત્યે જ છે, પણ પોતાના સ્વાર્થના કામમાં નહિ. સ્વાર્થનાં તો બધાં જ કામમાં હાડકા આખા છે, તે બધાં જ કામ બરાબર સાધે છે. એટલે અંતરમાં નકરી સ્વાર્થવૃત્તિની મલિન આત્મ-પરિણતિ બરાબર જાગતી છે, માત્ર પરાર્થવૃત્તિની આત્મ-પરિણતિ નહિ. એમ,

(૩) માતા-પિતા કે ગુરુના અનહદ ઉપકાર ભૂલે એટલે એમના પ્રત્યે બહુમાન 'અહો અહો' ભાવ જાગતો ન રહે, પણ ઉપેક્ષાભાવ ને અવગણનાભાવ જાગતો રહે. પૂછો, શું મા-બાપ કે ગુરુ પ્રત્યે અવગણના ભાવ રહે ? હા, ઉપકારને સુખશીલપણા કરતાં અત્યંત કિંમતી લેખવાનો જ નહિ ! ઉપકારને કાંઇ બહુ ગણવાનો જ નહિ ! એ અવગણનાભાવ છે. આ અશુભ ભાવ છે, આત્માની મલિન પરિણતિ છે.

હરામ હાડકાપણું, નરવી સ્વાર્થવૃત્તિ, અને અવગણનાભાવ...આ મલિન

પરિણતિઓ કેમ આવી ? કહો, શરીરથી સેવાનાં કામની ક્રિયા નથી કરવી પણ શરીરને સુખશીલ રાખવું છે માટે એ મલિન આત્મ-પરિણતિઓ આવી. એટલે શરીરની સુખશીલતાની પ્રવૃત્તિ સાથે એ મલિન આંતર પરિણતિ સંકળાયેલી છે. જો બહારથી સેવાની શરીર-ક્રિયા કરે, તો અંતરમાં કૃતજ્ઞતા, પરાર્થવૃત્તિ અને વડિલ-બહુમાનની શુભ પરિણતિ જાગતી રહે છે. તેથી શરીર-ક્રિયા સાથે આત્મ પરિણતિ સંકળાયેલી રહે છે એ સાબિત થાય છે.

એટલે કોઇ કહેતું હોય -

પ્ર.-શરીરની ક્રિયાથી પૌદ્‌ગલિક શરીરને વ્યાયામ ને પુષ્ટતાનો લાભ થાય, પણ અરૂપી આત્માને શો લાભ ? જડની ક્રિયાની જડ પર અસર થાય.

**શરીર-ક્રિયાથી આત્મા પર શાની અસર થાય ?**

ઉ.-આ કહેવું ખોટું છે, એ હવે આ દાખલાથી સમજાશે. સેવાની શરીર-ક્રિયા આત્મામાં (૧) ગુરુજન પૂજાની શુભ વૃત્તિ, (૨) કૃતજ્ઞતાની શુભ વૃત્તિ (૩) પરાર્થકરણની શુભ વૃત્તિ (૪) અનહદ ઉપકારી પ્રત્યે 'અહો અહો' ભાવ, બહુમાન-ગૌરવની શુભ વૃત્તિ...વગેરે શુભ પરિણતિ જાગતી રહે છે. એથી ઊલટું શરીરની સુખશીલતાની પ્રવૃત્તિથી બેઠાખાઉપણું, હરામહાડકાપણું...વગેરે મલિન આત્મ પરિણતિ જાગતી રાખે છે.

**બાહ્ય ક્રિયાથી અંતરાત્મા પર અસરના દાખલા ઘણા-શિખીકુમાર :-**

સમરાદિત્ય કેવળી ત્રીજા ભવમાં શિખીકુમાર મંત્રીપુત્ર છે. પહેલા ભવમાં એમનો દુશ્મન બનેલો અગ્નિશર્મા, અહીં એમની સગી માતા જાલિની બનેલ છે. એ માતા પર શિખીકુમારને તો નિર્ભેળ પ્રેમ-બહુમાન છે, કિન્તુ એ માતા જાલિનીને પૂર્વના તીવ્ર વેરના સંસ્કારથી નકરો વૈરભાવ છે.

હવે એ જાલિની એક દિવસ પતિ-મંત્રીને ખાનગીમાં કહે છે-'તમારે શિખીને બહુ સારી રીતે રાખવો છે એટલે મારી તો કિંમત જ નહિ ? તો જાઓ એને જ ઘરમાં રાખો, મારે અહીં રહેવું નથી. એ ત્યાં હું નહિ, ને હું ત્યાં એ ન જોઇએ.' મંત્રી એને સમજાવે છે, પણ એ સમજતી જ નથી.

જુઓ અહીં શિખીનો પિતા પ્રત્યે કૃતજ્ઞભાવ કેવો જાગતો છે કે ભીંત પાછળથી એણે માતાના આ બોલ સાંભળ્યાં, ત્યાં જોયું કે

**શિખીની કૃતજ્ઞતા-ગુરુજન પૂજા :-**

''આમાં તો ઘરે મારી હાજરીથી એક તો ઉપકારી માતાનું દિલ દુભાય છે, ને બીજું, પિતાના દિલને માતાના બોલથી આઘાત લાગે છે. આમ જો બંને મારા કારણે દુભાતા હોય, તો ઉપકારી માતા-પિતા પ્રત્યે મારી કૃતજ્ઞતા ક્યાં રહી ? મારી ગુરુપૂજા શી રહી ? પરાર્થવૃત્તિ ક્યાં રહી ? 'ગમે તેમ મારે તો આ ઘરમાં જ રહેવાનું. હું ક્યાં ઘર મૂકી બહાર ભટકવા જાઉં ?' એવી સ્વાર્થવૃત્તિ અને દુભાતા વડિલોની ઉપેક્ષા જ રાખવાની રહે. માટે કૃતજ્ઞતા ને પરાર્થવૃત્તિ જાગતી રાખવી હોય તો આ ઘરમાંથી નીકળી જવું જોઇએ, પછી ભલે બહાર ભટકવામાં ગમે તેટલાં કષ્ટ પડે !''

બસ, એમ વિચારી શિખીકુમાર પોતે ગુપચુપ ઘરમાંથી નીકળી જાય છે. માતાને પછીથી એની જાણ થતાં નિરાંત થાય છે, આનંદ થાય છે.

**શરીરક્રિયાથી આત્મા પર અસર :-**

જુઓ, આમાં પુત્ર શિખીએ શું કર્યું ? બહાર નીકળી જવાની શરીર-ક્રિયા કરીને પોતાની અંતરાત્માની શુભ પરિણતિ, કઇ ? કૃતજ્ઞતા-પરાર્થવૃત્તિ-વડિલબહુમાન, આ શુભ આત્મ-પરિણતિ જીવતી જાગતી રાખી. નહિતર જો એમ વિચાર્યું હોત કે ''ઉપકારી માતા ગમે તેમ વિચારે ને દુઃખી થાય, એમાં હું શું કરું ? એમાં મારો કોઇ વાંક નથી, ભૂલ નથી, ખામી નથી, તો મારે શા સારુ ઘરનો ત્યાગ કરી દુઃખમાં મુકાવું ? હું કાંઇ એને દુઃખ આપતો નથી. એ પોતે પોતાના ઇર્ષ્યાદોષથી દુઃખી થાય છે. તો હું શું કામ દુઃખ વહોરું ?'' આવું જો વિચાર્યું હોત તો એમાં પોતાની મલિન પરિણતિ પોષાત. કઇ મલિન પરિણતિ ? વડિલની અવગણના ને સ્વાર્થવૃત્તિની પરિણતિ. ઘરમાંથી નીકળી જવાની અને દેશાવર ચાલ્યા જવાની શરીર ક્રિયા કરી તો જ અંતરમાં કૃતજ્ઞતા-ગુરુજનસેવા-પરાર્થકરણ વગેરેની પ્રશસ્ત પરિણતિ માત્ર બોલવામાં નહિ, પણ વાસ્તવિક રૂપમાં ઊભી થઇ.

આ બહુ ધ્યાન પર લેવા જેવું છે.

**શરીર અંતરમાં શુભ પરિણતિ જગાવનાર-ટકાવનાર સારી ક્રિયાના સદુપયોગ માટે મળ્યું છે.**

અજ્ઞાન જીવો સ્વાર્થવૃત્તિ અને સુખશીલતાની લંપટતામાં શરીરને

સ્વાર્થસાધના અને આરામ માટે મળ્યું સમ જે છે ! કેવી મૂઢતા ?

**શરીર આરામ માટે મળ્યું છે ? કે સારા કામ માટે ?**

**માનવ શરીર ઉત્તમ વસ્તુ છે ઉત્તમ વસ્તુનો સુજ્ઞને ખૂબ ખૂબ સદુપયોગ કરી લેવાનું મન રહે.**

જર્મની-અમેરિકાથી સારી મશીનરી લઇ આવ્યા પછી એનો સારો ઉપયોગ કરી લેવાનું કેટલું બધું મન રહે છે ? માટે તો ચોવીસે કલાક એનો ઉપયોગ કરી લેવા ૮-૮ કલાકની ૧ પાળીના હિસાબે રોજની ૩-૩ પાળી ચલાવે છે ને ? ઉત્તમ શરીર-ઇંદ્રિય-ગાત્ર-વાણી વગેરે વસ્તુનો ખૂબ જ સદુપયોગ કરી લેવાનું મન હોય તો એનો મોકો શોધતા રહેવાય, અને જ્યાં મોકો દેખાય કે સુજ્ઞ જન શરીરાદિને સદુપયોગની પ્રવૃત્તિમાં લગાડી દે. આ ન લગાડી દે એ શું અજ્ઞ તેથી ? મૂઢ નથી ? શું તમારે અજ્ઞ-મૂઢ બનવું છે ? ના, તો શરીરનો અને વાણીશક્તિનો ખૂબ ખૂબ સદુપયોગ કરતા રહેવાની ધગશ, થનગનાટ જોઇએ. એ ધગશ ન હોય તો દા.ત. વાણીના સદુપયોગમાં નવસ્મરણાદિ સ્તોત્રો, ક્રિયાના સૂત્રો તથા સ્વાધ્યાય, હિતોપદેશ વગેરે સારી રીતે બોલ-બોલ કરવાનો અભ્યાસ રખાય.

એ ગોખવાનો-બોલવાનો અભ્યાસ એ શરીરક્રિયા છે, એથી આત્મામાં આરાધના-સામગ્રીનો સદુપયોગ કરી લેવાની શુભ પરિણતિ જાગતી રહે છે. સૂત્રાદિ ગોખવા-બોલવામાં શો ઉદ્દેશ છે ? આ એકજ કે એથી પુણ્યે મળેલી વાણીશક્તિનો જ્ઞાનીએ કહેલ સદુપયોગ થાય. આમાં જ્ઞાની પર બહુમાન, જિનાજ્ઞા પર બહુમાન, પુણ્યસામગ્રીના સદુપયોગની શુભ ભાવના...વગેરે શુભ આત્મ-પરિણતિ સચવાય-પોષાય છે.

**આત્માની પરિણતિ સારી રાખવી છે ? તો એને યોગ્ય સારી શરીરક્રિયા ખૂબ રાખો, જેથી શરીરની પાપક્રિયાઓ પરિણતિ ન બગાડે.**

એકલા જ્ઞાનમાત્રથી આત્મામાં શુભ પરિણતિ નહિ ટકે. આવે ને નહિ ટકે. શિખીકુમારે જો વિચાર્યું હોત કે 'આપણે ભઇ ! ઘણું ય સમજીએ તો છીએ કે માતાને દિલમાં સંતોષ રહે આનંદ રહે એ રીતે વર્તવું જોઇએ' આવું એને જ્ઞાન હોવા માત્રથી અને ક્રિયાના દેવાળાથી એના આત્મામાં કૃતજ્ઞતા વગેરેની શુભ પરિણતિ ન આવત, કે ન ટકત.

દા.ત. જુઓને જ્ઞાન છે કે 'પ્રભુ ઉપકારી છે, એમનાં દર્શન પૂજન કરવા જોઇએ.' પરંતુ નજીકમાં દેરાસર છતાં આળસથી પ્રભુદર્શન નથી કરતો, પ્રભુ પૂજા નથી કરતો, તો શું એના દિલમાં ખરેખર પ્રભુ કૃતજ્ઞતાની શુભ પરિણતિ રહે ? કે પ્રભુની અવગણનાની મલિન પરિણતિ જ ઊભી રહે ? વહેવારમાં જરુર પડ્યે કેમ સવારના ઊઠીને શેઠના દલાલના સ્નેહીના સંબંધીના દર્શને નીકળી પડે છે ? ત્યાં સમય મળે છે ? ત્યાં આળસ નથી થતી ? ને અહીં પ્રભુદર્શન-પૂજાની વાત આવે ત્યાં જ સમયની તંગી ને આળસ આગળ ધરાય છે ? આમાં સ્પષ્ટ અનુભવાય છે કે શેઠ દલાલ-સગાસ્નેહીને મળવાની ક્રિયા કરતાં અંતરમાં એમના પ્રત્યે સ્નેહ-બહુમાન-પરિણતિ જાગતી રહે છે-એ સૂચવે છે કે-

**ઉચિત શરીરક્રિયા વિના આત્મપરિણતિ જગાડવી-વધારવી કઠિન છે.**

**સદ્‌ગતિ શુભ આત્મપરિણતિથી થાય :-**

જ્ઞાની ઠીક જ કહે છે **'એવું ખુ નાણી ચરણેણ હીણો, ભારસ્સ ભાગી ન હુ સુગ્ગઇએ,'** ચારિત્ર આવરણની દૂર કરવાની ક્રિયા વિના કોરા જ્ઞાનવાળો તો માત્ર જ્ઞાનના ભારનો ભાગી છે, પણ જ્ઞાનની સુવાસરૂપ શુભ આત્મપરિણતિનો ભાગી નહિ, તેથી સદ્‌ગતિનો ભાગી નહિ. સદ્‌ગતિ આત્માની શુભ પરિણતિ ઉપર નિર્ભર છે. સદ્‌ગતિ શુભ આત્મપરિણતિથી નીપજે.

**અશુભ મલિન પરિણતિથી તો દુર્ગતિ નીપજે.**

જાણો છો ને શ્રી પાર્શ્વનાથ ભગવાન પહેલા ભવમાં મરુભૂતિ મહાન શ્રાવક હતા છતાં અંતે કમઠની શિલાથી માથું ફૂટતાં અંતરની પરિણતિ બગાડી, મલિન કરી, તો સદ્‌ગતિ ન થઇ ને ? ઉતરી પડ્યા હાથીના તિર્યંચગતિના અવતારમાં ! આવી સજ્જન મહાન શ્રાવક, ને તે વળી પોતે નિર્દોષ છતાં દુર્જન કમઠને ખમાવવા ગયેલા ! સજ્જનતામાં કાંઇ બાકી છે ? ના, છતાં હાથીના અવતારમાં ? હા, કારણ કે અંતકાળે શુભ પરિણતિ ગુમાવી બેઠા, પછી ભલે એ માત્ર શારીરિક ખોપરી ફૂટવાથી તીવ્ર પીડા પર હાયવોયની પરિણતિ હોય, પણ એ મલિન પરિણતિ છે.

**હાયવોયની પણ મલિન પરિણતિથી દુર્ગતિ નીપજે.**

વિચારવા જેવું છે કે 'દિવસમાં કેટલીવાર કાંઇ બગડ્યું-સગડ્યું, કાંઇ ધાર્યું ન થયું, કાંઇ અણગમતું અણધાર્યું થયું, ત્યાં મનને ખેદ અને હાય થતું હશે ? એ

થાય ત્યાં કેટલાં ને કેવાં કર્મ બંધાઇ રહ્યા છે ? સદ્‌ગતિનાં પુણ્યકર્મ ? કે દુર્ગતિના પાપકર્મ ?' આ વિચારો તો ખબર પડે કે એક દિવસમાં એટલીવાર, તો વરસ દહાડામાં કેટલીવાર દુર્ગતિના પાપકર્મ બંધાવાનું થતું હશે ? સો-પચાસવાર કે હજારોવાર ? એક 'હાય'ની પણ મલિન પરિણતિ વરસ દહાડામાં કેટલીવાર ? કેટલીવાર હૈયું બગાડવાનું કામકાજ ચાલુ ? ત્યારે પૂછો-

પ્ર.-તો પછી આ જંગી મામલો કેમ અટકે ?

ઉ.-એટલા જ માટે જ્ઞાની ભગવંતોએ ધર્મપ્રવૃત્તિમાં ખૂબ ખૂબ પરોવાયેલા રહેવાનું કહ્યું છે.

**ધર્મ પ્રવૃત્તિમાં ખૂબ ખૂબ દિલથી પરોવાયેલા રહો તો 'હાય !' જેવા પાપ વિકલ્પો અને પાપ પરિણતિથી બચાય, પાપકર્મોના બંધથી બચાય.**

અહીં પહેલો લાભ, મનને હરખ થાય કે 'અહો ! આ કેવી સુંદર ધર્મપ્રવૃત્તિ મને મળી કે જેથી આમાં રચ્યા-પચ્યા રહેવાથી પાપ-વિકલ્પ અને પાપ પરિણતિથી તથા પાપબંધથી બચી જવાય છે !' એમ હરખથી અને અહોભાવથી હૈયું ગદ્‌ગદ થાય. આનો પ્રભાવ એ પડે કે,

**અહોભાવ અને ગદ્‌ગદતાથી કરેલી એ ધર્મ પ્રવૃત્તિમાં ચિત્ત તન્મય થાય, તો ત્યાં બીજા ત્રીજા વિચારો અટકે. ધર્મપ્રવૃત્તિનો બીજો પ્રભાવ એ, કે પાપ વિચારો અને મલિન પરિણતિથી બચવા માટે આ કરો છો એટલે જે તુચ્છ વસ્તુ ખાતર 'હાય' થતું હોય એનું મન પર મહત્ત્વ ન રહે.**

દા.ત. ખીસામાંથી ૫-૫૦ રૂપિયાની નોટ પડી ગઇ, મનને હાય થવા જતું હોય ત્યાં મન વાળી દેવાય કે મને લાખો કે ક્રોડો રુપિયાની કિંમતના પુણ્ય બંધાવનાર તથા અઢળક પાપકર્મોનો નાશ કરનાર તથા અમૂલ્ય શુભાનુબંધો ઊભા કરી આપનાર ધર્મપ્રવૃત્તિ મળી, ત્યાં ૫-૫૦ રૂ ગયા તે શું રોવું ? ચક્રવર્તીઓના મોટા રાજ્ય ગયા એની સામે મારું શું ગયું છે ?

ધર્મપ્રવૃત્તિ અતિ આલ્હાદ અને હોંશથી-ગદ્‌ગદતાથી કરતા રહેવામાં એનું ઊંચું મૂલ્ય હૈયે વસ્યું હોય ત્યાં દુન્યવી વસ્તુના અવમૂલ્યાંકન થાય, એથી એમાં ખોટ-ખામી આવતાં મનને બહુ અસર ન થાય એની હાય ન થાય. આ બતાવે છે કે ધર્મપ્રવૃત્તિ ને ધર્મના આચાર-અનુષ્ઠાન સેવતા રહેવામાં શુભ પરિણતિ ઘડાતી

આવે, ને પાપ પરિણતિ મુકાતી આવે. એટલે જ અહીં જ્ઞાની કહે છે-ધર્મને જાણ્યા પછી 'ચરણ-કરણ' ધર્મના આચાર-અનુષ્ઠાન-વ્રત-નિયમ ખૂબ આચરો, કારણ,

'ચરણ-કરણ વિપ્પહીણો બુડ્ડઇ સુબહુંપિ જાણંતો'

**આસ્તિક બનેલ પ્રદેશી રાજા ચરણ-કરણ કેમ લે છે ?**

વિચારજો નાસ્તિક પ્રદેશી રાજા કેશીગણધર મહારાજ પાસેથી આસ્તિકપણું પામ્યો, એને આત્મ-ધર્મ-પુણ્ય-પાપ પરલોક વગેરેનું જ્ઞાન મળ્યું તો ત્યાં એણે જ્ઞાન-સમજ થવા માત્રથી સંતોષ ન માન્યો, પરંતુ ત્યાં એણે ગુરુ પાસેથી 'હવે મારે શું કરવું ? શી રીતે મારાં પાપ ઓછા થાય ?' એ માગ્યું, અને ગુરુએ ચરણ-કરણ આદરવાનું બતાવ્યું. શ્રાવકધર્મના ૧૨ વ્રત બતાવ્યાં, એને યોગ્ય ધર્મઆચાર અને ધર્મકરણી બતાવી, અને અત્યાર સુધી ઘોર નાસ્તિકપણું કરનાર પ્રદેશી રાજાએ *ત્યાં જ ગુરુની પહેલી મુલાકાતમાં જ ધર્મની પહેલી સમજ મળતાં જ ચરણ-કરણ* સ્વીકારી લીધાં ! સમ્યક્ત્વ સહિત શ્રાવકના ૧૨ વ્રત અને શ્રાવકપણાની ધર્મકરણી સ્વીકારી લીધી ! બસ, ત્યાંથી જ ધર્મપ્રવૃત્તિ શરૂ થઇ ગઇ. કેમ વારુ ? સમજે છે કે ઊંધા વેતરણથી માનસિક વૃત્તિઓ બગાડી છે તે સીધાં વેતરણ યાને ધર્મપ્રવૃત્તિ વિના ન સુધરે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**'પવિત્ર મનોવૃત્તિ ધર્મપ્રવૃત્તિથી જ ઘડાય.'**

એટલે જ રાજા પ્રદેશી મહેલ તરફ પાછો વળતાં, પહેલાં તો ઊંચે મોઢે પાછો વળતો હતો તે હવે નીચી મુંડીએ પાછો વળે છે, કેમ ? નીચે જીવજંતુ ન મરે એટલા માટે જોઇને ચાલવું એ ધર્મઆચાર બજાવવો છે.

પહેલા તો પ્રદેશી પાછો વળતાં દૂરથી મહેલ તરફ ઝરુખામાં રાહ જોતી ઊભેલી પ્રાણથી અધિક પ્રિય સૂર્યકાન્તા રાણી તરફ ઊંચે મોંઢે જોતો ચાલતો. તે હવે નીચી મુંડીએ ચાલે છે. એટલે એ ય જોવાનું બંધ થઇ ગયું. જીવરક્ષાર્થે નીચે જોઇને ચાલવું એ ઇર્યા સમિતિની ધર્મપ્રવૃત્તિથી પાપ-દર્શનની પાપપ્રવૃત્તિ બંધ.

ધર્મપ્રવૃત્તિ ક્યાં ? માત્ર દેવદર્શન-પૂજા-સામાયિકમાં જ નહિ, કિન્તુ તે સિવાય પણ

**રોજિંદા સંસાર-વ્યવહારમાં ય ધર્મપ્રવૃત્તિ.**

ચાલતાં પગ નીચે જીવજંતુ ન મરે એ માટે ચાલવામાં નીચે જોવું બે આંખથી ધર્મપ્રવૃત્તિ થઇ. બોલતાં અસત્ય કે પાપનું ન આવી જાય, સામાને અપ્રિય ન આવી જાય, એ સાવધાની એ જીભની ને મનની ધર્મપ્રવૃત્તિ થઇ. જમતાં જમતાં ચાહ-દુધદાળ વગેરેમાં માખી ન પડે એ જોતા રહેવું એ આંખથી ધર્મપ્રવૃત્તિ થઇ. કપડા ધોવા આપતા પહેલાં એમાં કોઇ માંકણ વગેરે જીવજંતુ નથી ને ? એ જોઇ લેવું એ હાથ અને આંખથી ધર્મપ્રવૃત્તિ થઇ.

જીવનમાં ધર્મપ્રવૃત્તિ દાખલ કરવી છે ? તો ક્યાં જીવદયા, ક્યાં પ્રશસ્ત ઉદારતા, ક્યાં પરોપકાર, ક્યાં હિતબુદ્ધિ, ક્યાં સહિષ્ણુતા, ક્યાં મૈત્રીભાવ, કરુણા, કે ગુણાનુરાગ વગેરે બોલવામાં-વર્તવામાં-વિચારણામાં જોવા-સાંભળવામાં દાખલ થાય છે ? એ જોઇ દાખલ કરો એ બોલવા-વર્તવા કે વિચારવાની ધર્મપ્રવૃત્તિ થઇ.

**જીવનમાં આ જ કમાવવાનું છે,-વિચારમાં વાણીમાં, કે કાયા ઇંદ્રિયના વર્તાવમાં પાપ ન પેસવા દો, ધર્મ દાખલ કરો.**

મહાન આત્માઓ જલ્દી તરી ગયા એનું કારણ આ, કે એમણે દેવદર્શન-પૂજા, સાધુભક્તિ, તથા ત્યાગ-વ્રત-નિયમ, દાન-શીલ વગેરે તો આચર્યા, પરંતુ વિશેષમાં એમણે રોજિંદા જીવનમાં વૈરાગ્ય, સર્વ પ્રત્યે મૈત્રીભાવ, ક્ષમા ઉદારતા-નિસ્પૃતા-પરોપકારવૃત્તિ વગેરે દાખલ કરી દીધા. જીવન આ ગુણોની સુવાસથી મધમઘતું બનાવ્યું.

**દેવપાલની ધર્મપ્રવૃત્તિ સાથે નિસ્પૃહતા :-**

જુઓ દેવપાલ દેવદર્શન પૂજાની ધર્મસાધના સાથે કેવો વૈરાગ્ય અને નિસ્પૃહતા ગુણથી અલંકૃત હતો કે દેવી ચક્રેશ્વરી વરદાન આપવા આવી છે, પરંતુ એને મન દેવતા જે કાંઇ દુન્યવી સિદ્ધિ-સમૃદ્ધિ આપે એ, પ્રભુ-ભક્તિની ધર્મસાધના રૂપી ઐરાવણ હાથીની સામે, ગધેડા સમાન લાગે છે. આ વૈરાગ્ય ગુણ છે. પોતે ગરીબ નોકર છે છતાં એમાનું કશું જોઇતું નથી, એ નિસ્પૃહતા ગુણ છે. પ્રભુ-ભક્તિની ધર્મસાધના ઉપરાંત ચાલુ જીવનમાં આ ગુણોની પણ ધર્મસાધના છે. બોલો, તમને દેવતા આવી મનમાન્યું માગવા કહે, તો ન લલચાઓ ને ? ચાલુ જીવનમાં લોભ ઓછો કરવાની ધર્મપ્રવૃત્તિ રાખી હોય તો ન લલચાઇ જવાય.

'દુન્યવી વસ્તુનો લોભ ન કરાય' એવું જ્ઞાન હોવા છતાં જો આવા પ્રસંગમાં

હોંશે હોંશે દેવતા પાસેથી દુન્યવી વસ્તુ માગી લે, ને પછી એમાં રાચે-માચે, તો પેલું જ્ઞાન છતાં જ્ઞાનને અનુરૂપ ક્રિયા ક્યાં આવી ? એ તો સારો જ્ઞાની છતાં ચરણ-કરણ વિનાનો બન્યો. એનું શું થાય ? 'બુડ્ડઇ સુબહુંપિ જાણંતો' સારો જ્ઞાની છતાં ભવસાગરમાં ડુબી જાય! ત્યારે દેવપાલ અરિહંત-ભક્તિ ઉપરાંત વૈરાગ્ય-નિસ્પૃહતાદિ ગુણોથી આગળ વધતાં તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જનારો બન્યો.

**સુદર્શનને પૂર્વભવે કાયા-માયાની મમતા નહિ :-**

એવી ઉન્નતિ સુદર્શન શેઠને થઇ, એજ ભવના અંતે મોક્ષ પામ્યા કેમ ? પૂર્વ ભવે નોકરના અવતારે માત્ર એક 'નમો અરિહંતાણં' પદ પામ્યા હતા. પરંતુ એની રટણ જોરદાર ! એ ધર્મપ્રવૃત્તિ સાથે વૈરાગ્ય-નિસ્પૃહતા જોરદાર રાખ્યા કરી. મનમાં પૈસા ટકા ઇચ્છ્યા નહિ, કે અદીન રહી ગરીબીથી મનને ઓછું લાવ્યા નહિ. તમારે ધર્મ કરવાની સાથે આ અ-દીનતા છે ? દેવપાલે 'નમો અરિહંતાણં' ની એ રટણાના બદલામાં કાંઇ જ દુન્યવી વસ્તુની સ્પૃહા કરી નહિ. યાવત્ પાણીના પૂરમાં તરી જવા માટે ઝંપો મારતાં પેટમાં લાકડાનો ખૂંટો પેસી ગયો, પેટ ફાટી ગયું, મરણાન્ત કષ્ટ આવ્યું, છતાં કાયાની મમતા કરી નહિ, વેદનાની હાયવોય ખેદ કે મોતનો ભય યા દીનતા કશું જ કર્યું નહિ, પણ સમતાભાવ રાખી ત્યાં પણ 'નમો અરિહંતાણં' ની રટણા જ રાખી. આ બધી માનસિક વિચાર-પ્રવૃત્તિમાં નિસ્પૃહતા-અદીનતા-સમતા વગેરે ભેળવ્યા, એ ઊંચી ધર્મ-પ્રવૃત્તિ થઇ. એનો પ્રતાપ બીજા જ ભવે એ ચરમશરીરી મોક્ષગામી બન્યા ! ભવસાગર તરી ગયા ! એકલું જ્ઞાન રાખ્યું હોત, તો ક્યાં તરવાના હતા ? આપણે મરણાંત કષ્ટ તો નહિ, પણ બીજા કષ્ટમાં આ અ-ખેદ અ-દીનતાની માનસિક ધર્મપ્રવૃત્તિ ખરી ? તો શી રીતે તરાશે ?

**સ્થૂલભદ્રજીનો અવસરોચિત વૈરાગ્ય :-**

સ્થૂલભદ્રજીએ કોરું જ્ઞાન રાખ્યું હોત કે 'આ વેશ્યા-સંગ ખોટો છે, મંત્રીપણું સેવાય એમાં અભિમાન અને મહાઆરંભ-સમારંભ પોષાય એ ખોટું છે, આ સંસાર જ ખોટો છે,' એમ જ્ઞાન રાખીને સંસારમાં બેઠા રહ્યા હોત તો '૮૪ ચોવીસીમાં એક સ્થૂલભદ્રસ્વામી' એમ અમર થાત ? એ તો એમણે ચરણ-કરણ આદર્યા, રાજાએ મંત્રીપણું લેવા આગ્રહ કર્યો ત્યારે

**'જેમ મંત્રીપણાનું મોટું માન લેવા જતાં વેશ્યાના ચોવીસે કલાકના રંગરાગના**

**સુખ જાય, એમ સંસારના વિષયવિલાસ અને માનપાનના સુખ લેવા જતાં ચારિત્ર અને એથી નીપજતા મોક્ષના અનંતા સુખ લેવાના ચૂકી જવાય.'**

એવી વૈરાગ્ય-વિચારણાની ધર્મપ્રવૃત્તિ કરી, પાછો તરત જ સાધુ બનવાનો પ્રચંડ ધર્મપુરૂષાર્થ કર્યો ! અને પછી ય ચરણ-કરણની કઠોર સાધના કેવી, કે એજ વેશ્યાને ત્યાં ચોમાસુ રહી બ્રહ્મચર્ય અખંડિત વિશુદ્ધ રાખવાની કઠોર ધર્મપ્રવૃત્તિ કરી, તો ૮૪ ચોવીસીમાં અમર થઇ ગયા, ચરણ-કરણની ધર્મસાધના વિના એકલા જ્ઞાનમાત્રથી શું થાય ? જ્ઞાનનો અમલ જોઇએ.

## વૈદ્ય-વાનરનો જ્ઞાન-અમલ

વૈદ હતો, 'વૈદક ધંધો એ પાપધંધો, રાત દિવસ લેશ્યા બગાડે'...વગેરે સાધુ પાસેથી ઉપદેશ સાંભળી એ ધંધો બંધ તો કર્યો, પણ પાછળથી લોભ લાગતાં પાછો ચાલુ કર્યો. બોલો, મુનિએ આપેલ જ્ઞાન જતું રહ્યું છે ? ના, છતાં હવે પાછો ધંધો ચાલુ કરવાથી જ્ઞાનના અમલ વિનાનો બન્યો, તો અંતે મરીને જંગલમાં વાંદરો થયો ! અહીં પૂછો ને,-

પ્ર૦- એને પાપધંધાનું જ્ઞાન તો હશે પણ પાપધંધાની અફસોસી નહિ રહી હોય, એટલે તિર્યંચગતિ પામ્યો હશે ને ? અફસોસી હોત તો એવી અધમ ગતિ ન પામત ને ?

**ઉ૦- પાપ નિઃસંકોચ કરતા રહેવું ને મન મનાવવું કે મને પાપની અફસોસી છે, એ દંભ છે, નરી આત્મવંચના છે.**

**પાપની અફસોસી સહેલી કે સુંવાળી નથી કે પાપાચરણ પર લોહીના આંસુ અને પાપત્યાગ માટેના ભગીરથ તરવરાટ વિના એમ જ પાપની અફસોસી આવી ને ટકી જાય.**

એમ તો આપણું મન અનાદિનું વિષય-લુબ્ધ, એને સવાસલો સારો કરતાં આવડે છે કે 'શું કરું ? પાપ ખોટું છે એમ જાણું છું મને જ્ઞાન તો છે, પણ પાપ છૂટતું નથી, તે મને પાપ કરવું પડે એની અફસોસી થાય છે,' પણ આવા સવાસલાથી ને એવા મન-મનામણાથી આત્માનું શું વળ્યું જો પાપાચરણ તો જરાય સંકોચ વિના અને ખુશી ખુશી થઇને કરતા હોઇએ તો ?

ખુશી થઇ થઇને નિઃસંકોચ અને નિર્મર્યાદ સેવાતા પાપાચરણના જીવનમાં પાપાચરણની વાસ્તવમાં હૈયારૂદનવાળી અફસોસી જ નથી આવતી.

સારાંશ, જ્ઞાન ગમે તેટલું હોય, પરંતુ ચરણકરણ નથી તો જીવ ભવસાગરમાં ડૂબે છે.

પેલો વૈદ વાંદરો બનેલો, એણે એકવાર જંગલમાં એક મુનિ પગે કાંટો વાગેલો તે પગ પર પગ ચડાવીને સૂતેલા જોયા. વાંદરાને મુનિ જોતાં ચિંતા થઇ કે 'આવા તો ક્યાંક મેં જોયા હોય એમ લાગે છે. ક્યાં જોયા ? ક્યાં જોયા ?' એમ ઊહાપોહ કરતાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું, પૂર્વ ભવ યાદ આવ્યો, ભારે અફસોસી થઇ.

બોલો, હવે એણે આગળ પૂર્વભવે જે પાપધંધો બંધ કરેલો ને પછી પાછો ચાલુ કર્યો, ત્યાં એકલા જ્ઞાન સાથે પાપની અફસોસી રાખવાનું મન મનાવી બેસી રહ્યો હોત, તો શું વાનરના અવતારથી બચત ? ને વળી અહીં એવું કલ્યાણ પામી શકતે ? તેમજ મુનિ દેખીને જાતિસ્મરણ જ્ઞાન થાત ? જાણો છો,-

**પ્ર૦- મુનિ દેખી જાતિસ્મરણ કેમ થયું ?**

ઉ૦- પૂર્વ ભવે મુનિને મનમાં બહુ વસાવેલા, તેથી એના ગાઢ સંસ્કાર અહીં મુનિને દેખતાં જાગ્રત થઇ ગયા, અને 'જાગ્રત્ સંસ્કારથી સ્મરણ થાય' એ હિસાબે એને પૂર્વભવનું સ્મરણ થયું. પરંતુ પૂર્વભવે એ સંસ્કાર એવા ગાઢ કરેલા તે મુનિ જ મનમાં બહુ વસાવેલા માટે એના સંસ્કાર ગાઢ પડેલા, તમે કહેશો.

પ્ર૦-'એમ તો અમારે પણ મુનિ તો મનમાં બહુ વસેલા છે, તો શું અમારે આવતા જન્મે જાતિસ્મરણ થશે ?'

ઉ૦- આના જવાબમાં પહેલું તો એ છે કે આવતા જન્મે મુનિ જોવા મળે તો ને ? વાંદરો જંગલમાં જનમ્યો છે, તિર્યંચનો અવતાર છે, પરંતુ એને કોઇક મહાન પુણ્યયોગે ત્યાં ય મુનિ જોવા મળ્યા ! બાકી તો આજે જુઓને ભારતના એવા પ્રદેશમાં કે જ્યાં મુનિનો વિહાર નથી ત્યાં અગર પરદેશમાં મનુષ્ય અવતાર પામેલાને પણ મુનિ જોવા ક્યાં મળે છે ? ત્યારે મુનિ જોવા જ ન મળે ત્યાં મુનિ શે યાદ આવે ?

પણ બીજી વાત એ છે કે મુનિને મનમાં ખરેખર બહુ વસાવી ગાઢ સંસ્કાર

કર્યા છે ? એ માટે એ જુઓ કે પેલા વૈદને મુનિ મનમાં કેમ બહુ વસેલા ? એનું કારણ આ હતું કે

**મુનિ મનમાં બહુ વસેલાનું કારણ :-**

**વૈદના ભવમાં વૈદકના ધંધામાં એને મુનિએ ચાર મોટા દોષ બતાવેલ કે-**

**(૧) દવાઓ બનાવવામાં વનસ્પતિઓના બહુ કચ્ચરઘાણ નીકળે, તથા**

**(૨) પૈસાના લોભમાં સુખી દરદીઓના ઉપચાર લંબાવવા વગેરેની મલિન પાપલેશ્યા રહે,**

**(૩) ચોમાસા જેવામાં અધિક ઘરાકીમાં આનંદની પાછળ છુપાયેલી અધિક બિમારોથી ખુશીની પાપ લેશ્યા રહે, વળી**

**(૪) સ્ત્રીઓના બહુ પરિચય, અંગસ્પર્શ, ગુપ્ત રોગોની વાતચીત, વગેરેમાં વાસનાનાં ઉત્તેજન વગેરે દોષો રહે.**

મુનિએ એ દોષો બતાવતાં વૈદ્યે વૈદકધંધો બંધ કરેલો. એટલે પછી દરદીઓના કેસ લેવાની ના પાડતાં, સહેજે મનમાં આવે કે 'ગુરુ મુનિ મહારાજે આ ઠીક કર્યું કે પાપધંધો બંધ કરાવ્યો !' આમ અવરનવર અવરનવર મનમાં ગુરુ-સાધુ આનંદભેર યાદ કર્યે જવાથી સાધુના સંસ્કાર દ્રઢ થતા ગયા, થતા જ ગયા.

**દ્રઢ સંસ્કારનું ફળ ભવાંતરે વસ્તુનું સ્મરણ :-**

માનવભવના એ દ્રઢ સંસ્કારોનું આ ફળ આવ્યું કે અહીં વાનરના અવતારે જંગલમાં મુનિને પહેલ પહેલાં જોતાં મનને થયું કે 'આવા તો ક્યાંક જોયા છે ! ક્યાં જોયા ? ક્યાં જોયા ?' ને એમ ઊહાપોહ કરતાં પૂર્વ જન્મ અને ગુરુ મુનિ યાદ આવી ગયા. અહીં એક સવાલ થાય,

પ્ર૦-એવા ધંધા બંધના નિયમવાળો અને નિયમ તથા નિયમ દાતા ગુરુને આનંદથી યાદ કરનારો તો મહાન પુણ્ય ઉપાર્જે એ કેમ વાનરની નીચી ગતિ પામ્યો ?

ઉ૦-એનું કારણ એ છે કે જીવનના છેડા સુધી એ નિયમ પાળી શક્યો નહિ, અને એ ફરીથી સત્સંગના અભાવે પાછો ધંધો ખુલ્લો કરી નિયમભંગ કરનારો બનેલો, તેથી હલકી તિર્યંચગતિ પામ્યો, બાકી સંસ્કાર-વારસો સાથે લઇ આવેલો તેથી એ સંસ્કાર કામ કરી ગયા, ને જંગલમાં મુનિ દેખી પૂર્વ જન્મ યાદ આવી ગયો.

હવે કેમ ? તો કે હવે એને પારાવાર પસ્તાવો થાય છે કે

**વાનરનો પસ્તાવો :-**

'અરે ! આવા મુનિ મહારાજે મને ગત ભવમાં પાપમાંથી બહાર કાઢી ઊંચો ઊંચકેલો, પણ મેં મૂરખે પાપ પાછાં શરૂ કર્યા ? જે માનવ-કાયાથી સારામાં સારી ધર્મઆરાધના અને વ્રત-નિયમ-સાધના વગેરે થઇ શકે, અને એ કરીને પોતાના આત્માનું મહાન હિત સાધી શકાય, એવી કાયાથી એ કરવાનું મેં ગુમાવ્યું ? અને તે પણ ગુરુ મુનિ મહારાજ પાસેથી સારું જાણવા મળ્યું છતાં ગુમાવ્યું ? અરરર ! કેવી મારી કમનસીબી !! કેવો મારો અવળો પુરૂષાર્થ ! છતે જ્ઞાને મેં ધર્મ-વ્રત-નિયમ વગેરેની આરાધના ન કરી તો આ અતિ કરુણ કંગાળ દશા પામ્યો. હવે હું અહીં શું કરું ? ધર્મસાધનાને યોગ્ય મનુષ્ય ભવ તો ગુમાવ્યો ! ખેર ! પણ આ મુનિ મહારાજ કેમ એકલા અહીં સૂતા છે ? લાવ, જઇ જોઉં કે એમને કોઇ વ્યાધિ છે ?

જુઓ વાનર હવે ક્યાં જઇ રહ્યો છે, સાધુ તરીકેની ઓળખ પડી એટલે હવે સાધુની ખબર પૂછવા આગળ વધે છે. આ શું છે ? જ્ઞાન પછી આચરણ. સાધુનું જ્ઞાન તો થયું, ઓળખ થઇ પરંતુ પછીથી 'હું વાનરના અવતારે શું કરી શકું ? હવે હું નીચે ઊતરી ગયો, મારાથી શું થાય ? ચાલો ભાઇ જન્મારો એમ જ પૂરો કરો' એમ કરી માંડવાળ કરી હોત તો સાધુની ખબર લેવાનું અને તે પછી સાધુ પાસેથી જે ઉદ્ધારનો માર્ગ મળવાનો છે તે મળત ?

વાંદરો મુનિ પાસે જાય છે. મુનિના પગમાં તિક્ષ્ણ કાંટો છે એટલે મુનિ પગ પર પગ ચડાવીને સૂતા છે. એમને ચારે બાજુથી વાનર તપાસે છે કે ક્યાં શી તકલીફ છે ? પૂર્વ જન્મ યાદ આવ્યો છે, એટલે પૂર્વ જન્મનું વૈદપણું અને વૈદક જ્ઞાન યાદ આવી ગયું છે તેથી હવે એ જ્ઞાનને અમલી બનાવે છે, જ્ઞાનની પછી આચરણ કરે છે.

જોજો વાનરનો જ્ઞાન પર અમલ આટલો જ નથી, કિન્તુ આગળ દેખાશે કે જ્ઞાનનો કેવો ભારે અમલ કરે છે !

વાનરે સાધુને ચારે બાજુ તપાસ્યા. એમાં પગ પર પગ ચડાવેલ એમાં કાંટો ભોંકાયાનું લાગ્યું, તપાસ્યું, ખાતરી થઇ કે 'કાંટો ઊંડો પેસી ગયો છે.' હવે એને પૂર્વનું વૈદક જ્ઞાન યાદ આવી ગયું છે, તેથી એ ઉપડ્યો જંગલમાં, અને બે

વનસ્પતિ લઇ આવ્યો.

**વાનર વૈદુ કરે છે :-**

એમાંથી એક વનસ્પતિ હાથમાં મસળીને લુગદી જેવું કરી પગના કાંટાના સ્થાન પર ચોડી દીધી. થોડીવારમાં ચામડી ઢીલી પડી ગઇ, તરત પોતાના બે નખથી એમાંથી કાંટો ઊંચકી લીધો ! પછી બીજી વનસ્પતિને મસળી એની લુગદી એ જ ચામડીના ભાગ પર ચોડી દીધી. થોડીવારમાં ચામડી સંકોચાઇ કડક થઇ ગઇ, તે જાણે ત્યાં કાંટાનો કશો ઘા જ રહ્યો નહિ ! અખંડ જેવી ચામડી થઇ ગઇ !

આર્યદેશમાં આ વિદ્યાઓ હતી. વનસ્પતિ-શાસ્ત્ર વનસ્પતિઓના કેવા કેવા ગુણદોષ બતાવે છે કે એનો ઉપયોગ કરતાં જે ફળ આવે તે જોતાં આના અજ્ઞાન માણસને ચમત્કાર લાગે !

**ચમત્કારિક દવા પર બાદશાહ સિકંદરનો પ્રસંગ :-**

બાદશાહ સિકંદર એના અંતિમ સમયે વૈદોને ધમધમાવે છે કે 'મારું વર્ષાસન ખાઓ છો ને મારો રોગ મટાડતા નથી ? લાવો ઉપાય, નહિતર બધાને ઘાણીમાં પીલી નાખવામાં આવશે.'

વૈદો ગભરાયા, ત્યાંથી ઉઠીને ગયા બેગમ પાસે, ને કહે છે 'બેગમસાહેબ ! જહાંપનાહને સારા સાજા કરી દેવા માટે ઉપાયો તો અમારી પાસે અદ્‌ભુત ચમત્કારિક છે, પરંતુ હવે ખુદાતાલાની મરજી નથી લાગતી, તે ઉપાય કારગત થતા નથી. શું કરીએ ?

બેગમ કહે 'શી ખાતરી કે તમો એવા ચમત્કારિક ઇલાજ તમે જાણો છો ?'

**બે ચમત્કારિક ગોળી :-** ત્યાં મુખ્ય વૈદે ઠંડા પાણીનો હાંડો મંગાવ્યો. પછી એમાં એક રાઇ જેટલી ગોળી નાખી. થોડીવારમાં પાણી અત્યંત ગરમ થઇ ગયું ! બેગમને વૈદ કહે 'સાબ ! હવે આ જુઓ તો પાણી ઠંડુ છે કે ગરમ ? જરા સાચવીને આંગળી ઘાલજો જેથી બળે નહિ'. બેગમે સહેજ આંગળી બોળવા પ્રયત્ન કર્યો ત્યાં આંગળીને દાઝવા જેવું લાગ્યું. તરત આંગળી પાછી લઇ લીધી.

હવે વૈદ કહે 'જુઓ હવે બીજી ગોળી નાખું છું.' એમ કહી બીજી ગોળી નાખી તો થોડીવારમાં પાણી હિમ જેવું ઠંડુ ! બેગમને કહ્યું 'હવે જરાય સંકોચ કે ગભરાયા વિના આંગળી યા હાથ બોળી જુઓ.' બેગમે હાથ બોળતાં જોયું કે પાણી

બરફ જેવું ઠંડગાર હતું. બેગમને ખાતરી થઇ ગઇ, પછી વૈદોને કહે 'હું જાઉ છું જહાંપનાહ પાસે, તમે પછીથી ત્યાં આવજો.'

બેગમ ગઇ, બાદશાહ સાથે મીઠાશથી વાત કરે છે, ત્યાં વૈદો આવ્યા, પહેલાં તો બેગમે એમને ધમધમાવ્યા, 'અત્યારસુધી વર્ષાસન મફતના ખાધા ? કેમ જહાંપનાહનો રોગ મટાડતા નથી ? કહો તમો ચમત્કારિક દવાઓ જાણતા જ નથી.' વૈદોએ પહેલાં બેગમને જે ખુલાસો કર્યો હતો તે ખુલાસો અહીં પણ કર્યો એટલે બેગમ કહે 'પરંતુ તમે ચમત્કારિક દવા ક્યાં જાણો છો ? જાણતા હો તો બતાવો.'

ત્યારે વૈદે પહેલા પ્રમાણે ઠંડા પાણીનો હાંડો મંગાવી એક ગોળી નાખી, એટલે પાણી અતિ ગરમ, અને બીજી ગોળી નાખી ઠંડગાર બનાવી દીધું ! બાદશાહે જોયું. એટલે હવે બેગમ બાદશાહને કહે છે,-

'જહાંપનાહ ! વૈદો જાણકાર તો છે જ, જુઓને નાનીશી ગોળીઓના કેવા ચમત્કાર ! પરંતુ ખુદાતાલાની મરજી લાગતી નથી, તેથી આપને દવા હવે કામ નથી કરતી. તો પછી ખુદાતાલાને આરોગ્યની બંદગી કરો. હું પણ બંદગી કરું છું. વૈદોનો વાંક નથી એમને માફી બક્ષી દો'... બાદશાહ સમજી ગયો, વૈદોને માફી આપી દીધી.

**ખનીજ કે વનસ્પતિમાંથી બનાવેલ બે ગોળીનો આ ચમત્કાર.**

**ભારતીય વિદ્યા અને ડાકટરી વિદ્યામાં ફરક :-**

વાત આ છે કે ભારતની વિદ્યાઓ અદ્ભુત હતી. એ અનુસારે પેલા વાનરે જંગલની એવી બે વનસ્પતિ લાવી આસાનીથી મુનિનો કાંટો કાઢી નાખ્યો કાંઇ નસ્તર નહિ, કે કાંઇ શસ્ત્ર કોચવાનું નહિ. આરામથી મુનિને કાંટાના શલ્યથી રહિત બનાવ્યા !

આજની ડાકટરી વિદ્યામાં આ જોવા ન મળે, કેમકે એ અખતરાઓ પર સરજાઇ છે. ત્યારે ભારતીય વિદ્યાઓ દિવ્ય દ્રષ્ટા ઋષિઓની કહેલી હતી. બાકી આજની અખતરાઓ પર શોધાતી દવાઓ પાછળ જાણો છો કેટકેટલા જીવોની કેવી કેવી ક્રૂર હિંસા થાય છે ? પંચેન્દ્રિય પ્રાણીઓ માછલા-મરઘા-વાંદરા-દેડકા-સસલા વગેરે જીવોને ક્રૂર રીતે રીબાવવામાં આવે છે. આમાં માણસજાતનું ભલું શી રીતે

થાય ? જીવોને ત્રાસ આપીને જીવાતા જીવનથી કશું ભલું નહિ, પણ મહા ભૂંડું થાય, કેમકે જીવો તો કુદરતના બાળ છે, એને રહેંસી નાખવામાં કુદરત માતા સહન કરે ?

ધરતીને ખેડીને એમાં વિષવૃક્ષના બીજ નાખ્યા હોય, તો ધરતી વિષવૃક્ષ જ દેખાડે છે. એમ કુદરતના પેટાળમાં જીવોની હિંસા રૂપી બીજ નાખ્યા હોય તો કુદરત એ હિંસા વાવનારને હિંસા જ દેખાડે. કહે છે ને,-

જેવું વાવો તેવું લણો, જેવું કરો તેવું પામો.

**વાંદરાનું રુદનઃ મુનિનો ઉપદેશ :-**

વાંદરાએ મુનિને સાજા કરી દીધા પછી હવે વાંદરો મુનિની સામે બેસીને રોઇ રહ્યો છે. મુનિ એની આ ઉપચાર-વિધિથી સમજી ગયા છે કે 'કોઇ પૂર્વના મનુષ્ય ભવમાંથી આ ભૂલો પડેલો જીવ લાગે છે. પણ એને ગમે તે હિસાબે પૂર્વભવનું અહીં જ્ઞાન થયું હોવું જોઇએ. સંભવ છે આ પૂર્વે વનસ્પતિ શાસ્ત્રનો જાણકાર યા વૈદ્ય હોવો જોઇએ. રુવે એ રૂએ છે એટલે લાગે છે એને મનુષ્યભવ એળે ગુમાવાનો પસ્તાવો થતો હશે.'

તેથી મુનિ એને ઉપદેશ કરે છે, ''મહાનુભાવ ! તું પૂર્વે મનુષ્ય અને વૈદ્ય કે વનસ્પતિશાસ્ત્રવેત્તા એવો કોઇ હોવો જોઇએ. ધર્મ ભૂલીને પાપો કરી આ તિર્યંચ યોનિમાં પડી ગયો, એનો તને પસ્તાવો થતો લાગે છે. પરંતુ એકલા પસ્તાવાથી કામ નહિ થાય, તું હવે ધર્મનું શરણું લે, ને પાપોનો ત્યાગ કર. તારા માટે આ કલ્યાણકર દેખાય છે.

**પાપોથી બચવા માટે ઉત્તમ વ્રત દેશાવકાશિક વ્રત :-**

''તને જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે તું દેશાવકાશિક વ્રત લઇને બેસ. એમાં સમય નક્કી કરી એટલા સમય માટે બેસવાની જગા સિવાયની બહારની આખી દુનિયાની બધી જગા અને એમાંની જડ-ચેતન બધી વસ્તુ વોસિરાવી દેવાની એટલે કે પ્રતિજ્ઞા કરવાની કે 'આટલા સમય માટે મારે આટલી જ જગામાં રહેવાનું, અને એમાં મારે સર્વ પાપત્યાગ રાખવાનો, તથા નવકાર મંત્ર ને અરિહંત ભગવાનનું ધ્યાન જ કરવાનું. બહારની જગા અને એની વસ્તુ સાથે મારે કશો સંબંધ જ નહિ, ગમે તેવો ઉપદ્રવ આવે મારે અહીંથી ખસવાનું નહિ, ને બહારની જગા અને ચીજ

વસ્તુની મમતાનો ત્યાગ. એને ને મારે કશો સંબંધ નહિ.'

''આમ કરવાથી બહારની આખી દુનિયા અને ચીજ-વસ્તુ અંગેના પાપ બંધ થઇ જશે, તેમ પ્રતિજ્ઞા સાથે ધર્મ-ધ્યાનમાં જ રહીશ, એટલે આ જન્મ અંગેના પણ કશા પાપ તને લાગવાના રહેશે નહિ.

''આપણા જીવને પાપજીવન જીવવાથી જ અનંત અનંત કાળથી જનમ-મરણના વિટંબણા અને દીર્ઘ દુર્ગતિઓની વિટંબણા ચાલી આવી છે. એનો અંત પાપોના પાપજીવનના ત્યાગથી જ આવે.''

❀ ❀ ❀ ❀ ❀ ❀

મુનિનો ઉપદેશ વાનરને સચોટ લાગી ગયો. એણે એ હાથ જોડી માથું નમાવી સ્વીકાર કરી લીધો, પછી જંગલમાં એ ચાલી ગયો. મુનિ પણ ત્યાંથી વિહાર કરી પોતાના સમુદાયને ભેગા થઇ ગયા.

વાંદરાને જ્ઞાન મળ્યું, હવે શું કરવાનું ?

**જ્ઞાનને એમજ જાણકારીમાં રાખી મૂકવાનું ? કે આચરણમાં અમલી બનાવવાનું ? વડાઇ શેમાં ? જ્ઞાન જો ખાલી રાખી મૂકવાનું હોય તો અજ્ઞાન આત્મા ને જ્ઞાનવાળા આત્મા વચ્ચે શો ફરક પડ્યો ?**

એક માણસને તરતાં નથી આવડતું એટલે બિચારો ડૂબે છે, ને બીજાને તરતાં આવડે છે પરંતુ તરવાની કળાના જ્ઞાન મુજબ હાથ પગ નથી હલાવતો એટલે ડૂબે છે, તો એની શી વડાઇ ? વડાઇ નહિ, હલકાઇ થાય કે લોક પેલા અજ્ઞાનને બિચારો કહે 'બિચારાને હાથ પગ હલાવવાની તૈયારી હતી પરંતુ આવડત નહોતી એટલે બિચારો શું કરે ?' ત્યારે લોક આવડતવાળાને બેવકૂફ કહે,-'બેવકૂફ કે આવડત છતાં એદીએ હાથ પગ હલાવ્યા નહિ ને ડૂબ્યો !'

**વાનરને દેશાવકાશિક વ્રત - જ્ઞાન પ્રવૃત્તિ માટે છે.**

માનવભવના થાળે આવેલો તું 'ઉબ્બુડો' છે, હવે 'મા પુણો નિબુડ્ડિજ્જા.' કેમ તરાય એનું જ્ઞાન હોવા છતાં એ ચરણ-કરણની પ્રવૃત્તિ નહિ કરીને ફરીથી નીચે ડૂબવાનું ન કરતો.

વાંદરાને જાતિસ્મરણ જ્ઞાન દ્વારા સ્વાનુભવથી જ્ઞાન થયું. ખ્યાલ આવીગયો

કે 'હું પૂર્વે વૈદ્યના અવતારે પાપપ્રવૃત્તિ ચાલુ રાખીને ડૂબ્યો, હલકા તિર્યંચના અવતારે ફસાઇ ગયો ! તો હવે પાપપ્રવૃત્તિ બંધ કરી ધર્મપ્રવૃત્તિ કરું-મુનિ પાસેથી ઉપદેશ સાંભળીને સંક્ષેપમાં ધર્મ રૂપ દેશાવકાશિક વ્રત આચર્યા કરવાનું સમજી લીધું એટલે હવે લાગી પડ્યો એમાં. જ્યાં બને ત્યાં થોડા કે વધુ સમય માટે પ્રતિજ્ઞા-સંકલ્પ કરીને ચોક્કસ જગાનું માપ રાખી એમાં નવકાર-અરિહંતનું ધ્યાન કરતો બેસે છે.

**૧૦મા દેશાવકાશિક વ્રતમાં બાકીના ૧૧ વ્રતોનો સમાવેશ કેવી રીતે ?**

**દેશાવકાશિક એક અનેરું વ્રત છે.**

આમ તો શ્રાવકના બાર વ્રતમાં દેશાવકાશિક વ્રત એ ૧૦મું વ્રત છે, પરંતુ એમાં અગિયારે વ્રતનો સંક્ષેપ થાય છે, એમાં ૧૧ વ્રત સમાય છે. કેમકે એમાં નિશ્ચિત કરેલ જગા બહારનું જગત વોસિરાવ્યું એટલે એમાં ચાલતી હિંસા-જૂઠ વગેરે પાપ વોસિરાવ્યા, અને વધારામાં પોતે નિશ્ચિત કરેલી જગામાં ય ધ્યાન સિવાયની બધી પ્રવૃત્તિ બંધ કરી એટલે અહીં પણ હિંસા-જૂઠ વગેરે પાપ છોડ્યા. ત્યારે ૬ઠું વ્રત દિશા પરિમાણ તો આમાં આવી જ ગયું ને ? કેમકે આમાં જવા આવવાનું જ બંધ છે. ૭મું ભોગોપભોગ પરિમાણ વ્રત પણ આમાં અખંડ રહે છે, કેમકે આમાં અભક્ષ્ય તથા કર્માદાન વગેરે તો નહિ, પણ ભક્ષ્ય કે અલ્પ પાપના પણ ધંધા કરવા નથી. ૮મું અનર્થદંડ વિરમણવ્રત પણ આમાં સારું ખીલી ઊઠે છે, કેમકે આમાં દુર્ધ્યાન નથી કરવું, પ્રમાદાચારણ-પત્તાબાજી-સિનેમાદર્શન-વિકથા વગેરે કશું સેવવું નથી, અધિકરણ-પ્રદાન પાપશસ્ત્રો-પાપસાધનો બીજાને આપવા નથી, પાપોપદેશ પણ કોઇને કરવો નથી. ત્યારે ૯-૧૧-૧૨ મા વ્રતમાં સામાયિક પોષધનો ભાવ આમાં સુતરાં સમાઇ જાય છે. પોષધમાં જે વિશેષ કરીને આહાર, વ્યાપાર, અબ્રહ્મ અને શરીર-સત્કાર બંધ, તે આમાં બંધ જ છે.

૧૨મું 'અતિથિ-સંવિભાગ વ્રત'- અતિથિનો સંવિભાગ-ભક્તિ કરીને વાપરવાનું, તેની ઊંચી કક્ષા અહીં છે. કેમકે આમાં પોતાને ખાનપાન વાપરવાનું રાખ્યું નથી, વધારામાં વાપરવા માટે ખાનપાન-સંગ્રહ પણ રાખ્યો નથી, એટલે એ મોટો સંવિભાગ છે. એમ તો અંતિમ અનશન કરે એને શું સંવિભાગ યાને સાધર્મિક ભક્તિ વિનાના કહેવાય ? ના, મહા સંવિભાગ કહેવાય. ત્યાગ એ દાન કરતાં ઉચ્ચ છે, મહા દાન છે, માટે સાધુ એ દાનેશ્વરી કરતાં ઊંચા.

સારાંશ, દેશાવકાશિક-વ્રતમાં બધા વ્રત સમાયા, એટલે એ મહાન ધર્મ બની ગયો. પેલો વાનર આ વ્રત વારંવાર કરી રહ્યો છે. એમાં 'ચરણ' એટલે મૂળ ગુણો-મૂળવ્રતો અને 'કરણ' એટલે ઉત્તર ગુણો-ઉત્તર વ્રતો આવી ગયા. ચરણ-કરણ વિનાનો હોય એ ડૂબે. આ શાનો ડૂબે ?

એકવાર જંગલની શિલા ઉપર આ વ્રત ધરી બેઠો છે અને નવકાર અરિહંતના ધ્યાનમાં છે ત્યાં એક ભૂખ્યો સિંહ શિકાર અર્થે બહાર નીકળેલો તે આને દૂરથી જોતાં રાડ પાડીને આના પર ફાળ મૂકે છે. વાનરને શું થાય ? ગભરામણ ન થાય ? હાયવોય ન થાય ? ના,

**વાનરને સિંહની ફાળ પર ગભરામણ કેમ નહિ ?**

કારણ એ, કે એને મોહમાયા અને કાયા-માયાના પાપે મનુષ્ય ભવમાંથી તિર્યંચના અવતારમાં કેવું પતન થયું છે, એનો ખ્યાલ છે, અને હવે એવું પતન જોઇતું નથી, તેથી શું કામ કાયા-માયા રાખે ? એ તો મનથી મસ્ત હોય, 'રે કુટિલ કાયા ભલે સિંહના જડબામાં ચવાઇ જાઓ.' મારે નવકાર-ધ્યાન અરિહંત-ધ્યાન મૂકવું નથી, એ મૂકીને દુર્ધ્યાન અસમાધિ-કષાયોના ઘોર પાપમાં પડવું નથી.

**વાનર મરી દેવઃ સાધુ પાસે.**

વાંદરો સિંહના દાંતથી જામફળની જેમ બટકાઇ રહ્યો છે છતાં પોતાના શુભધ્યાનમાં નિશ્ચળ છે, ન ત્યાંથી પહેલાં ભાગી જવાની વાત, કે ન અત્યારે મન બગાડવાની વાત. ત્યારે પીડા કેટલો સમય ? નરકના જીવની અસંખ્ય વરસની પીડા આગળ વિસાતમાં નહિ. વાંદરો સમાધિથી મર્યો ને ભવનપતિ દેવલોકમાં દેવતા તરીકે જન્મી ગયો. પછી તો આવીને એ ઉપકારી સાધુને દર્શન આપી સાધુને શાસન-પ્રભાવનાના કાર્યોમાં પોતે સહાય કરશે એમ જણાવે છે.

બોલો, વાનરે જ્ઞાનનો અમલ ક્યાં સુધી કર્યો ? વૈદ્યના ભવે મુનિ પાસેથી જ્ઞાન મળેલું, પણ અમલ નહોતો કર્યો એનાં કટુ પરિણામમાં વાનરનો અવતાર જોયેલો ! તેથી હવે જ્ઞાનનો અમલ કરવામાં વાનરપણાના હૂકાહુક મૂકી કડક દેશાવકાશિક વ્રતની આરાધનામાં લાગી ગયો ! અને અંતે સિંહના જડબામાં ચવાઇ જવાની પીડામાં ય વ્રત ન મૂક્યું ! શુભધ્યાનમાં રહ્યો. મરીને દેવ થયો, તો ય દેવતાઇ આનંદ મૂકી શાસન-પ્રભાવનામાં સહાય કરાવી છે. જ્ઞાન પર આ આચરણ છે.

એજ વાત ચાલે છે. ધર્મનું જ્ઞાન મેળવ્યું પણ ધર્મના આચાર-અનુષ્ઠાન આરાધ્યા વિના કલ્યાણ નથી. તમારી પાસે જ્ઞાન છે ? જો જ્ઞાન હોય તો જ્ઞાનની કિંમત જ્ઞાન યથાશક્તિ અમલી થવા પર છે.

**શ્રેણિકનો જ્ઞાન પર અમલ :-**

પછી ભલે અમલ શક્તિ-બહારનો ન કરી શકો, કિન્તુ છતી શક્તિએ આચરણમાં કશું ઉતારવું નથી, તો જ્ઞાનનો ઉપયોગ શો રહ્યો ? શ્રેણિક મહારાજમાં જ્ઞાનં હતું કે ચારિત્રથી જ કલ્યાણ છે, પણ ચારિત્ર લઇ ન શક્યા, છતાં ચારિત્રને તાણી લાવનાર જિનભક્તિનો અમલ કેટલો બધો કરતા હતા ? મનમાની પટ્ટરાણી ચેલણા માટે રત્નકાંબળ લઇ આંગણે આવેલા વેપારી પાસેથી એકાદ પણ રત્નકાંબલ ખરીદવા ખર્ચ કરવાની તૈયારી નહોતી, પરંતુ પોતાના તારણહાર માનેલા શ્રી મહાવીર પ્રભુની સુખશાતાના સમાચાર લઇ આવનારને મોટું ઇનામ દઇ દેતા હતા ! વળી રોજ પ્રભુની ભક્તિમાં પ્રભુ આગળ સોનાના જ્વલાથી સાથિયો કરવા જોઇતો હતો ! તે પણ રોજના રોજ તદ્દન નવા જ ઘડેલા સોનૈયાથી, ને એ માટે સોનૈયા ઘડનાર સોનીને મનમાન્યું મહેનતાણું આપવાનું, પણ એ તાકીદ આપીને કે 'જો રોજના રોજ નવા ઘડીને હાજર કરવામાં ભૂલભાલ થઇ, તો સજા પણ ભયંકર ! બરાબર કામ બજાવવા ભલે મહેનતાણું એ ધારે એના કરતાં સવાયું દોઢું આપવાનું થાય પણ ભક્તિની વસ્તુ બરાબર સમયસર ને સારી હાજર થવી જોઇએ. 'ભગવાનની ભક્તિ કરવી જોઇએ', એ જ્ઞાન છે, એને અમલી કરવાની મહારાજા શ્રેણિકની તૈયારી હતી, એને આચરણમાં ઉતારવા સજાગપણું હતું.

આચરણ વિનાનું કોરું જ્ઞાન આત્માનું શું ભલું કરે ?

**આચરણનું મહત્ત્વ શાથી ? :- આત્માનું ભલું આત્માની અનાદિની આંતરિક વિષય-પરિણતિ સુધરી જઇ સારી વૈરાગ્યાદિની પરિણતિ ઘડાવાથી થાય. આ માત્ર જ્ઞાનથી નહિ, કિન્તુ વિષયત્યાગ આદિના આચરણથી બને.**

જાતને ને કુટુંબને સારાં વસ્ત્ર અલંકારથી મઢવાનું કરાય, પણ પ્રભુને ફિક્કું ચંદન ને ચપટી ચોખા ચડાવી પતાવાય ! એમાં વિષયત્યાગ ક્યાં આવ્યો ? શ્રેણિકને પ્રભુ આગળ સાથિયો પણ નિત્ય નવલા સોનાના જવલાથી કરવા જોઇતો હતો. આ વિષયત્યાગનું આચરણ છે, એથી આત્મામાં વૈરાગ્ય આદિની પરિણતિ

ઊભી થાય છે, દ્રઢ થાય છે. આચરણ વિના કોરા જ્ઞાન અને સમજ માત્રથી અંતરની પરિણતિ ન સુધરે.

પરિણતિ એ ભાવ છે. અનંત અનંત કાળ ઊંધી પ્રવૃત્તિ ઊંધા આચરણથી આત્માના આંતરિક ભાવ ખરાબ ઘડાયા છે. એ હવે રદ કરી આંતરિક શુભ ભાવ ઊભા કરવા હોય તો સ્વાભાવિક છે કે એ માટે સીધી પ્રવૃત્તિ સીધાં આચરણ જોઇએ. નાના છોકરાને રખડપટ્ટીના ઊંધા આચરણથી બચાવી શાળાગમન અધ્યયનનાં સીધાં આચરણ આપો છો તો જ છોકરાને સારા સંસ્કાર પડે છે, એના રખડપટ્ટીના ખરાબ ભાવ ઓછા થઇ કર્તવ્ય પાલનના સારા ભાવ ઊભા થાય છે, એમ અહીં.

**અનાદિની ઊંધી પ્રવૃત્તિ પર પોષાયેલા મલિન ભાવ અશુભ પરિણતિ સુધારવા સીધી પ્રવૃત્તિ કરવી જોઇએ. તો જ શુભ પરિણતિ જાગે. પૂછો**-પ્ર.-અનાદિની ઊંધી પ્રવૃત્તિ કઇ છે ?

ઉ.-આ જ, હિંસામય આરંભ-સમારંભની પ્રવૃત્તિ, જૂઠ બોલવાની પ્રવૃત્તિ, ચોરી-અનીતિ બેઇમાનીની પ્રવૃત્તિ, અબ્રહ્મ-કામવાસનાની પ્રવૃત્તિ, પરિગ્રહ-સંગ્રહની પ્રવૃત્તિ...આની સામે સીધી પ્રવૃત્તિ કઇ એ સમજાશે. અહિંસા-સત્ય-નીતિ (અસ્તેય) બ્રહ્મચર્ય-અપરિગ્રહની પ્રવૃત્તિ એ સીધી પ્રવૃત્તિ છે. એમ સાંસારિક મોહમાયાની પ્રવૃત્તિ એ ઊંધી પ્રવૃત્તિ, એની સામે જિનભક્તિ-સાધુસેવાની પ્રવૃત્તિ એ સીધી પ્રવૃત્તિ.

હિંસાદિની બાહ્ય પ્રવૃત્તિથી અંતરમાં હિંસાદિના ભાવ પોષાયા છે, તેથી હવે અંતરમાં એની સામે અહિંસાદિના ભાવ અહિંસાદિની પરિણતિ ઊભી કરવી હોય તો સ્વાભાવિક છે કે અહિંસાદિની પ્રવૃત્તિ ખૂબ રાખવી જોઇએ.

એટલે જ અહીં જ્ઞાની ભગવંત ''ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા'' 'ભવસાગરમાં ઊંચો આવેલો તું નીચે ન ડુબીશ' એમ કહીને 'ચરણ-કરણ વિપ્પહીણો બુડ્ડઇ' 'ચરણ-કરણ વિનાનો નીચે ડૂબી જાય છે' એમ કહે છે, એમાં પહેલું 'ચરણ' લે છે. 'ચરણ' એટલે અહિંસાદિ મૂળ ગુણોની પ્રવૃત્તિ, એ વિનાનો જીવ અર્થાત્ હિંસાદિની પ્રવૃત્તિવાળો જીવ ભવસાગરમાં ડૂબી જાય છે. એમ કહીને અહિંસાદિની પ્રવૃત્તિ કરવાનું કહે છે.

શ્રાવકના પણ સ્થૂલ અહિંસાવ્રત સ્થૂલ સત્યવ્રત વગેરે એ 'ચરણ' છે, શ્રાવકનાં મૂળ ગુણ છે. 'ચરણ' એટલે મૂળ ગુણ અર્થાત્ અહિંસાદિના વ્રત-મહાવ્રત,

અને 'કરણ' એટલે એના પોષક ઉત્તર ગુણ, અર્થાત્ શ્રાવકપણાની કે સાધુપણાની કરણી-ચર્યા-આચાર. તીર્થંકર ભગવાન ધર્મશાસન સ્થાપીને મુખ્યત્વે આ ચરણ-કરણ જ આપે છે. જુઓ ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીર પરમાત્મા સામે વાદ કરવા આવ્યા, તો ભગવાને એમના મનનો સંદેહ ટાળી શાંત કર્યા પછી પહેલાં 'ચરણ' અર્થાત્ સાધુપણાના મહાવ્રત આપ્યા, અને પછીથી ત્રિપદી કહી તત્ત્વજ્ઞાન આપ્યું. બંને આપવા વચ્ચે સમયનું કેટલું આંતરું ? ખાસ કશું જ નહિ, ઇન્દ્રભુતિની પાછળ દસેય પ્રમુખ બ્રાહ્મણ પ્રભુ પાસે ચાલ્યા આવ્યા તરત એકેકના સંદેહ ટાળ્યા, ને 'ચરણ' ચારિત્ર આપ્યાં. પછી એ બધાએ ચરણ-ચારિત્ર લઇને તરત જ 'ભયવં' ! કિં તત્તં ? ભગવન્ ! તત્ત્વ શું' એમ ત્રણવાર સવાલ કર્યા, ને પ્રભુએ એકેક સવાલની પાછળ 'ઉપ્પન્નેઇ વા' 'વિગમેઇ વા' 'ધુવેઇ વા' એમ ત્રણ પદ 'ત્રિપદી' આપી, તત્ત્વજ્ઞાન આપ્યું. અહીં વિચારો.

**ગણધરોને ચારિત્ર પહેલાં, અને તત્ત્વજ્ઞાન પછી કેમ અપાયું ?**

પ્ર.-અરે ! બધું એક જ બેઠકમાં છે, તો પહેલાં 'તત્ત્વજ્ઞાન' અને પછી 'ચરણ' ચારિત્ર કેમ ન આપ્યું ? કેમ પહેલાં 'ચરણ' ને પછી તત્ત્વજ્ઞાન આપ્યું ?

ઉ.-આપવામાં પહેલાં ચરણ અને પછી તત્ત્વજ્ઞાન એટલા માટે કે તત્ત્વજ્ઞાનની યોગ્યતા ચરણથી ઊભી થાય છે. કહેતા નહિ-

**તત્ત્વબોધમાં ચારિત્ર વિના શું અટકે ? :-**

પ્ર.-તત્ત્વનો બોધ કરાવવો છે, એમાં ચારિત્ર વિના શું અટકે ?

ઉ.-જુઓ આ અટકે,-તત્ત્વબોધ કેવો કરાવવો છે ? 'ઉપ્પન્નેઇ વા' 'વિગમેઇ વા' વગેરે નાનકડા તત્ત્વસૂત્ર પર મોટા દરિયા જેટલા તત્ત્વનો બોધ કરાવવો છે એ ક્યારે બને ? કહો, એ નાનકડા સૂત્રના ભાવને આખાયે વિશ્વ ઉપર વિસ્તારાય. નિખિલ વિશ્વના પદાર્થોમાં એ સૂત્રનો ભાવ લાગુ કરી જોવાય. આ લાગુ કરવાનું તે, એ પદાર્થોની આસક્તિ બંધ કરીને જ થાય, અર્થાત્ વિશ્વના પદાર્થ પર રાગ દ્વેષ રાખ્યા વિના તત્ત્વસૂત્ર લાગુ કરાય, તો જ નિખિલ વિશ્વનો સાચો વ્યવસ્થિત બોધ થાય, કેમ કે

**વસ્તુ પરનો રાગ કે દ્વેષ વસ્તુનો સાચો બોધ નથી થવા દેતો.**

જુઓ માતાને પુત્ર પર બહુ રાગ છે ને એ પુત્ર બહાર બીજા છોકરા સાથે

લડીને આવે, તો બીજાનો જ વાંક જુએ છે, પોતાના પુત્રનો નહિ, પછી ભલે પોતાનો પુત્ર જ દોષિત હોય, પુત્ર પરનો રાગ એની સાચી પારખ ઓળખ નથી થવા દેતો.

એમ જો શોક્યના દીકરા પર દ્વેષ છે તો પછી ભલે એ છોકરો ગુણિયલ હોય તો ય એ દ્વેષ એ ઓરમાન માતાને એની સાચી ઓળખ નથી થવા દેતો, લોભિયા શેઠને ધૂતારા નોકરની સાચી ઓળખ નથી થતી. માટે તો કહેવત છે 'લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે.' લંપટ પતિને પત્નીની સાચી ઓળખ નથી થતી. દુશ્મન પર હાડો હાડ દ્વેષ છે તો દુશ્મન દાનો પણ હોય છતાં એની સાચી ઓળખ નહિ થાય. એ તો રાગ-દ્વેષ બાજુએ મૂકો તો જ વસ્તુનો સાચો બોધ થાય. એટલે ભગવાને ઇંદ્રભૂતિ વગેરેને તત્ત્વોનો સાચો બોધ કરાવવા માટે પહેલાં ચારિત્ર આપ્યું, જેથી રાગ દ્વેષ ન રહે તો તત્ત્વનું ચિંતન રાગ દ્વેષ વિના કરી શકે.

પ્ર.-આ રાગ-દ્વેષ ચારિત્રથી શી રીતે ટળે ?

ઉ.-કહો, રાગ દ્વેષને જગાવનાર હિંસાપરિગ્રહાદિની પાપ પ્રવૃત્તિઓ છે. એ જો ભીષ્મ પ્રતિજ્ઞા સાથે બંધ કરાય યાને પ્રતિજ્ઞાબદ્ધ સર્વવિરતિ ભાવ લવાય તો રાગ દ્વેષ ટળે. 'વિરતિ' એટલે સાવદ્ય પ્રવૃત્તિનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ. 'સાવદ્ય' એટલે અવદ્ય-પાપ વાળી પ્રવૃત્તિ, અપાપ પ્રવૃત્તિ, એ ન કરવાની પ્રતિજ્ઞા કરી, પચ્ચક્ખાણ કર્યા, એટલે મનમાંથી એની અપેક્ષા પણ ગઇ કે 'આમ તો મારે હિંસા પરિગ્રહ નહિ, પણ જરૂર પડ્યે હું આ સાવદ્ય હિંસાદિ-પ્રવૃત્તિ કરીશ, જરૂર પડ્યે આ વસ્તુનો પરિગ્રહ રાખીશ' આવી અપેક્ષા પણ કાઢી નાખી, એટલે પછી એ વસ્તુ અંગે રાગ દ્વેષ નહિ રહે તેથી એનો સાચો ખ્યાલ આવી શકશે, સાચો બોધ થશે.

આ અનુભવ-સિદ્ધ વસ્તુ છે કે જે વ્યક્તિ પર આપણને રાગ-દ્વેષ નથી હોતા, એના ગુણ ગુણ રૂપે અને દોષ દોષ રૂપે દેખાય છે, અલબત્ત એના દોષ તરફ ધ્યાન ન લઇ જવું, દોષદ્રષ્ટિ ન રાખવી, એ જુદી વસ્તુ છે, પરંતુ આ હકીકત બતાવે છે કે વસ્તુ-સ્થિતિનું સાચું ભાન રાગ દ્વેષ બાજુએ મૂકવાથી થાય છે. રાગ-દ્વેષ ઊભા હશે તો વસ્તુનું સાચું ભાન નહિ થાય.

**શેઠ અને યુવાન : કલાઇ મેં કમાયા કેશર મેં ગમાયા.**

શેઠ હતો, સવારે ઓટલે બેસીને દાતણ કરતો હતો, એના ગામના એક

યુવાનને હાથમાં ચાંદીનો ગઠ્ઠો લઇને જતો જોયો. એને બોલાવ્યો 'આમ આવઃ' પૂછે છે-'આ હાથમાં શું લઇ ચાલ્યો ?'

યુવાન કહે 'કાકા ! આ તો ઘરમાં જુના સામાનમાંથી કલાઇનો ગઠ્ઠો નીકળ્યો તે વેચવા માટે જાઉં છું.'

**શેઠ ગમાર ? કે યુવાન ? :**

શેઠ સમજ્યા કે 'આ છોકરો ગમાર લાગે છે. એને ગમારને ચાંદી શું અને કલાઇ શું એના ભેદની ખબર નથી લાગતી, તેથી આ ખરેખર ચાંદીના ગઠ્ઠાને કલાઇ તરીકે ઓળખે છે. તો લાવને હું જ એને બે રૂપિયા વધારે આપીને પણ ખરીદી લઉં.'

બોલો, શેઠને છોકરાની સાચી ઓળખ થઇ ? ના, છોકરો ઉસ્તાદ છે, શેઠને એક સોદામાં કમાવરાવી પછી બીજા સોદામાં નવરાવી નાખવો છે, એટલે અહીં એ સમજપૂર્વક ચાંદીના ગઠ્ઠાને કલાઇનો કહે છે. બોલો, શેઠ ગમાર કે યુવાન ? અહીં સવાલ આ છે-

**શેઠને સાચી ઓળખ કેમ નહિ ? :-**

પ્ર. શેઠ યુવાનને કેમ ન ઓળખી શક્યા ?

ઉ.-કહો, શેઠને અનીતિની કમાઇ પર રાગ હતો, તેથી યુવાનના સ્વરૂપનો સાચો બોધ શી રીતે થાય કે 'આ સાચી ચાંદીને કલાઇ તરીકે વેચવા આવ્યો છે માટે દાળમાં કાળું તો નહિ હોય ? આમ કરીને પછી ભવિષ્યમાં મને કાંક નવરાવી નાખવા તો ઇચ્છતો નહિ હોય ?' કમાઇના રાગમાં શેઠે તો માત્ર ચાંદીને કલાઇના ભાવે ખરીદી લેવાનો લાડવો જ જોયો, એટલે એના મોટા લાભમાં યુવાનના વર્તાવમાં દગો શી રીતે દેખી શકે ?

હવે જુઓ શેઠ ક્યાં ઠગાય છે. યુવાન પાસેથી ચાંદીનો ગઠ્ઠો કલાઇના ભાવે લઇ લીધો, ખુશી થયા, અને યુવાન પણ ખુશી દેખાડતો કહે છે- 'શેઠ ! સારું થયું આ તમે અહીં જ મારી કલાઇ લઇ લીધી એટલે મારે આ વેચવા બજારમાં ભટકવું મટ્યું, અને કોને ખબર બજારમાં આટલા પૈસા ઉપજત કે કેમ ? ભલું થજો તમારું' એમ કહીને યુવાન ચાલી ગયો.

**યુવાનનું નવું તર્કટ કેશરના ડબ્બા :-**

થોડા દિવસ ગયા પછી યુવાને નવું તર્કટ રચ્યું. કાશ્મીરી કેશરના સો ખાલી ડબ્બા લઇ આવ્યો, એમાં લાલ લાલ કેસૂડો લાવીને દાબીને ભર્યો અને દરેક ડબામાં ઉપર કેશર પાથરી દીધું ! કેશર કેવું મઘમઘતું ? ડબો ખોલે એટલે કેશરની મઘમઘતી વાસ આવે. એક ડબ્બો એકલા કેશરથી ફોરો ફોરો ભર્યો. બસ, હવે ડબ્બા ગાડામાં નાખી બજારે જવા નીકળ્યો.

સવારના ૮-૮।। વાગ્યાનો સમય હશે. શેઠ ૮ વાગે ઉઠનારા તે ઓટલે દાતણ કરતા બેઠા હતા. યુવાનને ગાડા સાથે જતો જોઇ બોલાવે છે-

'કેમ યુવાન ! આ શું લઇ ચાલ્યો ?'

જુવાન કહે 'શેઠ ! કાલે મોટા શહેરમાં ગયેલો, ત્યાં હાઇક્લાસ કેશર કાશ્મીરથી આવેલું જોયું. ભાવ તાલ પૂછ્યા તો લાગ્યું કે વ્યાજબી ભાવ છે, તેથી એ કેશરના ૧૦૦ ડબ્બા ખરીદી લાવ્યો છું. એ વેચવા બજારમાં જાઉં છું !

શેઠ કહે 'મને દેખાડતો ખરો કે કેશર કેવુંક છે.'

યુવાન કહે 'શેઠ ! દેખાડીને શું કરું ? તમે ખરીદો તો ૧-૨ ડબ્બા ખરીદો. મારે તો લોટમાં વેચી દેવા છે, એટલે મને બજારમાં જ જવા દો !'

શેઠ કહે પણ દેખાડતો ખરો, કેશર સારું હશે અને ભાવ વાજબી હશે તો હું તારા બધાય ડબ્બા કેમ નહિ ખરીદી લઉં ?'

યુવાન કહે 'તો ઠીક શેઠ ! પણ પછી મને નિરાશ ન કરશો ભાઇસાબ !'

'હા હા નિરાશ નહિ કરું. જો પેલે દહાડે તારી કલાઇ ખરીદી લીધી હતી ને ?'

'હા શેઠ ! હા શેઠ !' એમ કહી યુવાને ડબ્બાના લોટમાંથી પેલો એકલા કેશરનો ડબ્બો ખેંચી કાઢી ખોલીને શેઠને બતાવે છે. મઘમઘાયમાન વાસ જોઇને શેઠ લલચાયા, પણ કહે છે-

'અલ્યા પણ આમાં હલકા કેશરનું મિશ્રણ તો નથી કર્યું ને ?' યુવાન કહે 'શેઠ આ શું બોલ્યા ? મારે ય ભગવાન માથે નથી ? લ્યો જુઓ,' એમ કહી ડબ્બાની અંદર ચમચો ઘાલી અંદરનું કેશર કાઢી બતાવ્યું.

શેઠે જોયું કે અંદર પણ ઉપરની જેમ જ ચોક્ખું મઘમઘાયવાન કેશર છે. છતાં કહે છે, 'અલ્યા પણ બીજા ડબ્બાઓમાં કેશર કેવું ?'

યુવાન કહે 'શેઠ ! તમે જાતે જોઇ લ્યો ને ? કહો તો બધા ડબ્બા ખોલી બતાવું !' એમ કહી એકેક ડબ્બો ઝટઝટ કાઢી કાઢી ખોલી ખોલીને બતાવે છે. ૧૦-૨૦ ડબ્બા એવી ઝટપટતાથી ખોલી ખોલી બતાવ્યા ને ઉપર-ઉપરનું કેશર સુંઘાડતો જાય છે, કે શેઠના મનને લાગ્યું કે 'જુવાનિયો છે તો 'ભલો ભોળો. આમાં કાંઇ અવિશ્વાસ કરવા જેવું નથી.' એટલે યુવાનને કહે 'હવે રહેવા દે બીજા ડબ્બા નથી જોવા'

છતાં યુવાન કહે, 'ના શેઠ ! મારા પર અવિશ્વાસ રહે એ ઠીક નહિ. તેથી બધા જ ડબ્બા ખોલીને બતાવું, અથવા ઊઠો તમે જ ગમે તે ડબ્બા ખેંચી કાઢીને જોઇ લ્યો !'

ઉઠાડ્યા શેઠને, શેઠે બે ચાર ડબ્બા આડે અવળેથી ખેંચી કાઢ્યા યુવાને તે ખોલી ખોલીને બતાવ્યા. બધામાં જ ઉપર કેશર પાથરેલું હતું. મઘમઘ વાસ હતી, તેથી શેઠને બરાબર ભરોસો પડી ગયો કે 'છે તો બધા જ ડબ્બા કેશરથી ભરેલા.'

પછી ભાવ પૂછ્યો. યુવાને બજાર ભાવ કહ્યો, શેઠ કહે 'અલ્યા એ ભાવ બજારમાં ચાલે છે, પછી હું વેચવા જાઉં ત્યાં મારે શું કમાવાનું ?'

યુવાન કહે, 'શેઠ પણ આ તો તાજું કેશર છે, એ તો જુઓ. હમણાં હું બજારમાં લઇ જાઉં ને, તો સારો ભાવ ઉપજવાનો જ છે. છતાં લોટના ભાવે લાવ્યો છું એટલે કાંક ઓછા ભાવે લાવ્યો છું, તો એમ કરો આઠ આને ઓછા ભાવે લઇ લો.'

શેઠ કહે-'ના ભાઇ ! રૂપિયો ઓછો કર.'

યુવાન કહે, 'શેઠ ! પછી મારે શું કમાવાનું ? એના કરતાં મને બજારમાં જ જવા દો. માલ જોઇને વેપારીઓ ઝટપટ ખરીદી લેવાના છે. છતાં ગરીબ પર દયા કરો, લ્યો, ૧૨ આના ઓછા કરો.'

શેઠ કહે 'રાખ હવે, ૧૨ આના ને રૂપિયો ઓછો એમાં શો બહુ ફેર પડે છે. લે રૂપિયે ઓછે આપી દે બધા ડબ્બા.'

યુવાન કચવાતું દિલ દેખાડી કહે છે 'પણ શેઠ ! આમાં મારે માત્ર બે આના કમાવાના રહે છે. છતાં તમે મોટા માણસ છો.

**મોટાનું વચન ન ઠેલાય, તો મોટાની મહેરબાની રહે.**

લ્યો ડબ્બા નોકર પાસે ઘરમાં મુકાવી દો, ને રૂપિયા રોકડા ગણી દો.'

બસ, પત્યું, શેઠે ડબ્બા ઘરમાં મુકાવી દીધા, રૂપિયા રોકડા ગણી આપ્યા ને

યુવાન રૂપિયા લઇ ચાલતો થઇ ગયો...હવે શેઠ વિચારે છે કે 'હમણાં જ બજારમાં જઇ વેચી નાખું છું આજ ફાવી પડ્યા છીએ.'

જુઓ, ધન કમાઇના રાગમાં અંધ બનેલા શેઠને નથી યુવાનની સાચી ઓળખ પડતી કે નથી માલની સાચી ઓળખ પડતી. રાગથી કેવુંક અજ્ઞાન પ્રવર્તે છે ! મિઠાઇના બહુ રાગમાં માણસ ભૂલો પડીને વધારે ઠોકી પછી હેરાન થાય છે ને ? કેમ વારુ ? એ રાગમાં ન પેટની ઓળખ પડી કે 'આમાં વધારે પડશે તો આ તણાશે, તેમ ન મિઠાઇની ઓળખાણ રહી કે 'આ વધારે ખવાતાં પેટને તંગ કરશે' રાગના લીધે જ માણસ મરે છે ને ? રાગથી જ ધન-કુટુંબ-બંગલો-સત્તા વગેરેની સાચી ઓળખ નથી થતી કે 'આ બધા મારાં પૂર્વ પુણ્યનો જથો સાફ કરનારા અને લોટબંધ નવા પાપ મારા માથે લાદનારા છે.' આ સાચી ઓળખ નવા પાપ મારા માથે લાદનારા છે.' આ સાચી ઓળખ નહિ, તેથી એમાં ઓતપ્રોત રહી ધર્મ અને સદ્‌ગુણો ભૂલે છે.

પેલા શેઠ પરવારીને ડબ્બા લઇ, ગયા બજારમાં. વેપારીઓને બોલાવે છે, ને કહે છે 'લ્યો આ તાજુ કેશર આવ્યું છે.' ડબ્બા ખાલી બતાવે છે. એકેક વેપારી એમાં ચમચો ઘાલીને કેશર કાઢી જોવા જાય છે, તો અંદરમાંથી નર્યો કેસુડો નીકળે છે !

વેપારીઓ શેઠને કહે 'શેઠ ! આ શી લુચ્ચાઇ માંડી ? ઉપર કેશર અને અંદરમાં નર્યો કેસુડો ? ઠગવાનો ધંધો ઠીક કાઢ્યો !'

❀ ❀ ❀ ❀ ❀ ❀

શેઠ શું કહે ? ઝંખવાણા પડી ગયા, કહે છે 'ભાઇ ! તો તો હું જ ઠગાયો. આ તો મેં એક ડબ્બો અંદરમાંથી જોયેલો, તે સાચા કેશરનો હતો. એટલે ભરોસે સો ડબ્બા ખરીદી લીધા. હરામખોર યુવાન મને બનાવી ગયો !' વેપારીઓ હસતા હસતા ચાલી ગયા.

શેઠે પછીથી યુવાનને બોલાવી કહે, 'અલ્યા ! આ તું મને શું પકડાવી ગયો ? કેશરને બદલે કેસુડો ?'

યુવાન કહે 'શેઠ ! મને વેપારીએ પકડાવ્યું એ મેં તમને પકડાવ્યું. મને શી ખબર કે વેપારી મને ઠગતો હશે ?'

શેઠ કહે, 'તે તું ઠગાયો એટલે મને ઠગવાનો ? લે લઇ જા આ માલ તારો, ને રૂપિયા લાવ પાછા.'

યુવાન કહે, 'તો તમે મને તે દિવસે કલાઇમાં કેમ ઠગેલો ? કલાઇના ભાવે મારી ચોક્ખી ચાંદી જ લઇ લીધી ? એ તો કલાઇમાં કમાયા, તો કેશરમાં ગમાયા.'

શું પામ્યો શેઠ ? કલાઇના ભાવે ચાંદી ખરીદી કમાયા કરતાં કેશરમાં ગુમાવ્યું ઘણું ! કારણ ? શેઠ યુવાનને પૈસાના લોભમાં ઓળખી ન શક્યો.

**વસ્તુ પર રાગ કે દ્વેષ વસ્તુનું સાચું ભાન સાચી ઓળખ ન થવા દે.**

શેઠને ધન પર અને યુવાન કમાવનારો લાગી યુવાન પર રાગ થઇ ગયો, તેથી એને જુવાનની સાચી ઓળખ ન થઇ. સાચા જ્ઞાન માટે વસ્તુ પર રાગ દ્વેષ ન જોઇએ તેથી જ આપણે જોઇ ગયા કે ગણધરોને પ્રભુએ ચારિત્ર આપી વિષયોના રાગ-દ્વેષથી રહિત પહેલાં બનાવ્યા, ને તત્ત્વબોધ માટે ત્રણ પદ પછીથી આપ્યા. તેથી એ સંક્ષેપમાં કહેલ 'ઉપ્પન્નેઇ વા' 'આખું જગત ઉત્પન્ન થાય છે...' વગેરે તત્ત્વ રાગ-દ્વેષ રહિત પણે વિસ્તારથી વિચારી શકે, વિસ્તારથી ઓળખી શકે, અને પછી એના પર આગમ સૂત્રો રચી શકે. તો હવે અહીં બે સવાલ આ આવે છે કે

પ્ર.- (૧) ચારિત્રથી રાગદ્વેષ શી રીતે જાય ? અને

(૨) ચારિત્રથી રાગદ્વેષ ગયા તો પછી તત્ત્વબોધની શી જરૂર રહે ?

ઉ.-આ બેય સવાલનાં સમાધાન સરળ છે, જુઓ-

**(૧) ચારિત્રથી વિષયોના રાગ-દ્વેષ શી રીતે જાય ?**

ચારિત્ર એટલે હિંસાથી માંડી પરિગ્રહમાં પાપોનો ત્યાગ છે, પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ છે, એટલે મનથી પણ એની અપેક્ષા છોડી દીધી છે, મનને એવું રાખ્યું નથી કે 'આમ તો હિંસા નહિ કરું, પરંતુ કાંઇક એવો અવસર આવે તો હિંસા કરવી પડે.' ના, હવે તો પ્રતિજ્ઞાથી જીવનભર માટે હિંસા ન જોઇએ એ નિર્ધાર છે. એમ પરિગ્રહનો પણ પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ એવો રાખ્યો છે કે 'રાતા પૈસાનો ય પરિગ્રહ જીવનભર માટે ત્યાગ. હું પરિગ્રહ રાખું નહિ, રખાવું નહિ અને રાખતાને સારા માનું નહિ.'

**વિષયો ખાતર તો માણસ હિંસા-જૂઠ-અનીતિ વગેરે પાપો કરે છે, એટલે હવે જ્યારે સમજીને જ હિંસાદિ છોડ્યા તો સહેજે પેલા વિષયોના રાગ દ્વેષ મૂકી દીધા.**

મહાવ્રતોથી આવા ભીષ્મ ત્યાગ હોય ત્યાં રાગ-દ્વેષ ક્યાં ઊભા રહે ? પરિગ્રહ માત્રને રાખવાની ય વાત નથી ને પરિગ્રહને સારો માનવાની ય વાત નથી, ને ત્યાં કોઇ પણ વસ્તુ પર રાગ કરવાની વાત ક્યાં રહે ? સૂક્ષ્મ બ્રહ્મચર્યની ય પાકી પ્રતિજ્ઞા છે ત્યાં સ્ત્રીનો રાગ તો રહે જ શાનો ? નિર્દોષ ભિક્ષાને પણ નિંદા-પ્રશંસાદિ પાંચ દોષ ટાળીને જ વાપરવાનું સંયમી સાધુજીવન છે ત્યાં ખાનપાનના વિષય પર રાગ દ્વેષ શાના કરવાના રહે ? તાત્પર્ય, કંચન-કામિનીના સર્વથા ત્યાગમય સંયમ-જીવનમાં એવા રાગ દ્વેષ ઊભા ન રહે, એટલે સ્વાભાવિક છે કે હવે તત્ત્વનું ચિંતન ને જગતના પદાર્થનું ચિંતન યથાર્થ ચાલે, લેશ પણ અસત્ય મનોયોગ વિનાનું ચાલે.

એટલા જ માટે 'મુનિ' શબ્દની જૈન શાસ્ત્રકારોએ આ વ્યાખ્યા કરી

**'मन्यते यथावस्थितं त्रैकालिकं जगत्स्वरूपम् इति मुनिः'**

જગતના અર્થાત્ પદાર્થના ત્રણે કાળના સ્વરૂપને યથાવસ્થિત ચિંતવે એ મુનિ.

એટલે મુનિને તાવ વગેરે વ્યાધિ આવી ત્યાં આ વિચારે કે 'આ વ્યાધિ ભૂતકાળમાં સેવેલ હિંસાદિ આશ્રવથી ઊભા થયેલા અશાતા વેદનીય કર્મનો વિપાક છે, વર્તમાનમાં એ મારા આત્માના 'સંયમ પરિણામ' ગુણનો કાંઇ બાધક નથી, કેમકે એ અશાતા કર્મ અઘાતી કર્મ છે, અઘાતી કર્મ આત્મ ગુણનો ઘાત ન કરે. તો ખેદ શા સારુ કરવો ? વળી ભવિષ્યની દ્રષ્ટિએ આ વ્યાધિથી એ કર્મ ભોગવાઇને ક્ષય પામતું ચાલે છે, કચરો સાફ થતો ચાલે છે, એ મહાન લાભ છે. તો આનંદ કેમ ન માનવો ? અલબત

**મુનિ બિમારીમાં દવા શા માટે કરે ?**

(૧) મંદવાડમાં પોતાનો પૂર્વપ્રાપ્ત શ્રુત-શાસ્ત્રબોધ ખંડિત થતો અટકે,

(૨) નવા શ્રુતની પ્રાપ્તિ થઇ શકે એવી હોય તે મંદવાડના લીધે અટકે, તે ન અટકે

(૩) મંદવાડથી બીજાઓને શ્રુતદાન-જ્ઞાનદાનમાં થતો અંતરાય અટકે, એમ,

(૪) સાધુવૈયાવચ્ચમાં અંતરાય થતો અટકે.

એ માટે મુનિ દવા-ઉપચાર લે છે, પરંતુ એમાં વ્યાધિની વેદના સહન કરવાથી ભાગવાની વૃત્તિ નથી, કેમકે વ્યાધિના ત્રૈકાલિક સ્વરૂપને યથાર્થ રીતે આમ વિચારતા હોય છે-

(૧) વ્યાધિની પાછળ ભૂતકાળમાં અહિંસાદિ દુષ્કૃત્ય અને મન-મલિનતા

સેવી છે એ મનોમાલિન્ય હવે ન સેવાય,

(૨) વ્યાધિથી વર્તમાનમાં પૂર્વકર્મનું દેવું જે ચૂકવાય છે એ કચવાયા વિના શાહજોગ ચૂકાવવાનું, તેમજ

(૩) ભવિષ્ય માટે વ્યાધિ ભોગવીને કર્મક્ષય થવાથી આત્મશુદ્ધિ છે, એનો આનંદ રાખવાનો.

આમ મુનિ વ્યાધિના ત્રણે કાળના સ્વરૂપને ચિંતવતા હોય એટલે પછી વ્યાધિની વેદનાથી શા સારુ વિહ્વળ થાય ? શા સારું વિહવળ થઇને અસમાધિ કરી વ્યાધિને ભગાડવાની ઇચ્છા રાખે ? વ્યાધિનું ભૂતકાળનું સ્વરૂપ હિંસાદિ અને મનોમાલિન્ય હોવાથી, અર્થાત્ મનોમાલિન્યથી વ્યાધિ ઊભી થઇ છે તો પછી અત્યારે વિહ્વળતાનું (અસમાધિનું) મનોમાલિન્ય નહિ કરવું, જેથી નવી વ્યાધિના કર્મ ન ઊભા થાય, એમ એ સમજે છે. વ્યાધિનું વર્તમાન સ્વરૂપ એક પ્રકારનું કર્મનું દેવું ચૂકવવાનું છે, એમાં શાહુકારની જેમ રાજીપો જ રાખવાનો, એ પણ સમજે છે. વળી વ્યાધિનું ભવિષ્યનું સ્વરૂપ, વ્યાધિ સહર્ષ ભોગવાઇને, કર્મક્ષય તથા આત્મવિશુદ્ધિ છે. એ મહાન લાભ જોતાં પણ મન ન બગાડતાં પ્રસન્નતા રાખવા જેવી છે, એમ મુનિ સમજે છે.

આમ મુનિ વ્યાધિના ત્રૈકાલિક સ્વરૂપને જોતા હોવાથી મન પ્રસન્ન રાખે છે, એટલે વેદનાથી વિહ્વળ થતા નથી. પછી શું કામ વ્યાધિ પ્રત્યે ઉદ્વેગ કરી 'એ કેમ જાય, કેમ જાય,' એવી ઝંખના કરે ? હા, વ્યાધિથી થતા શ્રુતજ્ઞાન-નાશ વગેરે નુકસાન એ મોટા નુકશાન છે, તેથી એ મોટા નુકસાન ન ઉઠાવવા પડે એ માટે નુકસાન અટકાવવા નિર્દોષ દવા-ઉપચાર કરી વ્યાધિને શાંત કરવા પ્રયત્ન કરે. આમાં નિર્દોષ દવા-ઉપચાર કરાવવા પાછળ ધ્યેય જોવા જેવું છે, દવા કરાવવાનું ધ્યેય શું છે ? લક્ષ્ય શું છે ?

**મુનિને દવા કરવા પાછળ વ્યાધિની વેદનાનો ત્રાસ મિટાડવાનું ધ્યેય નહિ, કિન્તુ શ્રુતજ્ઞાન નાશ, વગેરે મોટાં નુકસાન અટકાવવાનું ધ્યેય છે.**

મુનિ સમજે છે કે

**મહાન પુણ્યોદયે મનુષ્ય જન્મ અને ચારિત્ર-જીવનમાં આવ્યા છીએ તે ઊંચા ધર્મપુરુષાર્થ કરી લઇએ એ માટે.**

ત્યાં શ્રુતજ્ઞાન શાસ્ત્રસ્વાધ્યાયની અખંડ ધારા એ ઉચ્ચ ધર્મપુરુષાર્થ છે એને ધીખતો રાખવાના ધ્યેયથી મુનિ રોગમાં દવા-ઉપચાર કરી લે છે. મુનિ સમજે છે કે-

**ધર્મ-આરાધનાનો પુરુષાર્થકાળ અતિ દુર્લભ :-**

માનવ જન્મ દુર્લભ છે, તો ધર્મ-આરાધનાનો પુરુષાર્થ કાળ પણ એથી વિશેષ દુર્લભ છે, કેમકે માનવ જન્મમાં જે ઉચ્ચ ધર્મ-આરાધના થઇ શકે એવા બીજા કોઇ જનમમાં ન થઇ શકે. બીજે બીજી અર્થ-કામની આરાધનાના પુરુષાર્થ થઇ શકે, પરંતુ ઉચ્ચ ધર્મની આરાધનાના પુરૂષાર્થ ન થઇ શકે. મોટા દિવ્ય તાકાતવાળા દેવતા કે ઇન્દ્રથી પણ ઉચ્ચ ધર્મ 'ચારિત્ર ધર્મની આરાધનાનો પુરુષાર્થ ન થઇ શકે.'

**પૂર્ણ ચારિત્ર-ધર્મારાધનાનો ઉચ્ચ પુરુષાર્થ તો મનુષ્યને જ વરેલો છે.**

એટલે માનવકાળ એ આ ઉચ્ચ ધર્મારાધનાનો પુરુષાર્થ કાળ કહેવાય. એ પણ આર્યકુળના માનવ જન્મમાં મળે, અનાર્ય-મલેચ્છ કુળના જનમમાં નહિ. માટે એ ધર્મ-આરાધનાનો પુરુષાર્થ કાળ અતિ દુર્લભ.

હવે જો માનવભવ જ અતિ દુર્લભ, તો ધર્મારાધનાનો પુરુષાર્થકાળ કેટલો દુર્લભ ? બોલો, દિવસ-રાતના કયા ભાગમાં આ ખ્યાલમાં આવે છે કે 'અહો ! મારો આ જન્મનો સમય એ અતિ દુર્લભ ધર્મારાધનાનો બહુ કિંમતી પુરુષાર્થ સમય છે ? એને હું ક્યાં વેડફી રહ્યો છું ? અર્થ કામના પુરુષાર્થમાં ? કષાયોના પુરુષાર્થમાં ?

**મુનિને અપરિકર્મ-વસ્ત્ર શ્રેષ્ઠ :-**

જરાક બિનજરૂરી પૈસાના પુરુષાર્થમાં પૈસાની મહેનતમાં પડ્યા એ કિંમતી ધર્મપુરુષાર્થ કાળ વેડફી નાખ્યો ! સાધુને માટે કહ્યું છે કે 'બને ત્યાં સુધી અપરિકર્મ વસ્ત્ર વહોરી લાવે.' અપરિકર્મ એટલે વસ્ત્રને લાવીને માપથી વધારે લાવેલા વસ્ત્રમાંથી ચીરો ફાડી નાખવો પડે, યા ફાટેલું સાંધવું પડે, એ પરિકર્મ કહેવાય. એ ન કરવું પડે એ અપરિકર્મ વહન...આ ઉત્તમ વસ્ત્ર છે.

**પરિકર્મમાં શું બગડે ? :-**

પ્ર.-કેમ જરા ફાડવું પડે કે સાંધવું પડે એમાં શું બગડી ગયું ?

ઉ.-બગડી એ ગયું કે એટલું ય કરવાના પુરુષાર્થમાં ધર્મ-આરાધનાનો પુરુષાર્થ ગુમાવ્યો, એટલા સમયમાં જે સ્વાધ્યાય પુરુષાર્થ થાત, સાધુસેવા યા ગુરુસેવાનો પુરુષાર્થ થાત, જાપ-ધ્યાનનાં પુરુષાર્થ થાત, એ ગુમાવ્યો. એમ ધર્મ-

આરાધનાને બદલે બીજા-ત્રીજા વિચાર કર્યા, એ અસત્ પુરુષાર્થ કહેવાય. એમાં ધર્મ આરાધનાનો માનસિક પુરુષાર્થ રહી ગયો, ગુમાવ્યો, એટલો સત્પુરુષાર્થકાળ વેડફી નાખ્યો. ફરિયાદ કરો છો ને કે- **ધર્મસાધના વખતે બીજાત્રીજા વિચાર કેમ અટકે ?**

પ્ર.-ધર્મ કરવા બેસીએ ત્યાં બીજા ત્રીજા વિચાર કેમ આવે છે ? એ કેમ અટકે ?

ઉ.-બીજા ત્રીજા વિચાર આવવાનું કારણ એ છે, કે મહાન એવા આ ધર્મનો મન પર ભાર નથી. કે- **મારે આ અતિદુર્લભ સમસ્ત માનવકાળ એ ધર્મારાધનાનો મહા કિંમતી પુરુષાર્થકાળ છે, તો એ મારે લેશ પણ વેડફી નાખવો નથી.**

ચાહ્ય કાયિક પુરુષાર્થ હો, કે વાચિક પુરુષાર્થ હો, અથવા માનસિક પુરુષાર્થ હો, એ કોઇપણ પુરુષાર્થ ધર્મ-આરાધનાનો જ કરવો છે. અર્થાત્ દરેકે દરેક વિચાર, દરેકે દરેક વચન, યા દરેકે દરેક કાયા ગાત્ર-ઇન્દ્રિયોનો વર્તાવ મારે ધર્મ-આરાધનાનો જ રાખવો છે.'' આ ભાર મન પર રખાતો નથી તેથી ધર્મક્રિયા-ધર્મસાધના ન ચાલતી હોય એ વખતે સાંસારિક જળોજથામાં સાંસારિક બાબતોમાં તો પાપ પુરુષાર્થની લોથ ચાલુ છે જ, પરંતુ જ્યારે અથાગ પુણ્યોદયે ધર્મક્રિયા ધર્મસાધના મળી તો ત્યાં એ ચાલતી હોય ત્યારે પણ ફજુલ વિચારોનો પાપપુરુષાર્થ કરવા જોઇએ છે.

ભૂલશો નહિ, માનસિક વિચારો કરીએ એમાં પણ આત્માની માનસિક પુરુષાર્થ-શક્તિ કામ કરી રહી છે, એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને મન નથી મળ્યું, એટલે વિચારનો પુરુષાર્થ કરવાનું સાધન નથી મળ્યું. તેથી એ જીવોની પાસે વિચારોની પુરુષાર્થ શક્તિ નથી, એટલે વિચારોનો પુરુષાર્થ કરી શકતા નથી. પરંતુ આપણે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ મનવાળા છીએ, તો આપણી પાસે જેમ કાયા છે તો કાયિક પુરુષાર્થ શક્તિ છે, એનાથી કેઇ કાયિક પ્રવૃત્તિના પુરુષાર્થ કરી શકીએ છીએ. એમ આપણી પાસે મનના સાધન દ્વારા માનસિક વિચારની પ્રવૃત્તિના પુરુષાર્થ કરી શકીએ છીએ.

એટલે સારા વિચાર કરીએ તો એમાં માનસિક પુરુષાર્થ શક્તિ સારી લેખે લાગી રહી છે, અને ખોટા ખરાબ વિચારો કરીએ એમાં ય માનસિક પુરુષાર્થ શક્તિ તો વપરાઇ જ રહી છે, પરંતુ તે ખોટી જગાએ, એટલે એ શક્તિ વેડફાઇ રહી છે,

આપણને લાગે કે

**વિચારમાં મહેનત શી ? :-** પ્ર.-વિચારો કરવામાં ક્યાં મહેનત પડે છે ? એટલે એમાં આત્માએ પુરુષાર્થ શો ખરચ્યો ?

ઉ.-પરંતુ અહીં સમજવા જેવું છે કે જેમ ધીરેથી બે વાક્ય બોલવા હોય તો એમાં ખાસ મહેનત પડતી હોય એવું લાગતું નથી, છતાં એ બોલવામાં વાચિક પુરુષાર્થ કામ તો કરી જ રહ્યો છે, એમ વિચાર કરવામાં માનસિક પુરુષાર્થ કામ કરતો જ હોય છે. એટલે તો જો આપણે ધાર્યું હોય કે નથી જ બોલવું તો સાધન જીભ પાસે હોવા છતાં એ એમજ પડી રહે છે, ને શબ્દ નીકળતો નથી. ત્યાં વાચિક પુરુષાર્થ આપણે કરતા નથી. એમ ખોટા વિચાર ન કરવાનું નક્કી ધારીએ, ને માનસિક પુરુષાર્થ ન ફોરવીએ તો મન પડ્યું રહે, ખોટા વિચાર ન કરી શકે.

**ખોટા વિચાર કેમ અટકે ? :-**

અલબત ખોટા વિચાર આપણે રોકી શકતા નથી એવું આપણને લાગે છે, પરંતુ અનિષ્ટ શબ્દ બોલવામાં જેમ મોટું નુકસાન દેખાય તો જીભ પર વાણી પર અંકુશ આવી જાય છે, એમ અહીં ખોટા વિચાર કરવામાં ભયંકર નુકસાન દેખાઇ જાય, તો મન પર અંકુશ મૂકી શકાય.

પણ કમનસીબી આ છે કે ખોટા વિચાર ફજુલ વિચારોમાં ભયંકર નુકસાન જ દેખાતું નથી પછી એવા મન પર અંકુશ મૂકવાની વાત જ શાની રહે ? બાકી, ખોટા વિચાર અટકાવવા માત્ર આટલો નેગેટિવ ઉપાય બસ નથી, કિન્તુ સાથે પોઝિટિવ રચનાત્મક ઉપાય પણ યોજવા જેવો છે. દા.ત.

**ખોટા વિચાર કરતા મન પર અંકુશ મૂકવાનો રચનાત્મક ઉપાય આ, કે સળંગ ધારા ચાલે એવી સારી વસ્તુના વિચાર ચાલુ કરી દો.**

**સારા વિચાર ક્યા ? :-** દા.ત. અનેક દેરાસરો અનેકવાર જોયા હોય તો એકેક દેરાસર મનની સામે લાવી એમાં એકેક ભગવાન જોવા માંડો, અને એને માનસિક ખમાસમણું, 'ઇચ્છામિ ખમાસમણું વંદિઉં...' એ સૂત્ર બોલીને આપવા માંડો, ત્યાં જેટલા ભગવાન યાદ આવે એ એકેક ભગવાન લઇ એમને જોઇ સૂત્ર બોલીને માનસિક ખમાસમણું આપવાનું. એમ કરતાં એક દેરાસર પૂરું થયું, એટલે પછી બીજું દેરાસર મન પર લાવવાનું એમાં વળી એકેક ભગવાન લઇ લઇ એમને

સૂત્ર બોલવા પૂર્વક ખમાસમણું દેતા ચાલવાનું આમ અનેક દેરાસરોમાં મન જોડતાં સહેજે સારી વિચાર-ધારા ચાલે. આ જ ખોટા વિચાર પર અંકુશ આવ્યો.

અથવા કહો, બહુ ભગવાન યાદ નથી આવતા, તો જે બે પાંચ ભગવાન યાદ આવે એમાંથી એકેક ભગવાન મન પર લાવો, મનને હવે એ ભગવાનમાં જોડો. પછી એ ભગવાનના જમણા અંગુઠાથી એકેક અંગમાં મન જોડી એ અંગના મહિમા વિચારો. દા.ત.

**પ્રભુનાં ચરણનો કેવો મહાન ઉપકાર ? :-**

પ્રભુનો અંગુઠો એટલે ચરણ, એનો મહિમા આ વિચારાય કે ''પ્રભુ ! તમારા આ ચરણે અમારા પર કેટલો બધો ઉપકાર કર્યો કે તમને તો સાધનામાં જે અંતિમ સાધ્ય કેવળજ્ઞાન એ મળી ગયું હતું, તેથી હવે બહુ ફરવાનું કષ્ટ લેવાની તમારે કશી જરૂર નહોતી, છતાં આ ચરણથી પૃથ્વી પર ફરવાનું કષ્ટ ઉપાડીને અમારા જેવા કર્મપીડિત દુખિયારા જીવો પર દર્શન અને દેશના દઇ દઇ બહુ ઉપકાર કરતા રહ્યા ! પ્રભુ ! કેવા ધન્ય તમારા ચરણ ! એને લાખ લાખ વાર વંદુ છું.'' આ વિચાર કરી માનસિક રીતે એ ચરણે તિલક કરવાનું અને બે હાથ તથા મસ્તક લગાવી વંદન કરવાનું...

**પ્રભુના ઢીંચણનો મહિમા :-**

પછી બીજું અંગ જાનુ એટલે કે ઢીંચણ મન પર લઇ એનો મહિમા આમ વિચારવો-''પ્રભુ ! આપે ચારિત્ર લઇ ગુફામાં આરામથી બેસી ધ્યાન કરવાનું ન રાખ્યું પરંતુ ઢીંચણ બળે રાત-દિવસ લગભગ કાયોત્સર્ગમાં ખડાખડા રહી શુભધ્યાન સાધના કરી ! કોઇ ભય આવ્યો. આફત આવી, તો પણ ત્યાંથી ખસ્યા નહિ ! ત્યાં ને ત્યાં આ ઢીંચણ-બળે ખડા રહ્યા, એવા તમારા ઢીંચણને લાખ લાખ વંદના કરું છું.'' ત્યાં માનસિક તિલક કરવાનું ને બે હાથ મસ્તક જોડી નમસ્કાર કરવાનો.

બસ, આમ એકેક અંગ ક્રમસર મન પર લેતા જવાનું, એના મહિમાને ચિંતવવાનો. અને ત્યાં તિલક તથા નમસ્કાર કરવાનો. આ રીતે એક ભગવાનના નવ અંગ પર સળંગ વિચારધારા ચાલે ત્યાં ખોટા વિચાર ફજુલ વિચાર ક્યાં ઊભા રહે ? કે ક્યાંથી ઉઠે ? આ જ ખોટા અને નિરર્થક વિચારો પર અંકુશ આવી ગયો કહેવાય. આમ,

(૧) જેવી સળંગ વિચારધારા અનેક દેરાસરના અનેક ભગવાનમાં ક્રમસર મન લગાવવાથી આવે, અથવા

(૨) એક જ ભગવાનના નવ અંગમાં ક્રમશઃ એકેક અંગ પર મન લગાવવાથી સળંગ વિચારધારા ચાલી શકે, અને ત્યાં અતિ કિંમતી માનસિક પુરુષાર્થ શક્તિ વેડફાઇ ન જતાં લેખે લાગે, મહાન સુંદર ફળ લાવનારી બનાવી શકાય, એમ,

(૩) જીવોના ૫૬૩ ભેદ વિચારવા માંડો તો પણ સળંગ વિચારધારા ચાલી શકે. એવા તો કેટલાય નક્કર તત્ત્વો અને વાસ્તવિક પદાર્થો જિનશાસનમાં છે કે એની ક્રમસર વિચારણા ચલાવીએ તો સળંગ વિચારધારા કલાકો સુધી ચાલી શકે. દા.ત. જુઓ

(૪) કર્મના જ્ઞાનાવરણ દર્શનાવરણ આદિ મૂળ પ્રકાર, એ દરેકના ઉત્તર ભેદ ૧૨૨ અથવા ૧૫૮નાં નામ, એ દરેકનું સ્વરૂપ, દરેકનું ફળ, એ વિચારવામાં, તે પછી ૧૪ ગુણસ્થાનકમાં કેટલા ગુણઠાણા સુધી એ દરેક કર્મ બંધાય, કેટલા ગુણઠાણા સુધી ઉદયમાં વર્તે, એ પાછું દરેક ગતિના જીવને આશ્રીને, વિચારવામાં આવે તો ખાસો સમય લે-ત્યાં ફજુલ યા અહિતકારી વિચારોમાં મન જતું અટકે.

(૫) ત્યારે જેમ આ કર્મતત્ત્વ છે, એમ ૬૭ વ્યવહારવાળા સમ્યક્ત્વ વગેરે પદાર્થ છે. તો સમ્યક્ત્વના મૂળ ૧૨ વ્યવહાર અને પેટાભેદથી ૬૭ વ્યવહારનાં સ્વરૂપ, એમાં પાલનના ઉપાય, એ પાળનાર પૂર્વ પુરુષોનાં દ્રષ્ટાન્ત, એ બધું વિચારવામાં પણ સમય સારો લાગે. એમ,

(૬) અરિહંત ભગવાનના ૩૪ અતિશયોની વિચારણા પણ અદ્ભુત વિચારણા છે. ક્રમશઃ એકેક અતિશય ઉપરનું ચિંતન સળંગ લાંબુ ચાલે.

વાત આ છે-''માનવભવમાં મળેલ અતિ દુર્લભ અને અતિ કિંમતી ધર્મ-આરાધનાનો પુરુષાર્થકાળ, એની ક્ષણે ક્ષણ મારે લેખે લગાડવી છે, ને તે તો જ લેખે લાગે કે ક્ષણે ક્ષણમાં કોઇ કાયિક યા કોઇ વાચિક અથવા કોઇ માનસિક પુરુષાર્થ હું કરતો રહું' એવો ઉછરંગ, એવો દ્રઢ નિર્ધાર મન પર ઊભો કરી દઉં, ને પછી એ પ્રમાણે પુરુષાર્થ કરતો રહું'' તમને લાગશે

પ્ર.-સળંગ શુભ વિચારધારાનો માનસિક પુરુષાર્થ સહેલો છે ?

ઉ.-હા, સીતાજી પતિ રામની સાથે ૧૨ વરસ વનમાં ફરતા રહ્યા, દમયંતી

નળના વિયોગ પછી ૭ વરસ પર્વતની ગુફામાં રહી, રાજા હરિશ્ચંદ્રે દેવની પરીક્ષામાં રાજ્ય આપી દઇ વરસો સુધી મસાણ-રક્ષકની નોકરી ભરી, આ બધાએ વરસો કેવી રીતે કાઢ્યા ? રોઇ રોઇને નહિ, મનમાં ઓછું લાવીને નહિ, પણ પ્રસન્નતા પૂર્વક કાઢ્યા એ પ્રસન્નતા શી રીતે રહી હશે ? કહો, મુખ્યતયા તાત્ત્વિક વિચારસરણીના પુરુષાર્થ કરતા રહીને પ્રસન્નતા જાળવેલી.

એટલે જ મહાન ક્ષાયિક સમકિતના ધણી મગધ સમ્રાટ રાજા શ્રેણિકને પુત્ર કોણિકના પ્રપંચથી જેલમાં પૂરાવાનું આવ્યું, તો ત્યાં એમણે કોણિક પર ગુસ્સો નથી રાખ્યો, પરંતુ પોતાના કર્મ વિપાકની વિચારણા, તથા અરિહંત ભગવાનની અને મૈત્રી-કરુણાદિ શુભ ભાવનાની વિચારણા જ રાખી છે, તેથી નિરાશ-સુસ્ત-હતાશ નહિ, પરંતુ પ્રસન્ન રીતે રહ્યા છે. ક્યાં ? સમ્રાટ છતાં જેલમાં અને કોરડા ખાવાની સ્થિતિમાં ! આપણે ધડો લઇશું ? સામાન્ય અનિષ્ટમાં પ્રસન્નતા ન ખોવી', એવો નિયમ બને ?

**માનસિક સુંદર કોટિની વિચારધારા આપત્તિની પીડા ટાળનારો એક જબરદસ્ત ઉપાય છે.**

માનસિક સુંદર વિચારધારા ભયંકર આપત્તિમાં પણ પીડાના સંવેદનના બદલે સુખ-શાંત-સમાધિનો અનુભવ કરાવી જાય છે. દુન્યવી બાબતમાં પણ મક્કમ વિચારધારા ચોક્કસ કામ કરી જાય છે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**૮મા એડવર્ડની મક્કમ વિચારસરણી : સામ્રાજ્ય ખોવામાં પ્રસન્નતા**

લૌકિક વિચારસરણીનો પ્રભાવ કેવો છે કે જુઓ મોટા બ્રિટિશ સામ્રાજ્યનો રાજા આઠમો એડવર્ડ પોતે Lord-અમીર કુટુંબનો તે Common 'આમ' સામાન્ય કુટુંબની લેડી સિમ્પસેનને પરણ્યો, પાર્લામેન્ટે વાંધો લીધો કે 'બ્રિટીશ સલ્તનતના રાજાએ અમીર કુટુંબની જ કન્યા પરણવી જોઇએ, સામાન્ય કુટુંબની નહિ. માટે કાં તો લેડી સિમ્પસેન સાથે છુટાછેડા લઇ લો, અને અમીર કુટુંબની કન્યા પરણી લો, નહિતર સામ્રાજ્યના રાજવીપદનું રાજીનામું આપી દો.

કેવી મોટી આપત્તિ ? જો આ લેડી સિમ્પસેનને ન છોડી તો આખા વિશાલ બ્રિટિશ સામ્રાજ્યનું હાકેમપણું ગુમાવવાનું. બોલો શું કર્યું એણે ? અગર એક આ લેડી સિમ્પસેનને છોડી દે, તો શું એને એનાથી ય રૂપાળી અમીર કુટુંબની સારી

પ્રેમાળ કન્યા ન મળે ? મોટા બ્રિટિશ સામ્રાજ્યની સમ્રાટની પત્ની થવાનું કોને ન ગમે ? સુંદર અપ્સરા જેવી અમીર કન્યા મળી શકે, અને મોટું સમ્રાટપણું ઊભું રહે.

પરંતુ આઠમા એડવર્ડે એમ ન કર્યું, લેડી સિમ્પસેનને ન છોડી, પણ મોટા બ્રિટિશ સામ્રાજ્યનું સમ્રાટપણું રાજીનામું આપીને છોડી દીધું ! ત્યારે શું એ એમ કરવામાં મનથી દુઃખી થયો હશે કે 'હાય ! મારે આવું સમ્રાટપણું જતું કરવું પડે છે ? ના, પ્રસન્નતાથી છોડ્યું. કઇ એવી મજબૂત વિચાર-સરણી પર એણે આ મહા સામ્રાજ્યનો ત્યાગ પ્રસન્ન દિલથી કર્યો હશે ?

કહો, આ વિચારસરણી કે ''સિમ્પસેને મારા પર વિશ્વાસ મૂકી પ્રેમ કર્યો છે કે 'આ મારી સાથે જિંદગી સુધી પ્રેમથી બંધાયેલા રહેશે મને તરછોડશે નહિ,' બસ તો પછી એ એના વિશ્વાસનો મારે ભંગ નહિ કરવાનો, ભલે મોટું સામ્રાજ્ય જતું હોય તો જાય. બુદ્ધિ-સંપન્ન માનવજીવનમાં કિંમત સામ્રાજ્ય નેતૃત્વની નથી, પરંતુ આપણા પર વિશ્વાસે રહેલાના વિશ્વાસના પાલનની કિંમત છે. વિશ્વાસી પ્રેમીના દિલને અખંડિત રાખવાની કિંમત છે. એમનાં દિલ તોડી ન નખાય, એમાં બુદ્ધિનો ઉપયોગ છે, બુદ્ધિમત્તા છે, જડ સામ્રાજ્યને પકડી રાખવામાં બુદ્ધિનો ઉપયોગ નથી, બુદ્ધિમત્તા નથી. સામ્રાજ્ય તો રાક્ષસી કામ કરનારા સમ્રાટો ય પકડી રાખે છે, એમાં શી બુદ્ધિમત્તા ? જેને પ્રેમ આપ્યો, વિશ્વાસ આપ્યો, એને એ પ્રેમવિશ્વાસ અખંડ રાખી છેહ નહિ દેવો, એમાં બુદ્ધિનો ઉપયોગ કર્યો કહેવાય' આવી કાંક મજબૂત વિચારસરણી પર સમ્રાટ આઠમા એડવર્ડે મોટું સામ્રાજ્ય છોડી દેવાની મોટી આપત્તિમાં પણ નિરાશા ન કરી, આનાકાની ન કરી, સહર્ષ સામ્રાજ્ય છોડ્યું, અને પછી પણ મનમાં પ્રસન્નતા રાખી.

આ તો લૌકિક વિચારસરણીનો પ્રભાવ પડ્યો કે મોટું સામ્રાજ્ય ગુમાવવાની આપત્તિમાં ય રોદણું નહિ પણ પ્રસન્નતા ! ત્યારે,

**લોકોત્તર તાત્ત્વિક વિચારસરણીનો પ્રભાવ તો કેટલો બધો ઊંચો પડે કે એથી મહાઆફતોમાં પણ જીવને લેશમાત્ર રોદણું નહિ, નિરાશા નહિ, પણ અખંડ પ્રસન્નતા બની રહે !**

**મદનરેખાની કઇ અવસ્થામાં નિરાશા નહિ પણ સુયોગ્ય વિચારણા ?**

મદનરેખા મહાસતીના પતિનું જેઠરાજાએ સતીને મહારાણી બનાવવા ખૂન

કરી નાખ્યું છે, સતીના માથે આ આફત કેટલી મોટી આવી ગણાય ? તો શું અહીં સતી નિરાશ-હતાશ થઇ જઇને રોવા બેઠી ? ના, એણે તો તાત્ત્વિક વિચારસરણી રાખી એ વિચાર્યું કે

'આ તો પૂર્વજન્મના કર્મના લેખાં છે. પતિનું કર્મ એવું કે સગાભાઇ તરફથી આ મરણાંત પીડા આવે. તેમ મારું કર્મ એવું કે મારે વૈધવ્ય આવે પણ હવે મારે તત્કાળ કર્તવ્યમાં જે અહીં મારા શીલની મક્કમતા પર જેઠે આ જુલ્મ કર્યો, એ શીલની રક્ષા માટે હજી પણ સાવધાન રહેવાનું છે, કેમકે રાત વીતી જતાં સવાર પડી ત્યાં એ દુષ્ટ પાછો મારી પાસે આવવાનો, ને હવે મારા બાળ પુત્રને આગળ કરી હું એનું ન માનું તો બાળકને મારી નાખવાની ધમકી બતાવવાનો ! પણ હું કાંઇ એની આ ક્રૂરતા જાણ્યા પછી હવે એનું પુનરાવર્તન થવા દઉં નહિ. માટે મારે તો અત્યારે અંધારી રાતના પ્રારંભતા જ જંગલના નિર્વાટ માર્ગે ચાલ્યા જવું રહ્યું,'

આ કઇ અવસ્થા છે ? ભારે કપરી, એમાં પણ સતીને રોદણાં-હાયવોય-નિરાશાની વિચારણા નહિ, પરંતુ શીલ બચાવી લેવા અને બાળપુત્રની હત્યા ન થવા દેવા માટેની સુયોગ્ય વિચારણા છે. આ તાત્ત્વિક જ વિચારસરણી છે. 'તાત્ત્વિક' એટલા માટે કે આ વિચારણામાં શીલરક્ષા અને હિંસાનિવારણ એ બે મહાન ઉદ્દેશ છે, બે સુંદર ફળ છે.

આ તાત્ત્વિક વિચારણાનો પ્રભાવ કેવો પડ્યો કે એમાં પોતાને બિહામણા જંગલમાં એકલા અટુલાપણાનો ભય લાગ્યો નહિ, તેમજ મારા બાળકને એકલો કેમ મૂકાય એવી ગાંડી ચિંતા-સંતાપ નહિ યા 'હાય ! પતિ આમ મર્યા ? હાય ! મારે આટલું વહેલું વૈધવ્ય ?' એવી કશી હાયવોય થઇ નહિ.

**મુનિને વ્યાધિમાં તાત્ત્વિક વિચારણા :-**

તાત્ત્વિક વિચારસરણીનો અદ્‌ભુત પ્રભાવ પડે છે. એટલે તો મુનિને વ્યાધિ આવે ત્યારે તાત્ત્વિક વિચારણામાં એ વિચારે છે કે (૧) આ ભૂતકાળની ભૂલનું પરિણામ છે, (૨) વર્તમાનમાં ભૂલના પરિમાર્જનરૂપે વ્યાધિ દ્વારા દેવું ચુકતે થઇ રહ્યું છે, ને (૩) ભવિષ્ય માટે વ્યાધિ દ્વારા એ કર્મકચરા નષ્ટ થવાથી વિશુદ્ધિ વધે છે. એમ બીજા પ્રસંગોમાં પણ એને લગતી ત્રિકાળની સ્થિતિ વિચારતા રહે છે.' આમ

**મુનિ જગતના પદાર્થનું ત્રણે કાળનું યથાસ્થિત મનન કરનારા હોય છે, તેથી જ**

**એ મુનિ કહેવાય છે.**

અને એવા મુનિને એટલે જ વ્યાધિમાં જરાય આકુળવ્યાકુળ થવાનું રહેતું નથી.

મુનિ રાગ દ્વેષ રહિત બને છે તો જ તત્ત્વનું યથાસ્થિત ચિંતન કરી શકે છે. આ હિસાબે જ શ્રી મહાવીર ભગવાન ઇન્દ્રભુતિ વગેરે બ્રાહ્મણોને પહેલાં ચારિત્ર આપી રાગદ્વેષ પડતા મુકાવે છે, ને તે પછી તત્ત્વ ત્રિપદી આપે છે.

**રાગદ્વેષ પડતા મૂકો એટલે તાત્ત્વિક વિચારસરણી આવે.**

એક ખૂબી જુઓ કે ગણધરો ચારિત્ર લઇને પ્રશ્ન કરે છે કે 'ભગવંત ! તત્ત્વ શું ?' એના પર પ્રભુ તત્ત્વ તરીકે એમાં એમ નથી કહેતા કે 'ચારિત્ર એ તત્ત્વ છે', પરંતુ 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત સત્ એ તત્ત્વ છે', એમ કહે છે. કેમ એમ ?

**ચારિત્ર એ માર્ગ છે, અને ઉત્પાદાદિ ધર્મયુક્ત સત્ એ તત્ત્વ છે.**

પહેલાં માર્ગ ઉપર આવો, પછી તત્ત્વની ખબર પડે. અલબત ચારિત્ર એ તત્ત્વરૂપ સત્‌માં સમાઇ જાય છે, એટલે તત્ત્વ તો છે જ, પરંતુ એટલેથી તત્ત્વ પૂર્ણ નથી થતું. માત્ર ચારિત્રને તત્ત્વ કહેવાથી સંપૂર્ણ તત્ત્વનું કથન ન થયું, કેમકે બીજાં સત્ પણ તત્ત્વ તરીકે હજી ઊભા રહે છે. ચારિત્ર એ તો, સત્‌માનું એક સત્ જે આત્મા અર્થાત્ જીવતત્ત્વ, એનો ગુણ છે, પર્યાય છે. બીજાં તત્ત્વ અજીવ ધર્માસ્તિકાય વગેરે પણ સત્‌માં જ ગણાય છે. એમાંય જીવ-તત્ત્વના બીજા પર્યાય પુણ્ય-પાપ-આશ્રવ-સંવર વગેરેને પણ સત્‌માં જ સમાવવાના છે. તેથી એકલું ચારિત્ર એ તત્ત્વ એટલું કહ્યાથી કેમ ચાલે ?

સારાંશ, વાત આ છે-ભગવાને ગણધરોને ચારિત્રના માર્ગ પર લાવી પછી સમગ્ર વિશ્વનો તત્ત્વાબોધ કરાવ્યો. આ એટલા જ માટે કે અસત્ય બોલવા-વિચારવાનાં કારણભૂત રાગદ્વેષ પડતા મૂકો, એટલે તમને તત્ત્વ પર યથાર્થ વિચારણા થઇ શકે.

આ ઉપરથી એ ફલિત થાય છે કે દુન્યવી વસ્તુના રાગ-દ્વેષ પડતા મૂકવા માટે ચારિત્ર જોઇએ. ચારિત્ર એટલે કે પાપ વ્યાપારો યાને હિંસાદિની પ્રવૃત્તિઓ બંધ કરો, એનો ત્યાગ કરો, ત્યારે ચારિત્ર સ્વીકાર્યું ગણાય. ત્યાં રાગ દ્વેષ પડતા મૂક્યા કહેવાય. ત્યારે પ્રશ્ન થાય,

**શ્રાવકપણાની દશા કેવી ? :-**

પ્ર. શ્રાવકોને તો હિંસામય આરંભ-સમારંભ વગેરેની પ્રવૃત્તિ હજી ચાલુ

છે, એમને હજી એના ત્યાગની પ્રતિજ્ઞા નથી, તો શું શ્રાવકને ચારિત્ર નહિ ?

ઉ. આનું સમાધાન આ છે, કે શ્રાવકને સ્થૂલ અહિંસા વગેરેના અણુવ્રત છે એ અંશે ચારિત્ર છે, અને એ

**અંશે ચારિત્ર પાળે એ સંપૂર્ણ ચારિત્રમાં જવા માટે :-**

તેથી એનો રોજનો મનોરથ હોય કે 'ક્યારે હું સંપૂર્ણ ચારિત્ર સર્વવિરતિ ચારિત્ર સ્વીકાર કરું !' કેમકે સમજે છે કે

**'ચરણ-કરણ દિપ્પહીણો બુડ્ડઇ સુબહુંપિ જાણંતો'**

'ચરણ-કરણ' અર્થાત્ ચારિત્રના મૂળ વ્રતો અને એની પોષક ઉત્તર કરણી. એ વિનાનો માણસ ભલે ઘણું બધું જાણતો હોય તોય તે ભવસાગરમાં ડૂબી જાય છે. કેમકે જાણવાનું ફળ ક્રિયા છે, આચરણ છે. જેમ તરવાની વિદ્યાની જાણકારીનું ફળ પાણીમાં પડ્યા તરવાની ક્રિયા આચરણ છે. પ્રસ્તુતમાં ચરણ-કરણ ફળ છે, એ કર્યું નહિ એટલે જીવનમાં અ-ચરણ, અ-કરણ ઊભા રહ્યા, 'અ-ચરણ' એટલે હિંસાદિ પાપો ઊભા રહ્યા, અને 'અ-કરણ' એટલે કે એ અ-ચરણરૂપ હિંસાદિ પાપોની પોષક કરણીઓ ઊભી રહી, એ સંસાર-ભ્રમણ ન આપે તો શું મોક્ષ આપે ?

**'હિંસાદિ પાપોથી સંસાર, અને એના ત્યાગથી મોક્ષ',**

આ ચોખ્ખો હિસાબ છે.

આજનાં જીવન જોવા તપાસવાની જરૂર છે કે એમાં પાપો કેટકેટલા બિનજરૂરી ચાલે છે ? જો ખરેખર દિલને લાગી ગયું હોય કે 'આમેય ઘરવાસ સંસારવાસનું જીવન પાપભર્યું તો છે જ, પરંતુ એમાંય જેટલા પાપોથી બચાય એટલો બચું, બચવાનાં પ્રયત્નમાં રહું, તો મેં જ્ઞાનીનાં વચન માથે ધર્યા કહેવાય, તેમજ મને પાપ પ્રત્યે સાચી ઘૃણા છે એમ ગણાય', તો શું જ્યાં ને ત્યાં પાપથી બચવાનું ન કરાય ? રોગ પ્રત્યે ઘૃણા છે તો માનોને કે, શરીરમાં દસ રોગ ઊભા થયેલા છે, છતાં એ એકેક રોગ પર ઘૃણા રહે છે, ને એકને પણ મટાડી શકાતો હોય તો માણસ એને મટાડવાના પ્રયત્નમાં રહે છે. એવા પ્રયત્નવાળો માણસ સમજુમાં ખપે છે, જ્યારે, રોગની પરવા વિનાનો અને ખાવાની લાલસામાં ગમે તે ગમે તે કુપથ્યો ખાઇ ખાઇને રોગ વધારનારો એ મૂઢમાં ખપે છે.

તો આપણે પણ જો પાપની ઘૃણા વિનાના ને પરવા વિનાના બન્યા રહીએ,

ગમે તેવા હલકા વિચાર-વાણી-વર્તાવમાં લીન રહેતા હોઇએ, ને પાપ પોષ્યે જતા હોઇએ, તો જ્ઞાનીની દ્રષ્ટિમાં આપણે મૂઢ જ ઠરીએ ને ?

આવા ઉત્તમ આર્ય મનુષ્ય અવતારે મૂઢ ન બન્યા રહેવું હોય, તો રોગની માફક પાપ પ્રત્યે સૂગ લાવો, ઘૃણા લાવો, અભાવ લાવો, પછી રોગ કાઢવાની તાલાવેલી અને ધરખમ પ્રયત્નની જેમ પાપત્યાગની તીવ્ર તાલાવેલી તથા ધરખમ પ્રયત્ન આવશે. આ પ્રયત્ન લવાય તો જીવનમાં ઠામઠામ જયણા દાખલ કરાય.

'જયણા' એટલે બને તેટલા પાપથી બચવાનો પ્રયત્ન 'જયણા' એટલે વ્રતભંગથી બચવાનો પ્રયત્ન. 'જયણા' એટલે શક્ય જીવરક્ષાનાં પ્રયત્ન. મૂળમાં આપણને જો પાપ તથા વ્રતભંગ અને જીવહિંસા પ્રત્યે સૂગ હોય, તો જ શક્ય એનાથી બચવારૂપ જયણા આદરવાનું મન થાય.

ચાંપો શ્રાવક ઊંટ પર જંગલમાંથી ચાલ્યો જતો હતો. એને વનરાજ ચાવડો અને એના બે સાગ્રીત જે લૂંટ ચલાવતા હતા તે મળ્યા. ચાંપાને પડકારે છે-'ખડો રહી જા, બધું મૂકીને પછી જ આગળ વધાશે.' ચાંપો સમજી ગયો કે 'આ લૂંટારા છે એમને મારો માલ લૂંટવો છે.'

સંસારરૂપી અરણ્યમાં ય આવું જ છે, લૂંટારા ભેટે છે, અને એમને આપણો નક્કર માલ લૂંટવો છે. પરંતુ ચાંપાને ખબર પડી એમ આપણને ખબર પડતી નથી કે આ લૂંટારા છે. કોણ લૂંટારા ?

***અંતરના રાગાદિ દૂષણો, મોહ-મમતા-માયા, એજ પહેલા નંબરના ખરેખરા લૂંટારા છે.***

**બીજા નંબરના લૂંટારા એ રાગાદિના સ્થાનરૂપ ધન-માલ-પૈસા પત્ની-પરિવાર છે.**

**આ શું શું લૂંટે છે ?**

આપણો પુણ્યમાલ લૂંટે, આપણી સદ્‌બુદ્ધિ લૂંટે, આપણી ધર્મશ્રદ્ધા લૂંટે, આપણી દેવગુરુ પરની પ્રીતિ-ભક્તિ લૂંટે, દેવગુરુની સેવા લૂંટે. એ બધા પર કાપ પાડનાર તેમજ દયાદિગુણો ભુલાવનાર કોણ છે ? પહેલા નંબરમાં દુન્યવી પદાર્થો પરનો આપણા રાગ-મમતા-આસક્તિ છે, અને બીજા નંબરમાં પૈસા-ટકા, ધંધો-ધાપો, પત્ની-પરિવાર એ બધા આપણને સદ્‌બુદ્ધિ ભુલાવે, ને દુર્બુદ્ધિઓ કરાવે છે, દેવ-ગુરુની સેવા-ભક્તિ ભુલાવે છે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા-પ્રીતિ ભુલાવે છે,

આપણું પુણ્ય પણ આ બધાઓ વાપરી વાપરીને પૂરું કરનારા છે.

આપણા પુણ્યે પૈસા મળ્યા, એનો મોટો ઉપયોગ ક્યાં ? પત્ની ને પરિવારમાં ! એટલું પુણ્ય આપણું ઓછું થયું. એમ એક દિવસ નહિ, ૨-૫ દિવસ નહિ, જિંદગીના વરસોના વરસો એટલે હજારો દિવસ સુધી આપણું પુણ્ય આ બધાની પાછળ ખરચાતું જ જાય...ખરચાતું જ જાય છે. તો આપણી પુણ્ય સંપત્તિની લૂંટ કોણે ચલાવી ?

આમ પુણ્યની લૂંટની લૂંટ ચાલી, એમ આપણા દિલની શ્રદ્ધા પ્રીતિ-બહુમાન દેવ-ગુરુ-ધર્મ પર રહેવા જોઇએ, એના બદલે આ દુન્યવી તત્ત્વો વેપાર ધંધો-પૈસા પત્ની-પરિવાર પર સારી શ્રદ્ધા-પ્રીતિ-બહુમાન જામેલા રહે છે. જે રાગ ને સ્નેહ પત્ની પર રહે છે, એવો પરમાત્મા પર નહિ. માટે તો જુઓને પત્નીના ભાઇ-બેનની સરભરા હોંશથી થાય છે પણ પરમાત્માના પૂજારીની નહિ ! પરમાત્માના ભક્ત સાધર્મિકની નહિ જે પૂજારી સાધર્મિક વગેરેની સરભરા આપણને પુણ્યની કમાણી આપે છે. આ ઓળખ જ નથી કે આ તો જંગી પુણ્ય કમાવી આપનારા દેવના દૂત છે. ત્યારે પત્ની-પુત્રાદિ પરિવાર જંગી પુણ્યની લૂંટ ચલાવનારા ખરેખર લૂંટારા છે. જ્ઞાનીનાં વચન પર કેટલી શ્રદ્ધા છે એનું અહીં માપ નીકળે છે કે શું ખરેખર કુટુંબ કબીલાને અને ઘર-દુકાન-પૈસા વગેરેને લૂંટારા તરીકે માનીએ ? વેપાર પર શ્રદ્ધા અને પ્રેમ છે એવી શ્રદ્ધા અને પ્રેમ સામાયિક-પ્રતિક્રમણ-પોષધ વગેરે ધર્મ પર નથી ! પરિવારની સંભાળ કાળજી થાય છે, એવી પોતાના આત્માની નથી થતી ! સંઘ-સાધર્મિકની નહિ ! એમ એ બધા પરિવાર-ધંધાધાપા વગેરેની ખાતર દોષ-દુર્ગુણ દુષ્કૃત્યો સેવાય છે, સદ્‌ગુણ-સત્કૃત્યો ભૂલાય છે. સારાંશ,

**સંસારરૂપી અરણ્યમાં જીવને લૂંટાવાનું જ છે.**

પણ એ લૂંટ અટકાવવાની વાત તો દૂર, એની ઓળખ કે એના ખ્યાલ જેવું ય નથી. કેવું આશ્ચર્ય છે કે 'આત્માની આ મહાન સંપત્તિઓની જંગી લૂંટ ચાલી રહી હોય છતાં આત્માને પોતાને પોતાની સાચી સંપત્તિની ઓળખ જ નહિ ! તેમ એનો ખ્યાલ નહિ કે આ હું ભારે લૂંટાઇ રહ્યો છું !'

**બોલો, 'હું લૂંટાઇ રહ્યો છું' એવું ક્યાં યાદ આવે છે ?**

નથી યાદ આવતું એનું કારણ મૂળમાં આત્મા અને સદ્‌ગુણો-સદ્‌બુદ્ધિ

દેવગુરુ ધર્મ શ્રદ્ધા વગેરે આત્મ-સંપત્તિનો જ ખ્યાલ નથી, કે એનું મમત્વ નથી, તેમ એ મળ્યાનો હરખ નથી, પછી એમાં લૂંટાઇ જવા તરફ ખ્યાલ જ ક્યાંથી જાય ? તે એ ખ્યાલ જ નહિ તો એની અફસોસી શાની થાય કે 'હાય ! મારી આત્મસંપત્તિ લૂંટાઇ રહી છે !'

તમારા અંતરાત્માને પૂછો કે કરોડો અનાર્યો મ્લેચ્છો અને તીવ્ર મિથ્યાત્વવાલાઓ જે વીતરાગદેવ ગુરુ જેમ ધર્મની શ્રદ્ધા નવકાર એકેન્દ્રિય દયા વગેરે અણમોલ આત્મસંપત્તિ નથી પામ્યા, એ સંપત્તિ તમને મળે છે તો એનો તમને અતિશય આનંદ છે ? કરોડો માણસોને ઊંચી શ્રીમંતાઇ ન મળી હોય એ પોતાને મળ્યાનો માણસને અતિ આનંદ હોય છે, પણ તમને આ અતિ દુર્લભ આત્મસંપત્તિ મળ્યાનો આનંદ નહિ ? કેમકે મનને જાણે એમ લાગે છે કે 'એ શ્રદ્ધા-સદ્‌ગુણો નવકારાદિમાં સંપત્તિ જેવું છે જ શું ? રૂપિયા એ સંપત્તિ, ધર્મ સદ્‌ગુણો, ધર્મના અંગ એ કાંઇ સંપત્તિ કહેવાતી હશે ? આવું જાણે તમારા મનને બેઠું હોય પછી આ ભાવસંપત્તિ પામ્યાના હરખ હરખ શાના થાય ?

પરંતુ સમજી રાખો કે ધન-માલ-મિલકત એ તો દ્રવ્ય સંપત્તિ છે, ને એ નાશવંત છે, માત્ર એક ભવની લીલા છે, તે પણ આત્માનું કશું અજવાળે નહિ, ઊલટું એમાં એ

**પરિગ્રહ આત્મામાં રાગ અને મૂર્ચ્છાનું ઝેર એવું નાખ્યા કરે છે કે આત્માની શુદ્ધ ચેતના બેભાન થઇ જાય છે. એટલે ત્યાં પોતે કોણ ? ને પોતાની ખરી ચીજ કઇ ? એનું કશું ભાન રહેતું નથી.**

ઊલટું 'પોતે' એટલે શરીર અને 'પોતાની ચીજ' એટલે શરીર સાથે જ સંબંધવાળા પૈસા-પરિવાર અને એને પોષનારા ઘર દુકાન વગેરે'' આવું તદ્દન વિપરીત ભાન રહ્યા કરે છે.

દારૂના નશામાં હોય એની કઇ દશા હોય છે ? આવી જ. ખરી સ્થિતિ ન જાણે, ને ઊલટી સ્થિતિ સમજતો હોય. પોતે એક વિવેકી શાણો સજ્જન જેન્ટલમેન છે એ ભાન ભૂલી જાય છે, અને પાગલનાં જે લક્ષણ કહેવાય એવાં લક્ષણવાળો પોતાને સમજે છે, ને એ પ્રમાણે વર્તે છે !

**હલકી જાતમાં ય શીલની લાગણીનો પ્રસંગ :-**

થોડા વર્ષ પહેલાં બનેલો એક ગોઝારો પ્રસંગ છે. પત્થરફોડુની જમાતના બે માણસ હતા, તે એક બીજાની બેનને પરણેલા, અર્થાત્ આ માણસ સામાની બેનને પરણેલો, અને સામો માણસ આની બેનને પરણેલો. હવે બંને જણ ગામાંતરે મજૂરી માટે ગયેલા, તે એક ઓરડીમાં વચ્ચે પડદો રાખીને રહેતા હતા.

એકવાર એવું બન્યું કે આ બે પુરુષને દારુની લત લાગી તે પહેલાં તો થોડો થોડો દારૂ પી લેતા. પરંતુ એક રાતે બંને જણ અધિક પ્રમાણમાં દારૂ ઢીંચીને આવ્યા. આવીને તરત તો પોતપોતાના વિભાગમાં સૂતા. પરંતુ દારૂનો નશો હતો એટલે ઊંઘ શાની આવે ? નશાવાળાને ઊંઘ ન આવે એટલેસ્તો આજે ટ્રકોવાળા મોટા ભાગે રાતના જ ટ્રકો જે હંકારે છે તે દારૂ પીને હંકારે છે, દારૂ પીધો હોય એટલે એના નશામાં ઊંઘ કે ઝોકું ન આવે. પરીક્ષા સમયમાં વિદ્યાર્થીઓ શું કરે છે ? રાતના કડક ચહા પી-પીને વાંચવાનું કરે એટલે ઊંઘ ન આવે. ચહાના નશામાં ઉજાગરા કરે છે ને ? કેમકે એમાં નશામાં ઊંઘ હરામ થઇ જાય છે, નશામાં ચિત્ત મસ્ત રહે છે તેથી ઊંઘ નહિ.

ઊંઘ એટલે ચિત્ત મસ્ત નહિ, ચિત્ત શાન્ત, એને કોઇ વિકલ્પો નહિ. મોહના નશામાં ય આત્માની ચિત્ત શાન્તિ હરામ થઇ જાય છે, ચિત્તમાં અંટસંટ અનેક પ્રકારના વિકલ્પો ચાલે છે.

પેલા બે માણસને દારૂનો નશો છે, ઊંઘ હરામ છે, તે સૂતા પછી ઊઠ્યા ને નશામાં આંટા મારે છે. ઓરડામાં વચ્ચે પડદાથી બે ભાગ, તે વચ્ચે પડદાની આ બાજુના ભાગમાંથી બીજી બાજુના ભાગમાં બંને જણ નશાના ઘેનમાં આંટા લગાવે છે. એમ કરતાં ભાનભૂલા એવા બનેલા છે કે બંને જણ પોતપોતાના સૂવાના ભાગને ભૂલી ગયા, અને દારૂના નશામાં સામસામાના વિભાગમાં સૂતા. બાઇઓ જાગી ગઇ પણ અંધારું ઘોર હતું એટલે અંધારામાં મોં ન દેખાવાના લીધે એ બાઇઓને ખબર પડી નહિ કે આ પોતાનો ભાઇ છે. તેમ પેલાઓને તો નશો છે એટલે પોતે પોતાના નહિ પણ સામ સામેના વિભાગમાં છે એય ભાન નથી. તો ત્યાં સૂતેલી એ પોતાની પત્ની નહિ પણ બેન છે, એ ભાન તો હોય જ ક્યાંથી ? એટલે અનર્થ થયો. સવારે બેનો જાગી અજવાળું થઇ ગયેલું તે જુએ છે તો પોતાની પાસે પોતાનો

ભાઇ જ સૂતો છે, એટલે બંને બેનો અરસપરસ મળીને કલ્પાંત કરે છે 'હાય ! આ શું થયું !'

પત્થરફોડની જાત હલકી ગણાય પણ ભારતીય સંસ્કૃતિની જાત ને ? એટલે હલકી જાતમાં ય બેનોમાં શીલની ટેક કેવી કે આ બે બેનો વિચાર કરે છે કે 'હાય ! શીલ ભંગાઇ ગયું ! હવે શીલ ભંગાયે જીવવું શું ? ચાલો આપઘાત કરી લઇએ.'

**ક્યાં આધુનિક કેળવણી ? ને ક્યાં આર્ય સંસ્કૃતિ ?**

બોલો, આજે કોલેજનાં શિક્ષણ થઇ ગયા, તો ઊજળી કોમોમાં ને ઊંચા કુળોમાં શીલના મહત્ત્વની અને શીલનાં રક્ષણની કેળવણી આવી ? કે મહત્ત્વ અને રક્ષા ઘટી ગયા છે ? એમ સાંભળવા મળે છે કે આજે એક પિકચર-શોની ટિકિટ અને આઇસ્ક્રીમ પાર્ટીની લાલચ ખાતર સારા કુળની બેનો પરપુરુષ સાથે હરે ફરે ને એકાંત મીલન કરે છે ભલે, કદાચ દુરાચાર નહિ સેવતી હોય પણ પરસ્પરના અડપલાની એને અફસોસી નથી રહી ? આ મામલો ક્યાં જઇ અટકશે ? પરંતુ આશ્ચર્ય છે આજના કાળે પણ આર્યદેશની પેલી હલકી કોમની બાઇઓને મન શીલની મહત્તા હતી, તેથી ભલે અજાણતા પણ શીલ ભંગાયું તેથી માને છે કે 'હવે ક્યા મોંઢે જીવવું ? જગતને મોઢું શું બતાવવું ? ચાલો મોઢું ન બતાવવું પડે માટે આપઘાત કરી લઇએ, આપઘાત સિવાય બીજો રસ્તો નથી', તે બંને જણિયો ચાલીને ગઇ તળાવમાં ને ડુબી મરી ! ઉત્તમ કુળવાળી વધે ? કે હલકા કુળવાળી ? કહો,

**આર્ય સંસ્કૃતિ હૈયે વસી હોય એ ઉત્તમતામાં વધે.**

હવે અહીં બે પુરુષો મોડેથી જાગ્યા, અને જુએ છે તો પોતે પોતાના વિભાગને બદલે સામાના વિભાગમાં સૂતા છે, ને બાઇઓ દેખાતી નથી. ત્યાં સમાચાર મળ્યા કે બે બાઇઓ તળાવમાં ડૂબી મરી છે, એના મડદા બહાર કાઢ્યા છે. બને જણ સમજી ગયા કે 'આપણને દારૂના નશામાં ભાન રહ્યું નહિ, અને સામાના વિભાગમાં સૂતા, એનું આ પરિણામ છે કે પોતાની જ બેનો શીલભંગના પાપે ડૂબી મરી !'

આટલું સમજીને માત્ર બેસી ન રહ્યા, કિન્તુ એમના મનને થયું કે 'હાય ! અમારા પાપે બેનો મરી, એ અમારે ઘણી ઘણી શરમની વાત છે, તો અમારે હવે

જીવીને શું કામ છે ?' એમ વિચારી એ બંને પુરુષ પણ તળાવમાં ડૂબીને મર્યા !

જુઓ દારૂના નશાનો અનર્થ ! ચારે જણે કિંમતી માનવજિંદગી ગુમાવી. કોઇએ મારી નથી નાખ્યા, પણ એમણે પોતાની જાતે આત્મહત્યા કરી છે, એના મૂળમાં કારણ દારૂનો નશો. એમ પૂછતા નહિ-

પ્ર.-આપઘાતમાં શીલની વધુ પડતી લાગણી કારણ નહિ ? દારૂના નશાને કારણ કેમ કહો છો ? ભલે દારૂનો નશો હતો ને શીલભંગ થયો, પણ શીલની વધુ પડતી લાગણી ન હોત તો મરત નહી ને જીવતી તો રહેત ?

ઉ.-જરા સમજો, શીલનો ભાર માથે ન રાખી એવા જીવતા રહેવાની શી કિંમત ? કેમકે ત્યાં જો મન મનાવ્યું હોત કે ''શીલનો ભંગ તો થયો, પરંતુ તે આપણે કાંઇ જાણી જોઇને શીલભંગ કર્યો નથી, ને અજાણતાં શીલભંગ થયો એમાં કાંઇ મરાય ? હવેથી સાવધાની રાખશું,'' આમ જો મન મનાવ્યું હોત ને ? તો તો પછીથી મન પર શીલભંગનો એવો ભાર ન રહેવાથી અંશે શીલભંગમાં અર્થાત્ પરપુરુષ સાથેની છુટછાટમાં સંકોચ ન રહેત, ને એમ કરતાં એવો અવસરે ય આવી લાગતાં સંપૂર્ણ શીલભંગ પણ સુલભ થઇ જાત !

એટલે કહો, શીલની વધુ પડતી લાગણીએ તો એમ સમજાવ્યું કે 'શીલ ગયે પ્રાણ રાખીને શું કામ છે ? શીલ ગયે પ્રાણ પણ જાઓ', આ સમજ પર પ્રાણ-ત્યાગની બહાદુરી આપી,

**'શીલ વિનાનું જીવન એ તો જનાવરનું જીવન, વિવેક અને બુદ્ધિ ધરાવતા માણસનું જીવન નહિ', આ ઊંચી સમજ શીલની વધુ પડતી લાગણીએ આપી.**

આમ છતાં ય માનો કે દારૂના નશાએ નહિ પણ શીલની વધુ પડતી લાગણીએ આપઘાત કરાવ્યો, તો પણ જે શીલભંગ જોઇને મોત નોતર્યું, એ મોત નોતરનાર શીલભગં કેમ થયો ! કહો, દારૂના નશામાં ભાન ન રહ્યું માટે શીલભંગ થયો, એટલે આપઘાતનું મૂળમાં કારણ તો દારૂનો નશો જ બન્યું ને ?

દારૂના નશાએ શું કામ કર્યું ? માત્ર સારી વસ્તુનું અજ્ઞાન નહિ, પણ વધારમાં ઊંધી વસ્તુનું જ્ઞાન કરાવ્યું. નશાએ પોતાનો સૂવાનો વિભાગ ભુલાવ્યો એટલું જ નહિ, પણ સામાના વિભાગને પોતાનો વિભાગ મનાવ્યો આ ઊંધું વેતરણ થયું.

એમ અહીં મોહ-મિથ્યાત્વનો નશો એવો છે કે પોતાના આત્માને પોતાની

જાત તરીકે સમજવા દે નહિ, તેમ પોતાની આત્મ-સંપત્તિ દયા-દાન...વગેરેને ય પોતાની સંપત્તિ તરીકે ન ઓળખવા દે !

મોહ-મિથ્યાત્વના નશામાં આ ઊંધી સમજ પ્રવર્તતી હોય ત્યાં પોતાની આત્મ-સંપત્તિ દયા-દાન-શ્રદ્ધા-સેવા-ભક્તિ વગેરે જો સંપત્તિ તરીકે સમજાતી જ નથી, તો ત્યાં દુનિયાદારીમાં

(૧) એ સંપત્તિ લૂંટાઇ રહ્યાનો ખ્યાલ પણ શાનો રહે ? અને

(૨) એ લૂંટાઇ રહ્યાની અફસોસી પણ શાની થાય કે 'હાય ! આ અહીં મારી આત્મસંપત્તિ લૂંટાઇ રહી છે ? તો મારે એ સાચવવાની કયાં કયાં ભવમાં ?'

(૩) જો આ અફસોસી જ નહિ, તો પછી એને લૂંટાતી બચાવી લેવાનું મન તો થાય જ શાનું ?

પેલો ચાંપો વાણિયો વનરાજ ચાવડાના બોલ પરથી સમજી ગયો કે 'આ લૂંટારા છે ને મને એ લૂંટવા માગે છે, પણ મારે લૂંટાવાનો મોખ નથી' તેથી એ ઊંટને નીચે બેસાડતાં પેલાઓને દૂરથી પડકારે છે કે ત્યાં ને ત્યાં ઊભા રહી જજો, નહિતર આ ધનુષ્ય ને આ બાણ જોયા છે ? વીંધાઇ મરશો. માટે ત્યાં જ ઊભા રહો, હું નીચે ઊતરું છું.''

લૂંટારા પણ ચમક્યા, ચોંક્યા કે 'રખે હવે આગળ વધતાં વીંધાઇ મર્યા તો ?' એટલે દૂર ત્યાં ને ત્યાં ઊભા રહી ગયા, ચાંપાએ ઊંટને નીચે બેસાડી પોતે ધનુષ્ય ને બાણ-ભાથું લઇ બહાર નીકળ્યો પછી ભાથામાંથી પાંચ બાણ બહાર કાઢી એમાંના બે બાણ ત્યાં ભાંગી નાખે છે.

વનરાજ આ જોઇ આશ્ચર્ય પામે છે કે 'આ ભલો આદમી આ શું કરે છે ? બાણ તો મારવા કામ લાગે, એને આ ફોગટ તોડી નાખે છે ? એટલે એ પૂછે છે-

'અલ્યા વાણિયા ! આ તેં શું કર્યું ? કેમ બે બાણ ભાંગી નાખ્યા ?'

**ચાંપાએ બે બાણ કેમ તોડી નાખ્યા ? :-**

ત્યારે ચાંપો કહે છે-''જુઓ, તમે ત્રણ છો, ને મારે નિયમ છે અપરાધી પર બાણ છોડવું પડે તો માત્ર એકજ બાણ છોડવું. હવે તમે ત્રણ છો એટલે તમારા ત્રણને માટે મારે ત્રણ બાણ બસ છે. પછી આવેશમાં એકેકને એક બાણ ઉપરાંત કદાચ બીજું વધારે બાણ છોડાઇ જાય તો નિયમ ભાંગે. એટલે નિયમ સાચવવા

માટે આ લાલચ પોષનારા વધારાના બે બાણ ભાંગી નાખ્યા, જેથી એનો ઉપયોગ કરવાની લાલચ જ ન જાગે.''

**લૂંટારા સ્તબ્ધ :-**

વનરાજ સાંભળીને સ્તબ્ધ થઇ ગયો ! એટલું જ નહિ પણ એને લાગી ગયું કે 'આ સચોટ નિશાન વેધી હશે, એટલે જ એને વિશ્વાસ હશે કે એકેક બાણથી જરૂર એકેક જણ મરવાનો. એમ ત્રણેયમાંનો દરેકે દરેક જણ એકેક બાણથી છાતીમાં વીંધાઇને નક્કી મરવાના એટલે હવે એની સામે આગળ વધવું હોય તો મોતને નોંતરવા જ આગળ વધવાનું થાય. માટે અહીં જ ઊભા રહી જવું સલામત છે.' અહીં ચાંપો ધનુષ્યમાં બાણ ચડાવીને પડકારે છે,' આવો જેને મારો માલ લૂંટવો હોય એ આગળ વધો. ચાલો, જલદી કરો, એટલે મારે ખોટી ન થવું પડે ને જલ્દી ચાલતો થાઉં.' મજાલ છે લૂંટારાની કે આગળ વધે ? એક ડગલું ય માંડતાં તો ખત્મના સોદા દેખે છે, તે શાના આગળ વધે ? પરાક્રમી આગળ કાયર ઢીલા.

ત્યાં વનરાજ પૂછે છે, 'તમે સચોટ નિશાન-વેધી હો, તો આકાશમાં ઊંચે ઊડતા જતા પેલા પંખીને વીંધી બતાવો. તો અમે માનીએ કે તમે સચોટ નિશાન વીંધી શકો છો,'

ચાંપો શ્રાવક છે, એ કહે છે, 'ભલા માણસ ! એ પંખેરાનો બિચારાનો શો ગુન્હો કે એને હું વીંધું ? મારે નિરપરાધીને ન મારવાનો નિયમ છે. બાકી તમારે મારું સચોટ નિશાન વેધીપણું જોવું હોય તો સામા સૂકા ઝાડના કહો તે સૂકા પત્તાને વીંધી બતાવું !' અને વનરાજે એનું પારખું કરવા ચીંધ્યું તે પત્તાને ચાંપાએ વીંધી બતાવ્યું ત્યાં વનરાજ ચાવડાના હાથ હેઠા પડ્યા, ને હવે કહે છે-

**ચાંપાને મંત્રી બનવાનું આમંત્રણ :-**

'ભાઇ ! તમારાથી અમે હાર્યા. જાઓ ખુશીથી તમારા રસ્તે. પણ જુઓ, હું જયશિખરી રાજાનો દીકરો છું, મારા બાપાને મારીને આ ભુવડ રાજા રાજ્ય **બથાવી** બેઠો છે, ને હું પગભર થઇ એને હરાવી મારું રાજ્ય પાછું પડાવી લેવાનો છું. એ વખતે હું રાજા અને તમારે મારા મંત્રી થવું પડશે. મારી આગ્રહભરી વિનંતી છે, તો તમે મને વચન આપો,' એમ કહીને ચાંપાનું નામ ઠામ પૂછી લીધું.

બોલો, આમાં ચાંપાનું શ્રાવકપણું કેવું ? નિયમ ભંગ ન થઇ જાય એ માટે

નિયમ-ભંગની લાલચ પોષવામાં નિમિત્ત બને એવા બે વધારાના બાણ તોડી નાખ્યા. નિયમ પાળવાની આ જયણા કહેવાય.

તમારે શ્રાવકધર્મની મર્યાદા લંઘાય એવી લાલચ ન થાય એ માટે લાલચમાં નિમિત્ત બનનાર વસ્તુનો ત્યાગ ખરો ?

**વિકથાદિ પાપમાં ન પડવાની જયણા કઇ ? :-**

દાખલા તરીકે, ગમે તેવા માણસ સાથે વાતોમાં બેસો તો વિકથા-નિંદા-પાપકથા આવવાનો સંભવ છે. એ સાંભળવામાં શ્રાવકધર્મની મર્યાદાનું ઉલ્લંઘન થાય છે. તો એવી વાત સાંભળવાની લાલચ ન થઇ જાય, માટે પહેલેથી જ એવાઓની સાથે વાતચીતમાં બેસવાનો ત્યાગ એ વિકથાદિ પાપત્યાગ માટેની જયણા છે બોલો, તમારે આ જયણા પાળવાનું ચાલુ ?

સમજી રાખવાનું છે કે નિયમની અને ધર્મની મર્યાદામાંથી ચ્યુત કરનારાં, અને નિયમ કે ધર્મનું ઉલ્લંઘન કરવાની લાલચને પોષનારાં, નિમિત્ત આ જગતમાં ઘણાં. એનાથી દૂર રહો, દૂર રહેવાની જયણા પાળો તો જ લાલચવશ ન થવાય, ને નિયમ કે ધર્મ અખંડિત પળે.

બાકી જયણા ન રાખનારા અને નિમિત્તને વશ થનારા તો મર્યાદા ઓળંગી નિયમથી કે ધર્મથી કેઇ ભ્રષ્ટ થઇ ગયા.

**સિંહગુફાવાસી મુનિ જયણા ચૂક્યા :-**

જુઓ સિંહગુફાવાસી મુનિ ઓછા વૈરાગી નહોતા, પાકા વૈરાગી હતા તેમ બ્રહ્મચર્ય સંપૂર્ણ પાળવાની ટેકવાળા ય હતા, પરંતુ બ્રહ્મચર્યની મર્યાદા આ, કે 'સ્ત્રીના નિકટમાં ન રહેવું.' તે મર્યાદા એમણે ઓળંગી. કોશા વેશ્યાને ત્યાં ચોમાસું રહેવા ગયા, તો રૂપ રૂપની અંબારસમી વેશ્યાના પ્રથમ દર્શને જ લલચાયા ! ને એમની બ્રહ્મચર્યની ભાવના ઢીલી પડી ગઇ !

આમ બનવામાં કારણભૂત કાંઇ વૈરાગ્યની ખામી નહોતી, પરંતુ નિમિત્ત ખોટું હતું તે સેવ્યું એટલે ભૂલા પડી ગયા.

**ખોટા નિમિત્તનો ત્યાગ એ વ્રત-સદાચારની જયણા છે. જયણા ચૂકે તો ધર્મ ચૂકે.**

અલબત સ્થૂલભદ્ર સ્વામી કોશાને ત્યાં જઇ બેઠા હતા, પરંતુ ત્યાં કેવી નજર રાખી બેઠા રહેતા હશે ? શું સામે કોશા આવી વિનંતી કરે છે તે એની સામે

નજર રાખી 'ના' કહેતા હશે ? આ એની સામે જોતા બેસી એનાં ગીત નૃત્ય સાંભળતા-જોતા બેસતા હશે ? ના, જરાય નહિ, એ તો નીચી મૂંડીએ ધ્યાનસ્થ ચક્ષુ રાખીને બેઠેલા રહેતા હોય.

આમ (૧) એક બાજુ ધ્યાનસ્થ ચક્ષુથી ચક્ષુના બાહ્ય વિષયને ટાળનારા એ જયણા પાલન-તેમજ

(૨) પહેલેથી કોશા વેશ્યાને તાકીદ આપી દીધી છે કે હંમેશાં સાડાત્રણ હાથ દૂર રહીને વાત કરજે. એમ નોટિસ આપીને સ્પર્શન-ઇન્દ્રિયને એના વિષયભૂત વેશ્યાના સ્પર્શને ટાળનારા હતા. એ જયણાપાલન. એમ ચક્ષુ ને સ્પર્શન બંને ઇન્દ્રિયોના વિષયને ટાળવાની જયણા પાળનારા, ઉપરાંત,

(૩) મનમાં પણ એનો વિચાર ન આવે એ માટે મનમાં જીવાદિ તત્ત્વોનું અનિત્યતાદિ ભાવનાઓનું અને અરિહંત પરમાત્માદિ પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરતા બેસીને એ જયણા દ્વારા મનને એના વિષયથી દૂર જ રાખનારા હતા, તેથી જીત્યા. તાત્પર્ય, ભલભલાએ પણ નિયમભંગ અને ધર્મનાશ ન નોતરવો હોય તો એનાં નિમિત્તથી દૂર જ રહેવું જોઇએ. એવું જયણાપાલન અતિ જરૂરી.

ચાંપા શ્રાવકે એ કર્યું હતું. નિયમભંગની લાલચ કરાવનાર વધારાના બે બાણ પહેલેથી જ તોડી નાખ્યા.

**સીતાજીની રાવણને ત્યાં શીલની જયણા :-**

સીતાજીએ રાવણને ત્યાં રહેવું પડ્યું તો રહેવાનું એવી જ રીતે રાખ્યું હતું. 'હું પક્કી સતી છું, હું રાવણ સામે જોઉં એમાં મને શો વાંધો આવવાનો છે ?' એવો હિસાબ નહિ, પણ શીલજયણાનો હિસાબ, નીચી મૂંડીએ નીચી નજરે જોતી બેસવાનું રાખેલું. એણે પણ રાવણને પહેલેથી પડકારેલો કે 'સાડા ત્રણ હાથ દૂર રહીને વાત કરજે. જો સાડા ત્રણ હાથની મર્યાદાની અંદર આવીશ, તો સમજી રાખજે તારા હાથમાં સીતા નહિ, સીતાનું મડદું આવશે.'

રાવણ એ મર્યાદા પાળે છે, એટલે સીતાને પરપુરુષના સ્પર્શનો પ્રસંગ જ નથી ઊભો થતો. પરંતુ એનાં દર્શનનો પ્રસંગ ન બને ? રોજ રાવણ સામે આવીને સીતાને મનામણાં કરે, લાલચ બતાવે, તો સીતાજીને એ દેખાઇ જવાનું ન બને ? ના, સીતાજી નીચી મૂંડીએ જ બેસતા એટલે માથું મુખ નમાવેલું, અને એમાં ય

આંખ અડધી મીચેલા જેવી, અને દ્રષ્ટિ નીચી, એટલે દેખાય તો કેટલું દેખાય ? પોતાની પાસેની એક વેંત જમીન દેખાય, ત્યાં ૩।। હાથ દૂર રહેલ રાવણ શાનો દેખાય ? પૂછો-

**સીતાજીનું રાવણને ત્યાં માથું કેમ નીચું ?**

પ્ર.-માથું કેમ નીચું અને આંખ કેમ અડધી મીંચેલી ?

ઉ.-એટલા માટે કે સીતા પોતે શીલવંતી નારી છે, ને પરપુરુષના સ્થાનમાં ફસેલી છે, તેથી મગજ પર મોટો ભાર છે કે 'આ હું ક્યાં ફસાણી છું ?' માણસ ઊંધા વેપારમાં ફસાઇ ગયો હોય અને લાખોની ખોટ આવવાની દેખાતી હોય તો મગજ પર એનો ભાર આવી જવાથી નીચી મુંડીએ બેસે છે ને ? એમ અહીં સીતા પરપુરુષના સ્થાનમાં ફસામણીના મગજ પર રહેલ ભારથી નીચું માથું ને અડધી મીંચેલી આંખ રાખીને બેસે એમાં શી નવાઇ ? એમાં ક્યારેક માથું થાકીને જરાક સહેજ જ ઊચું થાય તો યે એની નજરે રાવણના માત્ર પગનાં તળિયા દેખાઇ જતાં. એટલે તો

**સીતાજીને શોક્ય રાણીઓ ફસાવે છે ! :-**

જ્યારે રામ-રાવણના યુદ્ધમાં રાવણ ખત્મ થઇ ગયા પછી રામ સીતાજીને લઇ અયોધ્યામાં આવી વસે છે, ત્યારે એકવાર સીતા પરની ઇર્ષ્યાથી શોક્ય રાણીઓ એને ફસાવવા વાતમાં વાત મિલાવી પૂછે છે. કે, તે 'હેં સીતાબેન ! એ રાવણ શું બહુ રૂપાળો હતો ?' સીતા કહે 'એ રાવણ કેવો હતો એ જાણેં મારી બલા. બેન ! મેં તો એને જોયો જ નથી. એટલે મને શી ખબર કે એ કેવોક રૂપાળો હતો ?' પેલીઓ કહે 'પણ તમારી આગળ દિવસો સુધી તમને મનામણાં કરતો હશે તો ક્યારેક તો એ દેખાઇ ગયો હોય ને ?'

સીતાજી કહે 'એક તો મેં એને હંમેશાં સાડા ત્રણ હાથ આઘો રહેવા તાકીદ આપેલી, એટલે એ એટલો દૂર જ રહેતો, વળી હું નીચે મૂંડીએ જ બેસી રહેતી તેથી એ શાનો દેખાય ? ક્યારેક માથું થાકીને સહેજ ઊંચું થાય તો ય દ્રષ્ટિ અડધી મીંચેલી, તે ક્યારેક એના પગનો પંજો માત્ર દેખાઇ જતો.'

પેલીઓ કહે 'તો એના પગનો પંજો કેવોક ?'

'કેવોક વળી શું ? માણસના પગના પંજામાં શું જોવા જેવું હોય ? પંજાને

એક અંગુઠો ને ચાર આંગળા.' પેલીઓ કહે 'તો જરાક ચીતરી બતાવો ને ?' સીતાજી ભદ્રક છે, શોક્યોના પેટના પાપથી અજાણ છે, તેથી ભોળાભાવે કાગળ પર ચીતરી બતાવે છે. પેલીઓ માયાવી છે, તે છુપી રીતે એ ચિત્ર લઇ જઇ રામને બતાવતી કહે છે 'જુઓ આ તમારી સતી પત્ની સીતા હજી રાવણના આ ચરણનું ધ્યાન કરતી બેસી રહે છે.'

રામ ભોળા નથી, ઝટ કહી દે છે, 'બેસો બેસો સીતાને હું તમારા કરતાં વધારે ઓળખું છું. આ તો કાંક પ્રપંચ કરી તમે એની પાસે આ ચિતરાવ્યું હશે.' બાકી તો એનું સતીત્વ કેવુંક કે લંકામાંથી હનુમાનજી તે એને ખભે ઊંચકી લાવવા તૈયાર હતા, છતાં પરપુરુષનો સ્પર્શ ન ખપે એ હિસાબે એમણે ના પાડેલી. શોક્યો ભોંઠી પડી ગઇ. વાત આ હતી, સીતાજીએ રાવણને ત્યાં દ્રષ્ટિ જ એવી નીચી રાખેલી કે રાવણ દેખવામાં જ ન આવે. આ શું છે ?

પરપુરુષ દેખવામાં જ ન આવે એવી નીચી દ્રષ્ટિ એ શીલનું મર્યાદાનું પાલન છે, એ શીલની જયણા છે.

શીલ-ભંગને સહેજ પણ નિમિત્ત ન મળે એવી સાવધાની એ જયણા છે, આવું દરેક ગુણ ને દરેક ધર્મસાધના માટે સમજવાનું છે. દરેકમાં જયણા સાચવવાની છે. સીતાજી અને સ્થૂલભદ્રજી વિપરીત સંયોગમાં બેઠા હતા પણ જયણા સાચવીને બેઠા હતા, સીતાજીને રાવણ જોવો હરામ, સ્થૂલભદ્ર સ્વામીને કોશા જોવી હરામ.

**'પતનનું પગથિયું નજર,' તે પહેલેથી જ પરસ્ત્રી કે પરપુરુષ પર નજરનું પગથિયું જ માંડવાની વાત નહિ,**

આને જયણા સાચવી કહેવાય. પેલા ચાંપા શ્રાવકે શું કરેલું ? ત્રણ લૂંટારા સામે ત્રણ બાણ રાખી બાકી બે બાણ ભાંગી નાખેલા. કેમ એમ ? કહો, અહિંસા વ્રતની જયણા સાચવવા. અહિંસાનું એને વ્રત એવું હતું કે નિરપરાધી ત્રસ જીવને મારવા નહિ, ને અપરાધીને પણ એક બાણથી વધુ મારવું નહિ. હવે સામે લૂંટવા આવેલા અપરાધી ત્રણ છે, તેથી ત્રણ બાણ ઉપરથી વધારાના બે બાણ અકબંધ રાખી મૂકે તો સંભવ છે આવેશમાં એક ઉપર બીજું બાણ લગાવવાનું બની જાય, ને એમાં નિયમ તૂટે. તેથી નિયમ તોડાવનાર નિમિત્તથી જ આઘા રહેવું, એ જયણા એણે સાચવી.

**વિવિધ વ્રતોની જયણાઓ :-**

માનો કે આમ તો રાતે ખાઓ છો, પણ રજાના દિવસે રાત્રિભોજન ન કરવાનો નિયમ છે. હવે આની જયણા શું ? આ, કે રજાના દિવસે જો કોઇ સ્નેહીને રાત્રે મળવા જાઓ ને એ રાત્રે ખાતો હોય કે ખાવા બેસતો હોય, તે સંભવ છે એ તમને જમવા બેસવા આગ્રહ કરે. ત્યાં સ્નેહીનો બહુ આગ્રહ અને દાક્ષિણ્ય એ નિયમમાંથી લપસાવનારું નિમિત્ત છે, માટે ત્યાં જયણા આ કે રાત્રે એવા ટાઇમે મળવા જ ન જવું.

જયણા એ ધર્મની માતા છે. ચરણ-કરણ ધર્મ આરાધવો છે તો જયણા સામે જ રાખવી પડે. પહેલા અહિંસા વ્રતમાં જયણા આ-કે (૧) નીચે જોઇને જ ચાલવું. (૨) કામકાજ કરવા તે જીવજંતુ ન મરે એવી સાચવણીથી કરવા, (૩) નકામી કે અપ્રશસ્ત પ્રવૃત્તિ ન કરવી...બીજા સત્યવ્રતની જયણા આ-કે (૧) બોલવું તે વિચારીને બોલવું. (૨) બોલવામાં ક્રોધ-લોભ-ભય કે હાસ્યને ઘૂસવા ન દેવા એ જયણા થઇ. નહિતર સંભવ છે ક્રોધ વગેરેમાં બોલતાં વધારે પડતું બોલાઇ જાય એમાં જૂઠ આવી જાય.

અનીતિ-ત્યાગના ત્રીજા વ્રતમાં જયણા આ, કે માલ સસ્તો મળે છે માટે લોભમાં ન જવું, સંભવ છે એ ચોરીનો માલ હોય એ ખરીદતાં અનીતિને ટેકો મળે.

ચોથા સદાચાર વ્રતની જયણા આ, કે એકલી પરસ્ત્રીના ઘરમાં ન જવું, કે પોતાના ઘરે એકાંતમાં પરસ્ત્રીને મળવું નહિ. એમ આ પણ જયણા છે-બિભત્સ યા શૃંગારી ચિત્ર-સિનેમા વગેરે ન જોવા, કે એવું વાચન ન કરવું, નહિતર એમાં છૂપી દુરાચારની ભાવના જાગતા વાર નહિ.

પાંચમા પરિગ્રહ-પરિણામ વ્રતની જયણા આ, કે પરિમાણ પહોંચી જવા આવે પછી ધંધો ન કરવો. નહિતર સંભવ છે અધિક કમાણી થતાં પરિમાણ ઉપરનું બૈરી-છોકરાના નામે રાખવાનું કે ધર્મમાં ખરચશું એમ કરીને રાખી મૂકવાનું મન થાય. પરિગ્રહ પરિમાણનો એ અર્થ નથી કે કમાણી ચાલુ રાખવી ને પરિમાણ ઉપર આવે એ ધર્મખાતે ખરચ્યે જવું. કેમકે એમાં તો પરિગ્રહની મૂર્ચ્છા તો ઊભી જ રહી. પરિગ્રહ-પરિમાણ એ પરિગ્રહની મૂર્ચ્છા તોડવા માટે છે, પરિગ્રહને ભયંકર લેખવા માટે છે. જો ધીખતી કમાણી ચાલુ જ રાખવી છે, તો એમાં પરિગ્રહને ભયંકર ક્યાં

લેખ્યો ? આ 'ચરણ'ની જયણા.

**કરણની જયણા :-**

એમ 'કરણ'ની જયણા એટલે અહિંસા વગેરે આઠ વ્રતોની પોષક ધર્મકરણીઓમાં જયણા સાચવવાની. અર્થાત્ ધર્મકરણીઓને બાધ ન પહોંચે એવી સાવધાની રાખવાની. બાધ પહોંચાડે એવી પ્રવૃત્તિથી કે એવા નિમિત્તથી આઘા રહેવું એ જયણા કહેવાય. જયણા એટલે જતન, ધર્મનું જતન થાય, રક્ષા થાય, ધર્મનો ભંગ ન થાય, એવો એવો પ્રયત્ન, એવી એવી સાવચેતી રાખવી જરૂરી છે, ને એને જયણા સાચવી કહેવાય.

દા.ત. રોજ સવારે ઊઠીને સામાયિક કરો છો, તો આગલી રાતે મોડા સુધી વાતો કરતા ન બેસવું એ જયણા કહેવાય. એ જયણા જો ન સાચવો તો સંભવ છે પછી ઊઠવામાં મોડા પડો એટલે મનને એમ થાય કે 'હવે મોડું થયું છે, બીજા કામને વાંધો પહોંચશે. માટે અત્યારે સામાયિક રહેવા દો. એ તો સૂવાનો નિયમિત સમય થાય એટલે વાતો વગેરે બંધ કરી સૂઇ જ જવાનું, જેથી પ્રભાતની ધર્મક્રિયાઓ ન ચૂકાય. એનું નામ જયણા સાચવી કહેવાય.

**કુમારપાળની જયણાઓ :-**

કુમારપાળ મહારાજા ચોમાસામાં રાજધાની પાટણની બહાર જતા નહિ એટલું જ નહિ, કિન્તુ પાટણમાં પણ હરવા ફરવા જતા નહિ કેમકે ચોમાસામાં જીવોની ઉત્પત્તિ વધારે, તેથી હરવા ફરવામાં જીવો ભરચક મરવા સંભવ. આ હર-ફર ન કરવું એ જયણા.

કુમારપાળ મહારાજ ચોમાસામાં નિત્ય એકાશન, પાંચ વિગઇ ત્યાગ, લીલોતરી સદંતર ત્યાગ, અને પૂર્ણ બ્રહ્મચર્ય રાખતા ! આ શું છે ? અહિંસા ધર્મના પાલનમાં જયણા. શી રીતે ? તો કે એકાસણું કરે એટલે માત્ર એક ટંકના ભોજનથી બીજા ટંક અંગે હિંસામય આરંભસમારંભ બંધ. સંપૂર્ણ બ્રહ્મચર્યથી અબ્રહ્મની હિંસા બંધ. અને લીલોતરી ત્યાગ વગેરેમાં પણ હિંસા બંધ થાય. કુમારપાળના ઊંચા ધર્મપરાક્રમોની પાછળ પૂર્વ ભવની જિનભક્તિ, સાધુ-સત્સંગ અને વર્તમાન ભવના વૈરાગ્ય તથા ધર્મપ્રેમ કેવા કામ કરી રહ્યા હશે ? માત્ર પૂર્વની પાંચ કોડિના ફૂલથી પૂજાનું ફળ સમજતા નહિ. કુમારપાળને પૂર્વ ભવની જિનભક્તિ તથા સાધુ-

ઉપાસનામાં બે મહાન તત્ત્વ જબરદસ્ત કામ કરી રહ્યા છે-

(૧) પૂર્વની ધર્મહીન દશાનો પ્રબળ સંતાપ, ને

(૨) વર્તમાન ધર્મસાધનામાં પારાવાર આનંદ.

એ ધર્મ કરવા પૂર્વની પોતાની ધર્મહીન દુર્દશાનો ભારે સંતાપ-પશ્ચાત્તાપ એવો છે કે ત્યાં સાધુ દેવાધિદેવ તથા એમની સેવા મળ્યાનો આનંદ પારાવાર છે, અને એથી હૈયું અત્યંત ગદ્ગદ થઇ આનંદના હિલોળે ચડ્યું છે.

**આ ધર્મહીન દશાનો સળગતો સંતાપ અને દેવ-ગુરુ-ધર્મ પામ્યાનો ગદ્ગદભાવ-રોમાંચ-હર્ષાશ્રુ એ આત્માના ઉદયના જબરદસ્ત સાધન છે.**

મહાપુરુષોના ચરિત્રમાંથી આ તારવવાનું છે. કુમારપાળ ચરિત્રમાંથી સામાન્યથી આટલું જાણવા મળે કે પૂર્વભવે કુમારપાળનો જીવ રાજપુત્ર જુગાર દુરાચાર વગેરેનો વ્યસની બની જવાથી પિતાએ એને દેશવટો દીધેલો તેથી લૂંટારો બનેલો એમાં એના પર તવાઇ આવતાં એને ભાગવું પડેલું. ત્યાં રસ્તામાં મુનિ પર ગુસ્સો કરતાં એ મુનિ નીડર મળવાથી ધર્મનો બોધ પામી સુધરી જઇ મુનિના સંપર્કમાં રહેલો, અને એક દિવસ પાંચ કોડીના ફૂલથી પ્રભુ પૂજા કરેલી. તેથી એ પછીના કુમારપાળના ભવમાં ૧૮ દેશના સમ્રાટ બનેલા ! બોલો છો ને કે

**'પાંચ કોડિના ફુલડે પામ્યા દેશ અઢાર'.**

આ પરથી મનને એમ થાય ને કે 'માત્ર પાંચ કોડિઓથી ખરીદેલા ફૂલની પૂજામાં એવો તો શો ચમત્કાર હશે કે એનાથી ૧૮ દેશનું સમ્રાટપણું મળે ? એટલું જ નહિ પણ એમાં આવા જબરદસ્ત ત્યાગ કે દર ચોમાસામાં નિત્ય એકાસણું, ૫ વિગઇ-ત્યાગ, લીલોતરી-ત્યાગ, સંપૂર્ણ બ્રહ્મચર્ય-એવું બધું શી રીતે મળે ?'

**કુમારપાળ મહાન ધર્માત્મા કેમ બન્યા ? :-**

અહીં ઉપરોક્ત એ વિગતો પરથી આ બે તારવણી કાઢવાની કે-

(૧) એક તો, પોતાની પૂર્વની વ્યસની અને લૂંટારાપણાની દુર્દશા પર તીવ્ર પશ્ચાત્તાપ ! કહો લોહીના આંસુ સારવાનું !

(૨) અને તેથી જ બીજું આ, કે દેવ-ગુરુ-ધર્મ મળ્યા પર અનહદ, અઢળક

આનંદ ! શ્રદ્ધા, શક્ય જ્વલંત આરાધના, એમાં અતિશય ગદ્ગદભાવ, અહો અહો ભાવ, રોમાંચ અને અતિશય હરખના આંસુ !

(૩) તેમજ ત્રીજી વાત આ, કે બધીય સાધના આરાધનામાં કોઇપણ પ્રકારની લૌકિક અભિલાષા આશંસા નહિ, પણ કેવળ નિરાશંસભાવ.

ધર્મસાધનામાં મુખ્યપણે ભાવ ભજવનાર આ ત્રણ તત્ત્વોના યોગે એટલી બધી ઊંચી કોટિનું પુણ્યાનુબંધી પુણ્ય એમણે ઉપાજર્યું કે ૧૮ દેશના રાજ્યની પુણ્યાઇ તો ઠીક, પરંતુ એ પુણ્યાનુબંધી મળી !

**પુણ્યાઇ 'પુણ્યાનુબંધી' એટલે કે પુણ્ય-સામગ્રી જ્વલંત વૈરાગ્ય અને સદ્બુદ્ધિ-ધર્મબુદ્ધિ-ધર્મલેશ્યા જગાડનારી.**

કુમારપાળ મહારાજાનું વિસ્તૃત જીવન-ચરિત્ર જુઓ તો દેખાશે કે એમણે કેવો વૈરાગ્ય કેળવ્યો છે ! રોજિંદા જીવનમાં કેવી કેવી ધર્મ-લેશ્યા ને ધાર્મિક વિચારો ધર્યા છે ! તેમજ ઠામઠામ પ્રસંગે પ્રસંગે કેટલી બધી ઉચ્ચ ધર્મભાવના અને ધર્મબુદ્ધિ રાખી છે ! શું એ એમને આકાશમાંથી ટપકી પડી ? કે માત્ર અહીં શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ ગુરુના ઉપદેશથી ઊભી થઇ ? એમ તો એ જ ગુરુ પહેલાં રાજા સિદ્ધરાજ જયસિંહને પણ મળેલા, છતાં કેમ એ આવી જ્વલંત ધર્મ-લેશ્યા ધર્મ-બુદ્ધિ ધાર્મિક વિચારો ન પામ્યો ? ત્યાં કહેવું જ પડે કે રાજા સિદ્ધરાજ પાસે એવું પુણ્યાનુબંધી પુણ્ય નહોતું-કારણ ? પુણ્યાનુબંધી પુણ્ય હોવાના આ ત્રણ કારણ,

**પુણ્યાનુબંધી પુણ્યનાં ૩ કારણ–**

(૧) ધર્મહીન પૂર્વદશાનો તીવ્ર સંતાપ

(૨) અત્યંત અહોભાવ-ગદ્ગદભાવ-રોમાંચ-હર્ષાશ્રુ સાથેની ધર્મસાધના, અને

(૩) સાધનામાં શુદ્ધ નીતરતો નિરાશંસભાવ.

એ રાજા સિદ્ધરાજના પૂર્વભવના જીવનમાં નહોતા, ત્યારે મહારાજા કુમારપાળના પૂર્વભવનાં જીવનમાં એ હતા. તો એના ફળમાં અહીં વીતરાગના ધર્મ ઉપર જ્વલંત શ્રદ્ધા, જૈન ધર્મના જ્વલંત કાર્યો, અને જ્વલંત આરાધના, સદ્બુદ્ધિ, ધર્મલેશ્યા-ધર્મભાવના, અને સદ્ગુણો એટલા બધા ઊંચા કે નજીકમાં પહેલા તીર્થંકર ભગવાનના એ ગણધર થવાના છે !

તમને મન થાય ખરું કે 'આવી આરાધના અમને મળે તો કેવું સરસ ?' જો આ મન સાચું હોય તો કુમારપાળના જીવે પૂર્વ ભવમાં કરેલ દેવાધિદેવ ગુરુ અને ધર્મની સાધનાને ત્રણ મુખ્ય તત્ત્વવાળી કરી એ ત્રણ તત્ત્વ તમારા જીવનમાં લાવો. આ ત્રણ તત્ત્વ મામૂલી સમજતા નહિ, એમાં

**(૧) પહેલું તત્ત્વ, ધર્મહીન દુર્દશાનો પારાવાર સંતાપ એ મહાન તત્ત્વ છે.**

કેમકે એથી હવે જીવ ધર્મહીનતા અને પાપ લીનતાથી ઊભગી જાય છે. એટલે, જ્યાં જ્યાં હિંસામય આરંભ-સમારંભાદિ પાપનાં દર્શન થાય, ત્યાં ત્યાં હૈયાને કશો હરખ ઉલ્લાસ નહિ હોય, બલ્કે હૈયાના ઊંડાણમાં ભારે ગ્લાની હશે.

**સંસારી જીવનમાં ક્યાં ક્યાં હિંસા ? :-**

આજે પણ કત્લખાનાની હિંસા સાંભળીને કેવી ગ્લાની કેવી કમકમાટી થાય છે ! બસ, એવી ગ્લાની કમકમાટી આજના તમારા સંસારના આરંભ-સમારંભોમાં થતી હિંસા પ્રત્યે થવી જોઇએ. પ્રભુનાં ઉપદેશ પર, જિનવચન પર, જિનોક્ત તત્ત્વો પર, શ્રદ્ધા કરનારા છો ને તમે ? પ્રભુએ પાણીના ટીપે ટીપે પૃથ્વી અગ્નિ અને વાયુના કણે કણે અસંખ્ય જીવો કહ્યા છે. કાચા પાણીનું એક ટીપુ પણ પગ નીચે કચર્યું, એમાં અસંખ્ય અપકાય જીવ માર્યા ! દીવાસળીનું સળગેલું ટોપચું બૂઝવ્યું, એમાં અસંખ્ય અગ્નિકાય જીવ માર્યા ! કપડાનો જરાક છેડો ઉરાડયો, ઝાટક્યો, એમાં અસંખ્ય વાયુકાય જીવો માર્યા ! આ જિનવચન બતાવે છે.

બોલો, એ હિંસા પર ગ્લાની કમકમાટી થાય છે ? એટલામાં ય ગ્લાની, તો પછી શ્રાવિકાઓને રોજના ૬-૬ કલાક ચૂલો સળગતો રાખવામાં અને એમાં રસોઇ વગેરેમાં પાણી-ધાન્ય-વાયુ વગેરેના આરંભ-સમારંભ પર કેટલી બધી ગ્લાની થાય ? એમ કુટુંબના કપડાં ધોવાં, વાસ માજવા, અનાજ દળાવવા વગેરે વગેરે ઘરકામમાં થતી અસંખ્ય અસંખ્ય જીવોની હિંસા વખતે કેટકેટલી ગ્લાની થાય ? ત્યારે તમારે પુરુષોને ધંધા-ધાપા વગેરેમાં થતી સીધી કે આડકતરી અઢળક જીવોની હિંસા અંગે કેટકેટલી ગ્લાની થાય ? યાદ રાખજો,

**એકેન્દ્રિય અગ્નિ-પાણી-વાયુ-વનસ્પતિ વગેરે જીવોની હિંસા અંગે ગ્લાની થાય તો જ જિનવચન પર શ્રદ્ધા છે.**

**આચાર્ય વનસ્પતિહિંસા પર કેવુંક પ્રાયશ્ચિત્ત કરે છે -**

**ગ્લાની કેવી એનો નમુનો જુઓ-**

આચાર્ય સમુદાયને લઇને જંગલમાંથી પસાર થતા હતા, એમાં એમને ઝેરી જનાવર કરડ્યું. એનું ઝેર ચડવાથી બેભાન થઇ ગયા. શિષ્યોમાં એક જાણકાર મુનિએ નોળવેલ જેવી વનસ્પતિનાં પાન લાવી મસળીને લુગદી બનાવી ડંખ પર લગાડી દીધી. થોડીવારમાં ઝેર ઊતરી ગયું ! આચાર્ય ભાનમાં આવી ગયા, જોયું તો લીલી વનસ્પતિની લુગદી લગાડેલી છે.

હવે કેમ ? આચાર્ય તરત ભારે ખિન્ન થઇ શિષ્યોને કહે છે-'અરરર ! આ તમે શું કર્યું ? લીલી વનસ્પતિના જીવ મારા માટે કચરી નાખ્યા ? હવે મારે આનું ભારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે !' પ્રાયશ્ચિત્તમાં શું કર્યું જાણો છો ? જીવનભર માટે લીલા શાકનો ત્યાગ ! યા છ વિગઇઓનો ત્યાગ !

આટલા ૪-૫ કે ૫-૧૦ લીલા પત્તાની હિંસામાં કેવીક ગ્લાની ? ભગવાનના વચન પર શ્રદ્ધા લાવવી છે ?

**શ્રાવકની શ્રદ્ધા કેવી સક્રિય ? :-**

કદાચ અગ્નિ-પાણી-વાયુ-વનસ્પતિ-ધાન્ય વગેરે એકેન્દ્રિય જીવોની હિંસાના આવાં પ્રાયશ્ચિત્ત ન કરો, કિન્તુ હિંસામાં ગ્લાની તો લાવી શકો ને ? ના, ગ્લાની લાવવી નથી, ને 'મને એકેન્દ્રિય પણ જીવ છે એવા જિનવચન પર શ્રદ્ધા છે' એવો દાવો રાખવો છે, એ શ્રદ્ધામાં સત્યતા કેટલી ? નક્કરતા કેટલી ? કે પોકળ શ્રદ્ધા ? માત્ર કહેવાની જ શ્રદ્ધા ને ?

મસાલેદાર શાક ઉડાવતાં, આંબા વગેરે ફળ ઉડાવતાં, એની પાછળ થયેલ વનસ્પતિ-જીવોની હિંસાની ગ્લાની ક્યાં આગળ ? સામાન્ય ગરમીમાં કલાકો સુધી વિજળીપંખા ચાલુ રાખતાં અસંખ્ય અસંખ્ય વાયુકાય જીવોની થતી હિંસા પર ગ્લાની ક્યાં આગળ ?

કહેશો 'અમને હૈયાની અંદર તો ગ્લાની છે જ, માત્ર બહારથી આનંદ થાય છે,' તો સવાલ એ છે કે હૈયાની અંદર ગ્લાની થતી હોવાનું લક્ષણ શું ? ઠીક, મજેના શાક ફળ ઉડાવતાં આનંદ આવ્યો તે માત્ર બહારથી, પણ હૈયામાં ગ્લાની છે, એટલે તે શાક ફળની કવિતા ન ગાઓ ને ? પ્રશંસા ન કરો ને ? એની દલાલી ન કરોને કે લીલાં શાક ફળ તો બહુ ખાવા જોઇએ ? મહિનામાં પાંચ તિથિ તો

લીલોતરી પાકાં ફળ બંધ ને ? છેવટે, બે ચૌદશ બંધ ને ? કે ચૌદશેય કેળાં કેરી ઉડાવવાના ?

વનસ્પતિ જીવોની હિંસાની ગ્લાનીનું લક્ષણ શું ? ને જો કશું લક્ષણ નથી, તે એનો અર્થ એ, કે એ હિંસાની ગ્લાની નથી, પછી એ જીવો અંગેના ભગવાનનાં વચન પરની શ્રદ્ધા ક્યાં ઊભી રહે ? શ્રદ્ધા નહિ તો સમકિત ક્યાં ?

સમ્રાટ કુમારપાળ મહારાજા મૂર્ખા નહોતા કે ચોમાસામાં લીલોતરી સદંતર ત્યાગ રાખે ? એમાં જેમ એ સક્રિય જીવદયા સમજતા હતા, એમ સક્રિય જિનવચન શ્રદ્ધા સમજતા હતા.

**'હું જો આ જીવોને અભયદાન આપું, તો મેં ભગવાનના જીવ-વિજ્ઞાનના વચન પર શ્રદ્ધા કરી ગણાય.'**

એમ એ સમજતા હતા. તમે એટલો ત્યાગ નહિ સહી, પણ કમમાં કમ એ જીવોની હિંસા પર ગ્લાની તો લાવો, જો શ્રદ્ધા સમકિત રાખવું હોય.

જો જો આ ગ્લાની પણ જીવોના ને જીવહિંસાના જ્ઞાન પછી ધર્મનું આચરણ છે ''ચરણ-કરણ વિપ્પહીણો બુડ્ડઇ સુબહુંપિ જાણંતો'' એને જ્ઞાનીએ કહ્યું એમાં પાપના ત્યાગ અને ચરણ-કરણ એ ધર્મનાં આચરણ કહ્યાં છે,

**ધાર્મિકતાનું પહેલું પગથિયું જ આ,**

(૧) પાપાચરણમાં ગ્લાની, અને (૨) ધર્મનાં આચરણ માટે તીવ્ર તલસાટ.

**''ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા''**

''ઊંચો આવેલ તું હવે ફરીથી નીચે ડુબવાનો ધંધો ન કર'' એમ જે જ્ઞાનીએ કહ્યું, ત્યાં આ જ સમજી રાખવાનું છે કે જો હિંસાદિ-પાપાચરણ અને ધર્મહીન દશામાં એની ગ્લાની ય નહિ હોય, તીવ્ર સંતાપ પણ નહિ હોય, તો અફાટ સંસાર-સાગરમાં નીચે ડૂબી જવાનું થશે.

મોટા ભરત ચક્રવર્તી જેવા ચક્રવર્તીઓ પણ સંસારમાં ન ડૂબ્યા એનું પહેલું કારણ આ હતું કે ધર્મહીન અને પાપદશાનો એમને ભારે સંતાપ હતો.

**સુદત્ત રાજાને પાપનો સંતાપ અને રાજ્યત્યાગ :-**

સુદત્ત રાજાએ એટલા માટે જ મોટા રાજ્યનો ત્યાગ કર્યો. ઉંમર તો હજી

ચડતી યુવાનીની છે, પરંતુ હૈયામાં પાપ પ્રત્યે ગ્લાની રહેતી હતી, તેથી એકવાર કોટવાલ કોઇ ખુની ચોરને પકડી લાવ્યા અને રાજાને કહે-

"મહારાજા આણે માલિકનું ખૂન કરી એનો માલ ચોર્યો છે. તે ચોર અમારા હાથમાં આવી ગયો, એટલે અમે એને આપની પાસે લાવ્યા છીએ, હવે આપની જેમ ઇચ્છા હોય તેમ કરો."

રાજાએ વિદ્વાનોને પૂછ્યું 'શાસ્ત્રો આવાને શી સજા ફરમાવે છે ?' વિદ્વાનો કહે 'આવાને આંખ ફોડાવી, નાક-કાન કપાવી, ગધેડે બેસાડી આખા ગામમાં લાકડી-ધોકા-સાટકા મારતાં મારતાં ફેરવવો, પછી ગામ બહાર ક્રૂર રીતે શરીરમાંથી માંસ કાપી કાપીને મારી નાખવો.'

રાજા આ સાંભળીને થથરી ઊઠ્યો ! એના મનને થયું કે "અરરર ! ગુનેગારે ગુનો કર્યો એ તો એને ભારે, પરંતુ મારે રાજા થઇને ગુનેગારને આવો ત્રાસ આપવાનો ? હું રાજા છું માટે જ અવાર-નવાર ગુનેગારોને આમ ત્રાસ આપવાનો ? ભલે કાયદા મુજબ ન્યાય તોળ્યો કહેવાય, પરંતુ કુદરત કાંઇ માફ કરે નહિ. 'તમે બીજાને ત્રાસ આપો છો ? ત્રાસ આપી રાજી થાઓ છો ? તો તમે કુદરતના ગુનેગાન છો, ને એ કુદરત કાંઇ સજા કર્યા વિના તમને છોડે નહિ'. તો ધિક્કાર પડો આ રાજવીપણાને ! કે જેમાં અવાર-નવાર જીવોને ત્રાસ આપવાના હોય છે. અરે ! સામાન્ય ગૃહસ્થપણું પણ જીવોની હિંસાથી ભરેલું છે, તો મોટા રાજવી પણાના જીવનમાં જીવોની કેવી કેવી અને કેટલી કેટલી હિંસા ? ધિક્કાર છે સંસારવાસને ! ઘરવાસને ! કે જેમાં રહ્યે આવા ઘોર પાપો કરવા પડે."

બસ, સુદત્ત રાજા મહેલમાં આવ્યો પણ મનને ચેન નથી, પેલા ગુનેગારને સજા સાંભળેલી એના પર

**આ સંસારના જીવોના દુઃખ જોઇ જીવો પર ભારોભાર દયા ઉભરાય છે, અને જીવોને એવાં દુઃખ પહોંચાડનારી વિવિધ હિંસાથી ભારોભાર ભરેલા સંસાર પર વૈરાગ્ય વધતો ચાલે છે.**

**વિવેક આનું જ નામ છે કે દુઃખદ પરિણામ જોઇ એ નીપજાવનાર વસ્તુ પરથી દિલ ઊભગી જાય.**

જો દિલ ન ઉભગે તો વિવેક શો રહ્યો ?

ભાગીદાર વિશ્વાસઘાતી નીવડવાનું જાણ્યા પછી એના પર દિલ હવે ઓવારી જતું નથી, પણ ઊભગી જાય છે.

**મનને થાય છે કે આવા અવિશ્વસનીય માણસને દિલ ક્યાં સોંપ્યું ?**

આ શું કર્યું ? વિવેક કર્યો, દિલ દેવા લાયક હોય તો તે વિશ્વસનીય માણસને જ દેવા લાયક હોય, અવિશ્વસનીયને નહિ, પછી ભલે એ ઉપરથી ગમે તેટલો લાભ દેખાડતો હોય, અને ગમે તેટલા પ્રેમના સવાસલાં કરતો હોય, પરંતુ જો એણે અંદરખાને વિશ્વાસઘાતનું કામ કર્યું છે, દુકાન પર બેસીને ભાગીદારીના ધંધામાં નહિ પણ ખાનગી રીતે પોતાના અંગત ધંધામાં જ મુખ્ય ધ્યાન રાખ્યું છે, અને મોટા લાભના સોદા ખાનગી રાખી પોતાના અંગત ધંધા ખાતે જ લીધા છે, તો એ વિશ્વાસઘાતનું જ કામ કરી રહ્યો છે. પહેલાં આપણે આ ન જાણ્યું ને ત્યારે એના પર ખૂબ પ્રેમ દાખવતા હતા, પરંતુ પાછળથી આ વિશ્વાસઘાતની ખબર પડી, તો શું હવે એ ભાગીદાર પર પૂર્વવત્ પ્રેમ બન્યો રહે ? શું એને પહેલાંની માફક દિલ આપીએ ? ના, જો આપીએ તો આપણે નિર્વિવેકી બુધ્ધુ ગણાઇએ. એમાં તો પછી મોટી પછાડ ખાવાનું થાય, ભારે વિશ્વાસઘાતના વધુ નુકસાનના ભોગ બનવું પડે. પરિણામ દારુણ જોયા પછી પણ જે વિશ્વાસ રાખીને તણાયા તે તારાજ થઇ ગયા.

બસ, સુદત્ત રાજાએ સંસારવાસની આ અવિશ્વસનીયતા જોઇ. એમાં અઢળક પાપાચરણ અને પાપકર્મ-બંધની મહાનુકસાની જોઇ. એનાથી દિલ ઊભગી ગયું અને તરત ચારિત્ર લીધું. ચારિત્ર અને તપ-સ્વાધ્યાયમાં એવું દિલ લગાડ્યું કે એમને અવધિજ્ઞાન પ્રગટ થઇ ગયું. આટલી બધી ઊંચી સાધના ? હા, પોતાની પૂર્વની ધર્મહીન દશાનો તીવ્ર સંતાપ હતો તેથી ધર્મ હાથમાં આવ્યા પછી ધર્મ સાધવાની મહા તાલાવેલી અને એ સાધવામાં મહા આનંદ હતો.

**આપણી ધર્મહીન દશાનો સળગતો સંતાપ ન થાય ત્યાં સુધી ઊંચી ધર્મસાધના અને ધર્મમય અવસ્થાની તાલાવેલી અને આનંદ શી રીતે આવે ?** સવાલ થશે-

**ધર્મહીન દશાનો સંતાપ શી રીતે ઊભો કરવો ?**

એવો સંતાપ કેમ નથી થતો એનું નિદાન તપાસો. તો આ દેખાશે કે જીવનમાં પૈસા-ટકા, ખાનપાન, કપડા-લત્તા, ઘર, દુકાન, પત્ની-પુત્રાદિ મળી જવામાં મનને પછી કોઇ ત્રુટિ કોઇ ખોટ લાગતી નથી. ક્યારે ય ત્રુટિ દેખાય તો આ

જ કે 'બસ એ બધું મનમાન્યું કેમ મેળવી લઉં !' સવારથી રાત સુધી એજ લગન અને એના જ પ્રયત્ન ચાલ્યા કરે છે, ત્યાં 'મારા જીવનમાં ધર્મની કેમ ખોટ ? કેટલી ખોટ ?' એ શાનું હૈયે આવે ? ધર્મની ખોટ પર સંતાપ થવો જોઇએ તે શાનો થાય ?

પૈસા-પરિવાર...વગેરેની સારાસારી હોય ત્યાં મનને આરામ છે, 'ચાલો ચિંતા નથી, બધું બરાબર આવી મળ્યું છે, ને બધું બરાબર ચાલે છે.' એટલે ત્યાં સારાસારીમાં ધર્મની ખોટ લાગતી નથી, અને આફત આવે ત્યાં એ આફત ટાળવા દુન્યવી ઉપાયો અને દુન્યવી રીતરસમમાં જ રચ્યા પચ્યા રહેવાય છે ! એટલે સારાસારી ન હોય ત્યાંય ધર્મની ખોટનો વિચાર સરખો નથી ! કદાચ ત્યાં ધર્મ કરવાનો વિચાર થાય તો ય તે માત્ર આફત ટાળવા પૂરતો જ વિચાર, બાકી આત્માના હિતને માટે કશો ધર્મ કરી લેવાનો વિચાર નહિ ! આ કેવી દુર્દશા છે કે જીવનમાં દુન્યવી અનેક વસ્તુની ખોટ લાગે, પણ ધર્મની જ ખોટ ન લાગે ? દુન્યવી વસ્તુ મનમાની મળી જવામાં જ સંતોષ હોય, ત્યાં ધર્મની ખોટ શાની લાગે ? ત્યારે,

**ધર્મની ખોટ લાગ્યા વિના ધર્મહીન દશાનો સંતાપ પણ શી રીતે ઊભો થાય ?**

**દુન્યવી અનેક ચીજની ખોટ લાગે, ને ધર્મની જ ખોટ ન લાગે ? એ કેવી દુર્દશા !**

પૂર્વ પુરુષોનાં જીવન પર નજર નાખો કે એમને ક્યારે કેવા સંયોગમાં ધર્મહીન દશાનો સંતાપ ઊભો થયો અને એ સંતાપમાં એમણે શું શું કર્યું ?

એમ માનતા નહિ કે 'દુન્યવી ખાનપાન-પૈસા-પરિવાર વગેરે મનમાન્યા મળી ગયા એટલે જગ જીતી ગયા !' આ બધું તો અનંતીવાર મેળવ્યું અને અનંતીવાર ખોયું, ને અંતે રોયા ! ઉપરાંત કરેલા ધૂમ પાપ, એથી અને એના ય પાછા કશા સંતાપ નહિ, તેથી આ સંસારમાં રખડતા રહ્યા તો એના પર શા સંતોષવાળો છો ? કે "ચાલો પૈસા-ટકા-ઘર પરિવાર બધું જોઇતું મળી ગયું છે, ભગવાનની દયા છે, કશી ફિકર નથી." આવો સંતોષ વાળવામાં સંસારના ભ્રમણ મિટાવવાની સાધના કરવાનું રહી જાય.

**વંકચૂલની વ્રતમક્કમતા :-**

જુઓ વંકચૂલ બાપરાજાનો અન્યાય જોઇ રાજકુમારમાંથી બહારવટિઓ લૂંટારો બનેલો હતો, તે લૂંટારાઓની ટોળકી ભેગી કરી એનો આગેવાન બનેલો. બોલો એણે જીવનમાં ઘોર પાપો કરવામાં બાકી રાખી હશે ? પરંતુ જ્યારે એક

રાત્રે રાજ્ય-મહેલના ઝરુખા પર ચઢી અંદરમાં ચોરી કરવા પેઠો, અને રાણીએ એને ભોગ માટે ભોળવવા છતાં એ ન ભોળવાયો કેમકે પૂર્વે મુનિએ આપેલ ચાર નિયમમાં આ એક નિયમ હતો કે 'રાણી સાથે દુરાચાર ત્યાગ, એટલે રાણીએ એના પર ખોટો આરોપ ચડાવી પકડાવ્યો, પણ રાજા બાજુના ખંડમાં જાગતો સૂતેલો તે એણે રાણીની માગણી સામે વંકચૂલની મક્કમતા સાંભળેલી, એટલે એણે વંકચૂલને માત્ર શાબાશી આપી એટલું જ નહિ, પણ લૂંટારાનો ધંધો પડતો મૂકાવી પોતાનો દિવાન બનાવ્યો.

હવે એ દિવાનગીરીમાં શ્રાવક બનેલો છે, એ એના ચરિત્રના અંતિમ પ્રસંગ પરથી જાણવા મળે છે, કેમકે એને એવો કોઇ ભારે રોગ થયો છે એ વખતે વૈદ્ય એને કાગડાના માંસના અનુપાનમાં દવા લેવાનું કહે છે. ત્યાં એને પેલા ચાર નિયમમાં એક નિયમ 'કાગડાના માંસના ત્યાગ' નો હોઇ એ અનુપાન લેવાની ના પાડે છે.

વૈદ્ય કહે, 'તો પછી જો આ રીતે દવા નહિ લો, તો રોગ જીવલેણ નીવડશે.'

ત્યારે વંકચૂલ કહે છે-'ભલે, મોતની ચિંતા નહિ, પણ નિયમનો ધર્મ પળાશે ને ? ધર્મ પાળતાં મોત આવે એ તો ધન્ય મૃત્યુ !'

એ વખતે રાજા એને આ અનુપાનમાં દવા લઇ લેવા સમજાવે છે, છતાં વંકચૂલ પોતાના નિયમમાં મક્કમ છે. ત્યારે રાજા પરગામથી એના શ્રાવકમિત્રને બોલાવે છે, જેથી એ વંકચૂલને એ દવા લેવા સમજાવે છે. અલબત્ આ શ્રાવકમિત્ર ખરેખરો કલ્યાણમિત્ર છે એટલે એ વંકચૂલને ખાનગીમાં પૂછીને જાણી લે છે કે એને નિયમ બરાબર પાળવો છે. વંકચૂલ નિયમની દ્રઢતા જ બતાવે છે, એટલે પછી એ રાજાને કહી દે છે કે 'આ કોઇ પણ રીતે પોતાનો નિયમ ભાંગે એમ નથી' એટલે રાજા પણ પછી તંત મૂકી દે છે, અને વંકચૂલ રોગની ઉગ્રતા થતાં મૃત્યુ પામે છે, પણ મરીને બારમા વૈમાનિક દેવલોકે જાય છે.

અહીં જોવાનું આ છે કે એને શ્રાવક મિત્ર હતો એ હિસાબે પોતે પણ કેવો શ્રાવક બન્યો હશે કે નિયમની દ્રઢતામાં મરીને બારમા દેવલોકે જાય ?

**બારમો દેવલોક એટલે શ્રાવકની ચરમસીમા.**

શ્રાવક શ્રાવકપણામાં મરે તો વધુમાં વધુ બારમા દેવલોકે જાય એની ઉપરના નવગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવલોકનું આયુષ્ય કર્મ સાધુ જ બાંધી

શકે. ત્યારે આ વંકચૂલે શ્રાવકપણાની ઊંચી સીમાએ બંધાતા ૧૨મા દેવલોકના આયુષ્ય કર્મની પાછળ ધર્મપરિણતિ કેવી ઊભી કરી હશે ? એ ઊંચી ધર્મપરિણતિ શાના ઉપર ઊભી થયેલી ? કહો, દિવાન બન્યા પછી એ શ્રાવક મિત્રના યોગે તથા સાધુ સંપર્ક પામી શ્રાવક બન્યો હશે ત્યાં એને પોતાની લૂંટારા બહારવટિયાપણાનાં પાપોનાં જીવન પર ભારે સંતાપ થયો હશે. એ સંતાપ પણ માત્ર એકવાર ધર્મને હવે ધર્મ સ્વીકાર્યો, એટલું જ નહિ, પરંતુ પાપસંતાપ વારંવાર કર્યો હશે, કેમકે એકવાર પાપસંતાપ થઇને ધર્મલેશ્યા જાગી તો ગઇ. પરંતુ હવે

**ધર્મલેશ્યા વધારતા જવાનું તો જ બને કે પોતાની નજર સામે અવારનવાર પોતાનું પૂર્વનું પાપી જીવન આવી આવીને એના પ્રત્યે અતિ ઘૃણા અને સંતાપ થયા કરે.**

કે 'અરરર ! કેવું મારું પૂર્વનું ગલીચ પાપજીવન ! હાય ! કેવા મારાં પૂર્વનાં ગોઝારા પાપ !' પાપોનો આ સળગતો સંતાપ થતો રહેતો હોય એટલે એની સામે ધર્મમાં-ધર્મલેશ્યામાં-ધર્મપરિણતિમાં જોમ આવે, વેગ આવે, એમાં નવાઇ નથી.

દા.ત. જુઓ મેવા, મિઠાઇ, ફળ-ફરસાણ ઉડાવવાના પાપનો તીવ્ર સંતાપ થાય તો પછી એના ત્યાગરૂપ આયંબિલ વગેરે તપ ધર્મની લેશ્યામાં વેગ આવે, ને એ પાપસંતાપ ચાલુ રહે તો આયંબિલ ઓળીના પારણે પણ ધર્મપરિણતિ એવી જામેલી હોય કે ત્યાં પારણાના દિવસોમાં પણ મેવા-મિઠાઇ-ફળ-ફરસાણ લેવાનું મન જ ન થાય.

એટલે જ આ વિચારવા જેવું છે કે જો વર્ધમાન આયંબીલ ઓળીઓનાં પારણાના દિવસોમાં મેવા-મિઠાઇ-ફળ-ફરસાણ સારી રીતે ને નિરાંતે લેવાનું મન થતું હોય તો આયંબિલની ઓળીઓ કરીએ તો ઉત્તમ, પરંતુ ત્યાં આયંબિલો ચાલવા વખતે મેવા-મિઠાઇ-ફળ-ફરસાણના પૂર્વે સેવેલા પાપના સળગતા સંતાપ ક્યાં રહ્યા ?

પરંતુ કહો કે હજી 'મેવા-મિઠાઇ-ફળ-ફરસાણ ઉડાવવા એ મહાપાપ છે' એમ મનને લાગતું નથી. એમ કહેતા નહિ-

પ્ર.-તો શું મેવા-મિઠાઇ વગેરે છોડીને આયંબિલ અમથા કરતા હોઇશું ?

ઉ.-અમથા નહિ, ધર્મ કરી પુણ્ય ઊભું કરવા માટે, અને પાપકર્મોનો ક્ષય કરવા માટે, અથવા કીર્તિ કમાવા માટે પણ આયંબિલની ઓળીઓ થાય. બાકી તો

આત્મનિરીક્ષણ કરવાનું છે, જાતે જ જાતને તપાસવાની છે, કે

**મેવા-મિઠાઇ-ફળ-ફરસાણ ઉડાવવા એ મહાપાપ છે. એવું હૈયાને લાગે છે ? અને લાગતું હોય તો અત્યારસુધી એ ઉડાવ્યાનો સળગતો સંતાપ છે ?**

**અને એ સંતાપમાંથી આયંબિલ તપની ભાવના ઊભી થઇ છે ?**

કે પછી 'જીવનમાં આયંબિલ ઓળીઓ કમાઇ લેવી એમાં ખોટું નથી, ને એમાં વચમાં અવસર મળે ત્યારે મેવા-મિઠાઇ-ફરસાણ ઉડાવી લેવા એ પણ ખોટું નથી.' એમ લાગે છે ?

જો જો કોઇના સામે જોવાનું નથી, માત્ર પોતાનાં આત્માનું નિરીક્ષણ કરવાનું છે કે હું પોતે ક્યાં ઊભો છું ?

હજી માંસભક્ષણ મોટું પાપ લાગે છે, કંદમૂળ ભક્ષણ મોટું પાપ લાગે છે, પરંતુ 'મેવા-મિઠાઇ-ફળ-ફરસાણ ઉડાવવા એ મોટું પાપ છે,' એવું મનને બેસતું નથી ! પૂછો-

પ્ર.-મેવા-મિઠાઇ-ફળ-ફરસાણ એ મોટું પાપ શી રીતે ?

ઉ.-એનું કારણ આ છે. પહેલું એ સમજી રાખો કે-

જો ઉપવાસ એટલે કે નહિ ખાવું એ ધર્મ છે, તો ખાવું એ પાપ છે. એમાં વળી મેવા-મિઠાઇ વગેરે અત્યંત રાગ કરાવનારા છે માટે એ મહાપાપ છે.

તો કહેશો કે-**જિંદગીભર ઉપવાસ કેમ નહિ ? :-**

પ્ર.-તો પછી જિંદગીભર ઉપવાસ જ કેમ નથી કરાતા ?

ઉ.-એનું કારણ એ છે કે જીવનમાં એક માત્ર ઉપવાસની જ આરાધનાથી પતી જતું નથી, પરંતુ બીજા બીજા પણ જિનભક્તિ, સાધુસેવા, શાસ્ત્રસ્વાધ્યાય, વગેરે અનેકાનેક ધર્મની આરાધના કરવાની છે. એ કરવાનું તો જ બને કે જો શરીર ટકી રહે, અને સશક્ત રહે. એટલે એ શરીરને ટકાવી રાખવા અને સશક્ત રાખવા જરૂરી ખાવું પડે છે. છતાં જો ખાવું એ પાપ સમજતા હોઇશું તો જ વચમાં વચમાં ઉપવાસ ખુશખુશાલ કરવાનું મન થશે, તેમજ ખાવાના દિવસે ખાવાના ટંક ઘટાડી નિત્ય એકાસણામાં આવી જવાશે. ખાવું એ પાપ છે એવું સમજનારો જ નવકારશીમાંથી પોરિસીમાં સહેલાઇથી આવી શકશે, કેમકે મનને ઉમેદ છે કે 'દિવસ ચડતાં, ખાવાનું પાપ જેટલું મોડું કર્યું એટલું સારું,' 'એમ સાંજે પણ ખાવાનું પાપ

વહેલું બંધ કર્યું એટલે સારું' એ ભાવના રહેવાથી જ્યારે બપોરે જમ્યા પછી એમ લાગે કે 'આજે મોડા જમ્યા છીએ અથવા વહેલા પણ ભારે પદાર્થ પૂરો જમ્યા છીએ તેથી સાંજે ખાવાની જરૂર નથી રહેવાની, તો લાવો, તિવિહાર જ કરી લઇએ. કેમકે ખાવાનું પાપ છુટ્યું એટલું સારું. ખાવું એ પાપ છે એ નહિ સમજાય ત્યાંસુધી આહારસંજ્ઞા ભયંકર નહિ લાગે. વાસ્તવમાં જુઓ તો દેખાશે કે આહારસંજ્ઞા ભયાનક છે. પૂજામાં બોલો છો ને-

**"આહાર કરંતા અહનિશ માચ્યો, નાચ્યો ઇણ સંસાર, સાંભળ વિસરામી"**

અર્થાત્ હે જગતને વિશ્રામ આપનારા દેવાધિદેવ ! તમે સાંભળો કે હું આહાર કરવામાં રાત-દિવસ રાચ્યો-માચ્યો રહ્યો, આહારસંજ્ઞા રાત-દિવસ જીવતી જાગતી રાખીને એને પોષ્યા કરી, તેથી આ સંસારમાં નવનવા જન્મરૂપી વેશ કરીને નાચતો રહ્યો. આહાર સંજ્ઞાના પાપમાં જ મનમાં જુઓ કીડા-કીડી-મંકોડા-માકણ-મચ્છર વગેરેનાં જીવન કેવાં છે ? દિવસ-રાત એક જ મુખ્ય લેશ્યા ખાઉં ખાઉંની ! કેમ આમ ? કહો, પૂર્વે કાંઇક મનુષ્ય અવતારે વિવેકના જન્મમાં આવ્યા છતાં ખાઉં ખાઉંની લેશ્યા પર કાપ જ મૂક્યો નહિ. અવિવેકથી દહાડે ખાઉં રાતે ખાઉં' 'વગર તિથિએ ખાઉં ને તિથિએ પણ ખાઉં'...આ 'ખાઉં ખાઉં' ની લેશ્યામાં કર્મસત્તાએ ભાવ તેવો ભવ આપી દીધો-'જા કીડી થા કીડો થા માકણ થા, મચ્છર થા ત્યાં ખાઉં ખાઉંના ભાવ સારા સચવાશે એમ જાણે કર્મસત્તા કહે છે.

જો જોદ્ધા જેવી આહારસંજ્ઞાનો કીડા-કીડીના અવતાર, તો ખાવું એ પાપ ? કે ધર્મ ? કહો પાપ. એટલે હવે જો એ પાપ હોવા છતાં ધર્મજીવનને ટકાવવા માટે ખાવું પડે છે તો 'ખાવાના પાપ ઉપર રસના અને રાગના પાપ કેટલા વધારવા ?' એ ખાસ વિચારવા જેવું છે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**રસના પાપ ભૂંડા છે.**

કેમકે નથી ને પછીથી કદાચ એવો કોઇ ભૂંડનો કે પેટના કૃમિ વગેરેનો અવતાર મળ્યો તો વિષ્ટાનો જ રસ બહુ મીઠો લાગશે ! નહિતર તો વિચારો ને કે ભૂંડને કે કરમિયાને આવી તદ્દન ગંદી વસ્તુ કેમ ગમે ? મનુષ્યપણે એ જીવને કાંઇ વિષ્ટાના રસનો આનંદ હતો નહિ, પરંતુ કહો કે મૂળમાં ખાટા-મીઠા-તીખા રસનો

રાગ ભારે, તે રસનો રાગ અહીં કનડે છે, ને ભૂંડના અવતારે મેલાના રસનો, ને કાગડાના અવતારે માણસના લીંટ-બળખાના રસનો, ને ગધેડાના અવતારે ઉકરડાના મલિન પદાર્થોના રસનો રાગ લગાડી દે છે. વારસો માત્ર રાગનો, પછી એ રાગનો વિષય ગમે તે હો. અર્થાત્ જેવો ભવ તેવા વિષયનો રાગ જામી પડે. ભવ બિલાડીનો, તો ઉંદરના રસનો રાગ ઊલસતો રહે.

આ ભયાનકતા રસ અને રાગની જોઇ, રસ અને રાગના પાપ ધૂમ પ્રમાણમાં સેવ્યા, એનો સળગતો સંતાપ જો કેળવાય તો એના ત્યાગની ઝંખના રહે, એમ તપને વિસારીને 'ખાઉં ખાઉં' ની આહારસંજ્ઞાના પાપની ભયાનકતા સમજાય ને એના પર ઘૃણા-સંતાપ રહ્યા કરે, તો તપની ભાવના મનમાં રમતી રહે

**તંદુલિયા મચ્છને ઘોર આહારસંજ્ઞા :-**

આહારસંજ્ઞાની ભયાનકતા શાસ્ત્ર તંદુલિયા મચ્છના દ્રષ્ટાન્તમાં એવી સમજાવે છે કે એ બિચારાની કાયા તો તંદુલ યાને ચોખાના દાણા જેવડી, અને એ રહે મોટા મગરમચ્છના આંખની પાંપણ ઉપર, ને ત્યાં એ ખાઇપીઇને આરામથી પડેલા મોટા મચ્છના પહોળા મોઢામાં નાની નાની અઢળક માછલીઓ પાણીના મોજા ભેગી પેસીને પછી મોજું પાછું નીકળવા સાથે બહાર ખેમકુશળ નીકળી જતી જુએ છે. ત્યારે એ તંદુલિયા મચ્છના મનને એમ થાય છે કે 'અરરર ! આ મૂરખ મોટો મત્સ્ય ! આટલી બધી વગર મહેનતે મોંમાં આવેલી માછલીઓ હોઇયાં નથી કરી જતો ? ને એમજ નીકળી જવા દે છે ? જો હું એની જગાએ હોઉં તો એક પણ માછલી જવા ન દઉં, બધી ખાઇ જાઉં' આ દુષ્ટ ભાવના કોણ કરાવે છે ? 'ખાઉં ખાઉં' ની આહારસંજ્ઞાનું પાપ એ કરાવે છે. ત્યારે આહારસંજ્ઞા કેવી ભયાનક ? એનામાં ક્યાંથી એ ભયાનક આહારસંજ્ઞા આવી ? કહો, એ તંદુલિયો મચ્છ એકવાર મનુષ્ય અવતારે હશે ત્યારે અજાણતાં નહિ, પણ જાણી જોઇને સમજપૂર્વક 'ખાઉં ખાઉં'ની આહારસંજ્ઞા ખૂબ પાળી પોષી હશે એનું આ ફળ છે. અજ્ઞાનીના ખાવાના સૂત્રો આ છે-

**'સો કામ પડતાં મૂકીને ખાવાનું કામ પહેલું', 'ખાય સો ધાય,'**

**'બધું કરીએ છીએ, તે નિરાંતે ખાવાપીવા ભોગવવા માટે,**

**'ખાધું એ બાપનું, બાકી રહ્યું તે પારકું'**

**'અહીં મળ્યું છે તો ખાઇ લો. મર્યા પછી કોને ખબર મળશે કે કેમ ?'**

**'કાંઇ મરીને ધરમ ન થાય, ધરમ તો ખાઇપીઇને નિરાંતે થાય...'**

આવા આવા અજ્ઞાન સૂત્રો ઘડી રાખ્યા હોય એટલે પછી આહારસંજ્ઞા પોષવામાં શું કામ બાકી રાખે ? એમાં નસીબજોગે માછલાની ગતિનું આયુષ્ય બંધાઇ ગયું એટલે બિચારો મરીને તંદુલિયો મચ્છ થઇ ગયો ! યા બીજી ગતિઓમાં રખડતો રખડતો તંદુલિયા મચ્છના અવતારમાં આવી ગયો ! તો પેલી આહારસંજ્ઞા પોષેલાના ભારોભાર સંસ્કારોનું મોટું બંડલ અહીં લઇને જ આવ્યો છે. એટલે હવે એને એ સંસ્કારોના જોરે ઢગલો માછલીઓ ખાઇ જવાની એવી ભયાનક કાળી લેશ્યા થાય એમાં નવાઇ શી ? ભલેને શરીર સાવ નાનું છે, પરંતુ સંસ્કારોનું પોટલું મોટું છે, તે આત્મામાં એનો પડઘો પાડવારૂપે એવી લેશ્યા કરાવે છે.

**પરલોકે આહારાદિસંજ્ઞાઓનો સંસ્કારવારસો કેટલો દુઃખદ !**

મોટા તીર્થંકર ભગવાન ખુદ તપનો જંગ મચાવે છે ! શ્રી મહાવીર પ્રભુએ સાડાબાર વરસમાં સાડા અગીયાર વરસ જેટલા ઉપવાસ કર્યા ! પ્રભુએ જગતને પણ આ તપનો ખૂબ ઉપદેશ કર્યો, તો મોટા શાલિભદ્ર, મુનિ ધનાજી, મુનિ ધન્નો અણગાર, મેઘમુનિ, સનત્કુમાર ચક્રવર્તી મુનિ જેવાઓએ ભારે તપસ્યાઓ કરી ! આ શું સમજીને કરી હશે ! તપ ન કરતાં આરામથી ગોચરી પાણી કરી આ મહા પ્રભાવક મુનિ મહર્ષિઓને લોકોમાં ધર્મનો ઉપદેશ આપતા રહેવાનું નહિ આવડતું હોય ? બધું આવડે, પરંતુ કહો એમને સચોટ લાગી ગયું કે ખાવું એ પાપ છે, તેમજ અત્યારસુધી ખા-ખા કર્યાના પ્રબળ સંતાપ ઉઠ્યો તેથી લાગી પડ્યા.

**મહા તપસ્યાઓ કરવામાં ધર્મમાં જોસ પાપના પ્રબળ સંતાપથી આવે છે.**

વંકચૂલને એવો પ્રબળ સંતાપ હશે ત્યારે જ ને એના નિયમ પાલનના ધર્મમાં એવો જોસ હતો કે જે એને મરીને બારમે દેવલોક જન્મ અપાવે ? નહિતર તો એના બહારવટિયાપણાના જીવનમાં પાપો કેવા કેવા કરેલા ? જંગલમાં સાધુ મળ્યા ત્યારે કશું અભક્ષ્ય છોડવા તૈયાર નહિ, માંસાહાર છોડવા તૈયાર નહિ, માણસની હત્યા છોડવા તૈયાર નહિ, દુરાચાર છોડવા તૈયાર નહિ, આ પરથી એના મનની લેશ્યા કેટલી બધી પાપભરેલી હશે ? તેમજ એવા એવા પાપો એના જીવનમાં કેવા સંભવિત હશે ? એનું માપ નીકળે છે. શું આ ક્રૂર પાપોની લેશ્યા માફ થઇ

જાય ? ને શું એવા ક્રૂર પાપો માફ થઇ જાય ? ને એ બારમા દેવલોકે ચડી જાય ? પરંતુ શાસ્ત્ર કહે છે-

**પ્રબળ પાપસંતાપ-દુષ્કૃતગર્હા પાપકર્મોના ગંજ તોડી નાખે છે, અને પ્રબળ પાપાનુબંધો નષ્ટ કરી દે છે, અને**

**પ્રબળ પાપસંતાપ એ પછીથી સેવાતા ધર્મમાં એવો જોસ લાવી દે છે કે જે ઊંચા પુણ્યાનુબંધ અને પુણ્ય ઊભા કરી આપે.**

**નાસ્તિક પ્રદેશીનું કેવું ઉત્થાન ? :-**

નાસ્તિક રાજા પ્રદેશીને શું થયું ? નાસ્તિકપણામાં રાજધાનીમાં આખી પ્રજાને બાવા-જોગી-સાધુ-સન્યાસીથી વંચિત રાખેલી ! મનની લેશ્યા કેવી કાળી કે 'મારી પ્રજા ત્યાગ-તપ વગેરે ધર્મના ધતિંગોથી દુઃખી ન થવી જોઇએ, અને પ્રજા યથેચ્છ ખાનપાન, વિષયવિલાસ, રંગરાગ, અને ધનસંપત્તિ-મોહમાયા વગેરેમાં આનંદ કલ્લોલ કરનારી બની રહેવી જોઇએ' આ લેશ્યા કેવી કાળી ? કેવી ક્રુર ? માત્ર પોતાની જાત નહિ, યા માત્ર ૨-૪ માણસ નહિ, પણ આખી પ્રજા ધનમૂર્ચ્છા વિષય વિલાસ અને રંગરાગમાં લીન રહે, તથા ધર્મથી દૂર રહે, એટલી ઉગ્ર મલિન લેશ્યા ! આવો આત્મા થોડો જ ટાઇમ આસ્તિક બને ને શ્રાવક ધર્મ પાળે એટલામાં પહેલા વૈમાનિક દેવલોકમાં સૂર્યાભ વિમાનનો માલિક થાય ? રાજા પ્રદેશી પોતાની સૂર્યકાન્તા રાણીમાં મુગ્ધ અને વિષયલંપટ પણ એટલો બધો ભારે હતો કે જ્યારે એ આસ્તિક ધર્માત્મા બની એવા મોહના ચેનચાળા છોડી દે છે ત્યારે તો સૂર્યકાન્તા રાણીને એ પાલવતું નથી ને એટલે તો એ રાજાને ઝેર આપી મારી નાખે છે. એના મનને થઇ ગયું કે 'હાય ! જો પતિરાજા એવી અનંગ ચેષ્ટાઓ ને મોહકંદર્પના બોલથી મને આનંદ આપે નહિ, તો આવો પતિ મારે કામનો શો ?' કેવી પશુસુલભ લાલસાઓ છે એવી અનાર્યને શોભતી લાલસામાં જુઓ એ હવે કેટલી હદની નીચતામાં જાય છે ! એ આગળ વિચારે છે, 'એટલે તો બહેતર છે કે આ મરે તો પછી બીજા સાથે એવા ખેલ ખેલી શકું.' આ હિસાબે એણે પતિને પોષધ-ઉપવાસના પારણે ઝેર દઇ દીધું ! એનાથી મારી નખાયેલ પ્રદેશી રાજા પહેલાં કેટલો બધો વિષયલંપટ, કામાંધ, અને મોહમૂઢ હશે એ સમજી શકાય છે એવી કામાંધ સ્થિતિમાં પ્રદેશી રાજાની કઇ ગતિ થાત ?

શાસ્ત્ર કહે છે, 'નરક તરફ દોટ મૂકી રહેલા પ્રદેશી રાજાનો, ગુરુ કેશી ગણી મહારાજે, હાથ પકડ્યો, અને એને સ્વર્ગમાં ચડાવી દીધો !

ત્યારે અહીં આ વિચારવા જેવું છે કે 'કેશી ગણી મહારાજના ઉપકારથી રાજા બોધ પામી આસ્તિક ધર્માત્મા બનીને એવું તે એણે શું સાધ્યું કે એથી નરકગતિમાં લઇ જનારા પાપ જાણે માફ થઇ ગયા ?'

**પ્રદેશીને નરકને બદલે સ્વર્ગનું કારણ :-**

બસ, સાધ્યું આ, કે એણે પૂર્વે કરેલા ઘોર પાપોના પ્રબળ સંતાપ રાખી સમ્યકત્વ અને દ્વાદશવ્રતમય શ્રાવક ધર્મ પાળવામાં ભારે જોસ ઊભો કર્યો. જાલિમ પાપો નજર સામે તરવરે, એનાથી પોતાનો ભયંકર સત્યાનાશ દેખાય, ત્યારે હવે એનાથી બચવું છે અને 'બચાવનાર ધર્મ છે' એવું હૈયાને ઠસી જાય, એટલે પછી સ્વાભાવિક છે કે ધર્મ જોસવાળો આરાધાય. લાંબા મંદવાડમાં શક્તિ સાવ ગુમાવી બેઠેલો શ્રીમંત સાજો થયા પછી કેવા જોસથી શક્તિની દવાઓ અને પૌષ્ટિક ખોરાક ખાય છે !

બાપુકી લક્ષ્મી સટ્ટા અને એશઆરામીમાં ગુમાવી બેઠેલો માણસ નસીબ જો યારી આપે અને કોઇ સ્નેહી એને બીજા ધંધામાં જોડી દે, તો એ ધંધામાં કેટલો જોસ રાખે છે ! કેમ વારુ ? કહો પોતાની પૂર્વની અવલચંડાઇ નજર સામે તરવરે છે, એનાં માઠાં ફળ નજર સામે તરવરે છે, અને એનો એને ભારે ખેદ છે તેથી હવે સહેજે સીધી લાઇનના ધંધામાં જોસ આવે જ.

બસ, એજ રીતે પૂર્વ જન્મોના ને આ જનમના ભયંકર પાપો નજર સામે રાખો અને એનો પ્રબળ સંતાપ રાખો, તો સહેજે ધર્મમાં જોસ આવે. અલબત આત્મકલ્યાણની ઝંખના જોઇએ, તાલાવેલી જોઇએ, અને 'ધર્મથી આત્માને ભારે બચાવ મળશે' એની પૂરી શ્રદ્ધા જોઇએ. એ હોય એટલે તો પછી પોતાના પૂર્વ પાપોને જોઇ જોઇ સહેજે તારણહાર ધર્મમાં જોસ આવે. એક બાજુ પ્રબળ પાપસંતાપ અને બીજી બાજુ જોસ ઉત્સાહ અને વધતો ઉલ્લાસ, એનાથી થતી ધર્મની સાધના ચમત્કાર સરજે છે.

જુઓ ઝાંઝરિયા મુનિનો ઘાતક રાજા કેવો ક્રૂર કર્મી ગણાય રસ્તે જતો માણસ પોતાની રાણીનો પૂર્વનો કોઇ યાર હોવાનું પોતાને લાગ્યું એટલા માત્રથી

આવેશમાં આવીને તલવારથી એની હત્યા કરી નાખવી ! પછી ભલે એ માણસ સાધુ હોય તોય એની ચિંતા નહિ. આમાં ક્રોધ અને અભિમાનનો આવેશ કેટલો બધો ? 'હું રાજા છું ગમે તેને મારી નાખું એમાં મને કોણ પૂછનાર છે ?' આ અભિમાનનો આવેશ છે. અને કશી પૂછગાછ કર્યા વિના મનમાં દ્વેષ ઊભો થયો કે તરત જ મારી નાખવાની જ વાત ! એ ક્રોધનો આવેશ છે, એ દ્વેષનો અતિ સંકલેશ છે. એમાં સીધા નરકગતિનો જ યોગ્ય કર્મ બંધાય આવા મહર્ષિની હત્યાના ઘોર પાપથી છુટકારો શે થાય ? શાસ્ત્ર કહે છે.

**ચેઇય દવ્વ વિણાસે, ઇસિઘાએ, પવયણસ્સ ઉડ્ડાહે,**

**સંજઇ ચઉત્થ ભંગે, મૂલગ્ગી બોહિલાભસ્સ ।।**

દેવદ્રવ્યના નાશમાં, ઋષિના ઘાતમાં, શાસનના ઉડ્ડાહમાં, અને સાધ્વીના બ્રહ્મચર્યના ભંગમાં બોધિલાભના મૂળમાં અગ્નિ પડે છે. પછી જન્મારાના જન્મારા સુધી જૈનધર્મની પ્રાપ્તિ જ ન થાય ! ને ભયંકર દુર્ગતિઓના ભવોમાં ભટકવું પડે એ જુદું. ઝાંઝરિયા મુનિનો ઘાત કરીને રાજાએ આ સ્થિતિ ઊભી કરી હોય એ રાજા એજ ભવમાં ઋષિઘાત પછી થોડા જ વખતમાં કેવળજ્ઞાન પામે ? શું કેવળજ્ઞાન એ સામાન્ય વાત છે ? કોઇ સારી મનુષ્યગતિ નહિ, દેવગતિમાં ય ભવનપતિ જ્યોતિષ વૈમાનિક દેવલોકે ય નહિ, માત્ર સમકિત દેશવિરતિ-સર્વવિરતિ ભાવ પણ નહિ, કિન્તુ એથી ય આગળ અપૂર્વકરણ યાવત્ અનાસંગ યોગ વીતરાગ દશા આવે, ત્યારે ઉપર કેવળજ્ઞાને પહોંચાય ! મહામુનિનો હત્યારો રાજા કેવળજ્ઞાન પામી જાય એ કેવો ચમત્કાર !

શાના ઉપર આ ચમત્કાર ! કહો, પાપના પ્રબળ સંતાપ પર.

અહીં એક પ્રશ્ન થાય. **પાપ સંતાપમાત્રથી કેવળજ્ઞાન શી રીતે ?**

અહીં એ સમજી રાખવાનું છે કે કેવળજ્ઞાન વીતરાગભાવ આવે પછી જ પ્રગટ થાય. કેમકે કેવળજ્ઞાન પ્રગટ થવામાં સમસ્ત જ્ઞાનાવરણીય કર્મરાશિ, દર્શનાવરણીય કર્મરાશિ, અને પાંચેય અંતરાય કર્મરાશિ નષ્ટ થાય એ જરૂરી છે. ત્યારે આ નિકાચિત-અનિકાચિત સમસ્ત ત્રણેય કર્મોના સ્કન્ધો આત્મા પરથી ઊખેડી નાખવાની તાકાત વીતરાગ દશાની છે. એમ કહેતા નહિ

પ્ર.-વીતરાગ દશા તો ઉપશમ શ્રેણિવાલાને ય ૧૧ મા ગુણઠાણે આવે છે. તો એમને કેમ સમસ્ત જ્ઞાનાવરણીયાદિ ત્રણ ઘાતીકર્મો નષ્ટ થતા નથી ?

ઉ.-એનું કારણ એ છે, કે

(૧) એકતો ઉપશમ શ્રેણિવાલા વીતરાગને સત્તામાં અર્થાત્ આત્માની સિલિકમાં હજી મોહનીય કર્મના સ્કન્ધો આત્મા પર ચીપકેલા ઉપશાંત પડ્યા છે, ત્યાં ક્ષીણ દશા જેવો સતેજ વીર્યોલ્લાસ પરિણામ નથી મંદ પરિણામ છે આ પરિસ્થિતિમાં ૧૧ મે ગુણઠાણે સમસ્ત જ્ઞાનાવરણીય આદિ કર્મ નષ્ટ થવાની ભૂમિકા નથી. વળી

(૨) બીજી વાત એ છે કે ૧૨ મે ગુણઠાણે અંતર્મુહૂર્ત પછી પ્રત્યેક સમયે જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મરાશિમાં અપૂર્વ સ્થિતિઘાત થતો આવે છે, કે એટલા જોરદાર કે ૧૨ ગુણઠાણે છેલ્લું અંતર્મુહૂર્ત રહે ત્યાં સમસ્ત જ્ઞાનાવરણાદિ કર્મની સ્થિતિ એટલા જ અંતર્મુહૂર્તની રહી હોય. આમ ક્ષપક શ્રેણિવાળાને ૧૨ મા ગુણઠાણે અસંખ્યગુણ અસંખ્યગુણ ક્રમથી ત્રણ કર્મમાં સ્થિતિઘાત થાય છે. જેના પ્રત્યેક સમયે વધતો સ્થિતિઘાત વધતો ચાલી અંતિમ સ્થિતિ ત્રણ કર્મોની અંતર્મુહૂર્તની જ સ્થિતિ બાકી રહે છે. એટલે અંતિમ અંતમુહૂર્તમાં એ કર્મો ભોગવાઇ જઇ નષ્ટ થઇ જાય છે. વાત આ છે-

**વીતરાગદશા જ કેવળજ્ઞાન પ્રગટ કરી શકે છે,**

**ને વીતરાગ દશા લાવવા માટે જેમ રાગાદિ પરથી મન ઊઠી જાય, એમ રાગાદિનાં સાધનો પરથી ય મન ઊઠી જવું જોઇએ,**

એની આસક્તિમાત્ર નષ્ટ થવી જોઇએ. ત્યારે હવે જુઓ કે અહીં આસક્તિ નષ્ટ કરવામાં પાપસંતાપ કેવુંક કામ કરે છે.

પાપોનો પ્રબળ સંતાપ છે એટલે જેમ મનને પાપો કરડે છે, પાપો પર અત્યંત ઘૃણા થાય છે, એમ પાપનાં સાધન પર પણ ઘૃણા થાય છે, અભાવ થઇ જાય છે. દા.ત. ઝાંઝરિયા મુનિના ઘાતક રાજાને આ પાપનાં સાધનો પર અભાવ થઇ ગયો. એણે જોયું કે

(૧) ''આ ઋષિ હત્યા કરવામાં એક પ્રબળ નિમિત્ત રાજ્યમાલિકી બની આવી. 'મારી પાસે રાજ્ય છે એટલે હું રાજા છું' એના અભિમાન પર મનને એમ થયું કે 'મને ઠીક ન લાગે એને ઉડાવું' આ મુનિ રાણીના પૂર્વના કોઇ યાર લાગ્યા, એ મને ઠીક ન લાગ્યા માટે રાજાપણાના ગુમાન પર તેમને મેં તલવારથી ઉડાવ્યા ! માટે મૂળ પાયામાં રાજ્યમાલિકી ખોટી, રાજ્ય જ ખોટું'' એમ રાજ્ય પરથી દિલ

ઊઠી ગયું, રાજ્ય પરથી આસક્તિ ઊઠી ગઇ...એમ

(૨) બીજું આ, કે રાજાને પોતાના શરીર પર પણ ઘૃણા થઇ. શરીરની હિંસાની પ્રવૃત્તિ જોઇ શરીર પર પણ મમતા રહી નહિ. ''આ શરીરથી ઋષિની હત્યાનું કામ થયું, માટે આ શરીર પણ હરામખોર' એમ કરી શરીર પરથી દિલ ઊઠ્યું, શરીર પરથી આસક્તિ ઊઠી ગઇ.

(૩) અકાર્યમાં ત્રીજું નિમિત્ત છે જાતનું અહંત્વ, કેમકે એણે ખોટા ખ્યાલ કરાવ્યા ને ખોટું કામ કરાવ્યું તેથી અહંત્વ પણ ખોટું એમ કરી અહંત્વ પરથી દિલ ઊઠ્યું, અહંત્વ પણ અકારું લાગ્યું એટલે અહંત્વ પરથી આસક્તિ ઉઠી ગઇ.

**મૂળ પાયો પાપસંતાપ કેવાક મહાકલ્યાણ સર્જે ?**

આમ રાજ્યસંપત્તિ, શરીર અને અહંત્વ પરથી આસક્તિ ઊઠી ગઇ એટલે અનાસક્ત દશા આવી, અનાસંગ યોગ સાધ્યો, પછી તો વીતરાગભાવ આવતાં શી વાર ? કશી વાર નહિ. એ આવતાં સમસ્ત જ્ઞાનાવરણ આદિ કર્મ નષ્ટ થઇ જતાં કેવળજ્ઞાન પ્રગટ થાય, એ સહજ છે. આમ મૂળ પાયામાં પ્રબળ પાપસંતાપથી ઝાંઝરિયા મુનિના ઘાતક રાજાને કેવલજ્ઞાન આવે એમાં આશ્ચર્ય કે અજુગતું કશું નથી. પાપના પ્રબળ સંતાપથી ધર્મની સાધનામાં જોમ અને જોસ આવે છે. કેમકે પાપ પ્રત્યે ભારે ઘૃણા થાય, ભારે અભાવ થાય, એટલે સહેજે પાપના પ્રતિપક્ષી ધર્મ પર ભારે સદ્‌ભાવ અને ચાહના થાય. 'પાપ તદ્દ્ન કરવા જેવા નહિ, એટલે ધર્મ બહુ જ કરવા જેવો.' એવું મનને લાગી જાય. દા.ત. જુઓ, પગ નીચે કીડી ચગદાઇ, ટળવળે છે, ખબર પડી, ત્યાં જો એનો પ્રબળ સંતાપ થયો તો અહિંસા ધર્મ પર ભારે ચાહના થાય, અહિંસા જ કરવા જેવી લાગે, એટલું જ નહિ પણ હિંસા કરાવનારું હરવા-ફરવાનું મૂકી પ્રભુભક્તિ, સામાયિક, શાસ્ત્ર-સ્વાધ્યાય વગેરે ધર્મ કરવાનું મન થાય, એ કરવાની વૃત્તિ વધે. મનને થાય કે 'બળ્યું આ હરવા-ફરવાનું ને મફતિયા શોખના કામ કરવાનું ! એના કરતાં પ્રભુભક્તિ, સાધુસત્સંગ, વગેરે ધર્મપ્રવૃત્તિ સારી.'

પાપનો પ્રબળ સંતાપ પાપ પર ઘૃણા કરાવે, ઉપરાંત પાપની પ્રેરક પ્રવૃત્તિ પર પણ અભાવ કરાવે, ને ધર્મપ્રવૃત્તિની સારી ચાહના ઊભી કરાવે, ધર્મપ્રવૃત્તિમાં વેગ લાવી દે.

**સુવ્રત મુનિની રાજા પર દયા :-**

એટલે જ શાસ્ત્રોમાં એવા પ્રસંગો જોવા મળે છે, જેમાં એક વખતના મહાપાપ આચરનારાને કોઇ ગુરુની દયા થઇ, પાપ પર ઘૃણા થઇ, પાપના પ્રબળ સંતાપ ઊભા થયા. તો પછી એ જે ધર્મપ્રવૃત્તિમાં લાગ્યા તે એવી હૈયાની ચાહના સાથે અને એવા વેગથી લાગ્યા કે ટૂંક સમયમાં આત્માની મહાઉન્નતિ કરી દીધી. જુઓ ઝાંઝરિયા મુનિનો ઘાતકરાજા પાપસંતાપથી ચડી ગયો ને ?

પેલા સુવ્રત મુનિ પર શિકારી કૂતરા છોડનાર રાજા, જ્યાં જોયું કે કૂતરા મુનિના ધર્મતેજમાં અંજાઇ જઇ મુનિના ભક્ત જેવા બની ગયા ! ત્યાં એને પાપના ભારે સંતાપ થવાથી હવે જીવવું ઝેર જેવું લાગે છે, આપઘાત કરવા તૈયાર થઇ જાય છે ! પણ દયાળુ મુનિ એને હાથમાં રહેલા માનવજન્મની મહાકિંમત સમજાવે છે. કહે છે-

**'જો આપઘાતથી તું મરીશ, પણ તારાં પાપ નહિ મરે'**

પરંતુ જ્યાં સુધી આ જનમ હાથમાં છે ત્યાં સુધી પાપનાં નિરાકરણ માટે અને આત્મામાં સુકૃતોના સંચય ભરી લેવા માટે મહાન તકો છે, સોનેરી અવસર છે. પરંતુ જો જનમ જ ગુમાવી દીધો, તો પછી એ બધા પાપનિકાલ અને સુકૃત-સંચયોની તક ગઇ ! રાજા પૂછે છે-

પ્ર૦-પરંતુ શું આવા મારા ભયંકર પાપનો નિકાલ થઇ શકે ?

ઉ૦-જરૂર થાય, જ્ઞાનીઓ કહે છે, અહિંસા સંયમ અને તપધર્મથી આ શું, કિંતુ આનાથી પણ મોટાં અને તે પણ માત્ર આ જન્મના નહિ કિન્તુ જન્મો-જન્મના પાપ નાશ પામી જાય છે ! જો આ સાધનથી પાપ નષ્ટ ન થતા હોત તો જીવનો કદી ઉદ્ધાર જ ન થાય. કેમકે જીવ સમયે સમયે દુષ્ટ અધ્યવસાયોથી ઢગલો પાપો બાંધ્યા કરવાનું કરે છે. એનો નિકાલ ભોગવી ભોગવીને કરવાનો હોય તો તો અંત જ ન આવે, કેમકે બાંધવાના ઘણાં, ને ભોગવવાનાં થોડાં. વળી પૂર્વ પાપ ભોગવતો હોય ત્યારે પણ દુષ્ટ અધ્યવસાયોથી નવાં નવાં કર્મ બાંધવાનું જોરદાર ચાલુ છે. એટલે સામાન્ય રીતે આવક વધારે, જાવક થોડી. પણ એનો નિકાલ એટલા માટે આવે છે કે ભોગવવા સિવાય અહિંસા-સંયમ-તપ એ ત્રણ સાધનથી થોકબંધ પાપો નષ્ટ થઇ જાય છે, ને એમ કરતાં કરતાં એક સમય એવો આવીને ઊભો રહે છે કે

જ્યારે ઉત્કૃષ્ટ અહિંસા-સંયમ-તપથી સર્વ પાપનાશ બની આવે છે. માટે કહેવાય છે કે

**મનુષ્ય જન્મ એ સર્વપાપનાશ અને સુકૃતસંચયનું અનન્ય કારણ છે.**

તેથી જ્યાંસુધી મનુષ્ય જન્મ હાથમાં છે ત્યાંસુધી આ કાર્ય થઇ શકશે. આપઘાતથી જન્મ ખોઇ નાખ્યે આમાનું કશું નહિ બની શકે.

મુનિ રાજાને કહે છે, 'જો મહાનુભાવ ! જ્યારે અહિંસા-સંયમ-તપથી યુગજુના જન્મોનાં નાના મોટાં પાપો નષ્ટ થઇ જાય છે, તો પછી તારું આ જન્મનું પાપ એનાથી કેમ નષ્ટ નહિ થઇ જાય ?

બસ, રાજાને મુનિને ફાફેડી નખાવવા શિકારી કૂતરા છોડી મૂક્યાના ઘોર પાપનો પ્રબળ સંતાપ તો હતો જ, અને એથી જ તો એ આપઘાત કરવા તૈયાર થયો હતો, પરંતુ હવે સાચો ઉપાય જાણવા મળતાં રાજા ત્યાં ને ત્યાં જ અહિંસા-સંયમ-તપને અપનાવી લેવા તૈયાર થઇ ગયો ! અત્યાર સુધી કશો ધર્મનો અભ્યાસ ખરો ? ધર્મનો અભ્યાસ ? જેને જંગલનાં નિર્દોષ હરણિયાં સસલાં જેવા પંચેન્દ્રિય પશુઓના શિકાર કરવા જોઇતા હતા, એ રાજા વિષયલંપટ પણ કેવોક હશે ? પરિગ્રહની તૃષ્ણા-મમતા પણ એને કેવીક હશે ? આવાને ધર્મનો અભ્યાસ ? હજીની ઘડી સુધી જેને ધર્મનો કશો અભ્યાસ નહિ, એ ચારિત્ર લે !

**ધર્મના અભ્યાસ વિના ચારિત્ર લેવાય ? :-**

તમે કેમ ચારિત્ર લેવા તૈયાર નહિ ? કહેશો 'હજી કાંઇ એવો ધર્મનો અભ્યાસ નથી. અથવા કહેશો પુણ્યનો ઉદય નથી.' પરંતુ એ બહાનાં છે. આ રાજા સામે જુઓ. ખરી વાત તો પાપોનો પ્રબળ સંતાપ નથી. રાજા અત્યારે એકદમ જ સર્વથા સંસારત્યાગ કરી અહિંસા-સંયમ-તપમય મહાન ચારિત્રધર્મ લેવા તૈયાર થઇ જાય છે ! કારણ કાંઇ ? એજ, કે એને પાપસંતાપ, પાપનો પ્રબળ બળાપો છે. એ પ્રબળ પાપસંતાપે ધર્મનો વેગ એવો લાવી મૂક્યો કે સામાન્ય ત્યાગ નહિ, સામાન્ય વ્રત-નિયમ નહિ, સામાયિક પૂજા નહિ, કિન્તુ સર્વ સંસારત્યાગ ! સર્વવિરતિ-ચારિત્ર ! સૂક્ષ્મમાં સૂક્ષ્મ હિંસા પણ નહિ એવી અહિંસા વગેરેના મહાવ્રત પર એ ચડી ગયો !

કારણ મન પર આ ખ્યાલ છે કે,

**'પાપ કરવામાં પાછું વળી જોયું નથી, પાપ ભયંકર કર્યાં છે, તો હવે એનો નિકાલ કરનાર ધર્મ પણ ઉત્કૃષ્ટ કરવાનો, અને તે કરવામાં પાછું વળીને જોવાનું નહિ.'**

**ધર્મની ભૂખ-તમન્ના-કદર કેવી ? :-**

બસ આપણે આપણાં પૂર્વ જનમનાં ભયંકર પાપો અને આ જન્મના કેઇ પાપોનો પ્રબળ સંતાપ ઊભો કરી એ પાપોની સામે ધર્મની આ ભૂખ, આ તમન્ના, આ કદર, ઊભી કરવાની છે.

ધર્મની ભૂખ કેવી કે પહેલાં જેવા રસથી પાપ ખપ્યાં, એવા રસથી હવે ધર્મ જ ખપે,

ધર્મની તમન્ના કેવી, કે પહેલાં પાપ કરતાં પાછું વળીને જોયું નથી, હવે ધર્મ કરતાં પાછું વળીને જોવું નથી,

ધર્મની કદર કેવી, કે પહેલાં 'પાપ વિના ચાલે જ નહિ' કરેલું, તે હવે 'ધર્મ વિના ચાલે જ નહિ' એમ કરવું છે. પ્રબળ પાપસંતાપ પર આ સહેજે આવે.

**''ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા.**

**ચરણ-કરણ વિપ્પહીણો બુડ્ડઇ સુબહુંપિ જાણંતો.''**

જ્ઞાનીનો આ ઉપદેશ કે 'સંસાર-સમુદ્રમાં ઊંચો આવેલો તું હવે ફરી પાછો નીચે ડૂબવાનો ધંધો ન કરીશ. ધ્યાન રાખજે, ચારિત્ર અને એના આચાર-વિચાર વિનાનો માણસ ડૂબી જાય છે, પછી ભલે એ સુબહુ પણ જાણકાર હોય.'

એના પર મહારાજા કુમારપાળ, ૧૮ દેશના સમ્રાટ છતાં શ્રાવક જીવનનાં કેવા બારવ્રતરૂપી ચારિત્ર અને એના આચાર-વિચારના પાલક હતા ! એ આપણે વિચારતા હતા એમાં કારણ તરીકે એમની પૂર્વ જનમની પુણ્યાનુબંધી પુણ્યની કમાઇ વિચારતા હતા. એના પર એવાં પુણ્ય શી રીતે ઊભા થાય ? એનો વિચાર ચાલ્યો એમાં પુણ્યાનુબંધ-શુભ અનુબંધનાં ત્રણ કારણ બતાવ્યા-

(૧) પાપનો પ્રબળ સંતાપ.

(૨) બહુ ગદ્‌ગદ દિલે ધર્મની સાધના.

(૩) ધર્મસાધનામાં તદ્દન નિરાશંસભાવ.

આમાં પહેલા કારણ તરીકે 'પાપનો પ્રબળ સંતાપ' વિચાર્યો, હવે બીજું કારણ ગદ્‌ગદ દિલે ધર્મસાધના વિચારીએ.

**(૨) ગદ્‌ગદ દિલે ધર્મસાધના :-**

ધર્મસાધના અહોભાવવાળી થવી જરૂરી છે, તો એનાં ઊંચા ફળ આવે.

ઊંચા પુણ્યાનુબંધી પુણ્ય ઊભા થાય, મહારાજા કુમારપાળનાં જીવનમાં કેમ ધર્મની જાહોજલાલી હતી ? પૂર્વ ભવેથી ઊંચા પુણ્યાનુબંધી પુણ્ય લઇ આવેલા માટે અહીં પૂર્વના પુણ્યના યોગે ૧૮ દેશના સમ્રાટપણાની સમૃદ્ધિ મળેલી. એમાં પણ ધર્મબુદ્ધિ જ્વલંત હતી,

**જીવનમાં ધર્મની જાહોજલાલી જ્વલંત ધર્મબુદ્ધિથી આવે છે.**

જ્વલંત ધર્મબુદ્ધિ પુણ્યાનુબંધથી મળે છે. પૂર્વ ભવેથી પુણ્યાનુબંધો યાને શુભઅનુબંધો સારા લઇ આવ્યા હોઇએ, તો એના પ્રતાપે અહીં સદ્‌બુદ્ધિ મળે, ધર્મબુદ્ધિ મળે. એ શુભાનુબંધના ૩ કારણ જોયા, (૧) પાપનો પ્રબળ સંતાપ, (૨) ધર્મસાધનામાં ભારે અહોભાવ, ગદ્‌ગદ દિલ, રોમાંચ, અપૂર્વ હર્ષ, અને (૩) ધર્મસાધના નીતરતો નિરાશંસભાવ. આ ત્રણ કારણોનો વિચાર કરી રહ્યા છીએ, એમાં જોવાનું છે કે એ ત્રણ રાજા કુમારપાળને પૂર્વ ભવે ઉત્તમ કોટિના સધાયા હશે તેથી જ તો અહીં ૧૮-૧૮ દેશની ઠકરાઇ વચ્ચે જ્વલંત ધર્મબુદ્ધિ રહે છે !

**કુમારપાળને જ્વલંત ધર્મબુદ્ધિ પૂર્વની ગદ્‌ગદ ધર્મસાધનાને લીધે :-**

પૂર્વભવે કુમારપાળના જીવને પાપિષ્ઠ વ્યસની અને બહારવટિયાના જીવન પછી ગુરુયોગ મળતાં એણે પાપિષ્ઠ જીવન બદલી નાખી ધર્મી જીવન બનાવ્યું, ગુરુના સાંનિધ્યમાં રહી ધર્મસાધના કરી રહ્યા હતા, તે પૂર્વના પાપોનાં સંતાપવાળી તો ખરી, ઉપરાંત આવી અહોભાવવાળી અને ગદ્‌ગદ દિલવાળી સાધના એટલે જ જ્યાં પોતાની સર્વસ્વ મૂડીરૂપ પાંચ કોડીના ફૂલથી જિનેન્દ્ર ભગવાનની પૂજાનો અવસર આવ્યો ત્યાં એ પૂજાધર્મની સાધનામાં ભારે અહોભાવ ગદ્‌ગદ દિલ અને અપૂર્વ હર્ષોલ્લાસ ઝગમગી રહ્યા હતા ! એથી ઊંચા પુણ્યાનુબંધ ઊંચા શુભાનુબંધ ઊભા કરેલા, એનો પ્રતાપ હતો કે પછીના કુમારપાળ સમ્રાટના ભવમાં ૧૮ દેશની ઠકરાઇ વચ્ચે ઊંચી ધર્મબુદ્ધિ ઝગમગતી રહી !...

**ધર્મસાધનાની ચાર ખાસિયત છે.**

(૧) અહોભાવ. (૨) ગદ્‌ગદ દિલ. (૩) અપૂર્વ હર્ષોલ્લાસ. (૪) રોમાંચ.

**(૧) અહોભાવ** :-અહોભાવ એટલે અહો અહો થાય. દા.ત. કોઇ ચમત્કારી વાત બની આવે ત્યારે 'અહો ! અહો !' થાય છે ને ? એ અહોભાવ છે.

નવકાર મંત્રની કથામાં શિવકુમારનો પ્રસંગ આવે છે ને ? ધર્મી બાપે

એને સુધરવા ઘણું કહ્યું પણ શિવકુમારે જુગારનું વ્યસન છોડ્યું નહિ. ત્યારે છેવટે બાપે મરતા પહેલાં એટલું કહેલું કે 'જો ભાઇ ! ક્યારેય પણ આપત્તિ આવે ત્યારે નવકારમંત્ર યાદ કરજે.' થયું ? બાપ મર્યો અને શિવકુમારે પછીથી જુગારમાં બાપની બધી મૂડી ખલાસ કરી નાખી ! એ સાવ ચિંથરેહાલ થઇ ગયો. કાંઇ ધંધો નહિ, નોકરી નહિ, ત્યારે આમ તેમ રખડતો ભટકતો એક માયાવી જોગીના પાશમાં ફસાયો.

**જોગીના જાળમાં શિવકુમાર :-**

જોગીને સુવર્ણપુરુષ સિદ્ધ કરવો હતો. એની વિધિ આ-એમાં એક ઉત્તરસાધક જોઇએ. મોટો અગ્નિનો કુંડ કરી એની આગળ જોગી એનો જાપ જપતો બેસે, એક બાજુ ઉત્તરસાધકને બેસાડે, અને બીજી બાજુ એક મડદું રાખે. અમુક સંખ્યામાં જાપ થાય એટલે વેતાલ મડદામાં પેસીને, મડદાના હાથમાં તલવાર પકડાવેલી હોય, એના વડે ઊઠીને ઉત્તરસાધક પર તલવારનો ઘા કરી એને ઊંચકીને અગ્નિ ધીખતા કુંડમાં નાખે, એટલે એ પુરુષ સુવર્ણપુરુષ થઇ જાય.

હવે આમાં ઉત્તરસાધક તરીકે કોઇને જોગી શોધતો હતો, ને આ શિવકુમાર એને ભટકાઇ ગયો, કેમકે શહેર બહાર જંગલમાં જોગી જાપ કરતો બેઠો હતો ત્યાં શિવકુમાર જઇ ચડ્યો. જોગી પૂછે 'કોન બચ્ચા ? કોન હૈ ? શિવકુમાર દુઃખનો માર્યો દીનતાથી કહે છે-

'બાવાજી ! હું આ નગરના શેઠિયાનો દીકરો, પણ જુગારમાં બાપની બધી મૂડી ખોઇ બેઠો છું, અને હવે ખાવાના સાંસા છે,'

જોગી કહે 'અહો ! એમ છે ? તો એક કામ કરીશ ? મારે સુવર્ણપુરુષ સિદ્ધ કરવો છે. તારે ઉત્તરસાધક બનવાનું. હું એક મડદા પર જાપ જપીશ ત્યાં જાપ પૂરો થતાં મડદું અગ્નિકુંડમાં પડી સુવર્ણપુરુષ થઇ જશે પછી તને જોઇએ તેટલું ધન આપીશ. બોલ બનીશ ઉત્તરસાધક ? આમ બેકાર ફરે છે એના કરતાં ચાલ મારી સાથે જંગલમાં અને આપણે સુવર્ણપુરુષ સિદ્ધ કરી લઇએ !'

શિવકુમારને સુવર્ણપુરુષ કેમ સિદ્ધ થાય છે એની ક્યાં ખબર હતી ? બેકાર હતો ને પૈસા જોઇતા હતા, એમાં વળી બહુ ઓછી મહેનતે ઢગલો પૈસા મળી જતા દેખાય છે, એટલે એણે તરત હાથ જોડી કહ્યું 'હા બાવાજી ! હું ઉત્તરસાધક બનીશ.

પણ પછી મને સારા પૈસા મળવા જોઇએ.'

બાવો કહે 'હા, હા, તું ફિકર ન કર. સુવર્ણપુરુષ સિદ્ધ થયા પછી તો રોજ એના સુવર્ણમય શરીરમાંથી જેટલા અંગ કાપી લો એટલા બીજે દિવસે પાછા એનામાં એટલા અંગ ફૂટી નીકળે ! આખો અખંડ સુવર્ણપુરુષ બની જાય એટલે તને મનમાન્યું સુવર્ણ આપવામાં મારે શી ખોટ પડવાની હતી ? અમે તો જોગી, એટલે અમારે તો એનાથી પરોપકારના કામ કરવામાં હોય. એમાં તું ઉત્તરસાધક થાય એટલે તો તને ન્યાલ કરી નાખું.'

શિવકુમાર ભોળવાયો. ભલો ભોળો આદમી ને મનને એ વિચાર નથી આવતો કે 'આ જોગી તો આમ કહે છે, પરંતુ લાવ, નગરમાં કોઇ સારા બે ચાર જણને પૂછું કે સુવર્ણપુરુષ આમ બનતો હશે ! મારે જોગી સાથે જવા જેવું છે ?' ના, આ કશું પૂછવા જવાનું એને મનમાં ય નથી આવતું. કારણ ? અત્યારે પૈસાનો ગરજુ થઇ ગયો છે, લોભ લાગ્યો છે અને કોઇ જાતના પૈસાના રોકાણ વિના તથા અલ્પ પ્રયત્નમાં પૈસા ઢગલો મળી જતાં દેખાય છે. એટલે હવે બીજાની સલાહ લેવાનું શું કામ મનમાં ય આવે ? કહે છે ને કે ગરજવાનને અક્કલ નહિ ?

**જીવનગુણ : પ્રધાનપુરુષ પરિગ્રહ :-**

'ધર્મબિન્દુ' શાસ્ત્રમાં સામાન્ય ધર્મ એટલે કે ગૃહસ્થની ભૂમિકાના ધર્મમાં એક ગુણ 'પ્રધાનપુરુષનો પરિગ્રહ' કહ્યો છે. અર્થાત્ સમાજમાં ગુણિયલ મુખ્ય પુરુષ હોય એને પોતાના વડિલ તરીકે રાખવો, જેથી અવસરે અવસરે મહત્ત્વના કાર્યમાં એની સલાહ લઇ શકાય અને અવસરે એ આપણને જરૂરી સાવધાની આપે, ખોટા રસ્તે જતા આપણને રોકે, જરૂરી કાર્યમાં આપણને જોડે એવી એને આપણે વિનંતિ કરી રાખવાની. આ ગુણ સાચવીએ તો આપણને કેટલું ય રક્ષણ મળે, પ્રેરણા મળે. શિવકુમારે આ કાંઇ રાખેલું નહિ, એટલે સીધો જોગીની જાળમાં ફસાયો. જોગીને હા પાડી અને એની સાથે ચાલ્યો જંગલમાં.

જોગીએ ત્યાં અગ્નિકુંડ જમાવ્યો. એક મડદું મસાણમાંથી તાણી લાવી ત્યાં મૂક્યું કુંડની એક બાજુએ, અને બીજી બાજુએ શિવકુમારને બેસાડ્યો, અને મંડ્યો જાપ કરવા. મડદાના હાથમાં તલવાર પકડાવી છે, અમુક જાપ થયો એટલે વેતાલ મડદામાં ભરાયો, અને મડદું એક હાથમાં તલવાર સાથે બેઠું થવા લાગ્યું.

અહીં શિવકુમાર ગભરાયો. એને શંકા પડી કે 'હાય ! આ મડદું મારા પર તો તલવારનો ઘા નહિ કરે ?' એના શરીરે કમકમાટી થઇ આવી મનને થયું કે રે ? હવે અહીંથી ક્યાં ભાગું ? ભાગું ને આ જીવતા જેવું મડદું પાછળ પડે તો ? હાય હું ક્યાં બહુ ધનના લોભમાં પડ્યો ?'

લોભ કેટલો ખતરનાક છે ! માણસ કોઇ પ્રકારના વધુ પડતા લોભમાં દોડે ત્યારે વિચાર નથી હોતો કે 'નથી ને આમાં કોઇ ભારે આફત આવી તો ?' પહેલાં આ વિચાર નહિ ને લોભમાં પ્રવૃત્તિ કરી ને ત્યાં અધવચ્ચે આફત આવી એટલે હવે કેમ ? ગભરામણનો પાર નહિ, લોભની અફસોસી પારાવાર, અને હવે પાછા વળવા સંયોગ જ નથી. એટલે રોવા સિવાય કાંઇ બને એવું નથી. જ્ઞાની ભગવંતો એટલે જ કહે છે કે-

**સર્વ દુઃખનું મૂળ લોભ છે, તૃષ્ણા છે.**

માટે જીવનમાં જેટલો લોભ ઓછો, તૃષ્ણા ઓછી, એટલું દુઃખ ઓછું આવવાનું. માણસ પરણે છે લોભમાં 'આમ સુખ ભોગવીશ, આમ આનંદ કરીશ', પરંતુ પછીથી સંસાર ચલાવતાં કેટકેટલી આફતો ! કહે છે ને કે 'પરણીને પસ્તાયા.' છડે છડાને કેટલા દુઃખ ? કેટલી ચિંતાઓ ? કેટલા સંતાપ ને કેટલી હાડમારીઓ ? ને પરણેલાને કેટલા દુઃખ ? કેટલી ચિંતા-સંતાપ અને હાડમારીઓ ? એમાં કોણ જીતે ? કોને દુઃખના પોટલાં વધારે ? પરણેલાને કે નહિ પરણેલાને ?

**સીતા તરછોડાતાં શું વિચારે છે ? દુઃખના પોટલાં લાવનાર લોભ છે, રાગ છે.**

એટલે તો સીતાજીને રામે જંગલમાં તગેડી મૂક્યા ત્યારે સીતાજીને આ વિચાર આવ્યો કે 'મારા ભગવાને તો આઠ વરસની ઉંમરે ચારિત્ર લેવાનું કહ્યું છે. પરંતુ મેં એ ન લીધું ને વિષયસુખના લોભમાં પડી, તો આ ભયંકર આફત જોવાના દિવસ આવ્યા. વિષયનો લોભ ખોટો. હવે તો જ્યારે માથેથી કલંક ઊતરે એટલે સંસારનો ત્યાગ કરી ચારિત્ર જ લઇ લેવાનું.'

આમ સીતાજીએ આ ભયંકર દુઃખમાં કારણ તરીકે પોતાના લોભને જોયો, એટલે પતિ રામચંદ્રજી પર જરાય ગુસ્સો કે અભાવ કરવાનો રહ્યો નહિ. પોતાના અશુભ કર્મને પણ બહુ જવાબદાર ન લેખ્યા, તેથી દીન દુખિયારા ન બન્યા. આ ફરક છે- તમે કર્મને દોષ દેવા જાઓ કે 'હાય ! મારા અશુભ કર્મ જ એવા કે આ દુઃખ

આવ્યું !' તો તમે દીનહીન બની જવાના. શું ?

**દુઃખમાં કર્મનો દોષ દેખશો તો દીનતા આવશે, પરંતુ જો તમે તમારી કોઇ ભૂલને દોષને કે પાપને જવાબદાર સમજો તો દીન ન બનતાં હવે એ ભૂલ-દોષ-પાપ સુધારી લેવા તરફ તમન્ના જાગશે.**

સીતા દીન નથી બન્યા અને આગળ પર દિવ્ય કર્યા પછી લોકમાં યશ ગવાઇ ગયો, કલંક ઊતરી ગયું, પતિ વગેરે મહેલમાં પધારવા આગ્રહ કરે છે, 'દુઃખના દહાડા ગયા હવે ભારે માનભેર ઠરીઠામ બેસવાનો અવસર આવ્યો છે,' છતાં એ બધું પડતું મૂકી સીધા ચારિત્ર લેવા ત્યાં ને ત્યાંથી જ નીકળી પડ્યા ! એ સૂચવે છે કે એમણે પહેલાં જ સંસાર માંડવાની ભૂલ સુધારી લેવાનો નિર્ધાર કરી લીધો હશે...

**સીતાની દીક્ષા કયાં સંજોગોમાં ? ને કઇ ગણતરી પર ? :-**

નહિતર બીજું તો કાંઇ નહિ, પણ રતન જેવા પોતાના બે બાળક લવણ અને અંકુશ તરફ દિલ ન ખેંચાય ? કે 'અત્યાર સુધી હું જ આમને આધારભૂત બનેલી, એમને તો મારા પર અથાગ રાગ તે અત્યારે આમને કેમ તરછોડાય ?' આટલું મનમાં ન આવે ? છોકરાને માતા પર પ્રેમ, તેમ માતાને લાયક અને પ્રેમાળ પુત્રો પર પ્રમ ઓછો હોય ? પરંતુ કેમ એ કોઇ ગણતરીમાં ન લીધું ? અને કલંક ઊતરી ગયું એટલે તરત જ કેમ ચારિત્રમાર્ગે નીકળી પડ્યા ? કહો, જંગલમાં તરછોડવાના ભયંકર અપમાન અને દુઃખની પાછળ પોતાની સંસારલંપટતાની ભૂલ જ કારણભૂત જોયેલી, અને એને હવે સુધારી લેવાનો સંકલ્પ કરી મૂકેલો તેથી હવે કલંક ઊતરી જતાં સંસાર જ છોડી દેવો છે, ત્યાં કોણ પુત્રો ? ને કોણ પતિ ? કોણ મહેલવાસ ને કોણ વનવાસ ? કોણ માનપાન ને કોણ ઠકરાઇ ? જોઇ લીધું, અનુભવી લીધું, હવે સંસારની જરૂર નથી.

**સંસારનો લોભ પાપોની ને દુઃખોની ખાણ છે.**

હવે અવસર આવી લાગતાં એ સંસારલોભના ફુરચા ઉરાડતાં શી વાર ? શાનો સંકોચ ?

પેલો શિવકુમાર હવે પસ્તાય છે કે 'હાય ! ક્યાં ઢગલો ધનના લોભમાં પડ્યો ?' પણ ત્યાં જ મરતા પિતાનું વચન યાદ આવ્યું કે 'આપત્તિ આવે તો નવકાર યાદ કરજે.' એટલે તરત એણે મનમાં નવકારમંત્ર ગણવા માંડ્યો.

એવા અવસરે નવકાર કેવા દિલથી યાદ કરાય ? શુષ્ક કોરાધાકોર દિલથી ? કે ગદ્ગદ ભીનાલચ દિલથી ? રાબેતા મુજબ નવકાર ગણાય ? કે ભરપૂર શ્રદ્ધાભર્યા દિલથી ગણાય ? ગળામાંથી નવકાર નીકળે ? કે નાભિમાંથી નવકાર નીકળે ? કહો,

❀ ❀ ❀ ❀ ❀ ❀

**મરણાન્ત કષ્ટના અવસરે નવકાર ગદ્ગદ અને શ્રદ્ધાભર્યા દિલથી ગણાય, અને એકમાત્ર શરણ માનીને ગણાય.**

મનને એમ થાય કે 'નમસ્કાર મહામંત્ર ! તું જ મારે એક આધાર છે. જગતની કોઇ વસ્તુ મને બચાવે એમ નથી, તું જ બચાવનાર, તું જ તારણહાર, તું જ મારે શરણભૂત છે.' આ રીતે નવકાર ગણાય એનો પ્રભાવ સામાન્ય સમજતા નહિ. એનો ચમત્કારિક મહા પ્રભાવ છે ! દિવસમાં ક્યારે એકવાર પણ આ રીતે ૫-૧૦ નવકાર પણ ગણો છો ? અસલ તો આજના કપરા કાળે રોજ સવારે ઊઠીને પહેલું કામ આ, કે આ રીતે ગદ્ગદ તથા મહાશ્રદ્ધાભર્યા દિલથી અને એક માત્ર શરણભૂત માનીને ૧૦૮ નવકાર ગણી લેવા જોઇએ, અને એનો ધ્વનિ નાભિમાંથી ઊઠવો જોઇએ. કરો શરૂ, અને એનો જીવન પર ચમત્કારિક પ્રભાવ જોજો.

પેલા શિવકુમારે જ્યાં એ રીતે નવકાર યાદ કરવા માંડ્યા કે દૈવી પ્રભાવે બેસવા જતું મડદું તરત નીચે પડી ગયું...

આ જોઇ જોગી ચમક્યો. હવે જાપ ચાલુ છતાં મડદું ઉઠતું નથી એટલે શિવકુમારને જોગી કહે,

અરે બચ્ચા ! શું તું કોઇ મંત્ર ગણે છે ?

શિવકુમાર કહે 'ભાઇસાબ ! હું અભણ, મને મંત્ર ક્યાંથી આવડે ? મંત્ર આવડતો હોત તો તો તમારી પાસે આવત જ શા માટે ?'

જોગી સમજ્યો-'વાત સાચી છે આ ગમારને મંત્ર શાનો આવડે ? મારા જ જાપમાં ખામી રહી લાગે છે,' એટલે હવે એણે નવેસરથી જાપ શરૂ કર્યો. પાછો ગણતરીનો જાપ થવા આવ્યો એટલે મડદું પાછું ઊંચું થવા માંડ્યું. ત્યાં તરત જ શિવકુમારે વળી એવા ગદ્ગદ ભાવ અને અતિ શ્રદ્ધાભર્યા દિલથી તથા એક માત્ર શરણભૂત માનીને મનમાં નવકાર ગણવા માંડ્યા.

**એના ગદ્ગદ દિલના નવકારના પ્રભાવથી વળી મડદું નીચે પડી ગયું.**

નવકાર આ શ્રદ્ધાથી ગણાય તો કેવું અલૌકિક ફળ દેખાડે છે !

આ જોતાં શિવકુમારની નવકાર પર શ્રદ્ધા ઓર વધી ગઇ પણ પેલો જોગી જુએ છે કે 'મારા જાપમાં ફરક પડે નહિ. તો પછી આમ કેમ થાય છે ? કેમ મડદું ઊઠીને આ છોકરા પર ઘા કરી એને ઉંચકીને અગ્નિના કુંડમાં કેમ નથી નાખતું ? નક્કી આ છોકરો કાંઇક મોટો મંત્ર ગણતો હશે.'

આવું લાગવાથી જોગી હવે તો ગુસ્સે થઇને ભૃકુટિ ચડાવી શિવકુમારને કહે 'બોલ રે છોકરા ? કયો મંત્ર ગણે છે ? બોલ, નહિ તો મારી નાખીશ !'

હવે શિવકુમાર ગભરાય એવો નથી. શરીર અલમસ્ત છે એટલે જોગી સાથે બાથંબાથીમાં ઊતરવું પડે તો ચિંતા નથી. એ તરત જોગીને કહે 'ભાઇ સાહેબ ! માફ કરો, ગુસ્સે શું કામ થાઓ. મને બુધ્ધુને મંત્ર શાનો આવડે ? મંત્ર આવડતો હોત તો તમારી પાસે આવત શું કામ ? જરાય શંકા ન કરો, આપ આપનું કામ ચલાવો, અને જલ્દી સુવર્ણપુરુષ બનાવી, મને સારું સોનું આપો, આપનો બહુ ઉપકાર માનું. હું તો સાવ દરિદ્ર થઇ ગયો છું.'

શિવકુમારને હવે તો નવકાર પર અજબ શ્રદ્ધા થઇ ગઇ છે એટલે જોગી ગમે તેટલો પોતાનો ઇષ્ટ જાપ કરે તેથી શું કામ ગભરાય ? જ્ઞાનીઓ કહે છે,

**'જસ્સ મણે નવકારો, સંસારો તસ્સ કિં કુણઇ ?'**

જેના મનમાં નવકાર રમે છે, તેને સંસાર શું કરી શકે ?

શિવકુમાર પેલા જોગીને 'હવે આગળ ચલાવો' એમ કહી શકે છે તે નવકાર પરની ભારોભાર શ્રદ્ધાથી કે 'જેના મનમાં નવકાર છે એને મોટો દુશ્મન કે મોટા જંતરમંતર વગેરે શું કરી શકે ?'

જોગી સમજ્યો કે આ છોકરાની વાત તો સાચી લાગે છે કે 'એને મોટો મંત્ર આવડતો હોય તો મારી પાસે આવે જ શું કામ ? બસ ત્યારે, હવે બરાબર એકાગ્રતાથી નવેસરથી જાપ કરવા દે.'

જોગીએ જાપ શરૂ કર્યો, અને અહીં શિવકુમારના મનમાં ગદ્‌ગદભાવે તથા એક માત્ર શરણ માનીને નવકાર ગણવાનું ચાલુ છે. જોગીએ ગણતરીનો જાપ પૂરો કરવાની તૈયારી છે ત્યાં જુઓ હવે શું બને છે.

**જોગીનો સુવર્ણપુરુષ :-** વેતાલ જુએ છે કે 'આ જોગી ગમાર લાગે છે બબ્બે

વાર મડદું ઊઠતું પાછું પડી જાય છે છતાં એને ગમ નથી પડતી કે એના જાપની સામે કોઇ મહાશક્તિ કામ કરી રહી છે. આ ગમ નથી એટલે જ જો જોગી હઠે ચડ્યો છે ને આ નિર્દોષ છોકરાના પ્રાણ લેવા મથે છે તો હવે એનો જ ઘાટ ઘડી નાખું'. એમ વિચારી વેતાલ જોગી પર ગુસ્સે ભરાઇ મડદામાં પેસી મડદાને ઊઠાડી તરત તલવારનો ઘા જોગી પર ઝીકાવી દીધો ! અને જોગીને ઊંચકીને અગ્નિકુંડમાં પટકી દીધો. જોગી બળી મરી સુવર્ણ પુરુષ થઇ ગયો !

**શિવકુમારનો નવકાર પર અહોભાવ :-**

શિવકુમારને આ જોતાં નવકાર મહામંત્ર પર અતિશય અહોભાવ થઇ ગયો. એના મનને થાય છે કે 'અહો ! અહો ! નવકારનો આ પ્રભાવ ? અહો ! અહો ! આવો મહાપ્રભાવવંતો નવકાર ?'

બસ, દરેકે દરેક ધર્મસાધના પર આવો અહોભાવ લાવવાનો છે, ને આવા અહોભાવ સાથે ધર્મસાધના કરવાની છે.

શિવકુમારે જોયું કે 'અહો ! નવકાર મહામંત્રે મને કેવો જોગીના પ્રપંચમાંથી બચાવ્યો ! કેવો મને અકાળ મોતથી બચાવ્યો ! અગ્નિમાં જીવતા સળગી મરવાની ઘોર પીડામાંથી બચાવ્યો ! અને કેવો આ સુવર્ણપુરુષ મને ભેટ આપ્યો !

'અરે ! જો માત્ર નવકાર-સ્મરણના ધર્મનો આટલો બધો પ્રભાવ, તો દેવદર્શનાદિ બીજા ધર્મોનો કેટલો બધો પ્રભાવ ? હું કેવોક મૂરખ કે પિતાજીની ઘણી ઘણી પ્રેરણા છતાં અને શ્રાવકકુળમાં જન્મેલો છતાં ધર્મ ભૂલ્યો ? જુગારના વ્યસનના મહાપાપમાં ફસ્યો ? અહીં મોંઘી માનવજિંદગીના કિંમતી વર્ષો બગાડ્યા ?'

**સુવર્ણપુરુષનો આનંદ વધે ? કે ધર્મ ભૂલ્યાનો ખેદ વધે ? :-**

બોલો, શિવકુમારને સુવર્ણપુરુષ મળ્યાનો અત્યંત આનંદ હોય ? કે ધર્મ ભૂલ્યાનો અત્યંત શોક હોય ? એને ધર્મ ભૂલ્યાનો ભારે શોક છે, કેમકે અહીં એ મરણાન્ત કષ્ટમાંથી બચ્યો છે. જે ધર્મે આ કરુણ મોતમાંથી બચાવ્યો, એ ધર્મનું મૂલ્ય કેટલું બધું લાગે ? એની આગળ સુવર્ણપુરુષ વિસાતમાં ન લાગે. એવા મહામૂલ્યવંતા ધર્મને ભૂલવાનો મહાખેદ મહાશોક થાય એ સ્વાભાવિક છે.

શિવકુમારને ધર્મ ભૂલ્યાનો પારાવાર પસ્તાવો થઇ રહ્યો છે અને નવકાર

આદિ ધર્મ પર ભારોભાર અહોભાવ ઊભો થઇ ગયો છે.

**ક્યાં ક્યાં અહોભાવ ? :-**

બસ આપણે પણ દરેકે દરેક ધર્મસાધના પર, નવકાર સ્મરણ-દેવદર્શન-દેવપૂજા...વગેરે દરેકે ધર્મ ઉપર શિવકુમારના નવકાર પરના અહોભાવની જેમ અહોભાવ લાવવાનો છે. ને એવા અહોભાવ સાથે ધર્મસાધના કરવાની છે.

એટલું જ નહિ, પણ દેવાધિદેવશ્રી જિનેશ્વર ભગવાન પર, ત્યાગી સદ્‌ગુરુ પર, જિનશાસન-જિનવચન પર, જિનમૂર્તિ-મંદિર-તીર્થો પર, તથા દયા-દાનાદિ જૈન ધર્મ પર તેમજ એને સાધી ગયેલા પૂર્વ પુરુષો ઉપર અહોભાવ લાવવાનો છે.

બોલો, આ દેવાધિદેવ વગેરે કઇ એક ચીજ પણ એવી છે કે જેના માટે અહોભાવ ન થાય ? એકેકનું સ્વરૂપ જોઇએ અને પૂર્વ પુરુષોમાં એની આરાધનાના ચમત્કારિક પરિણામ જોઇએ તો સહેજે અહોભાવ થઇ જ જાય.

**રાજા વજ્જંઘનો ધર્મ પર અહોભાવ :-**

રાજા વજ્જંઘ શિકારી હતો, એમાં એકવાર જંગલમાં શિકારના પ્રયત્નમાં હતો, ત્યાં મુનિ મળ્યા. એમણે એને શિકાર એ ભયંકર દુષ્કૃત્ય છે. એમ સમજાવ્યું, સાથે કહ્યું 'આ ઉત્તમ ભવમાં તો જગત દયાળુ જિનેશ્વર ભગવાને ઓળખાવેલા એકેન્દ્રિય સુધીના સર્વ જીવોની દયા કરવાનો સોનેરી અવસર છે ! ત્યાં આ નિર્દોષ પંચેન્દ્રિય જીવોના ઘાત કરવાના ? એ તો જંગલી શિકારી પશુના ભવે ય કર્યું હતું, તે પાછું અહીં ઉત્તમ જનમ મળ્યા છતાં એ જ કરવાનું ? તો પછી ભવની ઉચ્ચતા ઉત્તમતા શી સફળ કરી ? તું રાજા છે તો હવાલદાર કરતાં તારી પોતાની બહુ મોટી ઉચ્ચતા સમજે છે, અને એ ઉચ્ચતાને સત્તા ઠકરાઇ, ઉચ્ચ સિંહાસનારૂઢતા, માન-મર્તબા આજ્ઞાકારિતા વગેરેથી સફળ કરવાનું સમજે છે, ને સફળ કરે છે, પણ એ વિચાર કે એના બદલે તું હવાલદારની જેમ જો ગુલામી, આજ્ઞાધીનતા, દ્વારપાલતા...વગેરે કરે, તો કેટલું બેહૂદું ! બસ એવી રીતે માનવ જનમની ઉચ્ચતાને તો ધર્મથી જ સફળ કરવી જોઇએ. એના બદલે માનવ શિકારી પશુની જેમ શિકાર ખાનપાન વગેરેથી સફળ કરે તો કેટલું બેહૂદું ? આપણે તો કુદરતનાં મોટા સંતાન એટલે આપણે તો કુદરતના નાના સંતાન માત્ર પર દયા કરવી જોઇએ. નહિતર હિંસાના દારુણ પરિણામ જનમ જનમ ભોગવવા પડે."

મુનિએ આ ઉપદેશ અને એ બતાવનાર જિનેશ્વર ભગવાન તથા એનું પાલન કરનાર ત્યાગી મુનિની ઓળખ આપી, એટલે રાજા પીગળી ગયો ! એની નજર સામે હિંસાથી અધમ જન્મોની પરંપરાની વિટંબણા આવી ગઇ, અને જિનેશ્વર ભગવાન તથા સદ્‌ગુરુ પર અહોભાવ આવી ગયો. એ અહોભાવ એવો પ્રગટ્યો કે એણે ત્યાં શિકાર છોડ્યો અને દયાદિધર્મ સ્વીકાર્યો એટલું જ નહિ પણ સમ્યક્‌ત્વ સ્વીકાર્યું, તથા એના મન પર આવેલા અહોભાવે એણે નિર્ધાર કર્યો કે 'જીવનમાં નમસ્કાર વંદન કરવા જેવા હોય તો આ દેવાધિદેવ અને સદ્‌ગુરુ જ છે. અહો ! કેવા દેવાધિદેવ ! અહો કેવા સદ્‌ગુરુ !'

**રાજાની પ્રતિજ્ઞા :-** આ રાજા વજ્જજંઘને દેવ-ગુરુ પર અહોભાવ પોતાની પૂર્વ પાપિષ્ઠ સ્થિતિ જોઇને એટલો બધો વધી ગયો, 'અહો ! મારા જેવા શિકારી પશુનું કામ કરનારને આવા દેવાધિદેવ અને નિર્ગ્રન્થ ગુરુ મળી ગયા ? મારા અહોભાગ્યનો પાર નથી. અહો ! જગતમાં આવા દેવગુરુ આર્યદેશ વિના બીજે ક્યાં મળે ?' આમ અહોભાવ જોરદાર ઊભો થવાથી એણે પ્રતિજ્ઞા કરી કે 'અહો જો આવા અતિદુર્લભ દેવગુરુ મને મળી ગયા, તો મારે એ જ નમસ્કરણીય હો. એમના સિવાય બીજાને નમવાનું શાનું હોય ? બીજાને હું નમું નહિ.'

જુઓ ખૂબી જોવાની છે, આ વજ્જજંઘ રાજા મોટા સિંહરથ રાજાનો એક ખંડિયો રાજા છે, એટલે અવસરે એને સલામી ભરવા આ વજ્જજંઘે જવું પડે, તો પછી વીતરાગદેવ અને નિર્ગન્થ ગુરુ સિવાય બીજાને નમું નહિ એવો સંકલ્પ શું આ વિચાર કર્યા વિના કર્યો કે 'મારે મોટા રાજાને નમવા જવું પડશે એનું કેમ ?'

**ધર્મ પર અહોભાવ આવે તો કાયરતા ન રહે :-**

જુઓ, માણસના દિલમાં જ્યારે કોઇ સારી વાતનો બહુ ઉમળકો આવે છે ત્યારે બીજા ત્રીજા કાયરતાના વિચાર મનમાં ઊઠતા જ નથી. અહીં રાજાને વનમાં મુનિ પાસેથી બોધ મળ્યાથી આ સ્થિતિ ઊભી થઇ છે કે એને ન દેખ્યાનું દેખવા મળ્યું છે ! તેથી દિલમાં એ દેવ-ગુરુ-ધર્મ મળ્યા પર અત્યંત અહોભાવ ઊભો થઇ ગયો છે કે 'અહો ! અહો ! આજ સુધી મેં સ્વપ્નમાં પણ નહિ જોયેલ કે ક્યારેય નહિ સાંભળેલ આવા ઉત્તમોત્તમ તારણહાર દેવ-ગુરુ-ધર્મ મને મળ્યા ? આ શું ? માત્ર

આ જનમમાં નહિ, પણ પૂર્વના કેઇ જન્મોમાં આ નહિ મળ્યા એટલે જ આવા ઉચ્ચ આર્ય દેશમાં ઉચ્ચ મનુષ્ય જનમમાં આવવા છતાં નિર્દોષ સસલા હરણિયા જેવા પંચેન્દ્રિય પ્રાણીઓને જીવતા રેંસી નાખવાના અતિક્રૂર કર્મના શોખમાં લીન બનેલો ! એ જન્માંતરોમાં જે દયાળુ દેવાદિદેવ સદ્ગુરુ અને સદ્ધર્મ નહિ મળવાથી મારી આવી હલકી-અધમ-નીચ દશા હતી, એ દેવાધિદેવ, ગુરુ અને ધર્મ અહો ! હવે અહીં મને મળ્યા ? મારા ભાગ્યની અવધિ નથી'

આ અહોભાવ એટલો બધો ઊંચો આવેલો છે કે એમાંથી 'આ દેવ-ગુરુ-ધર્મનું જાણે શું ને શું સન્માન-બહુમાન હું કરી લઉં !' એમ અતિ ઉમળકો રાજાના દિલમાં આવે છે ને આ પ્રતિજ્ઞા કરે છે કે આ દેવાધિદેવ અને નિર્ગ્રન્થ ગુરુને છોડી બીજાને નમવું નહિ. નમવું, વંદના કરવી, તો આમને જ.'

આવો બહુ ઉમળકો જાગ્યો એ વખતે તે શું વિચાર કરવા બેસે કે 'પણ ઊભો રહે, મારાથી આ સંકલ્પ પાળવાનું બરાબર બની શકશે ?' ના, એ તો કાયરતાનો વિચાર છે. અહોભાવ જાગ્યા પછી ઉમળકો ઉછાળો છે, અને કામ કેટલું કે બીજાને નમસ્કાર નહિ કરવાનો એટલું જ. એમાં શા કાયરતાના કે બીજા ત્રીજા વિચાર લાવવા ?

શાસ્ત્ર કહે છે

**'કર્મો તો વિચિત્ર ઉદયવાળા છે, એમાં તમે જો પુરુષાર્થનું સાહસ ન કરો, તો કર્મો તો તમને દબાવતા જ રહેવાના છે. માટે પુરુષાર્થનું સાહસ કરો.'**

**ક્રોધ દબાવવા પુરુષાર્થનું સાહસ :-**

દા.ત. ક્રોધનો સ્વભાવ પડી ગયો છે, એ પૂર્વના 'ક્રોધમોહનીય' કર્મ ક્રોધ કરાવે છે,' એમ હાથ જોડી બેસી રહો, ક્રોધને રોકવા કશો પુરુષાર્થ ન કરો, તો એ માથે ચડી જ બેઠા છે તે ક્રોધ કરાવ્યા જ કરશે. પછી ઊંચા જૈન માનવ જનમમાં આવ્યા છતાં શું કમાયા ? ત્યારે ત્યાં પુરુષાર્થનું સાહસ કરવું જોઇએ. દા.ત. સાહસ આ, કે નિયમ રાખી લીધો કે ક્રોધ થઇ જાય તો આટલો દંડ ભરવો.

**ક્રોધ દબાવવા પુરુષાર્થના સાહસનું દ્રષ્ટાન્ત :-**

બહુ વરસો પહેલાં મુંબઇમાં મારે સમરાદિત્યના વ્યાખ્યાન ચાલતા હતા, એક ભાઇ મારી પાસે આવ્યા, મને કહે 'ગુરુજી ! આ અગ્નિશર્માના ગુસ્સાના

ભયંકર પરિણામ આપ બતાવો છો, તો મને એમ થાય છે કે મારે ગુસ્સો ઘણો આવે છે, તો મારું શું થશે ? હું બે પૈસે સુખી માણસ છું. કોટ કોલાબા વચ્ચે મારે બંગલો છે. શેર બજારનું કાર્ડ છે, મારે એનો ધંધો, ને દીકરાને ય કરાંચી સુધીનો વેપાર ચાલે છે. ઘરનો હું વડેરો, તે જરાય કોઇની ભૂલ મારાથી સહન થતી નથી, ઝટ ગુસ્સો કરવા જોઇએ છે. મારે આ જનમ પછી ક્યાં ભટકવાનું ? બસ, આ સમરાદિત્યના વ્યાખ્યાન સાંભળતાં હવે ગુસ્સા ઉપર નફરત વરસે છે, ને એ નિયમ વિના બંધ નહિ થાય માટે મને બાધા આપી દો. મારે ગુસ્સો નહિ કરવો.'

ત્યારે મેં એમને કહ્યું 'જુઓ એમ ગુસ્સાની બાધા ન થાય, એ પળે નહિ, કેમકે એ કર્મના ઉદયનો સવાલ છે, ક્રોધ-મોહનીય કર્મ ઉદયમાં આવ્યું એટલે અંતરમાં ઝટ ગુસ્સો સળવળવાનો. ત્યાં પછી બાધા ક્યાં પળી ?'

મને એ ભાઇ કહે, 'તો પછી ગુરુજી ! મારે શું દુર્ગતિઓમાં ભટકવું ? બાધા વિના આ ગુસ્સો અટકે એવો નથી...'

મેં કહ્યું ''એમ કરો, એવો નિયમ લો કે 'બહાર ગુસ્સો પ્રગટ થઇ જાય તો અમુક દંડ ભરવો,' એટલે ૨-૪ વાર દંડ ભરતાં ભરતાં ગુસ્સા પર અંકુશ આવી જશે.''

ભાઇને ગુસ્સો દબાવવો તો હતો જ, એટલે નિયમ માગ્યો. મારા મનને ત્યાગ, અથવા શુભ ખાતે એક રૂપિયો કે પાંચ રૂપિયા આપી દેવા, કે એક બાંધી માળા ગણવી, કે એક સામાયિક કરી આપવું...' ના, આવો મામૂલી દંડ નહિ, એ ભાઇ તો કહે-'તો ગુરુજી આપી દો બાધા,

**બહાર ગુસ્સો પ્રગટ થઇ જાય તો મારે બીજે દિવસે ઉપવાસ કરવો.'**

મેં એમને કહ્યું, 'ભાગ્યશાળી તમે કહો છો ગુસ્સાનો મારો સ્વભાવ છે, તો તમે કેટલીવાર ગુસ્સાના કેટલા ઉપવાસ કરશો ?'

મને કહે 'જુઓ ગુરુજી ! ઉપવાસનો દંડ છે એટલે તરત ગુસ્સા પર કાબુ આવી જશે, ને કદાચ ગુસ્સા પર એવા બે પાંચ ઉપવાસ કરવા પડશે તો એમાં શો બહુ વાંધો આવવાનો છે ? પણ પછી લાઇન કલીયર ! ક્ષમાની સહિષ્ણુતાની ગાડી સીધી સડસડાટ ચાલશે.'

એમની બહુ મક્કમતા દેખી એમને નિયમ આપ્યો. પછીથી એકવાર એ

ભાઇ મળ્યા ત્યારે મેં એમને પૂછ્યું 'કેમ પેલો નિયમ કેમ ચાલે છે ?'

**નિયમ પછી કલ્યાણ અનુભવ કેવો ? :-**

એ કહે 'ગુરુજી ! આપે તો મારા પર અનંત ઉપકાર કર્યો. નિયમ લઇને ગયા પછી દંડ તરીકે ઉપવાસનો મારા મન પર બહુ ભાર આવી ગયો, એટલે ઘરમાં કે બહાર હું બહુ સાવધ રહેતો કે મારાથી રખે ગુસ્સો ન થઇ જાય. એમાં એકવાર ભૂલ્યો. કોક પ્રસંગમાં ઝટ આવેશ આવી જતાં ગુસ્સો પ્રગટ થઇ ગયો. તરત ખ્યાલ આવી ગયો, બીજે દિવસે ઉપવાસ કરી લીધો, પણ પછીથી આ ઉપવાસની મન પર એવી સુરખી રહી કે બીજે દહાડે ત્રીજે દહાડે ચોથે દહાડે એમ ૭-૮ દિવસ સુધી ગુસ્સો ન થવા દઉં. એમાં વળી પછી પાછી ભૂલ થઇ ગઇ, પ્રસંગ આવતાં ગુસ્સો થઇ ગયો. પછી ખ્યાલ આવી ગયો તો બીજે દિવસે ઉપવાસ કરી લીધો. એમ ૪-૫ ઉપવાસ પડ્યા, પણ હવે તો ગુરુજી ! તે પછી ગુસ્સાનું નામનિશાન નીકળી ગયું છે. ઘરમાં બધાને લાગ્યું કે 'આ અમારા વડીલમાં શો જાદુ થયો છે કે હવે તો એ દેવના દૂત જેવા તદ્દન શાંતસ્વભાવી બની ગયા છે ! તો ઘરના બધાનું અને નોકરોનું પણ મારા પ્રત્યે માન વધી ગયું છે, સદ્ભાવ-પ્રેમ-આદર વધી ગયા છે. ગુસ્સાના આ પ્રત્યક્ષ લાભ ! ને પરલોકમાં તો લાગે છે કે હવે મારા માટે કર્મોના દરવાજા જ બંધ થઇ જવાના.' શું આ ?

મોહનીય કર્મના વિચિત્ર ઉદય તો ચાલુ જ છે, પરંતુ જો તમે નિયમના પુરુષાર્થનું સાહસ કરો તો એ કર્મ દબાઇ જવા સરજાયેલા છે.

**પુરુષાર્થનું સાહસ ન કરાય તો કર્મો તમને દબાવ્યા જ કરશે.**

પુરુષાર્થનું સાહસ કરવા માટે આ નિયમ લેવાનો તો એક દાખલો બતાવ્યો કે ક્રોધનો સ્વભાવ નિયમથી દબાવ્યો બદલી શકે છે. અહીં જો આ નિયમના પુરુષાર્થનું સાહસ ન કરે અને શું કરું મારા કર્મ જ એવાં છે કે 'મને ક્રોધ કરાવે છે ?' એમ કરી ક્રોધ કરતો જ રહે, કરતો જ રહે, તો શું કોઇ દિવસે ય એ ઊંચો આવે ? અગર 'નિયમ વિના જ પ્રયત્ન કરીશ' એમ મનમાં ભાવના રાખવાથી શું શક્યતા છે કે નિયમની જેમ કામ થાય ? ધર્મી જીવ સારી ભાવના તો કેટલીય રાખે છે, પરંતુ એ પ્રમાણે અમલ કેટલો થાય છે ? એ તો

**નિયમના પુરુષાર્થનું સાહસ કરે તો જ અમલની ગાડી નિયમના પાટા પર ચાલતી**

**રહે છે.** એક સવાલ છે-

પ્ર.-ખાલી પુરુષાર્થ કરો ન કહેતાં પુરુષાર્થનું સાહસ કરો કેમ કહો છો ?

ઉ.-સાહસ એટલા માટે કહેવાય છે કે નિયમનો જે પુરુષાર્થ કરવાનો છે તે નિર્ભીકપણે કરવાનો છે, અર્થાત્ 'નિયમ લઉં તો તે પળશે કે નહિ ? એવો ભય રાખ્યા વિના નિયમના પુરૂષાર્થમાં ઝંપલાવવાનું છે. અલબત શક્તિ બહારના નિયમની અહીં વાત નથી. બાકી યથાશક્તિ નિયમ લઇ એના પાલન માટે અરિહંતના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા ધરવાની. 'અરિહંત ભગવાનનો અચિંત્ય પ્રભાવ છે કે મારે નિયમ પાલન સારી રીતે થશે' એવો ભગવાન પર વિશ્વાસ રાખી **'યાહોમ કરીને પડો ફત્તેહ છે આગે'** એ સૂત્રાનુસાર નિયમના પુરુષાર્થમાં ઝંપલાવવાનું છે, માટે એને નિયમના પુરુષાર્થનું સાહસ કહેવાય.

**નિયમ માટે રુચિ, અવશ્ય કર્તવ્યતાનું ભાન, તથા પાકી ગરજ જરૂરી :-**

અસલમાં, વસ્તુની પૂરી રુચિ જોઇએ. વસ્તુ અવશ્ય કરવા જેવી લાગવી જોઇએ અને એની પાકી ગરજ જાગવી જોઇએ. પછી એના પુરુષાર્થનું સાહસ સહેજે થઇ આવે.

રાજા વજ્જંઘને આ રુચિ જાગી છે, પાકી ગરજ જાગી છે, કેમકે એણે ન દેખ્યાનું દેખ્યું, શિકારી અવસ્થામાં દેવ-ગુરુ-ધર્મની કશી એને જાણકારી નહોતી, તે જાણકારી અહીં મળી, એટલે એના પર અત્યંત અહોભાવ થઇ આવ્યો છે ! એના મનને થયું કે 'અહો ! મારા જેવા પાપી આત્માને આ દેવાધિદેવ અને આવા સદ્ગુરુની પ્રાપ્તિ ! આવી ધર્મસમજની પ્રાપ્તિ !'

આ અહોભાવમાં એણે આ 'દેવ-ગુરુ સિવાય બીજાને નમું નહિ,' એવા નિયમના પુરુષાર્થનું સાહસ કર્યું છે, અર્થાત્ નિર્ભીક અને નિઃશંકપણે નિયમ કર્યો છે.

એટલે જુઓ, મોટા રાજાને ક્યારેક ન છુટકે સલામી ભરવા જવું પડે છે તો હાથની વીંટીમાં ભગવાનની અતિ નાની મૂર્તિ રાખીને જાય છે, અને રાજાને તો નમસ્કારનો દેખાવમાત્ર, બાકી ખરેખર નમસ્કાર એ ભગવાનને આગળ કરીને કરે છે, અર્થાત્ વીંટી તરફ જોઇને અરિહંતને માથું નમાવે છે. પૂછશો-

પ્ર.-ધર્મમાં માયા કરાય ? એના કરતાં નિયમ ન કરવો શું ખોટો ?

ઉ.-આ પ્રશ્ન ધર્મની બિનગરજ અને ધર્મના કોડીના મૂલ્યાંકનમાંથી ઊઠે છે. કેમ જાણે 'ધર્મ ન કરીએ તો ચાલે એમાં કાંઇ નુકસાન નહિ ! પરંતુ માયા ન

કરાય. એ માયાથી મોટું નુકસાન !' આવી સમજ રાખી છે. પણ ખબર નથી કે ધર્મ વિના તો એક ઘડી ય ન ચાલે અર્થાત્ ધર્મ ન કરીએ એ ન જ ચાલે.

**ધર્મ વિના ન જ ચાલે, કેમકે ધર્મ વિના બહુ મોટાં નુકસાન છે.**

કારણ કે ધર્મ નહિ એટલે એકલું પાપજીવન જ ઊભું રહેવાનું. એમાં બહુ બહુ નુકસાન ! ત્યારે નિયમથી ધર્મ કરતા રહીએ એમાં ધર્મ સાચવવા ક્યારેક માયા કરવી પડે, એનું એવું નુકસાન નહિ.

આ એના જેવું છે કે ઘરમાં જિનમંદિર રાખવાની વાત આવે ત્યારે સામે ઢાલ ધરાય છે કે 'પણ આશાતના થઇ જાય તો બહુ મોટા પાપમાં પડવાનું થાય. માટે ઘરમંદિર રાખવું નહિ.' આ પણ કેટલી મોટી ગેરસમજ છે ? શાસ્ત્રવિધાન છે કે 'સો રૂપિયાની મૂડીવાળો ઘરમાં જિનમંદિર રાખે...' અને ઘરમાં જિનમંદિર રાખવાના અનેકાનેક લાભ પણ છે. એની ઉપેક્ષા કરવાના નુકસાન બહુ મોટા ! જ્યારે ઘરમંદિર રાખીને નથી કે ક્યારેક આશાતના થઇ તો એનું નુકસાન નાનું.

**અજ્ઞાન અને મૂઢ માણસને દુનિયાનું બધું અપેક્ષા કરવા જેવું લાગે છે, ને માત્ર એક ધર્મ જ ઉપેક્ષા કરવા જેવો લાગે છે ! એને ધર્મની ઉપેક્ષામાં કશું મોટું નુકસાન દેખાતું નથી.**

**સજ્ઞાન માણસની ધર્મસમજ :-**

ત્યારે સજ્ઞાન માણસ તો સમજે છે કે 'આ જગતમાં અનંત અનંત કાળથી ભટકતાં ભટકતાં દુનિયાનું બધું રુચ્યું છે, માત્ર ધર્મ જ રુચ્યો નથી ! ને તેથી જ જીવ અનંતા જનમ-મરણની પરંપરામાં અટવાયો રહે છે. ધર્મ રુચ્યા વિના આ અનંત જનમ-મરણની પરંપરાનો અંત આવે નહિ. એટલે મારે જો હવે જનમ-મરણની પરંપરાનો અંત અને મોક્ષ જોઇતો હોય તો મોટામાં મોટી અને પહેલામાં પહેલી રુચિ ધર્મની રુચિ કરવી જોઇએ. તે જ્યારે અહીં પ્રભુનું શાસન મળ્યું છે, છતાં ધર્મની રુચિ જો નહિ ઊભી કરું, દુનિયાદારી અને દુન્યવી વાતવસ્તુ જેવી રુચે એવો જ નહિ પણ એથી અધિક જો ધર્મ નહિ રુચે, તો પછી પરભવે જ્યારે શાસન નહિ મળ્યું હોય ત્યારે ધર્મ શી રીતે રુચવાનો હતો ? માટે અહીં મને ધર્મ પહેલો રુચે એવું કરું. મારે ધર્મ વિના ન જ ચાલે, ધર્મની મારે મોટામાં મોટી અપેક્ષા છે. હજી દુન્યવી કોઇક વાતવસ્તુ વિના ચલાવી લઇશ, એની ઉપેક્ષા કરીશ, પરંતુ ધર્મની તો જરાય ઉપેક્ષા

ન કરું. તરવાનું છે ને સદ્ગતિ મેળવવાની છે તે ધર્મથી જ બનવાનું છે.'

**ધર્મની મોટી અપેક્ષાવાળો આશાતનાનું બહાનું ન કાઢે :-**

આમ ધર્મનો મોટો અપેક્ષાભાવ જાગ્યા પછી એમાં આશાતનાનું બહાનું કાઢી એનાથી એટલે કે ધર્મથી દૂર ભાગવાની વાત રહેતી નથી. આશાતનાદિનાં બહાનાં ધર્મની ઉપેક્ષામાંથી ઊભા થયેલા છે. 'ધર્મ ન થાય તો વાંધો નહિ, પણ ધર્મની આશાતના ન થવી જોઇએ.' આ ધર્મની ઉપેક્ષાવાળાનું મનઘડંત સૂત્ર છે, ને એમાં મૂઢતા મૂર્ખતા જ છે.

સારાંશ, ધર્મપુરુષાર્થનાં સાહસ કરો. શાસ્ત્રકાર કહે છે-

**''ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા ચરણ-કરણ વિપ્પહીણો બુડ્ડઇ''**

'આ સંસારમાં મનુષ્ય જન્મ પામીને ઊંચે આવેલો તું ફરી નીચી ગતિઓમાં ડૂબીશ ના. ધ્યાન રાખજે, ચરણ-કરણ એટલે કે ધર્મના મૂળ વ્રતો અને ધર્મની કરણીઓ વિનાનો આત્મા નીચે ડૂબી જાય છે.'

જ્ઞાનીએ આ જે કહ્યું છે તે ધર્મવ્રતો અને ધર્મકરણીના પુરુષાર્થના સાહસ ખૂબ કરવાના, અને તે પણ અત્યંત જોમ-ઉલ્લાસ-ઉત્સાહવાળા કરવાના, એ સમજીને કહ્યું છે.

**ધર્મપુરુષાર્થના ત્રણ ઉપાય :** (૧) પાપ અને પાપી જીવનનો તીવ્ર સંતાપ, (૨) ધર્મસાધનામાં ભારે અહોભાવ, ગદ્ગદદિલ, અને અત્યંત કર્તવ્યબુદ્ધિ. તથા, (૩) ધર્મ કરવામાં નિરાશંસભાવ.

આમાં આપણે અહોભાવ વિચારી રહ્યા છીએ. જંબુસ્વામીના પૂર્વ ભવે ભવદેવે પહેલાં ચારિત્ર લીધેલું, અને ચારિત્ર પાળતા હતા, તે અહોભાવ વિના જ, કેમકે મનમાં પત્ની નાગિલા હતી, તેથી સંસારમાં જોડાઇ જવા મોટાભાઇ મુનિના સ્વર્ગવાસ પછી પાછા પોતાના ગામ આવ્યા, પરંતુ પત્ની નાગિલાની કુનેહથી ચારિત્રના મહામૂલ્યનો ખ્યાલ આવી ગયો, એટલે ચારિત્રમાં સ્થિર થઇ ગયા, અને પાછા વળી ગુરુ પાસે આવી આલોચના પ્રાયશ્ચિત્ત કર્યું અને હવે ધર્મ પર ભારે અહોભાવ છે 'અહો ! કેવું સુંદર અને મહાકિંમતી ચારિત્ર મને મળ્યું છે ! અહો ! કેવી ઉત્તમોતમ ચારિત્રની પવિત્ર ક્રિયાઓ મને મળી છે !' એમ અહોભાવ રહેવાથી ચારિત્રના પાલનમાં ભારે જોમ અને ઉત્સાહ જાગ્યો છે.

અહોભાવ આવે એટલે પછી એની આરાધનામાં દિલ ગદ્ગદ થાય, તે ભવદેવ મુનિ હવે જે ચારિત્ર પાળે છે એના એકેક આચાર અને અનુષ્ઠાનમાં ગદ્ગદતા અનુભવે છે. ગદ્ગદ એટલે ભીનું ભીનું. કેવું કે જેમ બિમાર પત્ની માટે કોઇ કિમિયાગર એવી દવા આપે કે જે વાટીને લેવાની હોય તો એ વાટતાં પતિને દિલ કેવું ગદ્ગદ હોય છે !

નમિ રાજાને દાહ જ્વરમાં ઠંડક માટે ચંદનના વિલેપન કરવા સારુ રાણીઓ પોતે ચંદન ઘસવા બેસી ગયેલ, તે કેવા દિલથી ઘસતી હશે ? શું કોરા શુષ્ક દિલથી ? ના, બહુ ગદ્ગદ દિલથી ઘસતી હશે. ચંદન ઘસતાં મનને થતું હશે કે 'વાહ ! આ મારું ઘસેલું ચંદન પતિને લગાડું ને બસ એમનો દાહ મટી જાઓ !'

**પ્રભુપૂજામાં કેવા કેવા અહોભાવ ? :-**

બોલો, પ્રભુપૂજા માટે આવા ગદ્ગદ દિલથી ચંદન ઘસો છો ? અને પછી પ્રભુને અંગે એનું વિલેપન ગદ્ગદ દિલે કરો છો ? પહેલા ખોળાનો બાબો હોય તો મા એને કેવા ગદ્ગદ દિલથી નવરાવે ? એમ પ્રભુને અભિષેક ગદ્ગદ દિલથી કરાય છે ખરો ?

''અહો ! કેવાં મારાં અહોભાગ્ય કે ત્રણ લોકના નાથને, અભિષેક મને મળ્યો ! પ્રભુ ! પ્રભુ ! આ તમારો અભિષેક મારા હૃદયના રાજ્યસિંહાસન પર અધિપતિ તરીકે સ્થાપવા માટે કરું છું. હવેથી મોહ નહિ, પણ તમે મારા રાજા. હવેથી મારે માથે મોહની આણા નહિ પરંતુ તમારી આણા વર્તો'' આમ અભિષેક વખતે ભાવના ચાલે તો ત્યાં દિલ ગદ્ગદ થાય, કેમકે નજર સામે મોહની આજ્ઞાના ફળમાં નરકાદિ દુઃખમય અનંત સંસાર તરવરે છે ! જ્યારે ભગવાનની આજ્ઞાના ફળમાં નજર સામે અનંત સુખમય મોક્ષ તરવરે !

વાત આ છે,. ધર્મસાધના ધર્મપ્રવૃત્તિ કરવાની તે અહોભાવ અને ગદ્ગદ દિલથી કરવાની. શાલિભદ્ર કેમ બન્યા ? પૂર્વ ભવે મજૂરણના ગમાર દીકરા 'સંગમ' તરીકે મુનિને ખીર વહોરાવેલી તે ભારે અહોભાવથી ને અત્યંત ગદ્ગદ દિલથી વહોરાવેલી, લુખ્ખા દિલથી કે રાબેતા મુજબની કરણી તરીકે નહિ. તો એ ગદ્ગદ દિલ પર પછીથી એ એ જ રાતે મર્યો ત્યાં સુધી એ ગુરુદયાની તથા એ ત્યાગની એ દાનની અનુમોદના જ કરતો રહ્યો.

**ગદ્ગદ દિલની કરણી ખૂબ યાદ આવે, સંગમનો અહોભાવ :-**

પાંચ વરસે પરદેશથી ખાસ સ્નેહી આવેલો મળે ત્યાં એને જોતાં એની સાથે વાત કરતાં અને એને જમાડતાં દિલ ગદ્ગદ થઇ જાય છે. અને એના ગયા પછી ક્યાંસુધી એનું દર્શન, એની મીઠી સ્નેહભરી વાતચીત, અને એની કરેલી સરભરા યાદ આવ્યા કરે છે. સંગમની એ સ્થિતિ હતી, તેથી એ ત્યાગના સંસ્કાર એવા જામ્યા એવા જામ્યા કે ભવાંતરે શાલિભદ્રના ભવે આજની દેવતાઇ નવાણું પેટીઓ પણ બીજે દિવસે માલ સાથે એંઠવાડિયા કૂવામાં પધરાવી દેવરાવતો !! દાનનો ઉપકાર કરનાર ગુરુ પર પણ એવું ગદ્ગદ દિલ હતું કે એ ગુરુની અનુમોદના પણ મર્યો ત્યાં સુધી એવી ગદ્ગદ દિલે રહી કે ભવાંતરે પ્રભુ શ્રી મહાવીર દેવ જ ગુરુ તરીકે મળ્યા તે એવા મળ્યા કે રાજા શ્રેણિકના ગુલામ પ્રજાજનમાંથી નીકળી જઇ પ્રભુના ગુલામ શિષ્ય તરીકે બનવાનું પસંદ કર્યું ! ધન્ય ગુરુ પરના અહોભાવને ! ને ત્યાગ-ધર્મ પરના અહોભાવ સાથે ગદ્ગદ દિલને !

**નાગકેતુનો અહોભાવ :-**

· ગદ્ગદ દિલ સાથેની ધર્મસાધના કેવું ચમત્કારિક કામ કરે છે કે મહાન શ્રાવક નાગકેતુ એમાં કેવલજ્ઞાન સુધી પહોંચી ગયા ! હજી એમણે દીક્ષા લીધી નથી, ગૃહસ્થપણે માત્ર ભગવાનની પુષ્પપૂજામાં ભગવાનની પાછળની પુષ્પોથી પિછવાઇ રચી રહ્યા છે, એ આજે જ નહિ, રોજનો કાર્યક્રમ છે. રોજ પ્રભુની એવી પુષ્પપૂજા પણ કરે જ છે, એમાં અત્યારસુધી કેવળજ્ઞાન નથી પામ્યા, ને આજે પામે છે, એની પાછળ શું રહસ્ય હશે ? શું રોજ પૂજા ભાવ વિના કરતા હશે કે સામાન્ય ભાવથી કરતા હશે ? ના, નાગકેતુ ચરમશરીરી છે, આ ભવના અંતે મોક્ષગામી છે, જનમથી વિરાગી અને ઇન્દ્રિયો પર નિગ્રહવાળા છે તેમજ પ્રભુના શાસનના ભારે રાગી છે. એટલે પ્રભુ પૂજામાં ભાવોલ્લાસનું શું પૂછવું ? છતાં પહેલાં નહિ એવા આજે વિશિષ્ટ ભાવોલ્લાસ વધી ગયા છે એનું કારણ ? કારણ આ બન્યું-

પ્રભુની પાછળ પુષ્પોથી પિછવાઇ રચી રહ્યા છે, એમાં કરંડિયામાંથી એકેક પુષ્પ લેતાં વચમાં છુપાયેલ સાપ કરડે છે. સાપ કરડે એટલે વેદના ઊભી થાય, ત્યાં પછી ધ્યાન પૂજામાં રહે ? કે વેદનામાં જાય ? જાત અનુભવ જોજો કે, એક મચ્છર

કરડે તો ધ્યાન પૂજામાં, કાઉસ્સગમાં, કે માળામાં રહે છે ? કે મચ્છર કરડ્યાની વેદનામાં જાય છે ? ત્યારે અહીં સાપના દંશની વેદના છે છતાં ધીર વીર નાગકેતુનું ધ્યાન એમાં ન જતાં પ્રભુની પૂજામાં પ્રભુની ભક્તિમાં રહે છે, ને તે પણ ધ્યાન હવે વધુ જોરદાર બને છે ! નહિતર તો ધ્યાન જોરદાર બન્યા વિના કેવળજ્ઞાન સુધી શાના પહોંચે ? પણ એ પહોંચ્યા ! કેવળજ્ઞાન થવા પૂર્વે વીતરાગતા આવવી જોઇએ, એ આવી ! તો વીતરાગ બનવા સુધી પહોંચાડનારું ધ્યાન કેવુંક જોરદાર જામ્યું હશે કે એ ઠેઠ અનાસક્ત ભાવ અને વીતરાગતા પ્રગટ કરી દે ? આવું ધ્યાન વીતરાગની પૂજાભક્તિમાં શી રીતે જામી શક્યું ?

અહીં મનને એક આશ્ચર્ય થાય કે 'રોજ પૂજા તો કરતા જ હતા અને આજે સાપ ડસ્યા પહેલાં ય પૂજા તો ચાલુ જ હતી. છતાં ત્યાં ધ્યાનનું જોસ ને ધ્યાનનો વેગ એવો ન વધ્યો કે એ વીતરાગતા સુધી પહોંચાડે, પરંતુ સર્પદંશની વેદના પછી પૂજાના ધ્યાનમાં જોસ અને વેગ કેવાક પ્રબળ આવી ગયા કે એમાં આગળ આગળ જોસ વધતાં વધતાં ઠેઠ વીતરાગતા સુધી પહોંચી ગયા !'

પરંતુ આમાં આશ્ચર્ય કરવા જેવું નથી, કેમકે

**સાધના ખૂબ જ ગદ્‌ગદ દિલની હોય, સાધનામાં હૈયું ગદ્‌ગદ ભીનું ભીનું અને રડું રડું થતું હોય, ત્યાં એ સાધનામાં ધ્યાન જોરદાર બને એ સહજ છે.**

**ભિખારીને નિધાન મળતાં કેવી ગદ્‌ગદતા ? :-**

**ગદ્‌ગદ દિલમાં વીતરાગતા આવવાનું કારણ ?**

પહેલી વાત તો એ છે કે દિલ ગદ્‌ગદ ક્યારે બને ? જ્યારે મનને લાગે કે 'આ અસંભવિત જેવું મને શી રીતે મળી ગયું ?' દા.ત. માનો કે ભિખારી માણસ જંગલમાંથી પસાર થતો હોય અને એને ઠેસ વાગી ઇંટોડું ઊખડી ગયું ને નીચે જોતાં ત્યાં જ રત્નો ભરેલો ચરુ (કલશો) દેખાયો, તો એને ચમકારો થાય છે, દિલ ગદ્‌ગદ થઇ એમ વિચારે છે કે અરે ! આ હું ભિખારી મહાકમનસીબીવાળો, અને આ અસંભવિત જેવી મહાનિધાનની મને પ્રાપ્તિ ? હેં એ એ એ !...આ શું ?' આ ગદ્‌ગદતાની બળવત્તાની પાછળ ખરેખરું કયું કારણ કામ કરી રહ્યું છે ? એ ખાસ ધ્યાન પર લેવા જેવું છે.

જેમ એ ભિખારીને પોતાની નિર્ધનતા ને ભીખણશીલતા તથા એમાં આવતા

અપમાન-ટોણાં-તિરસ્કાર, ભૂખમરો વગેરે પર ભારેમાં ભારે અણગમો હતો, એ બધું લમણે લખાયાનો અતિશય હૃદયસંતાપ હતો, તેથી હવે લાખોની કિંમતનું રત્નોનું નિધાન નજરે પડતાં હરખ એટલો બધો ઉલસ્યો કે હૈયું ભારે ગદ્ગદ થઇ ગયું ! આંખે લાલ પીળાં આવી જાય છે ! હૃદયના તાર ઝણઝણે છે ! રગેરગમાં લોહી ઝડપથી વહી રહ્યું છે ! રોમ રોમ ખડા થઇ ગયા છે ! મન એમ ઉછાળા મારી રહ્યું છે કે 'અહાહાહા ! આ શું ને શું મને મળ્યું ? મને ને આ અણમોલ નિધાન ?' પણ આ બધું ક્યારે ? ભિખારીને પોતાની નિર્ધનતા વગેરે પર ભારે ફિટકાર-ગ્લાની-સંતાપ હતો ત્યારે,

**આત્માની કઇ ભિખારવી દશા પર સંતાપ ? :-**

એવી રીતે કર્મવિડંબિત પોતાની સ્થિતિમાં પરિગ્રહ, વિષયો, આરંભ-સમારંભો અને કષાયોરૂપી ભિખારવી દશા પર ભારે ફિટકાર-તિરસ્કાર-ગ્લાની-સંતાપ હોય તો ધર્મસાધના રૂપી રત્નનિધાન મળતાં હરખનો પાર ન હોય, કે 'અહો ! આ કેવી તાત્ત્વિક તારણહાર ધર્મસાધના મળી ! એમ આંખે લાલ પીળા આવી જાય, હૈયાના તાર ઝણઝણે, નાડીઓમાં લોહી ઝપાટાબંધ વહેવા માંડે, અને રોમરાજી ખડી થઇ જાય ! ત્યાં હૈયાને ગદ્ગદતાનો પાર ન રહે.

એટલે આ આવ્યું કે ધર્મમાં હૈયું ભારે ગદ્ગદ થાય ત્યાં પેલો પાપોનો સંતાપ જોરદાર ચાલતો હોય.

**જેટલી પ્રબળ પાપોની દિલગીરી, એટલી જોરદાર ધર્મ મળ્યા પર ગદ્ગદતા.**

**નાગકેતુને કેમ ભાવ વધી ગયા ? :-**

ત્યારે જુઓ અહીં નાગકેતુને પુષ્પપૂજા વખતે પૂજામાં દિલ એવું ભારે ગદ્ગદ હતું. એમાં સર્પદંશ થતાં શરીરે વેદના ઊઠી છે તો ત્યાં એ શરીર અને એની સુખાકારિતા ઉપર ગ્લાની ઓર વધી ગઇ છે-'હેં ? આ વીતરાગ પ્રભુની પુષ્પ પૂજાભક્તિનો મને અતિ અતિ દુર્લભ મોકો મળ્યો છે ? આ મહાકિંમતી પૂજા ભક્તિની પ્રાપ્તિ એટલે ભિખારીને મહારત્નનિધાન જેવી પ્રાપ્તિ ! એની સામે શરીર પીડા આવી મને ખેંચે ? ના, ના, મારા નાથ જિનેશ્વર ભગવંતની અણમોલ ભક્તિની આગળ શરીરશાતા વગેરે જડ અનુકૂળતા ભિખારીની ભીખની માફક કુછ વિસાતમાં નહિ.' આમે ય ઇન્દ્રિયોના વિજેતા નાગકેતુ કાયા-માયા વગેરેને પ્રભુની આગળ

વિસાતમાં ગણતા નહોતા, બલ્કે વીતરાગ-પ્રીતિ થવા-વધવામાં બાધક ગણતા હતા, એમાં અત્યારે કાયા વાંકી થવા માંડી તો એના પર નફરત વધી ગઇ, ઉપેક્ષા વધી ગઇ, ને કાયા-માયા પર સરાસર અનાસક્ત ભાવ ઊભો થઇ ગયો ! યાવત્ અહંત્વ પરથી પણ આસક્તિ ઊઠી જઇને અનાસક્ત યોગમાં ચડી વીતરાગ થયા ! કેવળજ્ઞાન પામ્યા !

વાત આ છે પ્રભુપૂજામાં કે બીજી ધર્મસાધનામાં લચપચ ગદ્ગદભાવ જેટલો જોરદાર, એટલી શુભ અધ્યવસાયની આત્મપરિણતિ જોરદાર બનતી જાય.

**એ સાધનામાં ગદ્ગદભાવ માટે દુન્યવી મોહ-માયા પર ભારે નફરત જોઇએ.**

તો જ પ્રભુ-દર્શન-પૂજાદિ ધર્મસાધના મળતાં હરખનો પાર ન રહે ! હરખથી હૈયું રડું રડું થઇ જાય ! અપૂર્વ હર્ષની એ ગદ્ગદતા છે. પેલા ભિખારીને પોતાના સંયોગ-પરિસ્થિતિ સાથે કશો મેળ ન બેસે એવી આ નિધાનપ્રાપ્તિની ઘટના, અસંભવિત એવી અને અચાનક કલ્પના બહારની બની આવેલી જોઇ દિલ ગદ્ગદ થઇ જાય છે ! કમનસીબ ભિખારીને બે પૈસા મળવા મુશ્કેલ ત્યાં રત્નો ભરેલો ચરુ મળી જાય, એ ધારણા અને સંભવિતતા બહારની વસ્તુ લાગે છે માટે ગદ્ગદતા આવે છે.

**ભિખારીની સાથે જાતની તુલના**

બસ, આપણી ધર્મસાધનામાં આવી ગદ્ગદના લાવવી હોય તો આ ઉપાય છે કે ભિખારીને પોતાની તદ્દન નિર્ધન સ્થિતિ અને ભારે ભાગ્યહીનતા સાથે મેળ ન બેસે એવી નિધાનપ્રાપ્તિ લાગી, ને તે પણ કલ્પના બહારની જ, અને બીજી બાજુ પોતાની દરિદ્ર તથા અપમાનિત સ્થિતિ પર ભારોભાર નફરત રહી, એ રીતે આપણને આપણી જાત, આત્મગુણો અને આંતરિક ધર્મથી રહિત હોઇ, ભિખારી જેવી તદ્દન નિર્ધન અને ભાગ્યહીન લાગે, તથા એના પર ભારોભાર નફરત રહે, પછી ભલે પૈસાટકા-માનપાન સારા મળ્યા હોય છતાં નફરત, અને એમાં ધર્મસાધના મળી, એ અપૂર્વ નિધાનપ્રાપ્તિ સમાન લાગે, તે પણ આ દુનિયાને દુન્યવી પ્રાપ્તિ મળી છે એની અપેક્ષાએ કલ્પના બહારની મહાકિંમતી પ્રાપ્તિ લાગે, તો ધર્મસાધનામાં હૈયું ખૂબ ગદ્ગદ થઇ જાય. આમાં મુખ્ય વાત આપણું હૃદય એવું બનાવવાનું છે, પછી તો સાધનાના ઊંચા ફળ અને મોક્ષ દૂર નથી. હૃદયમાં એક બાજુ મોહમાયા-કષાયોનો

પારાવાર પસ્તાવો, ને બીજી બાજુ સમ્યગ્ ધર્મ તથા ધર્મના અંગો, ધર્મની સાધનાઓ મળવામાં અનહદ ગદ્ગદભાવ હોય.

**સુદત્ત મુનિવરનો ગદ્ગદભાવ :-**

આપણને આ સુદત્ત મુનિવરનાં જીવનમાં જોવા મળે છે કે એમને સંસારની માયા પર કેવી ભારે નફરત છૂટી ! તો કેવા ગદ્ગદ ભાવથી એમણે ચારિત્ર લીધું ! અને કેવા ગદ્ગદભાવથી મહાતપ-સ્વાધ્યાય સાથે ચારિત્ર પાળ્યું ! જેના પ્રભાવમાં એ થોડા વખતમાં જ અવધિજ્ઞાન પામી જાય છે !

પ્રસંગ એવો બનેલો કે એ યુવરાજપણામાંથી હજી હમણાં જ પાંગરતી યુવાનીમાં રાજા થયા છે, ત્યાં કોટવાળ એક ચોરને પકડી લાવી રાજાને નમીને કહે છે કે 'આણે માલિકનું ખૂન કરી એના માલની ચોરી કરી એ ભાગતો હતો, પણ પછી અમારા હાથમાં માલ સાથે પકડાઇ ગયો, તેથી અમે એને આપની પાસે હાજર કર્યો છે.'

**ખૂની ચોરને ભયંકર સજા :-**

રાજા જૈનેતર પંડિતોને પૂછે છે કે ''આને ધર્મશાસ્ત્રો કેવી સજા ફરમાવે છે ?''

પંડિતો કહે ''આણે ખૂન અને ચોરી બે ભયંકર ગુના કર્યા છે, તેથી આના આંખના ડોળા ફોડી નાખવા, કાન-નાક-જીભ કાપી નાખવા, પછી હાથ-પગ છેદી નાખવા, અને પછી એના જીવતરનો નાશ કરવો, એ સજા હોય, પરંતુ એ પહેલાં આખા નગરમાં એને કદર્થનાથી ફેરવવાનો અને શેરીએ શેરીએ અને રસ્તે રસ્તે જાહેર કરવાનું કે 'આણે આવા ગુના કર્યા છે અને હવે એને આવી આવી સજા કરવામાં આવશે. માટે હવે બીજો પણ જે કોઇ આવા ગુના કરશે, એની આ ભયંકર દશા કરવામાં આવશે.''

**સુદત્ત રાજાને વૈરાગ્ય :-** સુદત્ત રાજા આ સાંભળતાં જ ચોંકી ઊઠ્યો કે 'હાય ! ચોરે તો ખૂન ખૂબ કરી મરનારને ભયંકર પીડા આપી, પણ મારે આ ચોરને એથી ય ભયંકર પીડા આપવાની ત્યારે આ રાજવીપણું કેવું ગોઝારું કે એ જાળવવા આવા ક્રૂર કાર્યના સંકલેશ કરવા પડે ! ધિક્કાર છે આ પાપમય સંસારવાસને ! હવે તો મારે એનો ત્યાગ કરી ચારિત્ર જીવન જ ખપે.' તમે અહીં કહેશો-

પ્ર.-પણ રાજા જો ગુનેગારને સજા ન કરે, તો ગુના શી રીતે અટકે ? રાજા

તો માત્ર ન્યાય ચૂકવે છે. ન્યાય ન ચૂકવે અને ગુનેગારને સજા ન કરે તો જગતનું શું થાય ?

**રાજા ન્યાય ચૂકવે એમાં ખોટું શું ? :-**

ઉ.-જગતની ચિંતા પછી કરો, પહેલાં તમારા આત્માની ચિંતા કરો કે આપણા સ્વાર્થવશ પ્રવૃત્તિ કરતાં બીજા જીવને ત્રાસ થતો હોય તો એ ત્રાસ જોઇ આપણું હૃદય કંપે છે ? એ જીવ પર દયા આવે ? માનો ને નરકના જીવે પોતે પૂર્વ ભવમાં પાપ કર્યા છે એટલે સજા રૂપે પરમાધામી તરફથી એના પર ત્રાસ વર્તે છે. તો એ નરકના જીવ પર વરસતા ઘોર ત્રાસ સાંભળીને તમારું હૃદય ન કંપેને ? કેમકે પરમાધામી ન્યાય ચૂકવે છે એવું જ માનો ને ? ભયંકર ત્રાસ ભોગવી રહેલ નરકના જીવ પર દયા ન આવે ને ? જો હૃદય ન કંપે અને દયા ન આવે તો તમારું હૈયું કેટલું નિષ્ઠુર ?

આપણે આપણી જાતનો વિચાર કરવાનો છે. સુદત્ત રાજા ચોરની સજા સાંભળીને કંપી ઊઠ્યા, ને એથી વૈરાગ્ય પામી રાજ્ય છોડી દીધું, તો રાજ્ય રંડાયું નહિ. સંસાર કદી રંડાયો નથી. જગતમાં સુદત્ત રાજાની દીક્ષાથી અનર્થ અનર્થ ન મચી ગયો. જગતને-સંસારને તો એક ધણી ગયો તો બીજો ધણી મળ્યો. ઊલટું સુદત્ત રાજા આ રીતે પણ વૈરાગ્ય પામી સાધુ થયા, તો જાતનું કલ્યાણ સાધવા સાથે બીજા કેટલાય જીવોને કલ્યાણ સાધવામાં સહાયક થયા ! કેવી મજા છે દીક્ષામાં !

**સુદત્ત મુનિવરની ગદ્ગદભાવે સંયમ સાધનાનો પ્રભાવ :-**

આપણી વાત આ ચાલે છે કે પાપો અને મોહમાયા પર નફરત જો જોરદાર થાય, તો ધર્મસાધનામાં ગદ્ગદભાવ જોરદાર આવે. સુદત્ત મુનિવરને આ થાય છે. એમને રાજવીપણાના અઢળક પાપ અને સંસારવાસના અપાર પાપ પ્રત્યે એટલી બધી નફરત જાગેલી, કે તેથી સંયમ-જીવન પર ભારે ગદ્ગદ ભાવ સાથે અહિંસા તપ-બ્રહ્મચર્ય વગેરેની ભારે ગદ્ગદ ભાવ સાથે સાધના કરે છે ! અને એનો પ્રભાવ કેવો પડ્યો કે થોડા જ વખતમાં એમને અવધિજ્ઞાનાવરણ કર્મ તૂટી અવધિજ્ઞાન પ્રગટ થયું...! ગદ્ગદ ભાવ સાથેની ધર્મસાધનાની આ તાકાત છે કે આવરણ કર્મોના ઢેર તોડી નાખે !!

ત્યારે સુદત્ત રાજર્ષિને થોડા જ વખતમાં અવધિજ્ઞાન થાય, આ ઓછો

પ્રભાવ છે ? સંયમ-સાધનામાં ભારે ગદ્ગદ ભાવનો એ પ્રભાવ. એ એમ આવ્યો કે 'અહો ! અહો ! આ સંયમ કેવું ઘોર પાપમય સંસારી જીવનથી બચાવી લેનારું ! કેવું તારણહાર !' આમાં ગર્ભિત છે સંસાર પ્રત્યે અને પાપો પ્રત્યે ભારે નફરત, તેથી સંયમ પર ભારે અહોભાવ અને ગદ્ગદ ભાવ આવે છે.

**ખંધક મુનિની ગદ્ગદભાવે સાધના :-**

**ખંધક મુનિને** પાપો, વિષયો અને કષાયો પર ભારે નફરત ભાવ હતો એટલે એ પાપોથી બચાવી લેનારા સંયમ પર ભારે અહોભાવ હતો તેમજ રાજાના મારા દ્વારા પોતાની ચામડી ઉઝરડાતાં એમણે કષાયને મચક ન આપી, પણ સંયમ-ભાવ મજબૂત પકડી રાખ્યો, અને એમાં ઊંચા શુક્લધ્યાન પર ચઢી કર્મો તોડી નાખ્યા ! તો કેવળજ્ઞાન અને મોક્ષ પામી ગયા !

**કષાય પર ભારેમાં ભારે નફરત ન હોત તો અહીં ચામડી ઉતરાતાં કષાય સેવાઇ જવાનો પૂરો સંભવ હતો.**

**સંયમ પર ભારે અહોભાવ ન હોત તો અહીં આવી ઘોરાતિઘોર ત્રાસ-વેદનામાં સંયમભાવ ચૂકાઇ જવાનો સંભવ હતો.**

**મૃગાવતીજી સાધ્વીને** પ્રમાદ થયા પર ભારે નફરત છૂટી, અને સંયમ-અપ્રમત્ત ભાવ પર ભારે અહોભાવ ઊભો થઇ ગયો ! તો ત્યાં એમણે ક્ષપકશ્રેણી માંડી ઘાતીકર્મો ખપાવી કેવળજ્ઞાન લીધું !

**અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજ** ડોલં ડોલં થતા નાવડાના માણસો દ્વારા આકાશમાં ફેંકાતા, અને ત્યાં વૈરી દેવતા વડે ભાલે વીંધાતાં, એમને પોતાના શરીર પર ભારે નફરત છૂટી કે 'અરે ! આ મારું શરીર કેવું ગોઝારું કે નાવડાના માણસોને અને આ ભાલે વીંધનારા જીવને પાપમાં નિમિત્ત થઇ રહ્યું છે ! તેમજ નીચે પાણીના અસંખ્ય જીવોને લોહીથી મરણના ત્રાસ આપવામાં નિમિત્ત થઇ રહ્યું છે !' સ્વશરીર બીજાને પાપમાં અને દુઃખમાં નિમિત્ત થતું હોવાથી એના પ્રત્યે થતી નફરતના લીધે જિનશાસન અને એના સંયમ પર ભારે ગદ્ગદતા વધતાં એમાં એવા એકાકાર થઇ ગયા કે ત્યાં જ કેવળજ્ઞાન પામી મોક્ષ પામી ગયા !

**ગદ્ગદભાવ ચીજ એવી છે કે એમાં એકાકાર કરી દે.**

પાલક પાપીની ઘાણીમાં પીલાતા બાળ મુનિને પણ પોતાના શરીર અને

કર્મ..પર એવી નફરત વરસી કે ક્ષમા-સમતામાં ભારે ગદ્ગદતા આવી ! તે ગદ્ગદતા એવી આવી કે એમાં એકાકાર થઇ જતાં એ પણ વીતરાગ બની કેવળજ્ઞાન પામી મોક્ષ પામી ગયા !

વાત આ છે કે પાપો અને પાપસાધનભૂત કાયા-માયા પર ભારે નફરત લાવો, તો ધર્મ તારણહાર લાગીને ધર્મની સાધનામાં ભારે ગદ્ગદતા આવે.

**ગદ્ગદ દિલની ધર્મસાધનાના ફળ ઊંચા !**

કમઠના લાકડામાંથી બહાર કઢાયેલ અર્ધ બળેલા સાપને પાર્શ્વકુમાર તરફથી નવકાર મળ્યો તો એમાં એવો ગદ્ગદ થઇ એકાકાર થઇ ગયો કે મરીને એ ધરણેંદ્ર થયો ! એમ સમડી, બળદ જેવાને પણ ઠેઠ દુઃખદ અંતકાળે નવકાર સાંભળવા મળ્યો તો એમાં ગદ્ગદ થઇ ઓતપ્રોત થવાના પ્રતાપે એ સુંદર માનવ અવતાર પામ્યા.

આ મોંઘેરા જનમમાં ખાસ જરૂરી આ છે કે દેવમાં, ગુરુમાં, ધર્મશ્રદ્ધામાં, ધર્મસાધનામાં અહોભાવ લાવી ગદ્ગદ દિલવાળા બનો. પણ એવો અહોભાવ ત્યારે આવશે કે જ્યારે જેમ પેલા ભિખારીને પોતાના ભિખારીપણાની દુઃખદ દશા પ્રત્યે ભારે નફરત હતી તો જંગલમાં નિધાન મળતાં નિધાનપ્રાપ્તિ પ્રત્યે ભારે અહોભાવ આવ્યો, ને દિલ ગદ્ગદ થઇ ગયું, એમ આપણને દેવ-ગુરુ-ધર્મ એ નિધાન મળ્યા લાગે, ને એ પ્રાપ્તિ વિનાની પૂર્વની દશા ભિખારી જેવી લાગે, તેમજ એ ધર્મવિહોણી ભિખારડી દશા પર ભારે નફરત હોય.

**ધર્મસાધનામાં ગદ્ગદભાવ લાવવાનો ઉપાય :-**

એટલે જ ધર્મસાધનામાં આ કરવાનું છે કે પહેલાં તો આપણને આપણામાં આત્મગુણોનું દેવાળું જોઇ તેમજ આંતર પરિણતિમાં ધર્મનું દેવાળું જોઇ આપણી જાત સાવ ભિખારી લાગવી જોઇએ, ને એના પર નફરત વરસવી જોઇએ. જાત ભિખારી લાગે છે ખરી ? 'ના, ભિખારી શાના ? ઘર કે, દુકાન છે, પૈસા છે, ખાનપાન, કપડાં...વગેરે મળ્યું છે પછી ભિખારી શાના ?' આમ આત્મગુણો અને ધર્મપરિણતિની દરિદ્રતામાં ભિખારીપણું લાગતું નથી.

ભિખારીપણું લાગતું હોય ને એ દિલને કરડતું હોય, તો એનો કલ્પાંત કેટલો હોય ? આ તો રોજ નહિ, કિન્તુ મહિને એકવાર પણ આ ભિખારીપણાનું

એક આંસુ ય નહિ આવતું હોય ! કોઇ દિવસ મનને હૃદય વેધી અફસોસી નહિ કે ભગવાન પાસે રોવાનું નહિ કે 'હાય ! આવા ઉંચા મનુષ્ય જનમમાં આવ્યો, જિનશાસન પણ મળી ગયું, છતાં મારામાં ક્ષમા-નમ્રતા-મૈત્રી-વૈરાગ્ય વગેરે ગુણોનું દેવાળું ? દાન-શીલ વગેરેની આંતરપરિણતિનું દેવાળું ?' આવી હૈયા વેધી અફસોસી જ જો નહિ, પછી એ ગુણો માટે ચાહીને જોરદાર નિર્ધાર અને પ્રયત્ન શાના થાય ? એ તો અત્યારસુધી જે કામ-ક્રોધ-લોભ, મદ-મત્સર, અને મોહમાયા વગેરેમાં ડૂબ્યા રહ્યા, ને એ જ ચાલે જે ચાલ્યા, એ હજી પણ ચાલુ ! ત્યાં પછી દેવ-દર્શન-પૂજા, દયા, દાન, નવકાર-સ્મરણ, સંયમ, વગેરે ધર્મસાધના અપૂર્વ નિધાનરૂપ શી રીતે લાગે ? અને એમાં દિલ ગદ્ગદ શાનું થાય ?

**ધર્મબિન્દુ શાસ્ત્ર કહે છે કે શ્રાવકને 'ધર્મે ધનબુદ્ધિઃ'.**

**શ્રાવક ધન-માલ-મિલકતને સાચી સંપત્તિ ન સમજે, પરંતુ ધર્મને જ સાચી સંપત્તિ સમજે.**

એની બુદ્ધિમાં ધર્મ જ સંપત્તિ તરીકે જડાઇ ગયો હોય એટલે જ જો પાસે ધર્મ નથી પણ બાહ્ય ધન વગેરે છે તો પોતાને સંપત્તિહીન ભિખારી સમજે, અને જો પાસે બાહ્ય ધન એટલું નથી, એની તંગી છે, છતાં પાસે જો ભરપૂર ધર્મસુકૃતો અને સદ્ગુણો તથા ધર્મસાધનાઓ છે, તો પોતાની જાતને સંપત્તિમાન શ્રીમંત સમજે.

પેલા નરસિંહની વાત ખબર છે ને ? પૂર્વ જનમમાં એ ભિખારી હતો, ભીખ માગતા ય પૂરું મળતું નહોતું તેથી એકવાર કંટાળીને બીજે ગામ જવા નગર બહાર નીકળતો હતો, ત્યાં એને મુનિ મળ્યા. મુનિને ભિખારી કહે 'બાપજી ! ભૂખે મરું છું નોકરી ય નથી મળતી, મજૂરી ય નથી મળતી, ને ભીખ માગ્યે ય ખાવા નથી મળતું. મારા પર દયા કરો, કાંઇ રસ્તો બતાવો.'

મુનિ કહે 'ધર્મ કર' !

ભિખારી કહે 'પ્રભુ' મારી પાસે એક પૈસો ય નથી તો શેનાથી ધર્મ કરું ?'

ભિખારી શું સમજીને આ કહી રહ્યો છે. કે 'પૈસા વિના ધર્મ શી રીતે થાય ?' એ સમજીને કે 'ધર્મ કરવો એટલે પોતાનો સ્વાર્થ ત્યાગ કરી બીજાનું ભલું કરવું, અને તે દીન-દુખિયાને દાન કરવાથી થાય.'

પૂર્વ કાળની આ કેવી ઉત્તમ સમજ ! જ્ઞાનીઓએ પણ દાન-શીલ-તપ-ભાવના એ ચાર પ્રકારના ધર્મમાં દાનધર્મ પહેલો મૂક્યો છે. તીર્થંકર ભગવાન પણ મહાન ચારિત્ર ધર્મનું પાલન કરવા નીકળે છે તે પણ પહેલાં વરસભર દાન દઇને નીકળે છે. અમદાવાદમાં હરકોર શેઠાણી રોજ પ્રભુદર્શન કરવા જતા તે રસ્તામાં ભિખારીઓને દાન દેતાં દેતાં જતા હતા. કોઇ મોટી સંઘયાત્રા કાઢે તે પણ પ્રયાણ પૂર્વે ગરીબોને દાન દઇને પ્રયાણ કરતા. પૂછો-

**પ્ર.-દાન ધર્મ પહેલો કેમ ?**

ઉ.-કારણ આ છે, કે ધર્મ કરવાનો છે તે આત્માના ઉદ્ધાર માટે. આત્માનો ઉદ્ધાર તો જ થાય કે જીવને જે વહાલામાં વહાલું છે ને જે સંસારમાં ભટકાવનારું મુખ્ય કારણ છે, એનો ત્યાગ કરવામાં આવે. જો આ મુખ્ય અને અતિપ્રિયને ધર્મ કરતાં વધારે વહાલું જ કરીને રાખવામાં આવે, તો પછી એની આગળ ધર્મ ગૌણ થઇ જાય છે. એટલે જરૂર પડ્યે ધર્મ કરીને ય ફળમાં એ અતિ પ્રિય વસ્તુ હસ્તગત કરી લેવાનું મન થઇ જાય છે ! હવે જોઇએ તો દુનિયામાં માણસને પૈસા બહુ વહાલા છે, પરિગ્રહ બહુ વહાલો છે, અને

**પૈસા પર જ ગાઢ મૂર્ચ્છા, વિષય-વિલાસો, અને આરંભ-સમારંભોનાં મહા પાપો ચાલે છે, તેથી ધનમૂર્ચ્છા એ સંસારનું આગેવાન કારણ છે.**

હવે જીવ ધર્મ કરવા જાય છે, પરંતુ પૈસા બરાબર સાચવી રાખીને ! દા.ત. દેવદર્શન કરવા ગયો પરંતુ પ્રભુની આગળ પૂજાની પોતાની કશી સામગ્રી ન મૂકી, યા દર્શન નહિ, પ્રભુની પૂજા કરવા ગયો પરંતુ પોતાની કશી પૂજાની વસ્તુ લીધા વિના ગયો, મંદિરના ભગવાન, મંદિરનું દૂધ, મંદિરનું ચંદન, મંદિરના પુષ્પ, મંદિરની અગરબત્તી, બધું મંદિરનું, ને એ લઇને પરભાર્યું ને પોણાબાર મંડ્યો પૂજા કરવા ! એણે આ શું કર્યું ? 'ભગવાન ! તમે વહાલા, પણ તમારા કરતાં મારા પૈસા મને વધારે વહાલા, એટલે તમારી ખાતર પૈસા ન તોડી નાખું, તમારી પૂજા ખાતર મારા પૈસાનો ઉપયોગ ન કરું, પરંતુ જરૂર પડ્યે પૈસા ખાતર તમારો ઉપયોગ કરીશ.' આમ પ્રભુ કરતાં ય પૈસાને વધારે વહાલા રાખવાનો ભાવ રાખ્યો. આમાં આત્માનો શે ઉદ્ધાર થાય ? પૈસા આગળ પ્રભુ ગૌણ થઇ ગયા.

**જીવનમાં પ્રભુને મુખ્ય કર્યા વિના આત્માનો ઉદ્ધાર ન થાય.**

**સંસારનું મુખ્ય પાપ 'પરિગ્રહ' એ સલામત તો સંસાર સલામત જ રહે ને ?**

**(૧) માટે એ પરિગ્રહરૂપી મૂળ પાપ પર કાપ મૂકવા માટે દાનધર્મ પહેલો કહ્યો.**

**ધર્મની માતા દયા, પિતા પ્રભુ :-**

(૨) દાનધર્મ પહેલો હોવાનું બીજુ કારણ એ છે કે "દયા ધમ્મસ્સ જણણી" દયા એ ધર્મની માતા છે, અને પરમેશ્વર એ ધર્મના પિતા છે. ધર્મ જોઇએ એને ધર્મના માતા-પિતા વિના ન ચાલે માટ જીવો પર દયા પહેલી કરાય, અને પરમેશ્વરનું બહુમાન પહેલું કરાય, તો જ ધર્મરૂપી પુત્રનો જન્મ થાય.

'ના, હું તો તપસ્યા કરીશ, દુઃખી જીવની શક્તિ છતાંય દયા-બયા મારે કરવાની જરૂર નથી,' આવો ભાવ રાખે તો દયા વિનાના કઠોર દિલમાં તપથી પણ ધર્મપરિણતિ ન ઊભી થાય. એમ,

'ના, હું તો મંદિરમાં મંજીરા વગાડીશ, કે સ્તવનના રાગડા તાણીશ, પણ મારા પૈસા ખરચી પ્રભુનું બહુમાન સત્કાર કરવાની મારે જરૂર નથી' આવો ભાવ રાખે તો એમાં પરમ ઉપકારી પરમાત્મા પ્રત્યે શુષ્ક અને અભિમાની બનેલા દિલમાં ધર્મની પરિણતિ ન ઊભી થાય.

જીવ પ્રત્યે દયાની અને ભગવાન પ્રત્યે બહુમાનની અવગણના કરવામાં હૈયાનું વલણ તપાસો, હૈયાના પરિણામ જુઓ, કેવા ચાલી રહ્યા છે. ધરાર સામે ભૂખ્યો જીવ ટળવળતો દેખાતો હોય અને એને દાન કરી એનું થોડું પણ દુઃખ દૂર કરવાની ઇચ્છા જ ન થાય, થોડી પણ દયા જ ન કરાય, એ દિલ કેટલું કઠોર ? એનાં દિલમાં ધર્મ શી રીતે ઊગે ?

**ધર્મ તો ઊંચી વસ્તુ છે. એ કોમળ દિલમાં ઊગે.**

દિલમાં કોમળતા લાવવા દયા પહેલી જોઇએ.

એમ ધરાર અનંત ઉપકારી તીર્થંકર ભગવાન મળ્યા છતાં એમની આગળ પૈસા પર બહુમાન એટલું બધું રાખવું છે કે પૈસાના મોહમાં પ્રભુનું બહુમાન જતું કરવું છે, 'પૈસા જતા કરીને પૈસા કરતાં પ્રભુને બહુ માનવાનું કર્યું એમાં શો ધર્મ આવી ગયો ?' તો શું થઇ ગયું ? એમ પ્રભુ બહુમાનની અવગણના કરવી છે એના દિલમાં 'હાય પૈસા !' ના તીવ્ર રાગસંકલેશ પડ્યા હોય છે, ત્યાં ધર્મ શાનો દિલમાં

આવે ? ત્યાં તો

**ધનના તીવ્ર રાગસંકલેશથી પાપાનુબંધ એવા ઊભા થાય કે ભવાંતરે પાપબુદ્ધિ મળે, ધર્મબુદ્ધિ નહિ !**

મમ્મણ શેઠ એમ જ સીધી સાતમી નરકગતિ એવી પામ્યો કે જેમાં ધર્મબુદ્ધિનું નામ નહિ, ને કષાય પાપબુદ્ધિ સતત ચાલુ ! માટે પૈસાના એવા તીવ્ર રાગસંકલેશ રાખવા જેવા નથી. એ ટાળવા માટે પહેલો દાનધર્મ છે.

આ હિસાબ છે શક્તિ પહોંચે છે તો જીવદયા અને પ્રભુબહુમાનમાં પૈસાનું દાન કરો એ પહેલો ધર્મ. પેલો ભિખારી 'દાન વિના ધર્મ નહિ' એમ સમજીને સાધુને કહે છે 'પ્રભુ ! પાસે એક પૈસો નથી, ધર્મ શેનાથી કરું ?'

**મુનિની અમૃતવાણી :-**

સાધુ કહે છે 'જો પૈસા હોય તો તો પૈસાથી દાનધર્મ થાય, પરંતુ પૈસા ન હોય તો ય વીતરાગ પરમાત્માના દર્શનથી પણ ધર્મ થાય. એવા વીતરાગ ભગવાનનાં દર્શન-વંદન-સ્તવન કરવામાં આપણું અભિમાન તૂટે છે, અને એમના વીતરાગતા ગુણ પર બહુમાન જાગે છે, અને

**આ વીતરાગનું ને વીતરાગતાનું બહુમાન એ વીતરાગતા ગુણ સિદ્ધ કરવાનું બીજ છે.**

બીજ વારંવાર સિંચાય એટલે એમાંથી છોડ પત્ર પુષ્પ થઇ અંતે પાક રૂપે-ફળરૂપે-વીતરાગતા મળે. એ મળે તો આ દુઃખદ સંસારમાં જનમ-મરણના ફેરા બંધ થઇ જાય. માટે જો આ નગરમાં જિનમંદિરો ઘણાં છે. તો એમાં તારાથી બને તેટલીવાર વીતરાગ પ્રભુનાં દર્શન-વંદન-સ્તવન કરતો રહે, માત્ર ભૂખનું જ દુઃખ શું, બધા ય દુઃખ ધર્મથી જાય, સુખ ધર્મથી મળે. પૂર્વ જનમમાં તેં ધર્મ નથી કર્યો એટલે અહીં તું દુઃખી છે. હવે અહીં પણ ધર્મ નહિ કરે, તો આવતા ભવે શું દેખવા પામીશ ?'

મુનિની અમૃતવાણી ભિખારીના હૈયે સોંસરી આરપાર ઊતરી ગઇ. એને સચોટ લાગી ગયું કે 'ભીખ માગવાનું જ એક જીવન જીવીને તો હું આવા મહાકિંમતી ધર્મ સાધવા યોગ્ય આ અતિદુર્લભ માનવ જનમને બરબાદ કરી રહ્યો છું. સારું થયું આવા મહાઉપકારી ગુરુ મળી ગયા ! મારી આંખ ખોલી નાખી ! મને પશુ કરતાં મહા ઉત્તમ માનવ અવતારમાં સાચું કરવા જેવું સાચું સાધી લેવા જેવું બતાવ્યું !

તો લાવ, હવે વીતરાગ પ્રભુનાં ખૂબ ખૂબ દર્શન વંદન કરવાનું મુખ્ય જીવન બનાવું.'

**ભિખારી હવે ધર્મની ભીખવાળો બને છે :-**

ભિખારી મુનિના પગમાં પડી ગયો. આંખમાં આંસુ લાવીને કહે છે 'પ્રભુ ! પ્રભુ ! આપે આ રંક ઉપર ભારે દયા કરી ! મહાન હિતનો માર્ગ બતાવ્યો ! હવે હું એજ કરીશ એથી મારા જનમ જનમ સુધરી જશે. કોઇ શ્રીમંતે મને ઢગલો પૈસા આપી દીધા હોત તો ય એ પૈસાથી મારા આત્માનું કશું ભલું થાત નહિ, માત્ર એ પૈસાથી ખાઇ-પી મોજ કરી લેત એટલું જ, પરંતુ એમાં તો ધર્મ વિના જીવન પૂરૂં કરી પાછો સંસારમાં ભટકતો થઇ જાત ! એટલે હવે તો જીવનમાં ભીખ માગવાનું મુખ્ય નહિ, પરંતુ પ્રભુદર્શન-વંદન મુખ્ય કરીશ...આ તો તમે મને ધર્મ આપી મારા જનમ જનમ સુધારી નાખ્યા ! અહાહાહા ! ભલું થજો તમારું તમારો કેટલો આભાર માનું ! ધન્ય તમારી દયાને !'

**ભિખારીનાં પ્રભુદર્શન કેવાં ? :-**

ભિખારી હવે પહોંચ્યો પાછો નગરમાં અને એણે જિનમંદિરોમાં પ્રભુનાં દર્શન-વંદન શરૂ કરી દીધાં, કેવાંક એ દર્શન-વંદન હશે ? જીવનમાં પહેલીવાર સાધુ પાસેથી વીતરાગ પ્રભુની ઓળખ મેળવી છે. પ્રભુનો ને પ્રભુનાં દર્શન-વંદનનો અચિંત્ય પ્રભાવ જાણ્યો છે, એટલે પ્રભુ પર ઓવારી ગયો છે ! હવે એ પ્રભુનાં અહીં દર્શન-વંદન કરવા મળે છે એ વખતે એના રોમાંચ ખડા થઇ જાય છે ! મનને આશ્ચર્ય થાય છે કે 'અહો ! અહો ! હું ભાગ્યહીન, અને મને આ વિશ્વશ્રેષ્ઠ ભાગ્યનિધિ ભગવાનની પ્રાપ્તિ !' આમ પ્રભુ મળવા પર એને ભારે અહોભાવ ઊભો થયો છે, એટલે પ્રભુનાં દર્શન-વંદનમાં દિલ ગદ્ગદ થઇ જાય છે. પ્રભુ પર ભારે અહોભાવથી દર્શન કરતાં ગાંડોઘેલો થઇ જાય છે. ભગવાન ઉપર આ અહોભાવ પણ એક જ વારના દર્શનમાં નહિ, પણ વારંવાર દર્શન કરતાં કરતાં દિલમાં આવ્યા કરે છે. એમ ગદ્ગદતા ય એક જ વારના પ્રભુદર્શન-વંદનમાં નહિ, પરંતુ જ્યારે જ્યારે દર્શન-વંદન કરે છે ત્યારે ત્યારે દિલ ગદ્ગદ સહેજે થઇ આવે છે. જનમનો ધર્મી નહિ, નવો જ ધર્મ પામેલો અને ચિંથરેહાલ દુઃખી ભિખારી, એનાં આ પ્રભુદર્શન, તો તમારા પ્રભુદર્શન કેવા ?

હવે એક વિશેષતા જુઓ, કે દર્શન-વંદનમાં દિલ ગદ્ગદ થવાનું કારણ

હવે માત્ર એ નથી કે 'ક્યાં મારી ભિખારી અવસ્થા ? ને ક્યાં મને મળેલાં આ વિશ્વશ્રેષ્ઠ વીતરાગ પ્રભુનાં દર્શન-વંદન ?' પરંતુ હવે તો એને બહુ દર્શન-વંદન થયાં અને એમાં વળી મંદિરોમાં હજારો ભાવિકોને દર્શન-વંદન-પૂજન કરતા જુએ છે તેથી પ્રભુનાં દર્શન-વંદન રૂપી ધર્મનું મહામૂલ્ય વિશેષ સમજાય છે, તેથી હવે તો પોતાની પૂર્વની ધર્મહીન દશાની ભારે ઘૃણા પણ થાય છે. એટલે હવે એમ લાગે છે કે-'અરેરેરે ! ક્યાં મારી પૂર્વની ગોઝારી ધર્મહીન દશા ? ને ક્યાં આજે આ મહાન ધર્મસાધનાની અવસ્થા ?'

**આમ, અહોભાવનાં બે કારણ - (૧) દેવ-ગુરુ-ધર્મનું મહાનિધાન રૂપ લાગે ને (૨) પોતાની ધર્મહીન દશા પર ભારે ઘૃણા થાય.**

**ધર્મહીન દશાવાળી જાત પરની નફરત ધર્મસાધનામાં દિલ ગદ્ગદ કરી નાખે છે.**

પ્રભુદર્શન-વંદન જે ઊંચા અને નિરાશંસ ભાવથી કરાવે છે એથી ભિખારીને પુણ્ય વધતું જાય છે. એથી ખાવા-પીવાનું મળવામાં હવે ચિંતા રહેતી નથી. પરંતુ એ ત્યાં એવો હિસાબ નથી માંડતો કે 'ચાલો દર્શન ફળ્યા ! ખાવાપીવાનું સુખપૂર્વક હવે મળી રહે છે !' કારણ ? એને ધર્મનો ઊંચો મહિમા સમજાયા પછી દર્શન-વંદન ધર્મના બદલામાં ખાનપાન મળે એવી કોઇ જ આશંસા નથી. એને તો હવે પોતાની પૂર્વની ધર્મહીન દશા કરડે છે, એટલે એને એ દશા ટળી એનો જ આનંદ છે.

## (૩) નિરાશંસભાવ

**ધર્મસાધનામાં ત્રીજી વસ્તુ આ જરૂરી છે-નિરાશંસભાવ.**

ધર્મની સાધના કરો એમાં કશી લૌકિક દુન્યવી ફળની આશંસા કામના ન રાખો. કોઇ પૂછે 'ધર્મ કેમ કરો છો ?' તો આ જ જવાબ કે

**ધર્મહીન દશા ભૂંડી છે, એ ભૂંડી પશુ જેવી અનાર્ય જેવી ધર્મહીન દશામાંથી બચવા માટે ધર્મ કરું છું.**

ઉત્તમ માનવ જનમ અને એમાં ઉત્તમ ધર્મસાધક દશા નહિ ? ને ભૂંડી ધર્મહીન દશા ? ભૂડા અવતારમાં ભૂંડી ધર્મહીન દશા છાજતી કહેવાય, પણ ઉત્તમ અવતારમાં એ ન શોભે.

ભિખારીમાં હવે આ આવી ગયું છે, ધર્મ તો હજી પ્રારંભનો પ્રભુદર્શન-વંદનનો જ કરી રહ્યો છે, પરંતુ

**શુદ્ધ ધર્મસાધનાની ૪ શરત**

(૧) એ અત્યંત કર્તવ્ય માનીને, (૨) એમાં ઊંચો અહોભાવ તથા ગદ્‌ગદ દિલ રાખીને (૩) એમાં નિરાશંસભાવ રાખીને, તેમજ (૪) ધર્મ સાધતી વખતે બધી જ આહારાદિની કે કષાયની સંજ્ઞાને અટકાવીને ધર્મ સાધી રહ્યો છે.

ધર્મસાધનાની આ ચાર વિશેષતાઓ ભિખારીના ધર્મના જોસને (પાવરને) અને વેગને વધારી રહ્યા છે. એનો પ્રભાવ પછીના ભવે જોવા મળે છે કે અલબત પૂર્વના કોઇ તેવા કર્મના ઉદયે તેવા તેવા અણચિંત્યા મરણાંત જેવા વિઘ્ન વારંવાર ઊભા થવા છતાં એને ગેબી સહાય માત્ર નહિ, પણ આગળ આગળ ઉન્નતિ મળતી જાય છે. આ પ્રભાવ કોનો ? સામાન્ય પ્રભુદર્શનનો નહિ, પણ ઉપરોક્ત ચાર સાધનથી પાવરફુલ (જોશિલા) દેવદર્શન-વંદન થયેલા તેનો. જીવનમાં વિચારવા જેવું છે કે આપણી કયી એકાદ પણ ધર્મસાધના આ ચાર સાધનથી સંપન્ન છે ?

એક નવકાર સ્મરણની કે દેવદર્શનની એવી ખરી ? કે એ કરતી વખતે

(૧) એ અત્યંત કર્તવ્ય લાગે ?

(૨) એના પર અહોભાવ ઊછળતો હોય ? સાથે એમાં દિલ ગદ્‌ગદ ભીનું ભીનું થતું હોય ?

(૩) એની પાછળ કોઇ કરતાં કોઇ જ દુન્યવી આશંસા લાલચ ન હોય ?

(૪) એ વખતે કોઇ જ આહારસંજ્ઞા, વિષયસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા નિદ્રા-આરામીની સંજ્ઞા યા ક્રોધાદિ કષાયની સંજ્ઞા લેશ પણ ઊઠતી ન હોય ?

(૧) પહેલી તો એમાં અત્યંત કર્તવ્યતાની બુદ્ધિ હોય તો એ નવકાર સ્મરણ કે દેવદર્શન જ એટલા બધા અત્યંત કર્તવ્ય લાગવાથી મન એમાં જ ચોંટી ગયું હોય, એટલે ત્યાં બીજો કોઇ પણ વિચાર જ ન આવે, બીજા ત્રીજા વિચાર આવવાની ફરિયાદ જ ન હોય, સાધનામાં એવી લહે લાગે કે 'જાણે આ જ કર્યા કરું' એમ મનને થાય. અસલમાં જોઇએ તો બધીય ધર્મસાધનાનો એક મુખ્ય ઉદ્દેશ આ છે કે મનને પાપવિચારો-પાપભાવો-અને ફિજુલ વિકલ્પોથી બચાવવું.

કેમકે **'મન લઇ જાવે મોક્ષમાં ને મન હી ય નરક મોઝાર.'**

**સંસાર ક્રિયાઓ શું આપે છે ? પાપવિચારો અને પાપભાવો !**

કે જેનાથી તિર્યંચગતિ આદિ દુર્ગતિનાં જ પાપ બંધાય. ધર્મસાધના અતિ

કર્તવ્ય લાગીને મન એમાં ચોંટ્યું રહે તો પેલા પાપવિચારો અને પાપભાવોથી બચાય.

**મરુદેવા માતાને અત્યંત કર્તવ્યબુદ્ધિએ વીતરાગ બનાવ્યા :-**

અત્યંત કર્તવ્યબુદ્ધિનું મહત્ત્વ ઓછું સમજતા નહિ. મરુદેવા માતા એના પર કેવળજ્ઞાન પામ્યા છે ! કેવી રીતે ? એ પહેલાં પુત્રમોહવાળા હતા એટલે પુત્ર ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન થયું ને ભરત ચક્રવર્તી દાદી માતાને પ્રભુના સમવસરણ પાસે લઇ ગયા, ત્યાં વનમાં રખડતા ધારેલા પુત્રને મહાઐશ્વર્યવાળા જોઇ રાજીના રેડ થઇ ગયા ! પરંતુ ત્યાં માતાને પુત્રમોહ નથી જરાક ખોટું એ લાગ્યું કે જેની ખાતર હું હજાર વરસ રોઇ, અને હવે એની સામે હું જાતે મળવા આવું છું, તો એ મને જરા બોલાવતો પણ નથી ?

આમ જરાક ખોટું લાગ્યું પરંતુ પછી બહુ ભદ્રક દિલના, તે તરત અન્યત્વ ભાવનામાં વળી ગયા ! ઝટ વિચાર્યું કે

**મરુદેવાની અન્યત્વ ભાવના :-**

હું બોલાવવા લાયક હોત તો·એ ઘર મૂકી ચારિત્ર લઇને જંગલમાં રખડવા શું કામ જાત ? ઘરવાસની સહેલસપાટી મૂકીને ગામોગામ એકલા વિહરવાના કષ્ટ શું કામ ઉપાડત ? માટે હું બોલાવવા લાયક ને મોહ કરવા લાયક છું જ નહિ. આ જગતમાં કોઇજ કોઇને બોલાવવા લાયક અર્થાત્ મોહ કરવા લાયક નથી, કેમકે કોઇજ મારું પોતાનું છે જ નહિ બધા, જ મારે પરાયા છે.'

આમ અન્યત્વ ભાવનામાં ચડ્યા. આ શું કર્યું ? દાન-શીલ-તપ-ભાવના એ ચાર પ્રકારના ધર્મમાંથી છેલ્લી ભાવનાધર્મની સાધના હાથમાં લીધી. તે બસ, હવે એજ ભાવના અત્યંત કર્તવ્ય બનાવી, તે એમાં જ મન ચોંટી ગયું ચોંટી ગયું એવું, કે એની જ ધારા આગળ વધી !

**'જગતમાં બધું જ મારાથી અન્ય છે'**

એ સૂત્ર ઉપર વિચારધારા ચાલી તે એમાં 'બધા' માં' પોતાના પુત્ર-પૌત્રાદિ પરિવારના મોહ ઉપરાંત સંપત્તિ વગેરેના મોહ-આસક્તિ-આકર્ષણ તો નીકળી જ ગયા, વધારામાં પોતાની કાયા, કાયાની શાતા-સુખશીલતા, યાવત્ પોતાના અહંત્વ સુદ્ધાં પરના મોહ-આસક્તિ-આકર્ષણ નીકળી ગયા ! એટલે ઝટ એમને ધર્મધ્યાન

શુક્લધ્યાનની ધારા લાગી, અનાસક્ત યોગ નિર્વિકલ્પ દશા અને વીતરાગ અવસ્થા આવીને ઊભી રહી ! પછી તો કેમ ? તો કે તરત કેવળજ્ઞાન થયું, અને આયુષ્ય અહીં જ પૂર્ણ થાય છે એટલે તરત જ મોક્ષ સાધી ગયા !

**અન્યત્વ ભાવનામાં અત્યંત કર્તવ્યભાવ વીતરાગભાવ સુધી લઇ જાય :-**

આ બધું શાના ઉપર ? અન્યત્વ ભાવનાની ધર્મસાધનામાં અત્યંત કર્તવ્યભાવ એવો લગાડી દીધો કે ઠેઠ વીતરાગતા સુધી પહોંચાડે. એમાં મોક્ષ સુધીનું મંડાણ મંડાઇ ગયું. આ અત્યંત કર્તવ્યભાવ ન હોત તો તો વચમાં બીજા ત્રીજા વિચાર આવી જવાથી ધ્યાન શ્રેણિ ન મંડાત. આની સામે વિચારો, આપણાં પ્રભુદર્શન, પ્રભુપૂજા, નવકારમાળા, સામાયિક, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, વગેરેમાંથી કઇ એક સાધના આવા અત્યંત કર્તવ્યભાવથી થાય છે કે જેમાં એક પણ બીજો વિચાર નહિ ? કહે છે 'અમારું ભાગ્ય નથી' ખોટું ન બોલાય, તપાસો

**ધર્મમાં કમભાગ્ય-કમનસીબી છે ? કે કમગરજ અને કમપુરુષાર્થ છે ?**

આમ જ આપણે ગોથાં ખાઇએ છીએ. વાસ્તવમાં આપણી ગરજ અને પુરુષાર્થની ખામી છે, હજી ધર્મસાધનાને અતિ કર્તવ્ય માનવાની એવી ગરજ આપણાને નથી, તેથી જ આપણે ધર્મસાધનાને અતિ કર્તવ્ય તરીકે સાધવાનો પુરુષાર્થ નથી કરતા, અને દોષ ભાગ્યને દઇએ છીએ કે 'મારું ભાગ્ય સારું નથી, તેથી એવી ધર્મસાધના થતી નથી.'

મરુદેવા માતાને સાચું માનવાની ગરજ જાગી, 'હેં ? દીકરો મને, આટલે આટલે એની સામે આવું છતાં, બોલાવે નહિ ?' એવી મોહની માન્યતા પડતી મૂકવાની, અને 'જગતમાં કશું આપણું નથી, બધું આપણાથી પર છે, અન્ય છે, પરાયું છે.' એ સાચી માન્યતા ધરવાની ગરજ જાગી, અને એ પ્રમાણે માનવાનો પુરુષાર્થ કર્યો. તે એવો કર્યો કે એમાં વચ્ચે પોતાની કાયાનો, ઉંમરનો, કે અહંત્વનો વગેરે કશો વિચાર લાવ્યા નહિ. એવો અન્યત્વ ભાવનાનો પુરુષાર્થ અત્યંત કર્તવ્ય તરીકે કર્યો તો ત્યાં ધ્યાનધારા લાગી, શુકલધ્યાન લાગ્યું, ક્ષપકશ્રેણિ માંડી, અને વીતરાગ બન્યા ! સર્વજ્ઞ બન્યા ! અને મુક્ત બન્યા ! ભલા ભોળા મરુદેવા માતા વીતરાગ બને, ને આપણે પેક-હોશિયાર તે ભવમાં ભમતા રહીએ !

**ગૌતમ સ્વામીની ભાવના :-**

ખુદ ગૌતમ સ્વામીજી મહારાજે પણ પ્રભુનો નિર્વાણ સાંભળી 'હેં પ્રભુ ! ૩૦-૩૦ વરસ તમારી સાથે રહ્યો અને અંતકાળે મને છૂટો પાડ્યો ?' એ વિચાર આવવા પર તરત જ આવો વિચાર કરવાનું પોતાનું અહંત્વ મૂકી દીધું. પ્રભુ તો વીતરાગ હતા એમને ૩૦ વરસ સાથે રહેનારો શું, કે નહિ રહેનારો શું, કોઇના ય ઉપર રાગ કે દ્વેષ નહિ, તો હું કેમ રાગમાં ફસાઇ બેઠો છું ? મારા આત્માના શુદ્ધ સ્વરૂપમાં રાગે ય નથી, ને દ્વેષ પણ નથી, તો શા માટે હું રાગાદિનું અશુદ્ધ સ્વરૂપ પકડી બેઠો છું ? એમ શુદ્ધ આત્મસ્વરૂપના ચિંતનમાં ચડી ગયા. એ ચિંતન કેવુંક અત્યન્ત કર્તવ્ય બની ગયું હશે કે એમાં હવે 'પણ પ્રભુએ આઘો કાઢતાં થોડું કહેવું તો જોઇએ ને ?' એવો કશો બીજો વિચાર જ પેસવા દીધો નહીં, તો એ શુદ્ધ સ્વરૂપનું ચિંતન શુક્લધ્યાન સ્વરૂપ બની ગયું ! ને કેવળજ્ઞાન અપાવનારું બની ગયું...!

### ધર્મસાધનામાં અતિ જરૂરી ૪ સાધના :-

ફરીથી યાદ કરો, ધર્મસાધના

(૧) આવી અત્યંત કર્તવ્ય માનીને કરો, એમાં અહોભાવ જાગતો રાખો શી રીતે ? ભિખારીને અપૂર્વ નિધાન મળ્યા પર અહોભાવ થાય એ રીતે અહોભાવ મનમાં લાવ્યા કરો. સાથે, (૨) સાધનામાં ગદ્ગદ ભાવ લાવો, એ પણ જેમ પેલા ભિખારીને અણચિંત્યું મહાનિધાન મળી ગયા પર દિલ ગદ્ગદ થયું ભીનું ભીનું થયું એવો ગદ્ગદ ભાવ. આ સાથે ધર્મસાધનામાં, (૩) નિરાશંસભાવ રાખો. અર્થાત્ ધર્મના ફળમાં દુન્યવી લૌકિક વસ્તુ મળવાની કોઇ જ સ્પૃહા નહિ રાખવાની. મહાન લોકોત્તર ફળ અને અણચિંત્યા લૌકિક ફળને આપનારા ધર્મને મનમાન્યા તુચ્છ લૌકિક ફળ માટે વેચો નહિ. તેમજ, (૪) ધર્મસાધના વખતે આહારાદિ ૧૦ પાપસંજ્ઞા ઊઠવા ન દો.

### ધર્મમાં નિરાશંસભાવ કેમ આવે ?

આમાં જે નિરાશંસભાવ રાખવા કહ્યું, એ લાવવા માટે હંમેશા ખાસ આ વિચારવાનું છે કે 'એવા અચિંત્ય લૌકિક લોકોત્તર ફળ આપનાર ધર્મ પાસે તુચ્છ લૌકિક ફળ માગી લેવું એમાં (૧) ધર્મનું ગૌરવ હણીએ છીએ, અને (૨) ધર્મ કરતાં દુન્યવી વસ્તુને વધુ મહત્ત્વ આપીએ છીએ.

(૧) ધર્મ તો મોટો ચક્રવર્તી છે. ચક્રવર્તીની કોઇ સેવા કરે એને પ્રસન્ન કરે, એને ચક્રવર્તી ન ધારેલું ઇનામ આપવાનો હોય છે, પરંતુ માણસ પોતે જ જો ચક્રવર્તી પાસે તુચ્છ ફળ માગી લે, દા.ત. માગે 'મને સીધું અપાવી દો' તો ચક્રવર્તીને અપમાન જેવું લાગે કે 'આ રાંકડો મારી આટલી જ કિંમત સમજે છે કે હું આટલું જ આપી શકું ? મૂર્ખ મારી પાસે આ માગે છે ?'

વ્યવહારમાં પણ દેખાય છે કે પત્ની પતિની સેવા બજાવતી હોય પણ સાથે સાથે માગ માગ કરતી હોય કે 'મને પૈસા આપો પૈસા આપો, મને આ લાવી આપો ને તે લાવી આપો' તો સમજુ પતિ પૈસા તો આપે, વસ્તુ ય લાવી તો આપે, પણ એના દિલમાં પત્ની એવું સ્થાન નથી પામી શકતી.

**પત્નીનો નિરાશંસભાવ :-**

ત્યારે જો પત્ની પોતે તો ન માગતી હોય, પરંતુ પતિ સામેથી પૂછતો હોય કે 'તમારે શું જોઇએ છે ?' અને પત્ની કહેતી હોય કે

'મારે કશું જોઇતું નથી. મારે તો તમે મળી ગયા એટલે બધું જ મળી ગયું છે, તમારી સેવા જ મારે જોઇએ છે મારે બીજું કાંઇ જોઇતું નથી,'

તો એ પત્ની પતિના દિલમાં ઊંચું સ્થાન પામે છે, અને પત્નીના દિલમાં પણ પતિસેવા આગળ જગતની વસ્તુને મહત્ત્વ જ નહિ, મુખ્ય સ્થાન નહિ, પરંતુ દિલમાં પતિ અને પતિની સેવા જ મહત્ત્વ પામે છે, મુખ્ય સ્થાન પામે છે.

બસ, આ રીતે આપણે ધર્મ તો સેવીએ પણ ધર્મ પાસે આ ને તે માગ-માગ કરીએ, તો સમજવું ધર્મ એટલે કે ધર્મનો દલાલ શુભ કર્મ માગ્યું આપી તો દે, પરંતુ ધર્મના દિલમાં આપણે એવું સારું સ્થાન ન પામીએ.

(૨) અરે ! આપણા દિલમાં પણ મુખ્ય સ્થાન વધુ મહત્ત્વ ધર્મ નથી પામતો, પરંતુ માગેલી જગતની વસ્તુ જ મુખ્ય સ્થાન પામે છે, વધુ મહત્ત્વની બને છે, અર્થાત્ દિલમાં મહત્ત્વ ધર્મનું નહિ, પણ દુન્યવી વસ્તુનું રહે છે. ત્યારે જો ધર્મ પાસે આપણે કશું માગતા નથી, ધર્મ પાસેથી આપણને કશી અપેક્ષા નથી, આપણું મન એમજ કહે છે કે 'મારે ધર્મસેવા જ જોઇએ છે, સેવાના બદલામાં દુનિયાનું કશું જોઇતું નથી, મારે તો ધર્મની સેવના સાધના મળી છે એટલે બધું જ મળી ગયું છે,' આમ આપણા હૈયામાં મુખ્ય સ્થાન ધર્મ અને ધર્મસેવાનું રહે. એ શું થયું ?

**જેમ નિરાશંસ પત્નીને દિલમાં મહત્ત્વ પતિ અને પતિસેવાનું, પણ જગતની વસ્તુનું નહિ, એમ નિરાશંસ ધર્મસાધકને દિલમાં મહત્ત્વ ધર્મ-ધર્મસેવાનું, પણ જગતની વસ્તુનું નહિ.**

આમ જો દિલમાં મુખ્ય સ્થાન ધર્મનું રહે છે, તો પછી ધર્મ તો ઊંચામાં ઊંચો કદરદાન સ્વામી છે, એટલે એના દલાલ પુણ્યકર્મ તરફથી જગતની ઊંચી ઊંચી વસ્તુ મળી જાય છે, ને છતાં પણ આપણે મન એની જે મહત્તા નહિ, તે મહત્તા ધર્મની અને ધર્મસેવાની રહે છે.

ધર્મ સેવીને એની પાસેથી દુન્યવી કશું મળવાની સ્પૃહા નથી, અપેક્ષા નથી, આશંસા નથી, તો એ નિરીહભાવ છે, નિરાશંસ ભાવ છે, અને એમાં જ આપણા *દિલમાં દુન્યવી કોઇ પણ વસ્તુ કરતાં ધર્મનું ઊંચું મૂલ્યાંકન ઊંચું સ્થાન રહે છે. તે પણ*

**નિરાશંસભાવે ધર્મ સાધવામાં અહીં અને પરલોકમાં પણ આપણે મન મહત્ત્વ ધર્મનું, કિન્તુ જગતની વસ્તુનું નહિ.**

**(૧) દેવપાલનો નિરાશંસભાવ :-**

નિરાશંસભાવે કરાતી ધર્મસાધના અંગે પેલા અરિહંતપદના આરાધક દેવપાલનો પ્રસંગ ખ્યાલમાં છે ને ? શેઠના ઢોરા ચારનારો એ ક્ષત્રિય જાતનો રજપૂત નોકર, એને જંગલમાં તૂટેલી ભેખડમાંથી શ્રી ઋષભદેવ ભગવાનની સુંદર પ્રતિમા મળી ! ન્હાઇ ધોહી ત્યાં નાનું મંદિર જેવું બનાવી એમાં પ્રભુને રાખી પૂજે છે, અને મહાનિધાન પામ્યો સમજી એને 'અહો ! અહો ! મને તે આ ભગવાન મળ્યા !' એમ એને એટલો બધો અહોભાવ થાય છે કે એ ત્યાં પ્રતિજ્ઞા કરે છે કે 'પ્રભુ ! તમારા દર્શન-પૂજન વિના કોઇ દિવસે મોમાં પાણીનું ટીંપુ ન નાખું' બસ, પછી તો રોજ ઢોરાં ચરાવવા આવે ત્યારે દર્શન-પૂજન કરે છે, અને એમાં દિલ ખૂબ જ ગદ્ગદ થઇ જાય છે કે 'અહો ! મારા જેવા એક નિષ્પુણિયાને આ શું મળી ગયું ?' આ પ્રભુના દર્શન-પૂજનથી એને શું જોઇતું હતું ? કશું જ નહિ. નિરાશંસભાવની સાધના છે. એને મન ભગવાનની ભક્તિ મળી એ બધું જ મળી ગયું છે કેમકે સમજે છે કે-

**જીવનની શોભા પૈસા વગેરેથી નહિ. પણ પ્રભુભક્તિથી જ છે.**

એકવાર વરસાદની ભારે હેલી સાત દિવસ ચાલી એમાં જંગલમાં જઇ શક્યો નહિ, તો ખાનપાન કાંઇ જ કર્યું નહિ, તેમ એને પસ્તાવો પણ ન થયો કે 'હાય ! આવી બાધા-પ્રતિજ્ઞા ક્યાં કરી બેઠો કે હું સાત સાત દિવસ ખાધા-પીધા વિનાનો રહ્યો !' હા, એને સંતાપ હતો કે 'હાય ! પ્રભુભક્તિ વિનાના આ મારા દિવસ વાંઝિયા દિવસ જાય છે !' શું આ ? નિરાશંસભાવ.

**ધર્મથી શું જોઇએ છે ? કશું જ નહિ, ધર્મ જ જોઇએ છે. પ્રભુભક્તિથી પ્રભુભક્તિ જ જોઇએ છે, બીજુ કશું જોઇતું નથી.**

**દેવપાલને ક્યો પસ્તાવો ? :-**

આઠમે દિવસે વરસાદ બંધ, તે ઉઘાડ નીકળતાં દેવપાલ પ્રભુ પાસે જઇ રોયો, 'પ્રભુ ! પ્રભુ ! તારી ભક્તિ વિના મારા સાત સાત દિવસ વાંઝિયા ગયા ! મને માફ કરજે મેં સાત દિવસ તારી ભક્તિ ન કરી, તારી સંભાળ કરવા ન પામ્યો. મારા નાથ ! મને આવી સજા કરીશ ના કે મને તારી ભક્તિ ન મળે, ભલે મહિનાના ઉપવાસ કરવાનું આપજે તે કરીશ, પરંતુ તારી ભક્તિ વિનાનો એક દિવસ મારે ન જાય...'

ગદ્ગદ દિલે દેવપાલ આંખમાં દડદડ આંસુ સાથે પ્રભુની આગળ રોઇ રહ્યો છે, ત્યાં ચક્રેશ્વરી દેવી આવી કહે છે-'દેવપાલ ! દેવપાલ ! આ પ્રભુની હું અધિષ્ઠાયકા દેવી છું, તારી ભક્તિ જોઇ બહુ જ પ્રસન્ન થઇ છું, ભક્તિના બદલામાં માગ માગ તે આપું...'

'દેવપાલ કહે છે 'મને પ્રભુભક્તિ આપો'

દેવી કહે, 'અરે ! એ તો તારી પાસે છે જ.'

આ કહે 'ક્યાં મારી પાસે છે ? મારી પાસે હોત તો તો આ મારા ૭-૭ દિવસ પ્રભુભક્તિ વિનાના કેમ જાત ?'

દેવી કહે 'આ તો તારી ભક્તિની ધગશે ભક્તિની પ્રતિજ્ઞાએ તારી કસોટી કરી, પણ રોજ રોજ થોડી જ કસોટી આવે છે ? બાકી હું દેવતા છું, દેવનું દર્શન નિષ્ફળ જાય નહિ, માટે ભક્તિના બદલામાં દુનિયાનું ગમે તે સારું કશું માગી લે, રાજ્યપાટ, ખજાનો...'

**દેવપાલનો દેવીને પડકાર: પ્રભુભક્તિ એ ઐરાવણ હાથી, ખજાનો એ ગધેડો :-**

દેવપાલ કહે 'તું મને શું લલચાવે ? તું તો મને મારો ઐરાવણ હાથી વેચીને ગધેડો ખરીદી લેવા લલચાવી રહી છે. તું જાણે છે ખરી કે તું જે કાંઇ રાજ્યપાટ ખજાનો વગેરે આપે એ ગધેડા તુલ્ય છે, જ્યારે મારે પ્રભુભક્તિ એ ઐરાવણ હાથી સમાન છે. એને હું વેચું ? પ્રભુભક્તિથી બદલામાં મારે કશું જોઇતું નથી, ઊંચી ઊંચી ભક્તિ જ જોઇએ છે. મારે તો આ જન્મારો પ્રભુભક્તિથી પાવન થઇ ગયો છે, સુશોભિત બની ગયો છે ! માનવજનમ કાંઇ રાજ્યપાટ કે હીરા માણેક વગેરેના ખજાનાથી પાવન ન થાય, શોભિતો ન થાય. જીવનની શોભા પ્રભુભક્તિ છે, દુન્યવી માલ-ખજાના નહિ.'

દેવી શું કહે ? હાથ જોડ્યા ! દેવપાલની પ્રભુભક્તિ પર વિશેષ ઓવારી ગઇ. એ કહે છે-

'દેવપાલ ! ખેર ! તું મારું આપ્યું નહિ લે, પરંતુ તારા આ ઉત્કૃષ્ટ ભક્તિના પરિણામથી જે તત્કાળ ફળે એવું પુણ્ય તેં બાધ્યું છે, ને એનાથી આજથી સાતમે દિવસે તું આ નગરીનો રાજા થઇશ !' એમ કહી દેવી અંતર્ધાન થઇ ગઇ. શાસ્ત્ર કહે છે-**ઉત્કૃષ્ટ પુણ્ય-પાપ આ ભવમાં ફળે છે.**

દેવપાલને આ સાંભળીને આનંદ ન થયો કે 'ચાલો ભક્તિ ફળી, સાતમે દિવસે રાજ્ય મળશે.' પણ એને તો ઊલટું ચિંતા થઇ કે 'હાય ! રાજા થવાનું ? તો તો પછી રાજ્ય સંભાળવાની જંજાળમાં મારી પ્રભુભક્તિનું શું થશે !'

શું છે આ ? નીતરતો નિરાશંસભાવ. પ્રભુભક્તિના ધર્મ પાસેથી મોટું રાજ્યપાટ કે કશું એને જોઇતું નથી, દુન્યવી કોઇ ચીજની આશા-આશંસા-અપેક્ષા નથી. જનમની શોભા એણે પ્રભુભક્તિમાં જે માની છે, એવી મોટા રાજ્યપાટની સમૃદ્ધિમાં નહિ.

**જન્મ પાવન આજ મારો, ધર્મ તુજ સેવન થકી,**

**ભવોભવ અનુમોદના જે મળી ધર્મસેવા અહીં.**

અર્થાત્ મારે તો ધર્મસેવામાં પ્રભુભક્તિમાં મારો જનમ પવિત્ર થઇ ગયો ! અને અહીં જે મને આ ધર્મસેવા મળી એની માત્ર અહીં જ અનુમોદના નહિ, પણ ભવોભવ મારે ધર્મ પામ્યાની પ્રભુભક્તિ પામ્યાની અનુમોદના રહો.

દુન્યવી કયી વસ્તુથી જનમ પાવન થાય છે ? મોટા છ ખંડના રાજ્યથી નહિ, કેમકે એ છ ખંડના રાજ્યવાળો ચક્રવર્તી તો જો એમાં ને એમાં રચ્યોપચ્યો મરે, તો સીધો નરકમાં જ સિધાવે છે ! તો છ ખંડના મહા સામ્રાજ્યે એના જનમને શું પાવન કર્યો ? તો પછી શી એની આશંસા રાખવાની ? આશંસા માત્ર અધિકાધિક ધર્મની ક્યારે બને ? જીવનમાં ધર્મને જ સર્વેસર્વા મનાય ત્યારે,

**જીવનમાં ધર્મ કરવો કઠીન નથી, પરંતુ જીવનમાં ધર્મને જ સર્વેસર્વા રાખવો કઠિન છે.**

**નિરાશંસભાવ હોય તો જ ધર્મને સર્વેસર્વા માની શકાય, સર્વેસર્વા રાખી શકાય.**

દેવપાલે અરિહંતભક્તિના ધર્મને સર્વેસર્વા રાખ્યો છે, ને ઠેઠ રાજા બન્યા અને રાજકુંવરી પરણવા મળ્યા પછી પણ અરિહંતભક્તિ જ જીવનમાં સર્વેસર્વા રાખી છે, રાજ્ય ચલાવવાનું તો શ્રાવક મહામાત્યને સોંપી દીધું છે. તો જ તે અરિહંત બનવાનું તીર્થંકર નામકર્મ નામનું પુણ્ય કમાઇ ગયા છે !

જીવનમાં અરિહંતભક્તિ સર્વેસર્વા એટલે ? ભક્તિની આગળ દુન્યવી સમૃદ્ધિ-વૈભવ-સત્તા-ઠકરાઇ-માનમર્તબો...કશું જ વિસાતમાં નહિ. ભગવાનની ભક્તિ કરીને આમાનું શું જોઇએ છે ? કશું જ નહિ. જોઇતું નથી, પણ મળી ગયું છે તો આનંદ શેમાં છે ? રાજ્યઋદ્ધિ-માનપાનમાં ? કે અરિહંત ભક્તિમાં ? તો કે અરિહંતભક્તિમાં આનંદ કહેશો-

## ધર્મ અને સમૃદ્ધિ બંનેમાં આનંદ કેમ નહિ ?

**ભક્તિ અને ભક્તિનું ફળ સમૃદ્ધિ, બંનેમાં આનંદ કેમ નહિ ?**

પ્ર-બંનેમાં આનંદ ન રાખી શકાય ?

ઉ.-આવો પ્રશ્ન પૂછીને અરિહંતભક્તિ અને દુન્યવી સમૃદ્ધિ બંનેને એક હરોળમાં મૂકો છો, તેથી અરિહંતભક્તિની જોડે ઋદ્ધિ-સંપત્તિ-માનપાન ભુલાતા નથી ! એનો ય નંબર રાખવા જોઇએ છે ! એ સૂચવે છે, કે હજી મન પરથી આનો પક્ષપાત ઊતર્યો નથી, અને અરિહંતભક્તિથી મેળવવા લાયક રાજ્યઋદ્ધિ-સંપત્તિ માનપાન લાગ્યા છે ! પણ ખબર નથી કે 'ઋદ્ધિ, સંપત્તિ અને માનપાન તો ભવના ફેરા વધારનારા છે, જ્યારે અરિહંતભક્તિ ભવના ફેરા કાપનાર છે.'

**'દુન્યવી વૈભવ-વિષયો મારણહાર છે, અરિહંતભક્તિ તારણહાર છે.'**

દુન્યવી ઋદ્ધિ-સંપત્તિમાં ચિત્ત આકર્ષાય ત્યારે ભગવાન ભુલાય છે, ધર્મ ભુલાય છે, મૈત્રી, ક્ષમા વગેરે ભાવ ભુલાય છે ન્યાય-નીતિ ભુલાય છે !

**ભગવદ્ભક્તિ-પ્રીતિ અને મૈત્રી, ક્ષમા વગેરે ધર્મ તો આત્માના ભાવપ્રાણ છે.**

એનો નાશ કરનાર રાજ્યઋદ્ધિ-સંપત્તિ અને માનપાન વગેરે એ મારણહાર ગણાય.

**ચિત્તની સમાધિ-સ્વસ્થતા ગુમાવનાર કોણ ? ઋદ્ધિ-સંપત્તિ અને દુન્યવી વિષયો.**

એમાં ચિત્ત આકર્ષાયું એટલે ચિત્ત અસ્વસ્થ બન્યું સમજો, સ્વસ્થતા ગઇ સમાધિ ગઇ સમજો.

**સમાધિ જોઇએ છે ? તો ઋદ્ધિ-સંપત્તિ અને માનપાન તથા ઇંદ્રિયોના વિષયોનું મનમાં આકર્ષણ મહત્ત્વ પડતું મૂકો.**

જો એને મહત્ત્વ આપ્યું, જો એથી આનંદ મળે એમ માન્યું, તો ચિત્તની સમાધિ ગઇ સમજો,

રોજ ભગવાન પાસે ચૈત્યવંદનમાં 'જય વીયરાય' સૂત્રમાં **'સમાહિ-મરણં'** માગો છો ને ?

**વિષયોનું આકર્ષણ એ અસમાધિ છે :-**

ત્યાં જ ખ્યાલ આવવો જોઇએ કે 'હું જો અત્યારે આ દુનિયાની ઋદ્ધિ-સંપત્તિને અને ઇન્દ્રિયોના વિષયોને મહત્ત્વ આપું છું. એનું આકર્ષણ રાખું છું, એના આનંદ નિઃસંકોચ ભોગવું છું, તો એમાં ચિત્ત અસ્વસ્થ છે, ચિત્તમાં સમાધિ નથી, અસમાધિ છે. પછી આમ ને આમ જિંદગીભર ચલાયે જઇશ તો સમાધિ-મરણ યાને મરણ વખતે સમાધિ ક્યાંથી રહેવાની હતી ?

**અંતકાળે સમાધિ કેમ આવે ? :-**

માટે જો મારે અંતકાળે સમાધિ જોઇએ છે તો જીવનમાં સમાધિનો અભ્યાસ જોઇશે, અત્યારથી જ મારે સમાધિની ટેવ પાડવી જોઇએ, ને એ માટે આ દુન્યવી વૈભવ-વિષયોનાં આકર્ષણ પડતા મૂકવા જોઇએ, એને મહત્ત્વ જ ન આપવું જોઇએ, એમાં આનંદ હોવાનું ન જ મનાય, પણ આનંદ આવી જાય તો ચોંકી ઊઠવું જોઇએ

કે 'આ વૈભવ-વિષયો તો હળાહળ ઝેર ! એમાં હું મૂરખ આનંદ શો માનવા બેઠો ?

મોટા ભરત ચક્રવર્તી ચક્રવર્તીના રંગરાગ-ભોગમાં બેઠા છતાં મનમાં અ ચોંકામણ રાખતા, તેથી 'ભરતજી મન હી મેં વૈરાગી' એમના મનમાં તો વૈરાગ્ય ઝળહળતો હતો.

**વૈરાગ્ય એટલે વૈભવ-વિષયો પ્રત્યે ઝેરની દ્રષ્ટિ.**

**વૈરાગ્ય એટલે વૈભવ-વિષયોથી ઉભગી જવું.**

**વૈરાગ્ય એટલે વૈભવ-વિષયોમાં જ્યાં આનંદનો અનુભવ થાય ત્યાં શરમ લાગવી, કે 'હાય ! મને અરિહંતભક્તને આ શો આનંદ ? ભય લાગવો કે હાય ! આમાં મારું શું થશે ?'**

સમકિતી જીવ વૈરાગી હોય, એટલે વૈભવ-વિષયોથી ઊભગેલો હોય, એમાં ભયવાળો અને શરમવાળો હોય. હજી એ અવિરતિમાં છે, ત્યાગી નથી, તેથી વૈભવ વિષયો પર રાગ છે, એ ગમે છે એમાં આનંદનો અનુભવ થાય છે, પરંતુ એ બધાની પાછળ હૈયે બળતરા છે, ભય છે શરમ છે, ઝેરની દ્રષ્ટિ છે પછી કેમ એ અરિહંતભક્તિ અને વૈભવ-વિષયોને સમાન લેખે ? કેમ એ બંનેમાં સમાન રીતે આનંદ માણે ? એ તો સમજે છે કે

અરિહંતભક્તિ તો તારણહાર છે, આત્માના ભાવપ્રાણ, વૈરાગ્ય, ક્ષમા, મૈત્રી વગેરેને પોષનાર છે. માટે એમાં જ આનંદ મનાય એનું જ આકર્ષણ રખાય, એને જ મહત્ત્વ અપાય.

**ભક્તિધર્મમાં ય આનંદ, અને વૈભવ-વિષયોમાં ય આનંદ, બે બને નહિ.**

વૈભવ-વિષયોમાં જો આનંદ માન્યો, એનું આકર્ષણ રહ્યું, જો એને મહત્ત્વ આપ્યું, તો સમજી રાખો કે ચિત્તની સમાધિ ગઇ.

**મરણ વખતે સમાધિ જોઇતી હોય તો અત્યારથી એની તૈયારી રાખો, તૈયારી આ કે વૈભવ-વિષયોનું મનમાં મહત્ત્વ તદ્દન મારી નાખવું, એના આકર્ષણ-આનંદ-પક્ષપાત પડતા મૂકવા.**

જ્વલંત વૈરાગ્ય રાખો તો જ આ બને. ત્યારે એ પણ સમજી રાખો કે-

**સાચી અરિહંતભક્તિ વૈરાગ્યવાળી જ હોય, દુન્યવી વૈભવ-વિષયો-માનસન્માન પ્રત્યે ઝેરની દ્રષ્ટિવાળી હોય.**

**શોક્યને ઓરમાયો પુત્ર, એમ ધર્મીને વૈભવ-વિષયો**

તેથી જ ભક્તિના બદલામાં એ કશું ઇચ્છે નહિ, અરે ! વૈભવ-વિષ મળી જાય તો ય એથી ભક્તિ લેખે લાગી, સફળ થઇ, એમ માને નહિ.

અરિહંતની ભક્તિવાળો એટલે કે અરિહંતનો ભક્ત તો દુન્યવી વૈભ વિષયોને વિટંબણા રૂપ દેખે, કેમકે એ બધા અરિહંતને અને અરિહંતભક્તિ ભુલાવનારા છે. શોક્યને ઓરમાયો મોટો દીકરો વિટંબણારૂપ લાગે છે, કેમકે જુએ છે કે 'આની આગળ મારા દીકરાનું મહત્ત્વ નથી રહેતું'. એમ અરિહંત ભક્ત જુએ છે કે 'આ વૈભવ-વિષયો આગળ મારા અરિહંતનું એટલું મહત્ત્વ ન રહેતું. મનમાં પૈસાનું મહત્ત્વ પેઠા પછી અરિહંતનું એવું મહત્ત્વ નથી રહેતું એટ જ અરિહંત ખાતર પૈસા નથી તોડી નાખવાનું મન નથી થતું, પણ અવસરે પૈસા ખાતર અરિહંતનો ઉપયોગ કરવાનું મન થાય છે. માટે જ આ પૈસા ને ટકા ત પત્ની-પુત્ર, મેવા-મિઠાઇ વગેરે બધા જ વિટંબણા રૂપ છે, ઝેરરૂપ છે.''

અરિહંતનાં ભક્તની આ સમજ હોય પછી, અરિહંતભક્તિમાં ય આનં અને વૈભવ-વિષયોમાં ય આનંદ, એ બે કેમ બને ?

શ્રી ઋષભદેવ ભગવાન પાસે ૯૮ પુત્રો આજ્ઞા-સ્વીકાર માગતા ભર સાથે લડી લેવાની સંમતિ માગવા આવ્યા. ત્યારે ભગવાને વૈભવ-વિષયો-પરિવ વગેરે સમગ્ર દુન્યવી વસ્તુને વિટંબણા રૂપ બતાવી, એમાં ઝેરની દ્રષ્ટિ દેખાડી, તો ૯૮ પુત્રોમાં વૈરાગ્ય ઝળહલી ઊઠ્યો ! અને ત્યાં ન ત્યાં જ ભગવાન પાસે સંસ ત્યાગ કરી ચારિત્ર લઇ લીધું ! એકલું ચારિત્ર નહિ, પણ હૈયામાં અરિહંતની ભા ભક્તિ વસાવી, એને પાછી એવી વિકસાવી કે ચારિત્રના પરિણામ અર્થાત્ સંયમ અધ્યવસાય ઊંચા ઊંચા વધતા ચાલ્યા ! તે વીતરાગ ભાવ સુધી પહોંચી ગયા અ કેવળજ્ઞાન પામી ગયા...!

ભગવાને ધર્મ અને વૈભવ-વિષયો, બંનેમાં આનંદ ઉપદેશ્યો હોત, આ દીકરા વૈરાગ્ય પામત ? વૈરાગ્ય શું, અરિહંતની સાચી ભક્તિ કે સાચો ધર્મ પા ન પામત.

**ભક્તિ અને ધર્મના મૂળમાં વૈરાગ્ય જોઇએ :-**

માટે 'જય વીયરાય' સૂત્રમાં પહેલી માગણી ભવનિર્વેદની મૂકી, ભવવૈરાગ્ય

વિષયવૈરાગ્યની મૂકી, પછી એના પર માર્ગાનુસારિના અર્થાત્ તત્ત્વાનુસારિના ઇષ્ટફળ સિદ્ધિ વગેરે મૂક્યા. વળી ભવનિર્વેદની માંડી પરત્થકરણ સુધીની પહેલી છ માગણીને લૌકિક ધર્મ લૌકિક સૌંદર્ય કહી, પછી 'સુહગુરુજોગો, તવ્વયણ સેવણા' રૂપ લોકોત્તર સૌંદર્ય, લોકોત્તર ધર્મ મૂક્યો, અને એ સૂચવ્યું કે

**ભવનિર્વેદ વગેરે લૌકિક ધર્મ પ્રાપ્ત કર્યો હોય જીવનમાં ઉતાર્યો હોય એ જ લોકોત્તર ધર્મનો અધિકારી છે.**

'સુહગુરુજોગો' એટલે શુભ ગુરુ યાને ચારિત્રસંપન્ન ગુરુનો યોગ અને 'તવ્વયણ સેવણા' અર્થાત્ તદ્વચન ગુરુવચનની આરાધના, આ બે લોકોત્તર ધર્મ છે. એના પાયામાં ભવનિર્વેદ છે, વિષયવૈરાગ્ય છે. વિષયવૈરાગ્ય એટલે 'વિષયો સુખનું આનંદનું સાધન નહિ, પણ વિટંબણા રૂપ છે, અનંત દુઃખનું સાધન છે,' એવી એના પ્રત્યે ઝેરની દ્રષ્ટિ.

આટલા વિસ્તારથી વિચાર્યા પછી જો વૈરાગ્ય સમજાઇ ગયો હશે, તો હવે 'ધર્મ પણ સુખનું સાધન અને વૈભવ-વિષયો પણ સુખનું સાધન, ધર્મમાં ય આનંદ અને વૈભવ-વિષયોમાં ય આનંદ' એમ માનવાનું મન નહિ થાય, એમ બોલવાનું ય નહિ કરાય.

વૈભવ-વિષયો સુખનું સાધન જ નથી. એ તો અનંતા દુઃખનું સાધન છે. વૈભવ-વિષયોમાં આનંદ નથી, પણ વિટંબણા છે. જેમ સ્ત્રીમાં લંપટ માણસને કામી માણસને સ્ત્રીનો આનંદ નહિ, પણ એની વિટંબણા છે. એટલે આ વૈભવ-વિષયો જો વિટંબણા રૂપ ઝેર રૂપ સમજાય તો પછી અરિહંતભક્તિ વગેરે ધર્મ કરીને ફળ રૂપે વૈભવ-વિષયો માગવાનું ઇચ્છવાનું મન જ ન થાય, ને ભક્તિ વગેરે ધર્મ નિરાશંસભાવે નિષ્કામ ભાવે સાધવાનું થાય...

**(૨) રાવણની નિરાશંસ ભક્તિ સાધના :-**

રાવણ સમકિતી જીવ હતો. અષ્ટાપદજી પર ખૂબ ભાવપૂર્વકની પ્રભુભક્તિ પછી ધરણેન્દ્રે એ ભક્તિ જોઇ પ્રસન્ન થઇ રાવણને ભક્તિના બદલામાં ઇચ્છિત માગી લેવા ઘણું લલચાવ્યો છતાં રાવણ ન લલચાયો ! કેમકે એની ભક્તિની સાધના નિરાશંસ ભાવની હતી એણે તો એક જ કહ્યું,

'ભક્તિના ફળ રૂપે મારે મોક્ષ જોઇએ છે. એ તું ન આપી શકે, અને તું આપી શકે એ ચીજ મારે ભક્તિના ફળ તરીકે જોઇતી નથી. હું ભક્તિ કરું છું તે

દુન્યવી કશી જ વસ્તુની અપેક્ષા વિના માત્ર જન્મ-મરણની વિટંબણાથી મુક્ત થવા માટે. બોલ મને મુક્તિ આપી શકે છે ?'

હવે શું કરે ધરણેંદ્ર ? એણે હાથ જોડ્યા 'ભાઇ ! હજી મારો જ મોક્ષ હું કરી શકતો નથી તને મોક્ષ શી રીતે આપું ?'

ધર્મની સાધનામાં નિરાશંસભાવની બલિહારી છે.

**જ્યારે મન મોટું બને, ત્યારે જ દુન્યવી વિષયોને તુચ્છ લેખે.**

મન મહાન બન્યા પછી પ્રભુભક્તિ, ત્યાગ, દાન, ક્ષમા, સંયમ, દેવ, ગુરુ વગેરેને અતિ કિંમતી લેખવાનું માનસિક વલણ ઊભું થાય. મન વિષયોને તુચ્છ દેખે ત્યાં પછી નિરાશંસભાવ રાખવો સહેલો. પછી તો મન જ અંદરથી પોકારતું હોય કે

'ઇંદ્રિયોના વિષયો તો આયારામ-ગયારામ ને તે જાય ત્યારે ભારે શોકની પોક મુકાવનારા ! એટલું જ નહિ એ ગયા પહેલાં ય પાછા રહે ત્યાં સુધી ય હૃદયના ભાવો બગાડી શુભ ભાવોને વિસારે પાડનારા ! એમાં શું મોહવું ? શા એને માથે ચડાવવા ?'

**(૩) અર્હન્નકનો નિરાશંસભાવ :-**

અર્હન્નક શ્રાવકના સમ્યક્ત્વની દ્રઢતાથી ઇંદ્રે પ્રશંસા કરી. એક દેવતાથી આ સહન થયું નહિ, ને પરીક્ષા કરવા આવ્યો. અર્હન્નક વહાણમાં માલ ભરીને પરદેશ વેપાર અર્થે જઇ રહ્યો હતો. ત્યાં દેવતાએ એને જૈન ધર્મની શ્રદ્ધા મૂકી દેવા કહ્યું, અર્હન્નક કહે 'એ કદાપિ ન બને'. દેવતાએ મોટા પિશાચનું રૂપ કરી મોટા ગુફા જેવા મોંઢામાં કરવતી જેવા દાંત વચ્ચે અર્હન્નકને આખો ને આખો ગળી ચાવી ખાવાની ધમકી આપી.

**અર્હન્નકની અદ્‌ભુત ભાવના :-**

મહાશ્રાવક અર્હન્નક સાગાર અનશન કરી લઇ કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહી, ભાવના ભાવે છે-

**'एसेव निग्गंथे पवयणे अट्ठे समट्ठे परमट्ठे सेसे सव्वं खलु अणट्ठे अणिट्ठे ।'**

''આ નિર્ગ્રન્થ સાધુધર્મ-પ્રધાન જિનપ્રવચન જ મારે ઇષ્ટ છે, સમર્થ છે, પરમ શ્રેષ્ઠ વસ્તુ છે. બાકી બધું અનર્થ રૂપ અને મને અનિષ્ટ છે.'' શું કર્યું આ ભાવનામાં ? પોતાનું માત્ર વહાણ-માલ-સામાન જ નહિ, પરંતુ પોતાની કાયા સુદ્ધાંને અનર્થરૂપ લેખી, એ બધું જાય તો બલા ગઇ એમ ભાવે છે. એટલે ? 'આ

બધું અનર્થરૂપ જાઓ તો ભલે જાઓ, પરંતુ મારા હૃદયમાંથી જિનપ્રવચન ન જાઓ, કેમકે એજ ભવોદ્ધારણ-સમર્થ છે, પરમપદ સાધક પરમાર્થ છે, અનંત ભાવસંપત્તિનું સંપાદક છે.'

આમ જ્યાં કાયાના કુરચા વધાવી લેવાની તૈયારી હોય ત્યાં હવે દેવતા શું કરે ? જુએ છે કે આને ચાવી ખાઉં ને આ ખતમ થઇ જાય તો યે પોતાના જૈનધર્મની શ્રદ્ધા ન મૂકે. છતાં વધુ ચકાસવા વહાણ સાથે ડુબાડી દેવાની ધમકી આપીને વહાણને આકાશમાં સાત તાડ જેટલું બહુ ઊંચે લઇ હવે ત્યાંથી સીધું નીચે પટકવાની ધમકી આપે છે. પરંતુ મહાન સમકિતી ધર્માત્મા અર્હન્નક અડોલ છે, બાહ્ય સર્વસ્વ ગુમાવવાની તૈયારી છે, માત્ર જૈન ધર્મની શ્રદ્ધા ગુમાવવા તૈયાર નથી...

**કઇ સમજ પર ધર્મ ખાતર સર્વસ્વ જતું કરવાની તૈયારી ?**

આ બધા શું સમજી બેઠેલા હશે કે આવી સર્વસ્વનાશની આપત્તિ આનંદથી વધાવી લે છે ! પણ ધર્મ જતો કરવા તૈયાર નથી ! આ જ કે આવી ધર્મપરીક્ષાની આપત્તિ સિવાય પણ એવા કર્મસંજોગે કોઇ અકસ્માત્-ઘટના બની જાય તો સર્વસ્વનાશ ક્યાં નથી થતો ? ત્યારે એમાં તો હાથમાં પછી કશું રહેતું નથી, જ્યારે અહીં તો

(૧) ધર્મશ્રદ્ધા આત્મામાં આટલા સર્વસ્વના ભોગે ટકાવી એ દીર્ઘ પરલોક માટે આત્મામાં સ્થિર થઇ જાય છે, અને (૨) સર્વસ્વ ભોગ આપવામાં આત્માના શુભ અધ્યવસાય ખૂબ ઊંચા હોય છે, તેથી (૩) ઉચ્ચ પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થાય છે. (૪) ધર્મની ટેક રાખવામાં મનના અધ્યવસાયો સારા, તેથી શુભ સંસ્કારનો વારસો ઊભો થાય છે. ત્યારે (૫) અહીં પણ ધર્મના આકર્ષણ અને ધર્મની ટેક જાળવવાથી મન મસ્ત અને જીવન આનંદમય બને છે.

તો આ બધી આલોક-પરલોક બંનેમાં સારી સ્થિતિ જોઇને એ મૂકી દુન્યવી વસ્તુમાં શું કામ લલચાય ?

**દેવતા હારે છે :-** અર્હન્નક શ્રાવકને અણનમ જોઇ દેવતા સ્તબ્ધ થઇ જાય છે !- 'અહો ! દેવતાઇ તાકાતને મહાત કરનારી આ માનવીય તાકાત !!' દેવતા આકર્ષાઇ જાય છે ! જુએ છે કે આ મહાન શ્રાવક કાંઇ એની ધર્મશ્રદ્ધાથી ડગે એમ નથી ઇંદ્રે કાંઇ માલ જોયા વિના એમ ને એમ પ્રશંસા ન કરી હોય...'

દેવતા તરત દેવમાયા સંકેલી લઇ વહાણ સ્વસ્થ કરી દઇ અર્હન્નકની આગળ આવી નમી પડી હાથ જોડીને કહે છે-

'હે મહાન શ્રાવક અર્હન્નક ! મને ક્ષમા કરો. સ્વર્ગમાં ઇન્દ્રે તમારી ધર્મશ્રદ્ધાના તમારા સમ્યક્ત્વના ગુણ ગાયા તે મારાથી સહન ન થઇ શક્યા, એટલે મેં તમારી પરીક્ષા કરવા તમને આટલો ત્રાસ આપ્યો. હું તમારી ક્ષમા માગું છું. ધન્ય છે તમારી આટલી બધી નિશ્ચલ જૈનધર્મ-શ્રદ્ધાને ! એના બદલામાં તમે જે જોઇએ તે માગો. હું તમારું શું પ્રિય કરું ?''

અર્હન્નક કહે 'મારે તો સમ્યક્ત્વ નિર્મળ કરવાની તક મળી, એટલે તમે મારું કાંઇ જ બગાડ્યું નથી, તમારે શાની ક્ષમા માગવાની ? મારે કાંઇ જ જોઇતું નથી,' મારે મારી ધર્મશ્રદ્ધા-સમ્યક્ત્વથી વધીને જગતમાં શું કિંમતી છે કે સમકિતના બદલામાં એની ચાહના રાખવાની હોય ?'

અર્હન્નક આ કેમ કહી શકે છે ? કહો, એટલા જ માટે કે એના સમ્યકત્વ ધર્મની સાધના નિરાશંસભાવથી છે. દેવતા ખૂબ આગ્રહ કરે છે પરંતુ અર્હન્નકને મન ધર્મશ્રદ્ધા એ પરમ નિધાન છે, એટલે શું કામ એનાથી નીચેની બીજી કશી વસ્તુની ચાહના કરે કે લલચાય અને એ માગે ?

**ધર્મમાં નિરાશંસભાવ રાખવાથી બાહ્ય સંપત્તિને ધર્મની હેઠ માને, ને ધર્મમાં જોમ વધે.**

**નિરાશંસભાવ અને જોમવાળો ધર્મ પાસે હોય પછી દુનિયાના સુખસાધન તુચ્છ લાગે અને દુન્યવી આપત્તિ ય કોઇ વિસાતમાં ન લાગે, સુખ-દુઃખમાં દૂબળા ન પડાય.**

આપણી પાસે નિરાશંસભાવ અને એવું ધર્મનું જોમ નથી તેથી દુન્યવી સુખ-દુઃખમાં દૂબળા પડીએ છીએ.

**(૪) સુદર્શનજીવ-નોકરનો નિરાશંસભાવ :-**

પેલા શૂળીનું સિંહાસન થનાર સુદર્શન શેઠના પૂર્વ ભવે એમના જીવ નોકરની હકીકતની ખબર છે ને ? જંગલમાં મહાત્મા પાસેથી એક માત્ર 'નમો અરિહંતાણં' પદ મળેલું, અને શેઠનાં સમર્થનથી એના પર અતીવ શ્રદ્ધાવાળો બનેલો. તેથી રાત-દિવસ એની રટણા લગાવેલી તો એ રટણાથી એને જનમ-મરણના અંત સિવાય

કશું જોઇતું નહોતું. નિરાશંસભાવે માત્ર એ પદની રટણાનો ધર્મ સેવતો, તો એનાથી એનામાં ધર્મનું જોમ એવું જોરદાર હતું કે પછી એને દુન્યવી સુખ-સમૃદ્ધિ ય જોઇતી નહોતી, તેમજ મરણાન્ત કષ્ટ આવ્યું તો એ દુઃખ પણ એને વિસાતમાં નથી.

નદી તરી જવા નદીમાં એણે ઊંચી ભેખડ પરથી ઝંપો માર્યો છે, એમાં નદીની અંદરમાંના ચિટકેલા ઊભા લાકડાના ખૂંટા પર પડવાથી ખૂંટથી પેટ ફાટી ગયું છે, ખૂંટામાં પોતે પરોવાઇ ગયો છે, પાછો ખૂંટો ચિકણો એટલે બે હાથે એને પકડીને ઊંચા થઇ પેટ કાઢી લેવા જેવી ય સ્થિતિ રહી નથી, એટલે ખૂંટો પેટમાં ઘોંચાયાની પીડા અપરંપાર છે, તેમજ મોં પણ પાણીની અંદરમાં હોઇ શ્વાસ પણ ગુંગળાઇ રહ્યો છે. આમ મરણાન્ત ભારી પીડા અનુભવી રહ્યો છે, છતાં પેલું 'નમો અરિહંતાણં' પદનું એનું રટણ એવું જોમવાળું સત્ત્વવાળું છે કે આ વેદનાને વિસાતમાં ન લેખતાં વેદનાનું ધ્યાન મૂકી 'નમો અરિહંતાણં'ની રટણામાં જ અતિ લીન બન્યો છે.

જો મનમાં આશંસા હોત કે 'આ નમો અરિહંતાણંની રટણાના ધર્મથી કમમાં કમ આવા ભયંકર કષ્ટ તો દૂર થઇ જ જવા જ જોઇએ', તો અહીં આ ભયંકર કષ્ટમાં દૂબળો પડત અને ધર્મનું જોમ ન જાળવી શકત. પરંતુ એવી અપેક્ષા જ નથી રાખી એટલે કષ્ટમાં શું દૂબળો પડી ધર્મનું જોમ ગુમાવે ?

**સત્ત્વથી મોક્ષસત્ત્વ :-**

બસ, ત્યાં સત્ત્વથી 'નમો અરિહંતાણં' ની રટણામાં મરીને તરત એવો સુદર્શન શેઠનો ભવ પામે છે, કે જ્યાં સત્ત્વ વિકસાવી રૂપાળી અને સામેથી ભોગની પ્રાર્થના કરતી અભયારાણીથી ન લલચાતાં બ્રહ્મચર્યમાં અડગ રહે છે ! તેમજ પછીથી રાણીનો ખોટો આરોપ શેઠના માથે ચડતાં શૂળીની સજા ય વધાવી લઇ રાણીની અહિંસા ખાતર રાણીના પ્રપંચ અંગે મૌન રાખવાનું સત્ત્વ દાખવે છે ! આમ સત્ત્વના વિકાસ પર એજ ભવમાં ચારિત્ર અને એજ ભવમાં મોક્ષ પામે છે.

શેઠ પૂર્વભવે અને અહીં ભયંકર કષ્ટમાં ય દૂબળા ન પડ્યા, કે લાલચમાં ય દૂબળા ન પડયા તો આપણે કષ્ટ-આપત્તિમાં કેમ દૂબળા પડીએ છીએ ? કેમ મનને એમ થાય છે કે 'હું આટલો ધર્મ કરું છું ધર્મની શ્રદ્ધા રાખું, ને મને આ કષ્ટ ? આ આપત્તિ ?' આમ

**સુખદુઃખમાં દૂબળા પડવાનું કારણ આ જ કે ધર્મ પાસેથી અપેક્ષા છે આશંસા**

**છે કે 'ધર્મ મને સુખ આપે, મારાં દુઃખ મિટાવે.'**

આ આશંસા અપેક્ષા હોય એટલે પછી ધર્મથી કષ્ટ હટતું ન દેખાય એટલે ધર્મનું જોમ ન ટકે, અને કષ્ટ જ મન પર બહુ વસી જાય...

પેલા નોકરને 'ધર્મથી કષ્ટ હટે' એવી અપેક્ષા જ નથી. એની તો ધર્મની નિરાશંસભાવની સાધના છે, તેથી મન પર કષ્ટને ન લેતાં વધુ જોમથી 'નમો અરિહંતાણં' પદની રટણાને લે છે.

**પૂર્વભવના ધર્મના જોમથી સુદર્શનને કેટલા ધર્મસત્ત્વ ? :-**

ત્યારે જુઓ, આટલા ભયંકર કષ્ટ વચ્ચે ધર્મજોમ ધર્મસત્ત્વ ખૂબ જાળવેલું-વિકસાવેલું છે, તેથી એનું પરભવે ઇનામ કેવુંક ઊંચુ મળ્યું ! સુદર્શન શેઠના ભવમાં

(૧) શ્રીમંતાઇ છતાં દર ચૌદશે પોષધ કરવાનું ધર્મસત્ત્વ !

(૨) એમાંય ગામ બહાર શૂન્ય ઘરમાં રાત્રિના પોષધ પ્રતિમાનું સત્ત્વ !

(૩) વળી મિત્રની પત્નીએ એમને પ્રપંચથી ઘરે બોલાવી ભોગ માટે લલચાવ્યા, તો જરાય ન લલચાવાનું ધર્મસત્ત્વ !

(૪) તથા અભયારાણીએ પણ ફસાવી એમજ લલચાવ્યા, તો ય ન લલચાવાનું ધર્મસત્ત્વ ! આ બ્રહ્મચર્યનું સત્ત્વ ! અને પછી

(૫) રાણીએ ખોટો આરોપ ચડાવી પકડાવ્યા, રાજાએ શૂળીની સજાનો ડર દેખાડી શેઠને ખુલાસો કરવા કહ્યું, છતાં પોતાના ખુલાસાથી રાણી બિચારી પર મોટી સજા આવી પડે તેથી મૌન રહી અહિંસા ધર્મનું સત્ત્વભર્યું પાલન ઊભું રાખી શૂળીએ ચડવાનું વધાવી લેવા સુધીનું સત્ત્વ !

બોલો એક જન્મમાં કષ્ટ વેઠીને દુન્યવી દુઃખ આપત્તિ વિસાતમાં ન ગણી ધર્મસત્ત્વ અખંડ રાખ્યાનાં આ કેવાંક ઊંચા ફળ ! અને એનું સરવાળે મહાફળ કેવું ! એ જ જનમમાં ચારિત્ર અને સર્વ કર્મનો અંત ! સંસાર પરંપરાનો અંત ! અનાદિની ચાલેલી જન્મ-મરણની વિટંબણાનો કાયમી અંત !

**મહાસત્ત્વના પાયા કેમ પડે ? :-**

આ બધું નિરાશંસભાવની ધર્મસાધનાનું ફળ સમજજો. ભવાંતર માટે સુદર્શન શેઠ જેવા કેટલાય પ્રકારના મહાસત્ત્વના પાયા નાખવા હોય તો અહીં આ સુંદર આર્ય જૈન માનવ-જનમમાં અવકાશ છે.

(૧) દાન-શીલ-તપ-ભાવના, (૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, (૩) અહિંસા-સત્ય નીતિ, (૪) સદાચાર-બ્રહ્મચર્ય-પરિગ્રહકાપ, (૫) જિનભક્તિ-સાધુસેવા-સંઘવાત્સલ્ય (૬) ત્યાગ-વ્રત-નિયમ પરોપકાર...વગેરે ધર્મના ઘણા પ્રકાર છે.

એમાંથી છેવટે એકાદ પણ પ્રકારને અડગ સત્ત્વથી નિરાશંસભાવે સાધતા રહો, તે જીવનના અંતકાળ સુધી, તો આગામી મહાસત્ત્વના પાયા નખાય છે. નિરાશંસભાવ આવે એટલે ધર્મસાધનાથી દુન્યવી કાંઇ ફળ જોઇતું નથી, તેથી સાધનામાં એકાકારતા જામે છે. કારણ ?

**સતીની જેમ નિષ્કામ સેવા :-**

ધર્મસાધનાથી કશું જોઇતું નથી, તો પછી ધર્મસાધના શા માટે કરવાની ? આટલા માટે કરવાની કે જેમ નિસ્પૃહી સુશીલ સતી સ્ત્રીને પતિ પાસેથી સારા વસ્ત્ર અલંકાર પૈસા વગેરે કશું જોઇતું નથી, તો પછી પૂછો એને કે 'તું ભારે પતિસેવા કેમ કરે છે ?' તો એ કહેશે એટલા જ માટે કે 'પતિ મહાગુણિયલ છે અને મારા સદ્ભાગ્યે મને આવા પતિ આરાધવા મળ્યા છે, તો બસ, એમની સેવા જ કરું.' 'પણ સેવાથી તારે શું જોઇએ છે ?' 'મારે ગુણિયલની સેવાથી ગુણ જ જોઇએ છે, જીવનમાં પવિત્રતા જોઇએ છે, કોઇ યોગ્યને આત્મસમર્પણ કરવાનું જોઇએ છે.'

એમ આપણને લાગે કે 'ધર્મ મહાગુણિયલ મહાપવિત્ર છે, આવો ધર્મ એ મહાન સદ્ભાગ્યે મને મળ્યો છે, તો બસ, એની આરાધના જ કરતો રહું. ધર્મની સેવાથી અધિકાધિક ધર્મ જ જોઇએ છે, પવિત્રતા જોઇએ છે, ધર્મને સમર્પિત થવાનું જોઇએ છે.' એવી સમજથી નિરાશંસભાવે ધર્મસાધના થાય.

## ૪થું સાધનઃ સંજ્ઞાનિરોધઃ એ માટે શું વિચારવું ?

ધર્મસાધના વખતે આ એક સાવધાની જોઇએ કે કોઇ પ્રકારની આહારસંજ્ઞા-વિષયસંજ્ઞા-પરિગ્રહસંજ્ઞા-નિદ્રાસંજ્ઞા-ભયસંજ્ઞા, યા ક્રોધસંજ્ઞા-માનસંજ્ઞા વગેરે પાપસંજ્ઞા નડી ન જાય. ધર્મસાધના વખતે પાપસંજ્ઞાને સુવાડી રાખવાની, જાગવા જ નહિ દેવાની. કદાચ મનમાં આવી જાય તો તરત શુભ ભાવનાથી એને ખંખેરી નાખવાની, નહિતર

**સંજ્ઞાની દખલથી સાધનામાં અખંડ ચિત્ત અખંડ ઉલ્લાસ નહિ રહે.**

દા.ત. વ્યાખ્યાનમાં બેઠા છો, ભૂખ લાગી, ત્યાં જો ભોજનના વિચાર આવ્યા, તો વ્યાખ્યાનના વિષયમાં મન સ્થિર નહિ રહે. તેથી ત્યાં સંજ્ઞા આ વિચારી દાબવી જોઇએ કે ''જીવ ! ભોજન તો અનંતા કર્યા, એ શું તારશે ? તારણહાર તો જિનવાણી છે.''

એમ દા.ત. પ્રભુદર્શન કે ચૈત્યવંદન વખતે કોઇ પ્રભુની આડે ઊભો ત્યાં ક્રોધસંજ્ઞા ઊઠવા જાય, પરંતુ તે જ વખતે આવી કોઇ શુભ ભાવનાથી એને દાબી દેવાની કે-

''અહો ! આ ભાગ્યશાળી સંસારની જંજાળથી અત્યારે બચી પ્રભુદર્શને આવ્યો છે, એ મારો ભાઇ છે, તો ભલે આમ પણ ઊભો રહીને પ્રભુદર્શન કરે. આ ભાવ રાખું તો મને સાધર્મિક વાત્સલ્યનો અવસર મળ્યો. એના પર ભારે વાત્સલ્ય કમાવવું હોય તો મારે એના પર ક્રોધ ન જ કરાય.'' અથવા આ ભાવના,-કે

'ચાલો, ભાગ્યશાળી આડો ઊભો તો મેં દર્શનથી મનમાં પ્રભુ કેવા વસાવ્યા એનું પારખું કરવાનો અવસર મળ્યો ! લાવ, આંખ મીંચીને મન સામે પ્રભુ જ લાવું. એમાં પ્રભુ વધુ સારી રીતે દેખાશે, કેમકે ઉઘાડી આંખે તો પ્રભુને જોવામાં પ્રભુની સાથે આજુબાજુનું કેટલુંય દેખાયા કરે, ત્યારે 'બંધ આંખે આપણે જેટલું જોવું હોય તેટલું જ દેખાય' એ નિયમથી અહીં આપણને માત્ર પ્રભુ જ દેખાશે ને એ તો વધુ સારું, તેથી આડે ઊભેલા માણસનો ઉપકાર માનું. માણસ પર ક્રોધ કરવાની જરૂર નથી એણે મને મારા પૂર્વે કરેલા દર્શનની કસોટીની તક આપી ! મનથી એકલા પ્રભુના જ સુંદર દર્શન કરવાનો સુવર્ણ અવસર આપ્યો ! માટે આ ભાગ્યશાળી તો મારો ઉપકારી બન્યો એના પર ક્રોધ શાનો ?''

આ વાત છે, ધર્મસાધના વખતે પાપી કષાયસંજ્ઞા કે આહારાદિ સંજ્ઞાને ઊઠવા જ ન દેવી. ઊઠે તો શુભ ભાવનાથી એને દાબી દેવી.

આહારસંજ્ઞાની જેમ વિષયસંજ્ઞા ઊઠે દા.ત. કશા દુન્યવી વિષય ઘર-દુકાન-માલ-સામાન વગેરેનો વિચાર ઊઠવા જાય તો ત્યાં પણ એમ ચિંતવવાનું કે ''આ હું શું વિચારવા જાઉં છું ?

**દૂધપાકના તપેલામાં ખટાશ દૂધપાક બગાડે, એમ આ ધર્મસાધનામાં વિષયનો વિચાર ધર્મસાધનાને બગાડી નાખનારો છે.**

એને કેમ મનમાં ય લવાય ? વળી આવા વિષય વિચારથી વળવાનું કશું

નથી, વિષયના વિચારમાત્રથી વિષય સિદ્ધ થવાનો નથી, તો શા સારુ એના વિચારમાં ફોગટ મગજ બગાડું ? દુન્યવી પણ સિદ્ધિ થશે તો તે અંતરાય તૂટવાથી જ થશે, અને અંતરાય તૂટશે તે ચોકખી ધર્મસાધનાથી જ તૂટશે. માટે મન માત્ર ધર્મસાધનામાં જ રાખું.''

એમ પરિગ્રહ લોભ સંજ્ઞાથી પૈસા-વેપાર-માલ-ધન સંરક્ષણ વગેરેનો વિચાર ઊઠવા જાય તો એને દબાવવા આ ભાવના કે-'ધર્મસાધનાથી તો મારે આ લોથ ઓછી કરવી છે, રાગ ઘસારે પાડવો છે, ત્યાં આ હું શું લઇ બેઠો ? રાગના ઝેરને પોષનારો વિષય લઇ બેઠો ? એ સત્ ચૈતન્યને મારી નાખશે, અને એની આગળ ધર્મ-ધર્મસાધના-દેવ-ગુરુ વગેરે કશા પર જ્વલંત પ્રેમ નહિ જાગવા દે, નહિ ટકવા દે. મારે તો ધર્મ જ અનન્ય છે, સર્વસ્વ છે, એની આગળ આ કશું ય વિસાતમાં નથી. માટે એનો વિચાર નકામો છે'' સારાંશ,

**''ઉબ્બુડો મા પુણો નિબુડ્ડિજ્જા''**

જ્ઞાનીનો આ ઉપદેશ કે માનવભવ પામ્યો એટલે સંસાર સમુદ્રમાં બહુ ઊંચે સપાટી પર આવી ગયો, હવે નીચે ડુબવાનો ધંધો ન કરીશ. ધ્યાન રાખજે કે

**''સુબહુંપિ જાણંતો ચરણ-કરણહીણો બુડ્ડઇ''**

અર્થાત્ ઘણું બધું જાણતો હોય છતાં જો એ ચરણ-કરણ રહિત છે, અર્થાત્ એને 'ચરણ' એટલે કે શ્રાવક કે સાધુ ધર્મના મૂળ ગુણો અહિંસા સત્ય વગેરેના વ્રત નથી, તેમજ 'કરણ' એટલે એના પોષક ઉત્તરગુણ ધર્મકરણી-ધર્મ આચાર-વિચાર નથી. તો એ ભવસાગરમાં નીચે ડૂબી જાય છે ! માટે માણસનું આ કર્તવ્ય છે કે ચરણ-કરણની ખૂબ સાધના કરવી, અને તે પણ

(૧) અત્યંત કર્તવ્ય માનીને કરવી, તે પણ

(૨) એમાં વારેવારે અહોભાવ લાવીને અને ગદ્ગદ દિલથી કરવી, તે પણ

(૩) નિરાશંસ ભાવથી કરવી એટલે જ સાધનામાં ભારે જોમ-ઉત્સાહ-ઉલ્લાસ લાવીને કરવી, તે પણ

(૪) આહારાદિ પાપસંજ્ઞા કે પાપિષ્ઠ કષાયસંજ્ઞાને તદ્દન અટકાવીને કરવી...

આ વિષય અહીં સમાપ્ત થાય છે, એના નિરુપણમાં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇ કહેવાયું હોય તો એનો મિચ્છામિ દુક્કડં કરું છું...

# સંજ્ઞાઓ

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા યોગદ્રષ્ટિનું વર્ણન કરતાં ફરમાવે છે કે - પ્રથમ દ્રષ્ટિને પામેલો આત્મા યોગના બીજનો સંગ્રહ કરનારો બને. આજસુધી ઓઘદ્રષ્ટિમાં રમી **સંસારના બીજો** સંગ્રહ્યા. હવે યોગદ્રષ્ટિમાં આવી **યોગનાં બીજ** સંઘરવાના છે. **ભગવાન જિનેશ્વરદેવ વિષે કુશળચિત્ત અને શુદ્ધ નમસ્કાર, એ યોગનું બીજ છે.** ચિત્તને શુભ કહેવા ઉપરાન્ત પાછું શુદ્ધ કહ્યું. શા માટે ? એટલા માટે કે જગતનું ચિંતન મૂકી જિનનું ચિંતન કર્યું, એ શુભચિત્ત. શુભચિત્તને ધારણ કરવા છતાં એવો નિયમ નથી કે અશુદ્ધિ ટળી ગઇ હોય. પારસનાથ પ્રભુનું નામ જપે, પણ પૈસા માટે તો શું કામનું ? એમાં તો અશુદ્ધિ રહી ગઇ. **વિચારણાને શુભ આલંબનવાળી બનાવવા છતાં ધ્યેયની અશુદ્ધિના હિસાબે અશુદ્ધતા રહી જાય છે,** માટે કહ્યું કે શુદ્ધિ કરવી. ચિત્ત પરમાત્માનું ચિંતન કરે છે માટે શુભ અને તે દુન્યવી સ્વાર્થ માટે નહિ, પરંતુ એકાંત આત્મહિત માટે તેથી શુદ્ધ.

**ચિત્ત શુદ્ધ ક્યારે બને ? :-** શુભતા અને શુદ્ધિ શાથી બને ? શ્રી વીતરાગદેવનું ધ્યાન, જાપ, પ્રણામ આદિ દ્વારાએ બને. ધ્યેય મોક્ષનું રાખીને કાયિક પ્રણામ દ્વારા અને માંડલું ચીતરીને એના પર ધ્યાન, પૂજન અને સત્કાર કરવા દ્વારા. શું કરશે આ ? વારંવારના સાદર સેવનથી એ શુભ ચિત્તમાં વિશુદ્ધિ લાવશે.

પ્ર૦-પૂજન-પ્રણામ એ તો બાહ્યક્રિયા છે, જ્યારે ચિત્તની વિશુદ્ધિ એ આંતરક્રિયા છે, **હવે ત્યાં બાહ્યક્રિયાને આંતર શુદ્ધ સાથે શું સંબંધ ?**

ઉ૦:-આ ક્રિયા એવી ઊંચી છે કે એ વારંવાર સેવવાથી શ્રી અરિહંત પ્રભુ સાથે માયા લાગે છે. ત્યાં એમનું જીવન અને એમના ફરમાન વિચારાય છે, તેથી આપણા પણ તેવા આદર્શ ઘડાય છે. આ ક્રિયામાં જો ચિત્ત નહિ પરોવાય, તો ચિત્ત બીજી ક્રિયામાં પરોવાવાનું. તેથી ચિત્ત તેનાજ વિષયના અપ્રશસ્ત ધ્યાનમાં પરોવાયેલું રહેવાનું, એટલે પૂર્વવત્ મેલું ને મેલું ! બહુધા દુનિયામાં નિયમ દેખાય છે કે-કાયા જ્યાં પ્રવર્ત્તે છે, ત્યાં ચિત્ત લાગી જાય છે. **બહારની શુભક્રિયાઓ જો છોડી, તો અશુભ ક્રિયાઓ વળગ્યા વિના નહિ રહે, અને એ અશુભક્રિયાઓમાં લાગ્યા રહેવાથી આંતરશુદ્ધિ નહિ થાય.** 'હું બીલકુલ અક્રિય રહીશ' એવો ખોટો ઓરતો ન કરતા. આત્મા કેવળજ્ઞાન અને શૈલશીકરણ સુધી પણ સર્વથા અક્રિય નથી. તેથી કેવળજ્ઞાની જેવાને કોઇને

કોઇ ક્રિયા રહે છે. શૈલેશીકરણ એટલે આત્માના પ્રદેશોને મેરૂ જેવા નિષ્કંપ બનાવાય તે મેરૂ પર્વત જેવી અવસ્થા આત્માના પ્રદેશોની કરવી, એ શૈલેશીકરણ. જેમ ભયંકર વાવાઝોડા થાય, પણ મેરૂનો એક કણીઓ પણ કંપે નહિ, એમ આત્માને એવો બનાવે કે-આત્મા આખો તો નહિજ, પરંતુ એક પ્રદેશ પણ ન કંપે. તે ચૌદમે ગુણઠાણે બને. તેરમા ગુણસ્થાનક સુધી ઉકળતા પાણીમાં પડેલું કપડું જેમ ઊંચુ-નીચું થાય તેવા આત્માના પ્રદેશો હલન-ચલન શીલ ! આત્માના પ્રદેશો તો અનાદિ અનંતકાળથી અસ્થિર છે, ઉંચા-નીચા થાય છે ખરા, કિંતુ એમાંથી કદીય એક પણ પ્રદેશ નાશ નથી પામતો. **વર્તમાન જડ વિજ્ઞાન કરતાં આ આત્મવિજ્ઞાન શાસ્ત્રની વાતો અદ્‌ભુત છે. હવે એમાં રસ લેવા માંડો. નવી દુનિયા દેખશો. નવા હિતકારી અનુભવ મળશે.** આજનું વિજ્ઞાન કદાચ કાયાને વાટી નાખે, કાયાની રજેરજને બાળીને સાફ કરે, પણ એથી આત્માનો એક પણ અણુ, એક પણ પ્રદેશ વટાઇને કે બળીને સાફ થાય નહિ ! આમ છતાં આત્મપ્રદેશો સદા રહે ઉકળતા જેવા. **સંયોગી આત્માના પ્રદેશોની ચળવિચળતામાં યોગ નિમિત્ત છે.** યોગ એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ, જ્યાં સુધી યોગની અવસ્થા છે ત્યાં સુધી આત્માની આ અવસ્થા છે, ને ત્યાંસુધી કર્મબંધ છેજ, એવી દશા કેવળજ્ઞાની ભગવંતને પણ છે. માત્ર મોક્ષમાં અને તે પૂર્વે નિકટમાં જીવ ચૌદમે ગુણઠાણે અયોગી છે, તેથી આત્મપ્રદેશો નિશ્ચલ છે, તેથી કર્મબંધની ક્રિયા નથી, પણ કર્મ ખપાવવાની ક્રિયા તથા લોકાન્તે જવાની ક્રિયા હોય છે. સર્વથા અક્રિય અવસ્થા તો મોક્ષમાં.

શુક્લધ્યાનના છેલ્લા બે પાયા વડે આત્મા સ્થિર થવાથી શરીરના જે પોલાણના ભાગો, તેમાં આત્મા વ્યાપ્ત થાય છે. તેથી કાયાના ૨/૩ પ્રમાણના ભાગમાં આત્મપ્રદેશો પૂરાઇ સ્થિર થઇ જાય છે. આ શૈલેશીકરણ થયું.

પ્રઃ- અરૂપી આત્માને વ્યાપવાનું શું ?

ઉઃ- અરૂપીને રૂપ નથી એ સાચું, પણ અરૂપી એ વસ્તુ તો છે ને ? એ છે તો વ્યાપી શકે છે, જો એ વસ્તુ જ ના હોય તો કાંઇજ ન થઇ શકે. દા.ત. ગંધ અરૂપી પણ આખા ફૂલમાં વ્યાપે છે. લાગણી અરૂપી પણ આખા આત્મામાં વ્યાપે છે. વળી સંસારી આત્મા કર્મથી લેપાયેલો છે, તેથી રૂપી જેવો છે. તેથી શરીરમાં વ્યાપી શકે છે. પૂર્વે કાયામાં આત્મા જ્યારે ઓતપ્રોત હતો ત્યારે તે કેવી રીતે ? હાડ-માંસ ચામડી વગેરેમાં આત્મપ્રદેશ ખરા, પણ પોલાણમાં નહિ ! પરંતુ જ્યારે શૈલેશીકરણ

થાય ત્યારે તે પોલાણ આત્મપ્રદેશોથી ભરાઇ જાય છે.

**કાયિક ક્રિયાની મન પર અસર** – વાત શી ચાલતી હતી ? ક્રિયા તો ચૌદમે ગુણઠાણે જશે. તે પૂર્વે ક્રિયા રહેવાની. તેથી ચિત્તશુદ્ધિ માટે શુભક્રિયા જોઇએ. ક્રિયા લોપનારને ખબર નથી કે કાયાની ક્રિયાનો પ્રભાવ મન પર ઘણો પડે છે. ફક્ત જનાવરનું ચિત્ર દોર્યું હોય, પછી કોઇ આપણા હાથમાં છરો આપે, ને કહે કે–'આને કાપ્યા કરો.' તો માનીશું ? ના. કેમ ? ક્રિયા ખરાબ છે, તેથી ચિત્ત બગડે છે. કોઇ જો પરાણે એમ કરશે તો એને એમ કરતાં કંપ થશે. કેમ ? કાપવાની ક્રિયા મનને કંપાવે છે, પણ પછી વારંવાર કાપ્યા કરે તો હૃદય ધીઠું થઇ જાય ને ? આ મન ઉપર અસર થઇ. વસ્તુગત્યા અહીં જીવ નથી. છતાં મનને લાગે છે કે-હું પશુના ગળા ઉપર છરી ચલાવું છું, અથવા પગ પર છરી મારું છું...વગેરે.

**વાણીની ક્રિયાથી મન પર અસર :–** એમ વાણીની ક્રિયા પણ મન પર અસર કરી જાય છે. જો અસર ન થતી હોય, તો પછી બીજાના મન પર ઠસાવવા માટે પ્રચાર કરનારા શબ્દો ઉચ્ચારવાની શી જરૂર ? ક્રિયાની અસર ન માનનારને પૂછો કે-'તમારું પ્રવચન શબ્દ-ક્રિયારૂપે છે, તેમાં સારા શબ્દો કેમ કહો છો ? ખરાબ શબ્દો બોલોને ?' ના, એ સમજે છે કે શબ્દોની અસર તરતજ થાય છે.

એટલે એ આવ્યું કે કાયાની અને વચનની ક્રિયાથી મન દોરવાય છે, અને ઘડાય છે. એથી જ્યારે કાયાની ક્રિયા મન પર અસર કરે છે, તો પછી અશુભ ક્રિયાથી મનને અશુભ બનતાં વાર નહિ ! કસાઇનાં મન બહુ ક્રૂર ! શુભક્રિયાની જે પ્રવૃત્તિ, તેને પણ ધ્યેયની શુદ્ધવાળી બનાવવાની છે. તેથી શુભચિત્ત પણ શુદ્ધ બનશે.

પરમાત્માના આદર્શ ધરવાથી ચિત્ત શુદ્ધ થાય, એ માટે જગતની જંજાળ પરની આસ્થા, રૂચિ, પક્ષપાત વગેરે દૂર હઠાવવા પડે. એ આસ્થા વગેરે અશુદ્ધિ છે. તે ટાળવા માટે જિનનું આલંબન તે શુદ્ધિ.

**અશુદ્ધિ ટાળવા શું કરવું ?**

**(૧) પરમાત્માનું જે શુભધ્યાન તેને નિરંતર જાગતું બનાવવું જોઇએ, ને ટકાવી રાખવું જોઇએ...અને મુખ્ય કર્તવ્ય માનવું જોઇએ, અર્થાત્-એ મુખ્ય કર્તવ્ય છે, અત્યંત ઉપાદેય છે,' એવી તમન્ના જરૂરી છે.**

**(૨) બીજું, સંજ્ઞાઓનું રોકાણ જોઇએ, અને (૩) ત્રીજું, પૌદ્‌ગલિક**

**આશંસાઓ મૂકવી પડે.**

પરમાત્મામાં શુભ મન તો કર્યું, પણ એને મુખ્ય કર્તવ્ય પણ ન માને, ને સંજ્ઞાઓને ન રોકે, અને પૌદ્ગલિક આશંસાઓ રાખ્યા કરે, તો મન શુદ્ધ નથી થવાનું તે નિશ્ચિત વાત છે.

**જરૂરી ચિંતાનું માપ કાઢો :- માનવ જન્મમાં મળેલું મન જગતના કચરા ફેંદવા માટે નથી, પણ જિનના ચરણમાં રમવા માટે છે.** જો આ સમજાય તો જ જિનની માયા લાગીને જિનના જીવન અને વચનમાં રમતું મન ઉજ્જવળ અને શુદ્ધ બને. તમે માનો છો કે 'એ બધું ઘણુંય કરવા જેવું છે. પણ એટલી બધી ચિંતા જગતની કરવી પડે છે કે પેલું બનતું નથી,' **પણ તે કેટલા ટકા જરૂરી છે, તેનું માપ કાઢ્યું છે ?** આ શાની વાત ? મનની હોં, કાયાની વાત નથી. તમારી આઠ કલાકની જંજાળ સામે અમારો આ પ્રશ્ન નથી, પણ એ સમયમાં અને તે પછી પણ તમારા **ચિત્તની** જરૂર તે કાર્ય માટે કેટલી છે, એનો વિચાર કરવાનો છે. એ જંજાળની આગળ પાછળના સમયમાં એને અંગે ચિત્ત કેટલું ખરચવાની જરૂર છે, એનો આ પ્રશ્ન છે. બજારમાં જઇ ઘેર આવ્યો. આહારના ડુચા માર્યા ન માર્યા ને યાદ આવ્યું, 'સાડા પાંચે તે વેપારીને મલવા જવાનો કોલ છે !' જગતના ઉકરડામાં મનને બગાડવાની કદાચ જરૂર હોય તોય આટલા પ્રારંભિક વિચારની જરૂર ગણો, પછી એનીજ રટનાનું શું કામ ?! ''ઓહો, હું જલ્દી પહોચું તો સારું. પૂર્વે મોડું કરેલું તેથી વાતનો તાલ આવ્યો નહિ. આ ઘરના માણસોય એવા છે કે નાહક ખોટી કરે. આપણે રહ્યા શીળા, એટલે ઝગડો કરીએ નહિ, બાકી તો સાફ સંભળાવી દેવું જોઇએ કે ખબરદાર છે જો અમને ખોટી કર્યા તો ? જરા માણસ બનો માણસ.'' આવા આવા કેઇ કચરાપટ્ટી બિનજરૂરી વિચારથી ચિત્ત ડહોળવાની શી જરૂર છે ?

**શુભ મનનું સ્વરૂપ :-**પ્રશ્ન એ છે કે ત્યારે શું વિચારે ! બીજું કાંઇ નહિ. **''પૂર્વના કોઇ અગમ અગોચર પ્રદેશમાંથી આત્મા અહીં ક્યા ઉચ્ચ કર્તવ્યનો મહાન સંકેત લઇને આવ્યો છે, અને એથી વિશેષ પોતે અહીં શું શું આચરી રહ્યો છે !''** એનો વિચાર કરે. એ ઉચ્ચ સંકેતને પહોંચી વળવા કેવી કેવી પ્રક્રિયાઓ શક્ય છે, એ શોધી કાઢે. શુભ વિચારણા માટે તો તત્ત્વના ખજાના એટલા ભરેલા છે, કે જેને સંપૂર્ણ અવગાહવા માટે મનનો યાવજ્જીવનોય પુરુષાર્થ સમર્થ નથી. એમાં ને એમાં મનને રમતું કરી દેવાથી તો પછી એવો એવો રસ લાગે છે, કે એને એમ થાય છે કે ''બસ

સારુંય જીવન આજ સરસ. આ તો મારા ભાગ્યની નબળાઇ છે કે સંસારની બીજી કાર્યવાહી મારા તન-મનને તાણી જાય છે. મારે પૂર્વે ધર્મની કરણીમાં ખામી કેમ રહી ગઇ કે પુણ્ય પૂરા ન લાવ્યો અને અહીં જે અખંડ તત્ત્વ-અવગાહનથી ઉચ્ચ કર્તવ્યના પાલન કરી અખૂટ પુણ્ય ઉપાર્જી શકું અને થોકબંધ પાપ ખપાવી શકું, એને બદલે એમાં તૂટક પડે છે ?...'

**પરમાત્માનો પક્ષ કેળવો :-** મનના એવા સુઘડતર કર્યાથી તો, શું ધર્મક્રિયામાં કે શું સંસાર પ્રવૃત્તિમાં,-બધે જ પવિત્ર અને પ્રશસ્ત વિચારણામાં રમવાનો એના બદલે ધર્મક્રિયામાં અને ધર્મસ્થાનોમાંય સાંસારિક બાબતનાં માનસિક રટણ જો હજીય ચાલુ રાખ્યાં, તો સંસારની પ્રવૃત્તિ વખતે તો ધર્મચિંતનની વાતેય શી ? વિચારવું એ જોઇએ છે કે "આ મને જે સંયોગ અને જે સ્થિતિ પરમાત્માનું ધ્યાન કરવા મફતમાં મળેલ છે. તેને ક્યાં ખર્ચી રહ્યો છું ? જગતના તરફથી મારા અહીં સ્વાર્થ સધાય છે, તેથી જ આત્માનું બધું ભૂલી જવાય છે. જગત તરફથી લાત પડે, પ્રતિકૂળતા મળે તો પ્રભુ યાદ આવે, પરમાત્માનો પક્ષ વધે ! અને જગત તરફથી માલ મળે એટલે પરમાત્માનો પક્ષ ઘટે ? જ્યાં ગુલામી અપમાન, ને અવગણના, ત્યાં હજીય પરમાત્મા યાદ આવે છે. એમ થાય છે કે-'મે પરમાત્માને ભજ્યા નહિ, એટલે આ સહન કરવું પડે છે." ખરી રીતે સારા સમયમાં પરમાત્માનો પક્ષ વધારવાનો અભ્યાસ પાડવો જોઇએ, કે જેથી ઉન્માદ, ઉચ્છૃંખલતા, કે ઉન્માર્ગગામિતા નાબૂદ થઇ જાય. ખરાબ સંજોગોમાં પણ દિલ અસમાધિને બદલે, દીનતાને બદલે, પરમાત્માનો પક્ષ કરતું થઇ જાય. તેથી દુઃખ વિસરી જવાય.

❀ ❀ ❀ ❀ ❀ ❀

**ભોગની અધિકતા યોગની ઘાતક : -** પરંતુ મનને આ રીતે યોજવું નથી, તેથી મન પાપની જંજાળમાં અણથાક્યું ઘૂમ્યા કરે છે ! **જીવ ભોગના સમયે ભોગને એટલા ખીલવે છે કે જાણે ભોગને માટે ચિંતનનો સમય ખૂટે છે, એટલે ભોગ એની પૂર્વે કે પછીના સમયમાં યોગનો સમય ખૂંચવી લે છે.** સમજો કે, સંસારને ચલાવવામાં જેમ જેમ વિસ્તાર-વધારો કરો છો, તેમ તેમ તે સમય શોધે છે, એટલે ધર્મનો સામાયિક, પૂજા, નવકારવાળી વગેરેનો સમય પકડી લે છે. કહો આઠ કલાકનો દહાડો ને બાર કલાકનું કામ રાખ્યું હોય તો રાતપાલી કર્યા વિના ચાલે ? ચાલેજ નહિ. એમ ભોગના કલાક જો વધુ, તો તે કેટલા ? તે ક્યાં **પૂરા** કરવાના ? યોગની ક્રિયામાંજ

ને ? કહો તો ખરા, તમારો સંસાર કેટલા કલાકનો ? **ધ્યાન રાખજો કે વધારે પડતા ભોગ તે યોગના ઘાતક છે, ને વધારે પડતા યોગ તે ભોગના ઘાતક છે.** ચૈત્યવંદન કરવા બેઠો, તે પદે પદ વિચાર કરતાં ચાલ્યો, ત્યારે વિચારણા એટલી સ્ફૂરવા માંડી કે સમય ખૂટવા માંડ્યો ! તેથી એ વિચારણા જો એટલી બધી બહાર લઇને નીકળે છે તો ભોગના ડૂચા કાઢી નાખશે ! તેથી મંદિરમાંથી બહાર ચાલ્યો પણ ધ્યાન ક્યાં ? ચૈત્યવંદનના પદાર્થની વિચારણામાં. જેમ જેમ ભોગની અધિકતા તેમ તેમ યોગનું નિકંદન નીકળે, ને જેમ યોગની અધિકતા તેમ ભોગનું નિકંદન નીકળે. યોગની અધિકતામાં તો સામાયિકાદિમાં સમય ખૂટે તો સમય ભોગમાંથી પૂરો કરશે. અર્થાત્ ભોગના કાળમાંય સામાયિક તત્ત્વના વિચારમાં રમશે, તેથી ઘરમાંથી પૂછે, કે 'આ જમતાંય જપ નહિ ! તમારું તે મગજ ક્યાં રમે છે ?' તો કહે કે, ''જ્યાં રમવું જોઇએ ત્યાંજ રમે છે. આજ સુધી ઠેકાણે નહોતું. હવે ઠેકાણે આવ્યું છે.''

**ઠેકાણે ક્યાં :**-લાડુ ખાતાં લાડુનો વિચાર આવે તો મગજ ગુમ કહેવાય, ને લાડુ ખાતાં વિરાગનો તત્ત્વનો કર્મબંધનો વગેરે વિચાર આવે તો મગજ ઠેકાણે ગણાય.

જાણો છો 'ઠેકાણે' શાને કહેવાય ? ધારો કે તમારું પોતાનું ઘર પાંચ લાખ ખરચીને બંધાવેલું છે, એમાં બીજા કોઇનો હક ચાલે એમ નથી. તમે એમાં મસ્ત અને વિશ્વાસમાં છો. પણ માનો કે ભર રાતે એમાં ખૂન કરવા સામ્યવાદી ગુંડા ચઢી આવ્યા. તે વખતે એ કહે છે કે, ''ઝુંપડાવાળાને અમે નહિ મારવાના, અમે તો બંગલાવાળાને મારવાના,' તો તે તમારા પોતાના આલીશાન બંગલામાં તમે ઠેકાણે બેઠેલા લાગો ? કે, **મહાભયસ્થાનમાં ?** તેમ પરલોકની દ્રષ્ટિએ તમે લાડી ગાડીમાં બેઠા હો તે વખતે શું લાગે ? ઠેકાણે કે બીજે ? **સમકિતી જીવને જ્યાં આત્માની રક્ષા લાગે ત્યાં દુન્યવી બીજું કશું ઠેકાણું ન હોવા છતાં પૂર્ણ ઠેકાણે બેઠો લાગે. એથી ઊલટું બધું પોતાનું હોય, પણ આત્માનું જ્યાં રક્ષણ નહિ ત્યાં કંઇ ઠેકાણું ન લાગે.** કહો તમે મંદિર-ઉપાશ્રયમાં બેઠા હો ત્યાં **ઠેકાણે** બેઠા લાગો કે દુકાને કે ઘેર બેઠા ઠેકાણે લાગો ? ઘરમાં ઠેકાણે નથી બેઠા એવું લાગે ? યોગની પ્રબલતાવાળો લાડુ ખાતાયં વિચાર યોગના કરે છે. એ એનું મન ઠેકાણે ગણાય. એવુંજ ભૂખ વેઠતાંય કર્મ વિપાકાદિના તાત્ત્વિક વિચાર કરે, તે મન ઠેકાણે ગણાય. **સમકિતીને અશાતા, નિર્ધનતાદિના પાપનો ઉદય છતાં પોતાના આત્માને દુઃખી માનવાની વાત નહિ ! પાપનો**

**ઉદય ન હોય, પણ પાપસ્થાનકની રમત જોરદાર હોય તો આત્મા મહાદુઃખી, મહા ભયમાં, મહા ખોટમાં ગણાય.**

**સંસારના બીજેજ પગથીએ રોદણાં :- સંસારની અનુકૂળતાઓ અવસરે આપણી પાસે ગુણગાન કરાવે છે, છતાં ભૂલવું જોઇતું નથી કે સંસારના બીજેજ પગથીએ રોદણાં ઊભા જ હોય છે !** સંસારનું કોઇપણ પગથીયું સ્થિર નહિ. આ બતાવે છે કે જ્યાં તું ઠેકાણું માનીને બેઠો છે, ત્યાંજ તારો ભયંકર વિનાશ થાય છે. એમ છતાં તું નિર્ભય થઇને બેઠો છે ! જે મંદિર ને ઉપાશ્રયોમાં તારું રક્ષણ થઇ રહ્યું છે, ત્યાં ટ્રસ્ટી કદાચ કહે, ''કે તમે અહીં ધર્મક્રિયા કરો એટલું જ, તમારો હકબક નહિ ! ગરબડ કરશો તો બહાર જવું પડશે.'' તોય તમે કહેજો, 'હા, ભાઇ હા, એટલું તો એટલું, છતાં ચિંતા નહિ, અહીં અમે ઠેકાણે છીએ. જ્યારે અમારા પોતાના માનેલા ઘરમાં અધિકાર બધો પહોંચતો હોય પણ આત્મા સામે સુરંગ મૂકાઇ રહી હોય છે, તેથી આત્મા ત્યાં ઠેકાણે નહિ પણ બીન ઠેકાણે ! ટ્રસ્ટી સાહેબ ! આપ પણ આપના બંગલા માટે એમજ સમજજો.' મંદિર-ઉપાશ્રયમાં અદ્‌ભુત ઠેકાણું છે એમ સમજનારો, એમાં ગમે તેટલી અગવડ, અપમાન છતાં એની સાથે રીસામણાં ન કરે.

**મનની રાજહંસી ખાનદાની :-** પરમાત્માનું ધ્યાન કર્તવ્ય લાગ્યું તો તે શિખવે છે કે અહીં જે તું જન્મ પામ્યો છે, તે જગતના ઉકરડા ફેંદવા નહિ, પણ જિનના ચરણો સેવવા માટે ! **મનની ઉંચી ખાનદાની ખીલવવાની જરૂર છે.** કહે છે રાજહંસ ભૂખે મરે તે હા, પણ મોતી સિવાય ચારો ચરે નહિ. સિંહ ભૂખથી ઢીલો પડે તે હા, પણ ઘાસ ખાય નહિ ! તેમ આ જીવને શિખવી આપવું જોઇએ કે **તું મહાવીરનો પુત્ર છે ! આવા તારે જગતના એંઠવાડ ઉલેચવાના ?** જેને તમે સારામાં સારું તાજું ફળ કહો છો, તે કોઇનો એંઠવાડ છે કે બીજું કાંઇ ? તે ફળના જીવોએ જે પોતાના માટે આહાર લીધો. તેને ચૂંથીચૂંથીને પરિણમાવ્યો, તેનું એ ફળ બન્યું ! તે એંઠવાડને તમે સારું કહી એમાં રાચો-માચો ! એમ ને ? મહાવીરના સંતાનના મનને લાગે કે વિષયોમાં આ રાચવાની ખારી ખાનદાની નહિ.

**મનનો વિસામો :-** મન ભ્રમર તો પરમાત્મતત્ત્વોના હેંગીંગગાર્ડનમાં પહોંચી જાય, ત્યાં તે નિર્જરાના કેતકીના ઝાડ અને સંવરના ચંપાના વૃક્ષ પરજ લીન થાય. મનને માત્ર પરમાત્માની માયા લગાડી દેવી જોઇએ. એટલે એમના ધ્યાનમાં કર્તવ્યપણાની બુદ્ધિ થઇ જાય. એની સાથે કર્તવ્ય બુદ્ધિને શુદ્ધ અને સ્થિર કરવા

આહારાદિ સંજ્ઞાઓ પર નિયમન-અંકુશ લાવવો જોઇએ. મનને શુદ્ધ કરવાની આ વાત છે. મન શુભ તો છેજ, કેમકે જિનના ચરણે લાગ્યું છે માટે. મનને ચિંતવવા માટે જિનનું આલંબન, એને કોઇએ શુભ આલંબન ન કહે. જિનના ચરણે એટલે જિનના સ્વરૂપ અને આદેશમાં ! કહેવાય છે કે માણસ પગલે પરખાય, કેમ ? 'પગલું' એટલે આખી જાત, તેમ જિનનું ચરણ એટલે જિનનો આખો આત્મા ! આત્મા એટલે અહીં એમનું સ્વરૂપ અને એમનું શાસન લેવાનું. એમાં મનને રમતું કરવાનું છે, સાથે દશ સંજ્ઞાઓને દબાવવાની છે.

**કઇ દશ સંજ્ઞા ?**- આહાર, ભય, વિષય અને પરિગ્રહ, એ એક ચાર, ક્રોધ, માન, માયા ને લોભ એ બીજી ચાર, સાથે ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞા, એમ દશ સંજ્ઞા અનાદિ કાળથી જીવને વળગી છે. આ સંજ્ઞાઓના પ્રતિરોધ કરવાના છે, **સંજ્ઞાના ઘોડાપૂર આવે છે, તેની સામે કિલ્લેબંધી કરવાની છે ! એ કિલ્લેબંધીમાં એક કાણું પણ ન નભે. નહિતર તો, એમાંથી પૂરના પાણી પેસી જઇ અવસરે ભયંકર વિનાશ સર્જે. સંજ્ઞાના તોફાને ચઢેલા જગતના બૂરા હાલ આજે ક્યાં પ્રત્યક્ષ નથી દેખાતા ? સંજ્ઞાની જીવનભર લત રાખવાથી પરમ પવિત્ર પરમાત્મા સદ્ગુરુ અને સદ્ધર્મની તરણતારણ સેવા મૂકી, મોહાંધ અને અજ્ઞાન એવા અધમ આત્માઓ તથા જડ જગત અને પાપસ્થાનકોની સેવાનું જઘન્ય કાર્ય કરવું પડે છે, એ ક્યાં અજાણ્યું કે અનુભવની બહાર છે ? કેટલું એ દુઃખદ અને શરમભર્યું ! સંજ્ઞા એ આંધળાના જન્મસિદ્ધ અંધાપાની જેમ, એથી અનંતગુણ કષ્ટદાયી જન્મસિદ્ધ રોગ છે. શું કર્યું એણે ? બધું યાદ રખાવ્યું પણ માત્ર આપણો આત્માજ ભૂલાવી દીધો ! એણે અનેક ઉદ્યમ કરાવ્યા પણ તે બધા સ્વાર્થના ! માત્ર પરમાર્થનાજ નહિ ! સંજ્ઞાઓએ માનવભવની સફળતા ઉડાવી દીધી, પરવેઠ અને વિષયભોગમાં સંજ્ઞાઓના અતિરેક એ માત્ર શરીર માનવનું રહેવા દે છે, પણ હૃદય પશુનું બનાવે છે. પછી પશુના હૃદયવાળા માનવના શરીરે એ 'બળીયાના બે ભાગ' એ ન્યાયે નિર્બળને કચરશે ! કુટુંબને ત્રાસ આપશે ! મિત્રદ્રોહ, દેશદ્રોહ, ધર્મદ્રોહ કરતા નહિ અચકાય ! અભિમાન અને દંભનો તો જાણે ઇજારદાર બનવાનો ! ત્યાગી વિરાગી અને ધર્માત્માઓનો નિંદક થવાનો ! 'અહાહાહા ! સંજ્ઞા ! કેવો તારો જુલ્મ !' માટે પ્રભુ પાસે આપણે માગીએ કે 'હે પ્રભુ ! મૂકાવ મને આ સંજ્ઞા ડાકણના પાશમાંથી !'**

**પહેલી આહાર સંજ્ઞા :**- આહાર સંજ્ઞા એટલે ? સમજો છો ? બસ, 'ખાઉં ! ખાઉં ! આ ખાઉં, તે ખાઉં ! ભૂખ લાગી ! લાવો શું ખાવાનું છે ? આ કેમ રાંધ્યું ?

આ કેમ નથી રાંધ્યું ?...' આટલું જ નહિ, પણ શરીરને ખવરાવ્યું છતાં સંજ્ઞા ન છૂટે ! એમ થાય કે ''આજે બરાબર ખવાયું નહિ, કોણ જાણે પેટમાં શું થઇ ગયું ?'' અરે, ભલા ! ઓછું ખવાયે શોક શો કરે છે ? એટલામાં શરીર ઉતરી નહિ જાય. ઓછી ભૂખે ઓછું ખાધ્યે શું બગડ્યું ? **પુદ્ગલની ઓછી વેઠ કરાઇ તેટલું સારું !** તો શું એટલામાં બધાં કામ કાયાથી અટકી પડ્યા ? ના, ત્યારે વધારે ખાધામાં શી શાબાશી છે ? એથી કીર્તિ વધે કે નહિ ? પરભવમાં ઇનામ મળે ? ઇનામ ? અરે, ઇનામ નહિ પણ જુલમ મળે ! **અનંતકાળ આહારની વેઠ કરી, માટેજ તે કોટે વળગીને જીવને હેરાનપરેશાન કરી રહી છે.** આ વેઠ એવી છે કે જેમ જેમ તેને પોપતા જાઓ, માથે ધરતા જાઓ, તેમ તેમ તે જીવને વધારે ને વધારે વળગતી જાય. પણ જો એને આવતીને લાત મારો તો મુડદાલ થઇને નાસે !

**આહારસંજ્ઞા અને બીજી સંજ્ઞાઓને પ્રભુ મહાવીરદેવે લાત મારી ! :** દીક્ષા લીધા પછી છટ્ઠથી ઓછો તપ નહિ. ચાલ, બે દિવસના તપ. નહિ એટલે આંતરા સિવાય આહારને યાદ નહિ કરવાનો. તો એ પૂછો છો ને કે 'કાયા કેમ ચાલે ?' પણ એમ પૂછતા નહિ. ખબર છે ? કે મનની આ ફરીયાંદ સામે 'જા બે શું ત્રણ, ચાર, પાંચ અને પંદર દિવસના આંતરે મળશે,' એમ કરો તો સંજ્ઞા મરવા પડે, 'તો શું કાયા પડી દશે ?' ના રે ના. પૂર્વભવમાં પ્રભુ મહાવીરદેવે મહિનાના પારણે મહિનાના ઉપવાસ લગાવ્યા. છતાં એમાંય લાખ વરસ કાયા ટકી. અને લગભગ બાર લાખ માસખમણ કર્યા. અહીં પણ નવ ચોમાસી, બે છ માસી કરી ! આટલો બધો જુલમ ? હજુ અધિક ! રાજકુમારી હોય, પગમાં બેડી હોય, ઉંબરા વચ્ચે બેઠેલી હોય, માથું મુંડાવેલું હોય, અડદના બાકુળા હોય, મધ્યાહ્ન પછીનો સમય હોય અને રડતી રડતી વહોરાવે ! તોજ આહાર લેવાનો ઘોર અભિગ્રહ !! જ્યાં સુધી આપણે સંજ્ઞાના પગે પડીએ, એને માથે લઇને ફરીએ ત્યાં સુધી એ આપણને છોડવાની નથી, અને એમાં આપણા હજી કેટલા ભવો, તે વિચારી રાખજો. **અનાદિની આહારની વિષયની, પરિગ્રહની આ વેઠના સામના કરો, ગુલામી ન કરો. મન મારીને સંજ્ઞાઓને કચરવાની વાત રાખો. મન માંકડું બધુંય માગશે, પણ એને કહી દો 'હવે એ બધું આપવાના દહાડા ગયા !' જૈન માનવ તો સિંહ છે, સંજ્ઞા શિયાળીયણ છે.** સિંહ દબાય કે શિયાળ ? વેઠો જ્યાંસુધી ઊભી છે ત્યાંસુધી ચિત્ત પરમાત્મામાં રહી શકે નહિ. જેને હાફૂસ કેરીના મીઠા ટૂકડાની ડીસ (રકાબી) સામે રાખીને પછી ચિત્ત શુદ્ધ

કરવું છે, એ વેવલી વાતો છે. **જગતનાં તોફાન સંજ્ઞાના છે.** એમાંય આહાર સંજ્ઞા તો જાણે મહારાણી ! **જો ભોજનમાં ચિત્ત લીન છે તો ભજનમાં ક્યાંથી ભળે ? ભોજનમાં ચિત્ત ઓતપ્રોત એટલે ? એટલે શું, વળી ભજનમાંથી બાદ !** તીર્થંકરદેવના જીવનો બતાવે છે, કે તમારે પરમાત્માના ચરણે ચિત્ત લાવવું હોય, તો પાપિણી સંજ્ઞાઓને કાઢો. મનને કહો કે મારું ચાલે તો પેટને બબે દિવસના આંતરે આપવાનું. એ ન બને તો એક દિવસના આંતરે, તે ય ન બને તો દિવસમાં એકજ વખત. છેવટે દિવસના બે, ત્રણ, ચાર ટંક નક્કી કરો. ટંક એટલે બેઠક. પછી એક દાણોય નહિ. સંજ્ઞાની લોથ જ્યાંસુધી ઓછી ન થાય, ત્યાંસુધી પ્રગતિની ઊંચી પાયરીએ ચઢી શકાય નહિ. સંજ્ઞાને કાપવા માટે સંજ્ઞાથી થતી આ પ્રગતિની મહાન તકની બરબાદી તથા ભાવી કટુ પરિણામ વિચારો. મથુરામાં આચાર્ય આર્ય મંગુ આહારસંજ્ઞામાં તણાઇ હલકી જક્ષયોનિમાં ગયા. ત્યાં ચોંકી ઉઠવાથી મૂર્તિમાં પ્રવેશ કરી પોતાના શિષ્યોને રસ અને આહારના ગુલામ ન બનવા, ને જીભડીના પાપે ન ચઢવાનો ઉપદેશ આપ્યો. એજ ઉપદેશ આપણે લેવાનો છે. 'બહુ વાર ખાઉં ખાઉં, સારું સારું ખાઉં,' આવા હલકા વેપાર પશુને સોંપી દેવા જોઇએ. આપણે તો રસના ત્યાગ અને ટંકની તપસ્યાના ઝવેરાતના વેપાર કરવા જોઇએ. એ માટે એકદમ નહિ તો ક્રમસર પણ સતત યત્ન આદરવો જોઇએ. પછી ભલે આજે એકેય ચીજનો ત્યાગ ન કર્યો, પણ માત્ર એકાદ ચીજમાંથી પ્રમાણ જરા ઓછું કર્યું. એમ આગળ વધવું જોઇએ.

**આહારસંજ્ઞાની ભાવી વિકરાળતાઃ-** અજ્ઞાન જીવ સંજ્ઞાથી ઊંધું માને છે, ને કરે છે, 'બસ, ખાધા વિના કેમ ચાલે ? એમાં શું પાપ ?' પણ 'જે આ કરું છું, તેના સંસ્કાર ભવાંતરમાં ભયંકર ભૂખ લગાડશે, પછી ત્યાં ક્યાં જઇશ ?' એનો વિચાર એને નથી. જ્યારે અહીં ભૂખ તેટલી તીવ્ર નથી, તેમ છ કલાક પહેલાં તો ખાધેલું છે. જીવનમાં કોકવાર નહિ, પણ એકેક મહિનામાં કેટલીય વાર કેટલાય મનગમતા રસો ચાખેલા છે. તો ય આહાર સંજ્ઞા જોરદાર પીડે છે. દરેક નવા દિવસે એની વેઠ, એની ગુલામી કર્યે જવાય છે. એમાં ય કાલના રસકરતાં આજે જુદા રસ જોઇએ છે. ઇષ્ટ રસોની આટલી બધી અસહ્ય ભૂખારવી દશા છે. તો પછી ખબર નથી કે જ્યારે ભવાંતરમાં કોક નરકના ભવમાં અસંખ્ય વર્ષની કારમી ભૂખ હશે, રોજ એકાદ વાર તો નહિ, પણ આખાય આયુષ્ય કાળમાં એક વારેય ખાવા નહિ મળે !

એમાં મનગમતાં રસની તો વાતેય શી, ત્યાં એ કારમી ભૂખની વ્યથા શી રીતે સહન થશે ? માટે જ, સંજ્ઞાને કાપવાની જરૂર છે. સંજ્ઞાના કાપથી ચિત્તની સ્વસ્થતા થવાને લીધે દુર્ગતિના દ્વાર બંધ થાય છે. તેમજ ભવિષ્યમાં એ લત વધુ ઉઠતી નથી, આ બે મહાલાભ વિચારી જીવનની સફળતા સંજ્ઞાના કાપમાં મેળવવી.

## ભવના ભોગ

અનંત ઉપકારક શ્રી જિનેશ્વરદેવો વિષેના વિચારવાળું ચિત્ત પાછું શુદ્ધ બનાવવાનું છે.

**'જિનેષુ કુશલં ચિત્તં'** શુદ્ધ ત્યારે ગણાશે કે જો એવા ચિત્તની સાથે સંજ્ઞાઓનું દમન કરાય. આહાર-વિષય-પરિગ્રહાદિની સંજ્ઞાના દમન સાથે જિનના ચિંતનને જીવનનું ઉચ્ચ કોટિનું કર્તવ્ય મનાશે ત્યારે, ચિત્ત શુદ્ધ થશે. મારા જીવનમાં કર્તવ્ય હો તો આજ, કે રાત-દિવસ જગતને ભૂલી જિનને સમરું. આ સિવાય બીજું બધું ફજુલ. તરણતારણ પરમાત્મા સિવાય મારા ચિત્તનો બીજો ઉપયોગ એ માનવમુખ વડે અમૃતના પાણી મૂકી ગટરના પાણી પીવાના ઉપયોગ જેવો છે ! બગીચો મૂકી ઉકરડામાં ફરવા જેવું છે !

શુભ ચિત્તથી સ્વર્ગ મળે. શુદ્ધ ચિત્તથી મોક્ષ મળે. શુદ્ધમાં સંજ્ઞાઓનું રોકાણ આવશ્યક માન્યું.

પ્ર૦:- શા માટે ? માનીલો કદાચ કોઇ આત્મા સંજ્ઞાઓ પર બીલકુલ અંકુશ ન મૂકે, છતાં એ પરમાત્માની પૂજા ભક્તિ ભરપૂર કરે છે, તો તે શું નકામી જાય ?

ઉ૦:- ના, તે નકામી નહિ જાય, ફક્ત સ્વર્ગ સુધીનાં ફળ આપવા સમર્થ થશે, પણ મોક્ષ સુધી નહિ. કેમકે સંજ્ઞાઓ એને પૂર જોસમાં છે, તેથી સંજ્ઞાઓની વાસના એને સંસારમાં રોકી રાખશે. આમ પ્રભુ પૂજા કરવા છતાં પણ પૌદ્‌ગલિક આશંસાને મારી નહિ શકે, તેથી સંસારનો અંત નહિ આવે. સંસારનો અંત તો ત્યારે આવે કે આહારાદિ અને ક્રોધાદિ સર્વ સંજ્ઞાઓથી મુક્ત થવાય.

ધર્મની સાધનાનું ફળ શું ? સુખ, લૌકિક અને લોકોત્તર, પૌદગલિક અને આત્મિક. આત્મિકસુખમાં મોક્ષ. ધર્મનું અનુષ્ઠાન આ બન્ને આપે. પણ સંજ્ઞા સાથે

અનુષ્ઠાન હોય તો તે માત્ર સ્વર્ગસુધી પહોંચાડે મોક્ષ સુધી નહિ. ત્યારે માત્ર સ્વર્ગના ફળથી જીવનું દળદર શું ફિટ્યું ? પછી પાછું ભવભ્રમણ તો ઊભું જ. વળી દુન્યવી આશાઓ જિનચિંતનથી સેવી, એ પણ કેટલું બેહૂદું છે. ક્યાં જિનનું જીવન અને વચન ? અને ક્યાં આ જઘન્ય આશંસાઓ ? સંજ્ઞાઓથી યુક્ત ધર્મનું અનુષ્ઠાન કેવું ? સંજ્ઞાના જરાયે રુકાવટ વિનાનું અનુષ્ઠાન મોક્ષના ધ્યેયને ટકવા દેતું નથી. દા.ત. પ્રભુને પ્રણામ કર્યા પણ મોક્ષના ભાવ વિના કર્યા. ચિત્તથી 'મારા પરમાત્મા, મારા અરિહંતદેવ !' એમ મમત્વ રાખી મોંઘા કેશરબરાસ અને સોનેરી બાદલાથી પૂજ્યા ખરા. જિનમૂર્તિની આશાતના કરનારની સામે પણ થયા, છતાં એ શા માટે 'મારા અરિહંત ?' તો કે 'એ લક્ષ્મી-લાડીના સારાં સુખ દેખાડે છે, દુનિયામાં, એમને ભજવાથી બોલબાલા મલે છે,'- આ જો મનમાં બેઠું હોય, તો ત્યાંસુધી મોક્ષ ન મલે. એમ કેમ ? એટલા માટે કે આપણો મોક્ષ તે સંસારના સુખ વિનાનો છે. એટલું જ નહી પણ સંસારસુખ મોક્ષના વિરોધી છે. એટલે જેને મોક્ષની ચાહના છે, તેને સંસારના સુખ વિનાનો છે. એટલું જ નહી પણ સંસારસુખ મોક્ષના વિરોધી છે. એટલે જેને મોક્ષની ચાહના છે, તેને સંસારના સુખ સારા લાગતા નથી, એમ કહેવાય. અનાદિની સંજ્ઞા છે, એટલે સંસારના સુખનો સ્વાદ અને ઝંખના છે, તેમ એ સુખની ઝંખના છે ત્યાંસુધી સુખ વિનાની સ્થિતિ પાલવતી નથી, પણ હૃદયમાં એની ભયંકરતા અને એમાં પોતાની અજ્ઞાનતા મૂઢતાનો પાકો ખ્યાલ જોઇએ. એથી જ સંજ્ઞાઓને માણસખાઉ રાક્ષસણીઓ સમજવી જોઇએ. તો જ નાભિમાં મોક્ષનું ધ્યેય, મોક્ષની ભાવના ટકે.

અંશે પણ સંજ્ઞા દાબ્યા વિના અનુષ્ઠાન શુદ્ધ ન થાય. શુદ્ધ અનુષ્ઠાન વિના મોક્ષ ન મળે. સંજ્ઞા દાબવા એ વિચાર્યું કે આ જે આહાર-વિષય-પરિગ્રહના ભોગવટા છે, તેમાંથી કઇ કાયમી આત્મતૃપ્તિ મલે છે ? ત્યાં પછી ભવમાંના એ ભોગવટા તુચ્છ-નકામા લાગશે. ઉત્તમ આત્માઓ આ રીતે ભવભોગ થકી નિસ્પૃહાશયવાળા બનેલા હોય છે. સંસારના વૈભવ-વિલાસની ગમે તેવી ઉંચી વાત ચાલતી હોય પણ એના દિલમાં એના ઉમળકા એના ઉલ્લાસ, ઓરતા કે ગીલગીલીયાં ન થાય. ત્યારે શું થાય ? એ તો કહે કે ''શું નકામી માથાફોડ કરો છો ? **જે સંસારના ભોગ પા (૦।) કલાક હસાવી પાંચ કલાક રડાવે છે, તેમાં શું બહુ રીઝવું ?** મજૂરી પાંચ કલાક ! ને આનંદ ૦। કલાક પણ ન આપે ! પૂછો બાઇઓને, ભજીયાં કેમ થાય છે ? તમે તો

બજારમાંથી લાવીને આપ્યા ચણા, પણ પછી દાળ કરો, લોટ કરો, ચાળો, વેસણ કરો, ચૂલો તાવડી કરો, વગેરે કેટલી રામાયણ ? **પાંચ કલાકની રામાયણ પછી તૈયાર કરેલા ભજીયા મોંમાં પૂરી પાંચ મિનિટેય આનંદ ન કેખાડે, તેવા ભોગના હું ઓરતા કરું ? હું એટલે કોણ ? સ્વર્ગમાં અસંખ્ય વર્ષના સતત દિવ્ય સુખના સ્વાદ અનંતીવાર જોઇ આવેલો.** તે હું અહીં તુચ્છ ભોગનો ભુખારવો બનું ? તે ય જિનેન્દ્રદેવ મળ્યા પછી ?

**ભવના ભોગ એટલે ? પુણ્ય બધું વટાવી ખાવાનું અને શિરપાવમાં અઢાર પાપસ્થાનકની રમતના યોગે અઢળક પાપના વારસા મળે તે.** પુણ્યના ઉદય વિના ભવના ભોગ ન મલે, પણ એ માટે પાછા પાપસ્થાનકોના દુષ્કૃત સેવાય છે. બીજી બાજુ પુણ્યના ઉદયથી તો પુણ્ય ખુવાર થવાનું છે. એની તૈયારી હોય તોજ ભોગ મળે. એને ઉદયમાં લાવવા માટે એ શું શું ના કરાવે ? એ કહે છે કે તું સારી રીતે હિંસા-અસત્ય-અનીતિ અને પરિગ્રહના પાપ સેવ, ક્રોધ-માન-માયા અને લોભમાં કમી રાખતો મા, એમાં વળી જરૂરી-બિનજરૂરી કલહ પણ કરી લેજે, આળ ચઢાવવાથી લાભ થતો લાગતો હોય તો બીજા પર આળ પણ ચઢાવી દે જે ! રતિ-અરતિનો પાર ન રાખતો ! લાવ્યા પછી પણ આરંભ-સમારંભ કે રાગ-દ્વેષાદિમાં બાકી ન રાખતો. આવું ઘણું ઘણું ભવના ભોગ કરાવે છે. ખબર છે તમને કે મનુષ્યનો ભોગમાં જે મરો છે, દેવનો એટલો નહિ ? કેમકે એને કંઇ તૈયાર ન કરવું પડે. અહીં તો થવાનું પુણ્યના આધારેજ, છતાં પાપસ્થાનકના આચરણ વિના ન રહેવાય, આવા દુષ્ટ ભોગ પર પછી આપણે વહાલ કરીએ એમ ને ?

**ભવના ભોગ એટલે આત્માની સરાસર નાલેશી લેવાની !** શું ? શાબાશી નહિ. નાલેશી, કેમ નાલેશી ? વિદ્વાનને મૂર્ખ બનાવે છે, ડાહ્યાને દિવાનો, ને અક્કલવાનને બેવકૂફ બનાવે છે. છતી પરમાત્મસેવા, ઇન્દ્રિયદમન, સત્ય, નીતિ, પવિત્ર મન, વિશ્વપ્રેમ, વગેરે તરફ આંખ મિંચાવી મોક્ષમાર્ગે ચઢાવનારા સંયોગોને સંસારના પલ્લે પડી જવાના સંયોગોમાં પલટાવી નાખે છે. ભવમાં આહાર વિષય પરિગ્રહના ભોગની લંપટતાના યોગેજ આત્મા સ્વાર્થની નાલેશી વહોરે છે, પરમાર્થ કરવાની શાબાશી ચૂકે છે, ઉત્તમ કોટિના ક્ષમા, સમતા, નમ્રતા, ઇન્દ્રિયદમન, સહિષ્ણુતા, માનસિક પવિત્રતા અને ઉદારતા, ગંભીરતા વગેરે ગુણોની શાબાશી ચૂકી ક્રોધ-ઇર્ષ્યા ક્ષુદ્રતાદિ અનેક દોષોની નાલેશી વહોરે છે. જ્યાં-સુધી એ ભોગોની સ્પૃહા બેઠી છે ત્યાંસુધી ચિત્ત મલિન છે, મલિન ચિત્તનું અનુષ્ઠાન અશુદ્ધ છે. એ

મોક્ષ માટે સમર્થ નથી, તેના માટે તો વિશુદ્ધ ચિત્ત જોઇએ.

**પ્રાથમિક નિસ્પૃહા કેવી હોય :-** અહીં ભોગોની સ્પૃહા નહિ એટલે શું બીલકુલ ઇચ્છાજ નહિ ? ના, નીચે પગથીએ ઇચ્છા તો થાય, પણ એ ઇચ્છા દુઃખરૂપ-વેઠરૂપ લાગે. ભૂખ લાગી અગીયાર વાગે, તો ખાવા તો બેસે, પણ મનોવૃત્તિને મીઠી સ્પૃહાવાળી ન રાખે. મીઠી સ્પૃહા એટલે પક્ષપાત. મીઠી સ્પૃહા એટલે ગુલામી, એવી કે એમાંજ આબાદીની માન્યતા. એના વગર બીલકુલ ન ચાલે. એવા ધોરણ એટલે શું ? ખૂબી કેવી, કે ધર્મ વિના ચાલે ! તપ-ત્યાગ વિના ચાલે ! પણ ભોગ વિના ન ચાલે ! ટૂંકા શબ્દોમાં કહીએ તો **ભવના ભોગ તરફ અરુચિવાળી વૃત્તિ જ્યારે જગાવીએ ત્યાર પછીજ સંજ્ઞાઓનું જોર દબી શકે, ને તોજ ચિત્ત જિનેન્દ્રદેવ વિષે સ્થિર અને શુદ્ધ કરી શકીએ.** બાલ જીવને મોક્ષ પર પ્રેમ કરાવવા માટે સંસાર પર દ્વેષ કરાવવો પડે. દ્વેષ કેમ ? એ દ્વેષ કરાવ્યા વિના એનો રાગ ખસે નહિ, મોક્ષરાગ થાય નહિ. સત્ય પર પ્રેમ કરાવવા માટે પહેલા અસત્ય ઉપરનો રાગ છોડવો પડે. એ માટે અસત્ય પર સખ્ત અણગમો કરવો જ જોઇએ. ગુણોનો ખપ હોય તો, દોષો પર પાકો દ્વેષ જોઇએ જ, બાળપણમાંથી દોષો પર પાકો દ્વેષ જગાડે, તોજ ગુણો પર પ્રેમ જાગે. જ્યારે ભવના ભોગ પર ખરો તિરસ્કાર જાગશે ત્યારે મોક્ષના સુખ પર સાચી પ્રીતિ થશે.

ભવના ભોગની સ્પૃહા એ તાવથી જીભ પર થતી કડવાશની માફક મનમાં એક પ્રકારની કડવાશ, અરૂચિ છે, તેથી જ ત્યાંસુધી મોક્ષસુખનાં ઘેબર ફીક્કા લાગે છે, અકારા અરૂચીકર લાગે છે. એમ થાય છે કે મોક્ષમાં ખાન નહિ, પાન નહિ, વાહન નહિ, તો સુખ શું ? ઘેબરનો એક નજીવો ટૂકડો નિરોગીની જીભ પર મૂકતાં પાણી છૂટે છે, પણ રોગીને આખું ખવડાવો, પાણી ન છૂટે ! તેમ ભવભોગના પ્રેમીને સવિસ્તર પણ સુંદર મોક્ષસુખની વાતો ન રુચે. કહો પાંચે ઇંદ્રિયોનાં સુખોની વાત આવે તે વખતે દિલમાં ઉમળકો કેવો જોરદાર જાગે છે ! પણ ખરી રીતે એવા અવસરે સાથે સમજ જોઇએ કે,

**ભવના ભોગ સામે ભાવના :-** **'આ હું મૂર્ખાઇ કરી રહ્યો છું, હું પાગલ થઇ રહ્યો છું ! આમાં મારી જ જાતે મારું ! મોત નીપજાવી રહ્યો છું !'** જેમ, જો પોતાના હાથમાં તલવાર હોય તો તે પોતાનું જ ગળું કાપવા માટે નહિ ને ? મૂર્ખ પણ આવું ન કહે, ન કરે, ને જો એ કરે તો પીધેલ કહેવાય ! **આપણને મળેલા ભોગસાધનો,**

**તેમ આપણને મળેલાં પુણ્ય, એ આપણી જાતનાં ગળાં કાપવા માટે ન બનાવાય ને ?** એવું થતું હોય તો જીવને હૃદયભેદી પશ્ચાત્તાપ થાય કે **'રે આ હું શું કરી રહ્યો છું ! ક્યાં સુધી આવું કર્યે જઇશ ? મને મળેલી શક્તિઓ તે પુણ્યથી મળેલી ચન્દ્રહાસ ખડગ્ જેવી છે. તેનાથી કાળજૂના કર્મોનો સંહાર કરી નખાય તેમ છે ! પણ હું મૂર્ખ, તે કરવાનું મૂકી, મારોજ દીર્ઘ દુર્ગતિમાં પુનઃ પુનઃ સંહાર થાય એ રીતે શક્તિઓનો ઉપયોગ કરી રહ્યો છું ! ભવના ભોગમાં રમતો અને રાચતો રાખી મારી શક્તિઓ મને પરવશ, પામર અને પાગલ બનાવી રહી છે. આ મારી જે ચક્ષુ એનાથી પરમાત્માને જોવાને બદલે મોહનાં રૂપ જોવા જાઉં એટલે તો મારીજ ચક્ષુરૂપી તલવારની ધાર મારા આત્મા પર પાપકર્મ અને કુવાસનાના કારી ઘા કરી રહી, એમ કહેવાય. પણ તે ઘા રુઝાયા નહિ રુઝાય ! મારી જે સાંભળવાની શક્તિ છે તે વડે તો વધારે પુણ્યશાળી હોત, તો મહાવિદેહ ક્ષેત્રમાં આજે પરમાત્માની વાણી સાંભળતો હોત, ને ગજબ આત્મશુદ્ધિનું કામ કરી શકત. પરંતુ ખેર ! અહીં પણ ગુરુના મુખે તેજ પરમાત્માની વાણી સાંભળવા મલે છે. તેમાં મારી શ્રવણશક્તિનો ઉપયોગ કરું તો એથી ભરપૂર કર્મશત્રુના શિરચ્છેદ થાય એમ છે. આ કેવો મહાન લાભ ! એવું મનથી તો સદ્ભાવના અને સારી વૃત્તિઓથી અગણ્ય લાભ કમાઉ શકું. પણ હું જે કંગાલ, મારી પાંચે ઇન્દ્રિયો અને મનની વિશિષ્ટ શક્તિ રૂપી મારા જ ચન્દ્રહાસ ખડગ વડે, ભવના ભોગમાં ઠગાયો હું મારા જ હાથે મારું જ ગળું કાપી રહ્યો છું !'** શું જીવન જીવી રહ્યા છીએ તેનો, કેવું ઉત્તમ જીવન જીવી શકવાના સંજોગ છે એની તુલના સાથે તાદશ ચિતાર વિચારો.

**અબજોની સંપત્તિ** :- માનવ જીવનમાં પાંચે ઇન્દ્રિયની પટુતા, એટલે તો આપણને અબજો રૂપીયા ખર્ચે ન મલે એવી અણમોલ અચિંત્ય શક્તિઓ મલી ! વળી જૈન કુળમાં માનવપણે અવતરવા માત્રથી ઘણી ઘણી હિંસાના સકંજામાંથી બચી ગયા ! જૈન કુળમાં માનવજીવન એ એવી એક ઉંચી કોટિની સિદ્ધિ છે કે જગતના ઘણા પાપોમાંથી સહેજે બચાવી લે છે ! **માનવજીવન જૈન કુળ સાથે મલ્યું તેથી આપણા પરિણામ કોમળ હોય !** એ પાપ કરવાની વાતમાં બહુ ગભરાય. પાપ કરવાની હિંમત નહિ. એવા પરિણામમાં કલ્પવૃક્ષ જેવી શક્તિ છે ! જ્યાંસુધી ચક્ષુ કામ કરે છે ત્યાંસુધી વીતરાગ પ્રભુના અંગ પ્રત્યંગને આપણે ટસીને નિહાળી શકીએ એમ છીએ. એમાંથી ધારો તો કેવા ઉંચા તત્ત્વચિંતન અને પુણ્યોપાર્જનના ઉંચા વેપાર કરી શકાય ! એવું બીજી ઇન્દ્રિયોથી બાહ્ય તલવારના ઘા સારા, કેમ કે મરણ બાદ એ

તલવાર પાછળ નહિ આવે. પણ આ ઇન્દ્રિયોરૂપી ચન્દ્રહાસ ખડગ તો કહે છે કે 'તું ક્યાં જાય ? તારી પાછળ જ છું ! ત્રાહ ત્રાહ પોકરાવું !' તે નરકમાં ભૂલો પડી જાય, તો તો અસંખ્યવાર ગળાં કપાવરાવે ! અસંખ્યવાર ગળાં કપાય, એકના બેટૂકડા થાય તેવી રીતે ! પણ મરી શકે નહિ ! કેમ ? કારણ કે ઇન્દ્રિયોના ખડગને પોતાની જાત પર ફેરવ્યાં. કોણે ફેરવાવ્યાં ? ભવના ભોગે.

**નિમિત્તના પાપે :-** સામે જો સંસારના ભોગ ઇન્દ્રિયોને ન આવે, તો તો તે ગળું કાપવા તૈયાર નથી, પણ સામે આવે એટલે ઇન્દ્રિયો કૂદે છે ! અમુક પાપો તો, એવા નિમિત્તો નથી મલતા એટલે જ જીવ નથી કરતો. નિમિત્ત મળે કે તરત પાપના પુરુષાર્થ ચાલુ. ત્યાંજ એ નિમિત્તથી પાછો હઠવાવાળો એવા પાપના પુરુષાર્થથી બચે છે. પાપમાં જાય છે તે પાપના ઉદય સાથે ખરાબ નિમિત્તો સેવી અવળા પુરૂષાર્થથી જાય છે, પણ પાછો હટે તે યોગ્ય આત્મપુરુષાર્થથી. કેવો પુરૂષાર્થ ? મોહનીયકર્મની છાતી પર પગ મૂકવાનો. મન કહે છે 'તૃષ્ણા આજ સુધી તું ઘણી ઉઠતી હતી, પણ હવે હું એમ નહિ ઉઠવા દઉં ! તમારાં નાટક મેં ઘણાં ખેલ્યાં, પણ હવે નહીં.'

**ઉદ્યમ છોડી ઉદયના બહાનામાં ન ફસો :-** કેમકે જ્યારે કહીએ છીએ કે પાપનો ઉદય સંજ્ઞાથી પાછો નહિ હટવા દે તો, ત્યારે સમજી રાખો કે એ સંજ્ઞાની રમત નવા પાપને ફરી તૈયાર કરી આપશે, અને પાછું એ પાપના ઉદયે સંજ્ઞાથી નહિ હટાય. ત્યારે પાછું હટવાનું ક્યારે ? માટે કહો **સંજ્ઞાથી પાછું કોણ નથી હટવા દેતું ? પુરુષાર્થની ખામી. એના બદલે જો એમ કહેશો કે પાપનો** ઉદય નથી હટવા દેતો તો કદી આરાધના નહિ થાય, અને એમ હોય તો તો કદી મોક્ષે જ ન જવાય ! તો શું જનારા મોક્ષે નથી ગયા ? ગયા છે, પણ જંગી પુરુષાર્થથી સંજ્ઞાને હટાવીને ગયા છે. ચરમાવર્તકાળમાં આવ્યા પછી પુરુષાર્થની પ્રધાનતા છે. એકવાર મોક્ષ રૂચ્યા પછી સાધના માટે એકાંત ઉદ્યમ જોઇએ, ઉદયની રાહ નહિ જોવાની. પુણ્યના ઉદય પર વિશ્વાસે રહેશો તો જાતે ગળીયા બની જાશો. જેમ સંજ્ઞા પોષવાના વિપુલ પુરુષાર્થથી અર્થાત્ બહુ ખાનપાન, વિષય સંપર્ક, ધનસંચય વગેરેમાં પુરુષાર્થી રહેવાથી સંજ્ઞાઓ પુષ્ટ રહી છે, તેમ હવે સંજ્ઞા રોકવાના પુરુષાર્થ કરાય તો જ સંજ્ઞા રોકાય અને ભવસાગર તરી શકાય. આ નિર્ધાર કરો.

**પાર્શ્વનાથ પ્રભુના ચક્રવર્તી જીવની વિચારણાઃ-** પાર્શ્વનાથ ભગવાનનો જીવ

આઠમા ભવમાં સુવર્ણબાહુ ચક્રવર્તી. એ ઋદ્ધિ પામ્યા ચક્રવર્તિપણાની. નિકાચિત પુણ્ય ભોગવતા હતા. પણ એકવાર જાગ્યા એમાંથી ! એવા જાગ્યા કે એમને જાતિસ્મરણ થયું ! જાતિસ્મરણ થતાં જાતે વિચાર કરે છે, **'અહો ! મેં પૂર્વે મોક્ષ સાધી આપે એવા મનુષ્યભવ રૂપી પુણ્યોદય તો બહુવાર મેળવ્યા હતા. છતાંય હું હજી ભવમાં ભમતો કેમ રહ્યો ? એટલા જ માટે કે મેં બરાબર પુરુષાર્થ નહોતો કર્યો.'** આ કોણ વિચારે છે ? જેમણે બીજા ભવમાં હાથીના ભવમાં સમજણથી સમાધિપૂર્વક મર્મસ્થાને ભયંકર પીડાકારી સર્પના ક્રૂર ડંસ સહ્યા છે ! જેમણે ચોથા ભવમાં સાધુપણે સુકોમળ રાજવી શરીરે શરીરના સાંધા તોડી નાખનાર સર્પના ભરડા સહ્યા છે, જેમણે છઠ્ઠા ભવમાં રાજવીપણામાંથી મહામુનિ થઇ, તપસ્યાથી દુર્બલ બનેલા શરીરે ભીલના તીક્ષ્ણ બાણથી વિંધાયા છતાં ઘોર વેદના સમભાવે સહી છે, ત્યાં પ્રખર સહિષ્ણુતા સાથે આત્મપ્રસન્નતા, વિશ્વ મૈત્રી, સંયમ જાગ્રતિ વગેરેના અખંડ પુરુષાર્થ સાધ્યા છે. એટલું છતાં એ અહિં વિચારે છે કે મેં પૂર્વના મનુષ્ય ભવોમાં બરોબર પુરુષાર્થ કર્યો નથી ! ક્યારે ? આટલો પ્રયત્ન કરવા છતાં ! વિચારજો ભવના ભોગ અને સંજ્ઞાની કેદ હજી ઊભી છે, એ જ સૂચવે છે કે પુરુષાર્થ જ જરૂરી છે. અરે આ કાળમાં આપણાથી શું બને એવો નિરાશાનો ભાવ પણ ખોટો, કે 'કરીશું' એમ આગળ પર ખોરબે નાખવું તે પણ ખોટું ! ચક્રવર્તી આગળ વધીને વિચારે છે, **''તું ક્યાંથી આવ્યો ? ગ્રૈવેયકમાંથી, અહમેન્દ્રપણામાંથી. ત્યાં ઇન્દ્ર કરતાંય ઊંચુ દિવ્ય સુખ જોઇ આવ્યા પછીય મનુષ્ય પણાના ગલીચ સુખોમાં આનંદ લે છે ! તારી ગમારીની કોઇ હદ છે ?''** જન્મથી શીતલ સાકરીયાં પાણી પીધાં હોય, ને ક્યાંક બહારગામ કોઇ ફીકા ઉના પાણીનો વાટકો ધરે તો કેવું લાગે ? ખુશી થાય ? ના, એમ આ મનુષ્યપણાના સુખ દેવતાઇ સુખ આગળ એવા ફીકા ઉના પાણી જેવા છે. એમાં આનંદ મનાય ?

મનને એમ થવું જોઇએ કે 'ઇન્દ્રના સુખો જોયા પછી આ ગટરીઆ સુખો રૂચેજ કેમ ? બસ, હવે તો પ્રભુ મલ્યા છે ! **પ્રભુ મલ્યા પછી આત્માની પ્રભુતા ન ખીલવું તો ખલાસ !' શું આત્માની પ્રભુતા ખીલવવામાં નહિ ખરચાયેલી બધીજ શક્તિઓ ગળું કાપનારી બને !** ચક્રવર્તી વિચારીને ઊભા થઇ ગયા ! કોના ઉપદેશ પ્રેરણાથી ? કોઇનાય નહિ, જાતે વિચાર કરતાં કરતાં ! શો વિચાર ? ''શું પ્રભુતાના માર્ગે પુરુષાર્થમાં ન્યૂનતા ? ને ગુલામીના માર્ગે ધરખમ પુરુષાર્થ ? તેય માનવભવ

મેળવ્યા પછી ય ? તેથીજ ભવભ્રમણ બાકી. માટે હવે તો સત્પુરુષાર્થને તેજસ્વી બનાવું !'' કેવો તેજસ્વી બનાવ્યો ? એવો કે જેમાંથી તીર્થંકરનામકર્મ અને ભયંકર મરણાંત ઉપસર્ગ સમતાથી સહ્યો. એના બળે એ પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ સ્વામી થયા.

વિચારજો ચક્રવર્તી અને કેવું સંયમ તથા કેવી સાધના ! આજે તો ચક્રવર્તીની અપેક્ષાએ દરિદ્ર જેવી સ્થિતિમાંય સામાન્ય માનવગુણોની સાધનાય મુશ્કેલ બની ગઇ છે ! માનવનું ખોળીયું છે, પણ ભવના ભોગો અને અનાદિની સંજ્ઞાઓએ માનવતા ખૂંચવી લીધી છે ! જરા સાવધ બનો, વિચારક બનો, મળેલા ઉચ્ચ સંયોગની કદર કરો, અને પુરુષાર્થ પ્રભુતા માટેના આદરો. ઇર્ષ્યા, નિંદા, ક્ષુદ્રતા, કૃપણતા, ગર્વ, ગુસ્સો, માયા, લોભ વગેરે દોષોને ફગાવી દો. મૈત્રી, દયા, ક્ષમા, પવિત્રતા વગેરે ગુણો કેળવો.

પાપક્રિયામાં પાપકર્મનો ઉદય ઘસડી જાય છે. તે આપણા કોઇને કોઇ અવળા-અસત્ પુરુષાર્થથી, માટેજ પાપક્રિયાથી પાછા હઠવા માટે ઊંધા પુરુષાર્થ મૂકી દઇ પુરુષાર્થી બનવું જોઇએ. ભવના ભોગ એવા છે કે જો એને આપણી શક્તિઓની સહાય ન મળી હોત તો એ ગળું કાપનાર ન થાત. માટે મનને કહો કે, 'જે મારા આત્માનો વિઘાત કરનાર, તેનાં સ્વાગત-વધામણા હું ન કરું ! અંતરથી સ્પૃહા હું ન કરું ! એના ઉંચા ભાવ હું ન બાંધું !'

**સંસારસુખના ઉંચા ભાવ ન બંધાય :-** સંસારમાં ઠેઠ ઇન્દ્રપણાની અને એના સુખોની સામે સાધુતાના અને એના સુખોના ભાવ ઉંચા રાખે તે સમકિત ટકાવી રાખે. **પાપમાં કેમ દોડે છે આત્મા ? સંસારના ભાવ ઉંચા બાંધે છે તેથી.** ચક્રવર્તીઓએ તેજ ભવમાં કેવળજ્ઞાન લીધાં છે ને ? ક્યાં ગયા તે પાપ ? નાશ પામ્યા. કેમકે હવે જાગ્રત હતાં ! એમણે સાધુતાના મૂલ્યાંકન ઉંચા કર્યા. અહીં જે પ્રાથમિક નિસ્પૃહતા કહીએ છીએ, તે એટલી કે **યોગની સ્હામે ભોગના ભાવ ઉંચા ન બાંધવા જોઇએ.** ઉંચા ભાવ આ રીતે, ''પૈસા હોય તો જગતમાં બધું ચાલી શકે ! સ્નેહી સારા હોય તો દુનિઆમાં સાર, એમાં માલ ગણાય. સારા એટલે ? સેવા કરે એ, રંગરાગ કરાવે તે. રોફ રાખીએ તો આ દુનિયા પર જીવી શકાય. એટલે ? નમ્રતાથી તો મરી જવાય.'' ભવના ભોગમાં લંપટ થઇ ઉંચા ભાવનું આ તોફાન કર્યું, તેથી જીવનનું સર્વસ્વ એ પશુ સુલભ પ્રવૃત્તિમાં માન્યું. પછી સંજ્ઞા પર કાબૂ રહે નહિ, એ સહજ છે.

# ભયસંજ્ઞા

આહાર-સંજ્ઞાની જેમ ભયસંજ્ઞા, ભયનું વલણ જીવને અનાદિથી પીડે છે. 'હાય ! દુઃખ આવશે તો ? સુખ જતું રહેશે તો ? પૈસા ખર્ચાઇ જશે તો ?' વગેરે ભય રાતદિ' નડ્યા કરે છે. પછી એમાં દીન બનાય છે, મત્સરી ઇર્ષ્યાળુ બનાય છે.

**ભયથી ભવ નીપજે** - દીનતા, મત્સર, ભય વગેરે એવા દોષો છે કે જે ભવાભિનદી આત્માના જાણે પ્રાણ છે. હાલતાં ને ચાલતાં એ દોષો સેવ્યા વિના એને ચાલતું નથી. માનસિક વલણ જ એવા વર્તી રહ્યા હોય છે. **દીનતામાં** પોતાને ન મળ્યાનું દુઃખ છે, **મત્સરમાં** બીજાને મળ્યાનું દુઃખ છે, ને **ભયમાં** 'પોતાને મળેલું ખોવાય તો ?' એ ચિંતાનું દુઃખ છે. ત્રણેય દુઃખ ભૂંડાં. એમાં ભય વિલક્ષણ. દુર્ધ્યાનનું પ્રબળ કારણ ભય. **ભયથી ભવ નીપજે. ભયથી ભવ વધે.** 'હાય, હાય ચાલ્યું જશે, નાશ પામશે, દુઃખી થઇશ તો !' એજ હાયવોય ! વિષયકષાયની ઉપર અત્યંત આકર્ષણ, અનહદ આસક્તિ, અને પ્રબળ પક્ષપાત હોય છે. જરા પણ ઓછપ ન આવે, આપત્તિ ન આવે, તેવી સતત ઇચ્છા. **કેમ જાણે સર્વ સંપત્તિનો ઇજારદાર પોતે ! ને લેશ પણ આપત્તિને યોગ્ય નહિ ! કર્મના સંજોગો વિચિત્ર છે. વારંવાર ભય રાખવા છતાં કર્મ ક્યારે ઠગી જાય, કષ્ટ ઊભા કરે, સુખ નષ્ટ કરે તેનો નિયમ નહિ. તો પછી ભય રાખવાથી શું વળ્યું ?**

**ભયના ભયંકર નુકસાન :-** જવાનું તો જાય છે જ. પણ વધારે ભય કરી કરીને મમતા વધારી, ચિંતામાં બળ્યા, આત્મચિંતા કરી નહિ, પરમાર્થ સૂઝયો નહિ, પોતાની માલિકીના માનસને જડ પદાર્થોનું ગુલામ બનાવ્યું ! ભયભીતને તો, ખાય તો પણ, ભય ! ખરચે તો ય ભય ! ખૂટી જવાનો ભય ! લૂંટાઇ જવાનો ભય ! કોઇ માગી જશે તો ! સરકાર કાયદા કરશે તો ? એ ભય ! માન જવાનો ભય ! સત્તા જવાનો ભય ? નહિ સચવાય, પોતાનાં તાબામાં નહિ રહે, કહ્યું નહિ માને, તેનો ભય ! કેવી કેવી ભયના તમાચ ! પાછી ભયની ઘોર પરંપરા ! ભય અજંપો, ચંચળતા કરાવે, સ્થિરતા ન રહેવા દે ! ભયમાં ને ભયમાં સુખે ખાય નહિ ! ખાવા દે નહિ ! પરમાર્થ જાતે કરે નહિ ! બીજાને કરવા દે નહિ ! સુખે નિદ્રા નહિ ! સદ્‌બુદ્ધિ નહિ ! ગુણની ને ધર્મની કદર નહિ ! ભય તામસ ભાવમાં રમાડે ! ધર્મગુરુઓથી ડરાવે ! ઉપદેશ શ્રવણથી આઘો રાખે ! અમૂલ્ય ધર્મસાધનાથી વંચિત

રાખે ! કેમ ? એક ભય, ગુરુ પાસે જાઉં, ને દાનનું કહે તો ? તપનું કહે તો ? માટે જવુંજ નહિ. **સજ્જનો અને સજ્જનતાના સંગથી દૂર રાખનારી ભયસંજ્ઞા કલ્પનામય ભય જીવનને હાથે કરી તુચ્છ અને અકારૂં બનાવે છે** ! પોતાના હાથે પોતાના ઉજ્જવલ જીવનને એ મલીન કરે છે ! ભયભીત જીવ ડરપોક બની અસત્ય કલ્પનાઓ કરે છે. અવસરે પશુથીય ન કરાતી એવી સંજ્ઞામાંજ જીવન પુરું કરે છે !

**ભયસંજ્ઞામાં નાટક** : જેણે સંસાર એજ કર્તવ્ય માન્યું, પછી તો કેમ, તો કે જેને સંસાર જોઇએ એને વિના કેમ ચાલે ? **જ્યાં તૃષ્ણા છે, ત્યાં ભય છે.** તૃષ્ણાથી ભય વધે છે, સંસાર વધે છે. ભયવાળો કલ્પનાના નાટક ભજવે છે. ઘેરથી બહાર નીકળી તિજોરી બંધ કરી કે નહિ તેની ખબર નથી રહી. સાંજસુધી ઘેર પાછા જવાય તેમ નથી. આખા દિવસની આધિ, આખો દિવસ ભય, નજર સામે એકજ લક્ષ્ય, 'ક્યારે સાંજ પડે અને ઘેર જાઉં ને તપાસું કે બધું બરાબર છે કે નહિ !' વાતે વાતે ભય. ભયનું કારણ ન હોય છતાં પણ ભય લાગે કે 'હાય હાય ! બધું જતુ રહેશે તો !' **ભયને લીધે કંઇક અસત્યોની પ્રપંચોની, હિંસાની, કષાયોની યોજનાઓ મનમાં ઘડાય છે** ! જરૂર પડ્યે એ પાપ આચરવાય ન પડે, છતાં ભય એ પાપોને વિચારમાં લાવ્યા વિના ન રહે ! એ વિચારમાં રૌદ્રધ્યાન પણ સંભવે. એમાં આયુષ્ય બંધાય તો મરીને જાય નરકે ! ત્યાંથી પાછો દુર્ગતિમાં ભટકે ! કેમકે પાપના અનુબંધ લઇને અહીંથી ગયો છે. **ભયવાળાને અસમાધિનો પાર નહિ.** કેમકે સંપત્તિ સાચવવાની અને આપત્તિ આઘી રાખવાની તાલાવેલી ખૂબ. 'રાતના સૂતી વખતે દરવાજો બંધ કરવો તો નથી રહ્યો ને ? બધું બરાબર પેક કર્યું છે ? એમ શંકા થયા કરશે. રાતમાં જરાપણ અવાજ થતાં એમ થશે કે 'એ ચોરનો અવાજ તો નથી ? કોઇએ તીજોરી ખોલી ?' જ્યાં આસક્તિ વધારે ત્યાં ભયનો પાર નથી. એમાં એવા ભયવાળાને ધર્મક્રિયા ચૂકાય તો પરવા નથી. એમાં ભય નથી જણાતો. મરણ દેખાતું નથી. માટે તેનો ભય નથી ! સાધના અટકી તો 'કંઇ વાંધો નહિ, કાલે કરશું, શું ઉતાવળ છે ? વખત ક્યાં વહી ગયો છે ?' એમ ઝટ મન વાળી લે છે. ધર્મ આખો ખોવાય તો ભય નથી. અને સંસારનું સહેજ બગડે તો મહાભય છે ! સંસારની સામગ્રીમાં ટાંચ ન પડવી જોઇએ. ભવાભિનંદીને ભયના લીધે સમાધિનો સ્વાદ નથી, સમાધિનું ભાન પણ નથી. સમાધિની કિંમત નથી, એટલે દુન્યવી ભયોમાં સમાધિ ગુમાવી રહ્યો છે, અસમાધિનો એને ભય કે દુ:ખ નથી. ભવાભિનંદીને ભય ઘણા ! આત્માને કલેશ

ચોવીસે કલાક ! ભય સંક્લિષ્ટ પરિણામોને અતિ સંક્લિષ્ટ કરાવે છે. ભયસંજ્ઞા કાયા-કુટુંબ, ધન દોલત, વૈભવ ઘરબાર, માનમરતબો, આબરૂ સત્તા પુરતી છે ! પણ આત્મહિત લૂંટાવામાં ભય નથી. કે 'ધર્મધન નહિ મળે તો ? મળેલું લૂંટાઇ જશે તો !' એવો ભય છે ? 'કાયાના મોહમાં તપ ગુમાવીશ તો ? રસનાના ટેસમાં ત્યાગ કરવાનું ચૂકીશ તો ? દાનમાં વિઘ્ન આવશે તો ? ધર્મ નથી સાધતો અને આયુષ્ય પૂર્ણ થશે તો ? અગર રોગ આવશે તો ?' આ ભય નથી અનાદિની ભયસંજ્ઞા સામાયિક, પ્રતિક્રમણ, પ્રભુ ભક્તિ, દાનશીલ તપ ભાવ, ક્ષમાદિ ગુણો વ્રત પચ્ચક્ખાણ, કર્મક્ષય, વગેરે ન સધાય ત્યાં નહિ ! ઊલટું 'એ બધું સાધવા જાઉં, અને કાયા ઓગળી જાય, ધન ઓછું થઇ જાય, ટાઇમ બગડે, વેપારમાં વાંધો આવે, વ્યવહાર ઘવાય, તો શું થાય ?' એ ભય ખરો, આહા ! ભયમાં જીવની કેવી દુર્દશા ! ભય સંજ્ઞાની કેવી કાતિલ અસર !

**ભય શાથી ? સાધુ પણ સાધવાની જાગ્રતિ ન રાખે તો ભય એમનેય છોડતો નથી. કેમકે ઇન્દ્રિયો ડાકુ છે, મન ચોર છે, કુવાસનાના થોકબંધ હુમલા છે, વિષયોનો દુશ્મન ઘેરો છે.** વિષયની છાયાનો એના આગમનનો, એના સંપર્કનો ભય થવો જોઇએ. જેટલો ભય મોહની સામગ્રી લૂંટાઇ જવામાં થાય છે, તેટલો આત્મહિતની પ્રવૃત્તિ કે વિચારણા લૂંટાઇ જાય તેમાં નથી થતો કેવી કારમી કરુણા દશા ! મુક્તિનું પહેલું પગથીયું મોક્ષ રૂચિવાળી અવસ્થા છે, પણ જ્યાંસુધી આવા ભયથી ભવાભિનંદિતા જીવતી રહે, ત્યાંસુધી તે આવે નહિ. સમ્યકત્વથી નીચી દશા અપુનર્બંધક અવસ્થા, તેથી નીચી મંદ મિથ્યાત્વીની, તેથી નીચી કનિષ્ટ કોટિના ભવાભિનંદીની. સમ્યકત્વમાં મોક્ષનો પક્ષપાત છે. એક બાપને બે દિકરા હોય, એક દર અઠવાડિએ વલણમાં ગુમાવી આવે, વેપાર ન કરવાનું કહેવા છતાં માને નહિ, છતાં આબરૂ એવી છે કે તેને નાતજાતમાં અલગ ન કરાય. એટલે એને સાચવવો પડે છે. પણ અણગમાથી. એ રીતે સમકિતી સંસારને સાચવે. બીજો દીકરો કમાઉ, જ્યાં હાથ નાખે ત્યાં કમાણી કરે એવો છે. સાથે વિનયી, ભક્તિવંત છે. નામ દીપાવે એવો છે. આ દિકરાને બાપ સાચવે છે પૂર્ણ રાગથી. આવો રાગ સમ્યકત્વવંતને મોક્ષપર છે. **તત્ત્વ ઉપર જેવો પક્ષપાત તેવો અતત્ત્વ ઉપર અણગમો.** સમકિતી સંસારને હરામખોર માને છે, પણપેલા ઉડાઉ દીકરાની માફક એને અલગ કરી શકતો નથી. તત્ત્વ ઉપર રુચિ બીજા દીકરાની માફક કુલદીપક છે, તારણહાર છે. અપુનર્બંધક

આત્માને મોક્ષનો પ્રેમ થવા છતાં સર્વજ્ઞ કથિત તત્ત્વનો પક્ષપાત હજી નથી જાગ્યો, પણ એને વૈરાગ્ય છે, તેથી સંસાર ઉપર બહુમાન નથી. એય ધીમે ધીમે સંસારથી છૂટશે **એ સંસારને ગુંડાની ગલી માને છે, અને તેનાથી ચેતતો રહે છે.** તેને છોડીને ભાગવામાં હિત માને છે. એ સમજે છે કે, અંતે મધમાખીને જેમ પગ ઘસવા પડે છે, અને વાઘરો બધું મધ લૂંટી જાય છે, તેવી રીતે મૂર્ખ જીવે ઊભા કરેલ આખા સંસારને કાળરૂપી વાઘરો લઇ જશે, અને જીવ બેકાર હારી જશે ! માટે ચેતો ! દ્રષ્ટિ ફેરવો ! સંસારને, જડને, કષાયોને મિત્ર ન માનો. ઉપકારી ન માનો. સંસાર એ મોહ દુશ્મનનો કિલ્લો છે. તેમનાથી છૂટો. સંયોગો તેમાંથી ન નીકળવા દે, તો પણ તેને લૂંટારો માનો, અવિશ્વસનીય માનો. જૈન કુળનો એ પ્રભાવ છે કે, જન્મથી વૈરાગ્યના વાતાવરણ જોવા સાંભળવા મળે, ગળથુથીમાં સંસારની અસારતાનાં પાન મળે. માબાપ, કુટુંબીઓ, અને સ્નેહીઓ મોહની ચેષ્ટા અને વાણી એના દેખતા-સાંભળતા ન વિસ્તરવાની ખૂબ કાળજી રાખે. આઠ વરસે સંસારનો પવન ન લાગ્યો હોય અને ચારિત્ર લે તો કામ સારું કરે. આત્માને સારો ઘડી શકાય. વૈરાગ્યની અસર રાગથી ઓછા લેપાએલાં પર સારી ને ઊંડી પડે.

મૂળમાં સંજ્ઞાઓ કાપો. એમાંય ભયસંજ્ઞાને દૂર ફગાવી દો. નહિતર જો જો કે કેટલીકવાર ખાલી કલ્પનામાં રમી રહ્યાથી આખો દિવસ ભયના કુદકા રહેશે. પછી આ જીવ ભયસંજ્ઞાના ભાર નીચે સતત દબાયેલો સારું શું કરી શકવાનો ? **'जिनेषु कुशलं चित्तं'** ક્યારે આવે ? નિર્ભયતા કેળવીએ તો આવે. કાયરતા-પામરતાની સંજ્ઞાને ઓછી કરીએ તો આવે. જડના સંયોગ-સગવડ ઓછા મળે એમાં કાયર શા સારું બનવું ? પ્રતિકૂલ સંયોગો ઊભા થવાના હોય, આપત્તિ આવવાની હોય કે આવી હોય એમાં પામર, કંગાળ અને માયકાંગલા શા માટે બનવું ? શું જીવનું સત્ત્વ જડને પરાધીન છે ? જીવની સત્તા શું સગવડની ગુલામ છે ? જીવ સ્વતંત્ર છે. વિચારવું ઘટે કે,

**આપત્તિ એ તો પરીક્ષા છે.** મિથ્યાદર્શનમાં પડેલા પણ કહે છે, ''આપત્તિ ? અરે ! એ તો પરમાત્માની ભક્ત ઉપર કસોટી છે. 'તને અમે કેટલા ગમ્યા છીએ, લાવ એ જોઇએ' તેથી તેમાં આકુળવ્યાકુળ નહિ થવાનું. **આપત્તિના પ્રસંગો તે તો પરમાત્મપ્રીતિમાં વધુ મસ્ત થવાના પ્રસંગો** ! પરીક્ષા વખતે આપણા બહારના દબાવી દેવાના. કેમકે પરીક્ષામાં પાસ અહીં થવાનું છે. **મનુષ્યભવ એ આપત્તિની પરીક્ષામાં**

**પાસ થવાનો હોશિયાર કલાસ છે, બીજા ભવ તો ઠોઠ કલાસ.** મનુષ્યભવ એ જાણે ભગવાનરૂપી શિક્ષકનો હોશિયાર વર્ગ છે. એમાં નપાસ થવાય તો ભક્તમાંથી નીકળી જવાય !...'' આવું આવું માનીને મિથ્યાદર્શની પણ ભયસંજ્ઞામાં નથી ડૂબતા, તો જૈનદર્શનીથી કેમ જ ડૂબાય ?

**જાગ્રતિની ચાવી :-** સંસાર સંજ્ઞાઓની ગમે તેવી લાલચ દેખાડે, છતાં જાગ્રત આત્માનું લવલેશ બગડતું નથી. ભયંકર ઉપસર્ગોમાં પણ મહાત્માઓ નિર્ભય બની કેમ સ્થિર રહેતા ? એ સમજતા કે ''અશાતા મારા આત્માનું સ્વરૂપ નથી. શાતા પણ મારા આત્માનું સ્વરૂપ નથી ! અપમાન કે સન્માન આત્માની મિલકત નથી ! શાતા-અશાતા, માન-અપમાન, દરિદ્રતા-શ્રીમંતાઇ, નાથપણું-સેવકપણું-આમાંનું કાંઇજ આત્માના સ્વભાવમાં નથી ! બધું પારકું ! પછી આત્માને ઉપસર્ગમાં શું ખોવાનું હતું ?'' વગેરે ચિંતન આત્મામાં પરિણમાવી સહજ નિર્ભયતા અને જાગ્રતિ રાખતા.

**જડનું નાટક :-** આ બધી પરાઇ તિજોરીઓ છે, પરાઇ હવેલીઓ છે ! એ જરા જોવા મળી, એમાં શું રાચવું, શું પોતાનું ભૂલવું ? જે આવ્યું તે માત્ર જડનું નાટક જોયા કરવાનું. રસ્તાના ભિખારીએ રાજા બન્યાનો ઉત્સવ મનાવ્યો, એટલે શું આપણે પણ મનાવવો ? તેમ આ બધું આત્માથી પરભાવનું છે. આપણું તો અનંતજ્ઞાન અને વીતરાગતા, નિરાકારતાદિ છે. આમ આદર્શ ઉંચો રાખીએ, તો થોડુંક મળે, ને તોજ થોડાક પણ '**जिनेषु कुशलं चित्तं**' કરતા થવાય.

**નિર્ભયતાના મીઠાં ફલ :-**ભયસંજ્ઞા પર જેણે કાબૂ મેળવ્યો તે નાનો માણસ પણ આશ્વાસન આપી શકે. ભયથી દુર્ધ્યાન જન્મી જે કાળાં કર્મબંધન કરાવત તે અટકાવી દે ! પોતાના કાબૂ બહારની કર્મસ્થિતિને કહે, 'હવે તમારી ખાતર આકુલવ્યાકુળ થઇ પાપકર્મ હું બાંધનાર નથી !' જો એ નિર્ભયતા આવી જાય તો, સાચો પાપનો ભય થાય, પાપ બંધાવાથી ડરે, અને તેને આત્માના સત્પુરુષાર્થમાં ઉપયોગી બનાવે.

તેથી ફરીયાદ કરો. દુન્યવી ભય નકામા છે. ભયની સંજ્ઞામાં 'આનું શું થશે ? તેનું શું થશે ? હાય ! બજાર ગગડી ગયા...' આ ભય નકામાં છે. નથી લાગતું કે એ તો અજ્ઞાનીના લક્ષણ કે સંસારના વિષયોમાં ભય ખરો, પણ પાપમાં ભય નહિ ! વિષયો લૂંટાઇ જવાના, અજ્ઞાન જગતના ધોરણમાં જાત નીચી પડી

જવાની, શરીરથી માંદા પડી જવાના, ઇત્યાદિ અનેક ભય ! 'પણ મંદવાડમાં મને પાપબંધ થશે તો ? ધર્મ તપ વગેરે ગુમાવવો પડશે તો ?' એવો કોઇ ભય નહિ ! અરે ! નિર્ભયતા નહિ ને ભય કરવો હોય તો તે પણ કરતાં આવડવો જોઇએ. મંદવાડ કરતાંય પાપનો ભય વધારે લાગે. મોંઘવારી કે તંગીના કરતાં પણ પાપકાર્ય-વાહીનો ભય વધુ લાગે. પૈસા ન મલ્યા તેનો ભય નહિ, પણ 'અરેરે ! કેવો પાપી, વધારે તો નહોતો ઇચ્છતો, પણ રોટલાપાણી પૂરતુંય ન મલ્યું, એટલે આ મન આવતી કાલની ચિંતામાં મહાન દુર્ધ્યાન કરશે, તે મહાપાપ કરશે !' એ ભય લાગે. રોવું આવે છે ? રડવાની છૂટ ! પણ શું રડવાની ? દુઃખ થાય છે ને ? દુઃખ કરવાની છૂટ ! પણ શા કારણે ? રૂપિયા ન મલ્યા એટલે દિલ વલોપાત કરશે, ને એ કાળી ચિંતામાં રીતસર પડિક્કમણું નહિ થાય, ને શુભ ધ્યાનનું કશું ઠેકાણું નહિ રહે, પણ દુર્ધ્યાન અને ખોટા પાપવિકલ્પો કરશે, એનું રુદન અને એનું દુઃખ થવું જોઇએ. અસમાધિ અને દુર્ધ્યાન થવાથી કુસંસ્કાર અને કુકર્મ પોષાશે, તેનું દુઃખ છે.

❧ ❧ ❧ ❧ ❧ ❧

બાયલા છો કે બહાદુર ? બહાદુરેય બનાય, અને બીકણ બનવું હોય તોયે બનાય આ શાસનમાં. પણ તમે તો પાપ આચરવામાં બહાદુર ને પાપથી પાછા હઠવામાં બીકણ ! બજારમાંથી પા કલાક વહેલા પાછા આવવામાં બીકણ. કેમકે કોઇ રૂખ આવી, ને ગુમાવાઇ તો ? પણ વ્યાખ્યાનમાંથી પા કલાક કટ કરીને જવું હોય તો ? તો બહાદુર. કેમ ? કશું ખોવાનો ભય નહિ ને ? પણ આ શાસન શિખવાડે છે કે બધું ચાલશે, પણ ક્યાં ભય ને ક્યાં નિર્ભયતા જોઇએ તે શીખી, તે અનુસારે સાચા બીકણ-બહાદુર બન્યા વિના નહિ ચાલે. પાપ આચરવામાં એટલે કે આત્માનું બગાડવામાં બીકણ, અને પાપ છોડી પ્રતિકૂલતા વેઠી લેવામાં બહાદુર બનવું જોઇએ,

**ભયસંજ્ઞામાં દાનાદિની હોંશ નહિ :-** પૈસા ધાર્યા હાથમાં ન આવ્યા. વિકલ્પો થવાના, એટલે દુર્ધ્યાન થવાનું. પછી મનમાં નવકારવાળી તેની ગણાશે. એટલે ભવાન્તર માટે તેનાં ઊંડા મૂળીયાં નખાશે. આનો ભય જોઇએ. ક્યાં ભય ? ને ક્યાં નહિ ? કર્મના યોગે જે બને તેમાં બીલકૂલ ભય રાખવાની જરૂર નહિ. સંપત્તિ ને વિપત્તિ લખ્યા લેખ પ્રમાણે બને છે. જો એ સચોટ શ્રદ્ધાથી સમજી રાખીએ તો એ

તરફનો કંઇ ભય કરવાનો સહેજ નહિ. પણ જે આપણા હાથની વાત છે, શી ? એ કે **પાપની વૃત્તિઓથી બચવું.** તેનાથી ન બચાય તો ભય થાય કે શું થશે મારું ? અ પાપ આચરવાની છાયા દેખાય ત્યાં ભય થાય કે આમાં શું થાય મારા આત્માનું અટવીમાં ફસાયા હો, ખાતરી હોય કે અહીંથી બચાય એમ નથી, ને કોઇ મલી જાર ને કહે કે બચાવી આપું, પણ સર્વસ્વ આપો તો. તો તે પણ કેવી હોંશથી થાય એમ અહીં પાપવૃત્તિનો ભય હોય તો પાપથી બચાવનારને સર્વસ્વ સમર્પાય. તમ હોંશ શાની થાય છે ? મારી પાસે છે ભંડાર ભરેલો, કોઇ અર્થી આવે તો એનું પાત્ર ઠીક ઠીક ભરી દઉં ! તેમાંથી ઉછાળું ! એમ ? ના, ત્યારે શાની હોંશ છે ? ક્ય એકાગ્રતા છે ? દાન, શીલ, તપ, ભાવમાં જ ? ના, કેમ આ વાંધા છે ? ભયન સંજ્ઞાને લીધે. 'પૈસા ખૂટી જાય તો ? સુખ રહી જાય તો ? શરીર અશક્ત થઇ જાય તો ? સ્નેહી પ્રતિકૂળ થઇ જાય, આ બગડે, તે બગડે, તો ?' હૃદયમાં સત્તરસો ભય પાથરી મૂક્યા છે. **ભયો હરણિઆની જેમ હૈયાના વનમાં ઘૂમ્યા કરે છે ! તેથી કાયા અને મન દુનિયાભરમાં ભટક્યા કરે છે.**


**ભયસંજ્ઞા ટાળવા ભગવાનનું શરણ :-** પૂર્વે શેઠીયાઓ હતા. દેશદેશાવર પેઢીઓ રાખતા. પણ ઘૂમવાની વાત નહિ ! આજે ? મોટરો વધી, વિમાન થયા, માટે નોકરને જંપ એટલો શેઠને નહિ ! શેઠને ભય એટલા નોકરને નહિ. **ભય વધારે, તેમ ચિત્તકલેશ અને દુઃખ વધારે. જૈન એટલે તો જગતમાં શ્રેષ્ઠ તત્ત્વનો મિલકતદાર. એને દુન્યવી ભય શા ? એક જિનેશ્વરદેવ પામીને એને ભારે નિરાંત છે,** મગરૂબી છે. માને છે કે નાથની હુંફ છે, ભય શો ? આ જગતમાં મારે જે મારા નાથ છે, તેવું બીજું કોઇ નથી.

**''મેરા કોઇ ન જગતમેં, તુ છોરી હો જિનવર જગદિશ,**
**પ્રીત કરૂં અબ કોન શું, તું મોહે હો, પ્રભુ વિસવાવીસ.**
**અનંત જિણંદ શું પ્રિતડી...''**

'હો નાથ ! હે જિનવર, હે જગત ઇશ, તમને છોડી આ જગતમાં મારું કોઇ નથી. અહા ! જે ગણું તે બધું તમારામાં ! તમારા સિવાય શું કોઇ માતા કે શું કોઇ પિતા, શું પત્ની કે પુત્ર, શું માલ કે શું મિલકત, મારું કોઇ નથી ! કેમકે તમારા જેવું જગતમાં એ કાંઇજ સારું નથી ! સારા પિતા પામ્યાનો, સારી મિલકત મળ્યાનો. સારા ભોજન કર્યાનો વિશ્વાસ જો લઉં તો તે તમારામાં ! તમે એટલે

પિતા, તમે એટલે મિલકત, તમે એટલે ભવ્ય ભોજન. પછી દુન્યવી પિતા-મિલકત-ભોજન અંગે ભય શા ?

જૈનને જિનમાં આ ભરોસો. તમારે શું ? મારે જે રક્ષણ કરવા લાયક પંપોળવા લાયક મારી કાયા છે, માટેજ એની પાછળ જે ધનવ્યયાદિ કાળજી કરવાની, તેવું પ્રભુ માટે નહિ. મારા જે માતા, પિતા પત્ની, ઉપકારી-હિતકારી છે, વહાલા છે, ઉપાસ્ય છે, તેવા પ્રભુ નહિ.' આવું જ છે ને તમારે ત્યાં ? "ના" કહો તો આનંદ થાય. "આવું નથી," આવું મોંઢે બોલવાની જરૂર નથી. એ તો વર્તાવ કેવો છે તેના પરથી માપ નીકળે છે. આપણા જેવા વર્તાવ, અને એની પાછળ જેવું હૃદય, તેવી જ્ઞાનીની ટિકિટ આપણે માટે નીકળે. નાથને જ્યારે તિલક કરાય, ત્યારે ડફ ગોદો લગાવી દેવાય, પણ જાતને કે સંતાનને તિલક ચોકસાઇ અને કોમળતાથી થાય, આ વર્તાવ શાનો ? ખરી રીતે ઊલટું જોઇએ. 'જાતે ખીચડી ખાઉં ને પરમાત્માને કસ્તુરી ચઢાવું.' ત્યારે મોક્ષ હાથવેંતમાં ! આ કોણ કરાવે ? જિન ઉપર અટલ શ્રદ્ધા અને પ્રખર પ્રેમ. મારે જે મારા નાથ છે, તેવું ત્રણ લોકમાં કોઇ નથી. ઇન્દ્રનું સિંહાસન તે પણ મારા નાથ જેવું આકર્ષક કે આનંદપ્રદ નહિ ! એ પ્રેમ આવ્યેથી ભયસંજ્ઞા પલાયન થઇ જાય, ભવના ભોગ નીચા લાગે, તેમ ભોગના સાધનના પણ મૂલ્ય એને મન નીચા ઉતરી જાય. તો કહો લક્ષ્મીનું મૂલ્ય ઉંચું કે નીચું ? તમે જો કરન્સી નોટોની આગળ હૃદયને નચાવવાનું રાખો તો લક્ષ્મીના ભાવ નીચા ક્યાં બાંધ્યા ? માત્ર વિવેક વાપરવાનો છે, તાત્ત્વિક દ્રષ્ટિ કેળવવાની છે. એ કેળવી આત્માને કહો કે તું ધૂળના ભાવે ભોગના ભાવ બાંધ. પછી પ્રભુના ભાવ, પ્રભુએ ફરમાવેલ યોગના ભાવ ઉંચા ગણાશે. યોગ સાધનામાં પાછો નહિ પડે. તારા પર કર્મ ચઢી નહિ બેસે, પણ તું કર્મની છાતી પર ચઢી બેસવાનો, અર્થાત્ કર્મનું નિકંદન કાઢવાનો. દુન્યવી આફત પ્રતિકૂલતાથી તું નહિ ડરવાનો, એ તારાથી ડરશે કે રખેને આ અમને ફેંકી ન દે. **સમકિતી આત્માની સંપત્તિ એનાથી ડરતી રહે છે, માટે એને બહુ સાચવીને રહે છે.** છતાં સમકિતી એવો કોઇ અવસર દેખાયે એને લાત મારી ફગાવી દે છે, એ સર્વસ્વનો ત્યાગી બને છે. **ભયભીત આત્માના આ જીગર નહિ સર્વસ્વ ત્યાગ તો શું, પણ મહાદાન-મહાશીલ-મહાતપ કરી શકે, અથવા અસત્યાદિ દોષોથી બચી શકે.** બાકી તો દુન્યવી ભયો જેણે દૂર કર્યા એ તો જીવન જીતી ગયો. હવે ધર્મના એ મહાન પરાક્રમો કરવાનો, આત્માના દોષોના કચ્ચરઘાણ કાઢવાનો.



# ભુવનભાનુ એન્સાઇક્લોપીડિયા ભાગની વિગત

**ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત**

**-: સુકૃત અનુમોદન :-**

કે.પી. સંઘવી પરિવાર, (સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત, અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ (જ્ઞાનખાતા) અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ (જ્ઞાનખાતા) મુલુંડ, મુંબઇ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઇસ્ટ, મુંબઇ

---

**ભાગ - ૧૧ અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ**

**-: સુકૃત અનુમોદન :-**

શેઠશ્રી ઘેલાભાઇ કરમચંદ સેનિટોરિયમ ટ્રસ્ટ, (જ્ઞાનખાતા), વિલેપાર્લે (વે.) મુંબઇ

---

**ભાગ - ૧૨ સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે**

**-: સુકૃત અનુમોદન :-**

શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, (જ્ઞાનખાતા), બોરીવલી, મુંબઇ

---

**ભાગ - ૧૩/૧૪ શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય**

---

**ભાગ - ૧૫ શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર**

**-: સુકૃત અનુમોદન :-**

શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

---

**ભાગ-૧૬ અનાથી મુનિ + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ + અંજનાસુંદરી**

---

**ભાગ-૧૭ સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ +**
**+ સંસારના ત્રિવિધ તાપ**

---

**ભાગ-૧૮ દર્શનની ષડ્વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ,**
**જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + ગૃહસ્થ ધર્મ કેમ દીપે ?**

**-: સુકૃત અનુમોદન :- શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ**
(જ્ઞાનખાતા) માર્વેરોડ, મલાડ (પશ્ચિમ), મુંબઇ-૬૪.

---

**ભાગ - ૧૯ ધ્યાન અને જીવન**

**-: સુકૃત અનુમોદન :- શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘ**

**ભાગ - ૨૦ ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની**

-: સુકૃત અનુમોદન :-

શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની

આરાધક શ્રાવિકાઓ (જ્ઞાનખાતા) એલફીન્સ્ટન, વરલી, મુંબઇ.

---

**ભાગ - ૨૧/૨૨/૨૩ શ્રી સમરાદિત્ય કથા**

-: સુકૃત અનુમોદન :-

શ્રી નવજીવન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, (જ્ઞાનખાતા) નવજીવન, મુંબઇ.

---

**ભાગ - ૨૪/૨૫/૨૬ શ્રી સમરાદિત્ય કથા**

સુકૃત અનુમોદન :- શ્રી વિલેપાર્લે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,

એન્ડ ચેરિટી ટ્રસ્ટ (જ્ઞાનખાતા) પાર્લા (ઇ), મુંબઇ.

---

**ભાગ - ૨૭ પર્યુષણ પર્વના પ્રવચનો**

---

**ભાગ-૨૮/૨૯ મહાસતી સિતાજી**

-: સુકૃત અનુમોદન : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ (બાહુબલી)

શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

---

**ભાગ - ૩૦ લલિત વિસ્તરા**

---

**ભાગ - ૩૧ શ્રી શાંતિનાથ ભવ ૧ થી ૪**

---

**ભાગ - ૩૨ શ્રી શાંતિનાથ ભવ ૪ થી ૬**

-: સુકૃત અનુમોદન :-

પૂજ્ય સાધ્વી શ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ (જ્ઞાનખાતા)

---

**ભાગ - ૩૩ શ્રી શાંતિનાથ ભવ ૬ થી ૮**

---

**ભાગ - ૩૪ શ્રી શાંતિનાથ ભવ ૮ થી ૧૦**

---

**ભાગ - ૩૫ શ્રી શાંતિનાથ ભવ ૧૦,**

**પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય, ઉબ્બુડો મા પુણો નિબુડિજ્જા**

-: સુકૃત અનુમોદન :-

શ્રી શાંતિ સુધા પાર્ક જૈન સંઘ, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ. (જ્ઞાનખાતા)

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી

# શ્રી શાંતિનાથ ચરિત્ર




SHUBHAY Art
Cell : 98205 30299